શ્રી બચુભાઇ મ. ખાબડ : ગણદેવી તાલુકામાં પાંચ પશુ સારવાર કેન્દ્રો આવેલા છે એમાં ગણદેવીમાં એક છે, ખારેલમાં એક, અંબાલસરમાં એક છે બિલીમોરામાં એક છે, અને અભેટામાં એક છે એમ કુલ પાંચ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ખારેલ,ગણદેવી અને અંબાલસાર એ ત્રણ પશુ દવાખાના છે. ગણદેવીમાં પશુ ચિકિત્સક એક અને અંબાલસરમાં એક છે એ જગ્યાઓ ભરેલી છે. ડ્રેસરની ખારેલમાં એક મંજૂર થયેલ છે અને એક ભરાયેલી છે. ગણદેવીમાં બે મંજૂર થયેલ છે અને એક ભરાયેલી છે અને અંબાલસરની અંદર એક મંજૂર થયેલ છે અને એક ભરાયેલ છે. બિલીમોરામાં પશુ નિરીક્ષક એક મંજૂર થયેલ અને એક ભરાયેલી છે. અને અભેટામાં એક મંજૂર થયેલ છે એ ભરાયેલ નથી. પટાવાળા એક મંજૂર થયેલ છે અને એક ભરાયેલ છે.

**સુરત ગ્રામ્યમાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો**

* ૮૨૭૬ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | – |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૧ |
| | **કુલ** | **૦૧** |

(૨) કુલ રૂ઼. ૯૦.૨૧ લાખ.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : સુરત ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૨૦૧૩ તથા સન ૨૦૧૩–૨૦૧૪માં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનો કયા કયા સ્થળે શરૂ કરવામાં આવ્યા હતા અને એ કયારે પૂરા કરવામાં આવ્યા અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? ગુજરાત પોલીસ આવાસ નિગમ શા માટે રચવામાં આવ્યું અને એના દ્વારા કઇ કઇ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સુરત ગ્રામ્યમાં નાણાકીય વર્ષ સન ૨૦૧૨–૧૩માં બિન રહેણાંકના મકાન માટે ઉંમરપાડા મૂકામે એક ગ્રામ્ય પોલીસ સ્ટેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. એની

પાછળ ૯૦.૨૧ લાખનો ખર્ચ થયો છે. આ પોલીસ સ્ટેશન બાંધવાની શરૂઆત તા. ૨૫–૨–૧૩ ના રોજ થઇ હતી અને તા. ૧–૩–૧૪ના એનું કામ પૂર્ણ થયું છે. તા. ૯–૫–૧૪ના રોજ એનું પઝેશન સોંપવામાં આવેલ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સુરત જિલ્લાની અંદર ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા ૩૧–૩–૧૪ની સ્થિતિએ છેલ્લા દસ વર્ષમાં કેટલા રહેણાંક અને કેટલા બિન રહેણાંકના મકાનો પૂરા કરવામાં આવ્યા છે અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૧૦ વર્ષની માહિતી માગી છે. પણ ટૂંકમાં કહીશ કે ૨૦૦૫–૦૬માં વાવ અને માંગરોળ ખાતે રહેણાંક મકાનોમાં અંદાજીત ૧૦૪ મકાનો પૂર્ણ થયા છે અને તેમાં ૧૭૭.૧૩ અને ૧૮૨.૨૬ લાખનો ખર્ચ થયો છે. ૨૦૦૬–૦૭માં મહુવા અને બારડોલીમાં અંદાજીત ૨૪ અને ૧૩ મકાનો અને તેમાં ૯૦.૪૦ લાખ અને ૪૬.૩૪ લાખનો ખર્ચ થયો છે. ૨૦૦૮માં એસ.આર.પી. ગૃપ–૧૧, વાવ, બારડોલી, ધુરડી–કોસંબા ખાતે..

અધ્યક્ષશ્રી : બસ, બસ.. રજનીકાંતભાઇ, બે જ વર્ષ મહત્વના છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : કુલ આંકડો આપી દઉં. છેલ્લા ૧૦ વર્ષમાં જુદી જુદી કક્ષાના ૫૦૧ મકાનો ૨૨.૭૮ કરોડના ખર્ચે પૂરા કરવામાં આવેલ છે અને બિન–રહેણાંકના મકાનોમાં છેલ્લા ૧૦ વર્ષમાં આઉટપોસ્ટ, પોલીસસ્ટેશન આ બધું મળીને કુલ ૯ કામો ૪.૮૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં લોકદરબાર**

* ૮૧૪૨ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) ૨૩૬૧. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : ભરૂચમાં રાજયનું પહેલું I.S.O. 9001:2008 પોલીસ સ્ટેશન ખુલ્લું મૂકવામાં આવ્યું તે બદલ મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : ભાઇ, પ્રસ્તાવના બંધ કરો બધા લોકો. કોઇને અભિનંદન આપવાની જરૂર નથી. આમાંથી ડાયરેકટ પેટા સવાલ પૂછો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : આ પ્રશ્નને સુસંગત છે એટલે. પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે લોકો પોતાની રજૂઆત સહેલાઇથી કરી શકે તે માટે આ વ્યવસ્થા ગોઠવી છે તે કયારથી શરૂ કરવામાં આવી છે? કોને કોને બોલાવવામાં આવે છે અને ભરૂચ જિલ્લામાં ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ સ્ટેશનવાર કેટલા લોકદરબાર યોજવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : આમાં લખ્યું છે. ૨૩૬૧ લોકદરબાર ભર્યા છે. તો પણ એ જ પ્રશ્ન પૂછો છો. આમાંથી પેટા પ્રશ્ન પૂછવાનો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સભ્યશ્રીએ પોલીસ સ્ટેશનવાર પૂછયું છે. પ્રજાના પ્રશ્નો, તેમની ફરિયાદોનું જે તે સ્થળ ઉપર જઇને નિરાકરણ થાય તેના માટે લોકદરબારનું આયોજન તા. ૧૫મી ઓકટોબર–૨૦૦૩થી કરવામાં આવ્યું છે. તેમાં તાલુકાના હેડકવાર્ટર ખાતે દર મહિને ઓછામાં ઓછો એક દિવસ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહીને આ લોકદરબાર યોજતા હોય છે. તેમાં વિવિધ રાજકીય પક્ષોના ચૂંટાયેલા સભ્યો, સ્થાનિક આગેવાનો, મહિલા સંસ્થાઓ હોય તો તેના આગેવાનો, સામાજીક સંસ્થાના કાર્યકરો અને સમાજના આગેવાનોને આમંત્રણ આપી અને આ લોકદરબારમાં તેમને હાજર રહેવાનું કહેવામાં આવે છે અને એમના કંઇ નાના મોટા પ્રશ્નો હોય તો તેનું સ્થળ ઉપર નિરાકરણ થાય અને કયાંક કોઇ પ્રશ્ન ગૂંચવાયેલો હોય તો તેની આગળ પોલીસ સ્ટેશનમાં નોંધ રાખી અને તેનું નિરાકરણ કરવામાં આવે છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે આપણે જે લોકદરબાર ભરીએ છીએ તેના જે આંકડા બતાવવામાં આવ્યા છે એ ગ્રામ્ય લેવલે લોકદરબાર ભરીએ છીએ, તાલુકા લેવલે ભરીએ છીએ કે જિલ્લા લેવલે ભરીએ છીએ? બે વર્ષનો આંકડો મોટો છે. અમારા સાબરકાંઠામાં તો ગામડે ગામડે લોકદરબાર ભરાતો નથી.

અધ્યક્ષશ્રી : તમારે ગુના જ બનતા નથી.

શ્રી અશ્વિન કોટવાલ : હું પૂછવા માગું છું કે આ ગ્રામ્ય લેવલે લોકદરબાર ભરવા માગે છે કે તાલુકા લેવલે કે જિલ્લા લેવલે ભરવા માગે છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : આ લોકદરબાર આઉટપોસ્ટમાં પણ થાય છે. જિલ્લા કક્ષાએ પણ થતો હોય છે એટલે બધા જ વર્ગના પોલીસ સ્ટેશનોમાં અલગ અલગ પ્રકારે આ લોકદરબાર થતા હોય છે અને તેમાં જે કંઇ પ્રશ્નો આવે તેનું સોલ્યુશન થતું હોય છે અને સભ્યશ્રીએ કહ્યું કે સાબરકાંઠામાં નથી થતાં તો સાબરકાંઠામાં પણ લોકદરબારની સંખ્યા વધે તેના માટે અમે સૂચના આપીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આજે આનંદીબહેનનો પ્રથમ દિવસ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે ૨૩૬૧ જે લોકદરબાર થયા એ લોકદરબારમાં બે વર્ષમાં કયા ગંભીર પ્રકારની ફરીયાદો લોકો તરફથી આપવામાં આવી છે. ખાસ કરીને રાજયની કાયદો વ્યવસ્થાની બાબતમાં અને દારુના અડ્ડાઓની બાબતમાં કે જુગારના અડ્ડાઓની બાબતમાં એ લોકદરબારોમાંથી કેટલી લોક દરબારોએ ગંભીર ફરિયાદોનો નિકાલ કર્યો અને કેટલી ફરિયાદો આવી?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં અલગ અલગ ૧૯ સ્થાનો પર આ લોકદરબારો થયા છે એમાં ભરૂચ–એ ડીવીઝનમાં ૪૫ જેટલા પ્રશ્નો, ભરૂચ–બી ડીવીઝનમાં ૫૪ જેટલા પ્રશ્નો, ભરૂચ–સી ડીવીઝનમાં ૩૯ જેટલા પ્રશ્નો, ભરૂચ તાલુકામાં ૫૫ નવીપુરમાં ૫૪, પાલેજમાં ૨૯, દહેજમાં ૫૫, જંબુસરમાં ૫૮, આમોદમાં ૩૦, વાગરામાં ૪૦, તાવીમાં ૩૩, વેડછમાં ૪૪, અંકલેશ્વર શહેરમાં ૫૮, અંકલેશ્વર રૂરલમાં ૫૪, અંકલેશ્વર જી.આઇ.ડી.સી.મા ૬૩, હાંસોતમાં ૩૮, વાલીયામાં ૪૧..

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પોલીસ સ્ટેશન કરતા લોક દરબારો વધુ થયા છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય સભ્યશ્રીએ વિગત માગી છે. કુલ ૮૬૫ પ્રશ્નો આ વિવિધ લોક દરબારોમાં રજૂ થયા છે અને એ તમામનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સ્પષ્ટ હતો કે એ જે લોકદરબારો થયા છે. એ લોક દરબારોમાં ખાસ કરીને કાયદો વ્યવસ્થાની બાબતમાં અને દારુ જુગારના અડ્ડાઓની બાબતમાં કેટલી ગંભીર ફરિયાદો આવી અને એ ગંભીર ફરિયાદોનો બે વર્ષમાં કેટલો નિકાલ થયો.

અધ્યક્ષશ્રી : એટલું બધું ડિટેઇલમાં ના હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, લોક દરબારનો મતલબ જ થયોને, લોકોનું, પબ્લિકનું કામ શું થશે?

અધ્યક્ષશ્રી : તો તો એમ કહે કે ચોરીના કેટલા આવ્યા, લૂંટના કેટલા આવ્યા, ૧૨૫ નીચે કેટલા આવ્યા એટલા ડિટેઇલમાં ના હોય, કેટલા લોકદરબાર ભર્યા, આમાં તો શું છે, બન્ને વચ્ચેનું સામ્ય રહે એટલા માટે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, જયારે લોક દરબારનો હું જે મતલબ સમજુ છું,..

અધ્યક્ષશ્રી : લોકદરબારમાં લોકોની ફરિયાદ હોય, પોલીસ સામેની એની વાત હોય એને નિરાકરણ ના કરવાની વાત હોય કે આ મારી ફરિયાદ છે. ફરિયાદ તો પોલીસ સ્ટેશનમાં રેકર્ડ ઉપર થાય. આ તો એડવાઇઝરી કમિટીની જેમ લોકદરબાર ભરાતો હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : તો નિરાકરણ કેવી રીતે કરવાનું?

અધ્યક્ષશ્રી : નિરાકરણ એટલે ફરિયાદ જે કોઇએ કરી હોય એને સંતોષ આપી દે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું લોકદરબાર યોજવાના કારણે પ્રજા તેમજ પોલીસતંત્રને કયા કયા પ્રકારના ફાયદા થાય છે, અને ગુનાખોરીનું પ્રમાણ અટકે તે માટે લોકદરબારમાં આવનાર લોકોને કોઇ માર્ગદર્શન આપવામાં આવે છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકદરબારમાં મેં કહ્યું એમ સામાન્ય રીતે કોઇ નાના મોટા પ્રશ્નો હોય તો એ પ્રશ્નોનું નિરાકરણ સ્થળ ઉપર થાય એવા પ્રકારનો પ્રયત્ન કરવામાં આવે છે અને સાથે સાથે સમાજ જીવનમાં અનેક એવી ઘટનાઓ બનતી હોય છે કે એનું નિરાકરણ જો માહિતી હોય તો થઇ શકતું હોય છે. એ બધી બાબતોની ચર્ચા પણ લોકદરબારમાં કરવામાં આવતી હોય છે. કોઇ વ્હીકલ એ બિનવારસી પડયું હોય તો એની જાણકારી આપણે પોલીસ સ્ટેશનમાં કરીએ, કોઇ એવો પદાર્થ બિનવારસી મળ્યો હોય તો એની જાણકારી પોલીસ સ્ટેશનમાં સમયસર થાય, તો દુર્ઘટનાઓ બનતી એનાથી અટકે. મકાનોમાં બિનવારસી મકાનો હોય કે કોઇ વખત પ્રવાસમાં ગયા હોય અને મકાન ખાલી રાખવાના હોઇએ તો એની જાણ આપણે પોલીસને કરી શકીએ. કોઇ સ્કૂલો કોલેજો આગળ નાના મોટા પ્રશ્નો હોય તો એની વાત આપણે લોકદરબારમાં કરી શકીએ. આમ અવેરનેસ પ્રજામાં આવે એવી ચર્ચા પણ લોકદરબારમાં થતી હોય છે.

**કચ્છ જિલ્લામાં બી.એસ.એફ.ને સરકારી પડતર જમીનની ફાળવણી**

* ૮૨૦૫ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં બી.એસ.એફ. ને તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ સરકારી પડતર જમીનની ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે? | (૨) હે. ૮૭–૦૪–૮૮ ચો.મી. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને અમારું મહિલા જગતનું ગૌરવ છે. મહિલા સભ્ય તરીકે હું અભિનંદન આપુ છું.

અધ્યક્ષશ્રી : આખા હાઉસ વતી પ્રથમ મહિલા મુખ્યમંત્રી થયા એ બદલ આપણે તમામ અભિનંદન આપી દઇએ. નહીં તો જેટલા સવાલ પૂછવા વાળા અને જવાબ દેવાવાળા શરૂઆત ત્યાંથી કરશો.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં બી.એસ.એફ.ને કેટલી જમીન અપાઇ તો હે. ૮૭–૦૪–૮૮ ચો.મી. જમીન અપાઇ છે. મારો પ્રશ્ન એ છે કે આ જમીન કયા કયા વિસ્તારમાં અપાઇ છે, અને બીજુ એક ચિંતા પણ છે, કે પહેલા જયારે આવા બી.એસ.એફ., આર્મી, એરફોર્સ બધાને જે જમીનો અપાતી હતી, એ સિવિલિયન એરિયાથી દૂર હતી. હવે ઝડપી વિકાસ થયો છે ત્યારે સિવિલિયન એરિયાની વચ્ચે આ જમીન આવી ગઇ છે અને એના લીધે જે બાંધકામનો વિષય આવે છે એ ૧૦૦ મિટરની અંદર બી.એસ.એફ.માં કે સરહદના એરિયાનો વિસ્તાર હોય તો ત્યાંથી ૧૦૦ મિટરમાં કોઇ બાંધકામ ન કરવું એવો કોઇ નિયમ કે એવી કોઇ માગણી આર્મી દ્વારા કરવામાં આવી છે કે કેમ? અને ત્રીજું કે આ જમીન આપવાની સત્તા એ ભારત સરકારની છે કે કોની છે? અને કેટલી જમીન આપવાની સત્તા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ એ પ્રમાણે કચ્છ આપણો સરહદી જિલ્લો છે. કચ્છમાં આર્મી, બી.એસ.એફ. અને અન્ય પેરામિલિટરી ફોર્સિસના કામો અને પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં વર્ષોથી ચાલે છે અને જેમ જેમ બી.એસ.એફ. કે આર્મીને ડેવલપમેન્ટ માટે કે એમની નવી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવા માટે જમીનની જરૂર પડે તો રાજ્ય સરકાર પાસે આ સંસ્થાઓ જમીન માગતી હોય છે અને પદ્ધતિ પ્રમાણે કલેકટરશ્રી દ્વારા ચકાસણી થયા બાદ મહેસૂલ વિભાગમાં દરખાસ્ત આવે અને રાજ્ય સરકાર એને ફાળવણી કરતી હોય છે. માનનીય નીમાબેને પ્રશ્ન પૂછ્યો છે એમાં જણાવું કે, છેલ્લા બે વર્ષના ગાળામાં મહેસૂલ વિભાગ તરફથી બી.એસ.એફ.ને ૨૩ જગ્યાઓએ જમીન ફાળવવામાં આવી છે અને ૨૩ પૈકી આ જે ચોરસમિટર આપણે બતાવ્યા છે એ ૮,૭૦,૪૮૮ ચોરસમિટર જમીન આપણે એમને

ફાળવી આપી છે. મહેસૂલ વિભાગનો સમગ્ર રાજ્ય માટે એક પરિપત્ર છે કે જ્યાં આગળ ૧૫ લાખ સુધીની જમીનની કિંમત થતી હોય અને એક હેકટરની મર્યાદામાં જમીન આવતી હોય તો જિલ્લા કલેકટરશ્રીને સત્તા આપેલ છે કે આ બન્નેની મર્યાદામાં આવતું હોય તો ત્યાં સુધી મંજૂરી આપી શકાય. એનાથી ઉપરનો એરિયા કે કિંમત થતી હોય તો રાજ્ય સરકારમાં મહેસૂલ વિભાગ દ્વારા એને મંજૂરી આપવામાં આવે છે. બીજુ, નીમાબેને પ્રશ્ન પૂછ્યો છે ૧૦૦ મિટર અંગેનો, તો અત્યારે આ બાબતની જાણકારી નથી. કલેકટરશ્રી અને મહેસૂલ વિભાગ દ્વારા એનો અભ્યાસ કરાવી લઇશું અને જે કાંઇ રાહત થાય અને આર્મીની પણ સુરક્ષા જળવાય એવા પ્રયત્નો કરીશું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બી.એસ.એફ.ની આ સિવાયની કોઇ જમીનની માગણી પડતર છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ સતત ચાલતી પ્રક્રિયા છે. મેં કહ્યું એમ ૨૩ જગ્યાઓ અત્યાર સુધી આપણે બે વર્ષમાં ફાળવી આપી છે અને બીજી ૭ જગ્યાઓ બી.એસ.એફ. દ્વારા માગણી કરવામાં આવી છે અને ૭ સ્થળોએ એમને ફાળવણી કરવા માટે વિવિધ તબક્કે અત્યારે પ્રક્રિયા ચાલી રહી છે.

શ્રી સી. કે. રાઉલજી : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સી.આર.પી.એફ., બી.એસ.એફ., એરફોર્સ પૈકી અત્યારે બી.એસ.એફ.નો સવાલ છે. એક જવાનને કેટલા હેકટર જમીન ફાળવવાના ધોરણો છે અને કેટલા જવાનોને જમીન ફાળવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાઉલજીનો પ્રશ્ન બિલકુલ આનાથી જુદો છે. આ બી.એસ.એફ. સંસ્થા છે એને જમીન ફાળવણીનો પ્રશ્ન છે. કોઇ સૈનિકને કે કોઇ ફોર્સના જવાનને જમીન ફાળવવાનો પ્રશ્ન નથી.

અધ્યક્ષશ્રી : ડિપાર્ટમેન્ટને આપવાની વાત છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : બી.એસ.એફ. કે બીજી ફોર્સ જ્યારે ગુજરાતમાં કોઇ જમીનની માગણી કરે ત્યારે આપણે એમને સસ્તામાં સસ્તા દરે જમીન આપવી જોઇએ એ સમજી શકાય. હું જાણવા માગું છું કે બી.એસ.એફ.ને ૮૭ હેકટર ૪ આરે અને ૮૮ ચોરસમિટર જમીન આપણે આપી એ પડતર ખરાબાની જમીન શું ભાવે આપી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો છે એ પ્રમાણે જંત્રીના પ્રિમિયમ પ્રમાણે આપણે ફાળવીએ છીએ. માનનીય શક્તિસિંહજીએ જે બાબત રજૂ કરી છે કે બી.એસ.એફ. વગેરેને કેવા ભાવે જમીન આપવામાં આવે છે તો તા. ૨૭–૩–૧૯૮૦માં જ્યારે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી એ વખતે સરકારે નિર્ણય કર્યો છે કે ભારત સરકારને, આર્મીને, રેલવેને કે કોઇપણને જે જમીન ફાળવવાની થાય એ જમીન આપણે જંત્રીના ભાવે ફાળવવી. આ નિર્ણય ૧૯૮૦નો કોંગ્રેસની સરકાર વખતનો છે અને એમાં કોઇ ફેરફાર કર્યો નથી, કોંગ્રેસના નિર્ણય પ્રમાણે અમલ થાય છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં ૧૯૮૦નો ઠરાવ છે એમ કહો ને. સૌને ખબર છે કે, ૧૯૮૦માં કોની સરકાર હતી. આપનું ધ્યાન દોરું કે, ૧૯૮૦માં જંત્રી ન હતી, માર્કેટ વેલ્યુ હતી. માર્કેટ વેલ્યુ એ જગ્યા હતી, જંત્રી ન હતી. (અંતાય)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આમાં કોંગ્રેસનો ઠરાવ પકડી રાખવાની જે વાત છે. (xxxxxx) રાહત એમાં ફેરફાર કરવા માગો છો કે કેમ? હું એમ માનું છું કે, તમે કોંગ્રેસની નીતિમાં ફેરફાર કરીને *(xxxxxx) એક રૂપિયે આપો છો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, એ આમાં નથી આવતું પ્લીઝ આ શબ્દો કાઢી નાખો (xxxxxx).

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો**

* ૮૧૩૪ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૨૦૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકનાં મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૧ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૩ |
| | કુલ | **૦૪** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂા. ૨૯૨.૪૮ લાખ.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, ભરુચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના બિન–રહેણાંક મકાનોના કામો કયા કયા સ્થળે હાથ ધરવામાં આવ્યા છે તથા આ કામમાં ટોટલ કામ વાઇઝ કુલ કેટલો ખર્ચનો અંદાજ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરુચ જિલ્લામાં ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં કુલ ચાર બિન–રહેણાંક મકાનો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. જેમાં ભરુચ ખાતે એ.સી.બી. પોલીસ સ્ટેશન જે અંદાજીત ૬૭.૮૨ લાખનો ખર્ચ, સોનેરી મહેલ એ ડિવિઝન પોલીસ સ્ટેશન એમાં અંદાજે ૮૦.૯૬ લાખ, નબીપુર ગ્રામ્ય પોલીસ સ્ટેશન એમાં ૬૯.૩૭ લાખ અને હાંસોલ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં અંદાજીત ૭૪.૩૩ લાખનો ખર્ચ થનાર છે.

**અમરેલી તાલુકામાં ઠેબી સિંચાઇ યોજનાની કામગીરી**

* ૯૭૫૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી તાલુકામાં આવેલ ઠેબી સિંચાઇ યોજનામાં વર્ષ–૨૦૧૧માં પૂર્ણ કક્ષાએ પાણી ભરાતા મુખ્ય બંધના બાંધકામ ને નુકશાન થયેલ હતુ એ હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ બંધના સમારકામ અંગે શા પગલાં ભરવામાં આવેલ છે,

(૨) બંધના સમારકામ અંગે નિષ્ણાંતોનો અભિપ્રાય મેળવી કામો હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ બંધના સમારકામનું કામ કઇ પધ્ધતીથી, કોના મારફત કેટલા ખર્ચે અને કેટલી સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે,

(૩) સીવીલ કામનું સમારકામ ઈ–ટેન્ડરીંગ પધ્ધતિથી ઠેકો નક્કી કરી માહે ઓગષ્ટ–૨૦૧૪ સુધીમાં રૂા. ૧૨૦૧.૪૨ લાખના ખર્ચે પૂર્ણ કરાવવાનું આયોજન છે. દરવાજાના કામો વિભાગની યાંત્રિક શાખા દ્વારા રૂા. ૧૩૯.૦૦ લાખના ખર્ચે હાથ ધરેલ છે.

(૪) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ ઉપરોક્ત કામ ક્યાં તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) કામ પ્રગતિ હેઠળ છે અને માહે માર્ચ–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૫) આ બંધમાં ક્યાં સુધીમાં પૂર્ણ ક્ષમતાએ પાણી ભરવાનું આયોજન છે ?

(૫) ચોમાસા–૨૦૧૫માં પૂર્ણ ક્ષમતાએ પાણી ભરવાનું આયોજન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રશ્ન ૨૦૧૩ના બજેટ સત્રની અંદર પણ મેં પૂછ્યો હતો ત્યારે રાજ્ય સરકારે આ ઠેબી સિંચાઇના સમારકામનું કામ પૂર્ણ કરી અને ૨૦૧૪ના ચોમાસામાં પૂર્ણ કક્ષાએ પાણી ભરવા માટેની ખાતરી આપી હતી.

અધ્યક્ષશ્રી : હજી ૨૦૧૩નું કામ ૨૦૧૪માં પૂરું કરવાની ખાતરી આપી હતી, ૨૦૧૪નું કામ ૨૦૧૫માં પૂરું કરવાનું હતું, હજી ૨૦૧૫માં પણ તમને ચાન્સ મળશે, એ ૨૦૧૬માં પૂરું કરવાનું આપશે.

શ્રી પરેશ ધાનાણી : મારો અને અમરેલીની પ્રજાનો વિશ્વાસ ડગમગ્યો છે, અમરેલી શહેર વર્ષોથી પીવાના પાણીની સમસ્યાની હાડમારી ભોગવી રહ્યું છે અને ઠેબી સિંચાઇ યોજના, અમરેલીના પીવાના

પાણીની સમસ્યાનું હાર્દ છે. ૧૯૮૯માં નખાયેલો પાયો ૨૦૧૪ સુધી હજુ એમાં પૂર્ણ કક્ષાએ પાણી ભરાયું નથી એટલે મારે આપના મારફતે માનનીય મંત્રીને પૂછવું છે કે, તમે ૨૦૧૩માં ખાતરી આપી હતી કે, ૨૦૧૪માં પાણી ભરીશું. હવે ૨૦૧૪માં ખાતરી આપી છે કે, ચોમાસા– ૨૦૧૫ની ઋતુમાં પાણી ભરીશું આ વચનમાં સરકાર ફરી તો નહીં જાય ને? આની સરકાર ખાતરી આપે. મારો સવાલ નંબર બે, માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી ઠેબી સિંચાઇ યોજનામાં ૨૦૧૫માં જે પાણી ભરાશે એમાંથી અમરેલી શહેરને પીવાનુ પાણી કેટલું ઉપલબ્ધ કરાવવામાં આવશે અને વધારાનું પાણી એની કયાં ફાળવણી કરવામાં આવશે? મારો પ્રશ્ન નંબર ત્રીજો, આ ડેમમાં પાણી ભરવામાં થયેલા વિલંબના કારણે, અત્યારે સાહેબ અછતનું વર્ષ છે, પીવાના પાણીની સમસ્યા છે ત્યારે અમરેલી શહેરના પીવાના પાણીની વ્યવસ્થા અને નિવારણ માટે થઇને સરકારે શું પગલાઓ ભર્યા છે?

અધ્યક્ષશ્રી : આમાં પીવાના પાણીનો સવાલ ન આવે, સિંચાઇને લગતો છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલીના પીવાના પાણીની સમસ્યાની ચિંતા સભ્યશ્રીએ જે વ્યકત કરી.

અધ્યક્ષશ્રી : પહેલા એ છે કે, તમે જે વચન આપ્યું છે કે, એ હા કે ના કહો, એ પહેલો સવાલ છે એમનો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીએ અમરેલી શહેરના પીવાના પાણીની ખૂબ ચિંતા વ્યકત કરી છે. આ ચિંતા એ અત્યારે વ્યકત કરે છે આ બંધ ૧૯૯૧માં શરૂ થયો હતો. ૧૯૯૪માં આ બંધ પૂરો થયો અને એ વખતે કેવા પ્રકારની ગેરરીતિઓ થઇ હતી એના કારણે હલકા પ્રકારની કામગીરી થઇ. જે એજન્સીને અમરેલીની અંદર કામ આપ્યું હતું એ જ એજન્સીને ગઢડા તાલુકામાં એક બીજુ કામ આપ્યુ હતું ત્યારે નબળી કામગીરીને કારણે એ વખતે અમારા એન્જીનીયરે, વિભાગના એન્જીનીયરે નોંધ લખી. એ વખતના મુખ્ય સત્તાધિકારીએ એની બદલી કરી નાખી. નબળા કામને કારણે અને અત્યારે એ જયારે અમરેલીની ચિંતા કરે છે ત્યારે અમરેલીનું સાચું હિત આ સરકાર જોઇ રહી છે ત્યારે એમનો પ્રશ્ન–૧ કે ૨૦૧૫ની અંદર આ કામ પુરું થઇ જશે અને પાણી ભરાઇ જશે. પ્રશ્ન–૨ અમરેલીનો ડેમ માત્ર ને માત્ર પીવાના પાણીના હેતુ માટે બનાવવામાં આવેલો છે એટલે સંપૂર્ણપણે અમરેલી શહેરને પીવાનું પાણી આપવામાં આવશે અને ત્રીજો પ્રશ્ન જે છે એ મારા વિભાગને સંલગ્ન નથી.

અધ્યક્ષશ્રી : ૨૦૧૫ પછી પાણી મળશે. ભરાયા પછી પાણી તમારું.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી અને બાંધકામ ૧૯૯૧માં કરવામાં આવ્યું છે તો નબળું કામ કર્યું એ એજન્સી સામે શું કાર્યવાહી કરવામાં આવી એ મારે જાણવું છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઠેબી સિંચાઇ યોજનાનું બંધનું જે કામ કર્યું છે એ જે એજન્સીએ નબળું કામ કર્યું એની સામે તપાસમાં ૨૦૧૧માં આ ડેમ તુટયો પરંતુ ૨૦૦૨માં આ એજન્સીના માલિકનું અવસાન થયું. એજન્સીનું રજીસ્ટ્રેશન રદ થયું એટલે એની સામે તપાસ થઇ નથી પણ જે અધિકારીઓ આની અંદર સંડોવાયેલા હતા એમની વિરુદ્ધની તપાસ અત્યારે ચાલે છે.

**કચ્છ જિલ્લામાં બંધારાનાં કામો**

* ૮૨૩૭ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં બંધારાના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) ૪ કામો |
| (૨) આ કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ` ૫૯૨.૫૨ લાખ. |

શ્રી પંકજભાઇ મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દરિયા અને રણની વચ્ચે ઘેરાયેલા કચ્છ જિલ્લાની અંદર ક્ષારને અટકાવવા માટે અને

વરસાદનું ચોમાસાનું પાણી જે દરિયા અને રણમાં વહી જાય છે એને અટકાવવા માટેનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ એટલે બંધારાનું કામ. આ બંધારાનું કામ હાઇ લેવલ કમિટી–૨ નો અહેવાલનો સ્વીકાર કર્યા બાદ ૨૦૦૧ થી પહેલા કચ્છની અંદર કેટલા બંધારા બાંધવામાં આવ્યા?, ૨૦૦૧ પછી કચ્છ જિલ્લામાં કેટલા બંધારા બાંધવામાં આવ્યા? અને ૨૦૦૧ પહેલા અને પછી આ બંધારામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન છે એનો પેટા પ્રશ્ન પૂછો. તમારો પ્રશ્ન છે એ કચ્છ જિલ્લામાં તા. ૩૧–૩–૧૪ સુધીમાં બે વર્ષમાં છે. તમે ૨૦૦૧, ૨૦૦૭, ૨૦૦૮ના આંકડા પૂછો એ ન હોય એની પાસે.

શ્રી પંકજભાઇ મહેતા : એની પહેલા કેટલા બંધારા બાંધવામાં આવ્યા હતા અને પછી કેટલા બંધારા બાંધવામાં આવ્યા?

અધ્યક્ષશ્રી : ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં શું સ્થિતિ હતી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાઇ લેવલ કમિટી–૨ એ ૧૯૮૪માં એનો અહેવાલ આપ્યો કે કચ્છમાં ક્ષારનું નિયંત્રણ કરવા માટે એણે ચાર ભલામણો કરી અને એમાં બંધારાઓ બાંધવાની પણ એક ભલામણ હતી. ૧૯૮૪માં ભલામણ કરી કે આટલા આટલા કામો કરવા. ૧૯૯૨માં સરકારે એ અહેવાલનો સ્વીકાર કર્યો. ૧૯૮૪માં અહેવાલ આપ્યો, ૧૯૯૨માં સ્વીકાર કર્યો. ૧૯૯૨ થી ૨૦૦૧ સુધીમાં માત્ર કચ્છની અંદર ત્રણ જ બંધારા બન્યા અને ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બાર વર્ષમાં ૪૯ બંધારાઓ બન્યા એટલે કચ્છની ચિંતા આ સરકારે ખૂબ કરી છે એ આના ઉપરથી સાબિત થાય છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, બે હાઇ લેવલ કમિટીની નિમણૂક કયારે થઇ એચ.કે. કપૂર સાહેબના અધ્યક્ષપદે અને જીવરાજન સાહેબના અધ્યક્ષપદે.જેમાં કમિટીએ બારિયા, લખપત બીચ માટે ભલામણો સરકારને કયારે આપી? સરકારશ્રીએ અહેવાલ ક્યારે સ્વીકાર્યો?

અધ્યક્ષશ્રી : આને લગતું નથી. ડીટેઇલમાં હોય તો કહો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : હમણા આગળના સવાલમાં જવાબ આપ્યો. પરંતુ કમિટીની રચના કયારે થઇ એનો મેં જવાબ નહોતો આપ્યો. સભ્યશ્રીને આપના મારફત જણાવું છું કે હાઇલેવલ કમિટીની નિમણૂક તા. ૧૭–૭–૧૯૭૮ ના રોજ થઇ. કમિટીએ ભલામણો સરકારશ્રીને તા. ૨૬–૧૧–૧૯૮૪ ના રોજ આપી. ૨૬–૧૧–૧૯૮૪ ના રોજ જે ભલામણ આપી, એનો સ્વીકાર જે તે સમયની સરકારે ૮ વર્ષના વિલંબ બાદ તા. ૨૩–૯–૧૯૯૨ ના રોજ સ્વીકૃતિ આપી.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે બંધારાનાં ૪ કામો પૂરાં થયાં. હવે નવા કોઇ બંધારાના પ્રોજેકટ પાઇપલાઇનમાં છે? કેટલા બંધારા નવા કરવાના છો અને કયા કયા તાલુકામાં કરવાના છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : અત્યારે જે બંધારા પૂરા થયા. બાકીના ૪ બંધારાનું કામ કરવાનું છે. એમાં ૨ ના કામ ચાલુ છે અને ૨ સર્વેક્ષણના ધોરણે છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે છેલ્લા બે વર્ષમાં ૪ બંધારાનાં કામ કર્યાં છે. હાઇલેવલ કમિટી છે એની વાત કરી છે. હવે હું જાણવા માગું છું કે બંધારાઓનાં કામ શરૂ કર્યા, પરંતુ એની સાથે બોરીબંધ, બંધારા પછી મોટા ડેમ થવાના બંધ કરી દીધા છે. ભૂતકાળની સરકારોની અંદર બનતા હતા. આ બંધારાઓની સાથે કચ્છમાં મોટા ડેમો બનાવવાનું આયોજન સરકાર કરવા માગે છે કે કેમ? માત્ર બંધારાથી સંતોષ માનવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી: જે હાઇલેવલ કમિટીએ ભલામણો કરી એમાં ચેકડેમ બાંધવાના હતા. ક્ષાર નિયંત્રણ જમીનની સુધારણાની હતી. મોટા ડેમો બનાવવાની સરકારની નીતિ છે. પરંતુ કચ્છની અંદર જો કોઇ સાઇટ ઉપલબ્ધ હોય તો સરકારનું મન ખુલ્લું છે. સરવે બધે કર્યો છે. અને ઉપલબ્ધ હશે તો સરકાર મોટા બંધો બાંધશે.

તા. ૧લી જુલાઇ, ૨૦૧૪

તારાંકિત પ્રશ્નો

**વડોદરા ગ્રામ્યમાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો**

* ૮૧૩૩ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૨૦૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૨ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૫ |
| | **કુલ** | **૦૭** |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે?

(૨) કુલ રૂ।. ૩૯૫.૩૮ લાખ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx)

અધ્યક્ષશ્રી : ફરી પાછું શરૂ કર્યુ. એ શબ્દો કાઢી નાખો. દરેક કહે, પહેલા એમ કહે, પહેલા મુખ્યમંત્રી આવ્યા છો, એના મારફત પૂછું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપના માધ્યમથી જાણવા માગું છું કે બિન રહેણાંકના મકાનો ગ્રામ્ય વિસ્તારમાં એમાં કયા કયા સ્થળે અને કામવાઇઝ શુ ખર્ચ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : વડોદરા ગ્રામ્યમાં ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં કુલ ૭ જેટલા બિન રહેણાંક મકાનોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. એમાં ૨૦૧૨–૧૩ માં ભાદરવા ખાતે ગ્રામ્ય પોલીસ સ્ટેશન ૭૧.૧૧ લાખના ખર્ચે અને વાઘોડિયા ખાતે ગ્રામ્ય પોલીસ સ્ટેશન ૩૭.૦૯ લાખના ખર્ચે મંજૂર થયેલ છે. અને ૨૦૧૩–૧૪ માં કવાંટ ખાતે ગ્રામ્ય પોલીસ સ્ટેશન ૭૮.૪૭ લાખ ના ખર્ચે જેની કામગીરી પ્રગતિમાં છે. સાવલી ખાતે એરિયલ માસ ટાવર ૧૪.૦૪ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે. ફેર કુવા એરિયલ માસ ટાવર ૧૪.૦૪ લાખના ખર્ચે એ પણ પૂર્ણ થયેલ છે. કરજણ ખાતે ગ્રામ્ય પોલીસ સ્ટેશન ૬૭.૭૮ લાખના ખર્ચે કામગીરી પ્રગતિમાં છે. નસવાડી ખાતે ગ્રામ્ય પોલીસ સ્ટેશન ૭૬.૮૫ લાખના ખર્ચે એ પણ પ્રગતિમાં છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હાલની ગુજરાતની જે રીતે મહિલાઓની પરિસ્થિતિ છે, જે પ્રમાણે નાની નાની બાળકીઓના અપહરણ થાય છે..

અધ્યક્ષશ્રી : એક મિનિટ એમ કહ્યું છે કે આ પરિસ્થિતિ છે. સારી છે કે કંગાળ પરિસ્થિતિ છે એમ નથી કહ્યું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે નાની બાળકીઓ ઉપર અપહરણ, બળાત્કાર અને હત્યા થાય છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે તમારો સવાલ પૂછો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા પોલીસ સ્ટેશન કેટલા છે અને મહિલા પોલીસ સ્ટેશનો વધારવા માગો છો કે કેમ? જયારે મુખ્યમંત્રીશ્રી પણ મહિલા છે ત્યારે આ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ સવાલ આને લગતો નથી. આમાં કેટલો ખર્ચ થયો અને કેટલા બાંધ્યા છે? એક જિલ્લાનો સવાલ છે. આખા ગુજરાતનો સવાલ નથી. જે સવાલ છે તેનો જ પેટા સવાલ પૂછજો. પેટા સવાલમાંથી આખા રાજયનો સવાલ કોઇ ન બનાવે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પૈકી કયા સંવર્ગના અધિકારીઓ અને કર્મચારીઓને કયા કક્ષાનું આવાસ મળવાપાત્ર છે અને તેમાં કઇ કઇ સુવિધાઓ આપવાપાત્ર છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ અધિકારી અને કર્મચારીઓને જે વિવિધ સંવર્ગના મકાનો ફાળવવામાં આવે છે તેમાં સ્વીપરને એ–કક્ષાનું મકાન ૩૫.૫૦ ચો.મી.નું આપવામાં આવે છે. જેમાં એક રૂમ અને રસોડાની સુવિધા હોય છે. કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ માટે બી–કક્ષાનું ૬૧.૪૦ ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવતું બે રૂમ અને રસોડાનું મકાન આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : તેમણે એ જ પૂછયું કે કેવું મકાન આપે છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓના આવાસોનું પૂછયું છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓ અને અધિકારીઓનો જ સવાલ પૂછયો છે. કયા સંવર્ગમાં આપે છે?

અધ્યક્ષશ્રી : એક મિનિટ તેનો જવાબ આવી ગયો. માનનીય ધીરુભાઇ પૂછો.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે નસવાડી પોલીસ સ્ટેશનમાં ૭૬ લાખ રૂપિયા મંજુર થયેલા છે. ખૂબ સારી વાત છે. મારે એ જાણવું છે કે હાલ આ પોલીસ સ્ટેશનમાં બાંધકામ માટે કેટલો ખર્ચ થયેલો છે? અગાઉ બાંધકામ થયેલ છે તે બાંધકામ કયારે થયું છે અને તે મકાનનું જયારે બાંધકામ થયું ત્યારે સારી કક્ષાનું બાંધકામ થયેલ હતું કે નહીં?

અધ્યક્ષશ્રી :કેવા રંગનું હતું. સિમેન્ટ વપરાયો, કેવો વપરાયો એ પૂછો. પ્રજાકીય ઉપયોગી હોય તેવા જ સવાલ પૂછો. ફરીથી પૂછો.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે નસવાડીનું મકાન પ્રગતિમાં છે તો તે કયા સ્ટેજે છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું તે પ્રકારે નસવાડીમાં ૭૬.૮૫ લાખ રૂપિયાના ખર્ચે ગ્રામ્ય પોલીસ સ્ટેશનનું કામકાજ ચાલું છે. પર્ટીકયુલર કયા સ્ટેજે છે તેની વિગત અત્યારે મારી પાસે નથી, પણ તેમને માહિતી જોઇતી હશે તો તે માહિતી આપવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ ચાર કામ પૂર્ણ કર્યા છે અને તેમાં ૫(પાંચ) કરોડ અને ૯૨ લાખ રૂપિયા ખર્ચ કર્યો છે. મારે પૂછવું છે કે આટલી સરસ વ્યવસ્થા કર્યા બાદ છેલ્લા બે વર્ષમાં ગુનામાં વધારો થયો કે ઘટાડો થયો છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રહેણાંકના મકાનને અને ગુનાને કયાં લાગે વળગે છે?

અધ્યક્ષશ્રી : મકાનમાં કંઇ ગુના થાય છે? નથી થતા ને તો ચાલો આગળ. પ્રશ્ન ક્રમાંકઃ૯

**અમદાવાદ શહેરમાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો**

* ૮૨૭૧ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૨૦૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) (નીચે કોષ્ટક) |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂા. ૩૯૫.૭૦ લાખ. |

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૧ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૧ |
| | કુલ | **૦૨** |

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં જે બિનરહેણાંકના મકાનો પોલીસ આવાસ નિગમે

બનાવ્યા છે તે કઇ જગ્યાએ બનાવ્યા છે અને તે કયારે પૂર્ણ થયા છે અને તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? બીજુ જાણવા માગું છું કે તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા દસ વર્ષમાં બિનરહેણાંકના અને રહેણાંકના કેટલા મકાનો બનાવવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં કુલ ૨ બિન રહેણાંક મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે એમાં પી.આઇ. અને પી.એસ.આઇ. હોસ્ટેલ ૨૯૮.૫૬ લાખ રૂપિયાના ખર્ચે અને નારણપુરા ખાતે અર્બન પોલીસ સ્ટેશન ૯૭.૧૪ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ૧૦ વર્ષની માહિતી માગી એમાં કુલ ૧૦૯૪ વિવિધ મકાનો ૪૧૭૫.૨૫ લાખના ખર્ચે ૧૦ વર્ષમાં તૈયાર કરવામાં આવ્યા છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું અમદાવાદ જિલ્લા શહેરમાં દરિયાપુર પોલીસ સ્ટેશન તથા અન્ય પોલીસ સ્ટેશનોની જગ્યા જિલ્લા પંચાયત અમદાવાદે ભાડે આપેલી અને ત્યાં અત્યારે હાલ પોલીસ સ્ટેશન ચાલે છે અને અમદાવાદ જિલ્લા પંચાયતના પોલીસ સ્ટેશન પાસે લગભગ ૨.૫૦ કરોડ રૂપિયા બાકી છે તો સરકારશ્રી એ ચૂકવણું અમદાવાદ જિલ્લા પંચાયતને કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ બિન રહેણાંક મકાનો માટેનો સવાલ છે, પ્લીઝ, અંદરો અંદર વાત ન કરો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મકાનો તૈયાર કરી જિલ્લા પંચાયતે પોલીસ સ્ટેશનોને ભાડે આપેલ છે તો એનું ભાડું આજ દિન સુધી ચૂકવ્યું નથી તો એ ચૂકવવા માગે છે કે કેમ? (અંતરાય)

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયતે મકાન તૈયાર કરી અને પોલીસને ભાડે આપેલ હોય એવી પર્ટીક્યુલર અત્યારે કોઇ વિગત મારી પાસે નથી પણ એ જો વિગતો આપશે તો એની આપણે ખાતરી કરાવીશું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઠરાવ કરી લખી મોકલેલ છે જિલ્લા પંચાયતે તેમ છતાં જો માનનીય ગૃહ મંત્રીશ્રી ના પાડતા હોય કે આ બાબતની ખબર નથી એ ખરેખર શોભાસ્પદ નથી.

અધ્યક્ષશ્રી : આ સવાલમાં એ વસ્તુ આવે જ નહીં, ચાલો એક મિનિટ. નેકસ્ટ.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાઇપલાઇનથી પીવાનું પાણી**

* ૯૧૯૭ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પીવાનું શુદ્ધ પાણી પાઇપ લાઇનથી પુરૂ પાડવામાં આવે છે, અને

(૨) બાકી ગામોમાં ક્યાં સુધીમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : નીચેની વગતે

| તાલુકો | પાઇપ લાઇનથી | | પાઇપ લાઇનથી પીવાનું પાણી પુરૂ પાડવાનું આયોજન |
|---|---|---|---|
| | પાણી મેળવતાં ગામો | પાણી ન મેળવતાં ગામો | |
| **જિલ્લો - જામનગર** | | | |
| જામનગર | ૯૯ | ૦ | પાણી ન મેળવતા ગામોને ટેન્કર મારફત પાણી પુરૂ પાડવામાં આવે છે. સોર્સમાં પાણી ઉપલબ્ધ થતાં ફરીથી પાઇપ લાઇન મારફત પાણી આપવાનું આયોજન છે. |
| લાલપુર | ૬૯ | ૩ | |
| ધ્રોલ | ૪૦ | ૧ | |
| જોડીયા | ૪૮ | ૩ | |
| કાલાવાડ | ૯૮ | ૦ | |
| જામજોધપુર | ૬૯ | ૦ | |
| કુલ... | ૪૨૩ | ૭ | |
| **જિલ્લો - દેવભૂમિ દ્વારકા** | | | |
| ખંભાળીયા | ૭૮ | ૪ | પાણી ન મેળવતા |

| | | | |
|---|---|---|---|
| ઓખામંડળ | ૩૮ | ૧ | મારફત પાણી પુરૂ પાડવામાં આવે છે. સોર્સમાં પાણી ઉપલબ્ધ થતાં ફરીથી પાઈપ લાઈન મારફત પાણી આપવાનું આયોજન છે. |
| ભાણવડ | ૫૧ | ૨૯ | નેશ વિસ્તારમાં હેન્ડપંપ મારફત પાણી મેળવે છે. |
| **કુલ...** | **૨૩૧** | **૩૫** | |

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જામનગર જિલ્લો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાઇસ ટેન્કરથી કેટલું પાણી પૂરું પાડવામાં આવે છે, અને નેસ વિસ્તારમાં કેટલા હેન્ડપંપ બંને જિલ્લામાં અત્યારે કાર્યરત છે અને હાલ કેટલા હતા, અને પાણીનો સોર્સ ઉભો કરવા આ બંને જિલ્લામાં રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે નહીં?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર અને દેવભૂમિ દ્વારકાની વાત કરું તો દ્વારકામાં ૨૬૬ ગામો છે એમાં હાલ ટેન્કરથી ૬ ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે એમાં જે તારીખ આપી છે એ તારીખ પ્રમાણે અને જામનગર જિલ્લાના ૪૩૦ ગામોમાંથી ૧૫ ગામોને ટેન્કરથી પાણી પૂરું પાડવામાં આવે છે બાકીના જે ગામો છે એમાં હેન્ડપંપો દ્વારા દ્વારકા, દેવભૂમિ દ્વારકામાં ૨૯ નેસ છે એ નેસમાં હેન્ડપંપથી પાણી મળે છે અને સ્થાનિક સોર્સમાંથી ૧૧૦ દેવભૂમિ દ્વારકામાં એમાં ક્યાંક બોર છે, ક્યાંક હેન્ડપંપ છે અને ક્યાંક જૂથ પાણી યોજનામાંથી પાણી આપવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું મે ભાણવડના ૨૯ ગામોની અંદર નેસ વિસ્તારમાં હેન્ડપંપથી પાણી આપવામાં આવે છે પણ સરકારશ્રીની જે પાણી પૂરવઠા વિભાગની નીતિ છે એ મુજબ સરકારનો કોઇ પણ વિભાગ નવો બોર કે હેન્ડપંપ મંજૂર કરે તો ભૂસ્તરશાસ્ત્ર વિભાગ પાસે પહેલા અભિપ્રાય લેવામાં આવે ત્યાં પાણી છે કે નહીં, પાણી પીવા લાયક છે કે નહીં, અને એના અભિપ્રાયના આધારે કામ કરવું કે નહીં આવી નીતિ સરકારશ્રીમાં અત્યારે પ્રવર્તમાન છે તો આ નીતિમાં સરકારશ્રીને મારી વિનંતી છે કે, પીવા લાયક પાણી અને ઘર વપરાશના ઉપયોગ માટેનું પાણી આ બંનેનું બાયફરકેશન કરી અને ઘર ઉપયોગનું પાણી પણ જો ઉપયોગમાં લઇ શકાય અને બોરને મંજૂરી આપવામાં આવે તો ઘણી સ્થાનિક સમસ્યાઓનું નિવારણ થાય. એટલે આ ભૂસ્તરશાસ્ત્રીના અભિપ્રાય ઉપર જ જે આ કામો મંજૂર કરવાની નીતિ છે એમાં ફેરફાર કરી અને આનું બાયફરકેશન–વિભાજન કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એક બોર કર્યો હોય અને એમાં પીવાનું પાણી નીકળે અને પીવા લાયક પાણી ન નીકળે તો વપરાશ લાયક કામમાં ઉપયોગમાં લેવાય તેનું બાયફરકેશન કરવાનો પ્રશ્ન છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : બોર કર્યા પછી પીવા લાયક પાણી ન હોય તો ત્યાં ટેન્કર મારફતે પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે અને બોર ચાલુ રાખીએ છીએ વપરાશ માટે એ પાણીનો ઉપયોગ થઇ શકે છે.

શ્રી પરેશ ધાનાણી : મારી વિનંતી છે કે આ પ્રશ્ન આખા રાજ્યનો છે પાણી પુરવઠા વિભાગ એ.ટી.વી.ટી., તાલુકા આયોજન, જિલ્લા આયોજન ક્યાંયથી પણ આ પીવાના પાણી માટે આયોજન થાય, બોરના કામ મંજૂર કરીને મોકલીએ પણ ભૂસ્તર શાસ્ત્ર વિભાગ જો અભિપ્રાય ના આપે તો એ કામો પડતર રહે છે એ કામો થતાં નથી, મારી એટલા માટે વિનંતી છે કે પીવાનું પાણી અને ઘર વપરાશ માટેના ઉપયોગનું પાણી એ માટે વિભાગની અંદર બે પ્રકારનું બાયફરકેશન કરવામાં આવે તો આ બોરના કામ થાય અને સ્થાનિક સ્ત્રોતમાંથી પણ લોકો પાણીનો ઉપયોગ કરી શકે એટલા માટે આ નીતિમાં સરકાર કોઇ ફેરફાર કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પીવા લાયક પાણી ના હોય તો એમાં લોકો પીશે કે નહિ પીવે એનું ધ્યાન તમે ના રાખી શકો, એટલે ભૂસ્તર શાસ્ત્રીનો રિપોર્ટ જો ન આવે કે આ વિસ્તારની અંદર પીવા લાયક પાણી નથી એટલે રાજ્ય સરકાર એટલા માટે ત્યાં બોર નથી કરતી કે એના પછી લોકો ત્યાં જે પાણી ભરવા જશે એમને ખબર નથી કે આ પાણી કેવું છે એટલે એમના આરોગ્ય જોખમાય નહિ એટલા માટે જનરલી રાજ્ય સરકાર જ્યાં પીવા લાયક પાણી ના હોય ત્યાં બોર નથી કરતી. છતાં પણ માનનીય સભ્યશ્રીનું સૂચન છે સરકાર એ બાબત વિચારશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા એમ બન્ને જિલ્લાના પીવાના પાણીની પરિસ્થિતિ અંગે જે પ્રશ્ન પુછ્યો છે એમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ધ્રોલ તાલુકામાં ૪૦ ગામોમાં પાઇપલાઇન મારફતે અમે પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડીએ છીએ અને એક ગામમાં અમે ટેન્કર મારફતે તારીખ ૩૧-૫ની સ્થિતિએ પૂરું પાડીએ છીએ, એ જ રીતે જોડીયા તાલુકામાં ૪૮ ગામોમાં પાઇપ લાઇન દર્શાવ્યા છે અને ૩ ગામોમાં ટેન્કર દર્શાવેલ છે અને જામનગર તાલુકામાં ઝીરો દર્શાવેલ છે. જામનગર તાલુકો, ધ્રોલ તાલુકો અને જોડીયા તાલુકાના મોટાભાગના પીવાના પાણીની તંગીવાળા ગામોની છેલ્લાં દોઢ મહિનામાં મેં જાત મુલાકાત લીધી છે અને હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે એમણે જે જવાબ આપ્યો છે એમાં જોડીયા તાલુકામાં કુનડ, ભાદરા, લીંબુડા, આણદા, નેસડા આ ગામોમાં પાઇન લાઇન દ્વારા પાણી નથી મળતું, સ્થાનિક સોર્સ અને ટેન્કર દ્વારા મળે છે અને એ જ રીતે ધ્રોલ તાલુકામાં ઇટાળા, બીજલકા, રાજપર, કાતડા, ડાંગરા, ખેંગરકા, ખાખરા, મોડપર, ધરમપુર, જાયવા, નાના અને મોટા વાગુદડ અને જામનગર તાલુકામાં રણજીતપર, ખીલોશ, નાની અને મોટી લાખાણી અને બેડીના ઘણા વિસ્તારોને આપણે ટેન્કર દ્વારા પાણી પૂરું પાડીએ છીએ. મારો સવાલ એ છે કે વારંવાર આ સન્માનનીય સભાગૃહમાં સત્તાધારી પક્ષના મિત્રો વાત કરતા હોય કે ટેન્કર મુક્ત ગુજરાત, ટેન્કર મુક્ત ગુજરાત, તો હું એ લોકોને પૂછવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, એ જવાબ સુધારવા માગે છે કે કેમ? અને બીજુ જે ગામડાંઓને અત્યારે આપણે ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરું પાડીએ છીએ એને કેટલા સમયમાં નર્મદા યોજનાનું શુદ્ધ પીવાનું પાણી પાઇનલાઇન દ્વારા પૂરું પાડવા માગો છો?

અધ્યક્ષશ્રી : ગમે તે યોજના હોય નર્મદા કે બીજી યોજના પણ એને ટેન્કરના બદલે પાઇપ લાઇનથી કેટલા સમયમાં પાણી આપવામાં આવશે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના કુલ ૪૩૦ ગામો છે એમાં ૨૧૦ ગામોમાં જે સ્વતંત્ર સોર્સીસ છે એના દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. ૧૮૦ ગામો એવા છે કે જેની અંદર આપણે નર્મદાની પાઇપ લાઇનથી પાણી આપીએ છીએ અને ૩૦ ગામો છે તેને ટેન્કરથી પાણી આપીએ છીએ. આજની આ પરિસ્થિતિ જામનગર જિલ્લાની છે. અહીંયા જયાં નર્મદાની પાઇપ લાઇન દ્વારા પાણી આપવામાં આવે અને તેમાં કયારેક કોઇ ગામડામાં જેમ માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ જયાં ફોર્સથી પાણી નથી જતું ત્યાં અમે વચ્ચે બૂસ્ટર મૂકીને પણ એ લોકોને નર્મદાનું પાણી મળે તેના માટેનું આયોજન આવતા દિવસોમાં કરી લઇશું. ગયા ગુરુવારે એટલે કે ૨૬મી તારીખે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આ પરિસ્થિતિનું નિર્માણ છે તો તેના માટે શું કરવું જોઇએ તેના માટેનું આયોજન પણ થઇ ગયેલુ છે. આવતા દિવસોમાં માત્ર જામનગર જિલ્લામાં જ નહીં ગુજરાતના કોઇપણ ગામડાઓમાં પીવાના પાણીની મુશ્કેલી ના પડે તેના માટે સરકાર ચિંતિત છે અને તેનું આયોજન પણ અત્યારે કરી દીધુ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તેમાં મારા બે પ્રશ્નોના જવાબો બાકી છે. એક તો તેમણે જે લેખિત જવાબ આપ્યો છે તે જવાબ સુધારવા માગે છે કે કેમ ? અને બીજો પ્રશ્ન એ છે સાહેબ કે ચોક્કસ સમય-મર્યાદામાં આ જે બાકીના ગામોને પીવાનું પાણી, શુધ્ધ પાણી પાઇપ લાઇન દ્વારા કેટલા સમયમાં પૂરું પાડવા માગે છે ?

અધ્યક્ષશ્રી : પહેલાં તો આ જવાબ છે, તે બરાબર છે ને કે સાત જગ્યાએ ટેન્કરથી પાણી મળે છે ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : હા,જી.

અધ્યક્ષશ્રી : ચાલો એક પ્રશ્ન પૂરો થયો. બીજો પ્રશ્ન એ છે કે આને કેટલા વખતમાં આપશો ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સમયબદ્ધ ના હોય નવી યોજનાઓ જે છે, નવા ગામડાઓ છે કે નવા વિસ્તારો છે તેમાં જે રીતે નાણાકીય જોગવાઇઓ થાય તે રીતે આયોજન થતું હોય છે. આ માટે તમે એમ ના કહી શકો કે આ કામ છે તે આવતા દિવસોમાં આ જ તારીખે તેના ટેન્ડરો થશે, આ જ તારીખમાં મંજૂર થશે કે આ જ તારીખમાં પૂરું થશે, એટલે મેં હમણાં જે કહ્યું તે રીતે રાજ્ય સરકાર બધા ગામોને શુદ્ધ પીવાનું પાણી મળે તેના માટે ચિંતિત છે અને વહેલી તકે થાય તેના માટેના પ્રયાસો કરશે.

**નર્મદા યોજના અંતર્ગત સાથી રાજ્યો પાસેથી બાકી રકમ વસૂલવા બાબત**

* ૯૧૫૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત સાથી રાજ્યો પાસેથી કેટલી રકમ વસૂલ કરવાની થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સાથી રાજ્યોએ કેટલી રકમ ચૂકવી, અને

(૩) બાકી રહેતી રકમ વસૂલવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ યોજના શરૂ થયેથી નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારને લેણા પેટે કુલ રૂ।. ૫૩૫૭.૪૭ કરોડ (રૂ।. ૪૨૬૯.૩૨ કરોડ વિવાદિત + રૂ।.૧૦૮૮.૧૫ કરોડ બિનવિવાદીત) લેવાની બાકી નીકળે છે.

(૨) ઉક્ત સ્થિતિએ ભાગીદાર રાજ્યોએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની રકમ ગુજરાત સરકારને ચૂકવી છે.

(રૂ।. કરોડમાં)

| વર્ષ | મધ્યપ્રદેશ | મહારાષ્ટ્ર | રાજસ્થાન | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૫.૧૮ | ૨૪.૫૬ | ૧૯.૭૪ | ૫૯.૪૮ |
| ૨૦૧૩–૧૪ | ૫૪.૬૬ | ૪૫.૨૪ | ૧૧.૦૬ | ૧૧૦.૯૬ |
| **વર્ષ** | **મધ્યપ્રદેશ** | **મહારાષ્ટ્ર** | **રાજસ્થાન** | **કુલ રકમ** |
| ૨૦૧૪–૧૫ (મે–૨૦૧૪સુધી) | ૦.૦૦ | ૨૬.૧૮ | ૧૭.૯૮ | ૪૪.૧૬ |
| કુલ | ૬૯.૮૪ | ૯૫.૯૮ | ૪૮.૭૮ | ૨૧૪.૬૦ |

(૩) બાકી રકમ વસૂલવા રાજ્ય સરકારે નીચે મુજબ કાયર્વાહી કરેલ છે.

- માનનીય મુખ્ય મંત્રીશ્રી એ તા. ૨૭–૧–૨૦૦૦, તા. ૧૭–૧–૦૧, તા. ૬–૪–૦૨ના પત્રથી નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે.
- સરદાર સરોવર કન્સ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪,૭૫,૭૬ અને ૮૦મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ
- તા. ૧૮–૧૨–૧૩ના રોજ SSCAC સાથે નિગમમાં મળેલ મીટીંગમાં ભાગીદાર રાજયો પાસેથી લેણી રકમ વસૂલ કરવા બાબતે પણ જરૂરી રજુઆત કરવામાં આવી હતી.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), ગુજરાત રાજ્ય દ્વારા તા. ૪–૨–૨૦૧૪ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), મધ્યપ્રદેશ તથા અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), મહારાષ્ટ્ર સરકારને લેણી રકમ વસૂલ કરવા બાબતે પણ જરૂરી રજુઆત કરવામાં આવી હતી.
- વધુમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા નિયમિતપણે દરમાસના અંતે મધ્યપ્રદેશ સરકાર તથા સબંધીત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે.
- પુનઃસ્થાપન અને પુનઃવસવાટ ખર્ચાની વિવાદીત

રકમ બાબતના નિવારણ અર્થે એટ્રોર્ની જનરલ ભારત સરકારને રજુઆત કરવામાં આવેલ છે.
ઉપરોક્ત પગલાઓના પરિણામ સ્વરૂપે યોજના શરૂ થયેથી તા. ૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ભાગીદાર રાજ્યો પાસેથી કુલ રૂા. ૪૦૨૧.૬૩ કરોડની (રૂા.૨૧૮૪.૧૯ કરોડ મધ્યપ્રદેશ, રૂા. ૬૯૫.૭૩ રાજસ્થાન અને ૧૧૪૧.૭૧ કરોડ મહારાષ્ટ્ર) રકમ પ્રાપ્ત થયેલ છે.

શ્રી જશુભાઇ ધા. બારડ: માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજયો પાસેથી યોજના અંતર્ગત જે પૈસા લેણાં નીકળે છે અને જે પૈસા અન્ય રાજયોએ આપણને ચૂકવવાના થાય છે. લેણાં પેટેની રકમ ઘણી મોટી છે મારે એ જાણવું છે કે, આ લેણાં પેટેની રકમ ટોટલ લગભગ ૫૩૫૭ કરોડ રૂપિયા તેમાં વિવાદિત લેણું પણ દર્શાવવામાં આવ્યું છે. ખરેખર જાણવા એ માગીએ છીએ કે, આ યોજના પાછળનો જે ખર્ચ છે તેમાં ખરેખર કયા રાજય પાસે આપણી કેટલી લેણી રકમ નીકળે છે? અને જે લેણી રકમ આપણને સમયાંતરે પ્રાપ્ત થતી નથી એટલે કયા રાજય પાસે કેટલી લેણી રકમ આજની તારીખે અથવા તો ૩૧-૩ની સ્થિતિએ આપણી થાય છે?

અધ્યક્ષશ્રી : અંદર આપ્યું છે ૩૧-૫-૧૪ સુધીની અંદર ૪૦૨૧ કરોડ પૈકી ૨૧૮૪ કરોડ મધ્યપ્રદેશ, ૬૯૫ રાજસ્થાન અને આટલા કરોડ મહારાષ્ટ્રને આમાં જવાબમાં આપેલું છે, એટલે તેના સિવાય વધુ પૂછવું હોય તો પૂછો.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે ઉપરોકત પગલાંઓના પરિણામ સ્વરૂપે યોજના શરૂ થયેથી ફલાણી ફલાણી તારીખ સુધીમાં આટલી રકમ પ્રાપ્ત થઇ છે અલગ અલગ રાજયની. તો કયા રાજય પાસે આપણી કેટલી રકમ બાકી છે એ ચિંતાનો વિષય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો દરવાજા મૂકવાની જે મંજૂરી આપણને આપી તે માટે વડાપ્રધાનશ્રીનો અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનુ છું.

અધ્યક્ષશ્રી : વીસ સેકન્ડ બાકી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બે પ્રકારે રકમ બાકી છે. એક વિવાદિત છે અને એક બિનવિવાદિત છે.

અધ્યક્ષશ્રી **: પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### વલસાડ જિલ્લામાં ડાંગર કિટ્સનાં વિતરણની કામગીરી સ્થાનિક સહકારી મંડળીઓને સોંપવા બાબત

* ૯૧૭૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખેતીવાડી શાખાની યોજના એ.જી.આર. ૨-૩-૪-૫ અંતર્ગત ખરીફ સીઝનમાં ડાંગર કિટ્સ વિતરણની કામગીરી કઇ એજન્સીને આપેલ છે, અને<br>(૨) આ કામગીરી સ્થાનિક સહકારી મંડળીઓને આપવા સરકાર વિચારે છે કે કેમ ? | (૧) અને (૨)<br>આ હેતુ માટે ચાલુ વર્ષે બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોઈ, કામગીરી કોઈ એજન્સી કે સહકારી મંડળીને આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કપરાડા પોલીસ સ્ટેશનમાં આઇ.પી.સી.–૪૮૭ હેઠળ ગુના**

* ૯૬૩૪ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા પોલીસ સ્ટેશનમાં, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૮૭ મુજબના નોંધાતા ગુનાઓમાં આરોપીઓની ઓળખના પુરાવાઓ પોલીસ રેકર્ડમાં હોવા છતાં પોલીસ તરફથી આરોપીઓને પકડવામાં આવતા નથી તથા એવા ગુનાઓના મુદ્દામાલ જપ્ત કરવામાં આવતા નથી તે હકીકત ખરી છે, અને | (૧) કપરાડા પો.સ્ટે.માં ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૮૭ હેઠળ કોઈ ગુન્હો કે કોઈ બનાવ નોંધાયેલ નથી. |
| (૨) જો ના, તો સને ૨૦૧૩ દરમ્યાન સદરહુ પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત કલમ હેઠળ નોંધાયેલ ગુનાઓના ગુના રજીસ્ટર નંબરો કયા કયા છે અને તે પ્રત્યેક ગુનાના આરોપીઓને ક્યારે પકડવામાં આવ્યા છે અને મુદ્દામાલ ક્યારે જપ્ત કરવામાં આવ્યો છે તથા આરોપીઓને પકડ્યા બાદ તથા મુદ્દામાલ જપ્ત કર્યા બાદ પોલીસ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં ફૂલ પાક માટે સહાય યોજના**

* ૮૧૮૩ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં ફૂલ પાકના વાવેતર માટે સહાયની કોઇ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જિલ્લામાં વર્ષ–૨૦૧૩–૧૪માં કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ? | (૨) ૮૩ ખેડુતોને કુલ રૂ. ૬.૬૨ લાખ સહાય આપવામાં આવેલ છે. |

---------

**પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે અમદાવાદ હેઠળનાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી**

* ૮૧૩૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે અમદાવાદ હેઠળનાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ? | (૨) ૧,૦૭૨ |

---------

**નવસારી જિલ્લામાં તાલુકાવાર પોલીસ કર્મીઓને સાયકલ એલાઉન્સ**

* ૮૫૬૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ જવાનોને સાયકલ એલાઉન્સ પેટે કેટલી રકમ માસિક ચૂકવવામાં આવે છે, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ જવાનોને સાયકલ એલાઉન્સ પેટે, માસિક કુલ રૂપિયા–૭,૨૦,૮૨૦/-ચૂકવવામાં આવે છે. |
| (૨) તે અન્વયે નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ કર્મીઓને સાયકલ એલાઉન્સ દર મહિને ચૂકવાય | (૨) નવસારી જિલ્લામાં તાલુકાવાર પોલીસ કર્મીઓને ચૂકવવામાં આવતી સાયકલ એલાઉન્સની માહિતી નીચે |

છે, અને

મુજબ છે :–

| ક્રમ | તાલુકાનું નામ | પોલીસ કર્મીની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૩૩૮ |
| ૨ | જલાલપોર | ૫૫ |
| ૩ | ગણદેવી | ૯૩ |
| ૪ | ચીખલી | ૫૨ |
| ૫ | ખેરગામ | ૧૬ |
| ૬ | વાંસદા | ૩૩ |
| | **કુલ:** | **૫૮૭** |

(૩) આ એલાઉન્સમાં છેલ્લે ક્યારે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ?

(૩) તા. ૦૧–૦૭–૧૯૮૭થી રૂપિયા :૧૦/-ની રકમમાં વધારો કરીને રૂપીયા:૨૦/- કરેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં નર્મદા યોજના આધારિત શાખા નહેરોનાં કામો**

* ૮૨૪૩ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના આધારિત તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તેની શાખા નહેરોના કુલ કેટલા કામો પ્રગતિ હેઠળ છે,

(૨) તે પૈકી તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની તમામ ૬–શાખા નહેરોના બધાજ કામો પૂર્ણ થયેલ છે.

(૨) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની તમામ ૬–શાખા નહેરોના કુલ રૂ. ૬૩.૭૧ કરોડનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) શાખા નહેરોની વિતરણ પદ્ધતિની નહેરોના કામો પૂર્ણ થયેથી મહેસાણા જિલ્લાનાં ૧૨૮ ગામોને સિંચાઇનો લાભ મળશે.

---------

**બનાસકાંઠાના તળાવો નર્મદાના પાણીથી ભરવા બાબત**

* ૮૧૧૩ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કયા કયા તળાવોને નર્મદાના પાણીથી છેલ્લા એક વર્ષમાં ભરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં નર્મદા આધારિત પાણીના જુદા જુદા સ્ત્રોતથી ભરવામાં આવેલ તળાવો.

ચાંગા–દાંતીવાડા ઉદવહન પાઇપ લાઇનથી નીચે

**(અ) મુજબનાં કુલ ૧૨ (બાર) તળાવ**

| ક્રમ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | કાંકરેજ | ચાંગા ગામ તળાવ–૧ |
| ૨ | કાંકરેજ | ચાંગા ગામ તળાવ–૨ |
| ૩ | કાંકરેજ | ચાંગા – બે તળાવ |
| ૪ | કાંકરેજ | ચાંગા ગુંદાળુ તળાવ |
| ૫ | કાંકરેજ | અધગામ |
| ૬ | કાંકરેજ | અધગામ–મોતીસરીયા |
| ૭ | કાંકરેજ | ઇન્દ્રમાણા |
| ૮ | કાંકરેજ | કાકર |
| **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** |
| ૯ | કાંકરેજ | પાદરડી |
| ૧૦ | કાંકરેજ | ચીમનગઢ |
| ૧૧ | કાંકરેજ | રતનગઢ |
| ૧૨ | કાંકરેજ | રવિયાણા |

**(બ) સુજલામ સુફલામ નહેરથી ૧ (એક) તળાવ**

| | | |
|---|---|---|
| ૧ | કાંકરેજ | ખોડલા |

**(ક) નર્મદા મુખ્ય નહેર આધારિત કુલ ૩ (ત્રણ) તળાવ**

| | | |
|---|---|---|
| ૧ | વાવ | માડકા |
| ૨ | વાવ | ડેડવા |
| ૩ | વાવ | માલસણ |
| **કુલ : ૧૬ (સોળ) તળાવ** | | |

(૨) જો આવા તળાવો ભરવામાં ન આવ્યા હોય તો તેના કારણો શા છે, અને કેટલા સમયમાં તે ભરવામાં આવશે ?

(૨) ચાંગા–દાંતીવાડા ઉદવહન પાઈપ લાઈન સાથે આયોજન અનુસાર કુલ જોડવાના થતા ૨૭ તળાવો પૈકી ઉપર્યુક્ત ૧૨ તળાવો તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ભરવામાં આવેલ છે. રામપુરા પંપિંગ સ્ટેશનની કામગીરી પ્રગતિમાં હોઈ અન્ય ૧૨ તળાવો ભરી શકાયેલ નહી. જે હવે પૂર્ણ થતાં ભરવામાં આવેલ છે. બાકીનાં ત્રણ તળાવોને પાઈપ લાઈન સાથે જોડવાની કામગીરી પ્રગતિમાં છે. પરંતુ મુખ્ય પાઈપલાઈન ની ૧૭૦૦ મીટર લંબાઇ આરક્ષિત વન વિસ્તારમાં આવતી હોઇ અને મંજુરી મેળવવાની પ્રક્રિયામાં હોઇ, મંજુરી મળે થી ૩૦ દિવસમાં બાકીની કામગીરી પૂર્ણ કરી તળાવ ભરવામાં આવશે.

---------

## રાજ્યમાં ક્રુડ ઓઇલનાં કાર્ગોનાં હેન્ડલીંગ એસબીએમ/એસપીએમની ઉપલબ્ધી બાબત

* ૮૧૬૩ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ક્રુડ ઓઇલ કાર્ગોનાં હેન્ડલીંગ માટે કેટલા એસબીએમ/એસપીએમ ઉપલબ્ધ છે,

(૧) ૭ (સાત)

(૨) તેની કાર્ગો હેન્ડલીંગ ક્ષમતા કેટલી છે, અને

(૨) ૧૦૪૦.૦૦ લાખ ટન પ્રતિવર્ષ.

(૩) હાલમાં તેના પરથી કેટલો ક્રુડ ઓઇલ કાર્ગો હેન્ડલ થાય છે ?

(૩)

| વર્ષ | હેન્ડલ થયેલ કાર્ગો |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૮૬૭.૮૯ લાખ ટન |
| ૨૦૧૪–૧૫ (મે–૨૦૧૪ સુધી) | ૧૨૪.૩૧ લાખ ટન |

---------

## વલસાડ જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી

* ૮૧૭૩ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૧) ૩૯૨૬

(૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ.

---------

## સરકાર દ્વારા કૃષિ ખાતામાં તાંત્રિક સ્ટાફની ભરતી

* ૮૨૩૪ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કૃષિ ખાતામાં કેટલા તાંત્રિક સ્ટાફની ભરતી કરવામાં આવી?

૧૮૫

તા. ૧લી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**એસ.આર.પી. જૂથ–૯ વડોદરાના પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી**

* ૮૨૫૧ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૯ વડોદરામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) ૧,૪૩૩ |

---------

**અમદાવાદ જિલ્લાનાં બાવળા તાલુકામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પશુ આરોગ્ય મેળા**

* ૮૨૭૯ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૫,૯૪૪ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૨૩,૫૩૧ |

---------

**રાજકોટ જિલ્લામાં જંતુનાશક દવાઓનાં નમૂના**

* ૮૨૨૯ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં, | (૧) કુલ ૪૧૪ નમૂના |
| (૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૩૯૯ નમૂના પ્રમાણિત થયા.<br>૧૫ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|
| ૦૬ | કોર્ટ કેસ કરેલ છે. જે પૈકી ૧ કેસમાં ચૂકાદો આવી ગયેલ છે. (નામ. કોર્ટ દ્વારા રૂ. ૬૦૦૦૦/–નો દંડ કરેલ છે. દંડ ના ભરે તો ૩૦ દિવસની જેલની સજા કરેલ છે. |
| ૦૭ | વહીવટી પગલાં |
| ૦૨ | કાર્યવાહીમાં |

---------

**રાજકોટ શહેરને નિયમિત નર્મદાનું પાણી**

* ૮૨૯૩ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ | (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ |

શહેરમાં નર્મદા યોજનાનું શહેરની જરૂરિયાત સામે દૈનિક કેટલું પાણી આપવામાં આવે છે, અને

(૪) જો હા, તો નવો રૂટ જાહેર કરવા માટેના કયા કારણો હતા?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ પાછળ રૂ।.૫૬૫.૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૧૮માં અને સમગ્ર પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) હા, જી.

(૪) ભારત સરકારની અર્બન ટ્રાન્સપોર્ટ પોલીસી તેમજ મેટ્રો પ્રોજેક્ટ તૈયાર કરવાની ગાઇડલાઇન્સના પરિપ્રેક્ષ્મમાં ફાઇનાન્સિયલ અને ઇકોનોમિક વાયેબિલીટી તથ ટ્રાફિક

જેવા વિવિધ પાસાઓ ધ્યાને લેતા રૂટમાં ફેરફાર જરૂરી લાગતા આંશિક ફેરફાર કરવામાં આવેલા છે.

---------

**મહિસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના ગામોને નહેર મારફતે સિંચાઈ સુવિધા**

૮૪૯૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓના કયા કયા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી.

(૨) આ ગામોને સિંચાઈ સુવિધા સરકાર આપવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો આ અંગે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના કમાન્ડ વિસ્તારના લુણાવાડા તાલુકાના ૧૮ ગામ અને ખાનપુર તાલુકાના ૧૧ ગામોને નહેર મારફતે સિંચાઇ સુવિધા મળતી નથી (વિગતો અન્વયે ***પત્રક–૧** સામેલ છે.) તથા કમાન્ડ વિસ્તાર સિવાયના લુણાવાડા તાલુકાના ૫૬ ગામોને તથા ખાનપુર તાલુકાના ૪૩ ગામોને નહેર મારફતે સિંચાઇની સુવિધા મળતી નથી (વિગતો અન્વયે ***પત્રક–૨** સામેલ છે.)

(૨) હા, જી.

(૩) નહેર મજબૂતીકરણ/સુધારણાના કામો કરી કમાન્ડ વિસ્તારના છેવાડાના વિસ્તારમાં સિંચાઇની સુવિધા મળતી ન હોઇ તેવા વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. કમાન્ડ વિસ્તાર સિવાયના વિસ્તારમાં ચેકડેમ તથા તળાવો ઉંડા કરવાની કામગીરી થકી પાણીનો સંગ્રહ તથા રીચાર્જ મારફતે પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઇ માટે માટે શક્ય એટલું વધુ પાણી ઉપલબ્ધ થાય તે મુજબની કામગીરી કરવામાં આવી રહી છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

૯૫૫૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર દારૂ, જુગાર, ધાડ, ખૂન અને લૂંટના કેટલા કેસો નોંધાયા,

(૨) નોંધાયેલ કેસો પૈકી કેટલા કેસોમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી,

(૩) દારૂનો વેપાર કરતા તથા ગેરકાયદેસર જુગાર રમાડતા કેટલા ઈસમો વિરૂધ્ધ પગલાં ભરવા અંગેની ફરીયાદો સરકારને મળી, અને

(૪) તે સંબંધમાં શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧)

| તાલુકા | દારૂ | જુગાર | ધાડ | ખૂન | લૂંટ |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ૨૨૧૭ | ૨૧૯ | ૫ | ૧૯ | ૨૩ |
| દહેગામ | ૧૦૦૦ | ૪૫ | ૦ | ૪ | ૨ |
| માણસા | ૮૪૮ | ૨૩ | ૪ | ૮ | ૭ |
| કલોલ | ૯૮૦ | ૧૩૪ | ૦ | ૧૦ | ૫ |

(૨) ૫૫૩૨

(૩)

| કુલ ઈસમો | કુલ ફરિયાદો |
|---|---|
| ૩૮ | ૨૩ |

(૪) બે ફરિયાદમાં તથ્ય જણાતાં બે કેસ કરવામાં આવેલ છે.

---------

**વ્યારા તાલુકામાં પીવાના પાણીની તંગી**

૯૫૩૧ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકાના કેટલા ગામોમાં પીવાના પાણીની તંગી છે, અને

(૨) પીવાના પાણીની તંગી કાયમી ધોરણે દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) એકપણ નહીં

(૨) હાલમાં પીવાના પાણીની કોઈ તંગી નથી. વધુમાં લાંબાગાળાના આયોજન સ્વરૂપે તાપી બલ્ક પાઈપ લાઈન યોજના અંતર્ગત આ વિસ્તારના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના કાર્યવાહી હેઠળ છે.

---------

**બાલાસિનોર –વિરપુર અને કપડવંજ તાલુકાઓમાં જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે પીવાના પાણીની અનિયમિતતા**

૮૨૯૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બાલાસિનોર, વિરપુર અને કપડવંજ તાલુકાઓમાં જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા આપવામાં આવતા પીવાના પાણીની વ્યાપક અનિયમિતતા બાબતોથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આવી અનિયમિતતા દૂર કરી નિયમિત પાણી મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) બાલાસિનોર, વિરપુર અને કપડવંજ તાલુકાઓમાં ખાતા દ્વારા કુલ ૬ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કુલ ૧૯૭ ગામોનો સમાવેશ થયેલ છે. જેના દ્વારા લાભાર્થી ગામોને અપવાદરૂપ સંજોગો સિવાય નિયમિત પીવાના પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના મૉડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો**

૯૪૫૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મૉડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ શહેરવાર વિકાસ કામો માટે કેટલી રકમ કામવાર ફાળવવામાં આવી,

(૨) કામો, કામવાર કયા કયા તબક્કે છે, અને કેટલા સમયમાં પૂરા કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મૉડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ શહેરવાર વિકાસ કામો માટે **પત્રક (અ) અને (બ)** મુજબ રકમ ફાળવેલ છે.

(૨) રાજકોટ જિલ્લામાં મંજુર થયેલ ૧૪૨ કામો પૈકી ૯૫ કામો પૂર્ણ, ૩૯ કામો પ્રગતિ હેઠળ અને ૮ કામો વહીવટી મંજુરી માટે બાકી છે અને મોરબી જિલ્લામાં મંજુર થયેલ ૧૧૮ કામો પૈકી ૬૯ કામો પૂર્ણ ૪૬ કામો પ્રગતિ હેઠળ અને ૩ કામો વહીવટી મંજુરી માટે બાકી છે અને આ કામો તબક્કાવાર અંદાજીત ૯ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પત્રક–અ

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મૉડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં શહેરવાર અને કામવાર ફાળવેલ રકમની વિગતો

(રૂા. કરોડમાં)

| ક્રમ | કામ | જેતપુર નવાગઢ | ગોંડલ | ધોળાજી | ઉપલેટા | જસદણ | ભાયાવદર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુખ્ય રસ્તા | ૬.૭૨ | ૦.૯૧ | ૦.૦૦ | ૨.૨૫ | ૦.૦૦ | ૦.૫૩ | ૧૦.૪૧ |
| ૨ | બ્રીજ | ૦.૦૦ | ૦.૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૪ |
| ૩ | હરિયાળા શહેરોનું નિર્માણ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૫ | ૦.૬૫ |

| ક્રમ | કામ | જેતપુર નવાગઢ | ગોંડલ | ધોળાજી | ઉપલેટા | જસદણ | ભાયાવદર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ટ્રાફિક સર્કલ | ૦.૦૦ | ૦.૭૭ | ૦.૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૧ |
| ૫ | જળસંચયના કામો | ૦.૫૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૫૮ |
| ૬ | માર્કેટ | ૦.૫૫ | ૦.૦૦ | ૨.૨૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૭૫ |
| ૭ | ફાયર સ્ટેશન | ૧.૦૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૭ |
| ૮ | ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો | ૦.૮૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૧ | ૦.૯૪ |
| ૯ | સ્લમ વિસ્તારમાં સામાજીક સેવાઓ સુદ્રઢ બનાવવાના કામો | ૦.૧૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૮ |
| ૧૦ | આંગણવાડી કેન્દ્રો | ૦.૫૪ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૫૩ | ૦.૩૫ | ૦.૦૦ | ૧.૯૨ |
| ૧૧ | સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૫ | ૦.૧૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૩૯ |
| ૧૨ | ટાઉન હોલ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૪૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૪૧ |
| ૧૩ | અન્ય કામો | ૦.૮૪ | ૨.૨૪ | ૦.૦૦ | ૧.૩૫ | ૧.૪૯ | ૦.૦૦ | ૫.૯૨ |
| | કુલ | ૧૧.૮૧ | ૪.૬૬ | ૪.૧૦ | ૪.૨૭ | ૧.૮૪ | ૦.૭૯ | ૨૭.૪૭ |

પત્રક–બ

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ મોરબી જિલ્લામાં શહેરવાર અને કામવાર ફાળવેલ રકમની વિગતો

(રૂ઼ા. કરોડમાં)

| ક્રમ | કામ | મોરબી | વાંકાનેર | માળિયા–મિયાણા | હળવદ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગૌરવપથ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૧ | ૦.૦૦ | ૧.૦૧ |
| ૨ | મુખ્ય રસ્તા | ૫.૧૯ | ૦.૦૦ | ૦.૯૫ | ૧.૭૦ | ૭.૮૪ |
| ૩ | બ્રીજ | ૦.૩૨ | ૧.૦૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૪૦ |
| ૪ | ટ્રાફિક સર્કલ | ૦.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૩૦ |
| ૫ | જળસંચયના કામો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૭ | ૦.૧૭ |
| ૬ | માર્કેટ | ૦.૦૦ | ૦.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૪૦ |
| ૭ | હેરીટેજના કામો | ૦.૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૪ |
| ૮ | ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો | ૦.૪૦ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૩૦ | ૦.૭૩ |
| ૯ | સ્લમ વિસ્તારમાં સામાજીક સેવાઓ સુદ્રઢ બનાવવાના કામો | ૦.૬૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૫ | ૦.૭૫ |
| ૧૦ | આંગણવાડી કેન્દ્રો | ૦.૫૦ | ૦.૩૨ | ૦.૨૫ | ૦.૦૦ | ૧.૦૭ |
| ૧૧ | અન્ય કામ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૨ | ૧.૦૨ |
| | કુલ | ૭.૫૦ | ૧.૮૦ | ૨.૨૪ | ૩.૩૯ | ૧૪.૯૩ |

---------

**જામનગર જિલ્લામાં મીઠાની લીઝ અને જમીન અંગેના પ્રશ્નો બાબત**

૯૪૨૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં મીઠાની લીઝ સમયસર

**જવાબ**

(૧) મહેસુલ વિભાગ કક્ષાએ એક પણ નહી, પરંતુ

રીન્યુ કરવા માટે તેમજ મીઠાની જમીન અંગેના કેટલા અને કયા કયા આનુસંગિક પ્રશ્નો સમસ્યાઓ મે-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસૂલ વિભાગ હસ્તક પડતર છે,

સ્થાનિક કક્ષાએ ૧૩ દરખાસ્તો પડતર છે.

(૨) આ સમસ્યાના નિકાલ માટે મહેસૂલ વિભાગ કાર્યવાહી હાથ ધરી છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૨) અને (૩) આ હેતુસર સબંધિત સંલગ્ન ખાતાઓ/અરજદારો પાસેથી વિગતો ઉપલબ્ધ થયા બાદ નિયમાનુસાર સત્વરે પૂર્ણ કરવાનુ આયોજન છે.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ૭/૧૨ની નકલમાં પાકની નોંધ**

૯૪૩૮ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓમાં ખેડૂતોની ૭-૧૨ની નકલમાં દર વર્ષે પાકની નોંધ કરવાની ફરજીયાત છે, તેમ છતાં છેલ્લા ત્રણ વર્ષથી આવી નોંધ થતી નથી. આ હકીકત થી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આવી પાક નોંધ નિયમિત થાય તે માટે તલાટીઓને કોઈ સૂચના આપવામાં આવી છે કે કેમ, અને

(૩) નોંધો ન થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓમાં પાકની નોંધ કરવાની સને ૨૦૧૧-૧૨ અને સને ૨૦૧૨-૧૩ના વર્ષોની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે સને ૨૦૧૩-૧૪ની કામગીરી ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં વિવિધ ફંડમાંથી ચેકડેમો**

૯૦૯૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટા-ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં જળસંપત્તિ ખાતા દ્વારા કયા કયા ફંડમાંથી કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ચેકડેમોમાંથી કેટલા હેકટરમાં સિંચાઈની સુવિધા મળે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જીલ્લામાં ૮૨ અને છોટા ઉદેપુર જીલ્લામાં ૫૮૨ ચેકડેમો છેલ્લા બે વર્ષમાં જળસંપત્તિ ખાતા દ્વારા બનાવવામાં આવેલ છે. તાલુકાવાર-ફંડવાર બનાવેલ ચેકડેમોની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૨) તાલુકાવાર થયેલ ખર્ચની વિગત સામેલ પત્રક મુજબ છે.

(૩) સીધી અને પરોક્ષ સિંચાઈ સુવિધા આશરે ૧૮૦૫ હેકટરમાં મળે છે.

પત્રક

| અ.નં. | જીલ્લો | તાલુકો | ફંડ ડીમાન્ડ નંબર | ચેકડેમની સંખ્યા | થયેલ ખર્ચ રૂ।.લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વડોદરા | સાવલી | ડીમાન્ડ નંબર-૬૬ ૧૯૯-સુજલામ સુફલામ | ૪ | ૨૧.૩૭ |
| | | વડોદરા | | ૪૦ | ૩૧૧.૨૨ |
| | | કરજણ | | ૪ | ૨૬.૬૩ |
| | | પાદરા | | ૨૩ | ૧૬૭.૮૦ |
| | | વડોદરા | ડીમાન્ડ નંબર-૯૫ ૦૨ વોટર કન્ઝરર્વેશન | ૧૧ | ૭૪.૦૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | **કુલ** | **–** | **૮૨** | **૬૦૧.૧૦** |
| ૨ | છોટા ઉદેપુર | છોટાઉદેપુર | ડીમાન્ડ નંબર–૯૬ સુજલામ સુફલામ | ૨૪ | ૮૦.૬૪ |
| | | કવાંટ | | ૧૩૮ | ૧૪૯૦.૦૦ |
| | | નસવાડી | | ૯૯ | ૫૩૬.૦૦ |
| | | સંખેડા | | ૪૯ | ૨૫૨.૭૦ |
| | | પાવી જેતપુર | | ૧૩૬ | ૮૭૮.૪૦ |
| | | કવાંટ | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના | ૬૪ | ૧૭૯.૯૭ |
| | | પાવી જેતપુર | | ૫૩ | ૨૨૮.૦૦ |
| | | કવાંટ | ૨૭૦૨ ન્યુ ગુજરાત પેટર્ન | ૬ | ૬૯.૨૯ |
| | | નસવાડી | | ૧ | ૬.૫૭ |
| | | સંખેડા | | ૨ | ૧૦.૮૧ |
| | | પાવી જેતપુર | | ૧૦ | ૭૯.૯૯ |
| | | **કુલઃ–** | | **૫૮૨** | **૩૮૧૨.૩૭** |

---------

### તલોદ તાલુકાની નર્મદા પાઈપ લાઈનથી લવારી દાદરડા તળાવ ભરવા બાબત

૮૧૧૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ તલોદ તાલુકામંથી પસાર થતી નર્મદા પાઈપ લાઈનથી લવારી દાદરડા તળાવ ભરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) કેટલા સમયમાં આ તળાવમાં પાણી ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તલોદ તાલુકામાંથી પસાર થતી નર્મદા આધારીત હાથમતી ગુહાઈ પાઈપ લાઈનથી દાદરડા ગામનુ સર્વે નં. ૨૦૦ માંનુ તળાવ જોડવા માટે અંદાજ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.

દાદરડા તળાવ માટે સૂચિત પાઈપ લાઈનની પથરેખામાંથી જ લવારી ગામ તળાવ જોડવા માટે સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરેલ છે. સર્વેક્ષણને આધારે પાઈપ લાઈન સાથે તળાવને જોડી શકાય તેમ છે જેથી અંદાજ બનાવી વહીવટી મંજુરી મેળવી તળાવ જોડવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) મંજુરીની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી માર્ચ–૧૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

### રાજકોટ શહેર અને જિલ્લામાં પોલીસ કર્મીઓની આરોગ્ય ચકાસણી

૯૫૮૧ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર ફરજ બજાવતા પોલીસ ખાતામાં આરોગ્યની ચકાસણી માટે કાર્યવાહી કરવાની સૂચનાઓ અપાઈ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસકર્મીઓની આરોગ્ય ચકાસણી થઈ તથા બાકી રહેલાની કેટલા સમયમાં આરોગ્ય ચકાસણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ શહેરમાં – ૧,૯૨૬ અને રાજકોટ ગ્રામ્યમાં–૨,૯૦૪ પોલીસકર્મીઓની આરોગ્ય ચકાસણી થઈ છે અને ટુંક સમયમાં કેમ્પ યોજી બાકી રહેલાની આરોગ્ય ચકાસણી કરવાનું આયોજન છે.

---------

**એન્ટી ટેરેરીસ્ટ સ્કોડમાં વિવિધ સંવર્ગમાં મંજૂર મહેકમ**

૮૮૧૫ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં એન્ટી ટેરેરીસ્ટ સ્કોડ (ATS) માં વિવિધ સંવર્ગમાં કુલ કેટલી જગ્યાનું મહેકમ મંજૂર થયેલ છે, અને

(૨) આ પૈકી તા. ૦૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યા ખાલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં એન્ટી ટેરેરીસ્ટ સ્કોડ (ATS) માં વિવિધ સંવર્ગમાં કુલઃ ૬૪ જગ્યાનું મહેકમ મંજૂર થયેલ છે, અને

(૨) આ પૈકી તા. ૦૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ૨૪ જગ્યાઓ ખાલી છે.

---------

**સોજીત્રા અને તારાપુર તાલુકામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

૯૮૯૭ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના સોજીત્રા અને તારાપુર તાલુકામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી, મારામારી અને અપહરણના કેટલા બનાવો વર્ષવાર નોંધાયા,

(૨) આણંદ જિલ્લાના સોજીત્રા અને તારાપુર વિસ્તારમાં ગુન્હાખોરીના મુખ્ય કારણો શા છે, અને

(૩) આ ગુન્હાખોરી અટકાવવા સરકાર નક્કર પગલાં લેવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) સોજીત્રા તાલુકો

| વર્ષ | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | મારામારી | અપહરણ |
|---|---|---|---|---|---|---|
| ૧-૪-૧૨ થી ૩૧-૩-૧૩ | ૦ | ૦ | ૦ | ૪ | ૧૨ | ૬ |
| ૧-૪-૧૩ થી ૩૧-૩-૧૪ | ૦ | ૦ | ૧ | ૪ | ૭ | ૫ |

તારાપુર તાલુકો

| વર્ષ | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | મારામારી | અપહરણ |
|---|---|---|---|---|---|---|
| ૧-૪-૧૨ થી ૩૧-૩-૧૩ | ૦ | ૧ | ૦ | ૧૧ | ૧૬ | ૪ |
| ૧-૪-૧૩ થી ૩૧-૩-૧૪ | ૨ | ૦ | ૦ | ૫ | ૭ | ૫ |

(૨) અપહરણના ગુના પ્રેમ પ્રકરણ તથા સગીર વયની બાળાઓને લગ્નની લાલચ આપી ભગાડી જવાના કારણે બનેલ છે. મારામારીના બનાવ અંગત પ્રશ્નો, જમીનના વિવાદ બાબતે, નજીવી તકરારો વગેરેના કારણે બનેલ છે. ચોરીઓના ગુના મોજશોખ પુરા કરવા માટે, ચોરી કરવાનો ઈરાદો વગેરેને લઈને, બનેલ છે.

(૩) ગુનાઓ બનતા અટકાવવા માટે નાઈટ રાઉન્ડ, કોમ્બીંગ નાઈટ, અંગત બાતમીદારો રોકી, બાતમી મેળવી, ગુનાઓ બનતા અટકાવી તથા પોલીસ મિત્ર બનાવી, જાહેર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવી, તથા વિલેજ વીજીટેશન દરમ્યાન આગોતરી માહિતી મેળવી અગમચેતીના ભાગરૂપે આગોતરા અટકાયતી પગલા લઈ ઘટતાં પ્રયત્નો કરવામાં આવે છે. વધુમાં, લોકદરબારો યોજી, સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જુદા જુદા પ્રકારના સેમિનાર અને વર્કશોપનું આયોજન કરી લોકોમાં જનજાગૃતિ લાવવાના તથા ગુનાખોરીથી દૂર રહેવા અને કાયદાનું પાલન કરવા માટે સમજાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

---------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર મહિલા પોલીસ સ્ટેશનો**

૮૫૦૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ સ્ટેશનો આવેલ છે તે પૈકી મહિલા પોલીસ સ્ટેશનની સંખ્યા કેટલી,

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના ૮ તાલુકાઓમાં કુલ ૧૪ પોલીસ સ્ટેશનો આવેલ છે. જે નીચે મુજબ છે. તે પૈકી મહિલા પોલીસ સ્ટેશનની સંખ્યા-૧ (એક) છે.

| ક્રમ | તાલુકો | પોલીસ સ્ટેશનોની |
|---|---|---|

| | | સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪ |
| ૨ | ગરબાડા | ૧ |
| ૩ | ધાનપુર | ૧ |
| ૪ | દેવગઢબારીયા | ૧ |
| ૫ | લીમખેડા | ૨ |
| ૬ | સંજેલી | ૧ |
| ૭ | ઝાલોદ | ૨ |
| ૮ | ફતેપુરા | ૨ |
| | કુલઃ– | ૧૪ |

(૨) ઉક્ત મહિલા પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) દાહોદ જિલ્લામાં દાહોદ ખાતે એક મહિલા પોલીસ સ્ટેશન આવેલ છે, જેના મહેકમની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| મહિલા પો. ઈન્સ. | ૧ | ૧ |
| મહિલા પો. સબ ઈન્સ. | ૨ | ૨ |
| મહિલા એ.એસ.આઈ. | ૬ | ૫ |
| મહિલા હે.કો. | ૧૦ | ૮ |
| મહિલા પો.કો. | ૩૦ | ૨૨ |
| ડ્રા.પો.કો. | ૧ | ૦ |

(૩) આ સંવર્ગવાર મહેકમ ક્યારે મંજૂર થયેલ છે અને વસ્તીના ધોરણે મહેકમ વધારવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) આ મહિલા પોલીસ સ્ટેશનનું મહેકમ ગૃહ વિભાગના તા.૪–૮–૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃમહક/૧૦૧૦/૩૨/સ અન્વયે મંજુર થયેલ છે પોલીસ સ્ટેશનનું મહેકમ, જે તે વિસ્તાર, વિસ્તારની વસ્તી, ગુનાના પ્રકાર અને પ્રમાણ વગેરે ધ્યાને લઈ જરૂરીયાત મુજબ મંજુર કરવામાં આવતું હોય છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં લૂંટના બનાવો**

૯૮૩૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧મી મે, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લૂંટના કિસ્સાઓ તાલુકાવાર નોંધાયા છે,

(૧)

| તાલુકાનું નામ | બે વર્ષના લૂંટના કિસ્સા |
|---|---|
| પાલનપુર | ૧૯ |
| વડગામ | ૦૯ |
| દાંતા | ૦૭ |
| ડીસા | ૧૨ |
| અમીરગઢ | ૦૩ |
| લાખણી | ૦૬ |
| દાંતીવાડા | ૦૨ |
| ધાનેરા | ૦૭ |
| થરાદ | ૧૨ |
| વાવ | ૦૮ |
| સુઈગામ | ૧૦ |
| દિયોદર | ૦૯ |
| ભાભર | ૦૪ |
| કાંકરેજ | ૧૧ |

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં લૂંટનો માલ પરત

(૨) ૮૮ કિસ્સામાં લૂંટનો માલ પરત મેળવાયેલ છે.

મેળવવામાં આવ્યો અને આરોપીઓને પકડવામાં આવ્યા, અને

૯૯ કિસ્સામાં આરોપીઓને પકડવામાં આવ્યા.

(૩) કેટલા કિસ્સામાં આરોપીઓને પકડવાના બાકી છે, અને તેના કારણો શાં છે ?

(૩) ૨૦ કિસ્સામાં આરોપીઓને પકડવાના બાકી છે. જેના કારણોમાં ૧૯ કિસ્સાઓ વણશોધાયેલા દાખલ થયેલ છે જ્યારે ૧ કિસ્સામાં હાઈકોર્ટ મેટર ચાલતી હોઈ પકડેલ નથી.

---------

**શહેરા તાલુકામાં પાનમ અને વણાકબોરી જુથ પાણી પુરવઠા યોજના**

૯૭૦૩ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ પાનમ અને વણાકબોરી જુથ પાણી પુરવઠા યોજનાઓ કેટલા ખર્ચે અને ક્યારથી કાર્યરત છે,

(૨) તે પૈકી આવરી લીધેલ ગામોના કયા કયા પેટા ફળિયાને પાણી મળે છે, અને

(૩) પીવાના પાણીથી વંચિત પેટા ફળિયાને ક્યારે પાણી આપવા માંગો છો ?

**જવાબ**

(૧) પાનમ જુથ પાણી પુરવઠા યોજના રૂા. ૨૫૨૭.૯૦ લાખના ખર્ચે માહે ૧૨/૨૦૦૭ થી અને વણાંકબોરી જુથ પાણી પુરવઠા યોજના રૂા. ૨૩૬૭.૩૨ લાખના ખર્ચે માહે ૬/૨૦૦૧ થી કાર્યરત છે.

(૨)
- પરિશિષ્ટ–૧ મુજબ પાનમ જુથ પાણી પુરવઠા યોજના દ્વારા ૫૫ પેટા ફળીયાને પાણી મળે છે, અને
- પરિશિષ્ટ–૨ મુજબ વણાંકબોરી જુથ પાણી પુરવઠા યોજના દ્વારા ૪૩ પેટા ફળીયાઓને પાણી મળે છે,

(૩)
- પાનમ જુથ પાણી પુરવઠા યોજનાના પીવાના પાણીથી વંચિત ૭ પેટા ફળીયાઓને માહે ૧૨/૨૦૧૪ સુધીમાં પાણી પુરવઠો આપવાનું આયોજન છે. અને
- વણાંકબોરી જુથ પાણી પુરવઠા યોજનાના પીવાના પાણીથી વંચિત ૨૬ પેટા ફળીયાઓને માહે ૦૩/૨૦૧૫ સુધીમાં પાણી પુરવઠો આપવાનું આયોજન છે.

**પરિશિષ્ટ–૧**

**પાનમ જુથ પા.પુ.યોજના હેઠળ શહેરા તાલુકાના પાણી મેળવતા ગામ/પેટા ફળીયાઓની યાદી**

| અનું. | ગામનું નામ | અનું. | પેટા ફળીયાનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ગમનબારીયાના | | ગામતળ |
| | મુવાડા | ૧ | ખાંટ ફ. |
| ૨ | બોરીયાવી | | ગામતળ |
| | | ૨ | સરપંચ ફ. |
| | | ૩ | મોગલના મુંવાડા |
| | | ૪ | ચોરા ફ. |
| | | ૫ | ગોગલી ફ. |
| | | ૬ | ચમારવાસ |
| ૩ | સાજીવાવ | | સાજીવાવ ગામતળ |
| | | ૭ | સાજીવાવ મહેલાણ |
| | | ૮ | છાયણના મુ. |
| ૪ | સદનપુર | | ગામતળ |
| | | ૯ | અંબા તાલી ફ. |
| | | ૧૦ | જોજા ફ. |

| | | | |
|---|---|---|---|
| | | ૧૧ | પતંગડી ફ. |
| ૫ | ભદ્રાલા | | ગામતળ |
| | | ૧૨ | ડુગરી ફ. |
| ૬ | ભેસાલ | | ગામતળ |
| | | ૧૩ | ટેકરા ફ. |
| ૭ | સુરેલી | | ગામતળ |
| | | ૧૪ | સુરેલી નવી વસાતહત |
| **અનું.** | **ગામનું નામ** | **અનું.** | **પેટા ફળીયાનું નામ** |
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૮ | મંગલપુર | | ગામતળ |
| | | ૧૫ | પટેલ ફ. |
| ૯ | ચોપડાખુર્દ | | ગામતળ |
| ૧૦ | ધામણોદ | | ગામતળ |
| ૧૧ | વિજાપુર | | ગામતળ |
| | | ૧૬ | લુહાર ફ. |
| | | ૧૭ | ગુડાલ ફ. |
| ૧૨ | જોજ | | ગામતળ |
| | | ૧૮ | હોળી ફ. |
| | | ૧૯ | રાબડીયા ફ. |
| | | ૨૦ | બસ સ્ટેન્ડ ફ. |
| ૧૩ | ધમાઈ | | ગામતળ |
| | | ૨૧ | ધમાઈ પટેલ ફ. |
| | | ૨૨ | ભાઠા ફ. |
| | | ૨૩ | દાંતી ફ. |
| ૧૪ | વાઘજીપુર | | ગામતળ |
| | | ૨૪ | ડુમેલાવ નવી વસાહત |
| | | ૨૫ | ખોખરી ફ. |
| | | ૨૬ | આમલી ફ. |
| ૧૫ | શેખપુર | | ગામતળ |
| | | ૨૭ | જોજપુર |
| | | ૨૮ | નાયક ફ. |
| ૧૬ | દલવાડા | | દલવાડા ગામતળ |
| ૧૭ | લાંભી | | લાભીં ગામતળ |
| | | ૨૯ | ધોડા ફ. |
| ૧૮ | ડોકવા | | ગામતળ |
| ૧૯ | ધારોલા | | ગામતળ |
| ૨૦ | નવાગામ | | પ્રા.શાળા ફ. |
| ૨૧ | નાડા | | ગામતળ |
| | | ૩૦ | માજી સરપંચ ફ. |
| | | ૩૧ | નાયક ફ. |
| | | ૩૨ | આમલી ફ. |
| | | ૩૩ | તળાવ ફ. |
| | | ૩૪ | મુવાડા ફ. |
| ૨૨ | પસનાલ | | ગામતળ |
| ૨૩ | ખાડીયા | | ખાડીયા ગામતળ |
| | | ૩૫ | નવી વસાહત નાંદરવા |
| | | ૩૬ | નવી વસાહત મીરાપુર |
| | | ૩૭ | નવી વસાહત આમલીયા વાવી |
| ૨૪ | ભોટવા | | ગામતળ |
| ૨૫ | સગરાડા | | ગામતળ |
| | | ૩૮ | ભુણીદ્રા નવી વસાહત |
| | | ૩૯ | ભુવાઈ ફ. |
| ૨૬ | ખટકપુર | | ખટકપુર ગામતળ |
| | | ૪૦ | પતંગડી નવી વસાહત |

| | | | |
|---|---|---|---|
| | | ૪૧ | વકતાખાંટના ફ. |
| | | ૪૨ | વડલા ફ. |
| ૨૭ | ગાંગડીયા | | ગામતળ |
| ૨૮ | મીરાપુર | | ગામતળ |
| ૨૯ | નાંદરવા | | નાંદરવા ગામતળ |
| | | ૪૩ | બાબર પથરાના મુ. |
| | | ૪૪ | ડાંગરીયા ફ. |
| | | ૪૫ | સામીદશ ફ. |
| | | ૪૬ | મઘર ફ. |
| ૩૦ | ખોજલવાસા | | ગામતળ |
| | | ૪૭ | ભકિત ફ. |
| ૩૧ | ઘાંઘલપુર | | ગામતળ |
| ૩૨ | હાંસાપુર | | ગામતળ |
| | | ૪૮ | વણકરવાસ |
| ૩૩ | હાસેલાવ | | ગામતળ |
| ૩૪ | છોગાળા | | ગામતળ (પગી ફ.) |
| ૩૫ | ભુણીન્દાર | | ગામતળ |
| ૩૬ | સરાડીયા | | ગામતળ |
| ૩૭ | માતરીયા વ્યાસ | | ગામતળ |
| ૩૮ | પાદરડી | | ગામતળ |
| | | ૪૯ | ચોપડી ફ. |
| | | ૫૦ | નાયક ફ. |
| | | ૫૧ | ખજુરી ફ. |
| ૩૯ | ચલાલી | | ગામતળ |
| ૪૦ | મંગલીયાણા | | ગામતળ |
| | | ૫૨ | ગોપી ફ. |
| | | ૫૩ | તાડી ફ. |
| ૪૧ | મીઠાલી | | ગામતળ |
| | | ૫૪ | નવી વસાહત |
| ૪૨ | ડુમેલાવ | | ગામતળ |
| | | ૫૫ | માલીવાડ ફ. |
| **કુલ** | **૪૨ ગામ** | | **૫૫ ફળીયા** |

## પરિશિષ્ટ–૨
## વણાકબોરી જુથ પા.પુ.યોજના હેઠળ શહેરા તાલુકાના પાણી મેળવતા ગામ/પેટા ફળીયાઓની યાદી

| **અનું.** | **ગામનું નામ** | **અનું.** | **પેટા ફળીયાનું નામ** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | તરસંગ | | ગામતળ |
| | | ૧ | ચિત્રીપુર |
| | | ૨ | કમલપુરા ફ. |
| ૨ | ખરોલી | | ગામતળ |
| ૩ | સાદરા | | ગામતળ |
| | | ૩ | કડવાના મુ. |
| | | ૪ | પીપલીયા ફ. |
| | | ૫ | માલના મુ. |
| ૪ | બોરડી | | ગામતળ |
| | | ૬ | પગી ફ. |
| | | ૭ | બાકરીયા ફ. |
| ૫ | ધારાપુર | | ગામતળ |
| | | ૮ | માલના મુ. |
| | | ૯ | સરતાના મુ. |

| | | | |
|---|---|---|---|
| | | ૧૧ | ચમાર ફ. |
| ૬ | પોયડા | | ગામતળ |
| ૭ | વાડી | | ગામતળ |
| | | ૧૨ | નવી વાડી |
| | | ૧૩ | રામપુરા ફ. |
| | | ૧૪ | મેનપુરા ફ. |
| | | ૧૫ | દડીયા ફ. |
| ૮ | ભુરખલ | | ગામતળ |
| ૯ | રેણા | | ગામતળ |
| | | ૧૬ | જુના રેણા નંબરવાળુ |
| | | ૧૭ | જુના રેણા દલજીની મુ. |
| | | ૧૮ | નવા રેણા |
| ૧૦ | ધાયકા | | ગામતળ |
| ૧૧ | છાણીપ | | ગામતળ |
| | | ૧૯ | ઈસરોકંપા ફ. |
| ૧૨ | નરસાણા | | ગામતળ |
| | | ૨૦ | મહાદેવ ફ. |
| ૧૩ | લીંબોદ્રા | | ગામતળ |
| | | ૨૧ | બારીઆ ફ. |
| ૧૪ | ડેમલી | | ગામતળ |
| | | ૨૨ | ખાંડા ફ. |
| | | ૨૩ | નવી વસાહત |
| ૧૫ | અણિયાદ | | ગામતળ |
| | | ૨૪ | લાટ ફ. |
| | | ૨૫ | ખોડીયા ના. મુ. |
| | | ૨૬ | ભવાની ફ. |
| | | ૨૭ | લાલસેરી ફ. |
| | | ૨૮ | ગુવારીયા ફ. |
| ૧૬ | વલલવપુર | | જુના વલલવપુર |
| | | ૨૯ | નવાઘરા |
| | | ૩૦ | નવા વલ્લવપુર |
| ૧૭ | આંબાજટી | | ગામતળ |
| ૧૮ | નાથુજીના મુવાડા | | ગામતળ |
| ૧૯ | ઉજડા | | ગામતળ |
| | | ૩૧ | વકતાપુરા ફ. |
| ૨૦ | ભાટના મુવાડા | | ગામતળ |
| ૨૧ | બીલીથા | | ગામતળ |
| | | ૩૨ | નવા બીલીથા |
| | | ૩૩ | રામગઢી |
| ૨૨ | ગુણેલી | | ગામતળ |
| | | ૩૪ | ખાંટડીયા ફ. |
| | | ૩૫ | કવ્વાલી ફ. |
| ૨૩ | ગોકળપુરા | | ગામતળ |
| | | ૩૬ | બસ સ્ટેન્ડ ફ. |
| ૨૪ | મોરવા | | ગામતળ |
| | | ૩૭ | અદા બારીઆ મુ. |
| ૨૫ | ખરેડીયા | | ગામતળ |
| ૨૬ | પાલીખંડા | | ગામતળ |
| | | ૩૮ | પગી ફ. |
| ૨૭ | બોડીદ્રા ખુર્દ | | ગામતળ |
| ૨૮ | બામરોલી બુઝર્ગ | | ગામતળ |
| ૨૯ | બાહી | | ગામતળ |
| | | ૩૯ | માલના મુ. |
| | | ૪૦ | નવી વસાહત |

| | | | |
|---|---|---|---|
| | | ૪૧ | સામંતસિહના મુ. |
| | | ૪૨ | ખાંટના મુ. |
| ૩૦ | મીઠાપુર | | ગામતળ |
| | | ૪૩ | નાયક ફ. |
| ૩૧ | વાંટા વછોડા | | ગામતળ |
| **કુલ** | **૩૧ ગામ** | | **૪૩ ફળીયા** |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં ગણોતધારા તથા નવી શરતની જૂની શરતમાં ફેરવવાની પડતર અરજીઓ**

૯૫૧૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી મહેસૂલ** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ગણોતધારાની અને નવી શરત ની જુની શરતમાં ફેરવવા સંદર્ભની કેટલી અરજીઓ પડતર છે,

(૧)

આણંદ જિલ્લો

| તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| આણંદ (શ) | ૬ |
| આણંદ (ગ્રા) | ૪૪ |
| ઉમરેઠ | ૧૦ |
| આંકલાવ | ૧૬ |
| બોરસદ | ૨૨ |
| પેટલાદ | ૬ |
| સોજીત્રા | ૧૪ |
| ખંભાત | ૮ |
| તારાપુર | ૨૭ |
| **કુલ** | **૧૫૩** |

ખેડા જિલ્લો

| તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| નડીયાદ (શ) | ૧૧ |
| નડીયાદ (ગ્રા) | ૩૨ |
| વસો | ૦ |
| માતર | ૪ |
| ખેડા | ૨૮ |
| મહેમદાવાદ | ૫૪ |
| મહુધા | ૫ |
| કઠલાલ | ૪ |
| કપડવંજ | ૧૧ |
| ઠાસરા | **૪** |
| ગળતેશ્વર | **૦** |

(૨) સદર અરજીઓ પૈકી ૧ માસ, ૨ માસ, ૩ માસ, ૬ માસ અને ૧ વર્ષ કરતા વધારે સમયથી પડતર અરજીઓ કેટલી છે,

(૨) પડતર અરજીની વિગત નીચે મુજબ

| જિલ્લો | ૧-માસ થી વધારે સમયથી | ૨-માસ થી વધારે સમયથી | ૩-માસ થી વધારે સમયથી | ૬-માસ થી વધારે સમયથી | એક વર્ષથી વધારે સમયથી |
|---|---|---|---|---|---|
| આણંદ | ૬૬ | ૩૧ | ૩૦ | ૨૫ | ૧ |
| ખેડા | ૧૭ | ૫૭ | ૩૩ | ૨૦ | ૨૬ |

(૩) નિકાલ માં વિલંબના શાં કારણો છે, અને

(૩) વહીવટી તેમજ કેટલાક કિસ્સામાં જરૂરી માહિતી/પુર્તતા બાકી હોવાથી.

(૪) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ

---------

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સમય ન વેડફવા અંગે

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ઊભી થયેલી બાબતમાં આપશ્રી અમારા રક્ષક છો અને આપશ્રી પાસેથી રક્ષણ માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપે અને ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓએ વારંવાર કહ્યું છે, અને સભ્યશ્રીઓથી આમતેમ થાય એ તો સમજી શકાય પણ સિનિયર મંત્રીશ્રી, મારા માનનીય સભ્યશ્રીનો પોઇન્ટેડ કવેશ્ચન હતો, આવેલી રકમ દર્શાવી છે, ત્રણે રાજયો પાસે બાકી રકમ કેટલી છે એનો જવાબ નહોતો આપવો એટલે અભિનંદન, પાટલી થપથપાવાની અને એક વગાડવાનો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય ભૂપેન્દ્રસિંહ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે અને હું રૂલિંગ આપું છું, તમે બેસો. ભાઇ, આમાં લખીને જવાબ આપ્યો છે. તમારી માહિતીની જરૂર નથી.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, લખેલો નથી. લખેલો જવાબ છે એ આવેલી રકમનો છે. સભ્યશ્રીનો પ્રશ્ન બાકી રકમનો હતો. આપ જોઇ લો. મેં જવાબ જોયો છે. જે રકમ આવી એનો રાજયવાર જવાબ છે. હું માનું છું કે એ છે અને અમે સ્વીકારીએ છીએ. મારા માનનીય સભ્યશ્રીનો સવાલ એટલો જ હતો કે, આવેલી રકમ આપે વર્ષવાર બતાવી છે અને ટોટલ રકમ કેટલી બાકી એનો ફીગર આપ્યો છે. ત્રણે રાજયો પાસે (અંતરાય) બાકી રકમ..

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે, જવાબ નથી દેવાનો તમારે. આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જ મુદ્દાને એમણે સમર્થન આપ્યું, મારો સવાલ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં એટલો જ છે કે, માનનીય અધ્યક્ષશ્રીનું માન મંત્રીશ્રીઓએ તો કમસેકમ જાળવવું જોઇએ. આપશ્રી વારંવાર બેસો, બેસો કહો છતાં બેસે નહીં. પોઇન્ટેડ સવાલ હતો અને આપે પણ કહ્યું અને જે જવાબ બતાવ્યો હતો એ ત્રણે રાજયોમાંથી આવેલી રકમનો છે. માનનીય જસુભાઇનો સવાલ આવેલી રકમનો ન હતો પણ બાકી કેટલી રકમ ત્રણેય રાજયોની રહે છે એ જવાબ નહીં આપવાના બદલે એક વગાડવા માટે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી આટલી જ વાત છે કે, એક તો માનનીય અધ્યક્ષશ્રી કહે અને માનનીય મંત્રીશ્રીઓએ ગંભીરતાથી પાળવું જોઇએ અને પ્રશ્નોત્તરીના સમયમાં અભિનંદનોને બીજા મંત્રીશ્રીઓ દ્વારા અમારો પ્રશ્નોત્તરીનો સમય ન વેડફાય આટલો જ મારો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : આમાં કોઇ સવાલ જ નથી. આમાં કોઇ વિશેષ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી છતાં પણ માનનીય ભૂપેન્દ્રસિંહને કહું છું કે, તમારી પાસે જે માહિતી હોય કે, કેટલા પૈસા કયા રાજય પાસે બાકી છે એ તમે ટેબલ ઉપર મૂકજો. (અંતરાય) આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો જ નથી, પણ સભ્યશ્રીને માહિતી જાણવા માટે કહું છું.(અંતરાય) સમય પૂરો થઇ ગયો છે, માનનીય ભૂપેન્દ્રસિંહ સવાલ જ નથી રહેતો, નેકસ્ટ.

## શોકદર્શક ઉલ્લેખ

પૂર્વ મંત્રી સ્વ. શ્રી હરગોવિંદ દેવશંકર ઉપાધ્યાયના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી હરગોવિંદ દેવશંકર ઉપાધ્યાયનું તારીખ ૨૪મી માર્ચ, ૨૦૧૪ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ઉપાધ્યાયનો જન્મ તારીખ ૨૦મી ઓક્ટોબર, ૧૯૩૫ના રોજ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના દલેલપુરા ખાતે થયો હતો. તેઓશ્રીએ એમ. એ., બી.એડ . સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતી તેમજ સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ઉપાધ્યાયએ સાતમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં લુણાવાડા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને પ્રજાહિતના કાર્યો કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી ઉપાધ્યાયે તા. ૨૩-૧૧-૧૯૯૬ થી તા. ૨૭-૧૦-૧૯૯૭ દરમ્યાન ગુજરાત સરકારમાં નાણા, પાણી પુરવઠો અને નશાબંધી જેવા વિભાગોના રાજયકક્ષાના મંત્રી તરીકે સુંદર સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૧લી જુલાઇ, ૨૦૧૪
શોકદર્શક ઉલ્લેખ

પૂર્વ મંત્રીશ્રી જીતેન્દ્રકુમાર ચીનુભાઇ શાહના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત રાજયના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી જીતેન્દ્રકુમાર ચીનુભાઇ શાહનું તારીખ ૧૧ મી એપ્રિલ, ૨૦૧૪ ના રોજ ૫૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી શાહનો જન્મ તારીખ ૨ જી ઓકટોબર, ૧૯૫૪ ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વેપારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી શાહે સાતમી ગુજરાત વિધાનસભામાં શાહપુર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને લોકહિતનાં કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી શાહે તા. ૧૦-૧૨-૧૯૮૯ થી તા. ૩-૩-૧૯૯૦ સુધી ગુજરાત સરકારમાં ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને રમતગમત જેવા વિભાગોના રાજ્યકક્ષાના મંત્રી તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ નાયબ મંત્રી શ્રીમતી જયાબેન વજુભાઇ શાહના અવસાન અંગે

શ્રીમતીઆનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયનાં પૂર્વ નાયબ મંત્રી શ્રીમતી જયાબેન વજુભાઇ શાહનું તારીખ ૧૪ મી એપ્રિલ, ૨૦૧૪ ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રીમતી જયાબેન શાહનો જન્મ ૧ લી ઓકટોબર, ૧૯૨૨ ના રોજ ભાવનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થ શ્રીમતી શાહે સન ૧૯૪૮ થી ૧૯૫૨ સુધી સૌરાષ્ટ્ર બંધારણ સભાના સભ્ય તરીકે અને ત્યારબાદ સન ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય તરીકે રહી ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયના પૂર્વ નાયબ શિક્ષણ મંત્રી તરીકે સન ૧૯૫૫-૫૬ માં પ્રશંસનીય કામગીરી કરી હતી. તેઓશ્રીએ સન ૧૯૫૬-૫૭ માં દ્વિભાષી મુંબઇ વિધાનસભાના સભ્ય તરીકે પણ સેવાઓ આપી હતી. આ ઉપરાંત બીજી, ત્રીજી અને ચોથી લોકસભામાં અમરેલી, કાડિનાર અને પોરબંદરને સાંકળતા સંસદીય મત વિસ્તારનું પ્રતિનિધિત્વ પણ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ ખાદી, હિન્દી પ્રચાર, નશાબંધી અને નિસર્ગોપચાર જેવા રચનાત્મક કામો સાથે જોડાયેલાં એક ઉત્તમ સમાજ સેવિકા ગુમાવ્યાં છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ત્રણ સ્વર્ગસ્થ મહાનુભાવોને પોતાનો દિલસોજીનો સંદેશો પાઠવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વર્ગસ્થ શ્રી હરગોવિંદ ઉપાધ્યાય એ લુણાવાડાના ધારાસભ્ય હતા. એ વખતનો પંચમહાલ જિલ્લો અને અત્યારનો મહિસાગર જિલ્લો એમાં પછાત કહી શકાય એવા ગ્રામ્ય વિસ્તારમાંથી પોતાના સ્વબળે, જાતે થઇને, કોઇની આંગળી પકડયા સિવાય બે વખત ધારાસભ્ય બન્યા અને મારી વખતે મંત્રીમંડળના સભ્ય પણ હતા અને એ વિસ્તારમાં લોકપ્રિય કહી શકાય એવા હરતા ફરતા કાર્યાલય સાથે લોકોની વચ્ચે રહેવાવાળો માણસ એ નાદુરસ્ત તબિયતના લીધે તેમના પોતાના વતનમાં ગામડામાં તેમનું અવસાન થયું હતું. એ પહેલાં હું તેમની ખબર કાઢવા ગયો ત્યારે તબિયત બરાબર નહોતી, પરંતુ સારું કાર્ય કરતા એવા હરગોવિંદભાઇની આજે ફકત લુણાવાડા જ નહીં, પરંતુ આખાય મહીસાગર જિલ્લાને એમની ખોટ પડે એ બહુ સ્વાભાવિક છે. એમના કુટુંબીજનોને શાંતિ મળે તેવો આપણે દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સ્વર્ગસ્થ શ્રી જીતુભાઇ શાહ એ બહુ જ નાની ઉંમરે રાજયના ગૃહ મંત્રીશ્રી બન્યા હતા. શાહપુર જેવા શહેરી વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને સારી એવી યુવા પ્રવૃત્તિઓ સાથે રસપૂર્વક જે તે વખતે ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે રાજયની તેમણે સેવા કરી હતી. એ પણ એમની નાદુરસ્ત તબિયતના કારણે બહુ જ નાની ઉંમરે અવસાન થતાં આજે આપણી વચ્ચે રહ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સ્વર્ગસ્થ શ્રીમતી જયાબેન શાહ અને શ્રી વજુભાઇ શાહની વાત કરું તો બહુ ઓછા લોકો સપરિવાર જાહેર જીવનમાં હોય. એમાંના શ્રી વજુભાઇ શાહ એ ગાંધીવાદી હતા અને સ્વર્ગસ્થ શ્રીમતી જયાબેન શાહ એ પણ ગાંધીવાદી હતાં અને એમણે એ વખતે એમ.એ.સુધીનું શિક્ષણ પ્રાપત કરવું એ બહેનો માટે બહુ દુર્લભ કહી શકાય એવું શિક્ષણ તેમણે મેળવ્યું હતું અને એ વખતે સૌરાષ્ટ્રની બંધારણ સભામાં પણ સભ્ય તરીકે રહયાં હતાં. દ્વિભાષી મૂંબઇ ગુજરાત રાજયમાં અને લોકસભામાં સભ્ય તરીકે રહયાં હતાં. જીવતાં જાગતાં ખાદી માટે, હિન્દી ભાષા માટે, સારા શરીર સૌષ્ઠવ માટે બહુ સામાન્ય કહી શકાય એવા પરિવારમાંથી આવેલ એવા સ્વર્ગસ્થ જયાબેન આજે આપણી વચ્ચે રહયાં નથી. વજુભાઇ શાહ પણ ગાંધીવાદી હતા, જયાબેન પણ ગાંધીવાદી હતાં અને આવા પરિવાર જેમને સાદગી અને ગાંધી જીવન કોને કહેવાય એ તેમના જીવતાં બધાને એક દાખલો પૂરો પાડી શકાય એવા સાદાં સીધાં એ હતાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણેય મહાનુભાવો આજે આપણી વચ્ચે રહયા નથી, એમના આત્માને શાશ્વત શાંતિ મળે અને એમના કુટુંબીજનોને મારા તરફથી, વિરોધ પક્ષ તરફથી આપણા હાઉસ તરફથી દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી ૩ સદ્દગત આત્માઓ અને આ રાજયના પૂર્વ મંત્રીશ્રીઓ, સ્વર્ગસ્થ હરગોવિંદભાઇ ઉપાધ્યાય, સ્વર્ગસ્થ જીતેન્દ્ર શાહ અને સ્વર્ગસ્થ શ્રીમતી જયાબહેન શાહ માટેનો જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે એને મારું અનુમોદન આપું છું. સ્વર્ગસ્થ જીતુભાઇ શાહ અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે નાની ઉમરમાં પ્રતિનિધિત્વ કરતા હતા અને રાજયના હોમ મિનિસ્ટર તરીકે તેમણે કામગીરી કરી હતી. ખાસ કરીને એમના યુવાન કાળથી જ કોલેજમાં પણ તેમણે નેતૃત્વ પુરું પડયું હતું. કોંગ્રેસ પાર્ટીમાં પણ એન.એસ.યુ.આઇ. કાળથી તેઓ ખૂબ સક્રીય રીતે અને તત્પરતાથી ભાગ લેતા હતા. તેઓ રાજકીય પ્રવૃતિઓની સાથે સાથે સામાજિક પ્રવૃતિઓને પણ અચૂક રીતે જોડતા રહેતા હતા. તેઓ અમદાવાદ શહેરના એવા વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરતા હતા કે જેના લીધે તે વિસ્તારના ગરીબ બાળકોની શૈક્ષણિક પ્રવૃતિઓની બાબતમાં પણ હરહંમેશ પ્રયત્નશીલ રહેતા અને નોટો, ચોપડીઓના વિતરણ કાર્યક્રમો હોય, ગણવેશ વિતરણનો કાર્યક્રમ હોય કે ગરીબ વિદ્યાર્થીઓ કે જેઓ ફી ન ભરી શકે તેવી સ્થિતિમાં હોય તેવા તમામને એ વિસ્તારમાં જીતુભાઇ મદદ કરતા હતા, ગરીબ વિધવાઓ માટે પણ હંમેશ પ્રવૃતિશીલ રહી અને એમને અનાજની મદદ મળે, એમને પ્રવૃતિ મળે, કામકાજ મળી શકે તે માટે જીતુભાઇ ઉંડાણપૂર્વક પ્રયત્નો કરતા હતા. તેઓ કો ઓપરેટીવ બેંક ચલાવતા હતા અને ચેરમેન તરીકે પણ કામગીરી કરેલી છે. કોંગ્રેસ પાર્ટીમાં પ્રદેશ મહામંત્રી તરીકે અને એ.આઇ.સી. ના સભ્ય તરીકે ખૂબ સારી કામગીરી બજાવી હતી. આ તબકકે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે ત્રણે મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પી છે તેને હું પણ શ્રદ્ધાંજલિ આપીને મારું અનુમોદન આપું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે અને હમણાં જ વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારું અનુમોદન આપું છું.

સ્વર્ગસ્થ હરગોવિંદભાઇ ઉપાધ્યાય લુણાવાડા તાલુકાના અને હાલના ખાનપુર તાલુકાના દલેલપુરા ગામના વતની હતા. તેઓશ્રીએ પ્રાઇમરી શિક્ષણ દલેલપુરાથી ૪ કિલોમીટર દૂર ડાકોર પ્રાથમિકશાળામાં લીધું હતું અને લુણાવાડાની એસ.કે. હાઇસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી અને પ્રાઇમરી શિક્ષક તરીકે નોકરી ચાલુ કરી હતી. ચાલુ સર્વિસમાં જ તેમણે બી.એ., એમ.એ. અને બી.એડ નો અભ્યાસ કર્યો હતો. તેની સાથે વિસ્તરણ અધિકારી તરીકે અને છેલ્લે એ.ડી.આઇ. તરીકે કામગીરી કરી હતી. હું જયારે તાલુકા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે લુણાવાડા તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી તરીકે શિક્ષણમાં એમણે

કામગીરી કરી હતી. તેમને સ્વેચ્છાએ રાજીનામું અપાવી અને અમે કાર્યકરોએ એમને વિધાનસભાની ચૂંટણીમાં ઉભા રાખેલા. ૧૯૮૫માં તેઓ પહેલી વખત ચૂંટાયા, ત્યારપછી ૯મી વિધાનસભામાં ચૂંટાયા અને રાજયના રાજય કક્ષાના મંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી. મારો એમની સાથેનો પારિવારીક સંબંધ હતો, તેઓની બિમારી દરમિયાન હું જયારે તેમને મળવા ગયો ત્યારે છેલ્લે વ્યકિત જીવન મરણની વચ્ચે ઝોલા ખાતા હોય અને છતાં પણ તાલુકા અને જિલ્લાના કામની બાબતોની ખેવના એમની જે હતી તે ખરેખર ખૂબ પ્રશંસનીય હતી. મૃત્યુ આવવાનું છે એમ સ્વીકારીને જ ચાલતા હતા હવે મૃત્યુ નજીક છે છતાં બિલકુલ સ્વસ્થ અને શાંત હતા. હવે બિલકુલ ઉગરી શકાય તેમ નથી તેમ છતાં તેઓમાં ગરીબો માટે કામ કરવાની ખૂબ તમન્ના હતી. ૧૯૮૭માં દુષ્કાળ હતો એ દરમિયાન એમણે ખૂબ સારી કામગીરી કરી હતી. એના કારણે એક ધારાસભ્ય તરીકે એમને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મુખ્યમંત્રીશ્રીએ એવોર્ડ પણ આપેલ હતો, આવા એક વ્યકિતને જિલ્લા અને તાલુકાએ ગુમાવ્યા છે એનું અમને ખૂબ જ દુઃખ છે.

સાથે સાથે સ્વ. જીતુભાઇ શાહ તથા સ્વ. જયાબેને પણ એમના સમય દરમિયાન આ રાજયને ઉત્તમ સેવાઓ આપી છે એટલે આ ત્રણેય મહાનુભાવોના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તથા એમના કુટુંબીજનો ઉપર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તથા આપશ્રી મારફત એમના કટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપેલ છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ. હરગોવિંદભાઇ ઉપાધ્યાય પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના દલેલપુરા ગામના વતની હતા. તેઓ મારા મત વિસ્તારના પડોશી હતા. સ્વ. હરગોવિંદભાઇ જાગૃત વ્યકિત હતા, તેઓએ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ એ.ડી.આઇ. તરીકે કામગીરી કરી હતી. લુણાવાડા તાલુકા પંચાયતમાં વિસ્તરણ અધિકારી તરીકે પણ ફરજ બજાવી હતી. તેઓ જાહેર જીવનમાં જોડાયા અને બે વખત લુણાવાડા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને લોકોની ખૂબ જ સેવા કરી છે. મારા મત વિસ્તારમાં તેઓના સગા સબંધીઓ ખૂબ જ એટલે અવારનવાર અમારે મળવાનું થતું હતું. તેઓ પંચમહાલ જિલ્લાના એક જાગૃત આગેવાન હતા. પાણી પુરવઠા અને નશાબંધી મંત્રી તરીકે પણ તેઓએ ખૂબ સેવાઓ આપી હતી. રાજયમાં પીવાના પાણી માટે અનેક જૂથ પાણી પુરવઠા યોજનાઓ બનાવી હતી. મારા વિસ્તારમાં આજે પણ આવી એક યોજના હયાત છે. નમનાર–ખેરોલી જૂથ પાણી પુરવઠા યોજના બનાવી હતી એનો લાભ આજે પણ લોકો લઇ રહ્યા છે. તેઓ સારા ખેડૂત પણ હતા. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે એટલા માટે તેઓએ સારી શૈક્ષણિક સંસ્થાઓની પણ સ્થાપના કરી હતી. એમના જવાથી પંચમહાલ જિલ્લાને તથા રાજયને એક સારા આગેવાનની ખૂબ મોટી ખોટ પડી છે.

સ્વ. જીતુભાઇ શાહ આ રાજયના ગૃહમંત્રી તરીકે પણ રહ્યા હતા. એમની સાથે કામ કરવાનો મોકો નથી મળ્યો પરંતુ આ ગૃહમાં મંત્રી હતા એટલો મને ખ્યાલ છે.

સ્વ. જયાબેન શાહ એ પણ શિક્ષણ વિભાગનો હવાલો સંભાળતા હતા. તેઓએ શિક્ષણ ક્ષેત્રે સારી સેવાઓ આપી હતી. આ ત્રણેય મહાનુભાવોના જવાથી રાજયને ભારે મોટી ખોટ પડી છે, પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત અર્પે તથા આ દિલસોજીનો સંદેશો આપશ્રી મારફત એમના કુટુંબીજનોને પાઠવવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી ત્રણ મહાનુભાવો માટે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે અને જેમાં માનનીય વિરોધપક્ષના નેતા તથા માનનીય સભ્યશ્રી હિરાભાઇ પટેલ તથા માનનીય સભ્યશ્રી માનસિંહભાઇ ચૌહાણે પોતાનો સૂર પૂરાવ્યો છે, એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ. જીતુભાઇ શાહ તથા સ્વ. હરગોવિંદભાઇ ઉપાધ્યાય સાતમી વિધાનસભામાં ચૂંટાઇને આવ્યા હતા ત્યારે મને પણ એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. એ બંનેને મેં કામ કરતા જોયા છે.

સ્વ. જયાબેન તથા વજુભાઇ એ બંને સજોડે કામ કરવા માટે નીકળતા. મહાત્મા ગાંધીજીના સાચા અનુયાયી સ્વ. જયાબેન અને વજુભાઇ હતા. અમે તેમને બપોરના સમયે રાષ્ટ્રીય શાળામાં મળવા જઇએ તો જયાબહેન શેત્રંજી ઉપર સૂતા હોય, વજુભાઇ બિમાર હતા એટલે પાટ ઉપર સૂતા હોય, પણ આ માણસો કાયમ માટે સક્રિય કામ કરવાવાળા. રાજકોટમાં બહેરામૂંગા શાળા હોય કે અંધ આશ્રમ હોય, આ તમામ શરૂ કરવાથી માંડીને તેની દેખભાળ અને નિભાવ કેમ કરવો, તેના માટે જો કોઇ ચિંતા કરતા હોય તો આ જયાબહેન કરતા હતા અને પૂજ્ય મહાત્મા ગાંધીજીએ હિંદુસ્તાનમાં અનેક જગ્યાએ રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી તેમાંની રાજકોટમાં પણ આ જે રાષ્ટ્રીય શાળા હતી તેનું મોટા ભાગનું સંચાલન આ વજુભાઇ અને જયાબેન કરતા હતા. આવા દિવંગત આત્માઓને પરમ કૃપાળુ પરમાત્મા મોક્ષગતિ પ્રદાન કરે એટલા માટે થઇને આપણે આપણાં સ્થાન ઉપર ઉભા રહી અને બે મિનિટ મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

અધ્યક્ષશ્રી : ઓમ્ શાંતિ..શાંતિ. દિલસોજીનો આ સંદેશો તેમના પરિવારને મોકલી આપવામાં આવશે. નેક્સ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામુ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ લોકો માટે વીજળી ઉત્પન્ન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોમાંના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા. ૭–૩–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ–૨૦૧૪–(૩૩)જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટફાઇલ) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામુ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

### અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવા

**સચિવશ્રીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૩મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ સન–૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૩ અને ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા સન–૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧, ૨, ૩ અને ૪, જેને નામદાર રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### અધ્યક્ષશ્રીની જાહેરાત
### સભ્યશ્રીઓના રાજીનામા અંગે

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નીચેના સભ્યશ્રીઓએ સભાગૃહના સભ્યપદેથી નીચેની વિગતે રાજીનામાં મને આપેલ છે, જેનો મેં સ્વીકાર કરેલ છે.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | મત વિસ્તાર ક્રમાંક | મત વિસ્તાર | રાજીનામા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી નરેન્દ્ર મોદી | ૫૩ | મણીનગર | તા . ૨૧–૫–૧૪.બપોર પછીથી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | શ્રી લીલાધરભાઇ વાઘેલા | ૧૩ | ડીસા | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૩ | શ્રી મોહનભાઇ કુંડારીયા | ૬૬ | ટંકારા | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૪ | શ્રીમતી પૂનમબેન માડમ | ૮૧ | ખંભાળિયા | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૫ | શ્રી રાજેશભાઇ ચુડાસમા | ૮૯ | માંગરોળ | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૬ | ડો. ભારતીબેન શ્યાળ | ૧૦૦ | તળાજા | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૭ | શ્રી દિલીપભાઇ પટેલ | ૧૧૨ | આણંદ | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૮ | શ્રી દેવુસિંહ ચૌહાણ | ૧૧૫ | માતર | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |
| ૯ | શ્રી જશવંતસિંહ ભાભોર | ૧૩૧ | લીમખેડા(એસ.ટી) | તા. ૨૨-૫-૧૪. બપોર પછીથી |

## કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તાઃ૩૦મી જૂન, ૨૦૧૪ના રોજ સવારે૧૧-૦૦ વાગ્યે અધ્યક્ષના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

(૧) બુધવાર તાઃ૨/૭/૨૦૧૪ના રોજ નીચે દર્શાવ્યા મુજબના કુલ પાંચ સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવા માટે દિવસના કામકાજની યાદીમાં દર્શાવવા અને જે વિધેયકોની વિચારણા બાકી રહે તે વિધેયકો ગુરૂવાર, તાઃ ૩/૭/૨૦૧૪ના રોજ વિચારણા માટે હાથ

ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૪નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૪નું ગુજરાત કોર્ટ–ફી(સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૪નું ગુજરાત દીવાની કોર્ટ(સુધારા)વિધેયક.

(૪) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ(સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન(સુધારા) વિધેયક

(૨) શુક્રવાર, તાઃ૪/૭/૨૦૧૪ના રોજ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૪નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ(સુધારા) વિધેયક હાથ ધરવું અને દિવસના કામકાજની યાદીમાં દર્શાવવું, તથા તેની વિચારણા પૂરી કરવી.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ.**

**શ્રી ગણપતસિંહ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

પોઇન્ટ ઓફ ઓર્ડર

**વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવામાં થયેલ વિલંબ અંગે.**

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બહુ ગંભીર મુદ્દા ઉપર આપનું ધ્યાન દોરું છું કે આ વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત જે ૧૯૯૯થી ૨૦૦૩ અને ૨૦૧૪ સુધીના એટલે છેલ્લા ૧૪ વર્ષનો આખો ડેડલોક આમાં આ જાણી જોઇને જે હેડ નીચે જે ખર્ચ કરવું જોઇએ એ નથી કર્યુ, જેમ લોકાયુકતની નિયુકિત ડીલે થાય એમ સી.એ.જી. અને પી.એ.સી.માં યોગ્ય ખર્ચા ના આવે એના માટે ડિપાર્ટમેન્ટવાળા લોકોએ આ લોકોને સહકાર આપ્યો નથી એટલે આપણે તો ગુજરાત છે, વાણિયા કે કોર્પોરેટ હાઉસ એ દર વર્ષે પોતાનું એકાઉન્ટ રાખતા હોય છે. બાર–બાર મહિને જો હિસાબ પ્રાયવેટ વ્યકિતઓ કે પેઢીઓ પણ

મૂકતી હોય તો આખા ગુજરાતની પેઢી મોટી કહેવાય એવું આ ગુજરાતનું રાજય જો બાર–બાર, ચૌદ–ચૌદ પંદર વર્ષ સુધી જો પોતાના ખર્ચના પત્રકોની રજૂઆત ના કરી શકતું હોય તો આના માટે જવાબદાર કોણ છે? હું ત્રણેક વર્ષનું ડેડલોક સમજી શકુ છું. પરંતુ જો દસ–બાર–ચૌદ વર્ષ સુધીનું જો આપણે અત્યાર સુધી ૧૯૯૯થી ૨૦૦૩ સુધી જ છે અને આપના પાસેથી અપેક્ષા રાખી શકાય કે ત્રણેક વર્ષ સુધી કદાચ ગ્રાહ્ય રાખી શકાય બાકીના તાત્કાલિક આપના હુકમથી વહેલામાં વહેલા પી.એ.સી.ને અને સી.એ.જી.ને જે આંકડા મળવા જોઇએ એ ડિપાર્ટમેન્ટ ના આપે તો કંઇ છૂપાવે છે એમાં કંઇ બૂ આવે છે હિસાબ આડા અવળા કર્યા હોય એના માટે, આ • (xxxxxx) (અંતરાય) એ ન થાય એના થાય એ માટેની વિનંતી છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજીભાઇએ જે રજૂઆત કરી છે ટૂંકમાં વહેલામાં વહેલું આ થવું જોઇએ. પી.એ.સી. કમિટીને પણ (અંતરાય) મને ખ્યાલ છે પી.એ.સી. કમિટી વિપક્ષના નેતા (અંતરાય) પહેલા સાંભળો તો ખરા, તમે બંને કહો છો એ જ વાત હું કહું છું. (અંતરાય)

**શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવા અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય વિપક્ષના નેતાએ બિન સંસદીય શબ્દ વાપર્યો છે. (xxxxxx) છે એ શબ્દ વાપર્યો છે. એ શબ્દ રદ થવો જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) પ્રદિપસિંહ, સાંભળો તો ખરા, આમાં વધારાના ખર્ચ માટે થઇને પબ્લિક એકાઉન્ટ કમિટી પાસે જતું હોય છે. પી.એ.સી. આની ચકાસણી કરતી હોય છે. પબ્લિક એકાઉન્ટ કમિટીના ચેરમેન તરીકે વિપક્ષના એક સભ્ય હોય છે. આપણે પી.એ.સી.ને એમ કહીએ કે આ જે છે એ તમે વહેલામાં વહેલી તકે બધું કામ પૂરું કરી નાખો. મહિનામાં એક વાર બેઠક રાખતા હોય તો બે કે ત્રણ વાર રાખો, ત્રણ વાર રાખતા હોય તો ૬ વાર રાખો અને આ જે બાકીના વર્ષો છે એના હિસાબો પૂરા કરી દો. શંકરસિંહભાઇ એટલું જ ધ્યાન દોરે છે કે અધિકારીઓ માહિતી રજૂ કરતા નથી એના કારણે વિલંબ થાય છે. શાસક પક્ષને પણ કહું છું કે તમામ મંત્રીશ્રીઓ પોતાના વિભાગના સચિવશ્રીને કહે કે પી.એ.સી. જે માહિતી માગે એ વહેલામાં વહેલી તકે મોકલી આપે, કારણ કે અત્યારે આ વધારાનો ખર્ચ મંજૂર કરવા માટેની વાત છે એ હજી ૨૦૦૨–૦૩ પછીના બાકી છે એને પણ વહેલામાં વહેલી તકે મૂકાય. અધ્યક્ષ તરીકે હું પણ પી.એ.સી.નું ધ્યાન દોરીશ અને તમારા સચિવોને કહો કે આમાં પૂરતો સાથ–સહકાર આપે અને ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના બધા હિસાબો વહેલા રજૂ થઇ જાય એવું આપણે કરવું છે.

**વધારાના ખર્ચનું પત્રક**

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવાની રજા લઉં છું.

**સન ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવામાં આવ્યા.**

## અંદાજપત્રની રજૂઆત

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪–૧૫ના નાણાકીય વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ કરવા ઉભો થયો છું.

**આદરણીય અધ્યક્ષશ્રી,**

**જેમણે ગુજરાતને "સૌનો સાથ સૌનો વિકાસ"**નો મંત્ર આપ્યો તેવા આપણા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના ૧૩ વર્ષના કાર્યકાળમાં સર્વગ્રાહી વિકાસની કેડી કંડારી દેશને નવો રાહ ચીંધ્યો છે. તેમણે આરંભેલી વિકાસ યાત્રાને આજે દેશની જનતા જનાર્દને અભૂતપૂર્વ મહોર મારી સ્વીકૃતી આપી છે. ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ આજે જ્યારે દેશના વડાપ્રધાન બન્યા છે, ત્યારે પ્રત્યેક ગુજરાતીના પ્રતિનિધિ સમા આ ગૃહના માધ્યમથી હું તેઓને અભિનંદન આપું છું. સાથેસાથે હું આ ગૃહને ખાતરી આપું છું કે, **શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી અમારી સરકાર શ્રી નરેન્દ્રભાઇએ સફળ રીતે ખેડેલી આ વિકાસયાત્રા આગામી સમયમાં પણ અવિરત ચાલુ રાખશે.**

દેશના ભાવિ તેવા યુવાધન માટે પૂરતી અને યોગ્ય રોજગારીની તકોનું નિર્માણ આજના યુગમાં દેશ સામે સૌથી મોટો પડકાર છે. દરેકને ગુણવત્તાપ્રદ રોજગારી આપી શકીએ, તો તમામ પાયાના પ્રશ્નોના નિરાકરણની દિશામાં મહત્ત્વનું કામ કરી શકાય છે. આથી, રાજ્ય સરકારે આગામી વર્ષોમાં **રોજગારીને સૌથી વધુ પ્રાધાન્ય** આપવાનો નિર્ધાર કર્યો છે. તેમાં કૃષિ અને પશુપાલન, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો થકી, યુવાવર્ગને યોગ્ય તાલીમ અને શિક્ષણના માધ્યમથી સજ્જ કરી, તેમની સાહસવૃત્તિને પ્રોત્સાહન આપી **વિપુલ પ્રમાણમાં રોજગારીના નિર્માણનું ધ્યેય છે**. સાથે **મહિલાઓના આર્થિક અને સામાજિક સશક્તીકરણ** માટેના પ્રયાસો સરકારની દરેક પ્રવૃત્તિમાં પ્રતિબિંબિત થાય તે પણ અમારી સરકારની પ્રાથમિકતા રહેશે. તે માટે મહિલાઓ જે આર્થિક પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલી હોય તેવા ક્ષેત્રો પર વધુ ભાર મૂકવામાં આવશે.

જ્યારે કૃષિ આધારિત રોજગારીના નિર્માણની વાત આવે, ત્યારે પાણી તેની પ્રથમ જરૂરિયાત બની રહે છે. ગુજરાતમાં પાણીની વાત આવે ત્યારે રાજ્યની જીવાદોરી સમાન **નર્મદા પ્રોજેક્ટ એક ચાવીરૂપ પરિબળ** છે. વર્ષોથી આપણે નર્મદા બંધની ઊંચાઇને લગતા પડતર પ્રશ્નોના નિકાલ માટે કેન્દ્ર સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરતા હતા, પરંતુ અપેક્ષિત પરિણામ મળતું ન હતું. ગુજરાતના દરેક નાગરિક માટે ગર્વની વાત છે કે, આપણા જ નરેન્દ્રભાઇએ કેન્દ્ર સરકારની ધૂરા સંભાળ્યાના ફક્ત ૧૭ દિવસમાં જ રાજ્યના પ્રાણપ્રશ્નનું નિરાકરણ લાવી દીધું છે અને આ મંજૂરી મળવાની સાથે જ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેને તે જ દિવસે નર્મદા ડેમ પર કામગીરીનો શુભારંભ કરાવ્યો. ૧૨મી જૂન, ૨૦૧૪ નર્મદા પ્રોજેક્ટ માટે અને ગુજરાત માટે એક સોનેરી દિવસ બની ગયો છે.

રાજ્યના વિકાસને અવરોધક પડતર પ્રશ્નોનો આગામી દિવસોમાં આ જ રીતે સકારાત્મક નિકાલ આવશે અને ગુજરાતનો વિકાસ વધુ વેગવાન બનશે, તેવી આશા સાથે, વર્ષ ૨૦૧૪–૧૫ના **વાર્ષિક આયોજનના ` ૭૧૩૩૦.૪૪ કરોડના કદ** સાથે આ અંદાજપત્ર રજૂ કરું છું. વર્ષ ૨૦૧૩–૧૪ના આયોજન કરતાં આ વર્ષે આયોજનના કદમાં **૨૧ ટકાનો વધારો** સૂચવેલ છે.

**રાજ્યની વાર્ષિક યોજના**

જેની સદરવાર ફાળવણી નીચે મુજબ છે.

| **ક્રમ** | **સદર** | **જોગવાઈ (` કરોડમાં)** |
|---|---|---|
| ૧ | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૪૩૫૮.૨૦ |
| ૨ | ગ્રામીણ વિકાસ | ૨૩૧૧.૩૦ |
| ૩ | ખાસ વિસ્તાર કાર્યક્રમ | ૨૨૩.૮૪ |
| ૪ | સિંચાઈ અને પૂર નિયંત્રણ | ૧૩૦૩૫.૨૨ |
| ૫ | ઊર્જા | ૫૦૯૭.૩૫ |
| ૬ | ઉદ્યોગ અને ખનિજ | ૨૨૨૩.૪૨ |
| ૭ | પરિવહન (વાહનવ્યવહાર) | ૫૬૩૮.૦૦ |
| ૮ | સંદેશા વ્યવહાર | ૭૬૧.૫૮ |
| ૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૫૪૪.૨૫ |
| ૧૦ | સામાન્ય આર્થિક સેવાઓ | ૨૨૩૭.૦૯ |
| ૧૧ | સામાજિક સેવાઓ | ૩૪૭૮૧.૫૦ |
| ૧૨ | સામાન્ય સેવાઓ | ૧૧૮.૬૫ |
| **કુલ** | | **૭૧૩૩૦.૪૪** |

**નર્મદા અને જળસંપત્તિ**

- નર્મદા યોજના માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ` **૯૦૦૦ કરોડ**નું આયોજન છે.
- છેલ્લાં ત્રણ વર્ષમાં **૭૦,૮૪૦ ખેડૂતો** પાસેથી **૧૦,૭૨૬ હેક્ટર** જમીન સંમતિથી લઇ **૫,૩૪૨ કિલોમીટર સુધીની નહેરો**નાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં કુલ **૨૫,૦૭૯ કિલોમીટરની નહેરો**ના કામો પૂર્ણ થયા છે અને **કુલ ૯.૭૬ લાખ હેક્ટર** સિંચાઈની ક્ષમતા ઊભી થયેલ છે.
- નહેરોના બાંધકામમાં વધુ ઝડપ લાવવા એપ્રિલ–૨૦૧૦ થી મે–૨૦૧૪ સુધીમાં `**૯૦૯૧ કરોડ**નાં ૨૩૨ કામો હાથ ધર્યા છે. હવે નર્મદાની બાકી રહેતી નહેરો અને વિતરણ નેટવર્કનું કામ તબક્કાવાર વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- જેમાં આ વર્ષે **નહેરોના નિર્માણ** માટે સૌરાષ્ટ્ર વિસ્તારનાં કામો માટે ` **૧૪૦૬ કરોડ**, ઉત્તર ગુજરાત માટે ` **૧૪૨૨ કરોડ** તથા કચ્છ વિસ્તાર માટે ` **૧૧૩૮ કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.
- **સરદાર વલ્લભભાઇ પટેલની** સ્મૃતિમાં બનનાર **સ્ટેચ્યુ ઓફ યુનિટી**ના નિર્માણ થકી ગુજરાત અને દેશના ગૌરવના પ્રતીકના નિર્માણની સાથોસાથ વિશાળ વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય અને પ્રવાસનના વિકાસથી આદિવાસી પ્રજાના વિકાસમાં પણ મહત્ત્વનું કામ થશે, જેના માટે આ વર્ષે ` **૫૦૦ કરોડ** નું આયોજન કરવામાં આવ્યું છે.

**જળ સંપત્તિ**

**જળસંપત્તિ અને કલ્પસર** વિભાગની જોગવાઈ` **૩૫૭૦ કરોડ**.

- ગત વર્ષે અમારી સરકારે મહત્ત્વાકાંક્ષી **સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના** (સૌની યોજના) શરૂ કરી છે અને ચારે લિન્ક કેનાલનાં કામો શરૂ થઇ ગયાં છે. આ યોજના માટે ચાલુ વર્ષે ` **૧૨૯૬ કરોડની** જોગવાઈ.

➢ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ખેડૂતો માટે ખૂબ ઉપયોગી સાબિત થયેલી **સુજલામ્ સુફલામ્ યોજના** અંતર્ગત––

- કડી તાલુકાના કરણનગર ગામ પાસે નર્મદા મુખ્ય કેનાલમાંથી મહેસાણા તાલુકાના ધાંધુસણ સુધીની પાઈપલાઇન માટે ` **૭૦ કરોડ**ની જોગવાઈ,
- સાબરકાંઠા જિલ્લાના વાત્રક, માઝમ અને મેશ્વો જળાશય સુધીની પાઈપલાઈનના કામો પૂર્ણ કરવા માટે ` **૮ કરોડ.**
- દાંતીવાડા સીપુ જળાશય માટેની પાઈપલાઇનનાં કામો પૂર્ણ કરવા માટે ` **૧૨ કરોડ**ની જોગવાઈ.
- પાટણ અને સિદ્ધપુર તાલુકાના ૩૦૦૦ હેક્ટર વિસ્તારના સિંચાઈના લાભ માટે પાટણથી ડીંડરોલ પાઈપલાઈનનાં કામો આગળ ધપાવવા માટે ` **૧૫ કરોડ**ની જોગવાઈ.
- ઉત્તર ગુજરાતમાં હયાત ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ લંબાવવા, નવી યોજનાઓ જેવી કે માણસા તાલુકાની અને જોટાણા તાલુકાની યોજનાઓનો અભ્યાસ કરવા માટે ` **૬ કરોડ**ની જોગવાઈ.
- મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના **હિરાપુર ગામે વિયર** બનાવવા અને **વલાસણા ખાતે બૅરેજ** બનાવવા માટે પ્રાથમિક જોગવાઈ કરેલી છે.

**આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈ અને જળસંરક્ષણ**

➢ આદિવાસી ડુંગરાળ વિસ્તારો માટે વિવિધ **સિંચાઈ યોજના** માટે ` **૩૯૧ કરોડની** જોગવાઈ. તે પૈકી ....

- નર્મદા કેનાલ અને હાંફેશ્વરથી પાઈપલાઈન નાખીને દાહોદ, પંચમહાલ અને વડોદરા જિલ્લાના આદિવાસી વિસ્તારોને સિંચાઈ માટેનું પાણી પહોંચાડવાનું આયોજન છે. જેનું સર્વેક્ષણ અને આલેખનનું કામ પ્રગતિમાં છે, જેના માટે જોગવાઈ ` **૩ કરોડ**.
- હયાત જળાશયો આધારિત પાનમ હાઇ લેવલ કેનાલ માટે જોગવાઈ ` **૧૨ કરોડ.**
- ઉકાઇ–પૂર્ણા હાઇ લેવલ કેનાલ માટે જોગવાઈ ` **૭ કરોડ.**
- હયાત સિંચાઈ યોજનાઓમાં સિંચાઈ સુવિધા સુદૃઢ કરવા ઉકાઇ, સુખી, પાનમ, કડાણા, કરજણ તથા અન્ય હયાત સિંચાઈ યોજનાઓની નહેર સુધારણાનાં કામો માટે જોગવાઈ ` **૨૬ કરોડ.**
- નાની ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ માટે જોગવાઈ ` **૩૩ કરોડ.**
- ઉકાઇ–ગોરધા લિન્ક યોજના અને ચિંચાઈ ઉદ્‌વહન યોજના માટે ` **૭ કરોડ.**
- કાલી–૨, ખેડવા સિંચાઈ યોજના, કડાણા હાઇ લેવલ કેનાલ, ટ્યુબવેલ વગેરે માટે જરૂરી જોગવાઈ ` **૧૦ કરોડ.**
- હડફ, એદલવાડા અને કબુતરી યોજનાના વિસ્થાપિતો માટે જંગલ ખાતાની જમીન પેટે જોગવાઈ ` **૫૦ કરોડ.**
- જળસંચયનાં કામો જેવાં કે નવા ચેક ડેમ, તળાવ ઊંડાં કરવા માટે જોગવાઈ

` **૪૪ કરોડ.**

- સહભાગી સિંચાઈ વ્યવસ્થા માટે જોગવાઈ ` **૧૪ કરોડ.**

➢ આ ઉપરાંત આદિજાતિ વિસ્તારોમાં આવેલી યોજનાઓનાં જળાશયો માટે બંધ સુરક્ષાના કામો, હયાત કાંસોની સફાઈ, સિંચાઈ યોજનાઓના આધુનિકીકરણ, દરિયાઈ ધોવાણ સામે રક્ષણની યોજનાઓ માટે જોગવાઈ ` **૮૦ કરોડ**.

**ક્ષાર પ્રવેશ નિયંત્રણ**

➢ ક્ષાર પ્રવેશ નિયંત્રણ માટે સૌરાષ્ટ્ર, ઘેડ અને કચ્છ વિસ્તારના દરિયા કિનારાની જમીનો નવસાધ્ય કરવા માટે બંધારા, ટાઇડલ રેગ્યુલેટર, સ્પ્રેડીંગ કેનાલ વગેરે કામગીરી માટે જોગવાઈ ` **૯૯ કરોડ**.

➢ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં દરિયાઈ ધોવાણ અટકાવવાનાં કામો માટે જોગવાઈ ` **૧૦૭ કરોડ**.

**અન્ય જોગવાઈ**

➢ બિન–આદિજાતિ વિસ્તારોમાં હયાત નહેર સુધારણા, નવીનીકરણ અને આધુનિકીકરણ માટે જોગવાઈ ` **૨૭૦ કરોડ**.

➢ જળસંચય માટે ભૂગર્ભજળ રિચાર્જ, નવા ચેકડેમો, તળાવો ઊંડાં કરવાં, નવા રિચાર્જ કૂવાઓ વગેરે માટે બિન–આદિજાતિ વિસ્તારો માટેની જોગવાઈ ` **૨૭૦ કરોડ**.

➢ કલ્પસર યોજના અને ભાડભૂત વિયરના બાંધકામ માટે ` **૯૭ કરોડ**ની જોગવાઈ.

**સૂક્ષ્મ સિંચાઈ**

➢ મે–૨૦૦૫ થી ૨૦૧૩–૧૪ ના સમયગાળામાં કુલ **૯,૦૫,૩૭૦** હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ દ્વારા **૫,૬૧,૯૩૧** ખેડૂતોએ લાભ મેળવ્યા છે. જે પૈકી, **૧,૫૯,૫૪૫** હેક્ટર વિસ્તાર માટે **૧,૧૭,૭૦૧** આદિવાસી ખેડૂતનો સમાવેશ થાય છે.

➢ આ યોજના અંતર્ગત ગત વર્ષે કરેલી ` **૪૬૫ કરોડ**ની જોગવાઈની સામે આ વર્ષ માટે `**૨૦૦ કરોડ**ના માતબર વધારા સાથે જોગવાઈ ` **૬૬૫ કરોડ.** આ વર્ષમાં ૨ લાખ ૫૦ હજાર હેક્ટર વિસ્તારને આવરી લેવાનું આયોજન છે.

➢ આ વર્ષે નાના અને સીમાંત ખેડૂતોને પરવડે તેવાં **નાના કદનાં નેટ હાઉસ/ પોલિ હાઉસ**નો પાઇલટ પ્રોજેક્ટ GGRC દ્વારા `**૧૦ કરોડ** ના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

**કૃષિવિકાસ**

રાજ્ય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે જે બહુઆયામી કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે, તેના પરિણામે રાજ્યમાં ગત એક દાયકામાં ૧૦ ટકાથી વધુ સરેરાશ કૃષિવિકાસ દર હાંસલ થયો છે. વર્ષ ૨૦૧૪–૧૫ને **કૃષિવિકાસ વર્ષ** તરીકે ઉજવવાનો રાજ્ય સરકારે સંકલ્પ કર્યો છે. ખેતીમાં ઉત્પાદન વધે અને ખેડૂતને વાજબી આવક થાય તે બે મુખ્ય હેતુઓ સાથે સરકારે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ ક્ષેત્રે ` **૪૬૨૪ કરોડ**ની જોગવાઈ કરી છે. ગત વર્ષ કરતાં ૧૮ ટકા વધારા સાથે ` **૩૭૭૫ કરોડ**નું આયોજન સૂચવેલ છે.

**એગ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યાજ સહાય યોજના**

- કૂવા, ગોડાઉન, ગ્રીન હાઉસ, નેટ–હાઉસ, ખેત યાંત્રીકરણનાં સાધનો, વગેરે વસાવવા માટે લોન મેળવતા ખેડૂતોને રાજ્ય સરકાર **૬ ટકા વ્યાજ સહાય** આપવાની નવી યોજના દાખલ કરશે, જેના માટે જોગવાઈ ` **૨૬ કરોડ**.

**કૃષિ ઉત્પાદન**

કૃષિ વિકાસ માટે ઉત્પાદકતામાં વૃદ્ધિ પણ મહત્ત્વનું પરિબળ બની રહે છે.

- **રાષ્ટ્રીય કૃષિવિકાસ યોજના** હેઠળ ખેડૂતો માટે ` **૫૯૪ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલી છે.
- ખેડૂતોને નવાં **ટ્રેક્ટર** ખરીદીમાં સહાય માટે ` **૪૬ કરોડ**ની જોગવાઈ.
- ગામના સૌથી ગરીબ ખેડૂતોને કૃષિ ઉત્પાદન વધારવા **વિના મૂલ્યે કૃષિ કિટ્સ** આપવા માટે ` **૪૯** કરોડની જોગવાઈ.
- ઘઉં, ચોખા અને કઠોળ જેવાં ખાદ્યાન્નો માટે **નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન હેઠળ ` ૭૨ કરોડ**ની જોગવાઈ.
- કૃષિ ઉત્પાદકતાનું સાતત્ય જાળવવા માટે ડીજીટલ નકશા તૈયાર કરી, જમીન ફળદ્રુપતાની સમીક્ષા, જમીનની ગુણવત્તાના પ્રશ્નોના નિવારણ, કાર્યક્ષમ પાણી વ્યવસ્થાપન, કુદરતી જળ સ્રોતોના રક્ષણ અને જાળવણી માટે `**૨૫૦ કરોડ**ની જોગવાઈ.

**કૃષિપાક સંગ્રહ ક્ષમતા**

- ગુજરાતના કૃષિવિકાસની સાથે ઉત્પાદન વધે છે, પરંતુ પાકસંગ્રહ વ્યવસ્થા ન હોવાથી પાક બગડે છે, જેના માટે ગોડાઉનો બનાવવાની તાતી જરૂર છે.
- આથી ગુજરાતના ખેડૂતો માટે ગોડાઉનની વ્યવસ્થા વધારવાના હેતુથી આ વર્ષે એક મોટો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જે અંતર્ગત,
    - ગ્રામ્ય ક્ષેત્રે પાકના સંગ્રહ માટે **ખેડૂતોના ખેતરમાં ગોડાઉન** બનાવવા માટેની લોન પર **છ ટકાના દરે ત્રણ વર્ષ માટે વ્યાજ સહાય**.
    - પ્રાથમિક કૃષિવિષયક સેવા સહકારી મંડળી લિ. (પેક્સ) માટે **ગોડાઉન બનાવવા સહાય** આપવા માટે જોગવાઈ ` **૭૬ કરોડ**.
- તાલુકા કક્ષાએ બિયારણ, ખાતર અને ખેત ઉત્પાદનો માટે પ્રથમ તબક્કે રાજ્યમાં કુલ ૧.૨ લાખ મેટ્રિક ટન સુધી **સંગ્રહશક્તિ** વધારવા માટે જોગવાઈ ` **૨૦૦ કરોડ**.
- ખેડૂતની આવકને રક્ષણ આપવા ખેડૂતો માટે પાક વીમો, ખેડૂત અકસ્માત વીમો, ભાવની સ્થિરતા માટે ` **૪૬૪ કરોડની** જોગવાઈ.
- **પાક વીમા નિધિ** માટે ` **૧૦૦ કરોડ**ની જોગવાઈ.

**બાગાયત વૃદ્ધિ અને વિકાસ**

- ગ્રામ્ય રોજગારીની વૃદ્ધિ માટે કૃષિમાં વૈવિધ્ય જરૂરી છે. બાગાયત આધારિત કૃષિને વધુ પ્રોત્સાહન આપવા માટે ` **૩૨૮ કરોડ**ની જોગવાઈ.
- રાજ્યમાં શાકભાજીના ઉત્પાદન અને વેચાણ સાથે વર્ષોથી સંકળાયેલા **દેવીપૂજક સમાજના લાભાર્થીઓ**ને હાઇબ્રીડ તરબૂચ, ટેટી અને શાકભાજી બિયારણ તથા માઇક્રો ન્યુટ્રિયન્ટ આપવા ` **૩ કરોડ**ની જોગવાઈ.

**ખેતીની જમીનનું સંરક્ષણ**

- રાજ્યમાં **૬૫,૦૦૦** હેકટર વિસ્તારમાં **ખેત તલાવડી**, **સીમ તલાવડી** અને **ગામ તળાવ** ઊંડાં કરવાનાં કામો હાથ ધરવા માટે કુલ ` **૨૧૨ કરોડ**ની જોગવાઈ. આ કામોથી અંદાજિત **૨૩,૦૦૦** ખેડૂતોને લાભ થશે.

**કૃષિશિક્ષણ**

- ખેડૂતને આધુનિક ખેતપદ્ધતિ બાબતે માહિતગાર કરવા તેમજ યુવાવર્ગને આધુનિક ખેતીમાં સજ્જ કરવા માટે રાજ્યની ચાર **કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિશિક્ષણ, સંશોધન અને વિસ્તરણના** કાર્યક્રમો માટે ` **૩૬૧ કરોડ**ની જોગવાઈ.

**પશુપાલન અને ડેરી વિકાસ થકી પૂરક રોજગારી**

પશુપાલન અને ડેરી વિકાસ માટે ` **૩૬૫ કરોડ** નું આયોજન.

- **મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના** અન્વયે રાજ્યનાં પશુઓને પશુ દવાખાનાં ખાતે મફત સારવાર આપવા માટે ` **૨૦ કરોડ**ની નવી જોગવાઈ.
- પશુઓની **શુદ્ધ દેશી ઓલાદની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો** થાય તે માટે તરણેતર મેળામાં ઉત્તમ પશુપ્રદર્શન યોજવાં, શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલી વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવા તથા ગુજરાતની સ્થાનિક, ઓછી જાણીતી પશુધનની ઓલાદોના અભ્યાસ અને રજિસ્ટ્રેશન માટેનું આયોજન.
- પશુપાલન ક્ષેત્રે નવી પહેલ તરીકે **ગૌ–અભયારણ્ય, ભ્રુણ પ્રત્યારોપણ અને સેક્સિંગ ઓફ સીમેન** ને લગતા પ્રોજેક્ટ રાજ્યમાં ઊભા થાય તે માટે નિષ્ણાતો દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવશે.
- વર્ષ ૨૦૦૧ બાદ સ્થપાયેલ જિલ્લા સહકારી **દૂધ ઉત્પાદક સંઘોમાં પશુચિકિત્સા સેવા**ઓનું માળખું ઊભું કરવા અથવા સુદૃઢ કરવા સહાય માટે ` **૪ કરોડ**ની જોગવાઈ.

**મુખ્યમંત્રી મહિલા પશુપાલન પ્રોત્સાહન યોજના**

- રાજ્યના પશુપાલન ક્ષેત્રે મહિલાઓનું યોગદાન નોંધપાત્ર છે, ત્યારે **મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સંખ્યા આગામી વર્ષોમાં બમણી કરવાનો** તેમજ મહિલા પશુપાલકોને ખાસ પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે.
- **મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાયનું સંકલિત પેકેજ–**
  - દૂધઘર માટે **૩૦૦ ચોરસ વાર** જમીનની ફાળવણી માટે નીતિ ઘડવાનું આયોજન.
  - દૂધ મંડળીના મકાન બાંધકામ માટે ` **૫ લાખ**ની મર્યાદામાં **૫૦ ટકા** સુધીની સહાય.
  - ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ, બલ્ક મિલ્ક કુલર, મિલ્ક એડલ્ટરેશન ડિટેક્શન મશીન માટે મહત્તમ ` **૯.૭૦ લાખ**ની મર્યાદામાં **૮૦ ટકા** સુધીની સહાય.

- **દૂધમંડળીની મહિલા પશુપાલક સભ્યોને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય**
    - નાબાર્ડ લોનની યોજના હેઠળ દૂધાળાં પશુની ખરીદી કરવા ઇચ્છતી મહિલા પશુપાલક સભ્યને બેંક લોન પર ત્રણ વર્ષ માટે પાંચ ટકાની વ્યાજ સહાય
    - સ્વસહાય જૂથોની મહિલા પશુપાલકો માટે વધારાના લાભ તરીકે બેંક લોનના હપતાની સમયસર ચુકવણી પર ત્રણ વર્ષ માટે ત્રણ ટકા વધારાની સહાય
    - દૂધ મંડળીના મહિલા પશુપાલક સભ્યને **મિલ્કીંગ મશીન** વસાવવા માટે મહત્તમ ` **૩૩,૭૫૦** તથા **ચાફ કટર** માટે મહત્તમ ` **૧૫,૦૦૦**ની મર્યાદામાં **૭૫ ટકા** સુધીની સહાય.
    - મહિલા પશુપાલક જો પોતાનાં પશુનો વીમો ઉતારે તો પ્રિમીયમ પર ` ૫૦૦ની મર્યાદામાં ૩૩ ટકા સહાય.
    - ૧૫ લાખ ઘેંટા પાલનથી રોજગારી મેળવતા આશરે **૧૫,૦૦૦ ઘેટાં પાલકો**ને સહાયરૂપ થવા માટે ` **૯ કરોડ**ની જોગવાઈ.

**મત્સ્યોદ્યોગ માટે કુલ જોગવાઈ ` ૮૭ કરોડ.**

- ગુજરાતના મત્સ્યોદ્યોગના પ્રોત્સાહન માટે – ફિશ કલ્ચર કેજની ખરીદી, ઇન્સ્યુલેટેડ બોક્સ, બોટ માટે જનરેટર સેટ અને ફલેશ લાઇટ, બોટ માટે ફલેક/સ્લરી આઇસ મશીનરીની ખરીદી પર સહાય માટે જોગવાઈ ` **૨ કરોડ.**

**સહકાર**

- કૃષિધિરાણ વૃદ્ધિની સાથે સહકારી ધોરણે બજાર વ્યવસ્થા ઊભી કરવા માટે જે તાલુકામાં માર્કેટ યાર્ડ ન હોય ત્યાં, **માર્કેટિંગ યાર્ડ ઊભા કરવા** પ્રોત્સાહન નીતિ ઘડવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

**સામાજિક સેવાઓ**

ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૧૪–૧૫માં આયોજનમાં લગભગ **૪૮.૭૬ ટકા** રકમ શિક્ષણ, આરોગ્ય, પોષણ અને કલ્યાણકારી યોજનાઓ જેવી સામાજિક સેવાઓ માટે ફાળવે છે.

**શિક્ષણ વિભાગ**

શિક્ષણ ક્ષેત્રે પ્લાન અને નોન–પ્લાન હેઠળ ` **૨૨૭૭૪ કરોડ**ની જોગવાઈ તરીકે અંદાજપત્રના **૧૭ ટકા** રકમ થાય છે.

**પ્રાથમિક શિક્ષણ**

ગામેગામ પ્રાથમિક શિક્ષણનો વ્યાપ રહે તે માટે છેલ્લાં ૧૫ વર્ષમાં ૧,૪૪,૮૬૪ પ્રાથમિક શિક્ષકો અને ૨૧૫૯ મુખ્ય શિક્ષકોની ભરતી તેમજ ૧,૦૪,૬૩૭ નવા ઓરડાનાં બાંધકામ કરવામાં આવ્યા છે.

- આ વર્ષે **સર્વ શિક્ષા અભિયાન** માટે રાજય સરકારના ફાળા તરીકે ` **૧૩૫૬ કરોડ**
- શાળાના ઓરડા, ટોયલેટની સુધારણા, લાયબ્રેરીને સુસજ્જ કરવા, વગેરે માટે કુલ **`૩૪૨ કરોડ**.
- રાજયમાં **કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય** જેવી ૨૬ નવી શાળાઓ અને ૨૦

નવા છાત્રાલય શરૂ કરવા માટે `**૧૨ કરોડ.**

- પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાના અને ગણિતના વધુ સારા ભણતર માટે **વર્ચુઅલ કલાસરૂમ** (ઓનલાઈન લર્નિંગ) પ્રોજેક્ટ શરૂ કરવાનું આયોજન.
- હાલ કાર્યરત ૭૫૦૦ પ્રજ્ઞા વર્ગો ઉપરાંત **૮૫૦૦ નવા પ્રજ્ઞા વર્ગો** ચાલુ કરવાનું આયોજન.
- રાજ્યના **શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ** આપવાની યોજના જિલ્લા અને તાલુકા કક્ષા સુધી વિસ્તારીને ચાલુ વર્ષે કુલ ૬૭૩ શિક્ષકોને પારિતોષિક આપવા માટે ` **એક કરોડ**
- **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ**ના વિસ્તરણ માટે,
  - **૪૫ નવી સરકારી શાળાઓના બાંધકામ** માટે ` **૩૯ કરોડ**
  - ગ્રાન્ટેડ શાળાઓમાં **૧૪૬૦ નવા વર્ગો** શરૂ કરવા માટે ` **૫ કરોડ**
  - ગ્રાન્ટેડ શાળાઓમાં **સળંગ એકમ** શરુ કરવા માટે ` **એક કરોડ.**
- ગામમાં માધ્યમિક શાળા ન હોય તેના કારણે દીકરીઓનું શિક્ષણ પ્રાથમિક કક્ષાએ અટકી ન જાય તે હેતુથી ગામથી બહારની શાળામાં ધોરણ–૯ માં ભણતી હોય તેવી **વિદ્યાર્થિનીઓને સાઈકલ આપવા** માટે નવી યોજના માટે ` **૭ કરોડ.**
- ધોરણ–૧૨ પછીના અભ્યાસક્રમો માટે, તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતી **માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ** યોજના અંતર્ગત ` **૧૦૦ કરોડ**ની જોગવાઈ.

**મધ્યાહ્ન ભોજન યોજના**

રાજ્યના ૪૩ લાખ ૬૬ હજાર વિદ્યાર્થીઓને આવરી લેતી **મધ્યાહ્ન ભોજન યોજના** હેઠળ `**૧૦૩૪ કરોડ**નું આયોજન

- ૫૦૦ મોટી પ્રાથમિક શાળાઓના મધ્યાહ્ન ભોજન **રસોડાના આધુનિકીકરણ** માટે ` **૨૫ કરોડ.**
- હાઈ–પ્રાયોરિટી તાલુકાના વિદ્યાર્થીઓને **અઠવાડિયે એક દિવસ દૂધ આપવા** માટે ` **૪ કરોડ**ની જોગવાઈ.

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ** ક્ષેત્રે વિકાસ માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ કુલ ` **૨૬૭૫ કરોડ**ની જોગવાઈ.

- **રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષણ અભિયાન** હેઠળ સરકારી કોલેજોનું બાંધકામ, નવા મહેકમ, સુદ્રઢીકરણ, તાલીમ, વગેરે માટે ` **૧૫૬ કરોડ**નું આયોજન.
- રાજ્યમાં આવેલી આઠ **સરકારી યુનિવર્સિટીઓના માળખાકીય સુવિધા**ઓના વિકાસ તેમજ કેમ્પસમાં આવેલ કોલેજ અને હોસ્ટેલનાં જૂનાં મકાનોના સુધારા વધારા કરવા માટે રાજ્ય સરકાર તરફથી પ્રથમ વખત માતબર જોગવાઈ ` **૧૦૦ કરોડ**.
- મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના સન ૧૮૯૦માં સ્થપાયેલા પ્રખ્યાત **કલાભવનને** ૧૨૫ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે, ત્યારે **સંસ્થાની આંતરમાળખાકીય સુવિધાઓનાં કામો** માટે જોગવાઈ ` **૭ કરોડ**.
- રાજય સરકાર દ્વારા વડોદરા નજીક પાદરા તાલુકાના ચોકારી ગામે આવેલી વિશાળ

જગ્યામાં એક નવીન અભિગમ સાથે વિશ્વ કક્ષાના Knowledge Hub (નોલેજ–હબ) ની સ્થાપના કરવાનું આયોજન છે. સ્પેશ્યલ–એજયુકેશન–કમ–સ્પોર્ટ્સ–ઝોન તરીકે વિકસાવવામાં આવનાર આ નોલેજ હબમાં એક જ જગ્યાએ ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, સ્પોર્ટ્સ યુનિવર્સિટી, સેન્ટ્રલ યુનિવર્સિટી કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે આકાર લેશે.

- આ નોલેજ હબની નજીકમાં પાદરા તાલુકામાં જસપર ગામે લગભગ ૨૫ હેક્ટર જમીનમાં **જી.એસ.એફ.સી. યુનિવર્સિટી** સ્થાપવાનું આયોજન છે.
- રાજ્યના વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવનાને પોષવા NCC પ્રવૃત્તિ અને દરિયાકાંઠાના વિસ્તારમાં ૮ નેવલ યુનિટ શરૂ કરવાનું આયોજન.

**ટેકનિકલ શિક્ષણ**

- સરકારી ઈજનેરી કોલેજોથી વંચિત જિલ્લાઓ પૈકી સુરેન્દ્રનગર અને જામનગર ખાતે નવી સરકારી ઈજનેરી કોલેજો શરૂ કરવા માટે ` **૨૬ કરોડ.**
- સરકારી પોલિટેકનિક અને ઈજનેરી કોલેજોની **ગર્લ્સ હોસ્ટેલ**ની હયાત ક્ષમતાને ૨૨૭૬ થી વધારી ૪૭૧૪ બેઠકો કરવા માટે ` **૩૧ કરોડ**ની જોગવાઈ.
- પોલિટેકનિક અને ઈજનેરી સંસ્થાઓમાં **ભૌતિક સંસાધનો વધારવા** માટે ` **૯૦ કરોડ.**
- વિશ્વબેંક સહાયિત યોજના અંતર્ગત **ગુણવત્તા સુધારણ કાર્યક્રમ** માટે ` **૪૨ કરોડ.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

રાજ્યના છ કરોડ નાગરિકોના આરોગ્યની જાળવણી અને તબીબી સેવાઓ માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ ` **૭૨૩૦ કરોડ**ની જોગવાઈ, જેમાં ગત વર્ષે ` ૩૮૦૦ કરોડની સામે `**૫૬૬૭ કરોડ**નું આયોજન છે.

**જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

- **મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના માટે જોગવાઈ ` ૧૬૦ કરોડ.** ગરીબી રેખા હેઠળનાં કુટુંબોની આરોગ્ય સુરક્ષા માટે અતિ ઉપયોગી સિદ્ધ થયેલ **મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના** હેઠળ બી.પી.એલ. કુટુંબોને અતિ ઘાતક બીમારીઓ જેવી કે કેન્સર, હૃદયરોગ, મગજના રોગ, કીડનીના રોગ, બર્ન્સની સારવાર માટે કુટુંબ દીઠ બે લાખ રૂપિયાની વાર્ષિક મર્યાદામાં તદ્દન નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવે છે.
- આ યોજનાની બહોળી સફળતાને ધ્યાનમાં લઈ તેના વ્યાપનો રાજ્યના મધ્યમ વર્ગના કુટુંબો સુધી વધારો કરવાનો નિર્ણય કર્યો છે અને હવે રૂપિયા એક લાખ વીસ હજારથી ઓછી વાર્ષિક આવક ધરાવતાં **કુટુંબોની મહિલાઓને અને ૨૧ વર્ષ સુધીની ઉંમરનાં સંતાનોને નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે.**

**જાહેર આરોગ્ય માળખું**

- હયાત પીએચસી, સીએચસી અને પેટા કેન્દ્રોના **નવીનીકરણ અને બાંધકામ** માટે ` **૪૧૯ કરોડ.**

- નવાં **૭૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો** અને **૧૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા** માટે જોગવાઈ ` **૧૭ કરોડ.**
- આદિવાસી વિસ્તારમાં ૩૭૭ પેટા–કેન્દ્રો તેમજ અગરિયા વિસ્તારોમાં ૭૦ પેટા–કેન્દ્રો શરૂ કરવા માટે જોગવાઈ ` **૫ કરોડ**.
- માતાના આરોગ્ય અને સગર્ભાવસ્થાની સલામતી સુનિશ્ચિત કરવા તથા **મમતા દિવસની વિવિધ પ્રવૃત્તિઓ** માટે ` **૮૪૦ કરોડની** જોગવાઈ.
- ગરીબ મહિલાઓને ગર્ભાવસ્થામાં અને પ્રસૂતિ બાદ પૌષ્ટિક આહાર લઈ શકે તે **માટે કસ્તુરબા પોષણ સહાય યોજના** હેઠળ લાભાર્થીદીઠ સહાયની રકમ ` **૨૧૦૦ થી વધારી ` ૬૦૦૦** કરવામાં આવશે.
- **ચિરંજીવી યોજના, બાલ સખા યોજના** અને **જનની શિશુ સુરક્ષા** કાર્યક્રમ હેઠળ ` **૮૩ કરોડ**
- **ખિલખિલાટ સેવાના વ્યાપમાં વધારો** કરવા ૧૪ નવી વાન ઉમેરવામાં આવશે.
- **શહેરી આરોગ્ય સેવાઓ** માટે ` **૧૧૧ કરોડ.**
- ડાયાબિટીસ અને હાઈપર ટેન્શન જેવા રોગોના નિદાન અને સારવાર માટે ` **૭૦ કરોડ.**

**તબીબી સેવા**

- અતિ લોકપ્રિય થયેલી ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવા માટે **૧૦૦ નવી એમ્બ્યુલન્સ** પૂરી પાડવા ` **૧૫ કરોડ.**
- **૧૫ નવી એમ્બ્યુલન્સ** પૂરી પાડવા ` **એક કરોડ.**
- હાલ ૧૩ જિલ્લા હોસ્પિટલમાં ઉપલબ્ધ **હેમોડાયાલિસિસ ની સેવાનો વ્યાપ વધારી** તમામ જિલ્લા હોસ્પિટલો અને સબ–ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોને આવરી લઈ કુલ જોગવાઈ `**૧૩ કરોડ.**
- જનરલ હોસ્પિટલ મહેસાણા ખાતે **સી.ટી. સ્કેન મશીન વસાવવા ` ૨ કરોડ.**
- રાજ્યની **હોસ્પિટલ અને દવાખાનાંઓના સુદૃઢીકરણ** માટે ` **૧૯૪ કરોડ**નું આયોજન.

**તબીબી શિક્ષણ અને સંશોધન**

- ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી હસ્તકની સોલા, ગોત્રી, પાટણ, વલસાડ અને ગાંધીનગર ખાતેની **મેડિકલ કોલેજો** તેમજ હિંમતનગર, વડનગર અને જૂનાગઢ ખાતે બાંધકામ હેઠળના મેડિકલ કોલેજોના કામો માટે ` **૧૦૨૨ કરોડ**ની જોગવાઈ.
- સુરત સરકારી મેડિકલ કોલેજમાં **૧૫૦ બેઠકોથી વધારી ૨૫૦ કરવા** માટે પૂર્વ સવલતો પૂરી પાડવા ` **૨૦ કરોડ**ની જોગવાઈ.
- યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી, અમદાવાદ ખાતેની **હાલ ૪૫૦ પથારીઓની વ્યવસ્થાને બે વર્ષમાં વધારી ૬૫૦ પથારી** કરવાનું આયોજન.
- ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટયુટને અપગ્રેડ કરવા અને **રાજકોટ ખાતે ટર્શરી**

**કેન્સર કેર** સેન્ટર શરૂ કરવા કુલ ` **૨૧ કરોડ**નું આયોજન.

**ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની ` ૩૪૫ કરોડ**ની જોગવાઈ

- દાહોદ, વાંસદા અને રાજપીપળા ખાતે **નવી સરકારી આયુર્વેદ/હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ** શરૂ કરવાનું કુલ ` **૩૦** કરોડનું આયોજન.
- કાર્યરત ૨૫ સરકારી આયુર્વેદ દવાખાનાં તેમજ ૧૦ હોમિયોપેથી **દવાખાનાંના નવા મકાનોના બાંધકામ** માટે ` **૧૦ કરોડ.**
- રાજ્યની તમામ **ખોરાક અને ઔષધ પ્રયોગશાળાઓને** એન.એ.બી.એલ. કરાવવા તેમજ વડોદરા, રાજકોટ અને ભૂજ ખાતે માઈક્રોબાયોલોજિકલ ટેસ્ટિંગ વિભાગ શરૂ કરવાનું આયોજન.
- **કામદાર રાજ્ય વીમા યોજના** હેઠળ રણોલી (જિલ્લો વડોદરા ) તેમજ અલંગ (જિલ્લો ભાવનગર) ખાતે અંદાજે **૩૦ હજાર કામદારો**ને આવરી લેતું **નવું દવાખાનું** શરૂ કરવાનું આયોજન છે.

**મહિલા અને બાળવિકાસ**

મહિલાઓ અને બાળકોના આરોગ્ય, વિકાસ, રક્ષણ અને સશક્તીરણ માટે ` **૨૪૩૬ કરોડ**ની જોગવાઈ.

માનવ વિકાસ સૂચકાંકના દરેક પાસાંને મહત્ત્વ આપી, અમારી સરકાર માનવ વિકાસની તમામ યોજનાઓને પ્રાધાન્ય આપે છે અને તેમાં પણ કુપોષણ સામેની લડત વધુ મજબૂત બનાવી છે. **સંકલિત બાળવિકાસ યોજના**ને મિશન મોડમાં અમલીકરણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૪–૧૫ માં આ યોજના હેઠળ ` **૨૨૦૫ કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

- **મને જણાવતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આંગણવાડી કાર્યકરોના માનદ્ વેતન**માં દર મહિને `**૫૦૦**, હેલ્પરને `**૩૦૦** તેમજ મીની આંગણવાડી વર્કરને `**૩૦૦** વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જેના માટે વધારાની જોગવાઈ` **૩૩ કરોડ.**
- **આંગણવાડીના લાભાર્થીઓને પૂરક પોષણ** પૂરું પાડવા માટે ` **૯૪૭ કરોડ**ની જોગવાઈ.
- **મિશન બલમ્ સુખમ્** યોજના હેઠળ આંગણવાડીઓમાં **ઘનિષ્ઠ પોષણ સુધારણા અભિયાન** ચલાવવા ` **૨૭ કરોડ**.
- **નંદઘર**ના બાંધકામ તથા રિપેરિંગ માટે ` **૯૬ કરોડની** જોગવાઈ.
- આંગણવાડી ખાતે બાળકો માટે રમકડાં, ફ્લેકસી ફંડ, મકાનના ભાડા અને વીજ કનેકશન જેવી સવલતો પૂરી પાડવા માટે ` **૫૯ કરોડ.**
- આંગણવાડીઓ માટે ગેસની સગડી, ગેસ રી–ફિલિંગ, અગ્નિશામક યંત્ર, વજનકાંટા પૂરા પાડવા માટે ` **૨૮ કરોડની** જોગવાઈ.
- આંગણવાડીનાં બાળકો માટે **ત્રીજા ભોજન** અને નિદર્શક ભોજન માટે કુલ ` **૮૪ કરોડ.**

- સમગ્ર રાજ્યમાં એક સમાન ધોરણે કિશોરીઓને પૂરકપોષણ તથા વ્યાવસાયિક તાલીમ, પોષણ તેમજ આરોગ્યને લગતું શિક્ષણ મળી રહે તે માટે ` **૨૩ કરોડ** ની નવી બાબત સહિત **સબલા યોજના** હેઠળ કુલ ` **૧૪૯ કરોડ**ની જોગવાઈ.

**દૂધ સંજીવની યોજના**

- અત્યાર સુધી રાજ્યના ૭ આદિવાસી તાલુકામાં દૂધ સંજીવની યોજના હેઠળ આંગણવાડીનાં ત્રણ થી છ વર્ષનાં ૪૮ હજાર બાળકોને અઠવાડિયામાં બે વખત દૂધ `૧.૬૫ કરોડના વાર્ષિક ખર્ચે આપવામાં આવતું હતું. આ યોજનાની સફળતાને ધ્યાને લઇ રાજ્ય સરકારે તેનો વ્યાપ વધારી **વધુ ૧૭ આદિવાસી તાલુકાનો** આ યોજનામાં સમાવેશ કર્યો છે.
- હવે સાત તાલુકામાં આંગણવાડીનાં ત્રણ થી છ વર્ષનાં બાળકોના બદલે, **૨૨ તાલુકાના આંગણવાડીના** છ મહિના થી છ વર્ષનાં તમામ બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. **આમ પાંચ લાખથી વધુ લાભાર્થીઓને `૩૧ કરોડ**ના વાર્ષિક ખર્ચે આ યોજનાનો લાભ આપવામાં આવશે.

**મહિલા કલ્યાણ**

- નિરાધાર વિધવા મહિલાઓને આર્થિક સહાય માટે ` **૧૬૮ કરોડ**ની જોગવાઈ.
- ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા રાજ્યમાં વધુ **૫૦ નવી નારી અદાલતો** સ્થાપવાનું આયોજન.
- ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા **મહિલાઓને તાલીમ અને વ્યવસાય** શરૂ કરવા માટે નાણાકીય સહાય આપવા માટે જોગવાઈ ` **૨૩ કરોડ**.
- મહિલાઓને મુશ્કેલીની પરિસ્થિતિમાં મદદ, માર્ગદર્શન અને સહાય કરવા સ્થપાયેલી **અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનનો વ્યાપ વધારી** સમગ્ર રાજયમાં તેનો અમલ કરવા ` **૨ કરોડ**ની જોગવાઈ.

**કૌશલ્યવર્ધન અને શ્રમિક કલ્યાણ**

રાષ્ટ્રના આર્થિક અને સામાજિક વિકાસમાં કુશળ યુવાશક્તિના મહત્ત્વને ઓળખીને અમારી સરકારે કૌશલ્યવર્ધન કાર્યક્રમોને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. શ્રમિકોના કલ્યાણ અને કૌશલ્યવર્ધન માટે આયોજનના કદને છેલ્લાં બે વર્ષમાં ` **૪૮૦ કરોડ**થી વધારીને આ વર્ષે `**૧૧૫૧ કરોડ** કરવામાં આવ્યું છે,

- રાજ્યમાં **હાલ કૌશલ્યવર્ધન માટેની ૧,૫૩,૪૧૫** બેઠકોની ક્ષમતા ઉપલબ્ધ છે, જેમાં વધારો કરવા માટે વિવિધ આયોજનો કરવામાં આવશે.
    - રાજ્યનો કોઈપણ તાલુકો વ્યાવસાયિક તાલીમ સુવિધાઓથી વંચિત રહી ન જાય તે માટે ૩૮૦૦ બેઠકો સાથે **નવી ૧૯ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ** શરૂ કરવાનું ` **૫ કરોડ**નું આયોજન.
    - ચાર મહાનગરો તથા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાત મુજબ **૫૨૦૦** બેઠકો સાથે **૨૬ નવી સરકારી "ITI**

**on Demand"** શરૂ કરવા ` **એક કરોડ**નું આયોજન.

- સરકારી **ITI** માં **૧૫૦૦૦** બેઠકો તેમજ ગ્રાન્ટ–ઈન–એઈડ **ITI** માં **૨૫૦૦** બેઠકો વધારવા તેમજ નવાં શરૂ કરેલાં વધારાનાં **૧૬૫ કૌશલ્યવર્ધન કેન્દ્રો** માટે ` **૪૫ કરોડ**નું આયોજન છે.

➢ વર્ષ દરમિયાન **ITI** ના નવાં **મકાનોને આધુનિક** સાધનસામગ્રી પૂરી પાડવા માટે ` **૧૬ કરોડ**નું આયોજન.

➢ તાલીમ હેઠળ વિદ્યાર્થીઓને **માસિક સ્ટાઈપેન્ડનો** દર વધારીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને વિકસતી જાતિ માટે ` **૨૦૦**ના બદલે ` **૪૦૦** તથા જનરલ માટે ` **૧૦૦**ના બદલે ` **૨૦૦** કરી ` **૬ કરોડ**નું આયોજન છે.

➢ ગ્રાન્ટ–ઈન–એઈડ **ITI** તાલીમાર્થીઓને પણ હવે સરકારી **ITI** ના ધોરણે વ્યાવસાયિક તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવા બાબતે ` **૮૧ લાખ** ની જોગવાઈ.

➢ **ITI** ની **મહિલા તાલીમાર્થીઓને સાઈકલ આપવા** માટે નવી યોજના અમલમાં મૂકી લગભગ આઠ હજાર બહેનોને લાભ આપવાનું આયોજન.

➢ **ITI** ના તાલીમાર્થીઓને **એસ.ટી.બસના કન્સેશન પાસ** આપવા ` **૨ કરોડ**ની નવી જોગવાઈ સૂચવી છે.

➢ **ITI** માં છ માસથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડના કોર્સમાં પાસ થતા **તાલીમાર્થીઓને ટેબ્લેટ** આપવા માટે ` **૯ કરોડ**ની જોગવાઈ.

**પંડિત દીનદયાળ ઉપાધ્યાય યુવા સાહસિકતા યોજના**

➢ **ITI** પાસ યુવાનોને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે રૂપિયા એક લાખ સુધીની બેન્કલોન મેળવવામાં મદદરૂપ થઈ, તે લોન ઉપર સાત ટકાની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે આપવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

- આમ કરવાથી તાલીમબદ્ધ યુવાનોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાનું પ્રોત્સાહન મળશે. યુવાનોમાં પડેલી ઔદ્યોગિક સાહસિકતાને પીઠબળ મળશે. આવા યુવાનો પોતાના નવા સ્થપાયેલા વ્યવસાયમાં અન્ય રોજગારીની તકો પણ ઊભી કરી શકશે.
- આવા લાભાર્થીઓ માટે રાજ્ય સરકાર, જરૂર પડે તો બેન્કો સાથે કરાર કરીને, ગેરેન્ટરની જવાબદારી પણ સ્વીકારવા તૈયાર રહેશે.
- આ નવતર અને ભાવિલક્ષી પંડિત દીનદયાળ ઉપાધ્યાય યુવા સાહસિકતા યોજના માટે ` **૬ કરોડ**ની જોગવાઈ.

**રોજગારી**

➢ સ્વામી વિવેકાનંદ **રોજગાર ભરતી મેળાઓ** યોજી અંદાજિત ત્રણ લાખ યુવકો અને યુવતીઓને રોજગારીની તકો પૂરી પાડવાનું આયોજન.

➢ વિદેશમાં નોકરીની તકો અંગે સચોટ અને ઉપયોગી માર્ગદર્શન ગુજરાતના યુવા વર્ગને મળે તે માટે અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે **ઓવરસિઝ એમ્પલોયમેન્ટ એન્ડ કેરિયર ગાઈડન્સ સેન્ટરની** સ્થાપના માટે આયોજન.

➢ રાજ્યમાં કાર્યરત રોજગાર કચેરીઓને સમયની માંગને અનુરૂપ પરિવર્તિત કરવાની પહેલ તરીકે **એમ્પલોયમેન્ટ એક્સચેન્જ એક્સટેન્શન બ્યુરો (ઈમ્પેક્સ–બી)**

સ્થાપવા માટે **પ્રારંભિક જોગવાઈ ` એક કરોડ.**

**શ્રમિક કલ્યાણ**

- **મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બૉર્ડ** હસ્તક બાંધકામ ક્ષેત્રે રોકાયેલા શ્રમિકો માટે ` **૨૮૬ કરોડ** ની જુદી– જુદી કલ્યાણકારી યોજનાઓ સૂચવી છે. જેમાં,
    - શહેરી વિસ્તારમાં બાંધકામ ક્ષેત્રે રોકાયેલા શ્રમિકોને પોતાનું ઘર બાંધવા કે ખરીદવા માટે આર્થિક સહાયની યોજના માટે ` **૨૦૦ કરોડ,**
    - **તબીબી સારવારનો લાભ** બાંધકામના નોંધાયેલા શ્રમિકોને મળી રહે તે હેતુથી તેઓને **મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના**માં સમાવી લેવા માટે જોગવાઈ ` **૧૮ કરોડ**.
    - મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામમાં રોકાયેલા શ્રમિકોને હંગામી/ભાડે રહેવાની સગવડ માટે સહાયની યોજના પેટે ` **૨૦ કરોડ,**
    - મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ શ્રમિકોનાં બાળકો માટે હોસ્ટેલની સુવિધા માટે ` **૨૦ કરોડ**ની જોગવાઈ.
    - બાંધકામ શ્રમિકોને કડિયાકામ, સુથારી કામ, પ્લમ્બિંગ કામ વગેરેને લગતી ઉચ્ચ કૌશલ્યવાળી તાલીમના ખર્ચ પેટે ` **૧૦ કરોડ** ની જોગવાઈ.
    - બાંધકામ શ્રમિકોને ગંભીર પ્રકારની વ્યવસાય સંબંધિત બીમારીના ખર્ચને પહોંચી વળવા માટે ` ૩,૦૦,૦૦૦ ની મર્યાદા અંતર્ગત તબીબી સારવાર સહાય ચૂકવવા અંગેની ` **૫ કરોડની** જોગવાઈ.
    - જે સાઇટ ઉપર ૫૦ થી વધુ શ્રમિકો કામ કરતા હોય ત્યાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે **આંગણવાડી/બાલવાડી** ચલાવવા માટે ` **૫ કરોડની** જોગવાઈ.
    - બાંધકામ શ્રમિકોનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા **કોચિંગ** માટે ` ૫૦ હજારની મર્યાદામાં આર્થિક સહાય આપવા જોગવાઈ ` **એક કરોડ**.
- **અસંગઠિત ક્ષેત્રના કામદારોની નોંધણી કરી પ્રથમ વખત મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના**માં સમાવી લેવા માટે જોગવાઈ ` **૧૦ કરોડ**.

**વંચિતોનો વિકાસ**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ કુલ ` ૧૯૫૭ કરોડનું આયોજન,** જે ગત વર્ષ કરતાં **૩૫ ટકા**નો વધારો દર્શાવે છે.

વંચિતોના વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય અને શ્રેષ્ઠ માધ્યમ છે.

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને વિકસતી જાતિના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓ માટે ` **૬૪૬ કરોડના** ખર્ચે અદ્યતન સુવિધાયુક્ત **સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલયો**ના બાંધકામનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તેની કામગીરી અને હવે વધુ **૫૦૦૦** વિદ્યાર્થીઓ માટે **સમરસ છાત્રાલયો**ના બાંધકામ શરૂ કરવા માટે કુલ **`૨૫૦ કરોડ**ની જોગવાઈ.

- ધોરણ ૬ થી ૧૦માં અભ્યાસ કરતી **કન્યાઓને પ્રોત્સાહન** આપવા માટે શિષ્યવૃત્તિનો દર ` **૨૫૦** થી વધારીને ` **૭૫૦** કરવામાં આવશે.
- જિલ્લા કક્ષાએ ધોરણ ૧૦ અને ૧૨ માં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને **ઇનામ** આપવાની નવી યોજના માટે જોગવાઈ ` **એક કરોડ.**
- વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બે વર્ષ માટે આપવામાં આવતી **ટ્યુશન સહાય ` ૨૫ હજારથી વધારી ` ૩૦ હજાર** કરી યોજનાકીય જોગવાઈ ` **૨ કરોડ.**
- ધોરણ–૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ટેબ્લેટ આપવાની નવી યોજના શરૂ કરવા માટે જોગવાઈ ` **૨ કરોડ.**
- **ઇજનેરી** અને **મેડિકલ** વિદ્યાર્થીઓની **સાધન–સહાય**નો દર ` **૩૦૦૦** થી વધારી અનુક્રમે ` **૫૦૦૦** અને ` **૧૦,૦૦૦** સુધી કરવામાં આવશે.
- મેડિકલ, એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓને **ફૂડ બીલ**માં સહાય ` **૬૦૦** થી વધારી **`૧૦૦૦** કરી યોજનાકીય જોગવાઈ ` **૪ કરોડ.**
- વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લોનની રકમ `૧૦ લાખ થી વધારીને `૧૫ લાખ કરી યોજનાકીય જોગવાઈ ` **૧૨ કરોડ.**
- વંચિત વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેની પ્રવેશ પરીક્ષાઓ તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે **કોચિંગ ક્લાસની સગવડ** ઉપલબ્ધ કરાવવા માટે માન્ય સંસ્થાઓને વિદ્યાર્થી દીઠ ` ૨૦,૦૦૦ની મર્યાદામાં સહાય આપવા માટેની **નવી યોજના** શરૂ કરવામાં આવશે.
- IAS, IPS, IRS જેવી ભારત સરકારની ઉચ્ચ સેવાઓમાં ભરતી માટેની UPSC પરીક્ષામાં પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરે, તેવા યુવકોને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે **`૫૦,૦૦૦,** અને તેમાં પાસ થાય, તો ઇન્ટરવ્યુની તૈયારી માટે ` **૨૫,૦૦૦** ની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત, રૂપિયા છ લાખથી ઓછી આવક ધરાવતા કુટુંબની **કોઇપણ જ્ઞાતિની યુવતી** પ્રિલિમિનરી કે મુખ્ય પરીક્ષા પાસ કરે તો, તેને અનુક્રમે ` ૬૦,૦૦૦ અને ` ૩૦,૦૦૦ ની સહાય આપવામાં આવશે.
- **કમર્શિયલ પાયલટની તાલીમ** માટે આપવામાં આવતી રાહત દરની લોનમાં **` ૨૦ લાખથી વધારો કરી ` ૨૫ લાખ** કરી યોજનાકીય જોગવાઈ ` **૩ કરોડ.**
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના **લાભાર્થીઓને વ્યવસાયના સ્થળ** માટે ૧૦ લાખ સુધીની બેન્ક લોન પર ૪ ટકાથી વધારાના વ્યાજની રકમ ત્રણ વર્ષ માટે રાજ્ય સરકાર ભોગવશે. તે માટે જોગવાઈ ` **૩ કરોડ.**

**સમાજ સુરક્ષા**

- સંત સુરદાસ યોજના હેઠળ તીવ્ર અશક્ત વ્યક્તિઓને આર્થિક સહાયની રકમ ` ૨૦૦ પ્રતિમાસથી વધારીને ` ૪૦૦ પ્રતિમાસ કરવા સાથે યોજનાકીય જોગવાઈ કુલ ` **૪કરોડ.**
- નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત નિરાધાર, ગરીબ લાભાર્થીઓને જીવનનિર્વાહ માટે સહાયની રકમ ` ૨૦૦ પ્રતિમાસથી વધારીને `૪૦૦ કરવાની સાથે ` **૨૧ કરોડ**ની જોગવાઈ.
- વિકલાંગને લગ્ન માટે આપવામાં આવતી સહાયની રકમ `૧૦,૦૦૦ થી બમણી કરી `૨૦,૦૦૦ કરવાનું આયોજન.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

- ચાર નવાં સરકારી કુમાર છાત્રાલય અને એક સરકારી કન્યા છાત્રાલયના બાંધકામ માટે ` **૪ કરોડ**ની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ માટેનાં અનુદાનિત **છાત્રાલયોની બેઠક ક્ષમતામાં ૨૦૦૦ નો વધારો** કરવામાં આવશે.
- પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૬૦,૦૦૦ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે `**૧૦૫ કરોડ**ની જોગવાઈ.
- મરણોત્તર સહાય યોજનાની રકમ `૨૫૦૦ થી બમણી કરી `૫૦૦૦ કરવાનું આયોજન.
- ૧૫ નવાં અનુદાનિત છાત્રાલયો શરૂ કરવાનું આયોજન.

**વિકસતી જાતિ કલ્યાણ**

- વિકસતી જાતિના પ્રાથમિક શાળામાં ભણતા અંદાજે ૪૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ગણવેશ સહાય આપવા માટે ` **૨૭૭ કરોડ**ની જોગવાઈ સૂચવવામાં આવી છે.
- **૨૫ નવાં અનુદાનિત છાત્રાલયો** શરૂ કરવામાં આવશે.
- વિકસતી જાતિ માટેનાં અનુદાનિત **છાત્રાલયોની ક્ષમતામાં ૩૦૦૦ નો વધારો** કરવામાં આવશે.

**આદિજાતિ વિકાસ**

**આદિજાતિ વિકાસ હેઠળ** વર્ષ ૨૦૧૩–૧૪ કરતાં **૪૪ ટકા**ના વધારા સાથે વર્ષ ૨૦૧૪–૧૫માં ` **૧૩૭૭ કરોડ**નું આયોજન.

- **ન્યુ ગુજરાત પેટર્ન** હેઠળ આદિજાતિ સમાજની જરૂરિયાતોને લગતાં વિવિધ વિકાસનાં કામો સ્થાનિક કક્ષાએ હાથ ધરવા માટે `**૩૮૨ કરોડ**ની જોગવાઈ.
- હળપતિ, આદિમજૂથ અને બોર્ડર વિલેજનાં ગામોમાં પાણી, રસ્તા, આવાસ, વીજળીકરણ, શિક્ષણ અને આર્થિક ઉત્કર્ષ માટે જોગવાઈ `**૯૫ કરોડ**.
- આદિજાતિના પરિવારોને ઘરઆંગણે પીવાના પાણી માટે નળ કનેક્શન આપવા માટે `**૨૦ કરોડ**ની જોગવાઈ.
- પશુપાલન વ્યવસાયના દસ હજાર લાભાર્થીઓ, જેમાં મોટા પ્રમાણમાં મહિલાઓ સામેલ છે, તેમને દૂધાળાં ઢોર ખરીદવા અને ડેરી ઉદ્યોગ સાથે જોડવા હાલની યોજનામાં સુધારો કરી, **યુનિટ કોસ્ટ `૩૯,૪૦૦ થી વધારી ` ૫૪,૪૦૦** કરવામાં આવશે. સરકાર દ્વારા લાભાર્થીને છ ટકાના વ્યાજના દરે `૨૦,૦૦૦ની લોન ઉપરાંત **પ્રથમ વખત `૧૫,૦૦૦ ની સહાય** પણ આપવાનું આયોજન છે, જેના માટે જોગવાઈ` **૧૫ કરોડ**.
- નાના–સીમાંત આદિજાતિ ખેડૂતોને ફળાઉ વૃક્ષોની ખેતી દ્વારા પૂરક આવક આપતી **વાડી યોજના** હેઠળ ફળાઉ રોપાઓ, ખાતર અને તાલીમ આપવા માટે `**૨૨ કરોડ**નું આયોજન.
- આદિજાતિ ખેડૂતો માટે **કૃષિ વૈવિધ્યીકરણ યોજના** હેઠળ ખાતર, બિયારણ અને તાલીમ આપવા માટે **જોગવાઈ `૪૪ કરોડ**.
- ૬૩,૦૦૦ થી વધુ આદિજાતિ ખેડૂતોને વન અધિકારપત્ર આપ્યા છે. તેઓ સારી રીતે ખેતી કરી શકે તે માટે જમીન સમથળ કરવા, સિંચાઇનાં કામો કરવા,

કૃષિવિષયક સહાય આપવા માટે ` **૯ કરોડ**ની જોગવાઈ.

- આદિજાતિ વિસ્તારમાં **હાટ બજાર** ઊભાં કરવા માટે જોગવાઈ ` **૪ કરોડ.**
- સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પ્લાસ્ટિક એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી સાથે PPP ધોરણે ધરમપુર, જિલ્લા વલસાડ ખાતે **નવું વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટર** ઊભું કરવાનું આયોજન.
- ગૌણ વન પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવા **રૂપિયા એક કરોડ**ની જોગવાઈ.
- સરકારી **ડ્રાય હોસ્ટેલ**માં રહેતા અનુસૂચિત આદિજાતિના વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી નિભાવ ગ્રાન્ટનો દર `**૬૦૦** થી વધારી `**૧૦૦૦** કરવામાં આવશે.
- કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં અભ્યાસ કરતા અનુસૂચિત આદિજાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી **ફૂડ બીલ સહાયનો** દર ` **૬૦૦** થી વધારી ` **૧૦૦૦** કરવામાં આવશે.
- **દૂધ સંજીવની યોજના** હેઠળ વધુ પાંચ આદિજાતિ તાલુકાઓ ઉમેરી કુલ ૧૨ તાલુકાના બે લાખ વિદ્યાર્થીઓ માટે દૂધનું વિતરણ કરવા માટે **`૧૬ કરોડની** જોગવાઈ
- વિદ્યાર્થીઓ માટેની **ટેલેન્ટ પૂલ યોજના** અન્વયે શ્રેષ્ઠતમ સંસ્થાઓને વિદ્યાર્થીદીઠ વાર્ષિક ` ૮૦,૦૦૦ ની રકમ આપવામાં આવશે.
- એકલવ્ય સોસાયટી સંચાલિત ગર્લ્સ રેસિડેન્સિયલ સ્કુલ, એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ તથા મોડેલ **શાળા અને હોસ્ટેલના બાંધકામ** તેમજ માળખાકીય સુવિધાઓ માટે ` **૫૯ કરોડ**ની જોગવાઈ.
- ગાંધીનગર, નવસારી, વાંસદા અને દાહોદ ખાતે **નવી સરકારી નિવાસી શાળાઓ** અને છાત્રાલયો બાંધવા માટે જોગવાઈ `**૨૫ કરોડ.**
- શિક્ષણનો વ્યાપ વધતાં, ગાંધીનગર, મહેસાણા, નિઝર, વ્યારા, બારડોલી, વાંકલ, ભિલાડ અને ધાનપુર ખાતે દસ **નવાં સરકારી કુમાર/કન્યા છાત્રાલયો** શરૂ કરવા માટે કુલ ` **૪ કરોડ**.
- સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત **પંદર નવાં ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો** શરૂ કરવા માટે **`૪૦ લાખ**.
- ખેરંચા, તાલુકો ભિલોડા ખાતે PPP ધોરણે ચાલતી **સૈનિક સ્કુલના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૦ થી વધારી ૫૦૦ કરવા** તેમજ માળખાકીય સુવિધાઓનાં કામો માટે જોગવાઈ ` **૧૦ કરોડ.**
- સ્થાનિક જરૂરિયાત મુજબ વિવિધ આદર્શ નિવાસી શાળામાં **ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના વર્ગો શરૂ** કરવામાં આવશે.
- ઉમરગામ તાલુકામાં નવી આદર્શ નિવાસી શાળામાં ધોરણ ૯ થી ૧૨ શરૂ કરવાનું આયોજન.
- ૧૦ ઉત્તર બુનિયાદી **આશ્રમશાળાઓમાં ધોરણ–૧૧ ના વર્ગો શરૂ** કરવાનું આયોજન.

**માર્ગ અને મકાન નિર્માણ**

- માર્ગ અને મકાન વિભાગ હેઠળ પ્લાન અને નોન–પ્લાનની જોગવાઈ ` **૭૯૫૧ કરોડ.**
- ગુજરાતના ગૌરવસમા વિસ્તૃત માર્ગોના માળખા થકી રાજ્યના તમામ વિસ્તારોને

આવરી લઈ ગુજરાતે સંકલિત માર્ગ વ્યવસ્થાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પૂર્વના આદિવાસી વિસ્તારોથી પશ્ચિમનાં બંદરો સુધી રસ્તા માળખાને ઊભું કરી વિકસિત અને વિકસતા વિસ્તારોને એક સુદૃઢ જોડાણ આપવાનો અભિગમ અપનાવેલ છે. રાજ્યના અપ્રતિમ વિકાસની સાથે માર્ગોના આ માળખાને સુદૃઢ અને સંગીન બનાવવા હાથ ધરાનારાં કામો પૈકી મુખ્ય કામગીરી આ મુજબ છે –

- રાજ્ય ધોરી માર્ગોને **દ્વિ–માર્ગીય** કરવા માટે **`૨૮૨ કરોડ**ની જોગવાઈ.
- અંદાજિત `૧૪૪૧ કરોડના ખર્ચે હાથ ધરાનાર, ૪૨૩ કિલોમીટર લંબાઈના **ફોર–લેન અને સિક્સ–લેન માર્ગોની** કામગીરી.
- `૧૫૩૪ કરોડના અંદાજિત ખર્ચના ૧૦૭૦ કિલોમીટર લંબાઈના **રસ્તાઓ ૧૦ મીટર પહોળા કરવાની કામગીરી.**
- `૪૭૩ કરોડની અંદાજિત રકમના ૩૯ પ્રગતિ હેઠળના અને અન્ય **પુલો** માટે **`૧૩૫ કરોડ**ની જોગવાઈ.
  - **ઓલપાડ અને ચોર્યાસી તાલુકાને જોડતા રસ્તા પર તેના ખાડી પર**નો પુલ.
  - હવે શરૂ થનાર પુલો પૈકી ભરુચ અંકલેશ્વરને જોડતા **ગોલ્ડન બ્રિજની બાજુમાં જૂના નેશનલ હાઈ–વે પર ફોર–લેન પુલ**, **ઉમરગામ–સંજાણ–ભીલાડ રોડ પર ગદુરખાડી પર પુલ**.

- PPP ધોરણે **`૧૫૮૦ કરોડ**ના ખર્ચે ૧૭૮ કિલોમીટર લંબાઈના માર્ગોને **ફોર–લેન કરવાની** કામગીરી પ્રગતિમાં છે, તેમજ **`૧૧૫૩ કરોડ**ની અંદાજિત કિંમતે **૧૪૮ કિલોમીટર લંબાઈ**ના ફોર–લેન માર્ગોનું આયોજન છે.
- હયાત રસ્તામાં જરૂરિયાત પ્રમાણે રી–સરફેસનાં કામો માટે જોગવાઈ **`૪૯૧ કરોડ.**
- વિશ્વબેન્ક સહાયિત ગુજરાત રાજ્ય માર્ગ યોજના–૨ હેઠળ રસ્તાઓના સુદૃઢીકરણ માટે જોગવાઈ **`૩૪૦ કરોડ.**
- બિન–આદિજાતિ વિસ્તારના ૫૦૦ થી ઓછી વસતી ધરાવતા તેમજ આદિજાતિ વિસ્તારના ૨૫૦ થી ઓછી વસતી ધરાવતાં જોડી શકાય તેવાં ગામ કે પરાંના જોડાણ માટે **`૧૬૦ કરોડ**ની જોગવાઈ.
- ખેતપેદાશોના ઝડપી વહન માટે **કિસાનપથ** યોજના અન્વયે ગ્રામીણ માર્ગોની સુધારણા માટે **`૭૦ કરોડ**ની જોગવાઈ.
- મહાત્મા મંદિર ફેઝ–૨ માટે **`૧૨૦ કરોડ** તેમજ સ્વર્ણિમ પાર્ક માટે **`૨૪ કરોડ**ની જોગવાઈ.
- નવરચિત સાત જિલ્લાઓ તથા ૨૨ તાલુકાઓની રચના સાથે સેવાસદનના બાંધકામ માટે **`૫૧ કરોડ**ની જોગવાઈ.
  - **`૧૪૧ કરોડ**ની અંદાજિત રકમના ખર્ચે બોટાદ, મોડાસા અરવલ્લી, છોટા ઉદેપુર **સહિત સાત જિલ્લા સેવાસદનોની** કામગીરી પ્રગતિમાં છે.
  - **`૨૬૫ કરોડ**ની અંદાજિત રકમના ખર્ચે નસવાડી, મહુવા **સહિત ૨૬ તાલુકા સેવાસદનોની** કામગીરી પ્રગતિમાં છે.
  - તે સિવાય ઉપલેટા અને કડી ખાતે સેવાસદનનું કામ શરૂ કરવાનું આયોજન

છે.

- નવરચિત સાત જિલ્લા તથા ૨૨ તાલુકાઓમાં **અધિકારી અને કર્મચારીના રહેણાક** આવાસો માટે ` **૨૪ કરોડ**ની જોગવાઈ.

**ઊર્જા**

ઊર્જા ક્ષેત્રે ` **૫૦૬૭ કરોડનું આયોજન.**

- હયાત અને ભાવિ ઊર્જાની જરૂરિયાત ધ્યાને લઇ એક દાયકામાં રાજ્યમાં **૧૫,૦૬૦ મેગા વોટ વીજ ઉત્પાદન ક્ષમતાનો આયોજનબદ્ધ વધારો** કરવામાં આવ્યો છે.
- ગત બાર મહિનામાં ઉકાઇ અને ધુવારણ ખાતે કુલ ૮૭૬ મેગા વોટની ક્ષમતાના **વીજ ઉત્પાદન મથકો** શરૂ કરવામાં આવેલાં છે. સિક્કા અને ભાવનગર ખાતે અનુક્રમે ૫૦૦ મેગા વોટ અને ૨૫૦ મેગા વોટ ક્ષમતાનાં વીજ ઉત્પાદન મથકો કાર્યરત કરવાનું આયોજન.
- રાજ્યમાં `**૨૨૩૨ કરોડના ખર્ચે** નવા **૧૦૦ સબ–સ્ટેશનો અને ૨૦૪૨ સર્કિટ કિલોમીટર વીજ પ્રવહન લાઈનો** ઊભી કરવાનું આયોજન છે. જે પૈકી `**૧૩૦ કરો**ડની રકમ આદિજાતિ વિસ્તારનાં કામો માટે અને ` **૨૪૦ કરોડ** સાગરકિનારાના વિસ્તારો માટે ફાળવવામાં આવ્યા છે
- વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન ૯૭૪૫૯ કૃષિ વીજજોડાણ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં ૯૪૭૨૩ કૃષિ વીજજોડાણ આપવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન **એક લાખથી વધુ કૃષિ વીજજોડાણો** આપવા માટે`**૧૦૬૨ કરોડની** જોગવાઈ.
- કૃષિ ક્ષેત્રે પૂરતા દબાણથી ગુણવત્તાસભર વીજ પુરવઠો મળી રહે તે હેતુથી "કિસાન હિત ઊર્જા શકિત યોજના" (KHUSHY) અન્વયે `**૧૫૦ કરોડ**ની જોગવાઈ.
- રાજ્યના ૬૨,૦૦૦ ગરીબ પરિવારોને નિઃશુલ્ક ઘરગથ્થુ વીજ જોડાણ પૂરા પાડવા માટે ` **૪૦ કરોડની** જોગવાઈ.
- રાજ્યના લોકોને ખેતી અને પાણી પુરવઠા માટે વીજળી વાજબી ભાવે મળે તે માટે સહાયની જોગવાઈ ` **૩૯૨૦ કરોડ.**

**બિન પરંપરાગત ઊર્જા**

- કરજણ ખાતે ૧૦ મેગા વોટ કેનાલ આધારિત સોલર પ્રોજેકટ સ્થાપિત કરવાનું આયોજન છે.
- પ્રાયોગિક ધોરણે **ખેતીમાં ૧૦૦૦ સોલર પમ્પ** વસાવવા ખેડૂતોને સહાય આપવા માટે `**૫૦ કરોડ**ની જોગવાઈ.

**ઓઈલ અને ગેસ**

- ગુજરાત સરકારનું સાહસ GSPC દ્વારા કે.જી.બેસિનમાં ખૂબ પડકારરૂપ સંજોગોમાં **દરિયાના તળથી ૧૫૦૦૦ ફૂટ નીચેથી ગેસનું ઉત્પાદન** મેળવી, ગેસને સમુદ્રના કિનારા સુધી લઈ આવવાની કામગીરી સફળ રીતે પૂર્ણ કરવામાં આવી છે, જે રાજ્ય માટે ગૌરવની વાત છે. ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, ગેસનું

વ્યાપારિક ઉત્પાદન ટૂંક સમયમાં શરૂ કરવાની અપેક્ષા છે.

- ગુજરાત ગેસ કંપની અને GSPC ગેસનું મર્જર આ વર્ષે કરવામાં આવશે, જેથી તે **ગેસ વિતરણમાં દેશની સૌથી મોટી કંપની** તરીકે ઊભરી આવશે.
- રાજ્યમાં બધી જ કંપનીઓ ભેગી મળી ૨૨ જિલ્લાઓમાં ૧૩ લાખ ઘરજોડાણો સાથે **ગેસ વિતરણ**ની કામગીરી કરે છે, જે પૈકી આ સંયુક્ત કંપની ૧૭ જિલ્લાના હાલના ૯.૫૦ લાખ ઘરવપરાશના ગેસના ગ્રાહકો ઉપરાંત વધુ **૨.૧૩ લાખ જોડાણો** આપવાનું આયોજન કરશે. તેમજ **નવાં ૨૫ CNG સ્ટેશન** ઊભાં કરવામાં આવશે.
- રાજ્યના વધુ વિસ્તારોને ગેસ જોડાણો પૂરા પાડવા માટે GSPC ગેસ કંપનીની લાંબા સમયથી પડતર મંજૂરી તાજેતરમાં મળતાં, **જામનગર, ભાવનગર અને પૂર્વ અને પશ્ચિમ કચ્છ વિસ્તારોમાં ૫૦ હજાર ગેસ જોડાણો** આપવાની કામગીરી શરૂ કરાશે.
- ONGC દ્વારા ક્રૂડ ઓઇલ પર આપવામાં આવતી રોયલ્ટીના દર ગણવાની પદ્ધતિને બદલવાના કારણે, ગુજરાતને છેલ્લાં છ વર્ષમાં આવકમાં કુલ `૧૦,૦૦૦ કરોડનું ભારે નુકસાન થયું હતું. ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, નામદાર હાઇકોર્ટમાં રાજ્ય સરકારની તરફેણમાં ચુકાદો આવતાં ચાલુ વર્ષથી રાજ્યને **રોયલ્ટીની આવકમાં આશરે `૭૦૦ કરોડના બદલે `૨૦૦૦ કરોડના** નોંધપાત્ર **વધારા સાથે લગભગ `૨૭૦૦ કરોડની આવક** થવાનો અંદાજ છે.
- મુન્દ્રા ખાતે **નવા LNG ટર્મિનલના વિકાસ** માટેની જોગવાઈ**`૧૫૦ કરોડ.**

**ઔદ્યોગિક વિકાસ થકી રોજગારી અને સમૃદ્ધિ**

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ ` **૩૦૮૦ કરોડ**નું આયોજન.

ગુજરાતના યુવાધનને ઉદ્યોગો તરફ પ્રેરિત કરવા માટે અને રાજ્યમાં મોટા પ્રમાણમાં રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે **નાના અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન** આપવું એ રાજ્ય સરકારનો અભિગમ છે. તેને વધુ વેગ આપવા માટે **`૧૦૦ કરોડ**ની જોગવાઈ સાથે **લઘુઉદ્યોગ પ્રોત્સાહન યોજના** જાહેર કરું છું.

- અત્યાર સુધી રાજ્યમાં અંદાજે સાડા ચાર લાખ નાના, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો નોંધાયેલા છે. આગામી ત્રણ વર્ષમાં આશરે **એક લાખ નવા એકમો ઊભા કરવા આ મુજબનું પ્રોત્સાહન** પૂરું પાડવામાં આવશે.

**પાયાની આંતરમાળખાઓની સુવિધાઓથી સજ્જ પ્લોટ/શેડઃ**

- જમીન અને મકાનની કિંમતોમાં વધારો થતા માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખી, GIDC અને ખાનગી ડેવલપર દ્વારા માઇક્રો સ્મોલ ઔદ્યોગિક એકમો માટે ઊભી કરાનાર વસાહત અને તેમાં સંલગ્ન સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવશે.

## GIDC

- GIDC ની પૂર્ણ વિકસિત વસાહતોમાં હાલમાં કોઈ યોગ્ય પ્લોટ ખાલી હશે તો આવા ખાલી પ્લોટની હરાજી ન કરતાં **માઇક્રો સ્મોલ** ઔદ્યોગિક એકમોને ઉદ્યોગ શરૂ કરવા માટે **બહુમાળી બિલ્ડિંગ બનાવી આપવા**માં આવશે.
- હયાત એસ્ટેટમાં જગ્યાની ઉપલબ્ધતા ધ્યાને લઈ નાના એકમો માટે **અલાયદી**

**જગ્યા ફાળવવા**માં આવશે.

- રાજ્યમાં જરૂરિયાત પ્રમાણે **માઈક્રો સ્મોલ** એકમો માટે GIDC દ્વારા ૫૦ હેક્ટર સુધીની **નવી ખાસ વસાહતો ઊભી કરવા**માં આવશે.
- ઉપર્યુક્ત યોજના હેઠળ **માઈક્રો સ્મોલ** એકમોને GIDC માં શેડ / પ્લોટ વાજબી દરે મળે તે માટે **પચાસ ટકાની રકમ રાજ્ય સરકાર ભોગવશે**.

**ખાનગી ડેવલપર**

- માઈક્રો અને સ્મોલ ઔદ્યોગિક એકમો માટે એક અથવા બે હેક્ટરની મર્યાદામાં અંદાજે ૫૦૦ ચોરસ ફીટની જગ્યા ધરાવતા રો-હાઉસ (ગાળા) જેવા શેડ ખાનગી ડેવલપર દ્વારા બનાવવામાં આવશે તો આવા ડેવલપરને **કેપિટલ કોસ્ટમાં ૫૦ ટકા સુધીની સહાય** આપવામાં આવશે.

**ભાડે શેડ માટે સહાય યોજના**

- MSME ઔદ્યોગિક એકમો તૈયાર શેડ ભાડા પર લેશે તો ભાડાની રકમના ૫૦ ટકા જેટલી સહાય ત્રણ વર્ષ માટે શહેરી વિસ્તારમાં ` ૫૦,૦૦૦ ની વાર્ષિક મર્યાદા અને ગ્રામ્ય વિસ્તારમાં ` ૨૫,૦૦૦ ની વાર્ષિક મર્યાદામાં આપવામાં આવશે.
- મીઠા ઉદ્યોગ લગભગ ૬૦,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડે છે. મીઠાનું ઉત્પાદન કરતા **અગરિયાઓને ડિઝલ એન્જિનના વિકલ્પ તરીકે સોલર પંપ વસાવવા માટે સહાય** આપવા **`૧૦ કરોડ**ની જોગવાઈ.

**ઔદ્યોગિક મૂડીરોકાણ**

વર્ષ ૨૦૦૩થી શરૂ કરવામાં આવેલા **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ**ના આયોજનો દ્વારા ગુજરાતમાં દેશ-વિદેશમાંથી મોટા પ્રમાણમાં રોકાણ થયું છે, જેના કારણે રાજ્યમાં વિપુલ માત્રામાં રોજગારીની તકો ઉપલબ્ધ થઈ છે અને ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

- **વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૫** અને તેને સંલગ્ન વર્ષ દરમિયાન હવે પછી થનાર ૧૦૭ જેટલા સેમિનાર / સમિટનું આયોજન કરવામાં આવશે.
- **પ્રવાસી ભારતીય દિવસ**

  વર્ષ ૨૦૦૩ થી દર વર્ષે તારીખ ૭-૯ જાન્યુઆરી દરમ્યાન ભારત સરકાર દ્વારા **પ્રવાસી ભારતીય દિવસ** ઉજવવામાં આવે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ૧૯૧૫માં પરદેશથી ભારત પાછા ફર્યા તે ઘટનાને સને-૨૦૧૫માં ૧૦૦ વર્ષ પૂરાં થાય છે, ત્યારે **પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ આધુનિક ગુજરાતની ઓળખ સમા મહાત્મા મંદિરમાં ઉજવવાનું કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે,** જે ગુજરાત માટે ગૌરવપ્રદ ઘટના છે.
- ગુજરાત રાજ્ય પેટ્રોકેમિકલ્સ હબ રહેલું છે અને તેના કારણે રાજ્યમાં પ્લાસ્ટિક ક્ષેત્રે ઉદ્યોગોનો ઘણો સારો વિકાસ થયેલ છે. આ ક્ષેત્રનો વધુ વિકાસ થાય તે માટે, એક લાખ ચોરસ મીટર વિસ્તારમાં **ઈન્ડિયા પ્લાસ્ટ પ્રદર્શન કમ સેમિનાર-૨૦૧૫**નું આયોજન કરવામાં આવનાર છે.
- ગુજરાતમાં રોકાણ કરવા ઈચ્છુક વિદેશી રોકાણકારોની સરળતા અને માહિતીની અસરકારક આપ-લે કરવા માટે અમેરિકા, સિંગાપુર, જાપાન, કેનેડા, ચીનમાં

રાજય સરકાર દ્વારા **ઈન્ટરનેશનલ ડેસ્ક**ની રચના કરવામાં આવશે.

- ધોલેરાના ભાવિ વિકાસના ભાગરૂપે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના ધોરણે ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ વિકસાવાશે. તેના માટે `**૧૦ કરોડ**ની જોગવાઈ.
- DMIC ના વિસ્તાર વિકાસ માટે ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ કોરીડોર કંપનીમાં ` **૨૬૬ કરોડ**ના મૂડીરોકાણની જોગવાઈ સૂચવેલી છે.
- રાજ્યમાં આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં **ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર** પૂરું પાડવા માટે જોગવાઈ` **૨૪૪ કરોડ.**
- અંદાજે `**૫૦ કરોડ**ના ખર્ચે વડોદરા ખાતે વિશ્વ કક્ષાનું **કન્વેન્શન સેન્ટર** ઊભું કરવાનું આયોજન છે.
- રાજ્યમાં નાના અને મધ્યમ કક્ષાના એકમોને વ્યાજ સહાય, ગુણવત્તાનું પ્રમાણીકરણ તથા અન્ય પ્રોત્સાહક યોજનાઓ માટે જોગવાઈ` **૩૨૦ કરોડ**.

**ટેક્સટાઇલ ઉદ્યોગ**

- **ટેક્સટાઇલ નીતિ–૨૦૧૨ને** સારો પ્રતિસાદ સાંપડ્યો છે. તેમાં કોટન સ્પિનિંગ અને વીવિંગ એકમોને વિવિધ પ્રોત્સાહક સહાય આપવા **કુલ `૧૫૦ કરોડની** જોગવાઈ.
- ટેક્સટાઇલ ઉદ્યોગના નવા એકમોની સ્થાપના મોટા પ્રમાણમાં થઈ રહી છે, ત્યારે તેને અનુરૂપ **કૌશલ્યવર્ધન** માટે **ઈન્ટિગ્રેટેડ સ્કિલ ડેવલપમેન્ટ સ્કીમ** હેઠળ તાલીમ આપવા માટે ` **૨૦ કરોડ**નું આયોજન.

**પ્રવાસન અને યાત્રાધામ માટે કુલ `૬૫૦ કરોડનું આયોજન છે.**

- **સ્પિરિચ્યુઅલ ટુરિઝમ**ના વિકાસ માટે મુખ્યત્વે ચાણોદ કરનાળી, ઉત્કંઠેશ્વર, ગલતેશ્વર , કલેશ્વરી, કેદાર (મહીસાગર)ના સર્વાંગી વિકાસ માટે `**૪૬ કરોડ**નું આયોજન.
- દેશ–વિદેશના લાખો શ્રદ્ધાળુઓને સુવિધા પૂરી પાડવા યાત્રાધામોના આંતરમાળખાકીય અને અન્ય કામો માટે `**૧૦૦ કરોડ**નું આયોજન.
- પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાને લઈ સાપુતારાના વિકાસ માટે `**૨૦ કરોડ**ની જોગવાઈ.
- **કોસ્ટલ ટુરિઝમ** અને **બીચ ડેવલપમેન્ટ** માટે મુખ્યત્વે ગોપનાથ, પોરબંદર, ડુમસ, સિક્કા, તિથલ અને નારગોલના સર્વાંગી વિકાસ માટે ` **૨૫ કરોડ**નું આયોજન.
- ગુજરાતના જુદા જુદા **ઈકો ટુરિઝમ અને ડેમ સાઈટના** પર્યાવરણને અનુરૂપ વેળાવદર, એન્જાલ,બજાણાં, કીલાદ–મહાલ, ઉકાઈ ડેમ, કડાણા ડેમ અને ધરોઈ ડેમ વિકાસ તથા વિજયનગરનાં પોળો જેવાં સ્થળોના વિકાસનું ` **૮૧ કરોડનું** આયોજન છે.
- **વે–સાઈડ એમિનીટીસની સગવડ** ઊભી કરવા ગુજરાતના ૧૫ જુદાં જુદાં સ્થળે પાયાની સુવિધાઓ માટે ` **૧૫ કરોડનું** આયોજન.
- સોમનાથ, પાટણ ખાતેની રાણકી વાવ, સરખેજ રોજા (અમદાવાદ) અને ચાંપાનેર – પાવાગઢ ખાતે સંસ્કૃતિની ઝાંખી દર્શાવતા **લાઈટ એન્ડ સાઉન્ડ શો**

માટે ` **૧૫ કરોડનું** આયોજન.

- પ્રવાસન સ્થળોએ **સ્વચ્છતાની જાળવણી** માટે `**૧૦ કરોડ**ની જોગવાઈ.
- PPP ધોરણે `૩૫ કરોડના ખર્ચે વડોદરાના પ્રખ્યાત **આજવા ડેમ ખાતે મ્યુઝિકલ ગાર્ડન** વિકસાવવા માટે `**૧૫ કરોડ**નું આયોજન.

**નાગરિક ઉડ્ડયન**

- રાજ્યમાં આવેલ **નાનાં શહેરો વચ્ચે હવાઈ સેવા** પૂરી પાડવા માટે પ્રોત્સાહન આપવા માટે વાયેબિલિટી ગેપ ફન્ડિંગ યોજના હેઠળ ` **૨૦ કરોડ**ની જોગવાઈ.
- રાજ્યમાં આવેલ અંકલેશ્વર, પાલીતાણા અને મોરબીમાં **એર સ્ટ્રિપ વિકસાવવા** માટે `**૧૨૩ કરોડ**ની જોગવાઈ.
- દ્વારકા અને દાંતા (અંબાજી) ખાતે **એર સ્ટ્રિપ માટે જમીન સંપાદન** કરવા માટે ` **૧૮ કરોડ**ની જોગવાઈ.
- ગુજરાતમાં **એર–શો** નું આયોજન કરવા માટે ` **એક કરોડ**ની જોગવાઈ.

**કુટિર અને ગ્રામોદ્યોગ**

- ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી ઊભી કરવા માટે કુટિર ઉદ્યોગનું મહત્ત્વનું સ્થાન છે. આથી કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે ગત વર્ષના `૧૭૦ કરોડની સરખામણીએ ચાલુ વર્ષે ૭૬ ટકાના વધારા સાથે કુલ ` **૨૯૯ કરોડ**ની જોગવાઈ.
- કુટિર ઉદ્યોગ હેઠળના હસ્તકલા અને હાથસાળના કારીગરોને હાલમાં પોતાના ધંધા માટે તથા કાચા માલ માટે ખાનગી વ્યક્તિઓ પાસેથી ઊંચા વ્યાજે ધિરાણ મેળવવું પડે છે. તેના નિરાકરણ માટે **"દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના"** હું જાહેર કરું છું, જે અંતર્ગત આવા કારીગરોને રાજ્ય સરકાર બેન્કોમાંથી રૂપિયા એક લાખ સુધીનું ધિરાણ મેળવવા મદદરૂપ થશે અને જરૂર પડશે ત્યાં રાજ્ય સરકાર ગેરન્ટી આપશે. બેન્ક ધિરાણ ઉપર ૭ ટકા વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે આપવાનું આયોજન છે, જેનો લાભ અંદાજે ૫૦ હજાર કારીગરોને મળશે.
- કુટિર ઉદ્યોગ, હાથસાળ અને હસ્તકલા કારીગરોના આ ઉત્પાદિત માલને બજાર મળી રહે તે હેતુથી ત્રણ વર્ષમાં **૧૦૦ નવા ગુર્જરી એમ્પોરિયમ** દેશમાં ઊભા કરવા તેમજ ગરવી ગુર્જરી બ્રાન્ડ પ્રમોશન, ક્રાફ્ટ બિઝનસ સેન્ટરની સ્થાપના, ઓન–લાઈન માર્કેટિંગ માટેના વેબ પોર્ટલ, તેમજ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય બાયર–સેલર મિટના આયોજન જેવાં કામો માટે કુલ `**૨૪ કરોડ**ની જોગવાઈ કરેલી છે.
- રાજ્યના હાથ વણાટ અને ખાદી વણતા કારીગરોને પ્રોત્સાહન આપવા માટે **૧૦૦૦ નવા અંબર ચરખા** અને **૧૦૦ નવી હાથસાળ ૬૫ ટકા સહાય**ના ધોરણે આપવાનું આયોજન.
- કુંભારી કામના કારીગરોને માટીનાં વાસણો પકવવા માટે પરંપરાગત સાધનોને બદલે સામૂહિક ધોરણે આધુનિક સાધનો/ભઠ્ઠી બનાવવા માટે ` **એક કરોડ**ની જોગવાઈ.
- રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના બેરોજગાર યુવક–યુવતીઓને સ્વરોજગાર

પૂરા પાડવા **શ્રી બાજપાઇ બેંકેબલ યોજના** અમલમાં છે. આ યોજનામાં –

- **ઉદ્યોગ ક્ષેત્ર** માટે **લોન**ની મર્યાદા ` **૫ લાખથી વધારીને ` ૮ લાખ** અને સહાયની મર્યાદા ` **૩૦ હજારથી વધારીને ` ૬૦ હજાર** કરવામાં આવશે.
- **સેવા ક્ષેત્ર** માટે **લોન**ની મર્યાદા ` **૫ લાખથી વધારીને ` ૬ લાખ** અને સહાયની મર્યાદા ` **૧૫ હજારથી વધારીને ` ૩૦ હજાર** કરવામાં આવશે.
- **વેપાર ક્ષેત્ર** માટે **લોન**ની મર્યાદા ` **૨ લાખ થી વધારીને ` ૩ લાખ** અને સહાયની મર્યાદા ` **૧૦ હજારથી વધારીને ` ૨૦ હજાર** કરવામાં આવશે.

**બંદરો અને વાહનવ્યવહાર**

➢ માર્ગ પરિવહનમાં રાજ્યમાં એસ.ટી. નિગમનો ખૂબ મોટો ફાળો છે. દરરોજ અંદાજે ૨૪ લાખ નાગરિકોને બસની સેવા પૂરી પાડતા એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોને વધુ સારી સુવિધા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર નિગમને કુલ ` **૧૪૦૦ કરોડ**ની સહાય, લોન અને મૂડી પૂરી પાડે છે. જેમાં વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન,

- ગ્રામ્ય જોડાણ મજબૂત થાય તે હેતુથી ૯૫૦ નવી એસ.ટી.બસો સંચાલનમાં મૂકવા `**૧૯૦ કરોડ**
- જિલ્લા અને તાલુકા મથકના હયાત **બસ સ્ટેશનોનું મુસાફરલક્ષી સુવિધા સાથે આધુનિકીકરણ** કરવા માટે `**૯૦ કરોડ**નું આયોજન.
- નિગમમાં કોમ્પ્યુટરાઇઝેશન અને અદ્યતન ટેકનોલોજીનો વપરાશ કરી બસ સંચાલનની કામગીરી અસરકારક બનાવવા `**૧૪ કરોડ.**

➢ એસ.ટી. નિગમને, વિદ્યાર્થીઓને આપવામાં આવતા કન્સેશન પાસ તેમજ તમામ ગામડાંઓને એસ.ટી.નાં જોડાણ પૂરાં પાડવા ` **૭૧૪ કરોડ**ની સહાય.

➢ સુરત, અમદાવાદ, મહેસાણામાં PPP ધોરણે આધુનિક બસ સ્ટેન્ડનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

➢ ગુજરાતમાં ખાનગી વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. તેથી આર.ટી.ઓ.ના તંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે ––

- નવાં વાહનની નોંધણી માટે હાલની વાહન રજિસ્ટ્રેશનના સ્માર્ટકાર્ડ, આર.સી. તથા ડ્રાઈવિંગ લાયસન્સની વિતરણ વ્યવસ્થા સુદ્રઢ કરવા `**૧૯ કરોડ**ની જોગવાઈ
- નવરચિત જિલ્લાઓમાં આર.ટી.ઓ. કચેરી કાર્યરત કરવા માટે ` **એક કરોડ**ની જોગવાઈ

**પાણી પુરવઠા**

પાણી પુરવઠા ક્ષેત્રે ` **૩૦૦૧ કરોડ**નું આયોજન સૂચવેલ છે.

➢ રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણીની ઉપલબ્ધતાની સઘન સમીક્ષા કરી જરૂરિયાત મુજબ પાણી પુરવઠાની સુવિધા વધુ સુદ્રઢ કરવા માટે અંદાજે `**૧૧૦૦ કરોડ**ના ખર્ચના પ્રોજેક્ટોનું આયોજન હાથ ધરવામાં આવશે.

➢ ગ્રામ્ય કક્ષાએ પાણી વિતરણ વ્યવસ્થાપનમાં મહિલાઓની ભાગીદારીમાં તેમજ સક્રિયતામાં વધારો થાય અને સક્ષમતાથી નિર્ણય લઈ શકે તે હેતુથી **વાસ્મો**

**યોજના** અન્વયે "**મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના**" સ્વરૂપે નવી પહેલનું આયોજન છે.

- કચ્છ જિલ્લામાં ભૂગર્ભ જળની સપાટી વધારવા **બ્લેન્કેટ રિચાર્જના અમલીકરણની શક્યતા તપાસવા અભ્યાસ હાથ ધરવાનું આયોજન.**
- કચ્છ જિલ્લાના અછતગ્રસ્ત લખપત તેમજ અબડાસા તાલુકાઓમાં પીવાના પાણીના પ્રશ્નોનો કાયમી ધોરણે ઉકેલ લાવવા રી–મોડેલિંગ પાણી પુરવઠા યોજનાનો પ્રોજેક્ટ હાથ ધરવાનું આયોજન છે.
- નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાના છેલ્લા તબક્કાને પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેના દ્વારા ભાવનગર, અમરેલી, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાનાં લગભગ ૨૬૦૦ ગામો અને ૪૨ શહેરોને પાણી પુરવઠો આપવાનું સુદ્દઢ આયોજન કરવામાં આવશે.
- **વડોદરા શહેરની આજવા નિમેટા પાણી પુરવઠા યોજના હેઠળ** અડીરણ ખાતે નવું તળાવ, નિમેટા ખાતે પાણી શુદ્ધીકરણ પ્લાન્ટ તેમજ આજવાથી વડોદરા શહેરની હદ સુધી નવી ફીડર લાઇનનાં કામો `**૫૦ કરોડ**ના ખર્ચે હાથ ધરવામાં આવશે.

**પંચાયત અને ગ્રામ વિકાસ**

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ ` **૫૮૧૮ કરોડ**ની જોગવાઈ.

**સરદાર આવાસ યોજના –૨**

- રાજ્યમાં ૦ થી ૨૦ ની ગરીબી રેખા નીચે આવતા મોટા ભાગના ગરીબ પરિવારોને રાજ્ય સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં સઘન ઝુંબેશ ઉપાડી, સાત લાખ કુટુંબોને ઘર માટેના પ્લોટ અને તેના પર મકાન બાંધવા માટેની આર્થિક સહાય આપી છે.
- હવે સરકારે નવો અભિગમ અપનાવી જેઓ બી.પી.એલ.ની વ્યાખ્યામાં નથી આવતા પરંતુ પોતાની માલિકીની જમીન પર કાચા ઘરમાં રહેતા હોય તેવા પરિવારોને પણ તબક્કાવાર પાકાં મકાનો બનાવવાની સહાય પૂરી પાડવાના હેતુથી **સરદાર આવાસ યોજના – ૨** શરૂ કરી છે.
- આ યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨૧ થી ૨૮ ગુણાંકના લાભાર્થીઓને અગ્રતા આપી અંદાજે ત્રણ લાખ કુટુંબોને લાભાર્થી દીઠ `૪૦,૦૦૦ ની સહાય આપવામાં આવશે, જેના માટે જોગવાઈ ` **૭૪૪ કરોડ.**
- **હળપતિ આવાસ યોજના** હેઠળ મુખ્યત્વે દક્ષિણ ગુજરાતમાં વસતા હળપતિ સમાજના વર્ષો પહેલા બંધાયેલ આવાસોને નવેસરથી બનાવવા આવાસની યુનિટ કોસ્ટ `૪૫,૦૦૦ થી વધારીને `૭૦,૦૦૦ કરવામાં આવેલી છે.
- અમારી સરકાર ૧૦૯૮ **ગરીબ કલ્યાણ મેળાઓ** યોજી, અત્યાર સુધીમાં **૮૧ લાખ લાભાર્થીઓને** સરકારની વિવિધ યોજનાઓના ` **૧૨,૦૦૦ કરોડ**ના લાભો ઝડપથી હાથોહાથ અને પારદર્શિતાથી પહોંચાડવામાં સફળ રહી છે. આ વર્ષે ગ્રામ્ય વિસ્તારમાં **૧૧૬ અને મહાનગર પાલિકા વિસ્તારમાં ૧૨ મેળાઓનું આયોજન** છે.
- રાજ્યની ૧૩૬૮૫ ગ્રામ પંચાયતમાં **ઈ–ગ્રામ વિશ્વગ્રામ યોજના** હેઠળ ઈન્ટરનેટના

માધ્યમથી ગ્રામલોકોને વિવિધ **સેવાઓ ઘર આંગણે પૂરી પાડવા**માં આવે છે. આ સેવાઓનો વ્યાપ વધારી અને વધુ સઘન બનાવી **સ્માર્ટ ઈ–ગ્રામ સેન્ટર** બનાવવા માટે `**૮૦ કરોડ**ની જોગવાઈ.

- **રર્બન યોજના** અંતર્ગત પસંદ કરેલાં ૨૫૫ ગામોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા, વગેરે કામો માટે જોગવાઈ `૧૩૦ કરોડથી વધારી `**૨૦૦ કરોડ**.
- **સમરસ યોજના** માટે જોગવાઈ ` **૧૫ કરોડ**.
- શહેરોની બહારના **આઉટગ્રોથ (ઓ.જી.) વિસ્તારોમાં પીવાના પાણી**ની અને આંતરમાળખાકીય સુવિધાઓ આપવા માટેનું આયોજન હાથ ધરાશે.
- **મિશન મંગલમ્** યોજના થકી મહિલાઓએ `૧૪૬૬ કરોડના સ્વસંચાલિત આર્થિક કારોબારનું નિર્માણ કરેલું છે, જેને આગળ ધપાવવામાં આવશે.
- **મનરેગા યોજના** હેઠળ ૨૩૨ લાખ માનવદિન રોજગારી ઊભી કરવા માટે ` **૬૯૬ કરોડની** જોગવાઈ.
- **ઈન્દિરા આવાસ યોજના** હેઠળ ૩૪,૦૦૦ લાભાર્થીઓને આવાસ માટે સહાય આપવા માટે `**૨૪૮** કરોડની જોગવાઈ.
- **માઈક્રો વોટરશેડ** ની પ્રવૃત્તિઓ માટે ` **૨૮** કરોડની જોગવાઈ.
- નવા રચાયેલા જિલ્લા અને તાલુકાઓની પંચાયતોનાં મકાનો માટે જોગવાઈ ` **૪૦ કરોડ.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ** માટે પ્લાન અને નોન–પ્લાનમાં ` **૯૬૨૪ કરોડ** સૂચવેલ છે.

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** હેઠળ કુલ જોગવાઈ `**૩૫૫૦ કરોડ.** જેમાં–

- શહેરોમાં **પીવાનું શુદ્ધ પાણી અને ભૂગર્ભ ગટર યોજના**ના કામો માટે, **આંતરમાળખાકીય અને નાગરિક સુવિધાઓ, આંતરિક પરિવહન અને આગવી ઓળખ ઊભી થાય** તેવાં કામો લેવામાં આવશે.
- શહેરની સોસાયટીઓમાં સીસી રસ્તા, પાણીની લાઇનો, સ્ટ્રીટ લાઇટ, ફૂટપાથ જેવી સગવડો આપતાં કામોની રાજ્ય સરકારની ૮૦ ટકા ગ્રાન્ટ ૨૦ ટકા લોકફાળાની યોજનાને વ્યાપક આવકાર મળ્યો છે. તેને વધુ વેગ આપવા માટે ` **૨૫૦ કરોડ**ની જોગવાઈ.
- **અમદાવાદ મેટ્રો પ્રોજેકટ** ફેઝ–૧નું કામ આ વર્ષે શરૂ કરવામાં આવનાર છે, જેના માટે ` **૨૫૦ કરોડની** જોગવાઈ.
- વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર શહેરોના **રિંગ રોડ** બનાવવા માટે `**૧૦૦ કરોડ**.

**શહેરી આવાસ**

- **મુખ્યમંત્રી ગૃહ યોજનાના** ભાગ રૂપે વિવિધ આવક જૂથ માટે આ વર્ષે લગભગ **૩ લાખ થી વધુ આવાસ** ઉપલબ્ધ કરાવવા `**૧૧૫૩ કરોડની** જોગવાઈ.

- ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા **જૂની વસાહતોના મકાનો નવનિર્મિત કરવાની** યોજના માટે વાયેબિલિટી ગેપ ફંડિંગના હેતુથી `**૧૦ કરોડની** જોગવાઈ.

**શહેરોમાં કૌશલ્યવર્ધન અને આજીવિકા**

- રાજ્યના શહેરી વિસ્તારોમાં **મિશન મંગલમ્** હેઠળ મહિલાઓના સશક્તીકરણની પ્રવૃત્તિઓ, **ઉમ્મીદ કાર્યક્રમ** અને National Urban Livelihood Mission હેઠળ શહેરી ગરીબ યુવાનોને તાલીમ આપી રોજગારીમાં જોડવા માટે `**૨૫ કરોડ.**
- મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની વિવિધ પ્રકારની સેવાઓ ઓનલાઇન મળતી થાય તે માટે **ઈ–નગર યોજના** અન્વયે ` **૭ કરોડ**ની જોગવાઈ.
- **નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાના વેબ પોર્ટલ**નો પ્રારંભ કરી વિકાસ નક્શા, નગર રચના યોજનાને લગતી માહિતી અને જમીનના મૂલ્યાંકનની પદ્ધતિને લગતી માહિતી નાગરિકોને સરળતાથી ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

**મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન**

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અનેક પ્રકારનાં લોકઅભિયાનો ચલાવ્યાં હતાં. તે પૈકી સ્વચ્છતા અભિયાનને લોકજન્ય બનાવી દરેક વ્યક્તિ સ્વસ્થ રહે, સ્વાવલંબી બને અને પોતાના ગામ કે નગરમાં પણ સ્વચ્છતા, આરોગ્ય જેવી સામાજિક કામગીરીમાં સક્રિય બને તે માટે તેઓ આગ્રહ રાખતા.
- વર્ષ ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી આવી રહી છે, તેના નિમિત્તે અમારી સરકારે પણ સ્વચ્છતા માટેના આંદોલનને વ્યાપક સ્વરૂપ આપી અમલમાં મૂકવાનો નિર્ધાર કર્યો છે. ગાંધીવિચારને બળવત્તર બનાવવા શહેરી વિકાસ વિભાગ તેમજ પંચાયત અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અમલમાં મૂક્યું છે.
- તમામ શહેરો, નગરો અને ગામોની સ્વચ્છતાનાં વિવિધ પાસાંને આવરી લઈ, ૨૦૧૪–૧૫ થી ૨૦૧૮–૧૯ સુધીના પાંચ વર્ષ માટે તબક્કાવાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનો નિર્ધાર કરેલ છે.

- આ યોજનામાં શહેરોમાં
  - ૧૦૦ ટકા સફાઈ, ઘરે–ઘરેથી કચરાનું એકત્રીકરણ, ઘન અને પ્રવાહી કચરાનું પરિવહન, કચરાનો વૈજ્ઞાનિક ઢબે વૈકલ્પિક ઉપયોગ અને નિકાલનાં કામો હાથ ધરાશે.
  - શહેરી વિસ્તારોમાં બે લાખ પરિવારોને વ્યક્તિગત શૌચાલયના નિર્માણ માટે પ્રતિ યુનિટ `૮૦૦૦ ની સહાય આપવા માટે જોગવાઈ `**૧૬૦ કરોડ**.
  - સામૂહિક ટોઈલેટ / પે એન્ડ યુઝ ટોઈલેટનું બાંધકામ, ઝીરો વેસ્ટ પોલિસી, જનજાગૃતિ અભિયાન, ઈકો ફ્રેન્ડલી સ્મશાનગૃહ, વગેરે કામો હાથ ધરવામાં આવશે.
- શહેરી વિસ્તારોના આ કાર્યક્રમ માટે ` **૨૯૦ કરોડની** જોગવાઈ.

- ગ્રામ્ય વિસ્તારમાં **મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન** હેઠળ સંપૂર્ણ સ્વચ્છતા માટે એક લાખ બી.પી.એલ. કુટુંબોને, ત્રણ લાખ એ.પી.એલ. કુટુંબોને શૌચાલય માટે સહાય તથા ૭૭૦૦ શાળામાં વધારાનાં શૌચાલયો અને ૨૮૦૦ ગામોમાં સોલિડ લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટના કામો માટે ` **૨૬૭ કરોડની** જોગવાઈ કરેલ છે.

- **સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના** અંતર્ગત ગ્રામ સફાઈ વ્યવસ્થાને સુદૃઢ કરવા માટે આ વર્ષે રાજ્ય સરકારે ગામોને આપવામાં આવતી પ્રોત્સાહક ગ્રાન્ટની રકમ બમણી કરવાનો નિર્ણય કર્યો છે, જેના માટે ` **૬૬ કરોડની** જોગવાઈ.

- નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં **ઓક્ટ્રોયની નાબૂદી બાદ રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ગ્રાન્ટ** આપવામાં આવે છે. નગરપાલિકાને ગ્રાન્ટના દરમાં સમયાંતરે વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ મહાનગરપાલિકાઓ માટે વર્ષ ૨૦૦૮ પછી પહેલી વખત ગ્રાન્ટની રકમમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. મને જણાવતાં આનંદ થાય છે કે અમારી સરકારે આ વર્ષ માટે હાલ મળતી ગ્રાન્ટ પર–

  - નગરપાલિકાઓને ૧૦ ટકા વધારો
  - અમદાવાદ, વડોદરા અને સુરતને ૧૫ ટકા વધારો
  - રાજકોટને ૨૦ ટકા વધારો તેમજ
  - જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરને ૨૫ ટકા વધારો આપવાનું નક્કી કર્યું છે.

  આમ, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય સામેની ગ્રાન્ટમાં કુલ `**૩૨૪ કરોડ**ના વધારા સાથે, આ વર્ષે `**૨૫૧૧ કરોડ** ફાળવવામાં આવશે.

**અન્ન અને નાગરિક પુરવઠા માટે પ્લાન અને નોન–પ્લાન હેઠળ ` ૫૫૪ કરોડની જોગવાઈ.**

- રાજ્યના નાગરિકોને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ઘઉં અને ચોખાનું વાજબી ભાવે વિતરણ કરવા માટે `**૧૧૯ કરોડ.**

- National Food Security Act પ્રમાણે રેશનકાર્ડ તૈયાર કરવા તેમજ બારકોડેડ કુપન પદ્ધતિને સુદૃઢ બનાવવા માટે જોગવાઈ `**૭૦ કરોડ.**

- રાજ્યનાં ગરીબ કુટુંબોને ખાંડ અને તેલ વાજબી ભાવે મળી રહે તે માટે `**૭૬ કરોડ**.

- રાજયના શહેરી વિસ્તારોમાં ઝોનલ કચેરીઓ બનાવી પુરવઠા તંત્રનું સુદૃઢીકરણ કરવા માટે જોગવાઈ ` **એક કરોડ.**

**મહેસૂલ વિભાગ**

- મહેસૂલ વિભાગ હેઠળ પ્લાન સદરે ` **૮૦૦ કરોડ** સહિત કુલ જોગવાઈ ` **૨૫૭૫ કરોડ.**

- ખેડૂત ખાતેદારોને મહેસૂલી રેકર્ડની નકલો જે માત્ર તેઓના સંબંધિત ઇ–ધરા અથવા ઇ–ગ્રામ કેન્દ્ર પરથી જ મળી શકતી હતી, તે હવે સમગ્ર રાજ્યમાં કોઇ પણ ઇ–ધરા કે ઇ–ગ્રામ કેન્દ્ર ખાતેથી મેળવી શકે છે.

- **હવે તે જ પ્રમાણે આ વર્ષે શહેરી વિસ્તારમાં પણ ૪૩૩ સિટી સરવે કચેરી**ઓને

જી–સ્વાન કનકટિવિટી, તમામ જિલ્લામાં રી–સરવે કરી ખાતેદારને ચોકકસ અને ડિજીટલ રેકર્ડ પૂરો પાડવા અને તેના રેકર્ડ અને નકશા નિભાવવા `**૧૫૭ કરોડ**ની જોગવાઈ.

- સાબરકાંઠા અને સુરત જિલ્લાની **સિટી સરવે કચેરીઓના બાંધકામ** તથા **દીનદયાળ મોજણી સંસ્થા**ના આધુનિકીકરણ માટે ` **૧૯ કરોડ**.
- જાહેર જનતાને જમીનની **ચોક્કસ અને સરળ માપણીની સુવિધા** અને તેને લગતા ડેટા ઉપલબ્ધ કરાવવા માટે પાઇલટ ધોરણે અમદાવાદ અને ગાંધીનગર ખાતે જી.પી.એસ. આધારિત સિસ્ટમ અને ડેટા સેન્ટર ઊભું કરવા માટે ` **૭ કરોડની** જોગવાઈ.
- જિલ્લા દીઠ ૧૦ ગામ મળી કુલ **૩૩૦ ગામોમાં વર્ષો પછી પદ્ધતિસરની ગામઠાણ મોજણી** કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ` **૮ કરોડ**.
- વડોદરા અને ભાવનગરમાં **મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં** આવેલી તમામ મિલકતોની માપણી અને હકચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ` **૭ કરોડની** જોગવાઈ.

**વન અને પર્યાવરણ**

વન અને પર્યાવરણના સંવર્ધન અને સંરક્ષણ માટે આયોજન હેઠળ જોગવાઈ ` **૭૩૧ કરોડ**.

- સિંહ, ઘુડખર, રીંછ, ઘોરાડ, કાળિયાર જેવાં **વન્ય પ્રાણીઓના સંરક્ષણના** કાર્યક્રમો, પ્રાણીઓના સ્થળાંતર, રેસ્ક્યુ સેન્ટર માટે જોગવાઈ`**૧૩૧ કરોડ.**
- તે પૈકી, ગીર અભયારણ્યમાંથી પસાર થતી રેલવે લાઇન પર સિંહના અકસ્માત થાય છે, તે અટકાવવા રેલવે લાઇનની બન્ને બાજુ તારની વાડ અને અંડરપાસ બનાવવાનાં કામો માટે જોગવાઈ`**૧૦ કરોડ.**
- વિપુલ સંખ્યામાં વૃક્ષોનાં વાવેતર કરવા, ગુગળ, વાંસ, ચેરના ઉછેર તેમજ ભૂમિ અને ભેજ સંરક્ષણના કામો માટે જોગવાઈ`**૧૮૭ કરોડ.**
- **સામાજિક વનીકરણ** યોજના માટે ` **૧૨૧ કરોડ**ની જોગવાઈ.
- ગુજરાતે ૨૦૦૪ થી સાંસ્કૃતિક વનોની સંકલ્પના અમલમાં મૂકી છે, તેના ભાગ રૂપે રાજકોટ જિલ્લામાં **શક્તિવનનું નિર્માણ** કરવાનું આયોજન છે.
- કંથારપૂર વડ, કબીરવડ જેવાં **હેરિટેજ વૃક્ષો**ના સંરક્ષણ અને સંવર્ધન કરવા માટે ` **૩ કરોડ**ની જોગવાઈ.
- લોકો વન અને પર્યાવરણ પ્રત્યે જાગૃત અને સંવેદનશીલ બને તે માટે ઈકો–ટુરિઝમને પ્રાધાન્ય આપવામાં આવે છે. સાસણગીર, પોળો, રતનમહાલ, ખિજડિયા, પદમ ડુંગરી જેવાં સ્થળોનો વિકાસ કરવામાં આવશે.

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે `૩૫૫ કરોડનું આયોજન.**

- **યંગ ટેલેન્ટ પ્રતિભા શોધ** હેઠળ મળી આવેલી ખેલ પ્રતિભાઓને પંદર જિલ્લા સ્પોર્ટ્સ શાળાઓમાં સરકારી ખર્ચે અભ્યાસ, રહેઠાણ, ભોજન, ખેલ તાલીમ,

સાધનો એમ સર્વે સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

- મોટાં શહેરોમાં **સેન્ટર ઓફ એક્સેલન્સ** ઊભાં કરી, યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચીઝ દ્વારા વિશેષ તાલીમ આપવામાં આવશે, જે માટે જોગવાઈ `**૨૦ કરોડ.**
- વડોદરા મહાનગરપાલિકા અને ગુજરાત ખેલ સત્તામંડળ દ્વારા SPV ઊભી કરી વડોદરા ખાતે નવનિર્મિત **વિશ્વકક્ષાના સ્પોર્ટ્સ સંકુલ**ના સંયુક્ત સંચાલન માટે જોગવાઈ `**૧૦ કરોડ.**
- રાજ્યના પ્રત્યેક તાલુકામાં **વિવેકાનંદ જિમ** ઊભાં કરવાના ભાગરૂપે પ્રથમ તબક્કે ચાલીસ કેન્દ્રો માટે ` **૯ કરોડ**ની જોગવાઈ.
- ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને લોકોના દ્વારે પહોંચાડવા માટે **બહુહેતુક સાંસ્કૃતિક સુવિધા સંકુલ** ઊભાં કરવા માટે પ્રથમ તબક્કે જોગવાઈ ` **૧૦ કરોડ.**

**ક્લાઇમેટ ચેન્જ**

- રાજ્ય સરકાર પુનઃ પ્રાપ્ય ઊર્જાના વપરાશને પ્રોત્સાહિત કરવા માટે પ્રતિબદ્ધ છે. લાંબા ગાળાના પ્રોજેક્ટ તરીકે સરકારી મકાનો, વાણિજ્યિક, ઉદ્યોગો અને ઘરવપરાશમાં ઊર્જા બચત કરવાના હેતુથી ઊર્જા કાર્યક્ષમ પદ્ધતિઓ અને ઊર્જા કાર્યદક્ષ સાધનો માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. તે માટે ` **૮૦ કરોડનું આયોજન.**

**જાહેર સુરક્ષા**

**ગૃહ વિભાગ હેઠળ ` ૧૩૯૮ કરોડના પ્લાન સાથે કુલ ` ૪૦૬૦ કરોડની જોગવાઈ.**

રાજ્યના દરેક નાગરિકની સલામતી અને જાહેર સુરક્ષા માટે કટિબદ્ધ અમારી સરકારે પોલીસ તંત્રના આધુનિકીકરણ અને સુદૃઢીકરણ માટે અનેકવિધ પગલાં લીધા છે. ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દેશભરમાં અગ્રિમ સ્થાને છે.

- મને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્ય સરકારે હવે **પોલીસ દળની ભરતીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત** રાખવાનો નિર્ણય કર્યો છે.
- પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ ખાતાના રહેણાક અને બિન–રહેણાકનાં મકાનોનાં કામો અને મકાનોના મજબૂતીકરણ માટે ` **૨૯૮ કરોડ**ની જોગવાઈ.
- **પોલીસ તંત્રમાં આધુનિકીકરણ** માટે ` **૧૨૨ કરોડ**ની જોગવાઈ.
- **મેગાસિટી અમદાવાદ**ને મોર્ડનાઈઝેશન ઓફ પોલીસ ફોર્સ સ્કીમ હેઠળ ` **૧૬.૭૨ કરોડ**
- નવા સાત જિલ્લામાં ક્વિક રિસ્પોન્સ ટીમ માટે ` **૧.૦૬ કરોડ** તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોર્ડ માટે ` **૭૧.૯૪ લાખ**ની જોગવાઈ.
- પોલીસ ખાતાનાં **નવા વાહનો** ખરીદવા માટે ` **૫૦ કરોડ**ની જોગવાઈ.
- **ટ્રાફિક પોલીસ**ના મહેકમમાં વધારો કરવા માટે ` **૫.૧૨ કરોડ**ની જોગવાઈ.
- નવરચિત જિલ્લાઓમાં **હોમગાર્ડઝ** કચેરીઓ કાર્યરત કરવા તેમજ મહેસાણા જિલ્લાના સુંઢિયા ખાતે હોમગાર્ડ તાલીમ કેન્દ્રના મકાન માટે ` **૨.૦૪** કરોડની જોગવાઈ.

- **નાગરિક સંરક્ષણ** ભૂજ ખાતે કંટ્રોલ રૂમ બનાવવા માટે ` **એક કરોડ**ની જોગવાઈ.
- ગાંધીનગર, વલસાડ, દાહોદ ખાતે **જેલોના નવા બાંધકામ** તેમજ અન્ય નવી બેરેક્સ બાંધવા માટે ` **૨૨.૭૫ કરોડ**ની જોગવાઈ.
- રાજ્યની તમામ ૨૩ **જેલોમાં સલામતી વ્યવસ્થા** સુદૃઢ કરવા સી.સી.ટી.વી. સર્વેલન્સ સિસ્ટમ, વીડિયો સર્વેલન્સ સિસ્ટમ તથા સલામતી વિષયક અન્ય ઉપકરણો સ્થાપિત કરવા ` **૧૪ કરોડ**ની જોગવાઈ.
- ભાવનગર, વડોદરા અને જૂનાગઢમાં હાલની હયાત જેલોને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવાનું આયોજન છે.
- **ફૌરેન્સિક સાયન્સ**ના વિકાસ માટે ` **૩૫ કરોડ**.
- રાજ્યની માળખાકીય સુવિધાઓની સુરક્ષા વ્યવસ્થા માટે બે SRP કંપની ઊભી કરવા માટે જોગવાઈ ` **એક કરોડ.**
- **સુરક્ષા સેતુ**ની કામગીરી આગળ ધપાવવા માટે ` **૫૦ કરોડ**ની જોગવાઈ.

**ન્યાયતંત્ર**

રાજ્ય સરકારના સતત પ્રયત્નોથી નીચલી અદાલતોમાં વર્ષ ૨૦૦૫ માં ૩૮.૪૬ લાખ પડતર કેસો ઘટીને વર્ષ ૨૦૧૩ના અંતે ૨૩.૨૨ લાખ જેટલા થયા છે. ન્યાયતંત્રને વધુ સુદૃઢ અને વ્યાપક બનાવવા પ્લાન સદરે ` **૯૨૧ કરોડ**ની જોગવાઈ.

- સાત નવા મહેસૂલી જિલ્લાઓને નવા ન્યાયિક જિલ્લા તરીકે જાહેર કરી **નવી કોર્ટોની સ્થાપના** કરવાનું આયોજન છે.
- કામના ભારણને ધ્યાને લઈ એડિશનલ ડિસ્ટ્રિકટ જજની લિંક કોર્ટો અને સિનિયર દિવાની જજની કેમ્પ કોર્ટોને **પૂર્ણ સમયની કોર્ટ** બનાવવાનું આયોજન.
- મહિલા સશક્તીકરણના ભાગ રૂપે રાજયમાં વધારાની **ફેમિલી કોર્ટો**ની સ્થાપના કરવાનું આયોજન.
- શહેરોમાં હેલ્થ સેનિટેશન માટેની મોબાઇલ કોર્ટોની સ્થાપના કરવાનું આયોજન.

ન્યાયતંત્રને ટેકનોલોજી વ્યવસ્થાથી સજ્જ કરવા રાજય સરકારે નીચે મુજબનું આયોજન કર્યું છે:–

- ઇ–કોર્ટ મિશન પ્રોજેકટ હેઠળ `**૨૦ કરોડ**નું આયોજન.
- ગુજરાત હાઇકોર્ટ અને તાબાની કોર્ટો માટે જી–સ્વાન કનેક્ટિવિટીની સુવિધા અને સી.સી.ટી.વી. સિકયુરિટી અને સર્વેલન્સ સિસ્ટમ પૂરી પાડવા માટે ` **૩ કરોડ**નું આયોજન.
- કોર્ટ બિલ્ડીંગ બાંધવાનાં ચાલુ કામો, ન્યાયિક અધિકારીઓના આવાસોના બાંધકામ અને કોર્ટ બિલ્ડીંગોના સુધારા વધારાનાં કામો માટે જોગવાઈ `**૭૨૯ કરોડ.**
- ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કેમ્પસના વધુ વિકાસ માટે `**૩૦ કરોડ**ની જોગવાઈ.

**સાયન્સ એન્ડ ટેકનોલોજી**

- સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે ` **૨૯૯ કરોડ**નું આયોજન.
- વર્ષ ૨૦૧૫માં ગુજરાત રાજયમાં રાષ્ટ્રીય કક્ષાની **ઇ–ગવર્નન્સ કોન્ફરન્સ**નું આયોજન થનાર છે.
- સાયબર સિક્યુરિટીની સેવાઓ મેળવવા માટે ` **૩ કરોડ**ની જોગવાઈ.
- એમ–ગવર્નન્સના અમલ માટે ` **એક કરોડ**ની જોગવાઈ.
- બાયોટેકનોલોજી ક્ષેત્રના વિકાસ, તાલીમ, સંશોધન, જાગૃતિ અને ઉદ્યોગ સાહસિકતાને માટે કુલ ` **૧૯ કરોડ**ની જોગવાઈ
- વિદ્યાર્થી સમુદાયમાં સાયન્સ વિષયમાં જાગૃતિ લાવવા માટે મોબાઈલ સાયન્સ વાન તથા સાયન્સ ચેનલનો લાભ મળે તે માટે ` **૨ કરોડ**ની જોગવાઈ.

**માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ આયોજન ` ૯૬ કરોડ.**

- આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી અને લાભકારક યોજનાઓની માહિતી નાગરિકો સુધી પહોંચાડવા અને નાગરિકોની વાત સરકાર સુધી પહોંચાડવા માટે સરકાર દ્વારા **સોશિયલ મીડિયા સેલ** ઊભો કરવામાં આવશે.

**માનવ સંસાધન વ્યવસ્થાપન પદ્ધતિ** (HRMS)

- રાજ્ય સરકારના તમામ સંવર્ગોના હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે **જોગવાઈ `૧૭ કરોડ.**
- સરકારનાં ભરતી માધ્યમો સઘન બનાવવા માટે GPSC માટે ગાંધીનગર ખાતે નવું ભવન બાંધવા માટે જોગવાઈ ` **૪ કરોડ**. સાથે, **આયોગના સભ્યોની સંખ્યા ચાર થી વધારીને સાત** કરી અન્ય સંસાધનો પૂરાં પાડવાનું આયોજન છે.

**વિકેન્દ્રિત જિલ્લા આયોજન** માટે જોગવાઈ ` **૧૧૭૦ કરોડ.**

- મને જણાવતાં આનંદ થાય છે કે, **ધારાસભ્યોના વિસ્તારના વિકાસનાં કામો હાથ ધરવા માટે ફાળવવામાં આવતી ` ૫૦ લાખની ગ્રાન્ટ બમણી કરીને હવે રૂપિયા એક કરોડની ગ્રાન્ટ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.**

**રાજવિત્તીય વ્યવસ્થાપન**

છેલ્લે એ વાતનો અમને ગર્વ છે કે છેલ્લા દાયકામાં ગુજરાતનો વિકાસ રાજ્યના સુંદર નાણાકીય વ્યવસ્થાપનને કારણે શક્ય બનેલ છે. જેમાં કેટલીક મહત્વની બાબતો આ મુજબ છે.

- રાજ્યનો પ્લાન અને નોન–પ્લાન ખર્ચ વર્ષ ૨૦૦૪–૦૫માં અનુક્રમે ` ૯૪૯૦ કરોડ અને ` ૨૯૬૦૮ કરોડ હતો, જેની સામે વર્ષ ૨૦૧૩–૧૪માં તે ` ૫૬૬૧૨ કરોડ અને `૬૧૩૨૬ કરોડ થયો છે. આમ, રાજ્યના પ્લાન બજેટમાં પાંચ ગણો વધારો થયો છે, જ્યારે નોન–પ્લાનમાં અંદાજિત બમણો વધારો થયો છે. બિન–ઉત્પાદક ખર્ચ ઓછો કરી ઉત્પાદક ખર્ચ ઉપર ભાર મૂકવાના કારણે આ શક્ય બનેલ છે.

- રાજ્યની પોતાની મહેસૂલી આવક વર્ષ ૨૦૦૪–૦૫માં ` ૧૨૯૫૯ કરોડ હતી, જેની સામે વર્ષ ૨૦૧૩–૧૪માં ` ૬૦૨૦૮ કરોડ, એટલે કે પાંચ ગણી થયેલ છે.
- રાજ્ય દ્વારા દર વર્ષે બજારમાંથી લોન લેવામાં આવે છે, તેનો ઉપયોગ સંપૂર્ણપણે રાજ્યના આંતરમાળખાકીય વિકાસ માટેના મૂડી ખર્ચ માટે જ કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૦૪–૦૫માં રાજ્યનું કુલ દેવું મહેસૂલી આવકના ૨.૮૬ ગણું હતું, જે વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષમાં ઘટીને ૧.૭૭ ગણું થયું છે.
- વર્ષ ૨૦૦૪–૦૫માં મહેસૂલી આવકના ૨૬.૮૨ ટકા રકમ વ્યાજની ચુકવણી માટે થતી હતી, જ્યારે વર્ષ ૨૦૧૩–૧૪માં આ ટકાવારી ઘટીને ૧૪.૧ થયેલ છે.

**વર્ષ ૨૦૧૪–૧૫ નો ફેરફાર કરેલ અંદાજ**

વર્ષ ૨૦૧૪–૧૫ ના ફેરફાર કરેલ અંદાજ નીચે પ્રમાણે ` **૫૭૦.૮૫ કરોડ** ની એકંદર પુરાંત દર્શાવે છે.

(` કરોડમાં)

| | | **૨૦૧૪–૧૫ ના ફેરફાર કરેલ અંદાજ** |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૧૦૩૦૫૩.૪૦ |
| | મહેસૂલી ખર્ચ | ૯૬૨૧૬.૫૯ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) ૬૮૩૬.૮૧ |
| | મૂડીની આવક | ૨૬૧૩૭.૩૫ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૫૩૦૩.૩૧ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-) ૯૧૬૫.૯૬ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (-) ૨૩૨૯.૧૫ |
| **(૨)** | **આકસ્મિક ફંડ ( ચોખ્ખું )** | - |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) ૨૯૦૦.૦૦ |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩)** | **(+) ૫૭૦.૮૫** |

**ઉપસંહાર**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું વિકાસ મોડલ હવે સમગ્ર દેશનું પણ મોડલ બનવા જઈ રહ્યું છે, જે વાતનો અમને સંતોષ છે. જ્યારે ગુજરાતને પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલનું નેતૃત્વ પ્રાપ્ત થયું છે, ત્યારે તેઓ દ્વારા મહિલા સશક્તીકરણ, શિક્ષણ અને આરોગ્ય દ્વારા સામાજિક ક્ષેત્રના વિકાસ માટે ભાર મૂકવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના આ અભિગમને પ્રતિબિંબિત કરતું આ ૨૦૧૪–૧૫ના વર્ષનું અમારું ફેરફાર કરેલું અંદાજપત્ર મહિલા સશક્તીકરણ, રોજગાર સર્જન, વંચિતોના વિકાસને વરેલું છે. ગુણવત્તાયુક્ત જીવન માટેની જરૂરી સુવિધાઓ દરેક વર્ગના લોકોને પ્રાપ્ત થાય તેવો અમારો શુભ હેતુ છે. અમને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે, રાજ્યની પ્રજાના સંપૂર્ણ સહકારથી આપણે વિકાસના નવાં શિખરો સર કરીશું.

હવે હું મારા પ્રવચનનો ભાગ–ખ રજૂ કરીશ.

તા. ૧લી જુલાઇ, ૨૦૧૪
અંદાજપત્રની રજૂઆત

---------

આદરણીય અધ્યક્ષશ્રી,

**સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષના ફેરફાર કરેલ અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂ. ૫૭૦.૮૫ કરોડની રહેશે.**

**હવે હું સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરૂ છું.**

વેલ્યુ એડેડ ટેક્સ
આંતરારાજય વેચાણોમાં વપરાયેલ માલની રાજયમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેક્સ ક્રેડીટ

**કેન્દ્રીય વેચાણવેરાના દરમાં તા.૧–૬–૨૦૦૮ થી ઘટાડો કરીને ૨ ટકા કરવામાં આવ્યો હતો, જેને પરિણામે રાજયને વેરાકીય આવકમાં ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. કેન્દ્રીય વેચાણવેરાના નુકસાન પેંટે વળતર અંગેની ફોર્મ્યુલા પ્રમાણે રાજયને કેન્દ્ર સરકાર દ્વારા પૂરેપૂરૂં વળતર ચૂકવવામાં અવેલ નહીં, જેના કારણે રાજયની મહેસૂલી આવક ઉપર ગંભીર અસર થયેલ હતી. રાજયની વેરાકીય આવકોને સુદ્રઢ કરવાના હેતુથી આંતરરાજય વેચાણોમાં વપરાયેલ માલની રાજયમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેક્સ ક્રેડીટ બે (૨) ટકા ઘટાડવાની જોગવાઇ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ ની કલમ–૧૧(૬) હેઠળ તા.૧–૭–૨૦૧૦ થી કરવામાં આવી હતી.**

**રાજયમાં ઉત્પાદન કરતા એકમો ખૂબ મોટી સંખ્યામાં સ્થપાયેલા છે. આવા એકમોની ઉત્પાદિત ચીજવસ્તુઓની પડતર કિંમતમાં ઘટાડો થાય તો આંતરરાજય વેપારમાં હરિફાઇ કરવાની તેમની ક્ષમતામાં વધારો થાય અને રાજયના ઉદ્યોગ ધંધાનો વિકાસ થાય તે હેતુને ધ્યાનમાં રાખીને આંતત રાજય વેચાણોમાં વપરાયેલ માલની રાજયમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેક્સ ક્રેડીટ** બે(૨) ટકા ઘટાડવાને બદલે હવે એક(૧) ટકો ઘટાડવા **માટે દરખાસ્ત કરૂં છું. આ દરખાસ્તનો** અમલ તા.૧–૧૦–૨૦૧૪ થી **કરવામાં આવશે.** ઘટાડાનો લાભ પેટ્રોલિયમ પેદાશો અને નેચરલ ગેસ પર મળવાપાત્ર થશે નહીં.

**આ દરખાસ્તને પરિણામે રાજયની વેરાકીય આવકોમાં** વાર્ષિક અંદાજિત રૂ. ૬૪૪ કરોડનો ઘટાડો **થશે તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત રૂ. ૩૨૨ કરોડનો ઘટાડો થશે.**

ગૃહ વપરાશ માટેના એલ.પી.જી.

**રાજયના ગૃહ વપરાશ માટેના એલ.પી.જી. વપરાશકર્તાઓને રાહત થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા ગૃહ વપરાશ માટેના એલ.પી.જી. પર વેરામુકિત આપવામાં આવેલ છે. પરંતુ ન્યાય વ્યવસ્થામાં કેન્દ્રીય વેચાણવેરા કાયદાની સબંધિત જોગવાઇના અર્થઘટનના કારણે રાજયની ગેસ કંપનીઓ દ્વારા વપરાશ માટેના એલ.પી.જી.ના આંતરરાજય વેચાણો ઉપર પણ હવે આ વેરામુકિત ઉપલબ્ધ થાય છે. જેના કારણે રાજયને વેરાકીય આવકમાં નુમસાન થાય છે. આથી, આ નુકસાન નિવારવા માટે ગૃહ વપરાશ માટેના એલ.પી.જી.ના વેચાણો પરત્વે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ–૫(૨)ના જાહેરનામાથી આપવામાં આવેલ** વેરામુકિત અંગેની નોંધ કમી **કરવા દરખાસ્ત કરુ છું.**

**આમ કરવાથી** રાજયના ગૃહ વપરાશના એલ.પી.જી.ના ભાવમાં કોઇ વધારો ન થાય તે માટે ગેસ કંપનીઓ મારફતે અલગથી વ્યવસ્થા કરવામાં આવશે. **આમ, આ વેરામુકિત પરત ખેંચવાથી રાજય બહારના વપરાશકર્તાઓ પાસેથી વાર્ષિક અંદાજિત** રૂ. ૧૫૦ કરોડની રાજયને મળવાપાત્ર આવક **પુનઃ પ્રાપ્ત થશે તથા ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત** રૂ. ૧૦૦ કરોડની **આવક પ્રાપ્ત થશે.** જયારે રાજયમાં ગૃહ વપરાશ માટેના એલ.પી.જી.ના ભાવ વધશે નહિં.

સિવિલ વર્કસ

**તાજેતરમાં નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદા અન્વયે ડેવલપર અને સિવિલ કોન્ટ્રાકટરોના**

કોન્ટ્રાકટ

**કેટલાક વ્યવહારો વર્કસ કોન્ટ્રાકટ તરીકે વેરાપાત્ર બની જાય છે. વેટ કાયદા હેઠળ આવા કોન્ટ્રાકટરો માટે ૦.૬ ટકાના દરે ઉચ્ચકવેરો ભરવાની જોગવાઇ પહેલેથી જ કરેલ છે. પરંતુ કાયદાકીય અસ્પષ્ટતાના કારણે અમુક કોન્ટ્રાકરોએ આ વેરો ભરવાનું બાકી રાખેલ. હવે જયારે કાયદાકીય સ્પષ્ટતા આવી ગયેલ છે ત્યારે આવા કોન્ટ્રાકટરો** પાછલા ગાળાની વેરાની ચુકવણી **કરી શકે તે હેતુથી** એક યોજના જાહેર કરવા રાજય સરકારે નિર્ણય **કરેલ છે. જે અંતર્ગત ફકત સિવિલ વર્કસ કોન્ટ્રાકટમાં નોંધાયેલ તથા બિન નોંધાયેલ વેપારીઓ** પાછલા વર્ષોના વર્કસ કોન્ટ્રાકટમાં ૦.૬ ટકાના દરથી ઉચ્ચક વેરો **ભરપાઇ કરે તો તે અન્વયેના** વ્યાજ અને પેનલ્ટી માટે રેમિશન અંગેની યોજના **અમલમાં મુકવામાં આવશે. આ યોજના જાહેર કર્યા તારીખથી ૧૮૦ દિવસ માટે અમલમાં રહેશે. આ અંગેની** વિગતવાર યોજના **હવે પછી જાહેર કરવામાં આવશે. આ યોજના અંતર્ગત રાજય સરકારને સિવિલ વર્કસ કોન્ટ્રાકટના ઉચ્ચકવેરા પેટે** અંદાજિત રૂ. ૧૦૦ કરોડની વેરાકીય આવક **થવાની સંભાવના છે.**

સ્ટેમ્પ ડયુટી
ડેવલપમેન્ટ
એગ્રીમેન્ટ

**ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ,૧૯૫૮ની જોગવાઇ મુજબ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની મહત્તમ શરતો મુજબ સ્થાવર મિલકતના વેચાણના માલિકી હકકો તબદીલ થતા હોય છે. પરંતુ હાલના, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ-૧ના આર્ટિકલ-૫(જક) અને આર્ટિકલ-૪૫(જ)માં મિલકતના વિકાસ અથવા વેચાણ અથવા તબદીલી માટે કોઇ પ્રમોટર અથવા વિકાસકારને અથવા સત્તા આપવા સબંધિત કરાર ડેવલપમેન્ટ એગ્રીમેન્ટમાં મિલકતની બજારકિંમતના એક ટકા પ્રમાણે સ્ટેમ્પ ડયુટી વસૂલ લેવામાં આવે છે. પરંતુ આ લેખો** સ્થાવર મિલકતની તબદીલીના **જ થતા હોય તેના પર આર્ટિકલ-૨૦ પ્રમાણે ૩.૫ ટકા મુજબ સ્ટેમ્પ ડયેટી વસૂલવાની દરખાસ્ત છે. સૂચિત દરખાસ્તના કારણે રાજય સરકારને ચાલુ નાણાકીય વર્ષમાં** અંદાજિત રૂ. ૧૪ કરોડની **સ્ટેમ્પ ડયેટીની આવક મળવાનો અંદાજ છે.**

**આ દરખાસ્તથી રાજય સરકારને આવા વ્યવહારો ઉપર નિયત દરે સ્ટેમ્પ ડયુટીની આવક પ્રાપ્ત થશે તેમજ મિલકત ખરીદનારને** ચોખ્ખા માલિકી હકકો **અને** રેવન્યુ રેકર્ડમાં જરુરી નોંધ **પડવાથી મિલકતના વેચાણના** વ્યવહારોમાં પારદર્શકતા **આવશે.**

ભાગીદારીના લેખ

**ભાગીદારી પેઢીમાં ભાગીદારો મૂડી તરીકે રોકડ રકમ અથવા મિકલત લાવી શકે છે. ભાગીદારો મૂડી તરીકે સ્થાવર મિકલત લાવેલ હોય તો હાલની જોગવાઇ મુજબ વધુમાં વધુ રૂ. ૧૦,૦૦૦/- ની સ્ટેમ્પ ડયેટી લેવા પાત્ર થાય છે. પરંતુ જયારે ભાગીદારીની રચના વખતે ભાગીદાર** સ્થાવર મિલકત મૂડી તરીકે લાવે **ત્યારે જે તે મિલકત ભાગીદાર વ્યકિતના નામેથી** ભાગીદારી પેઢીના નામે તબદીલ **થતી હોય છે. આમ, આવા** લેખથી મિકલતની તબદીલી **પણ બને છે. આથી આ બાબત ધ્યાનમાં રાખીને, જે કિસ્સામાં** સ્થાવર મિલકત ભાગીદારી પેઢીના નામે તબદીલ થતી હોય **તેવા ભાગીદારીના લેખોમાં આર્ટિકલ-૨૦ મુજબ દરેક રૂપિયા સો અથવા તેના ભાગ દીઠ ત્રણ રૂપિયા પચાસ પૈસા** (૩.૫ ટકા) મુજબ સ્ટેમ્પ ડયુટી વસૂલ લેવા **માટે દરખાસ્ત છે. આ દરખાસ્તને કારણે રાજય સરકારને ચાલુ નાણાકીય વર્ષમાં સ્ટેમ્પ ડયુટીની આવકમાં** અંદાજિત રૂ. ૨૦ કરોડની આવક **થવાની સંભાવના છે.**

**આ પ્રકારના ફેરફારથી મિલકત ઉપરના માલિકી હકકો** બાબતમાં રેવન્યુ રેકર્ડમાં જરુરી નોંધ **પડવાથી** ભાગીદારી પેઢીની વિશ્વસનીયતા **વધશે.**

**ઉપરોકત દરખાસ્તો અન્વયે કાયદામાં કરવાના થતા સુધારા અંગેનું બીલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.**

મોટર વ્હીકલ ટેકસ

**ગુજરાત રાજયમાં વપરાતા અથવા વાપરવા માટે રાખવામાં આવતા મોટર વાહનો પર ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. નીચે જણાવ્યા મુજબનાં વાહનો ઉપરના વેરાના દર સરળ અને તર્ક સંગત કરવાના હેતુથી જરુરી ફેરફાર કરવાની દરખાસ્ત કરૂં છું.**

માલવાહક વાહન

**૭૫૦૦ કિલોગ્રામથી વધુ ગ્રોસ વાહન વજન ધરાવતા માલ વાહક વાહન પર હાલ પ્રતિ ૧૦૦૦ કિલોગ્રામ કે તેના ભાગ ઉપર વાર્ષિક રૂ. ૬૫૦/– લેખે મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. આ વેરાનું ભારણ આંશિક ફેરફારો સાથે વર્ષ ૧૯૯૭ થી યથાવત રહેલ છે. જેથી આ દર વધારીને** વાર્ષિક રૂ. ૮૦૦/– કરવાની **દરખાસ્ત કરુ છું. આના કારણે જો દસ ટનની માલવાહક ટ્રક હોય તો તેના ઉપર** વર્ષે ફક્ત રૂ. ૧૫૦૦/– **નો વાહન વેરાનો વધારો થશે. રાજયની મોટર વાહન વેરાની આવકમાં આ દરખાસ્તથી ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત** રૂ. ૪૦ કરોડનો **વધારો થાવનો અંદાજ છે.**

ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ

**ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ એટલે કે, કોન્ટ્રાકટ કેરેજ બસના મોટર વાહન વેરાના દર સને ૨૦૦૨ થી અમલમાં છે. રાજય સરકાર ધ્વારા મોટર વાહન વેરાના દરોનું માળખું** સરળ અને તર્કસંગત **કરવાનો** અભિગમ **અપનાવવામાં આવ્યો છે. આ પ્રક્રિયાના ભાગરૂપે ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ એટલે કે, કોન્ટ્રાકટ કેરેજ બસના મોટર વાહન વેરાના દરમાં** સરળીકરણ, તાર્કીકીકરણ અને જરુરી ફેરફાર **માટે તેમજ સામાન્ય બસોમાં હાલમાં બેઠકની સંખ્યાના આધારે વેરાના દરોમાં જે** અસમાનતા છે, **તે દૂર કરવા નીચે મુજબ દરખાસ્ત કરું છું.**

**(૧) ડ્રાયવર સિવાય ૬ થી ૧૨ મુસારો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ ઉપરના હાલના વેરાના દર સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ માટે અનુક્રમે રૂ. ૧૨૦૦/– અને રૂ. ૪૬૨૦/– પ્રતિ બેઠક પ્રતિવર્ષ છે. આ દરમાં ફેરફાર કરી સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ માટે અનુક્રમે રૂ. ૧૫૦૦/– અને રૂ. ૩૦૦૦/– પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત છે.**

**(૨) ડ્રાયવર સિવાય ૧૨ થી ૨૦ મુસાફરો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસના મોટર વાહન વેરાના હાલના દર અનુક્રમે રૂ. ૩૦૦૦/– અને રૂ. ૪૬૨૦/– પ્રતિ બેઠક વર્ષ છે. હાલમાં લકઝરી વાહનોની પરિભાષાના કારણે મીની બસના વેરાના દરમાં રહેલ અસમાનતા દૂર કરવાના હેતુથી આ દરમાં ફેરફાર કરી આ બંને કેટેગરી માટે રૂ. ૪૫૦૦/– પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત છે.**

**(૩) ડ્રાયવર સિવાય ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસના મોટર વાહન વેરાના દર અનુક્રમે રૂ. ૩૬૦૦/– અને રૂ. ૬૦૦૦/– પ્રતિ બેઠક પ્રતિ વર્ષ છે. જેમાં ફેરફાર કરી સામાન્ય ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ તેમજ લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ માટે માટે વેરાનો દર અનુક્રમે રૂ. ૪૫૦૦/– અને રૂ. ૭૮૦૦/– પ્રતિબેઠક પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત છે.**

**(૪) ડ્રાયવર સિવાય ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની ક્ષમતા ધરાવતી સ્લીપર ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ ઉપરનાવેરાનો દર રૂ. ૧૨,૦૦૦/– પ્રતિ બર્થ પ્રતિ વર્ષ છે. જેમાં ફેરફાર કરી રૂ. ૧૩,૨૦૦/– પ્રતિ બર્થ પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત છે.**

**(૫) સુપર લકઝરી ડેઝીગ્રેટેડ ઓમ્ની બસની અલગ કેટેગરી દાખલ કરવાની દખાસ્ત કરું છું.જે અન્વયે ડ્રાયવર સિવાય ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી સુપર લકઝરી ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ પર વેરાનો દર રૂ. ૯૦૦૦/– પ્રતિ બેઠક પ્રતિ વર્ષ તેમજ ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની ક્ષમતા ધરાવતી સ્લીપર સુપર લકઝરી ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ પર વેરાનો દર રૂ. ૧૫૦૦૦/– પ્રતિ બર્થ પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત છે.**

**ઉપરોક્ત દરખાસ્તોના અમલીકરણથી રાજયને ડેઝીગ્રેટેડ ઓમ્ની બસોમાંથી મળતી મોટર વાહન વેરાની આવકમાં ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત રૂ ૪૦ કરોડનો વધારો થવાનો અંદાજ છે.**

સ્ટેજ કેરેજ ઉતારૂવેરો

**મ્યુનિસિપલ લિમટ બહાર ચલાવવામાં આવતી સ્ટેજ કેરેજ બસો ઉપર ગુજરાત મોટર વ્હીકલ્સ ટેકસ (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઇઓ મુજબ ટિકિટના વેચાણના ૧૭.૫ ટકા લેખે ઉતારૂવેરો લાગુ પડે છે. આ બસો ગુજરાત રાજય**

**માર્ગ વાહન વ્યવહાર નિગમની બસો છે. આ બસોમાં મુસાફરી કરતા રાજયના પ્રજાજનોને રાહત થાય તે હેતુથી આ વેરાના હાલના દર ૧૭.૫ ટકાથી ઘટાડી ટિકિટના વેચાણના ફકત ૭.૫ ટકાનો દર ઠરાવવા દરખાસ્ત કરું છું. આ દરખાસ્તને અમલી બનાવવા જરુરી વિધેયક વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે. આમ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો ઉપર ૧૦ ટકાનું ભારણ ઓછું થતાં એસ.ટી.ના ભાડામાં ઘટાડો થશે અને તેના પરિણામે રાજયની સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસોમાં દરરોજ મુસાફરી કરતાઅંદાજે વીસ લાખ મુસાફરોને એસ.ટી.ના ભાડામાં રાહત મળશે.**

**ઉતારૂવેરાના દરમાં ઘટાડો કરવાથી રાજય સરકારને ઉતારૂવેરાની આવકમાં વાર્ષિક રૂ. ૧૫૦ કરોડનો ઘટાડો થવાનો અંદાજ છે તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત રૂ. ૧૦૦ કરોડનો ઘટાડો થવાનો અંદાજ છે.**

મનોરંજન કર

**સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વિકાસના કામો હાથ ધરવા માટે કરવેરાના નવા સ્ત્રોત પ્રાપ્ત થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા વ્યવસાયવેરા અંગેની સત્તાઓ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સુપ્રત કરેલ છે. જેના પરિણામે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સ્વભંડોળમાં ખૂબ્ મોટા પ્રમાણમાં વધારો થયો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને નાણાકીય રીતે સુદઢ કરવાની રાજય સરકારની નેમ છે. આથી આ પ્રક્રિયાના ભાગરૂપે કેબલ ટી.વી. ઉપર મનોરંજન વેરો ઉઘરાવવાની અને પોતાની પાસે રાખવાની સત્તા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સુપ્રત કરવા માટેની દરખાસ્ત કરું છું. સૂચિત દરખાસ્તથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને અંદાજિત રૂ. ૯ કરોડની વધારાની આવકો પ્રાપ્ત થશે તેવો અંદાજ છે. આ અંગે કાયદામાં કરવાના થતા સુધારા અંગેનું બીલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.**

સમાપન

**સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.**

| | | | (રકમ રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| **(૧)** | **અંદાજપત્ર અનુસારની પુરાંત** | | (+) ૫૭૦.૮૫ |
| **(૨)** | **કરવેરામાં સૂચિત વધારા** | | |
| | **વેલ્યુ એડેડ ટેકસ** | ૨૦૦.૦૦ | |
| | **સ્ટેમ્પ ડયુટી** | ૩૪.૦૦ | (+) ૩૧૪.૦૦ |
| | **મોટરવાહન** | ૮૦.૦૦ | |
| **(૩)** | **કરવેરામં સૂચિત ઘટાડો/રાહત** | | |
| | **વેલ્યુ એડેડ** | ૩૨૨.૦૦ | (−) ૪૨૨.૦૦ |
| | **પેસેન્જર ટેકસ** | ૧૦૦.૦૦ | |
| **(૪)** | **સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને કેબલ ટી.વી. અંગેના મનોરંજન વેરાની સૂચિત તબદીલી** | | (−) ૦૯.૦૦ |
| **(૫)** | **એકંદર અંદાજીત પુરાંત** | | (+) ૪૫૩.૮૫ |

**માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરૂં છું.**

-------------

**સન ૨૦૧૪-૧૫ ના વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૩૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તારીખ ર જી જુલાઇ, ૨૦૧૪ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨જી જુલાઇ, ૨૦૧૪**
**આષાઢ ૧૧, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### વાંસદા તાલુકામાં ખાનપુર મોળા આંબા રસ્તા પર મંજૂર કરેલ પુલની રકમ

* ૮૬૧૪ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ખાનપુર મોળા આંબા રસ્તા પર વાંગણી ખાડી પર સરકાર પુલ બાંધનાર છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમનું કામ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ।. ૫૦૦ લાખ |
| (૩) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કામ કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ તબક્કે |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપ પછી એમ કહેશો કે અભિનંદનની વાત કરવા જેવી નથી. મારો પ્રશ્ન મારા નવસારી જિલ્લાના ખૂબ ઊંડાણના આદિવાસી ગામનો છે. વાંસદાના ધારાસભ્યશ્રી છનાભાઇનો આ મત વિસ્તાર છે, તેથી તેઓ પણ અભિનંદન આપે તો સારુ. એક મહિલા સરપંચ શ્રીમતી સંગીતાબેન મહાલની રજૂઆતના આધારે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી પણ મહિલા છે. તેઓએ એક મહિલા સરપંચની રજૂઆતના આધાર ઉપર મંજૂર કરેલ છે. આ એક વર્ષો જૂની માગણી હતી. આ પુલ માનનીય આનંદીબેન પટેલે મંજૂર કરેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછતા પહેલા પ્રસ્તાવના શા માટે મૂકો છો? બધા જ માનનીય સભ્યશ્રીઓ ધ્યાન રાખે. પ્રસ્તાવના વગર સીધો જ પ્રશ્ન પૂછે. પ્રસ્તાવના બાંધશે તો એનો જવાબ નહિ મળે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : પુલની મંજૂરી કયારે આપી? તારીખ ૩૧-૩-૧૪ની સ્થિતિએ નકશા અંદાજોના તબક્કે છે, તો કામ કયારે શરૂ કરવાનું આયોજન છે અને કયારે પૂરું કરવામાં આવશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ વાત કરી, એ મુજબ સરપંચશ્રીએ સ્થળ ઉપર રજૂઆત કરી કે અમારા ગામને આના લીધે મુશ્કેલી પડે છે. તે વખતના માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબેનને રજૂઆત કરી, એટલે તાત્કાલિક તેઓએ સૂચના આપીને આ કામ મંજૂર કરાવેલ છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક સરપંચની રજૂઆતને ધ્યાને લઇને આ કામ મંજૂર કરેલ છે તે એક પુલ નહિ પણ બે પુલનું કામ છે. આ બે પુલના કામ માટે ૫૦૦ લાખ રૂપિયા તારીખ ૮-૭-૧૩ ના રોજ સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રીનો એટલો જ પ્રશ્ન છે કે અત્યારે નકશા અંદાજોના તબક્કે છે તો આ કામ કયારે શરૂ કરવામાં આવશે અને કયારે પૂરું કરવામાં આવશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : નકશા અંદાજોની પ્રક્રિયા ખૂબ લાંબી હોય છે. કામ મંજૂર થયા પછી સ્થળ સ્થિતિ ઉપર બોરડેટા સોઇલ ટેસ્ટીંગ કરીને એની બેરીંગની ચકાસણી કરીને એની એન્જિનિયરીંગ કેપેસિટી જોઇને ડિઝાઇન આલેખન વર્તુળ દ્વારા કરવામાં આવે છે. એટલે આ નકશા અંદાજો બનાવવાની

કામગીરી આખરી તબક્કે છે. ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા ત્રણ ચાર મહિનામાં પૂરી થઇ જશે, એટલે કે હવે ચોમાસા બાદ આ પુલનું કામ શરૂ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીઓ ટૂંકમાં પ્રશ્ન પૂછે અને મંત્રીશ્રીઓ પણ એનો ટૂંકમાં જ જવાબ આપે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : આ પુલ મંજૂર થાય એના માટે મેં પણ અનેકવાર રજૂઆતો કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય છનાભાઇ, આ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ખાનપુર મોળા આંબા રસ્તા પરના પુલની વાત છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : મેં પણ આ પહેલા રજૂઆત કરી છે.

અધ્યક્ષશ્રી : કેટલા વખત પહેલા રજૂઆત કરી હતી?

શ્રી છનાભાઇ કો. ચૌધરી : હું છેલ્લા પંદર વર્ષથી રજૂઆત કરતો આવ્યો છું.

અધ્યક્ષશ્રી : હમણાં રજૂઆત કરી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હમણાં એવું કહેવામાં આવ્યું કે એ ગામના સરપંચ બહેનશ્રીએ કાગળ લખ્યો એના ઉપર આ કામ મંજૂર કર્યું છે. જયારે અમારા ધારાસભ્યશ્રી કહે છે કે હું પંદર વર્ષથી માગણી કરું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ કામ કરતી સરકારમાં એક સરપંચે રજૂઆત કરી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપેલ છે. માનનીય ધારાસભ્યશ્રીને ન ગમ્યું? ધારાસભ્યશ્રી રજૂઆત કરે તેને જ મહત્વ આપવાનું? સરપંચશ્રી રજૂઆત કરે તેને મહત્વ નહીં આપવાનું? સરપંચશ્રીની રજૂઆત, પાયાના ચૂંટાયેલા પદાધિકારીની રજૂઆતને મહત્વ આપ્યું છે.

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે, સરપંચની જ નહીં, સામાન્ય માણસની રજૂઆતને માન્યતા આપો, પણ ધારાસભ્યએ ૧૨-૧૫ વર્ષ થયા રજૂઆત કરી તો નહોતા આપતા અને આ એક જ ઘાએ, ટૂંકમાં કહેવાનો ભાવાર્થ એ છે કે તમારા લોકો રજૂઆત કરે અને તમે મંજૂર કરો છો, અમારું નથી કરતા, એમ કહે છે. એ વાત સાચી કે ખોટી? એટલું કહો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમની સરકાર ગુજરાતમાં ૫૦ વર્ષ રહી, કરવું હતું તો એમની સરકારે કેમ ન કર્યું? આ તો અમારી કામ કરતી સરકારે કામ કર્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર મારે એટલું જ પૂછવું છે કે અગાઉ પણ માનનીય ધારાસભ્યશ્રીએ આ બાબતે રજૂઆત કરી છે કે નહીં? હા કે ના માં માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખે ધારાસભ્યશ્રીની કોઇ પણ રજૂઆત મારા કાર્યાલયમાં આવી નથી.

અધ્યક્ષશ્રી : અગાઉ રજૂઆત કરી હોય તો ખ્યાલ નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : આ પુલ કયા કારણસર બનાવવાની જરૂરિયાત ઊભી થઇ અને આ પુલ બનાવવાથી કોને લાભ થશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : અગાઉ વાત થઇ તેમ જયારે આ પુલ નહોતો, કોઝવે ટાઇપ ડીપ હતો તો તેમાં લગભગ છ થી આઠ વખત ૧૨-૧૨ કલાક સુધી વાહનવ્યવહાર બંધ થઇ જતો હતો. આ રજૂઆતના કારણે જયારે આ પુલ મંજૂર થયો ત્યારે ખાનપુર ગામની લગભગ ૧૪૬૧ જનસંખ્યા, ચૌડાની ૩૬૪૭ જનસંખ્યા, મોડાઆંબાની ૨૪૯૪ જનસંખ્યા,

અધ્યક્ષશ્રી : જનસંખ્યા નહીં, ગામ કહો..

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આમ કુલ ૧૧,૧૬૬ જનસંખ્યાને લાભ થવાનો છે.

તા. ૨જી જુલાઇ, ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

**ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટીસ્કેન મશીનની મરામત**

* ૯૯૧૪ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે સિવિલ હોસ્પિટલમાં હયાત સીટી સ્કેન મશીન બગડી ગયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ઉક્ત મશીનનું સમારકામ અથવા નવું મશીન લાવવામાં આવશે? | (૨) આ સીટી સ્કેન મશીન હીટાચી કંપનીનું છે જે ૧૦ વર્ષ જુનુ છે. સમારકામ માટે કંપની સાથે પરામર્શ ચાલુ છે. કંપની દ્વારા રીપેર થઈ શકે તેમ છે કે કેમ તે અહેવાલ મળ્યા બાદ વિચારણા થઈ શકે. |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલ હોય ત્યાં ડોકટર ન હોય અને ડોકટર હોય ત્યાં..

અધ્યક્ષશ્રી : હોસ્પિટલ હોય તો ડોકટર ન હોય, ડોકટર હોય તો મકાન ન હોય એ બધી વાત નહીં, તમારે સીટી સ્કેન બાબતનું હોય તો કહો. કોઇ પ્રસ્તાવના નહીં.

શ્રી સી. કે. રાઉલજી : મશીન હોય તો બંધ હાલતમાં હોય. આ હકીકત અમારે કહેવાની ફરજ છે.

અધ્યક્ષશ્રી : હોસ્પિટલ હોય તો ડોકટર ન હોય એ તમારો સવાલ છે? તો તમે એમ કહો કે આ હોસ્પિટલના કેટલા કેટલા ડોકટર છે.

શ્રી સી. કે. રાઉલજી : પ્રસ્તાવના એટલા માટે કરવાની કે આ અમારો પંચમહાલનો પ્રશ્ન ગંભીર છે.

અધ્યક્ષશ્રી : ગંભીર જ છે. સીટી સ્કેન પૂરતો છે.

શ્રી સી. કે. રાઉલજી : આ સીટી સ્કેન મશીન કયારે બંધ થયું? રેડિયોલોજીસ્ટ દ્વારા સીટી સ્કેનના કેટલા કેટલા કેસો કરવામાં આવ્યા? સમારકામ માટે કયારે રિપોર્ટ કર્યો અને તેના રિપોર્ટનું શું થયું અને હાલ રેડિયોલોજીસ્ટની જગ્યા ખાલી છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય રાઉલજીનો પ્રશ્ન છે તેમાં થોડુ ડીપમાં જઇએ તો ૧૦ વર્ષ પહેલાં મોટી હોસ્પિટલમાં રાજય કક્ષાએ રાખી શકાય તે પ્રમાણેનું ઇનસાઇડ ઇન્જરી હોય, જે ખાસ કરીને એકસરે મશીન કે બાકીની જગ્યાઓ ઉપર ન પકડી શકાતું હોય તેવા દર્દીઓ માટે કરીને ત્યાં આગળ આ મશીન મૂકવામાં આવ્યું. એ મશીન પાંચ વર્ષ સુધી ખૂબ સારું ચાલ્યું. ઘણા બધા દર્દીઓને તેની સારવાર પણ આપવામાં આવી. એ પછી તેની એક ટયૂબ બગડી. તે પછી તેનો રિપોર્ટ લેવા માટે એક બોડી છે. અહીંથી આપણે નથી કરી શકતા. કવોલિટી એનાલીસીસ માટેની..

અધ્યક્ષશ્રી : કેટલા વખતથી બંધ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : તેને લગભગ ચારેક વર્ષ જેટલો સમય થયો.

અધ્યક્ષશ્રી : તેના બદલે બીજે કયાં કામ લો છો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આવા દર્દીઓ જૂજ પ્રમાણમાં આવતા હોય છે. એકસરે મશીન હોય તો તેના માટેની વ્યવસ્થા ત્યાં છે. ચાર એકસરે મશીન ત્યાં છે. સોનીગ્રાફી મશીન પણ ત્યાં અવેલેબલ છે. મોટા પ્રમાણમાં ઇન્ડોર અને ઓ.પી.ડી. બન્ને પૂરતા પ્રમાણમાં છે. ખાસ કરીને ઇનસાઇડ ઇન્જરી હોય તો વડોદરાની સયાજીરાવ હોસ્પિટલમાં આપણે મોકલતા હોઇએ છીએ.આ સ્પેસીફીક રાજય કક્ષાએ હોય તેવું મશીન ત્યાં આગળ મૂકયું છે. હિટાચી કંપની નામની કંપની હતી એ કંપનીને સોંપ્યુ છે કે તમે આનું એનાલીસીસ કરી અને એનું રીપેરીંગ અહીં થઇ શકે અને થઇ શકે તો એના ખર્ચનો એસ્ટીમેટ શું એ એની પાસેથી મંગાવવામાં આવ્યું છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા પ્રશ્નનો જવાબ મળ્યો નથી. આ મશીન ચાર વર્ષથી બંધ છે, એમણે આ સમારકામ માટે કયારે રીપોર્ટ કર્યો અને એ રીપોર્ટનું શું થયું? આજે મારો પ્રશ્ન સ્વાભાવિક છે, કે આ સીટી સ્કેન માટે ઇન્ટર ઇન્જરીના દર્દી માટે આ સીટી સ્કેનનો ઉપયોગ થઇ શકે પણ આ દસ વર્ષ સુધી ના આવ્યુ તો રેડીયોલોજીસ્ટ દ્વારા આ સીટી સ્કેનના કેટલા કેસો કર્યા, મારે એ જાણવું છે

કે મશીન આવ્યા પછી ..

અધ્યક્ષશ્રી : એ આમાં ના હોય.

શ્રી સી. કે. રાઉલજી : એમણે રેડીયોલોજીસ્ટની નિમણૂક જ નથી કરી. આજે પણ રેડીયોલોજીસ્ટની નિમણૂક નથી, એટલે રેડીયોલોજીસ્ટની નિમણૂક સમારકામ પછી કયારે કરવા માગો છો?

અધ્યક્ષશ્રી : તમે સમજો. આનો ટૂંકો જવાબ આપો કે આ મશીન તમારી પાસે આવી ગયું હતું પણ આની અંદર રેડીયોલોજીસ્ટ હોવા જોઇએ. એ માણસ જ નહોતો. તમે છ વર્ષથી વાપર્યુ અને ચાર વર્ષથી બંધ છે તો રેડીયોલોજીસ્ટ ટેકનિકલ માણસ એ વપરાતુ હતું ત્યારે હતો? આજે છે કે નહીં?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે રેડીયોલોજીસ્ટ ત્યાં આગળ હતા. રેડીયોલોજીસ્ટ દ્વારા ..

શ્રી સી. કે. રાઉલજી : સાહેબ, એ• (xxxxxx) બોલે છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ પાછા ખેંચો. (અંતરાય) બેસી જાવ રાઉલજી. જરાક બોલવામાં મર્યાદા રાખો. તમે એમ કહો કે આ હકીકત સત્ય નથી. (અંતરાય) તમે બેસો, હીરાભાઇ, તમે કેમ ઊભા થયા?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું ડેટા આપવા માગુ છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ જવાબ આપવા માગુ છું પણ એ વચ્ચે આવીને ડાયરેકટ આક્ષેપ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને સાંભળો તો ખરા, તમારુ જ સાંભળવાનું, (અંતરાય) તો કંઇ નહીં ન સાંભળવું હોય તો, એ જે કહે એ. તમે સવાલ પૂછો, એ તેઓ સાંભળે છે, એમ એ જે જવાબ આપે એ સાંભળો. તમારે એ ખોટો જવાબ આપે એના માટે પદ્ધતિ છે. એનો અર્થ એવો નહીં આપણી જગ્યા ઉપર ઊભા થઇ જવાનું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ મશીનમાં રેડીયોલોજીસ્ટ સિવાય કોઇ કરી ન શકે. ૨૬૭ જેટલા કેસો તપાસવામાં આવ્યા છે. આ રેડીયોલોજીસ્ટે તપાસ્યા છે. હા, એમની એક વાત સાથે સંમત થાઉં છું કે છેલ્લા એક વર્ષથી રેડીયોલોજીસ્ટની જે જગ્યા ખાલી છે એ વાતને હું સ્વીકૃત કરુ છું. (અંતરાય) મશીન રીપેર થાય એટલે બાકીની વ્યવસ્થા (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક વર્ષથી મશીન જ કામ નથી કરતું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ગોધરા સિવિલ હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગમાં કયા કયા સાધનો વિવિધ ટેસ્ટ માટે ઉપલબ્ધ છે તે પૈકી કેટલા મરામત હેઠળ અને ..

અધ્યક્ષશ્રી : બીજા સાધનોની વાત નહીં. એકની જ વાત કરો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રેડીયોલોજીસ્ટ માટેની જ વાત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જેઠાભાઇ, તમે ફરીથી આ પ્રશ્ન વાંચી જૂઓ.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, રેડીયોલોજીસ્ટ મશીન ના હોય તો જે સાધનો ઉપલબ્ધ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : જેઠાભાઇ, પહેલા તમે સાંભળો, આ સીટીસ્કેન પૂરતો જ સવાલ છે. બીજા કયા કયા મશીન છે શું છે એના વિશે નથી. સીટી સ્કેન વિશે અને રેડીયોલોજીસ્ટ છે કે નહીં એના વિશે પૂછવું હોય એટલું પૂછો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ પૂછું છું કે રેડીયોલોજી મશીન ના હોય તો એના માટેની સારવાર માટેના બીજા સાધનો ઉપલબ્ધ છે કે કેમ? (અંતરાય)?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપવા માગુ છું.. આ હોસ્પિટલની અંદર (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : તમારે પૂછવાનું હોય ત્યારે ઊભા થઇને પૂછજો. ત્યાં બેઠા બેઠા બોલવાનું? શાંતિ રાખો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને એ જણાવવા માગુ છું કે ચાર એકસરે મશીનો આ હોસ્પિટલની અંદર અત્યારે અવેલેબલ છે. એક સોનોગ્રાફી માટેનું પણ મશીન અલગ છે અને બીજું કલર ડોપ્લર મશીન એ પણ આજે રેડીયોલોજી વિભાગમાં આજે પણ કાર્યરત છે. મેમોગ્રાફી મશીન પણ ચાલુ છે અને સી.ટી.સ્કેન પૂરતું બગડેલ હતું એના પૂરતો પ્રશ્ન છે. એના ફિગર પણ અત્યારે ૧૪૪૨૮ જેટલા એક્સ–રેના મશીન થકી ગત વર્ષે ફોટા લીધા છે. આ વર્ષે પણ ૨૩૯૮૫ જેટલા દર્દીઓને તપાસ્યા છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગોધરા એ પંચમહાલનું જિલ્લા પ્લેસ છે અને સી.ટી. સ્કેન મશીન ચાર વર્ષથી બગડેલ હોઇ, હજારો બી.પી.એલ. દર્દીઓને અમદાવાદ જવું પડે છે, જે આવા દર્દીઓને પોસાતું નથી. આ ચાર વર્ષમાં સરકારે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરી છે?

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી :** આ મોટું અને આધુનિક મશીન છે, જે નવી ટેકનોલોજી સાથેનું મશીન છે. જ્યારે લાવ્યા ત્યારે ફ્લોપી સિસ્ટમથી ચાલતું હતું. એ પછી ચીપ આવી અને ફ્લોપી સિસ્ટમ રદ થઇ ગઇ છે. બીજું એવું છે કે ત્યાં ઇનસાઇડ ઇન્જરી કેટલા પ્રમાણમાં છે એ જોયા બાદ એવા દર્દીઓની વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. ખાસ કરીને જનરલી બધા દર્દીઓ માટે વ્યવસ્થા નથી હોતી. સોનોગ્રાફી, એક્સ–રે મશીન વગેરે સુવિધા હોય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નનો ભાવાર્થ એ છે કે પંચમહાલનું જિલ્લા મથક છે અને આ સી.ટી. સ્કેન ચાર વર્ષથી ચાલુ નથી તો એના બદલે વૈકલ્પિક રીતે વડોદરા મોકલતા હોય તો એના બદલે ગોધરામાં કોઇ વૈકલ્પિક વ્યવસ્થા અથવા નવું મશીન લાવીને કરવા માગો છો કે કેમ એટલું જ છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** મારા સાથી મંત્રીશ્રી શંકરભાઇએ જે માહિતી આપી એ પ્રમાણે આ મશીન ૧૦ વર્ષ જૂનું છે. (અંતરાય) તમે ખરીદ્યું એટલે બંધ છે. અમારા ખરીદેલા મશીનો ચાલુ છે. ટેકનોલોજી બદલાઇ છે. આ મશીન ફ્લોપી ટેકનોલોજીથી ચાલુ હતું એના બદલે હવે અદ્યતન ટેકનોલોજી આવી છે. અમે જ્યારે આ મશીન ટેસ્ટ કરાવ્યું ત્યારે રેડિએશન સેફ્ટી માટે ભારત સરકારની સંસ્થાના નિષ્ણાતો આવ્યા એમણે કહ્યું કે, રેડિએશન થાય છે એટલે મશીન ચલાવવા યોગ્ય નથી અને કંપનીએ પણ જે એસ્ટિમેટ આપ્યું એ લગભગ ૩૦ થી ૩૫ લાખ રૂપિયા ટ્યૂબ બદલવાનું આપ્યું. નવું મશીન પહેલા એક કરોડમાં મળતું હતું , અત્યારે દોઢ કરોડમાં આવે છે. મેં અને શંકરભાઇએ ગઇ કાલે જ નિર્ણય કર્યો છે કે જૂની ટેકનોલોજીના મશીન માટે હવે રિપેરીંગનો ખર્ચ ન કરવો અને આ મશીનને ડિસ્પોઝ કરવું અને ત્યાં જરૂરિયાત પ્રમાણે ભવિષ્યમાં અન્ય વ્યવસ્થા ગોઠવવી.

**અધ્યક્ષશ્રી :** નવું મશીન કેટલા વખતમાં મૂકી દેશો?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** હજી આને ડિસ્પોઝ કરવાનું છે અને ત્યાં દર્દીઓને કેવા પ્રકારની સારવાર મળે એ અંગે અમે આયોજન કરીશું. (અંતરાય) દર્દીઓને સારવાર મળે એવું આયોજન કરીશું.

### સુરેન્દ્રનગર જિલ્લામાં દિકરી યોજના પાછળ ખર્ચ

* ૮૬૮૨ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૫ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૫,૦૦૦/- |

**શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દિકરી યોજનાની રૂપરેખા શું છે અને આ યોજના ક્યારથી અમલમાં આવી છે?

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી :** આ યોજના ૧૯૮૭થી અમલમાં આવી છે. કુટુંબ નિયોજનની અંદર જનસંખ્યામાં નિયંત્રણ આવે એ માટે કેટલાક આયામો વિચાર્યા હતા, તે અંતર્ગત આ યોજનાને અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજનામાં કોઇ એક દંપતિને દીકરો ન હોય અને એક દિકરી હોય અને જો કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે તો ૬ હજાર રૂપિયા પ્રોત્સાહક સહાય તરીકે આપવાની વાત હતી. આ યોજનામાં બે સંતાનો હોય તો ૫ હજારની સહાય આપવાની વાત હતી. આનો મુખ્ય આશય એ હતો કે જનસંખ્યા નિયંત્રિત થાય અને દિકરીઓની સંખ્યા વધે એ માટેનો એનો મુખ્ય ઉદ્વેશ હતો.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, દીકરી યોજના અને બેટી વધાવો ઝુંબેશનો હેતુ સુસંગત છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એ લગભગ મોટાભાગનું સુસંગત જ છે. દીકરી બચે તો જનસંખ્યા પણ નિયંત્રણ થશે જ, દીકરી શિક્ષિત બને તો પણ પોતાના બાળક માટે કેર કરતી થશે, મારું બાળક આગળ આવીને આગળ વધી શકે એ માટે કેટલા સંતાન જોઇએ એ પણ શિક્ષિત માતા હશે તો વધારે એના કારણે ફાયદો થશે.

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નવીન ગ્રામ્ય સડકો બનાવવાની દરખાસ્ત**

* ૯૬૦૮ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં, બનાસકાંઠા જિલ્લામાં તાલુકા દીઠ કયા–કયા નવીન ગ્રામ્ય માર્ગો બનાવવાની દરખાસ્તો થયેલ છે, અને | (૧) અને (૨) * પરિશિષ્ટ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ પ્રત્યેક દરખાસ્ત કયા તબક્કે મંજૂરી માટે પડતર છે? | |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાની અંદર કુલ ૩૪૭ દરખાસ્તો આવી, એમાં ફક્ત ૪૩ દરખાસ્તોને જોબનંબર આપવામાં આવ્યો છે, ૩૦૪ દરખાસ્તો છે એ નાણાંની સગવડ થયે વિચારવામાં આવશે એમ ગોળગોળ જવાબ આપવામાં આવ્યો છે. મારે સ્પષ્ટ માનનીય મંત્રીશ્રીને આપના મારફતે પૂછવું છે કે, જિલ્લાની અંદર ઓળખ કરી જે એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓ છે અને એ રસ્તાઓ જોડવાની જો ૫ થી ૧૦ કિલોમિટરનું અંતર ઓછું થતું હોય એવા રસ્તાઓને અગ્રતાક્રમ આપીને તાત્કાલિક મંજૂર કરવા સરકારશ્રી માગે છે કે કેમ, અને બીજું કે, એક રાજ્યથી બીજા રાજ્યને જોડતા રસ્તાઓને પણ સરકાર અગ્રતાક્રમ આપવા માગે છે કે કેમ? આ બે મુદ્દા ઉપર સરકારશ્રી સ્પષ્ટતા કરે.

અધ્યક્ષશ્રી : એક ગામ વચ્ચે અને બે જિલ્લા વચ્ચે, કે તાલુકા વચ્ચે? તમે એવા રસ્તા હોય કે જે બે ગામને જોડતા હોય એનાથી અંતર દસ કિલોમિટર ઘટી જતું હોય એને પ્રાયોરિટી આપવા માગો છો કે નહીં, કે બે તાલુકાને જોડતા રસ્તા હોય એને પ્રાયોરિટી આપવા માગો છો કે નહીં?

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક રાજ્યથી, રાજસ્થાન છે, બોર્ડર છે બનાસકાંઠા જિલ્લાની, એક રાજ્યથી બીજા રાજ્યને જોડતા રસ્તાઓને સરકારશ્રી અગ્રતાક્રમ આપવા માગે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, મોટે ભાગે માર્ગ અને મકાન વિભાગમાં લગભગ રજૂઆતો આવતી હોય છે અને આવી રજૂઆતો જ્યારે આવે ત્યારે સ્થાનિક કાર્યપાલક ઇજનેર, અધિક્ષક ઇજનેર મારફતે સ્થળ ચકાસણી કરી અને ખરેખર જરૂરિયાત હોય કે હયાત કનેક્ટીવિટીની વિગતો એ ગામ રસ્તા સાથે એક વાર જોડાયેલું છે કે નહીં, આ બધી વિગતોનો અભ્યાસ કરી અને સરકાર એને મંજૂરી આપતી હોય છે. છેલ્લા બે વર્ષમાં ૩૪૭ જેટલી દરખાસ્તો મળી. એમાંથી ૪૩ ગામોને આપણી રાજ્ય સરકારે, આદરણીય આપણા મુખ્યમંત્રીશ્રીએ એને મંજૂરી આપી છે.

બાકીના જે ૩૦૪ ગામો છે, ગામ કે પરા, એ પરા છે અને એવા જે પરાઓ છે એ મોટાભાગે એક પાકા રસ્તા સાથે જોડાયેલા છે અને જ્યારે એમની માગણી છે, એક રસ્તો બીજો કરીએ તો ડબલ કનેકટીવિટીની માગણી હોય છે અને એ ડબલ કનેકટીવિટીનું કોઇ આયોજન અત્યારે સરકારનું છે નહીં. એટલે એમને જે ૪૩ રસ્તા મંજૂર કર્યા છે, એ પણ રાજ્ય સરકારે એમની ગ્રાન્ટમાં કર્યા. આજે ગુજરાત એ કનેકટીવિટીમાં સૌથી વધારેમાં વધારે કનેકટીવિટી ધરાવતું રાજય છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ મંત્રીશ્રી, સવાલ ટૂંકો એટલો જ છે કે, એક ગામથી બીજે ગામ જવા માટે થઇને હાલની તારીખે દસ કિલોમિટર દૂર જવું પડે છે, એને બદલે એ મોટા મોટા ગામ હોય એનું જે અંતર ઓછું થાય એવા રસ્તાને તમે પ્રાયોરિટી આપવા માગો છો કે કેમ? અને બીજું જે બાજુમાં રાજસ્થાન આવ્યું છે તો રાજસ્થાન તરફ જતા રસ્તા છે એને પ્રાયોરિટી આપવા માગો છો? બે જ જવાબ આપો ને.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે એમણે કહ્યું કે, મોટા ગામોને કનેકટીવિટી, આ ૪૩ જે કામોને મંજૂરી આપી છે, આ બધાને ધ્યાનમાં રાખીને જ આપી છે અને જે પડોશી રાજયની જે વાત કરે છે એ પડોશી રાજ્યના રસ્તાઓ પણ અત્યારે મોટરેબલ છે. કોઇ રસ્તાઓ બંધ નથી, બધા વાહન વ્યવહાર યોગ્ય છે, એટલે હાલમાં એનું કોઇ આયોજન રાજય સરકારે કર્યું નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : હું દાખલા સાથે કહેવા માગું છું કે ધાનેરા તાલુકાનું ઉંવારલા ગામ, ઉંવારલાથી ઝડીયા ગામને જોડતા રસ્તાની કરેલી છે.

અધ્યક્ષશ્રી : જોઇતાભાઇ, તમને જે પ્રાયોરીટીમાં લાગતા હોય આટલા આટલા ગામ કરવા જોઇએ એ તમે એમને લીસ્ટ આપજો. બંને ચર્ચા કરીને એનું નિરાકરણ કરજો અને બીજું, આ પ્રજાકીય કામ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : બરાબર છે. અમારી સંમતિ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના દરેક ગામોને અને પેટા પરાને રસ્તાથી જોડવા, દરેક ગામને એક પાકો રસ્તો આપવો એ રાજય સરકારની નીતિ છે અને આપણને જેમ અમારા સાથી મંત્રીશ્રીએ કહ્યું એમ ભારતમાં ગુજરાત અગ્રણી રાજય છે કે કોઇપણ ગામ એવું નથી કે જે પાકા ડામરના રસ્તાથી જોડાયેલું ન હોય. માનનીય સભ્યશ્રી જે માગણી કરે છે.

અધ્યક્ષશ્રી : એ વધારાની માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એક ગામને ચાર પાંચ ગામો જો આજુબાજુ આવતા હોય તો કલ્સ્ટર રોડ કરવા એ નીતિ વિષયક બાબત છે.

અધ્યક્ષશ્રી : નિતિનભાઇ, તમારો ખ્યાલ નહીં હોય એમણે જવાબ આપ્યો. તમામ ગામના રસ્તા છે પણ એમની વાત એ છે કે મોટા મોટા ગામ હોય ત્યાં ડાયરેકટલી હટાણાના સેન્ટર હોય એ તમે એને જોડી દો તો ડીસ્ટન્સ ઓછું થાય. એ તમે કરવા માગો છો કે નહીં. ન કરવા માગતા હોય તો ના પાડે. થઇ શકતા હોય તો કરવું જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : છે જ સાહેબ. એમ.ડી.આર. રોડ, મેજર ડીસ્ટ્રીકટ રોડ અને વિલેજ રોડ આપણી પ્રસ્થાપિત પ્રણાલી છે, એ પ્રમાણે મોટા ગામો તાલુકા મથક સાથે, જિલ્લા મથક સાથે સંપૂર્ણ જોડાયેલા છે, એટલે નીતિ વિષયક બાબત છે.

અધ્યક્ષશ્રી : કરવા નથી માગતા એમ કહોને. સમજાઇ ગયું. (અંતરાય) હવે, એ મોંઘવારીનું પછી રસ્તાનું કરોને. એમને પૂછવા દો. જોઇતાભાઇ, બેસો.(અંતરાય) એવું નથી બલવંતસિંહ, ગામેગામ રસ્તા હોવા જોઇએ એ જ મેં વાત કરી. હટાણાના સેન્ટર હોય, લાંબા ડીસ્ટન્સે ન જવાય. એના માટે તમે પ્રાયોરીટી આપવા માગો છો કે કેમ? તો એ કહે છે કે અમે ગામડે ગામડે રસ્તા આપી દીધા છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જે ૪૩ રસ્તાઓ મંજૂર થયા એમાં બનાસકાંઠા જિલ્લાની અંદર બે ટ્રાયબલ તાલુકા આવેલા છે. દાંતા અને અમીરગઢ, તો આ ૪૩ માંથી કેટલા રસ્તાઓ મંજૂર થયા અને કઇ યોજના હેઠળ મંજૂર થયા? અને જે યોજનામાં મંજૂર થયા એની રકમ તમે વનબંધુ કલ્યાણ યોજનામાં ગણો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આમાં વનબંધુનું ન આવે. તમે રસ્તાનું જ ખાલી પૂછો.(અંતરાય) તમારે બોલવાનું છે જોઇતાભાઇ, શાંતિ રાખોને. રસ્તા વનબંધુમાં આવે છે કે રાજય સરકારમાં આવે છે એ નકકી કરશે. રસ્તો છે કે નહીં એ કહો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, એવું થાય છે કે જે કંઇ ટ્રાયબલ યોજનામાં ખર્ચ થાય છે એની ગણતરી વનબંધુ કલ્યાણ યોજનામાં કરવામાં આવે છે. તો ભલે રાજય સરકારમાં ખર્ચ પડતો એટલે મેં વનબંધુ યોજનાનો પ્રશ્ન પૂછયો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમને દાંતા અને અમીરગઢ, એમાં અમીરગઢમાં બે રસ્તાઓ મંજૂર કર્યા છે અને દાંતાના બે રસ્તાઓ મંજૂર કર્યા છે.

-----

**ગાંધીનગરમાં આંતરિક ગામના રસ્તાઓ બનાવવા બાબત**

* ૮૬૩૩ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાં આંતિરક રસ્તાઓ બનાવવામાં આવનાર છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) ઓગસ્ટ-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? | (૩) રૂ. ૬૭૫.૦૦ લાખ ખર્ચ થવાનો અંદાજ છે. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂર થયેલા જે કામો છે એની રકમમાં કયા કયા કામોનો સમાવેશ થાય છે અને આ કામોની હાલની પરિસ્થિતિ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય અધ્યક્ષશ્રી, જે મંજૂર થયેલા કામો છે એમાં ગાંધીનગરમાં સમાવેશ થયેલ ઇન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, પાલજ તથા બાસન ગામના રસ્તાઓને સી.સી. બનાવવાનું કામ એક પેકેજ આ છે. બીજુ કામ છે, એમાં એસઆરટુ સિમેન્ટ કોંક્રીટ રોડ ઇન વિલેજ બોરીજ, ઇન્દ્રોડા, ધોળાકુવા, પાલજ, બાસન, ફતેપુરા, ગોકુળપુરા એમાં નવા રસ્તાઓ બનાવવાનું કામ છે અને ગાંધીનગરમાં સમાવિષ્ટ ઇન્દ્રોડા, ધોળાકુવા, પાલજ, બાસણ, બોરીજ તેમજ આદિવાડા, ફતેપુરા ગામોમાં રસ્તા પહોળા કરવાનું કામ છે.

**પંચમહાલ જિલ્લામાં વિધવા સહાય**

* ૮૬૪૭ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા મહિલાઓને સહાય મંજૂર કરી આપવામાં આવી, અને

(૨) અગાઉ જેમને વિધવા સહાય ચૂકવવામાં આવતી હતી તેવી કેટલી સહાયો સમય પૂરો થયા પહેલા

**જવાબ**

(૧)

| અનુ. | તાલુકાનું નામ | મંજુર અરજીઓ |
|---|---|---|
| ૧ | ગોધરા | ૩૧૫ |
| ૨ | કાલોલ | ૧૬૮ |
| ૩ | મોરવા | ૯૫ |
| ૪ | શહેરા | ૨૯૩ |
| ૫ | હાલોલ | ૩૨૮ |
| ૬ | ઘોઘંબા | ૨૧૫ |
| ૭ | જાંબુઘોડા | ૩૫ |
| | **કુલ** | **૧૪૪૯** |

(૨) અગાઉ જેમને વિધવા સહાય ચૂકવવામાં આવતી હતી તે પૈકી સમય પુરો થયા પહેલા ૧૭૦ લાભાર્થીઓની

બંધ કરી દેવામાં આવી, અને તેના કારણો શાં છે?

સહાય નીચેના કારણોસર બંધ કરવામાં આવી.

| | |
|---|---|
| ૧ | પુખ્ત ઉંમરનો પુત્ર હોવાના કારણે |
| ૨ | અવસાન થવાના કારણે |
| ૩ | પુન : લગ્ન થવાથી |

શ્રી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્બારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજય સરકાર દ્બારા વિધવા અને ત્યકતા બહેનોને આર્થિક રીતે મદદ કરવા તેમજ તેમને સમાજમાં પુનઃસ્થાપન કરવા શરૂ કરાયેલી આ યોજના ક્યારે શરૂ કરવામાં આવી? તે અંતર્ગત વિધવા બહેનોને આજની તારીખમાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે? તેમાં વિધવા બહેનોના બાળકોનો સમાવેશ કરવામાં આવે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્બારા નિરાધાર વિધવા બહેનો માટેની આર્થિક સહાયની યોજના તા.૨૬–૬–૭૯ થી શરૂ કરવામાં આવી. રાજ્ય સરકાર દ્બારા સમયાંતરે આ યોજનામાં સુધારા કરવામાં આવ્યા. આજની તારીખે નિરાધાર વિધવા બહેનોને પ્રતિ માસ રૂપિયા ૭૫૦/– ની સહાય પોસ્ટ ઓફિસ બચત બેંક મારફતે આપવામાં આવે છે. લાભાર્થી બહેનને ૨૧ વર્ષથી ઓછી વયના બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂપિયા ૧૦૦/– આપવામાં આવે છે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિધવા સહાય લાભાર્થીઓને કયા સંજોગોમાં સહાય બંધ કરવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : વિધવા સહાયના લાભાર્થીઓને જો તેઓ પુનઃ લગ્ન કરે અથવા આર્થિક રીતે અન્ય કોઇ રીતે પગભર થાય અથવા કોર્ટ દ્બારા ખાધાખોરાકી મેળવીને જીવન નિર્વાહ માટે સક્ષમ થાય તો આ સહાય બંધ કરવામાં આવે છે. લાભાર્થીનું મૃત્યુ થાય તો પણ સહાય બંધ કરવામાં આવે છે. પરંતુ તેમના ઉપર આધારિત બાળકોને સહાય મળતી હોય, તે સહાય ચાલુ રાખવામાં આવે છે. લાભાર્થીને આધારિત અપરણિત પુત્રના કેસીસમાં ૩૫ વર્ષ સુધી લગ્ન કરે ત્યાં સુધી તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી આ સહાય તેને આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાસ કરીને પુત્ર ૧૮ વર્ષની ઉંમરનો થાય ત્યારે સહાય બંધ કરવામાં આવે છે. ઘણા કેસીસમાં એવું થાય છે કે વિધવાને ૧૮ વર્ષનો પુત્ર હોય અને પોતે બંને પગે અપંગ હોય, અંધ હોય અથવા કોઇ રોગથી પીડાતો હોય તો ૧૮ વર્ષનો થયો હોય અને સહાય બંધ કરવામાં આવે છે તો સરકારમાં માનવ હિત ખાતર વિચારીને આગળ કોઇ નીતિ ઘડવા પગલાં લેવાં માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : બધી જગ્યાએ વિકલાંગો હોય તો એને સ્પેસિફિકેશન કંઇ આપતા હોય છે. વિચાર કરજો. સૂચનનો વિચાર કરજો.

શ્રી અશ્વિન કોટવાલ : જે વિધવા બહેનો, ત્યકતા બહેનોને આપણે પેન્શન આપીએ છીએ એ કેટલા સમય સુધી આપીએ છીએ? એમાં ટૂંકા ફોર્મ ભરીને તેમને ૬–૭ મહિના સુધી પેન્શન મળતું હોય છે, તો સમય મર્યાદા નક્કી કરેલ છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા બહેનોને ક્રાઈટેરિયા મુજબ એને બાળકો મોટા થાય ત્યાં સુધી અથવા ૩૫ વર્ષની ઉંમર સુધી આપવામાં આવતું હોય છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વિધવા સહાય મંજૂર કરનાર અધિકૃત અધિકારી કોણ હોય છે? કદાચ અરજી નામંજૂર થાય તો અપીલમાં લઇ જઇ શકાશે કે નહિ? અપીલમાં લઇ જઇ શકાતી હોય તો એ કોની પાસે લઇ જવાની હોય છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય મંજૂર કરનાર મામલતદાર હોય છે. જો કોઇ સંજોગોમાં મામલતદાર દ્બારા અરજી મંજૂર ન કરવામાં આવે તો નામંજૂરીનો હુકમ મળે ત્યારથી ૬૦

દિવસ સુધીમાં પ્રાંત અધિકારીને અપીલ કરી શકાય તેવી જોગવાઇ છે. પ્રાંત અધિકારી દ્વારા ૬૦ દિવસમાં અરજીનો નિકાલ કરવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન મંત્રીશ્રીને એ છે કે વિધવા બહેન બને તો કેટલા સમયમાં અરજી કરવામાં આવે છે. વિધવા બહેન થયા પછી જો અરજી સમય મર્યાદામાં ન થઇ હોય તો કારણ કે ગામડામાં ઘણા લોકો એવા છે કે જે લોકોને અરજી કરવાની હોય એમને ખબર હોતી નથી કે કેટલા સમયમાં અરજી કરવાની. તો આમાં કોઇ છૂટછાટ આપવા માગો છો કે કેમ?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તે મર્યાદા હતી, પણ અમારી આ સંવેદનશીલ સરકારે નિર્ણય કર્યો છે કે જયારથી અરજી કરે ત્યારથી આ આ સહાય લાગુ કરવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધવા સહાયનું જે ધોરણ છે તે માસિક રૂ.૭૫૦ છે અને બાળકદીઠ ૧૦૦ રૂપિયા છે. આજની આ મોંઘવારીમાં આ વિધવા સહાય ઓછી પડે છે, તો ૭૫૦ રૂપિયાની જગ્યાએ આ સરકાર વિધવા સહાયની રકમ વધારવા માગે છે કે કેમ અને બાળકોના ૧૦૦ રૂપિયાની જગ્યાએ તેમાં વધારો કરવા માગે છે કે કેમ?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી,ભૂતકાળમાં આ યોજનામાં ૧૦૦ રૂપિયા અને ૧૫૦ રૂપિયા જ આપવામાં આવતા હતા. આપણી સરકારે અત્યારે ૭૫૦ રૂપિયા કર્યા છે. આ મોંઘવારીના ધોરણો ગયા વર્ષે શરૂ થયા છે અને તે નીતિ વિષયક છે તે જોઇ લઇશું.

અધ્યક્ષશ્રી : ૧૦૦ના ૭૫૦ કર્યા તે અભિનંદન પણ આમાં હજી મોંઘવારીના કારણે વધારો કરવા માગો છો કે નહીં. સૂચન છે તે માટે અત્યારે વિચારો તો ખરા. એટલા માટે કે ૭૫૦ ના ૮૫૦ કરો તો થોડીક સહાય થાય પણ પૂરું ન થાય.

**બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૮૬૫૮ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ બારડોલી આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ બારડોલી આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૪ | હેડ કલાર્ક | ૦૧ |
| ૫ | સીનીયર કલાર્ક / સબ એકા. | ૦૪ |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૪ |
| ૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૮ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૯ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૦ | પટાવાળા | ૦૩ |
| | **કુલ** | **૨૩** |

(૨) આ મહેકમ સામે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ બારડોલી આર..ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર કુલ–૦૭ જગ્યાઓ ખાલી છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | –– |

| | | |
|---|---|---|
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૪ | હેડ કલાર્ક | -- |
| ૫ | સીનીયર કલાર્ક / સબ એકા. | -- |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૨ |
| ૭ | સબ ઓડીટર | -- |
| ૮ | સર્કલ ઓફીસર | -- |
| ૯ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૦ | પટાવાળા | ૦૧ |
| | **કુલ** | **૦૭** |

(૩) કેટલી ભરાયેલ છે?

(૩) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર કુલ-૧૬ જગ્યાઓ ભરાયેલ છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **ભરાયેલ જગ્યા** |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૪ | હેડ કલાર્ક | ૦૧ |
| ૫ | સીનીયર કલાર્ક / સબ એકા. | ૦૪ |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૨ |
| ૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૮ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૯ | ડ્રાઈવર | -- |
| ૧૦ | પટાવાળા | ૦૨ |
| | **કુલ** | **૧૬** |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં ૩૧ મે ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો નોંધાયા અને કેટલી હાઇ સિક્યોરીટી રજીસ્ટ્રેશન પ્લેટ નાંખવામાં આવી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નના જવાબમાં કહું તો..

અધ્યક્ષશ્રી : વાહનોની સંખ્યા પૂછી છે? કેટલા વાહનો મંજૂર થયા તેનો પ્રશ્ન પૂછયો છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હાજી.

અધ્યક્ષશ્રી : આ સંવર્ગનો સવાલ પૂછયો છે. આમાં વાહનો કયાંથી આવે? એક મિનિટ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહો તો જવાબ મારી પાસે અવેલેબલ છે.

અધ્યક્ષશ્રી :કચેરીનું સંવર્ગવાર મહેકમ શું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મારી પાસે અવેલેબલ છે.

અધ્યક્ષશ્રી : આર.ટી.ઓ.ના બધા પ્રશ્નો પૂછશે. છૂટ આપશો તો બધા પૂછશે. સંવર્ગનું પૂછો અને પછી વાહનોની સંખ્યા પૂછવી તે બે ડીફરન્ટ વસ્તુ છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન પૂછયો છે તેનો શોર્ટમાં જવાબ આપી દઉં તો ૨૦૧૩-૧૪ની સંખ્યાએ ૧૮૫૦૫ જેટલા વાહનો નોંધાયા છે. ૨૦૧૦-૧૧ના છે તે આંકડા હું આપના કહ્યા પ્રમાણે નથી આપતો. બીજો જે વિષય એમણે કહ્યો છે તે ખૂબ અગત્યનો છે. રાજયના હિતમાં આ ગૃહનું ધ્યાન દોરવા જેવું મને લાગે છે. આર.ટી.ઓ. કચેરીનું કામ એટલે લાયસન્સ આપવા પૂરતું નથી હોતું. પરંતુ પ્રજાની સલામતી, અકસ્માત ન થાય તે અગત્યનું હોય છે. તે માટે કેટલાક આયામો લીધા. તેમાંનું એક આયામ હાઇ સિક્યોરીટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાવીએ છીએ તે છે. તેમાં ટોટલી વ્હીકલને આ પ્લેટ લગાવીએ છીએ તો તે વ્હીકલ કયાં છે તેનું લોકેશન ખ્યાલ આવશે. ગુનાખોરી અટકશે. ઓવરલોડ હોય કે બીજી કોઇ સમસ્યાને કારણે અકસ્માત થતો હોય તો તે પણ અટકશે.

અધ્યક્ષશ્રી : મહેકમનો સવાલ છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મહેકમ છે એટલે જ કામ થઇ રહ્યું છે. અત્યાર સુધીમાં ૨૨૭૨૫ પ્લેટો લગાડવામાં આવી છે. તે સ્ટાફ છે એટલે જ લગાડવામાં આવી છે. નહીંતર આટલું કામ કયાંથી થઇ શકે.

અધ્યક્ષશ્રી :આ મહેકમનો સવાલ છે એટલા પૂરતું જ રાખો.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બારડોલી આર.ટી.ઓ.કચેરીએ તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ વર્ષવાર કેટલા લાયસન્સ ઇસ્યુ કર્યા તે હું જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : તે નહીં આવે. માનનીય શ્રી બલવંતસિંહ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ જગ્યાઓ ખાલી છે. તો આ ૧૬ જગ્યાઓ કેટલા ચોકકસ સમયમાં ભરવા માગો છો?

અધ્યક્ષશ્રી : ભરાયેલી ૧૬ જગ્યાઓ છે. ખાલી છે તે ૭ જ છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય દંડકશ્રીને વિનંતી કરીશ કે થોડોક સુધારો કરશે તો સારુ રહેશે. ટોટલી ૨૩માંથી ૧૬ જગ્યાઓ ભરાયેલી છે અને ૭ જગ્યા ખાલી છે. આ ભરવા માટે દા.ત. મોટર વાહન નિરીક્ષકની આઇ.એમ.બી.ની જે જગ્યા છે તેને પ્રમોશનથી ભરવામાં આવે છે. તે પ્રોસીજર ચાલુ કરી છે. બાકી જે જગ્યાઓ છે તેમાં જી.પી.એસ.સી. દ્વારા સીધી ભરતીથી કેટલાક મોટર વાહન નિરીક્ષકોની કાર્યવાહી ચલાવી રહ્યા છે. અને ૧૪૭ જેટલી નવી જગ્યાઓ એ ભરવામાં આવશે અત્યારે જી.પી.એસ.સી. કક્ષાએ પડ્યું છે એ જેવી ભરતી થાય એટલે એને મૂકવામાં આવશે અને ત્રીજો એમનો પ્રશ્ન છે એમાં આઉટ સોર્સીસથી જે જગ્યાઓ ભરવાની છે એમાં પણ અમે ૧૫ જેટલી જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી આગળ કરી રહ્યા છીએ.

**ખેડા જિલ્લાની નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ**

* ૯૭૯૬ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાની નડિયાદ સિવિલ હોસ્પિટલમાં કુલ કેટલા ડૉકટરોની જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાની નડિયાદ સિવિલ હોસ્પિટલમાં તજજ્ઞ વર્ગ–૧ ડૉકટરોની ૧૮ પૈકી ૧૧ ભરેલી અને ૭ ખાલી છે તથા વર્ગ–૨ના તબીબી અધિકારીઓની મંજૂર થયેલ ૨૦માંથી ૧૩ ભરેલી અને ૭ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમારે સિવિલમાં ૧૦ ડોકટરો નથી. અને ફિઝિશિયન ૧૦ વર્ષથી નથી તો આ ફિઝિશિયન ક્યારે ભરવા માગો છો? ૧૦ વર્ષથી ફિઝિશિયન નથી નડિયાદ સિવિલમાં અને આ ૧૧ તાલુકાનો જિલ્લો છે તો એ ક્યારે ભરવા માગો છો? અને બીજા ૮ થી ૯ ડોકટરોની જગ્યાઓ ખાલી છે તો એ ક્યારે તમે ભરશો? પાંચ પાંચ વર્ષથી જગ્યાઓ ખાલી છે અને ડોકટરો બીજા રાજ્યોમાં જતા રહે છે. તમે અહીંથી ડોકટરોને બહાર કાઢી મૂકો છો અને ભરતા નથી અને પછી કહો છો કે ડોકટરો મળતા નથી એ સાચી વાત છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ના, એ વાત સાચી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નડિયાદની અંદર જે ખાલી જગ્યાઓ છે એને સી.એમ. સેતુ અંતર્ગત પી.જી. કરેલ જે હોય એવા ડોકટરોને બહારથી પણ આપણે લઇ શકીએ છીએ અને એ માટેના પ્રયત્નો કરી રહ્યા છીએ. પણ આજની તારીખમાં મારે માનનીય નટવરસિંહજીને એ પણ જણાવવું છે કે, આજે નડિયાદ હોસ્પિટલની અંદર જે જગ્યાઓ ભરેલી એમાં બાળ રોગ નિષ્ણાત પિડિયાટ્રીશયન પણ ત્યાં આગળ અવેલેબલ છે, સ્ત્રી રોગ નિષ્ણાત ગાયનેકોલોજીસ્ટ એ પણ છે, ઇ.એન.ટી. સર્જન પણ છે, આંખના સર્જન પણ છે, પેથોલોજીસ્ટ

પણ છે, એનેસ્થેટીસ પણ છે, ફુલ ટાઇમ સર્જન પણ છે, દાંતના સર્જન પણ છે અને માનનીય નટવરસિંહજીને મારે એ પણ જણાવવું છે કે, માનસીક રોગના નિષ્ણાત પણ ત્યાં આગળ અવેલેબલ છે.

શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે નડિયાદ આવડા મોટા સેન્ટરમાં ફિઝિશિયન ડોકટર પાર્ટ ટાઇમ બે કલાક આવે તો ચાલે? નડિયાદ આવડો મોટો જિલ્લો છે ત્યારે ત્યાં કાયમી ફિઝિશિયનની ફુલ ટાઇમ જગ્યા ભરાયેલી હોવી જોઇએ, કેમ કે નાના અને ગરીબ માણસોને તકલીફ પડે છે મોટા અને પૈસાદાર માણસો તો ગમે ત્યાં મોટા દવાખાનામાં જતા રહે, પણ ગરીબ માણસોનું શું?

અધ્યક્ષશ્રી : પાર્ટ ટાઇમને બદલે ફુલ ટાઇમ ફિઝિશિયન માટે શું કરવા માગો છો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પાર્ટ ટાઇમ સી.એમ.સેતુ અંતર્ગત ડોકટર છે અને નવા જે પી.જી.માંથી ફિઝિશિયનોની અમે દર વીકે અહીંયા આગળ ભરતી કરીએ છીએ એમાં જે કોઇ ફિઝિશિયન આવવા માગે, તો અમે એમની નિમણૂક ત્યાં કરીશું.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૧૮ પૈકી ૭ જગ્યાઓ ખાલી છે અને ૧૧ જગ્યાઓ ભરેલી છે. આ ૧૧ ભરેલી છે એ કાયમી ડોક્ટરો છે કે પછી પાર્ટ ટાઇમ છે, અને આ ૭ જગ્યાઓ જે ખાલી છે એ કેટલા સમયથી છે, અને કઇ કઇ જગ્યાખો ખાલી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી: માનનીય અધ્યક્ષશ્રી, ખાલી જગ્યાઓ જે છે એમાં એક સી.ડી.એમ.ઓ.ની જગ્યા ૩૦–૪–૨૦૧૩થી ખાલી છે. એ નિવૃત્ત થયા, એના પછી અમે ભરતીની પ્રક્રિયા કરી, પણ એમાં બીજા કોઇ ડોકટર તાત્કાલિક નથી મળ્યા. બીજી આર.એમ.ઓ.ની જગ્યા છે એ પણ ગયા વર્ષથી ખાલી છે અને એક ઓર્થોપેડીક સર્જન છે એ હમણા આ ચોથા મહિનાની અંદર એટલે કે ત્રણ ચાર મહિના પહેલા જ એ નિવૃત્ત થવાના કારણે એ જગ્યા ખાલી પડી છે. બીજુ માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જણાવવાનું હતું કે પાર્ટ ટાઇમ સી.એમ.સેતુ યોજના અંતર્ગત જે ડોકટરને લઇએ છીએ એ ત્રણ કલાક સુધી એટલે એક કલાકના અમે ૬૦૦ રૂપિયા પ્રમાણે આપીએ છીએ. ગામમાં જો કોઇ સારામાં સારા ડોકટર હોય અને એમને જો ત્યાં આગળ સર્વિસ આપવાની થાય, એક કલાકના ૬૦૦ રૂપિયા પ્રમાણે દરરોજના ૩ કલાક સુધી એ કામ કરી શકે છે, એટલે સ્પેસિફિક સ્પેશ્યાલિસ્ટ ડોકટરો માટે અમે આ વ્યવસ્થા કરેલી છે અને એ અંતર્ગત અમે પ્રયત્ન પણ કરી રહ્યા છીએ અને બાકીના ડોકટરો પણ મળશે તો એની પણ અમે વ્યવસ્થા કરીશું.

**છોટાઉદેપુર, વડોદરા જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કરાર આધારિત નિમણુંક**

* ૯૧૨૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કઈ કઈ જગ્યાઓ આઉટસોર્સીંગ કરાર આધારિત અને વિઝિટીંગ ધોરણે ભરવામાં આવી છે, અને

(૨) કઈ ગ્રાન્ટ યોજનામાંથી પગાર ખર્ચ ચૂકવાય છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં આઉટ સોસીંગ, કરાર આધારિત અને વિઝિટીંગ ધોરણે ભરવામાં આવેલ જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| | કરાર આધારિત આઉટ સોર્સ થી ભરાયેલ જગ્યાની વિગત | વિઝીટીંગ ધોરણે ભરવામાં આવેલ જગ્યાની વિગત |
|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | *પત્રક–અ મુજબ | ભરતી કરવામાં આવતી નથી. |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | *પત્રક–બ મુજબ | પત્રક–બ મુજબ |

(૨) નીચે મુજબની ગ્રાન્ટ યોજનામાંથી પગાર ખર્ચ ચુકવાય છે.

| | |
|---|---|
| પ્રાથમિક | (૧) આયુષ, ફાર્માસીસ્ટ, લેબટેક, |

| | |
|---|---|
| આરોગ્ય કેન્દ્ર | સ્ટાફ નર્સ, પીએચસી એકાઉન્ટન્ટ, આરબીએસકે સ્ટાફનો પગાર ખર્ચ આરસીએચ/ એનઆરએચએમ સદરે કરવામાં આવે છે.<br><br>(૨) જ્યારે આયુષ (વનબંધુ), સ્ટાફ નર્સ (વનબંધુ) વોર્ડબોય, આયા તેમજ ડ્રાઈવરનો પગાર ખર્ચ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ૨૨૧૧ સદરે કરવામાં આવે છે. |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | (૧) એન.આર.એચ.એમ./આર.સી.એચ અંતર્ગત નિમણૂક પામેલ તજજ્ઞો/હોમીયોપેથીક ડૉકટરો તેમજ એકાઉન્ટન્ટોનો પગાર ખર્ચ એન.આર.એચ.એમ. સદરે કરવામાં આવે છે.<br>(૨) જ્યારે ઇંડીયન રેડક્રોસ સોસાયટી ખાતેથી નિમણૂક પામેલ ફાર્માસીસ્ટ/લેબૉરેટરી ટેકનીશીયનોનો પગાર ખર્ચ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ૨૨૧૦/૨૨૧૧ સદરે કરવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારો પણ પ્રશ્ન એ છે કે, છોટાઉદેપુર જિલ્લો નવો બન્યો, ખેડા જિલ્લાની જો ડોકટરોની જગ્યા ના ભરાતી હોય તો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડર ઉપર આવેલો આ છોટાઉદેપુર જિલ્લો. એના તાલુકા છે ૬, એ ૬ તાલુકામાં લગભગ ૪૦ જેટલા પી.એચ.સી. અને સી.એચ.સી. દવાખાના બનેલા છે, પણ મારે એ જાણવું છે કે કેટેગરી વાઇઝ એમાં મહેકમ કેટલું મંજૂર થયેલું છે અને કુલ મહેકમમાંથી કરાર આધારિત કેટેગરીવાઇઝ કેટલી જગ્યાઓ ભરેલી છે? તારીખ ૩૦-૫-૧૪ની સ્થિતિએ કેટેગરીવાઇઝ પી.એચ.સી. અને સી.એચ.સી. વાઇઝ કેટલી જગ્યાઓ હાલ ખાલી છે, એટલા માટે કે આ ટ્રાયબલ વિસ્તાર છે બરોડા ખાતે દવાખાને જવા માટે પણ એમને ૧૯૦ કિલોમીટર જવું પડે. કોઇ દવાખાનામાં ડોકટરો ના હોવાના કારણે ગરીબ માણસોની પરિસ્થિતિ બહુ જ ખરાબ છે, એવા સંજોગોમાં જે ડોકટરોની જગ્યાઓ ખાલી છે એ સરકાર વહેલી તકે ભરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મોહનસિંહભાઈની એક બાબત પર હું સંમત થઇશ કે ટ્રાયબલ એરિયાની અંદર સૌથી વધારે સુવિધા મળે તો લોકોને સારું રહે. ખાસ કરીને ત્યાં નજીકમાં મોટી હોસ્પિટલો હોતી નથી, એ વાત સાથે પણ મારે સંમત થવું જોઇએ કે ત્યાં જેટલી ઝડપી વ્યવસ્થા થાય તો એનો ફાયદો થાય. અમે એવી વ્યવસ્થા ત્યાં આગળ ઊભી કરી છે. આખી યાદી હું કેટલી જગ્યાઓ ખાલી છે એનું તમે કહેશો તો બે જિલ્લાની આપીશ તો સમય પૂરો થઇ જશે એટલે હું ડિટેઇલ નથી આપતો. પરંતુ અમે જે વ્યવસ્થા ઊભી કરી છે એ વાત હું કહેવા માગું છું કે, લોકલ કક્ષાએથી ડોકટર મળે તો એની વ્યવસ્થા અને બીજું આઉટસોર્સથી પણ, દા.ત. ડોકટર છે પરંતુ નર્સ નથી અથવા તો વોર્ડબોય નથી કે પટાવાળો નથી તો કરાર આધારિત પણ અમે ત્યાં વ્યવસ્થા પી.એચ.સી. સી.એચ.સી. બન્ને કક્ષાએ કરી લીધી છે, અત્યારે ટોટલી છોટાઉદેપુર જિલ્લાની અંદર આઉટસોર્સની જગ્યાઓ ભરી છે એમાં ૨૬૯ જેટલી જગ્યાઓ અમે ભરી

દીધી છે અને હજી પણ માનનીય સભ્યશ્રીને ક્યાંય લાગે કે ડોકટર ટેમ્પરરી ત્યાંથી વોક ઇન ઇન્ટરવ્યુમાં આવી શકે તેમ છે તો દર અઠવાડિયે અમે અહીંયા આગળ વ્યવસ્થા કરતાં હોઇએ છીએ, તો ત્યાંના સ્થાનિક અથવા તો વડોદરાની આજુબાજૂના ડોકટરને મૂકવાનું કહેશે તો એમની નિમણૂંક કરવાની પણ અમારી તૈયારી છે અને લોકલ કક્ષાએ નર્સીંગ કે બાકી કોઇ વ્યવસ્થા ખૂટતી હોય તો અમે આઉટસોર્સથી ત્યાં અવેલેબલ નહિ હોય તો તે મૂકીને પણ વ્યવસ્થા કરાવીશું. બીજી એક બાબત પણ મારે ધ્યાન પર મૂકવી હતી કે, ત્યાં હાઇ પ્રાયોરિટી તાલુકા અને ટ્રાયબલ તાલુકામાં ડોકટરો જવા નથી માંગતા હોતા તો ત્યાં ડોકટર રહીને સારી સેવા આપી શકે તે માટે ટ્રાયબલ વિસ્તારમાં પગાર ઉપરાંત વધારાનું એલાઉન્સ ચૂકવીએ છીએ એના કારણે એ લોકો ટ્રાયબલ વિસ્તારમાં જઇ શકે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એમણે માહિતી આપી કે નસવાડી તાલુકામાં ૨૦૦૦ની સાલથી અધિક-૧ ની જગ્યાઓ ખાલી છે, આ ૧૪ વર્ષ થયાં, ત્યારે આ ૧૪ વર્ષમાં આ અધિક-૧ ની જગ્યા ભરવા માટેનું કોઇ આયોજન કરવામાં આવેલું છે કે કેમ? બીજું વર્ગ-૨ ની જગ્યા પણ ખાલી છે, તો આ તમામ જગ્યાઓ ખાલી છે એ ભરવા માટે તમે કેટલી વખત આયોજન કર્યું? કોઇ ડોકટરની પસંદગી કરવામાં આવેલી છે કે કેમ? કાં તો આ ડોકટરોને ભરવામાં આવતા ના હોય તો આવા દવાખાનામાં ટ્રાયબલને સારવાર આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહના તમામ સભ્યશ્રીઓની લાગણીમાં આ સભ્યશ્રીના પ્રશ્નનું પ્રતિબિંબ આવે છે, હું ૧૯૯૦માં પહેલી વાર ધારાસભ્ય બન્યો, ત્યારે આવા જ પ્રશ્નો પૂછાતા હતા, ડોકટરોની તકલીફ એ ભૂતકાળમાં ખૂબ હતી, અમારી સરકારે જે તબક્કાવાર નિર્ણયો કર્યા છે, આ લાંબાગાળાના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે સૌથી પહેલાં તો ગુજરાતમાં ડોકટરોની ઉપલબ્ધિ વધારવી પડે, પહેલાં સરકારની ચાર મેડિકલ કોલેજો હતી. અમારી સરકારે નવી મેડિકલ કોલેજો બનાવી, નવી સીટો ઊભી કરી અને આવનારા ચાર-પાંચ વર્ષમાં સાહેબ જે અત્યારે આપણી નવી મેડિકલ કોલેજોના વિદ્યાર્થીઓ ડિગ્રી લઇને બહાર આવશે. મને સો ટકા વિશ્વાસ છે કે આ પ્રશ્નનું કાયમ માટે નિવારણ થશે. ભૂતકાળનો મૂળ પ્રશ્ન કે સાહેબ મેડિકલ કોલેજો જ ના હોય તો ગુજરાતને કયાંથી ડોકટરો મળે? ગમે તેને તો ડોકટર બનાવાય નહીં અને બીજા નંબરે સાહેબ (અંતરાય) નટવરસિંહ તમારો વિષય નથી. બીજા નંબરે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ નીતિનભાઇ, અત્યારે આ વૈકલ્પિક વ્યવસ્થા કેવી રીતે કરશો એ કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એક મુદ્દો કહી દઉં. ભારત સરકારે આયુષ ડોકટરોની જેમાં આયુર્વેદિક, હોમિયોપેથીક ડોકટરોની નિમણૂક કરવા માટે આપણે બે હજાર જગ્યાઓની સ્પેશ્યલ પરવાનગી માગી હતી. ભારત સરકારે આપણને પરવાનગી આપી. ૧૮૦૦ આયુષ ડોકટરો આપણે ભર્યા અને ફકત માનનીય શંકરભાઇએ કહ્યું એ પ્રમાણે આદિવાસી અને છેવાડાના તાલુકામાં કે જયાં ડોકટરો જવા તૈયાર નથી. સાહેબ, ડોકટરો બધાને રાજકોટ રહેવું છે, અમદાવાદ, સુરત, વડોદરા રહેવું છે કોઇ ગ્રામ્ય વિસ્તારમાં જતાં નથી. આદિવાસી ડોકટરો પણ આદિવાસી વિસ્તારમાં જવા તૈયાર નથી. એ પ્રશ્ન છે, ત્યારે અમે મેડિકલ સીટો વધારી અને વધુ ડોકટરો મળશે એટલે આ પ્રશ્નો હળવા થશે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ આઉટ સોર્સીંગ અને કરાર આધારિત જે ડોકટરોની ભરતી કરવામાં આવે છે અને આ કરાર જે છે તેને એકસ્ટેન્ડ કરવામાં નથી આવતો એટલે ડોકટરો પછી જતાં રહે છે, એટલે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, આ કરાર આધારિત જે ડોકટરો છે તેમને કાયમી નિમણૂક આપો તો ઘણી બધી જગ્યાઓ ભરાઇ જશે, તો આ તમે કરવા માગો છો કે કેમ? અને તેનું પગારનું ધોરણ છે તે પ્રાઇવેટ કરતા ઘણું ઓછું છે એટલે પગારનું ધોરણ પણ સુધારવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારાજી અને રાઉલજી પણ મંત્રી રહી ચૂકયા છે. સાહેબ, સરકારમાં કાયમી નિમણૂક કરવી હોય તો જી.પી.એસ.સી.નું કન્ફર્મેશન, જી.પી.એસ.સી.પરીક્ષા પાસ કરેલા હોવા જોઇએ અને એવા ડોકટરો મળતાં નથી કે જે જી.પી.એસ.સી.પાસ કરેલા હોય. એટલે અગિયાર-અગિયાર મહિનાના ઓર્ડર આપીએ છીએ અને અગિયાર મહિના પૂરાં થાય

એટલે પંદર દિવસમાં જ ફરી રિન્યુ કરીને તેને ત્યાંજ મૂકી આપીએ છીએ. કાયદાકીય પ્રશ્નો, બજેટના પ્રશ્નો અને જી.પી.એસ.સી.ના પ્રશ્નો ઊભા ના થાય તે જોવાની પણ અમારી ફરજ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જોષીયારા સાહેબે કહ્યું. રિયાલીટીમાં વાસ્તવિકતા એવી છે કે, સરકારશ્રી પગાર વધારે અને જે અગિયાર મહિનાના કરારમાં સીટીમાં હશે, પણ ગામડાનાં વિસ્તારમાં બન્નેનો ડિફરન્સ નહીં કરો ત્યાં સુધી આ વ્યવસ્થાનો કોઇ દિવસ ઉકેલ નહીં આવે. સીટીમાં જે પગાર છે, પણ ગામડામાં વધુ પગાર મળે એવી સરકાર કંઇક યોજના કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે ડોકટરોની આપણે નિમણૂક કરી, તેમને ગ્રામ્ય વિસ્તારમાં વધારાનું ભથ્થું આપણે આપીએ છીએ. હાઇ પ્રાયોરિટીમાં છે અને ગ્રામ્ય એલાઉન્સ પ્રમાણે આપણે તેનો અમલ કરીએ છીએ.

**બનાસકાંઠા જિલ્લાના શિહોરી-દિયોદર રસ્તો પહોળો કરવાનું ખર્ચ**

* ૮૬૩૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના શિહોરી-દિયોદર રસ્તાને પહોળો કરવાનું કામ તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં |
| (૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? | (૨) રૂ. ૨૪૦૦.૦૦ લાખ |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ કામની હાલની પરિસ્થિતિ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામ છે તેમાં હાલની પરિસ્થિતિમાં શિહોરીથી દિયોદર તરફ જતા રસ્તાથી જમણી બાજુમાં છ કિલોમીટર લંબાઇમાં શિહોરીથી પાદરડી ગામ સુધી વેટ બિકસ મેકાડમની કામગીરી પૂર્ણ થયેલ છે તેમજ રસ્તાની ડાબી બાજુ તરફ બે કિલોમીટર લંબાઇના આકોલીથી પાદરડી સુધીમાં જીએસબી પ્રથમ લેયરની કામગીરી પૂર્ણ થયેલ છે અને હવે બીજા લેયરની કામગીરી પ્રગતિ હેઠળ છે. કુલ ૩૪ નાળા મંજૂર કરેલા હતા તે પૈકી ૧૫ નાળાનું કામ પૂર્ણ થયેલ છે. ૧૯ નાળાનું કામ પ્રગતિ હેઠળ છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ કામગીરી પૂર્ણ થતાં કેટલાં ગામોને અને કેટલી વસતિને લાભ થનાર છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાની કામગીરી પૂર્ણ થવાથી શિહોરી, ખુવારવા, ખસા, પાદરડી, આંકોલી, ચીમનગઢ, મુલકપુર, સુરાહણા, નવા દિયોદર આમ કુલ ૪૯૨૯૭ જેટલી વસતિને લાભ થવાનો છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરી કયારે શરૂ કરવામાં આવી અને કયારે પૂર્ણ કરવાનું આયોજન છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરીનો વર્કઓર્ડર તા. ૨૬-૨-૨૦૧૪ના રોજ આપવામાં આવ્યો છે અને ટેન્ડરમાં નકકી કરેલ મુદત પ્રમાણે તા. ૨૫-૨-૨૦૧૫ સુધી કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

**જસદણ-વિછીંયા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ**

* ૯૫૮૩ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જસદણ વિછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સેટઅપ મુજબ ડોક્ટરોની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) જસદણ, વિછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | સંવર્ગનું નામ | જસદણ | વિછીયા |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | અધિક્ષક | ૧ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | વર્ગ–૧ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | - |
| ૩ | વર્ગ–૧ | પીડીયાટ્રીશયન | ૧ | – |
| ૪ | વર્ગ–૨ | તબીબી અધિકારી | ૩ | ૩ |

(૨) તે અન્વયે કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૨) જસદણ, વિછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ભરેલી તથા ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | સંવર્ગનું નામ | જસદણ | | વિછીયા | |
|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| ૧ | વર્ગ–૧ | અધિક્ષક | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | વર્ગ–૧ | ગાયનેકોલોજીસ્ટ | ૦ | ૧ | - | – |
| ૩ | વર્ગ–૧ | પીડીયાટ્રીશયન | ૦ | ૧ | – | – |
| ૪ | વર્ગ–૨ | તબીબી અધિકારી | ૩ | ૦ | ૨ | ૧ |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) (૧) ડોકટરોની ખાલી જગાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારો ઉપલબ્ધ થતાં નિયમિત ધોરણે નિમણૂંક આપીને ભરવામાં આવે છે.

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને કરારના ધોરણે ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપીને આ જગ્યાઓ ભરવામાં આવે છે.

(૩) રાજ્યની સરકારી મેડિકલ કોલેજોમાંથી પાસ થયેલ ઉમેદવારોને બોન્ડની શરતો અનુસાર બોન્ડેડ તબીબી અધિકારી તરીકે નિમણુંકો આપીને પણ જગ્યાઓ ભરવામાં આવે છે.

(૪) સી.એમ. સેતુ યોજના હેઠળ દવાખાનામાં ખાનગી ડૉકટરોની પણ સેવા ઉપલબ્ધ કરવામાં આવે છે.

(૫) તબીબી અધિકારીની ખાલી જગ્યાઓનો ચાર્જ અન્ય તબીબી અધિકારીને સોંપીને પણ તબીબી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે, વર્ગ–૧ની તમામ જગ્યાઓ ખાલી છે પણ મારો પ્રશ્ન એ છે કે, છેલ્લા બે વર્ષથી ડેન્ટલ ડોકટરની નિમણૂક જસદણ આરોગ્ય કેન્દ્રમાં કરવામાં આવી છે, પણ કોઇ સાધનસામગ્રી નહીં હોવાના કારણે આ ડોકટર કોઇ દર્દીને સારવાર આપી શકતા નથી તો ડેન્ટલ માટે કોઇ સાધનસામગ્રી આપવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એની તપાસ કરાવડાવી અને જો સાધનના કારણે કોઇ મુશ્કેલી હોય તો અમે વ્યવસ્થા પૂરી કરાવીશું અને ચેર કે એવું જે જોઇએ એ અમે પૂરું કરાવીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાયનેકોલોજીસ્ટ અને પીડીયાટ્રીશયન એ જગ્યાઓ છેલ્લા કેટલા સમયથી ખાલી છે કારણ કે આજે પણ કુપોષણના પ્રશ્નો ખૂબ જ છે. જવાબમાં કહેવામાં આવ્યું કે નડિયાદમાં ગાયનેકોલોજીસ્ટની અને પીડીયાટ્રીશયનની જગ્યા ભરેલી છે તો આ કેટલા સમયથી આ ગાયનેકોલોજીસ્ટ અને પીડીયાટ્રીશયનની જગ્યાઓ ખાલી છે અને ભરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે તાલુકા છે એક જસદણ અને બીજો વિછીંયા. જસદણમાં ગાયનેકોલોજીસ્ટની જગ્યા ભરેલી છે અને વિછીંયાની અંદર ખાલી છે, અને એ સી.એમ. સેતુ યોજના અંતર્ગત અમે લેવા માગીએ છીએ.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિછીંયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા બે વર્ષમાં કેટલા દરદી તપાસવામાં આવ્યા અને આ હોસ્પિટલ કેટલી પથારીની છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બંને હોસ્પિટલો છે અને ઇન્ડોર સાઇડ એ ૩૦–૩૦ બેડની હોસ્પિટલો છે. ઓપીડીની દ્રષ્ટિથી જસદણની અંદર ૨૦૧૨–૧૩ની અંદર ૪૯૭૨૪ અને ૨૦૧૩–૧૪માં ૬૮૫૦૭ જેટલા દર્દીઓને તપાસ્યા છે અને વિછીંયાની અંદર આગલા વર્ષે ૫૦૮૬૭ અને ૨૦૧૩–૧૪માં ૫૭૮૭૬ જેટલા દર્દીઓને તપાસ્યા છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મશીનો બગડેલા છે, ડોકટરોની જગ્યાઓ ખાલી છે અને દવાઓ નથી તો આ દર્દીઓના અચ્છે દિન કબ આયેંગે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે પોલીટીકલી બાબતમાં નથી જવું પણ ભૂતકાળમાં જે કંઇ હતું એના કરતાં ઘણું બધું સારું કર્યું છે અને આજે પણ જે કોઇપણ સોર્સથી મળે એ પ્રમાણે ડોકટરોને પૂરા કરી અને વ્યવસ્થા કરવા માગીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જવાબ આપ્યા એ મુજબ જસદણ અને વિછીંયામાં ગાયનેકોલોજીસ્ટ અને પીડીયાટ્રીશયનની જગ્યાઓ ખાલી છે તો એ કેટલા સમયથી ખાલી છે અને કેટલા સમયમાં ભરવા માગો છો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં કહ્યું હતું અને હવે એક જે જગ્યા ખાલી છે એ સી.એમ. સેતુ અંતર્ગત જયાં ડોકટર અવેલેબલ હોય, ત્યાં આજુબાજુમાં પ્રાઇવેટ, તો પી.જી. કરેલા હોય છે અને આ પોસ્ટ ગ્રેજયુએટનો આ કોર્સ છે અને ત્યાં...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### મહેસાણા જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ

* ૮૬૮૮ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા કેટલી રકમ મંજુર કરવામાં આવી,

(૨) આ પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે,

**જવાબ**

(૧)

| ક્રમ | ફેસિલીટી | ફેસિલીટી સંખ્યા | મંજુર થયેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧. | સા.આ.કેન્દ્ર | ૮ | ૧૭૫૮.૦૮ |
| ૨. | પ્રા.આ.કેન્દ્ર | ૨૨ | ૧૦૯૮.૦૨ |
| | કુલ રૂ. લાખમાં | | ૨૮૫૬.૧૦ |

(૨) સા.આ.કેન્દ્ર–ઉદલપુર, કડી, જોટાણા, કુકરવાડા, વિજાપુર અને બેચરાજીનું કામ પુર્ણ થયેલ છે. નંદાસણનું કામ ફિનિશીંગ લેવલે છે અને કલ્યાણપુરાનું કામ ટેન્ડરની મંજૂરી હેઠળ પ્રા.આ.કેન્દ્ર– કુલ ૨૨ પ્રા.આ. કેન્દ્ર પૈકી ૧૮

| | |
|---|---|
| | પ્રા.આ.કેન્દ્રનું કામ પુર્ણ થયેલ છે, સુંઢિયા અને સોખડાનુ કામ પ્રગતિમાં છે જ્યારે ખેરવા ટેન્ડર મંજૂર કરી સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ છે જ્યારે પ્રા.આ.કે., મીઠા જમીનનો પ્રશ્ન હોવાથી ડ્રોપ થયેલ છે. |
| (૩) આ કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવશે, અને | (૩) કલ્યાણપુરા સા.આ.કેન્દ્ર ટેન્ડર પ્રક્રીયા હેઠળ છે જે વર્ક ઓર્ડર ઈસ્યુ થયે શરૂ કરવામાં આવશે. ખેરવા પ્રા.આ.કેન્દ્ર ટેન્ડર મંજૂર કરી સ્વીકૃતિ હુકમ આપવામાં આવેલ છે, વર્ક ઓર્ડ ઈસ્યુ થયે શરૂ કરવામાં આવશે. |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) કલ્યાણપુરા સા.આ.કેન્દ્ર વર્ક ઓર્ડર ઈસ્યુ થયે એક વર્ષમાં પુર્ણ કરવામાં આવશે. ખેરવા પ્રા.આ.કેન્દ્ર વર્ક ઓર્ડર ઈસ્યુ થયે અગિયાર માસમા પુર્ણ કરવામાં આવશે. |

---------

## ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા દર્દીઓની તબીબી સેવાઓ આપવા બાબત

* ૮૬૧૭ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને | (૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણેના દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે. |

| વર્ષ | દર્દીની સંખ્યા |
|---|---|
| તા. ૦૧-૦૬-૧૨ થી તા. ૩૧-૦૫-૧૩ | ૩,૧૯,૧૦૪ |
| તા. ૦૧-૦૬-૧૩ થી તા. ૩૧-૦૫-૧૪ સુધી | ૩,૧૭,૩૨૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ? | (૨) તે પૈકી નીચે મુજબના દર્દીઓને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી |

| વિગત | તા. ૦૧-૦૬-૧૨ થી તા. ૩૧-૦૫-૧૩ | તા. ૦૧-૦૬-૧૩ થી તા. ૩૧-૦૫-૧૪ સુધી |
|---|---|---|
| આઉટડોર | ૨,૮૪,૭૫૧ | ૨,૮૪,૩૫૯ |
| ઈન્ડોર | ૨૦,૩૬૬ | ૧૯,૩૫૩ |
| સર્જીકલ સારવાર | ૧૩,૯૮૭ | ૧૩,૫૧૦ |
| કુલ | ૩,૧૯,૧૦૪ | ૩,૧૭,૨૨૨ |

---------

## રાજ્યમાં રમતગમત વિભાગમાં કોચ અને તાલીમ શિક્ષકની ખાલી જગ્યાઓ

* ૯૮૪૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં યુવા સાંસ્કૃતિક અને રમત-ગમત વિભાગ હેઠળ મંજૂર થયેલ કોચ અને તાલીમ શિક્ષકોની સંખ્યા કેટલી છે,

(૧) ૧૯૮ કોચ, તાલીમ શિક્ષકો નથી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કોચ અને તાલીમ શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરાયેલ છે. ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી કાયમી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ફીક્સ પગાર કે હંગામી ધોરણે ભરાયેલ છે, અને

(૨) ભરાયેલી જગ્યાઓ ૧૪૩
કાયમી ભરાયેલી ૨૬
ફીક્સ પગાર કે હંગામી ધોરણે ભરાયેલી ૧૧૭

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

(૩) ખાલી જગ્યાઓ ૫૫
ભરતી પ્રક્રિયા પ્રગતિમાં

---------

## ઠાસરા તાલુકાના સેવાળીયા-રામપુરા રસ્તાનું રીસરફેઈઝ કરવા બાબત

* ૮૫૧૬ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ઠાસરા તાલુકાના સેવાળીયા-રામપુરા રસ્તો છેલ્લે ક્યારે રીસરફેઈઝ કરવામાં આવ્યો, અને

(૨) આ રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં હોય સત્વરે રીસરફેઈઝ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) આ રસ્તો ૧૯૯૬માં રીસરફેઈસ કરવામાં આવ્યો.

(૨) જરૂરી મરામત કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે.

---------

## સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં રસ્તાઓના જોડાણ મંજૂર કરેલ રકમ

* ૮૬૦૬ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા પરાઓને ડામર સપાટીવાળા રસ્તાઓનું જોડાણ આપવા, કેટલા પરાઓને જોડતા, કેટલી રકમનાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૬૦ પરાઓને જોડતા ૫૫ રસ્તાઓના કુલ રૂ. ૪૯૪૬.૮૯ લાખનાં કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૧૧ પરાનાં ૮ રસ્તાનાં કામો પૂર્ણ કરેલ છે, ૪૪ પરાનાં ૪૩ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે અને ૫ પરાનાં ૪ કામોમાં જમીનનો પ્રશ્ન હોઈ શરૂ થયેલ નથી.

---------

## સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ ખર્ચ

* ૮૫૯૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના કયા કયા ઘટકોમાં અમલમાં છે,

(૨) આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪માં સુરત જિલ્લામાં કેટલી કિશોરીઓને તાલીમ આપવામાં આવેલ છે, અને

(૩) વર્ષ ૨૦૧૩-૧૪માં તાલીમ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) મહુવા, માંડવી-૧, માંડવી-૨, માંગરોળ, બારડોલી-૧, બારડોલી-૨, ઓલપાડ, ચોર્યાસી-૧, ચોર્યાસી-૨, કામરેજ, પલસાણા અને ઉમરપાડા.

(૨) ૫૮૧૭.

(૩) આ તાલીમ આરોગ્ય પોષણ શિક્ષણની હોઈ સુપરવાઈઝર દ્વારા આપવામાં આવેલ છે. જેથી કોઈ ખર્ચ થયેલ નથી.

તા. ૨જી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**છોટાઉદેપુર જિલ્લામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના અન્વયે રસ્તાના મરામતની કામગીરી**

* ૮૮૩૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વડાપ્રધાન ગામ સડક યોજના અન્વયે તાલુકાવાર કેટલા રસ્તાઓ વર્ષવાર તૂટી ગયેલા છે, | (૧) વર્ષ ૨૦૧૨-૧૩માં એક પણ નહીં, વર્ષ ૨૦૧૩-૧૪માં સપ્ટેમ્બર-૨૦૧૩માં થયેલ અતિભારે વરસાદથી છોટાઉદેપુર તાલુકાના-૨, કવાંટના-૨ અને નસવાડી તાલુકાના-૯ રસ્તાના સ્ટ્રકચરને નુકશાન થયેલ. |
| (૨) આવા રસ્તાઓની મરામત કામગીરી વર્ષવાર કેટલી વખત કરવામાં આવી, અને<br>(૩) જો આવી કામગીરી હજુ સુધી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે ? | (૨) અને (૩) ગત વર્ષે મરામત તેમજ ડાઈવરઝનની કામગીરી કરી રસ્તા વાહન વ્યવહાર લાયક રાખેલ છે. |

---------

**રાજકોટ જનરલ હોસ્પિટલમાં મફત દવાઓની ફાળવણી**

* ૮૨૯૦ **શ્રી ઈન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જનરલ હોસ્પિટલમાં દર્દીઓ માટે મફત દેવાની થતી કેટલા પ્રકારની દવાઓ છે, | (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તબીબી શિક્ષણ હેઠળ પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટમાં દર્દીઓ માટે મફત દેવાની થતી કુલ-૧૬૯ પ્રકારની દવાઓ છે. |
| (૨) તે અન્વયે કેટલી દવાઓનો જથ્થો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપૂરતો ફાળવવામાં આવ્યો, અને | (૨) તે અન્વયે ૯(નવ) દવાઓનો જથ્થો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લીમીટેડ દ્વારા અપૂરતો ફાળવવામાં આવ્યો. |
| (૩) દવાઓનો પૂરતો જથ્થો ફાળવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) દવાઓનો પૂરતો જથ્થો જાળવવા સ્થાનિક હોસ્પિટલ કક્ષાએ ખરીદીની કાર્યવાહી કરવામાં આવે છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કલાકારોને આર્થિક સહાય**

* ૯૯૮૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિ:સહાય કલાકારોને આર્થિક સહાય યોજના અંતર્ગત તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા કલાકારોને કેટલી સહાય ચુકવવામાં આવી, | (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ સહાય ચુકવવામાં આવેલ છે.<br>જિલ્લો — સંખ્યા — સહાયની રકમ<br>સાબરકાંઠા — ૧૪૭ — ૧,૮૨,૧૦૦<br>બનાસકાંઠા — ૧૩ — ૧૫,૬૦૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ સહાય મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) એક પણ અરજી પડતર નથી. |
| (૩) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**પાટણ આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૮૬૬૦ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ પાટણ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પાટણ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૪ | હેડ કલાર્ક | ૦૧ |
| ૫ | સીનીયર કલાર્ક-સબ એકા. | ૦૨ |
| ૬ | જુનિયર કલાર્ક | ૦૬ |
| ૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૮ | પટાવાળા | ૦૧ |
| | **કુલ** | **૧૯** |

(૨) આ મહેકમ સામે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પાટણ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર કુલ ૦૨ જગ્યાઓ ખાલી છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | -- |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | -- |
| ૪ | હેડ કલાર્ક | -- |
| ૫ | સીનીયર કલાર્ક-સબ એકા. | -- |
| ૬ | જુનિયર કલાર્ક | ૦૧ |
| ૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૮ | પટાવાળા | -- |
| | **કુલ** | **૦૨** |

(૩) કેટલી ભરાયેલ છે ?

(૩) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પાટણ આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર કુલ ૧૭ જગ્યાઓ ભરાયેલ છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૪ | હેડ કલાર્ક | ૦૧ |
| ૫ | સીનીયર કલાર્ક-સબ એકા. | ૦૨ |
| ૬ | જુનિયર કલાર્ક | ૦૫ |
| ૭ | સબ ઓડીટર | -- |
| ૮ | પટાવાળા | ૦૧ |
| | **કુલ** | **૧૭** |

---------

## સુરત જિલ્લામાં ચિરંજીવી યોજના પાછળ ખર્ચ

* ૮૬૭૮ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) કુલ-૩૦૨૩ લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

વર્ષમાં લાભ લીધેલ છે, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) કુલ રૂ઼ા. ૬૦,૫૯૯,૦૦–ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## અમદાવાદ અને વડોદરા સરકારી મેડીકલ કોલેજમાં ખાલી જગ્યા ભરવા બાબત

* ૮૫૦૭ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કોલેજવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કોલેજવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | મંજુર જગ્યા સરકારી મેડીકલ કોલેજ, વડોદરા |
|---|---|---|
| વર્ગ–૧ | ૩૨૯ | ૨૮૨ |
| વર્ગ–૨ | ૧૦૫ | ૧૦૪ |
| વર્ગ–૩ | ૨૨૯ | ૨૩૫ |
| વર્ગ–૪ | ૧૬૬ | ૧૨૬ |
| કુલ | ૮૨૯ | ૭૪૭ |

(૨) તે અન્વયે સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | અમદાવાદ | | વડોદરા | |
|---|---|---|---|---|
| | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| વર્ગ–૧ | ૨૪૮ | ૮૧ | ૨૦૪ | ૭૮ |
| વર્ગ–૨ | ૬૬ | ૩૯ | ૫૮ | ૪૬ |
| વર્ગ–૩ | ૧૫૮ | ૭૧ | ૧૨૪ | ૧૧૧ |
| વર્ગ–૪ | ૧૬૬ | ૦૦ | ૧૨૬ | ૦૦ |
| કુલ | ૬૩૮ | ૧૯૧ | ૫૧૨ | ૨૩૫ |

સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની માહિતી નીચે મુજબ છે.

બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ

| સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૬૭ | ૧૧ | ૦૩ |
| વર્ગ–૨ | ૩૪ | ૦૩ | ૦૨ |
| વર્ગ–૩ | ૦૨ | ૧૧ | ૫૮ |
| કુલ | ૧૦૩ | ૨૫ | ૬૩ |

સરકારી મેડીકલ કોલેજ, વડોદરા

| સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૫૪ | ૧૭ | ૦૭ |
| વર્ગ–૨ | ૦૮ | ૧૯ | ૧૯ |
| વર્ગ–૩ | ૩૧ | ૧૮ | ૬૨ |
| કુલ | ૯૩ | ૫૪ | ૮૮ |

(૩) આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**નવી એસ.ટી. બસોની ખરીદી અને ફાળવણી**

* ૮૫૬૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વાહન વ્યવહાર નિગમને (એસ.ટી.) ગુજરાત રાજ્યે નવી બસો ખરીદવા માટે કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી બસો ખરીદી અને નવસારી જિલ્લામાં કેટલી બસો તે અન્વયે ફાળવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારશ્રી દ્વારા નવી બસ ખરીદવા માટે વર્ષવાર ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | બસો ખરીદવા મળેલ રકમ (કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૯૦.૦૦ |
| ૨૦૧૩–૧૪ | શૂન્ય |

(૨) (ક) ૨૦૧૨–૧૩ માં ફાળવેલ ૨૯૦ કરોડમાંથી ૧૦૧૫ બસોની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ છે અને ઉત્પાદકોને સપ્લાય ઓર્ડર આપવામાં આવેલ છે.

(ખ) ૨૦૧૩–૧૪ના વર્ષ માં રકમ ફાળવવામાં આવેલ ન હોઈ બસોની ખરીદી કરાયેલ નથી પરંતુ વર્ષ ૨૦૧૧–૧૨માં ફાળવવામાં આવેલ ૪૪૦ કરોડની ગ્રાન્ટમાંથી વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં ૨૫૯૭ બસો ખરીદીને સંચાલનમાં મુકવામાં આવી છે.

(ગ) સદર ૨૫૯૭ બસો પૈકી વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં નવસારી જિલ્લામાં ૪૪ નવી બસો ફાળવેલ છે.

---------

**વિજાપુર તાલુકામાં આંગણવાડીઓ**

* ૮૫૮૩ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) વસ્તીના ધોરણે વધારે આંગણવાડીઓની જરૂરીયાત સામે સરકારે નવી આંગણવાડીઓ ખોલવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૨૮૭

(૨) જરૂરિયાત પ્રમાણે આંગણવાડીઓ ખોલવામાં આવે છે.

---------

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓનો લાભ**

૮૬૮૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સરહદી કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ૧૦૮ ની સેવાઓનો કેટલા દર્દીઓએ લાભ લીધો ?

**જવાબ**

(૧) કચ્છ – ૨૫
બનાસકાંઠા – ૨૧

(૨) કચ્છ – ૪૦,૩૭૪
બનાસકાંઠા – ૪૭,૧૬૫

---------

**બનાસકાંઠા જિલ્લાના ડીસા થરાદના રસ્તાના નવીનીકરણની કામગીરી**

૮૬૪૦ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ડીસા–થરાદ રસ્તાના નવીનીકરણની કામગીરી ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) ડીસા–થરાદ રસ્તાના અનુભાગો કિ.મી. ૩૩/૨૯૦ થી ૬૦/૦૦૦ અને કિ.મી. ૮૦/૬૦૦ થી ૮૩/૯૫૦ ની લંબાઇમાં નવીનીકરણ ની કામગીરી ની વહીવટી મંજૂરી તા. ૨૬–૬–૨૦૧૩ના રોજ આપેલ છે. |
| (૨) આ કામ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, | (૨) રૂપિયા ૩૦.૦૦ કરોડ. |
| (૩) આ કામ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૩) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રસ્તાની બંન્ને બાજુએ ૫.૨ કિ.મી. લંબાઈમાં હાર્ડ શોલ્ડરમાં જી.એસ.બી. સુધીની તેમજ ૧.૭૯ કિ.મી. લંબાઈ ના સમગ્ર રસ્તામાં પી.સી.સી. અને બી.એમ. ની કામગીરી થયેલ. |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) કરારનામા ની જોગવાઈ અનુસાર તા. ૧–૧૦–૨૦૧૪ સુધીમાં. |

---------

**આઈ.સી.ડી.સી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકરને માનદવેતન**

૮૬૦૦ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ આઈ.સી.ડી. એસ. યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર–તેડાગરને કેટલું માનદ્ વેતન આપવામાં આવે છે, અને | (૧) આંગણવાડી કાર્યકરોને માસિક રૂ઼ા. ૪૨૫૦–અને આંગણવાડી તેડાગરને માસિક રૂ઼ા. ૨૧૦૦– માનદવેતન આપવામાં આવે છે. |
| (૨) આંગણવાડી કાર્યકર–તેડાગરોને આપવામાં આવતા માનદ્ વેતનમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કેટલો હિસ્સો છે ? | (૨) |

| હોદ્દો | ભારત સરકારનો હિસ્સો ૯૦ ટકા | રાજ્ય સરકારનો હિસ્સો ૧૦ ટકા | રાજ્ય સરકાર ૧૦૦ ટકા સ્ટેટ બર્ડન | કુલ માનદ વેતન |
|---|---|---|---|---|
| આંગણવાડી વર્કર | ૨૭૦૦/– | ૩૦૦/– | ૧૨૫૦/– | ૪૨૫૦/– |
| તેડાગર | ૧૩૫૦/– | ૧૫૦/– | ૬૦૦/– | ૨૧૦૦/– |

---------

**વલસાડ આર.ટી.ઓ. આવકમાં વધારો/ઘટાડો**

૮૬૬૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ આર.ટી.ઓ. કચેરીની માર્ચ–૨૦૧૪ ના અંતે છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂ઼ા. ૫૯.૦૨ કરોડની આવક થઈ. |
| (૨) તેમાં અગાઉના વર્ષના પ્રમાણમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો, | (૨) રૂ઼ા. ૦.૧૯ કરોડનો વધારો થયો. |

(૩) જો ઘટાડો થયો હોય તો કેટલો ઘટાડો થયો, અને

(૩) ઘટાડો થયેલ નથી.

(૪) ઘટાડો થવાના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ કેન્સર હોસ્પિટલને ફાળવેલ ગ્રાન્ટ**

૮૬૧૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કેન્સર હોસ્પિટલ, અમદાવાદને નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ હોસ્પિટલને ફાળવવામાં આવી, અને | (૧) રાજ્ય સરકાર ધ્વારા કેન્સર હોસ્પિટલ, અમદાવાદને વર્ષ–૨૦૧૨–૧૩માં રૂા. ૮૦.૯૦ કરોડ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂા. ૯૨.૮૭ કરોડ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે સમય દરમ્યાન હોસ્પિટલનો કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) આ સમય દરમ્યાન કુલ–૨૨૮.૦૯ કરોડ ખર્ચ થયેલ છે. |

---------

**સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના રસ્તાના રીસરફેસ–ડામરકામ**

૯૮૭૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં પંચાયત અને સ્ટેટ વિભાગ હસ્તકનાં નોન–પ્લાન કેટલા રસ્તાઓ તાલુકા વાર કયા રસ્તાઓનું છેલ્લા સાત વર્ષથી ડામર સપાટીનું રીસરફેસીંગ નું કામ થયેલ નથી , | (૧) પરિશિષ્ટ–૧ મુજબ. |
| (૨) આ રસ્તાઓની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) અને (૩) હાલમાં પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવતું હોઈ આયોજન નથી. |
| (૩) આટલા સમયથી આ રસ્તાઓનું કામ બાકી રહેવાના શા કારણો છે ? | |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં આંગણવાડીઓને મંજૂરી**

૯૪૧૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી આંગણવાડીઓ શરૂ કરવા કયા કયા ગામ વસાહતની અરજીઓ મળી, | (૧) મહેસાણા જિલ્લામાં ૨૬ અને અમદાવાદ જિલ્લામાં ૪૮ ગામ વસાહતની નવી આંગણવાડીઓ શરૂ કરવાની અરજીઓ મળેલી છે, જે અંગેનું *પરિશિષ્ટ–૧ સામેલ છે. |
| (૨) તે પૈકી કયા કયા સ્થળે આંગણવાડીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) મહેસાણા જિલ્લામાં ૧૫ અને અમદાવાદ જિલ્લામાં ૨૭ ગામ વસાહતમાં આંગણવાડીઓ મંજૂર કરવામાં આવેલ છે. જે અંગેનું *પરિશિષ્ટ–૨ સામેલ છે. |
| (૩) બાકી આંગણવાડીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૩) આંગણવાડી કેન્દ્ર ખોલવાની દરખાસ્ત તા.૧૨–૨–૨૦૧૪ અને તા.૧૬–૬–૨૦૧૪ થી ભારત સરકારશ્રીને કરવામાં આવેલ છે. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**જૂનાગઢ જિલ્લામાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા લેવાતી ફી માંથી ગરીબ દર્દીઓને દવા, ખોરાકના ખર્ચ આપવા અંગે**

૮૭૯૭ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સરકાર દ્વારા ચાલતી જનરલ હોસ્પિટલોમાં દર્દીઓના સગા પાસેથી ટોકન પ્રવેશ ફી લેવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર હોસ્પિટલોમાં રચાયેલ રોગી કલ્યાણ સમિતિમાં કેટલી રકમ જમા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે રકમમાંથી ગરીબ દર્દીઓ માટે બહારથી ખરીદવી પડતી દવા પાછળ–ખોરાક અને સર્જીકલ ચીજ વસ્તુઓ ખરીદવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભરૂચ આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

૮૬૫૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ભરૂચ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ,

**જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૭ |
| ૪ | હેડકલાર્ક | ૦૨ |
| ૫ | સીનીયર કલાર્ક–સબ એકા. | ૦૪ |
| ૬ | જુનીયર કલાર્ક | ૧૪ |
| ૭ | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૩ |
| ૮ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૯ | હિસાબનીશ | ૦૧ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૨ | ડ્રાઇવર | ૦૧ |
| ૧૩ | નાયક | ૦૧ |
| ૧૪ | પટાવાળા | ૦૫ |
| ૧૫ | વોચમેન | ૦૧ |
| | **કુલ** | **૪૭** |

(૨) આ મહેકમ સામે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર કુલ–૧૬ જગ્યાઓ ખાલી છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | –– |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |

| | | |
|---|---|---|
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૪ | હેડકલાર્ક | -- |
| ૫ | સીનીયર કલાર્ક-સબ એકા. | -- |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૩ |
| ૭ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૧ |
| ૮ | ટાઈપીસ્ટ | -- |
| ૯ | હિસાબનીશ | ૦૧ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર | -- |
| ૧૨ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૩ | નાયક | ૦૧ |
| ૧૪ | પટાવાળા | ૦૧ |
| ૧૫ | વોચમેન | ૦૧ |
| | **કુલ** | **૧૬** |

(૩) કેટલી ભરાયેલ છે ?

(૩) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર કુલ-૩૧ જગ્યાઓ ભરાયેલ છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **ભરાયેલ જગ્યા** |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૪ | હેડકલાર્ક | ૦૨ |
| ૫ | સીનીયર કલાર્ક-સબ એકા. | ૦૪ |
| ૬ | જુનીયર કલાર્ક | ૧૧ |
| ૭ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૮ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૯ | હિસાબનીશ | -- |
| ૧૦ | આંકડા મદદનીશ | -- |
| ૧૧ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૨ | ડ્રાઈવર | -- |
| ૧૩ | નાયક | -- |
| ૧૪ | પટાવાળા | ૦૪ |
| ૧૫ | વોચમેન | -- |
| | **કુલ** | **૩૧** |

---------

**ખેડા જિલ્લામાં કાર્યરત સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૯૬૯૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે, અને

(૨) તે પૈકી કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ મુજબનો સ્ટાફ નથી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જીલ્લામાં ૭૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૦ સામુહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ મુજબનો સ્ટાફ વિગત ***પત્રક-અ** અને ***પત્રક-બ** માં દર્શાવ્યા મુજબની છે.

(૩) જે કેન્દ્રોમાં સ્ટાફ નથી તે સ્ટાફ ભરવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

(૩) સા.આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફીસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**જૂનાગઢ જિલ્લાના વિસાવદર સામુહિક આરોગ્ય કેન્દ્રને સીવીલ હોસ્પિટલમાં ફેરવવાની મંજૂરી**

૮૧૦૫ **શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના વિસાવદર સામુહિક આરોગ્ય કેન્દ્રને સીવીલ હોસ્પીટલમાં ફેરવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) વિસાવદર તાલુકો વસ્તીની દ્રષ્ટિએ ખૂબ જ મોટો હોઈ સત્વરે મંજૂરી આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) આવી કોઈ કાર્યવાહી વિચારણા હેઠળ નથી.

---------

**જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ અંગે**

૯૧૯૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર ખાતેની જી. જી. હોસ્પીટલમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) જામનગર ખાતેની જી.જી. હોસ્પીટલમાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૦૨ |
| વર્ગ–૨ | ૨૫ |
| વર્ગ–૩ (વહીવટી) | ૪૬ |
| વર્ગ–૩ (પેરા મેડીકલ) | ૯૮ |
| વર્ગ–૩ (નર્સીંગ) | ૫૦૫ |
| વર્ગ–૪ | ૩૬૭ |
| **કુલ** | **૧૦૪૩** |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) સદર જગ્યાઓ પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| વર્ગ–૧ | ૦૦ | ૦૨ |
| વર્ગ–૨ | ૦૯ | ૧૬ |
| વર્ગ–૩ (વહીવટી) | ૪૦ | ૦૬ |
| વર્ગ–૩ (પેરા મેડીકલ) | ૬૦ | ૩૮ |
| વર્ગ–૩ (નર્સીંગ) | ૩૬૦ | ૧૪૫ |
| વર્ગ–૪ | ૩૬૭ | ૦૦ |
| **કુલ** | **૮૩૬** | **૨૦૭** |

સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૦૦ | ૦૦ | ૦૨ |
| વર્ગ–૨ | ૦૬ | ૦૦ | ૧૦ |
| વર્ગ–૩ (વહીવટી) | ૦૪ | ૦૦ | ૦૨ |
| વર્ગ–૩(પેરા મેડીકલ) | ૧૨ | ૧૨ | ૧૪ |
| વર્ગ–૩ (નર્સીંગ) | ૯૩ | ૧૯ | ૩૩ |
| **કુલ** | **૧૧૫** | **૩૧** | **૬૧** |

(૩) આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

### પાટણ જિલ્લામાં ચિરંજીવી યોજના પાછળ ખર્ચ

૮૬૭૬ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને

(૧)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩ | ૪૬૫૨ લાભાર્થીઓ |
| વર્ષ ૨૦૧૩–૧૪ | ૪૩૮૭ લાભાર્થીઓ |
| **કુલઃ** | **૯૦૩૯ લાભાર્થીઓ** |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩ | રૂા.૧,૨૯,૬૨,૬૦૦ |
| વર્ષ ૨૦૧૨–૧૩ | રૂા.૧,૪૮,૦૫,૭૦૦ |
| **કુલ ખર્ચઃ** | **રૂા.૨,૭૭,૬૮,૩૦૦** |

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓનો લાભ

૮૬૦૩ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે, અને

(૧) આંગણવાડી કેન્દ્રોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રવૃતિમાં ૩ થી ૬ વર્ષના બાળકોને બાલગીત અભિનય–કલર–અનાજ ઓળખ, જ્ઞાન સાથે ગમ્મત, ચિત્રપોથી, એક્ટીવીટી બુક, શરીરના ભાગો વિશે સમજ વિગેરે પ્રવૃતિ કરાવવામાં આવે છે.

(૨) સન ૨૦૧૩–૧૪ ના વર્ષમાં તેનો લાભ કેટલા બાળકોને મળેલ છે ?

(૨) ૪૧૧૫૬.

---------

**દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં નાના બ્રીજ બનાવવા અંગે**

* ૮૫૧૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં કેટલા નાના બ્રીજ બનાવવા માટે મંજૂરી ક્યારે આપી, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં ૩ (ત્રણ) નાના બ્રીજની મંજૂરી જુલાઈ–૨૦૧૩ માં આપવામાં આવેલ છે. |
| (૨) મંજૂરી આપ્યા પછી આવા બ્રિજની કામગીરી કયા તબક્કે છે ? | (૨) પ્રગતિ હેઠળ છે. **(ચેક કરવું)** |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં આવેલ સરકારી દવાખાનાઓમાં મંજૂર થયેલ મહેકમ**

૯૪૬૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, આયુર્વેદીક દવાખાનાઓમાં કેન્દ્રવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓમાં કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો અનુક્રમે ***પત્રક–અ** અને ***પત્રક–બ** માં દર્શાવ્યા મુજબની છે.<br>જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદિક દવાખાનાઓ આરોગ્ય વિભાગના કાર્યક્ષેત્રમાં આવતા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.<br>જ્યારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લાના વિરમગામ માંડલ દસાડા રસ્તાને મજબુતીકરણની કામગીરી**

* ૮૬૪૩ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ માંડલ દસાડા રસ્તાને મજબુતીકરણ કરવાનું કામ તા.૩૧–૩–૨૦૧૪ની | (૧) પ્રગતિમાં છે. |

સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને — (૨) બનતી ત્વરાએ.

(૩) તે કામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? — (૩) રૂ।. ૧૮૦૦.૦૦ લાખ.

---------

**વડોદરા જિલ્લામાં દીકરી યોજના પાછળ ખર્ચ**

૮૬૮૩ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં દીકરી યોજના હેઠળ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧૫૧ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ।. ૭,૭૬,૦૦૦/– |

---------

**ઉદેપુર તાલુકાના ઓરસંગ નદી પર બાંધનાર મંજૂર કરેલ પુલની રકમ**

૮૬૧૧ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકાના દેહવાંડ ઝોઝ રોડ પર આવતી ઓરસંગ નદી પર સરકાર પુલ બાંધનાર છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પુલનું કામ કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) પુલના કામે રૂ।. ૧૬૦૦.૦૦ લાખ જુલાઈ–૧૩માં મંજુર કરવામાં આવેલ છે. |
| (૩) તે કામ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નિવિદા પ્રક્રિયા હેઠળ હતું. |

---------

**બોટાદ જિલ્લા સેવા સદનની કામગીરી**

૮૬૩૪ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવરચિત બોટાદ જિલ્લા ખાતે નવા જિલ્લા સેવા સદનનું કામ મંજૂર થયેલ છે, તે હકીકત સાચી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કેટલી અંદાજીત રકમનું, અને | (૨) રૂ।. ૨૦૦૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તે કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

| દિયોદર | ૩ | ૨૪૦.૦૦ | ૪૯ | ૨૯૯૮.૧૪ |
| ભાંભર | ૦ | ૦.૦૦ | ૧૯ | ૪૨૦.૧૨ |
| ધાનેરા | ૦ | ૦.૦૦ | ૨૧ | ૧૬૭૩.૬૭ |
| દાંતીવાડા | ૪ | ૬૪૨.૨૦ | ૮ | ૧૯૪.૫૩ |
| વડગામ | ૩ | ૭૮૨.૫૦ | ૨૯ | ૮૬૯.૪૯ |
| દાંતા | ૫ | ૮૭૭.૬૯ | ૨૬ | ૧૦૧.૫૯ |

| **તાલુકો** | **તા.૧/૬/૧૩ થી તા.૩૧/૫/૧૪** | | | |
|---|---|---|---|---|
| | **નવા રસ્તા** | | **મરામતના રસ્તા** | |
| | **સંખ્યા** | **રકમ** | **સંખ્યા** | **રકમ** |
| પાલનપુર | ૬ | ૬૭૦.૦૦ | ૬૦ | ૧૩૧૭.૭૩ |
| અમીરગઢ | ૨ | ૩૭૦.૦૦ | ૧૮ | ૧૫૪૮.૫૩ |
| ડીસા | ૩ | ૨૯૦.૦૦ | ૨૨ | ૨૬૦૨.૬૬ |
| થરાદ | ૬ | ૯૩૫.૦૦ | ૬૩ | ૨૬૨૮.૭૧ |
| વાવ | ૫ | ૮૨૫.૦૦ | ૩૪ | ૧૬૯.૭૨ |
| કાંકરેજ | ૪ | ૭૮૫.૦૦ | ૩૨ | ૧૨૦૬.૫૧ |
| દિયોદર | ૧ | ૧૩૨.૦૦ | ૨૨ | ૬૪૦.૩૬ |
| ભાંભર | ૦ | ૦૦.૦૦ | ૨૨ | ૧૨૮૩.૧૯ |
| ધાનેરા | ૩ | ૯૧૦.૦૦ | ૨૨ | ૯૨૨.૧૬ |
| દાંતીવાડા | ૨ | ૪૧૫.૦૦ | ૧૩ | ૧૦૫૭.૪૧ |
| વડગામ | ૫ | ૫૮૬.૦૦ | ૩૧ | ૧૩૮૬.૯૫ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા રસ્તાઓની મરામત કરી તેમજ નવા રસ્તાઓ બનાવવામાં આવ્યા ?

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **તા.૧/૬/૧૨ થી તા.૩૧/૫/૧૩** | **તા.૧/૬/૧૩ થી તા.૩૧/૫/૧૪** |
|---|---|---|---|
| ૧ | ડીસા | ૧૫ | ૨૧ |
| ૨ | પાલનપુર | ૪૫ | ૫૫ |
| ૩ | ભાંભર | ૯ | ૨૦ |
| ૪ | વડગામ | ૨૯ | ૩૦ |
| ૫ | વાવ | ૨૮ | ૩૪ |
| ૬ | દિયોદર | ૪૯ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૭ | દાંતીવાડા | ૮ | ૧૩ |
| ૮ | દાંતા | ૨૬ | ૨૬ |
| ૯ | કાંકરેજ | ૧૪ | ૩૧ |
| ૧૦ | અમીરગઢ | ૭ | ૧૫ |
| ૧૧ | ધાનેરા | ૨૧ | ૧૯ |
| ૧૨ | થરાદ | ૩૯ | ૬૧ |

---------

**પોરબંદર જિલ્લામાં ભાદર નદી પરના મંજૂર કરેલ પૂલની રકમ**

૮૬૦૫ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં ભાદર નદી પર નેરાણા છગાવા રોડ પર સરકાર પૂલનું કામ હાથ ધરેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૨) રૂા. ૧૧૦૦.૦૦ લાખ,

(૩) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

(૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ

---------

**તાપી જિલ્લામાં આદિજાતી વિસ્તારમાં રસ્તાઓના જોડાણના મંજૂર કરેલ કામોની રકમ**

૮૬૦૮ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિજાતી વિસ્તારના ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા પરાઓને પાકા ડામર સપાટીવાળા રસ્તાનું જોડાણ આપવા કેટલા પરાના, કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૧)

| વર્ષ | રસ્તાની સંખ્યા | પરાની સંખ્યા | ફાળવેલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩ | ૦ | ૦ | ૦.૦૦ |
| વર્ષ ૨૦૧૩–૧૪ | ૧૨૦ | ૧૩૮ | ૧૨૦૩૯.૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ તે કામ કયા તબક્કે છે ?

(૨) કુલ–૧૨૦ કામો પૈકી
૨૩–કામો પુર્ણ
૭–કામો પ્રગતિમાં
૮૨–કામો નકશા અંદાજ લેવલે
૮–કામો અન્ય યોજનામાં મંજુરી મળેલ હોય રદ ગણેલ છે.

---------

**ખાનપુર તાલુકાના સાપડીયા કારંટા રોડ પર મંજૂર કરેલ પુલની રકમ**

૮૬૧૩ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના સાપડીયા કારંટા રોડ પર સરકારે મોટો પુલ બનાવવા માંગે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા તો પુલનું કામ કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને

(૨) રૂા. ૬૦૦.૦૦ લાખ, જુલાઈ–૨૦૧૩.

(૩) તે કામ તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

**તાપી જિલ્લામાં આદિજાતી વિસ્તારમાં રસ્તાઓના જોડાણના મંજૂર કરેલ કામોની રકમ**

૮૬૧૦ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતી વિસ્તારના ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા પરાઓને ડામર સપાટી વાળા રસ્તાનું જોડાણ આપવા કેટલા પરાના, કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) (see table below) |
| (૨) તે કામો ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે ? | (૨) ૭–કામો પુર્ણ<br>૪૬–કામો નકશા અંદાજ લેવલે<br>૨–કામો અન્ય યોજનામાં મંજુરી મળેલ હોય રદ ગણેલ છે. |

(૧)

| વર્ષ | રસ્તાની સંખ્યા | પરાની સંખ્યા | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩ | ૦ | ૦ | ૦.૦૦ |
| વર્ષ ૨૦૧૩–૧૪ | ૫૫ | ૬૭ | ૬૧૧૨.૬૦ |

---------

**ઝાલોદ તાલુકામાં આદિજાતી વિસ્તારમાં રસ્તાઓના જોડાણના મંજુર કરેલ કામોની રકમ**

૮૬૦૯ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં વર્ષમાં આદિજાતી વિસ્તારના ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા પરાઓને ડામર સપાટી વાળા રસ્તાનું જોડાણ આપવા કેટલા પરાના, કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨૪ પરા માટે રૂ. ૧૨૧૮.૮૧ લાખના કામો મંજુર કરવામાં આવ્યા. |
| (૨) તે કામો ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે ? | (૨) ૨૧ રસ્તાના કામો પૈકી ૧૩ રસ્તાના કામો હાલ પ્રગતિ હેઠળ છે અને ૮ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**આણંદ જિલ્લાના તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યાઓ**

૯૮૯૩ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફીઝીશીયન ડૉક્ટરની જગ્યા પર કોઈ નિમણૂંક કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, | (૧) તારાપુર ખાતે ફીઝીશીયન ડૉકટરની જગ્યા મંજુર થયેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ દર્દીઓને ફીઝીશીયન ડૉક્ટર નહીં હોવાથી અન્ય જગ્યાએ સારવાર માટે જવાની ફરજ પડે છે તે સરકારના ધ્યાનમાં છે, અને | (૨) દર્દીઓને મેડીકલ ઓફીસર દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. |
| (૩) જો હા, તો સરકાર તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફીઝીશીયન ડૉક્ટરની જગ્યા કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૩) સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અધિક્ષક વર્ગ–૧ની ૧–જગ્યા મંજુર થયેલ છે તે જગ્યા ઉપર જનરલ સર્જન ફરજ બજાવે છે. ફીઝીશીયનની જગ્યા ઉભી કરવાની જરૂરીયાત હાલ જણાતી નથી. |

--------

**મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવતા કોતરોમાં ડીપ અથવા સ્લેબડ્રેઈન બનાવવા અંગે**

૮૫૧૧ **પ્રો. શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ હાડોડ, ડેરસ, દાણીયા, ચાંપેલી રોડ ઉપર આવતા કોતર ઉપર સરકાર ડીપ અથવા સ્લેબડ્રેઇન બનાવવા માગે છે ?

જરૂરીયાત પ્રમાણે યોગ્ય સમયે આ અંગે વિચારણા કરવામાં આવશે.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં સામુહિક અને પ્રાથમિક કેન્દ્રમાં ખાલી જગ્યાઓ**

૯૧૬૧ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સેટઅપ મુજબ મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સેટઅપ મુજબ મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો *પત્રક–અ અને *પત્રક–બ માં દર્શાવ્યા મુજબની છે.

(૨) અને (૩) સા. આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર,
વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાઇવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**કલોલ તાલુકામાં પસાર થતા રસ્તાના ડામર–પેવર કામ**

૯૫૬૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાંથી પસાર થતા કયા રસ્તાઓને ડામર પેવર સપાટીથી નવીનીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) સામેલ પરિશિષ્ટ મુજબ, ૯ રસ્તાઓ

**પરિશિષ્ટ**

**રાજ્ય હસ્તકના રસ્તા**

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | કલોલ–બોરીસણા–સાણંદ રોડ |
| ૨ | વડસર–ખાત્રજ–ભીમાસણ રોડ |
| **પંચાયત હસ્તકના રસ્તા** | |
| **ક્રમ** | **રસ્તાનું નામ** |
| ૧ | પલીયડથી અંબાજીમાતાના મંદિર થઇ વેડા– |

| | |
|---|---|
| | ખેરવા હાઇવેને જોડતો રોડ |
| ૨ | ખોરજ ડાભીથી વેડા (ગોવિંદપુરા) રોડ |
| ૩ | મોજે વડસર ગામે વડસર ચાર રસ્તાથી મોટી ભોયણના રોડ પરથી કારોલી તરફ જવાનો રસ્તો (૧ કી.મી.) |
| ૪ | મોજે બાલવા ગામે બાલવાથી પ્રતાપપુરા સુધીનો રોડ |
| ૫ | હિંમતપુરા (વેડા) થી વેડા વાયા સુસરા તળાવ સુધીનો રસ્તો |
| ૬ | બોરીપુરા (ઉનાલી) એ.રોડ |
| ૭ | રાજનગર એપ્રોચ રોડ |

(૨) કેટલા રસ્તાઓને નવીન જોબનંબર આપવામાં આવ્યા, અને — (૨) ૯ (નવ)

(૩) કેટલા રસ્તાઓને ડામર–પેવર સપાટી કરવાની બાકી છે, બાકી રહેવાના કારણો શા છે ? — (૩) શૂન્ય.

---------

**તલોદ તાલુકાના હરસોલ મેશ્વો નદીના બાજુના રસ્તાઓની મરામત**

૮૧૨૦ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ તલોદ તાલુકાના હરસોલ તાજપુર વચ્ચેનો મેશ્વો નદીનો પુલ તૂટી જવાથી ડાયવરઝનના કારણે ક્યા ક્યા રસ્તાઓ તૂટી ગયેલી હાલતમાં છે, | (૧) અને (૨) ડાયવરઝનના કારણે વાહનો દ્વારા ઉપયોગમાં લીધેલ રસ્તાઓનું રીસરફેસીંગ/મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખેલ છે. |
| (૨) આવા રસ્તાઓની મરામત કામગીરી માટે સરકારે શાં પગલાં લીધા, અને | |
| (૩) આવા રસ્તાઓની મરામત માટેની કેટલી દરખાસ્તો સરકારને ક્યારે મળી ? | (૩) ૩ દરખાસ્તો તા. ૦૪–૧૦–૨૦૧૩, તા. ૧૭–૧૦–૨૦૧૩, તા. ૧૮–૧૦–૨૦૧૩ થી મળેલ છે. |

---------

**વ્યારા તાલુકામાં રસ્તાઓના મરામતની કામગીરી**

૯૫૩૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યારા તાલુકાના કેટલા રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) ૩૭ રસ્તાઓની. |
| (૨) આવી મરામત કામગીરી પછી ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે, કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા માર્ગોની મરામત કામગીરી બાકી છે ? | (૩) નાજી, પરંતુ રસ્તાનાં મરામતની કામગીરી સતત ચાલતી પ્રક્રિયા છે. |

---------

**અમદાવાદ, રાજકોટ અને વડોદરા શહેરમાં કુપોષણથી પીડાતા બાળકો**

૯૧૩૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી**(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, રાજકોટ અને વડોદરા શહેરોમાં કુપોષણથી પીડાતાં બાળકોની વર્ષવાર કેટલી સંખ્યા રાજ્યના બાળકલ્યાણ વિભાગમાં નોંધવામાં આવી છે,

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ, રાજકોટ અને વડોદરા શહેરોમાં કુપોષણથી પીડાતાં બાળકોની વર્ષવાર નીચે મુજબ વિભાગમાં નોંધવામાં આવેલ છે.

| વર્ષ | અમદાવાદ | રાજકોટ | વડોદરા |
|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭૬૫૫૫ | ૫૩૭૯ | ૯૮૬૪ |
| ૨૦૧૩-૧૪ (૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ) | ૪૩૮૨૦ | ૪૮૬૭ | ૮૩૬૩ |

(૨) કુપોષણથી પીડાતા બાળકોના પ્રમાણ વધવાનાં શાં કારણો છે, અને

(૨) લાગુ પડતુ નથી.

(૩) કુપોષણથી પીડાતા બાળકોનું પ્રમાણ ઘટાડવા રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

(૩) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

**૬ માસથી ૩ વર્ષના બાળકો**

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલ ભોગના ૭ પેકેટ આપવામાં આવે છે.અને તેમાંથી નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- અતિ ઓછા વજનવાળા બાળકોને બાલભોગના ૧૦ પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

**૩ થી ૬ વર્ષના બાળકો**

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને બપોરનું ગરમભોજન, તેમજ ન્યુટ્રીકેન્ડી (પોષણ યુક્ત ચોકલેટ) અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત અતિ ઓછા વજનવાળા બાળકોને THR તરીકે બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.

---------

**પંચમહાલ જિલ્લામાં વિધવા બહેનોને પેન્શન સહાયની બાકી ચૂકવણી**

૯૭૧૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ

(૧) અને (૨) નાજી.

જિલ્લામાં તાલુકાવાર વિધવા બહેનોને અપાતું પેન્શન સમયસર મળતું નથી તે હકીકત સાચી છે, અને

(૨) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ શહેરા અને ગોધરા તાલુકામાં કેટલી વિધવા બહેનોને વિધવા સહાય છેલ્લા ચાર માસથી સહાય ચૂકવવાની બાકી છે ?

---------

**દાહોદ જિલ્લામાં આંગણવાડીઓના બાકી મકાન બાંધકામ બાબત**

૯૬૬૨ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વિધાનસભા મત વિસ્તારમાં કુલ કેટલી આંગણવાડીઓના મકાન બાંધકામ બાકી છે, અને | (૧) ૭૧૯ |
| (૨) બાકી રહેલ આંગણવાડીઓના મકાન બાંધકામ ક્યારે હાથ ધરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં રસ્તાના ડામર કામ**

૯૮૧૭ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં (૧) બુધરાસણ સાંઘાવાળી મહુડીનો રસ્તો અને જાબ (ચિતરીયા) એપ્રોચ રસ્તો ક્યારે ક્યારે છેલ્લે ડામર કરવામાં આવ્યા હતા, | (૧) બુધરાસણ સાંઘાવાળી મહુડી રસ્તાને વર્ષ ૨૦૦૧માં ૦/૦ થી ૩/૮૫૦ કી.મી. લંબાઇમાં ડામર કરવામાં આવેલ તેમજ વર્ષ ૨૦૦૯માં ૦/૦ થી ૧/૬૦૦ કી.મી. લંબાઇમાં ડામર કરવામાં આવેલ . (૨) જાબ (ચીતરીયા) એપ્રોચ રસ્તો ૧૯૮૭માં ડામર કરવામાં આવેલ. |
| (૨) ઘણાં લાંબા સમયથી આ રસ્તાઓ ડામર ન થવાના કારણો શાં છે, અને<br>(૩) સરકાર ક્યાં સુધીમાં આ રસ્તાઓ ડામર કરવા માંગે છે ? | (૨) અને (૩) નોનપ્લાન રસ્તાઓ હોઇ નાણાકીય ઉપલબ્ધતા મુજબ ડામર કામગીરી અંગે વિચારણા કરવામાં આવશે. |

---------

**વલસાડ જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામના રસ્તાના બાકી કામ**

૯૧૭૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા આદિવાસી વસ્તી ધરાવતા ગામ ફળીયાના ક્યા ક્યા રસ્તા મંજૂર કરવામાં આવ્યા, | (૧) સામેલ પરિશિષ્ટ મુજબ-૯ રસ્તા મંજૂર કરવામાં આવ્યા. |

પરિશિષ્ટ

| અ.નં. | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૧ | ધરમપુર | બરૂમાળ દાદરી ફળિયા રોડ |
| ૨ | ધરમપુર | ખડકી ભીમદેવ ફળિયા રોડ |
| ૩ | ધરમપુર | તુંબી દાદરી ફળિયા રોડ |
| ૪ | ધરમપુર | બરૂમાળ ઉતારા ફળિયા રોડ |
| ૫ | ઉમરગામ | ઘોડીપાડા મુખ્ય ભરવાડ ફળિયાથી ઘોડીવાડ, બારીયાવાડ થઇ પાંચા ફળિયાને જોડતો રસ્તો |
| ૬ | ઉમરગામ | કચીગામ મુખ્ય રસ્તાથી નાનજી જીણા તથા શંકરભાઇનાં ઘર |

| | | |
|---|---|---|
| | | તરફ જતો રસ્તો |
| ૭ | ઉમરગામ | વંકાછ ગરુડપાડા (ગુંદેરપાડાથી ચીખલવાડને જોડતો રસ્તો. |
| ૮ | ઉમરગામ | ભાઠી હુમરણ નેવરી ફ. મેઇન રસ્તાથી કાંતિ વેસ્તાના ઘર તરફ જતો રસ્તો |
| ૯ | કપરાડા | ખરેડી નિશાળ ફળિયા રોડ. |

(૨) તે પૈકી કેટલા રસ્તાના કામ પૂર્ણ થયા, અને

(૩) કેટલા રસ્તાઓના કામ બાકી છે, તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ૨ (બે)

(૩) ૭ (સાત) રસ્તા, રૂા. ૧૫૪.૧૯ લાખ.

---------

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

૯૪૪૦ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, આયુર્વેદીક દવાખાનાઓમાં કેન્દ્રવાર, સંવર્ગવાર, મજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, આયુર્વેદિક દવાખાનાઓમાં કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો અનુક્રમે ***પત્રક–૧, *પત્રક–૨, *પત્રક–૩, *પત્રક–૪, *પત્રક–૫, *પત્રક–૬** માં દર્શાવ્યા મુજબની છે.

તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં આયુર્વેદ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. જેની માહિતી નીચે મુજબ છે.

**ગાંધીનગર જિલ્લાની માહિતી**

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (આયુ) વર્ગ–૨ | ૧૭ | ૧૭ | ૦ | |
| ૨ | કમ્પાઉન્ડર વર્ગ–૩ | ૪ | ૧ | ૩ | એક વર્ષથી–૧<br>ત્રણ વર્ષથી–૧<br>પાંચ વર્ષથી–૧ |
| ૩ | ડ્રેસર વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | સાત વર્ષથી–૧ |
| ૪ | પટાવાળા વર્ગ–૪ | ૮ | ૮ | ૦ | |

**મહેસાણા જિલ્લાની માહિતી**

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ભરેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (આયુ) વર્ગ–૨ | ૧૮ | ૧૨ | ૬ | એક વર્ષથી–૨<br>બે વર્ષથી–૨<br>ત્રણ વર્ષથી–૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | મેડીકલ ઓફીસર (હોમિ.) વર્ગ–૩ | ૧૦ | ૮ | ૨ | ત્રણ વર્ષથી–૧ ચાર વર્ષથી–૧ |
| ૩ | કમ્પાઉન્ડર વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ત્રણ વર્ષથી–૧ |

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) ખાલી જગ્યા ભરવા કરેલ કાર્યવાહીનું ***પત્રક–૭** સામેલ છે. મેડીકલ ઓફિસર (આયુ.) વર્ગ–૨ અને કમ્પાઉન્ડર, વર્ગ–૩ ને ખાલી જગ્યાઓ ભરવા માટે ઓજસ ઓન લાઇન દ્વારા અરજીઓ મંગાવવામાં આવેલ છે. જે અંગેની જરૂરી કાર્યવાહી ગતિમાં છે.

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સા.આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીર લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહિસાગર જિલ્લામાં નવા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો**

૮૩૦૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર નવરચીત જિલ્લામાં સરકાર દ્વારા નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૧) રાજ્યમાં સને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં નવા ૭૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૬ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખોલવાનું આયોજન છે, જેની વહીવટી મંજુરી પ્રદાન થયા બાદ સને ૨૦૧૧ ની મહીસાર જિલ્લાની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ મળવાપાત્ર કેન્દ્રો ખોલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) કયા કયા સ્થળોએ નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વાસદ–બગોદરા ૬ માર્ગીય બનાવવાનો ખર્ચ**

૯૫૦૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વાસદ–

(૧) એસ.પી.વી. મેસર્સ જી.વી.કે. બગોદરા–વાસદ

બગોદરા રોડને ૬-માર્ગીય બનાવવાનું ટેન્ડર કઈ કંપનીને ક્યારે અને કેટલા સમયમાં કામપૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ છે,

(૨) સદર રસ્તાનું કામ કયા તબક્કામાં છે કેટલા સમયમાં પૂર્ણ થશે, અને

(૩) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

એક્સપ્રેસ વે લીમિટેડને તા.૧૮-૧૧-૨૦૧૧ થી શરૂ કરી તા.૧૬-૦૫-૨૦૧૫ સુધીની વધારેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ છે.

(૨) કામ પ્રગતિમાં છે, અને તા.૧૬-૦૫-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું હાલ આયોજન છે.

(૩) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કામની પૂર્વ તૈયારીના ભાગ રૂપે ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. દ્વારા જમીન સંપાદન, ફોરેસ્ટ ક્લીયરન્સ અને અન્ય આનુસાંગિક કામગીરી પાછળ રૂપિયા ૪૦,૬૫,૯૧,૩૭૪/- ખર્ચ થયેલ છે.

---------

**વડોદરા જિલ્લા અને છોટા ઉદેપુર જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૯૧૨૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લા અને છોટા ઉદેપુર જીલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કેડર અને સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે,

(૩) સંવર્ગવાર ખાલી જગ્યાઓ કેટલા સમયથી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ

(૧) વડોદરા જિલ્લાના સા.આ.કેન્દ્રોનું ***પત્રક-૧**

(૨) છોટાઉદેપુર જિલ્લાના સા.આ.કોન્દ્રોનું ***પત્રક-૨**

(૩) વડોદરા જિલ્લાના પ્રા.આ.કેન્દ્રોનું ***પત્રક-૩**

(૪) છોટાઉદેપુર જિલ્લાના પ્રા.આ.કેન્દ્રોનું ***પત્રક-૪**

સંવર્ગવાર મંજૂર મહેકમના પત્રકો સામેલ છે.

(૨) (૧) વડોદરા જિલ્લાના સા.આ.કેન્દ્રોનું ***પત્રક-૫**

(૨) છોટાઉદેવુર જિલ્લાના સા.આ.કોન્દ્રોનું ***પત્રક-૬**

(૩) વડોદરા જિલ્લાના પ્રા.આ.કેન્દ્રોનું ***પત્રક-૭**

(૪) છોટાઉદેપુર જિલ્લાના પ્રા.આ.કેન્દ્રોનું ***પત્રક-૮**

સંવર્ગવાર ભરાયેલ જગ્યાના પત્રકો સામેલ છે.

(૩) (૧) વડોદરા જિલ્લાના સા.આ.કેન્દ્રોનું ***પત્રક-૯**

(૨) છોટાઉદેપુર જિલ્લાના સા.આ.કોન્દ્રોનું ***પત્રક-૧૦**

(૩) વડોદરા જિલ્લાના પ્રા.આ.કેન્દ્રોનું ***પત્રક-૧૧**

(૪) છોટાઉદેપુર જિલ્લાના પ્રા.આ.કેન્દ્રોનું ***પત્રક-૧૨**

સંવર્ગવાર ખાલી અને ક્યારથી ખાલીના પત્રકો સામેલ છે.

(૪) સા.આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર

મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વીંછીયા તાલુકાથી ગઢડા તાલુકાને ડબલ પટ્ટીનો રસ્તો કરવા અંગે**

૯૫૮૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ વીંછીયા તાલુકાથી ગઢડા તાલુકા એમ બે તાલુકાને જોડતો રસ્તો સીંગલ પટ્ટીનો છે તેને ડબલ પટ્ટીનો કરવા અંગે સરકારનું શું આયોજન છે, અને

(૨) તેની કાર્યવાહી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨)

વીંછીયા થી ગઢડા ૪૧.૦ કિ.મી. લંબાઇ પૈકી ૩૬.૪ કિ.મી. લંબાઇ દ્વી માર્ગીય છે. બાકી રહેતી ૪.૬ કિ.મી. લંબાઇને દ્વી માર્ગીય કરવા માટે કામની તાંત્રીક જરૂરિયાત, ટ્રાફીક, નાણાંકીય ઉપલબ્ધતા અને આંતરિક અગ્રતા ક્રમને ધ્યાને લઇ ભવિષ્યમાં આયોજન કરવામાં આવશે.

---------

**છોટાઉદેપુર, સંખેડા, નવસારી અને બોડેલી તાલુકામાં આંગણવાડીઓ**

૮૮૨૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા–નસવાડી અને બોડેલી તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે.

(૨) વસ્તીના ધોરણે વધારે કેટલા ગામોમાં આંગણવાડી ખોલવાની બાકી છે, અને

(૩) કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાન નથી ?

**જવાબ**

(૧) સંખેડા તાલુકામાં–૬૯, નસવાડી તાલુકામાં–૨૧૩ અને બોડેલી તાલુકામાં–૧૩૨.

(૨) વસ્તીનાં ધોરણે સંખેડામાં ૯૬, નસવાડીમાં ૩૯ અને બોડેલીમાં ૬૪ નવી આંગણવાડી ખોલી શકાય છે.

(૩) ૩૬૮ આંગણવાડીને પોતાના મકાન છે અને ૪૬ આંગણવાડીને પોતાના મકાન નથી.

---------

**ભાવનગર અને સુરતમાં સરકારી મેડીકલ કોલેજમાં ખાલી જગ્યા ભરવા અંગે**

૮૫૦૯ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર અને સુરતમાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કોલેજવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ ભાવનગર અને સુરતમાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કોલેજવાર મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા | મંજૂર જગ્યા |
|---|---|---|

| | **સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર** | **સરકારી મેડીકલ કોલેજ, સુરત** |
|---|---|---|
| વર્ગ–૧ | ૨૦૯ | ૨૨૫ |
| વર્ગ–૨ | ૧૦૧ | ૮૩ |
| વર્ગ–૩ | ૩૫૪ | ૧૭૬ |
| વર્ગ–૪ | ૧૨૪ | ૧૩૬ |
| **કુલ** | **૭૮૮** | **૬૨૦** |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તે અન્વયે સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| **સંવર્ગ** | **સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર** | | **સરકારી મેડીકલ કોલેજ, સુરત** | |
|---|---|---|---|---|
| | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| વર્ગ–૧ | ૧૩૦ | ૭૯ | ૧૫૨ | ૭૩ |
| વર્ગ–૨ | ૩૯ | ૬૨ | ૪૦ | ૪૩ |
| વર્ગ–૩ | ૧૮૦ | ૧૭૪ | ૧૪૧ | ૩૫ |
| વર્ગ–૪ | ૧૨૪ | ૦૦ | ૧૩૬ | ૦૦ |
| **કુલ** | ૪૭૩ | ૩૧૫ | ૪૬૯ | ૧૫૧ |

સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની માહિતી નીચે મુજબ છે.

**સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર**

| **સંવર્ગ** | **૧ વર્ષ સુધી** | **૧ થી ૨ વર્ષ સુધી** | **૨ વર્ષથી વધારે** |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૩ | ૦૮ | ૪૮ |
| વર્ગ–૨ | ૨૦ | ૧૦ | ૩૨ |
| વર્ગ–૩ | ૩૦ | ૦૬ | ૧૩૮ |
| **કુલ** | **૭૩** | **૨૪** | **૨૧૮** |

**સરકારી મેડીકલ કોલેજ, સુરત**

| **સંવર્ગ** | **૧ વર્ષ સુધી** | **૧ થી ૨ વર્ષ સુધી** | **૨ વર્ષથી વધારે** |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૫૩ | ૦૧ | ૧૯ |
| વર્ગ–૨ | ૧૭ | ૦૮ | ૧૮ |
| વર્ગ–૩ | ૧૩ | ૦૫ | ૧૭ |

(૩) આવી ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં નવા રસ્તાઓના કામ**

૯૪૧૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા તાલુકામાં કેટલા નવા રસ્તાઓના કામો ક્યાંથી કયાં સુધીના શરૂ કરવામાં આવ્યા,

(૨) તાલુકાવાર હાથ ધરાયેલ રસ્તાઓની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કામાં છે, અને

(૩) તાલુકાવાર રસ્તાઓની કામગીરી કરવા કેટલી

**જવાબ**

(૧) અને (૨)

* પરિશિષ્ટ મુજબ છે.

(૩) રકમની ફાળવણી તાલુકાવાર કરવામાં આવતી

રકમ ફાળવવામાં આવી ?

નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**જૂનાગઢ જિલ્લાના તલાળાથી વિસાવદર રોડને પાકા ડામરનો રોડ કરવાની કામગીરી**

૮૧૦૭ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તલાળાથી વિસાવદર વાયા સાસણનો રોડ કાચો રોડ છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ કાચા રોડને પાકો ડામર રોડ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ કામગીરી હાથ ધરી અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨)

આ રસ્તાની ૪૩ કિ.મી. લંબાઇ પૈકી ૧૪.૪૦ કી.મી. લંબાઈનો રોડ કાચો છે. આ રસ્તો ગીર અભયારણ વિસ્તારમાંથી પસાર થતો હોઇ ઇન્ડીયન બોર્ડ ઓફ વાઇલ્ડ લાઇફની મંજૂરી મળે તેમ ન હોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.

---------

**દાહોદ જિલ્લાના ધાનપુર, કુંદનપુર, પીચોલ નેશનલ હાઈવે જોડતો રસ્તો બનાવવા અંગે**

૮૫૧૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના ધાનપુર- તાલુકાના ધાનપુર ગામેથી મધ્યપ્રદેશના કુંદનપુર-પીચોલ નેશનલ હાઈવેને જોડતો રસ્તો બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

સમયાંતરે-યોગ્ય સમયે જરૂરીયાતના અનુસંધાનમાં આ અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં રસ્તાઓ રિપેર પાછળ ખર્ચ**

૯૪૬૨ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લાના કયા કયા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) તે પૈકી કયા રસ્તાઓનું કામ કયા તબક્કે છે, અને

(૩) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

*પરિશિષ્ટ મુજબ

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પાટણ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યા ભરવા અંગે**

૮૭૮૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર આવેલી સીવીલ હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧, ૨, ૩ અને ૪ ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર આવેલી સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧, ૨, ૩ અને ૪ ની ખાલી જગ્યાઓની વિગત પત્રક-અમાં દશાર્વ્યા મુજબની છે.

(૨) સિવિલ હોસ્પિટલ, પ્રા.આ.કેન્દ્રો અને સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો

તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. તદઅનુસાર વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાંય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–અ**

| **અનું. નં.** | **તાલુકાનું નામ** | **ખાલી જગ્યાઓની વિગત** | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **સીવીલ હોસ્પીટલ પાટણ** | | | | **સા. આ. કેન્દ્રો** | | | | **પ્રા. આ. કેન્દ્રો** | | |
| | | **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** |
| ૧ | ચાણસ્મા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૧૦ | ૦ | ૨ | ૧ | ૦ |
| ૨ | હારીજ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૩ | સરસ્વતી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૫ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૪ | પાટણ | ૧૦ | ૩ | ૧૨ | ૦ | ૨ | ૧ | ૧૨ | ૦ | ૨ | ૪ | ૦ |
| ૫ | રાધનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૮ | ૦ | ૧ | ૨ | ૦ |
| ૬ | સમી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૮ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૭ | શંખેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૮ | સાંતલપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૧૯ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૯ | સિદ્ધપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૨૮ | ૦ | ૩ | ૪ | ૦ |
| | **કુલઃ–** | **૧૦** | **૩** | **૧૨** | **૦** | **૧૫** | **૧૩** | **૧૦૪** | **૦** | **૧૩** | **૨૧** | **૦** |

**નોંધઃ** સા.આ. કેન્દ્રો/પ્રા.આ. કેન્દ્રો ખાતે ડ્રાઈવર વર્ગ–૩ તથા વર્ગ–૪ ની જગ્યાઓ આઉટ સોર્સથી ભરવામાં આવે છે.

–––––––––

## ગુજરાતના રમતવીરોને રાષ્ટ્રીય ચંદ્રક

૮૮૨૫ **શ્રી શકિતસિંહ હ. ગોહિલ (અબડાસા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ૨૦૧૨–૨૦૧૩ તથા ૨૦૧૩–૨૦૧૪ના વર્ષમાં રાજયના કેટલા રમતવીરોને રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રકો પ્રાપ્ત થયેલ છે ?

**જવાબ**

રાષ્ટ્રીય કક્ષાએ વ્યક્તિગત અને સાંધિક રમતોમાં થઈને વર્ષ ૨૦૧૨–૧૩માં ગુજરાતના ૨૨૨ રમતવીરોને ૧૩૯ ચંદ્રકો પ્રાપ્ત થયા છે જયારે વર્ષ ૨૦૧૩–૧૪માં ૩૦૪ રમતવીરોને ૨૦૭ ચંદ્રકો પ્રાપ્ત થયા છે.

–––––––––

## જોડીયાના રેફરલ હોસ્પિટલ (સામૂહિક આરોગ્ય કેન્દ્ર)માં ખાલી જગ્યાઓ

૯૪૨૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જોડીયા ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ (સામુહિક આરોગ્ય કેન્દ્રો)માં તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સર્જન અને નર્સીંગ સ્ટાફની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **ખાલી** | **ખાલી જગ્યાની તારીખ** |
|---|---|---|---|
| ૧ | સર્જન (અધિક્ષક) વર્ગ–૧ | ૧ | તા.૧૧/૦૩/૨૦૦૫ |
| ૨ | સ્ટાફ નર્સ | ૩ દસ જગ્યા પૈકી | ૧. તા.૧૪/૧૧/૨૦૦૮<br>૨. તા.૦૨/૧૨/૨૦૧૦<br>૩. તા.૦૫/૧૨/૨૦૧૦ |

| | | | |
|---|---|---|---|
| | | ત્રણ ખાલી | |
| ૩ | હેડનર્સ | ૧ | તા.૩૧/૦૭/૨૦૦૮ |

(૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૨) ૧) સર્જન વર્ગ–૧માં ઉપલબ્ધ ન થવાને કારણે. ૨) સ્ટાફનર્સની અન્ય સંસ્થામાં બદલી થવાથી. ૩) હેડનર્સની બઢતી ભરવાની થાય છે.

(૩) ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧) સર્જન વર્ગ–૧ માટે વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન છે.
૨) સ્ટાફનર્સની ભરતી/નિમણુંક કરવા અંગેની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.
૩) હેડનર્સની બઢતીથી ભરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

**આણંદ જિલ્લામાં રસ્તાઓના મરામતની કામગીરી**

૮૮૩૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓની મરામત કામગીરી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ૧–૬–૧૨ થી ૩૧–૫–૧૩ | ૧–૬–૧૩ થી ૩૧–૫–૧૪ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૯ | ૩૨ |
| ૨ | ઉમરેઠ | ૪૦ | ૨૪ |
| ૩ | આંકલાવ | ૧૦ | ૧૮ |
| ૪ | બોરસદ | ૫૪ | ૫૫ |
| ૫ | ખંભાત | ૮૩ | ૬૦ |
| ૬ | તારાપુર | ૩૧ | ૩૨ |
| ૭ | સોજીત્રા | ૧૪ | ૦૯ |
| ૮ | પેટલાદ | ૩૮ | ૩૯ |

(૨) આવી મરામતની કામગીરી નબળી હોવાને કારણે વારંવાર મરામત કામગીરી કરવી પડે છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધા, અને

(૨) વિભાગ હસ્તકના રસ્તાઓની નિભાવણી અને મરામતની કામગીરી ગુણવત્તા સભર કરવામાં આવતી હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ મરામત પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) રૂા. ૩૨૯૦.૧૧ લાખ.

---------

**સાબરકાંઠા જિલ્લાના નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૯૭૩૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | પ્રા.આ.કે. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | –– | ૦૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ઈડર | ૦૧ |
| | **કુલ** | | **૦૧** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા કેન્દ્રો કાર્યરત છે અને કેટલા કાર્યરત કરવાના બાકી છે, અને

(૨) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કાર્યરત તથા કાર્યરત કરવાના બાકી પ્રા.આ.કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | કાર્યરત પ્રા.આ.કે.ની સંખ્યા | કાર્યરત કરવાના બાકી છે તે પ્રા.આ.કે.ની સંખ્યા |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૦૬ | ૦૦ |
| ૨ | ઈડર | ૦૯ | ૦૧ |
| ૩ | પોશીના | ૦૨ | ૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૦૬ | ૦૦ |
| ૫ | પ્રાંતિજ | ૦૪ | ૦૦ |
| ૬ | તલોદ | ૦૪ | ૦૦ |
| ૭ | વડાલી | ૦૨ | ૦૦ |
| ૮ | વિજયનગર | ૦૪ | ૦૦ |
| | **કુલ** | **૩૭** | **૦૧** |

(૩) બાકીના કેન્દ્રો ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે ?

(૩) કાર્યરત કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

**તારાપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક ડોક્ટરોની જગ્યા મંજૂર કરવા બાબત**

૯૮૯૪ **શ્રી પૂનમભાઈ મા. પરમાર(સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ તારાપુર ગામ વાસદ-બગોદરા રોડ તેમજ તારાપુરથી ગલીયાણા સુધીના ૩૦ કિ.મી. સુધીના વિસ્તારમાં વારંવાર વાહન અકસ્માતોને કારણે ઘવાયેલા લોકોને તારાપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક ડૉક્ટર નહીં હોવાથી સારવાર મળતી નથી તે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઓર્થોપેડીક ડૉક્ટરની જગ્યા કેટલા સમયમાં મંજૂર કરી ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઓર્થોપેડીક ડૉક્ટરની જગ્યા મંજુર થયેલ છે જે વોક ઈન ઈન્ટરવ્યુમાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**મહીસાગર જિલ્લાના બાલાસિનોર, વીરપુર કડાછલા રસ્તો પહોળો કરવાની કામગીરી**

૮૫૧૦ **પ્રો. શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના બાલાસિનોર, વીરપુર, કડાછલા રસ્તો પહોળો કરવા માટે સરકારને કોઈ માગણીઓ મળેલ છે ખરી, અને

(૨) જો હા, તો સરકાર આ રસ્તાને પહોળો કરવાની કામગીરી ક્યારથી હાથ ધરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલ આયોજન નથી.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૯૧૬૨ **શ્રી જસુભાઈ ધા. બારડ(તાલાલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કાર્યરત આંગણવાડી કેન્દ્રો** |
|---|---|---|
| ૧ | તાલાલા | ૧૩૫ |
| ૨ | ઉના | ૩૬૩ |
| ૩ | વેરાવળ | ૩૨૪ |
| ૪ | કોડીનાર | ૨૨૫ |
| ૫ | સુત્રાપાડા | ૧૨૯ |
| | **કુલ** | **૧૧૭૬** |

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓ પોતાના મકાનો છે, અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૨)

| આંગણવાડીનું પોતાનું મકાન છે | પોતાનું મકાન નથી તેવા આંગણવાડી કેન્દ્રો |
|---|---|
| ૫૩૪ | ૬૪૨ |

(૩) વસ્તીના ધોરણને ધ્યાને લઈ નવી આંગણવાડીઓ શરૂ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

(૩) હા, વસ્તીના ધોરણે વધારે આંગણવાડીઓની જરૂરીયાત ઉભી થયે નવી આંગણવાડીઓ ખોલી શકાશે.

---------

**પ્રાંતિજ અને તલોદ તાલુકાના નોન પ્લાન રસ્તાઓના પેવર કામ**

૮૧૨૧ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ પ્રાંતિજ અને તલોદ તાલુકાના કેટલા નોન પ્લાન રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં પેવર કરવામાં આવ્યા,

(૨) ૨૦ વર્ષ અગાઉનો નોન પ્લાન રસ્તાઓ પેવર ન થયા હોય તેવા કેટલા રસ્તાઓ છે, અને

(૩) તેને ક્યારે પેવર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ પ્રાંતિજ/તલોદ તાલુકાના કુલ ૧૩ નોન પ્લાન રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં પેવર કરવામાં આવ્યા. પત્રક સામેલ છે.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**છેલ્લા બે વર્ષમાં પેવર કરવામાં આવેલ નોન પ્લાન રસ્તાની યાદી**

| અનુ.નં. | તાલુકો | વર્ષ | રસ્તાનું નામ | લંબાઈ (કી.મી.) |
|---|---|---|---|---|
| ૧ | પ્રાંતિજ | ૨૦૧૨-૧૩ | ઘડકણ ચંદ્રાલાં રોડ | ૧.૨૦ |
| ૨ | પ્રાંતિજ | ૨૦૧૨-૧૩ | સલાલ સાંપડ રોડ | ૪.૨૦ |
| ૩ | પ્રાંતિજ | ૨૦૧૨-૧૩ | તખતગઢ કાબોદરા રોડ | ૩.૦૦ |
| ૪ | પ્રાંતિજ | ૨૦૧૩-૧૪ | બોભા પોયડા રોડ | ૩.૧૦ |
| ૫ | પ્રાંતિજ | ૨૦૧૩-૧૪ | આકોદરા આરસોડા રોડ | ૩.૨૦ |
| ૬ | તલોદ | ૨૦૧૨-૧૩ | અજમલપુરા એ. રોડ | ૧.૨૦ |
| ૭ | તલોદ | ૨૦૧૨-૧૩ | ભરડીયા એ. રોડ | ૦.૭૫ |
| ૮ | તલોદ | ૨૦૧૨-૧૩ | લવારી ટકાર રોડ | ૩.૫૦ |
| ૯ | તલોદ | ૨૦૧૨-૧૩ | રોજડ રોડ | ૧.૧૦ |
| ૧૦ | તલોદ | ૨૦૧૨-૧૩ | રોજડ જગતપુરા રોડ | ૨.૮૫ |
| ૧૧ | તલોદ | ૨૦૧૨-૧૩ | એસ.એચ. ટુ તોરણિયા ઉજેડીયા રોડ | ૧.૫૦ |
| ૧૨ | તલોદ | ૨૦૧૨-૧૩ | સબરાજીના મુવાડા રોડ | ૧.૦૫ |
| ૧૩ | તલોદ | ૨૦૧૩-૧૪ | જસાજીના મુવાડા બોરિયા બેચરાજી રોડ | ૨.૬૫ |
| | | | | **૨૯.૩૦** |

વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦ રસ્તા
વર્ષ ૨૦૧૩-૧૪માં ૦૩ રસ્તા
**કુલ ૧૩ રસ્તા**

--------

**વ્યારા તાલુકામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૯૫૩૪ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ વ્યારા

**જવાબ**

(૧) વ્યારા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને

તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યા સામે કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી વ્યવસ્થા કરી, અને

(૩) ખાલી જગ્યાઓ કાયમી ધોરણે ઉકેલ લાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યા અને ખાલી જગ્યાની વિગતો અનુક્રમે **પત્રક–અ** અને **પત્રક–બ** માં દર્શાવ્યા મુજબની છે.

(૨) અને (૩) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઇન ઈન્ટવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપરનિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–અ**

**વ્યારા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ જગ્યા સામે કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં. | સંવર્ગ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર | ૧૮ | ૯ |
| ૨ | આયુર્વેદિક મેડીકલ ઓફિસર | ૩ | ૦ |
| ૩ | ફાર્માસીસ્ટ | ૯ | ૭ |
| ૪ | લેબૉરેટરી ટેકનિશીયન | ૯ | ૫ |
| ૫ | સ્ટાફ નર્સ | ૧૮ | ૧૮ |
| ૬ | ડ્રાયવર | ૯ | ૦ |
| ૭ | વોર્ડ બોય | ૯ | ૦ |
| ૮ | વોર્ડ આયા | ૯ | ૦ |
| ૯ | પાર્ટ ટાઇમ સ્વીપર | ૧૮ | ૧૮ |
| | **કુલઃ–** | **૧૦૨** | **૫૭** |

**પત્રક–બ**

**વ્યારા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ગડતની સંવર્ગવાર મંજુર થયેલ જગ્યા સામે કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગત દર્શાવતુ પત્રક**

| અ.નં. | સંવર્ગ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૧ |
| ૨ | તજજ્ઞ વર્ગ–૧ | ૪ | ૪ |
| ૩ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૪ | ૨ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૦ | ૦ |
| ૫ | સીની. આસી. | ૧ | ૧ |

| અ.નં. | સંવર્ગ | મંજુર | ખાલી |
|---|---|---|---|
| ૬ | સી. ક્લાર્ક | ૧ | ૧ |
| ૭ | જુ.ક્લાર્ક | ૦ | ૦ |
| ૮ | એક્ષરે ટેકનીશ્યન | ૧ | ૧ |
| ૯ | લેબટેકનિશ્યન | ૧ | ૦ |
| ૧૦ | જુ.ફાર્માસીસ્ટ | ૧ | ૦ |
| ૧૧ | હેડ નર્સ | ૦ | ૦ |
| ૧૨ | સ્ટાફ નર્સ | ૭ | ૩ |
| ૧૩ | ઓપ્થ.આસી. | ૧ | ૦ |
| ૧૪ | ડ્રાયવર | ૧ | ૦ |
| ૧૫ | પટાવાળા | ૧ | ૦ |
| ૧૬ | વોર્ડબોય | ૨ | ૦ |
| ૧૭ | વોર્ડઆયા | ૧ | ૦ |
| ૧૮ | ડ્રેસર | ૧ | ૦ |
| ૧૯ | સ્વીપર | ૧ | ૦ |
| ૨૦ | પાર્ટટાઇમ વોચમેન | ૨ | ૦ |
| ૨૧ | પાર્ટટાઇમ સ્વીપર | ૨ | ૦ |
| ૨૨ | વર્ગ–૪ | ૦ | ૦ |
| **કુલ સરવાળો** | | **૩૩** | **૧૩** |

---------

**દાહોદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૯૬૬૩ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) ૨૯૬૦ |
| (૨) તે અન્વયે આંગણવાડીઓમાં બાળકોની સંખ્યા કેટલી છે, | (૨) ૨,૯૧,૪૮૯ બાળકો |
| (૩) સરકારશ્રીના ધારાધોરણો મુજબ આંગણવાડીના કર્મચારી દ્વારા શી શી કામગીરી કરવામાં આવે છે, અને | (૩) –આંગણવાડી કાર્યકરની કામગીરી **પરિશિષ્ટ–૧** આ સાથે સામેલ રાખેલ છે. –આંગણવાડી તેડાગરની કામગીરી **પરિશિષ્ટ–૨** આ સાથે સામેલ રાખેલ છે. |
| (૪) આ આંગણવાડીઓમાં ભૌતિક સુવિધાઓ છે કે કેમ ? | (૪) હા, જી. |

**પરિશિષ્ટ–૧**

**આંગણવાડી કાર્યકરોની કામગીરી**

(૧) પોતાનાં ગામ/વિસ્તારની આંગણવાડીને યોજનાનાં નિયમોનુસાર નિયમિતરીતે ચલાવવાની કામગીરી.

(૨) વિસ્તારનાં તમામ પરિવારોનો વર્ષમાં એક વખત સર્વે કરવાની કામગીરી.

(૩) દર ત્રણ માસે વિસ્તારના રીસર્વેની કામગીરી

(૪) દર મહિને બાળકનું વજન વૃધ્ધિ કાર્ડ નિભાવણી,રેકોર્ડ નિભાવવા,**P.H.C & C.H.C** તથા સબ સેન્ટર માટે માતાઓ/બાળકોનાં કિસ્સાઓમાં રેફરલ કાર્ડ અને ૬ વર્ષથી નીચેનાં બાળકો માટે બાળક કાર્ડની જાળવણી કરવી.

(૫) સ્થાનિક રીતે ઉપલબ્ધ ખોરાક અને સ્થાનિક વાનગીઓ આધારિત મેનુ અનુસાર ૦ થી ૬ વર્ષના બાળકો,સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રીમાતાઓ માટે પુરક પોષણ આહાર પુરો પાડવો.

(૬) માતાઓને શિશુ સ્તનપાન અને આરોગ્ય-પોષણ વિષયક શિક્ષણ-સલાહ આપવી. તથા તેઓને કુટુંબ નિયોજન,જન્મ નિયંત્રણનાં પગલાં ભરવા પ્રોત્સાહન આપવું. તથા તેઓને કુટુંબ નિયોજન, જન્મ નિયંત્રણનાં પગલાં ભરવા પ્રોત્સાહન આપવું.
(૭) ગામમાં જન્મ અને મૃત્યુ નોંધણીની કામગીરી કરવી.
(૮) બાળકનાં વિકાસ માટે માતાઓને સક્રિય બનાવવા માટે ગૃહ મુલાકાતની કામગીરી.
(૯) આંગણવાડી કેન્દ્રમાં આવતાં ૩ થી ૬ વર્ષનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવું.
(૧૦) મમતા દિવસે મમતા કેન્દ્રમાં હાજર રહી બાળકોનાં વજન કરવા અને ગ્રોથ ચાર્ટ ભરવાની કામગીરી,માતાઓને હાજર રાખી તેઓને બાળકોનાં ગ્રેડેશન બાબતે જાણકારી તથા સલાહ અને સમજ આપવી.
(૧૧) કિશોરીઓને ભવિષ્યની માતા તરીકે તૈયાર કરવા માટે આરોગ્ય-પોષણ શિક્ષણ તથા **I.F.A.Teblet** લેવા અંગે માર્ગદર્શન આપવાની કામગીરી.
(૧૨) ગામનાં આગેવાનો ,સામાજિક સંગઠનો,સરકારી સંસ્થાઓ વગેરેના સંપર્કમાં રહી તેઓના ગામ/વિસ્તારમાં પ્રવર્તતા અંધ વિશ્વાસ,મહિલા હિંસા,સ્ત્રીભ્રૂણ હત્યા અને સામાજિક કુરિવાજો અટકાવવાના પ્રયત્નો કરવાની કામગીરી,
(૧૩) રસીકરણ,પલ્સ પોલિયો નાબુદી,મેલેરિયા,ફાઇલેરિયા ઝુંબેશ-આરોગ્ય વિષયક આરોગ્ય વિભાગ દ્વારા થતી કામગીરીમાં હાજર રહી સહાયરુપ બનવું.
(૧૪) ગામ/વિસ્તારનાં બિમાર બાળકો અને બિમાર સગર્ભાસ્ત્રીઓ અને ધાત્રી માતાઓને જરુર જણાયે સંદર્ભ સેવાઓ પુરી પાડવામાં મદદરુપ થવાની કામગીરી.
(૧૫) સંસ્થાકીય પ્રસુતિને વેગ મળે તે માટે પ્રયત્નો કરવાની કામગીરી.
(૧૬) આંગણવાડી કેન્દ્રને લગતાં તમામ નિયત કરેલાં રેકોર્ડ-રજિસ્ટર નિયમિત રીતે નિભાવવા અને આ રેકોર્ડ રજીસ્ટરોને દરરોજ અપડેટ રાખવાની કામગીરી.

**પરિશિષ્ટ - ૨**

**આંગણવાડી તેડાગરોની કામગીરી**

(૧) ગામ/વિસ્તારનાં બાળકોને આંગણવાડીમાં તેડી લાવવાની કામગીરી.
(૨) આંગણવાડી કેન્દ્ર અને બાળકોને સ્વચ્છ રાખવાની કામગીરી
(૩) આંગણવાડી કેન્દ્રનો કાચો નાસ્તો-જેમ કે અનાજ,કઠોળ અને મરી મસાલા - ગોળ વગેરેને સ્વચ્છ રાખવાની કામગીરી.
(૪) બાળકો માટે પુરક આહાર તૈયાર કરી તેને વહેંચવાની કામગીરી.
(૫) બાળકોને આંગણવાડી કેન્દ્ર પરથી તેઓનાં ઘરે પહોંચાડવાની કામગીરી.
(૬) આંગણવાડી કેન્દ્રની તમામ કામગીરીમાં આંગણવાડી કાર્યકરને મદદરુપ થવાની કામગીરી.

---------

**ભિલોડા ખાતેની કોટેજ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ**

૯૮૧૬ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથકે આવેલ કોટેજ હોસ્પિટલની ઈન્ડોર પથારીની સંખ્યા કેટલી છે, | (૧) ૭૦ |
| (૨) કેટલા મેડીકલ ઓફિસરની જગ્યા મંજૂર થયેલ છે, | (૨) ૦૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે, | (૩) ૦૧ ભરાયેલ<br>૦૨ ખાલી |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને | (૪) અને (૫) ‘‘ કાર્યવાહી હાથ ધરેલ છે.’’ |
| (૫) દર્દીઓના ધસારા અને ઈન્ડોર દર્દીઓની સંખ્યા, તેમજ પથારીની સંખ્યાને ધ્યાને લઈ નવી મેડીકલ ઓફિસરોની જગ્યાઓ ક્યારે ઉભી કરવામાં આવશે ? | |

---------

## રાજ્યમાં લીવર પ્રત્યારોપણની મંજૂરી

૯૪૪૧ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં "ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ" ના કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણની માન્યતા ધરાવતી કેટલી હોસ્પિટલો છે,

(૨) આ કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણ માટે કેટલા દર્દીઓની માંગણી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આવી,

(૩) તે પૈકી કેટલા કેસોમાં લીવર પ્રત્યારોપણની મંજૂરી આપવામાં આવી, અને

(૪) બાકી રહેતા કેસોને મંજૂરી ન આપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં "ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ" ના કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણની માન્યતા ધરાવતી કુલ–૩(ત્રણ) હોસ્પિટલો છે.

(૨) આ કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણ માટે કુલ–૪૯ દર્દીઓની માંગણી રાજ્યમાં માન્યતા ધરાવતી હોસ્પિટલો મારફતે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આવી,

(૩) તે પૈકી કુલ–૪૯ કેસોમાં લીવર પ્રત્યારોપણની મંજૂરી આપવામાં આવી,

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ અને વડોદરા જિલ્લામાં ખાનગી બસ સર્વિસની મંજૂરી

૯૫૧૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં કઈ કઈ ખાનગી બસ સર્વિસને કયા રૂટોની મંજૂરી, ક્યારથી આપવામાં આવેલ છે,

(૨) સદર ખાનગી બસ સર્વિસને ભાડું અને પરિવહનમાં સલામતી સંદર્ભે શરતોએ મંજૂરી આપેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ તેઓની સામે નિયમભંગની કેટલી ફરિયાદો મળી, અને

(૪) તે સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ અને વડોદરા બન્ને જિલ્લામાં વીટકોસ ટ્રાન્સ્પોર્ટેશન પ્રાઇવેટ લી. ભાવનગરને અનુક્રમે તા.૮–૬–૨૦૦૯ અને તા.૧૭–૫–૨૦૦૮થી બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં દર્શાવેલ રૂટોની મંજુરી આ જાહેરનામા બહાર પાડ્યા તારીખથી આપવામાં આવેલ છે.

(૨) હા

(૩) આણંદ જિલ્લા સંદર્ભે બે તથા વડોદરા જિલ્લા સંદર્ભે બે એમ કુલ–૪(ચાર) ફરિયાદ મળેલ છે.

(૪) આ સંદર્ભે મોટર વાહન કાયદા/નિયમો હેઠળ નીચે મુજબની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) આણંદ જિલ્લામાં મળેલ ફરિયાદ બાબતે એક બસ GJ-23-T-9952 ના માલિકને નોટિસ આપવામાં આવેલ છે. અને બીજી બસ GJ-4-X-9722 ને મોટર વ્હીકલ્સ એક્ટ–૧૯૮૮ની કલમ ૧૯૨–એ મુજબ પરમીટ ભંગ બદલ અટકાવી મોટર વ્હીકલ્સ એક્ટ–૧૯૮૮ કલમ ૮૬(૫) મુજબ કાર્યવાહી કરી રૂ।.૨૦૦૦/-દંડ વસુલ કરવામાં આવેલ છે.

(૨) વડોદરા જિલ્લા માટે મળેલ ફરિયાદ બાબતે બસ GJ-14-T-0206 ને ડિટેઇન કરીને પરમીટ દિન–૭ (સાત) માટે સસ્પેન્ડ કરવામાં આવેલ છે. તેમજ બીજી બસ GJ-14-T-5208 ને રૂટ સિવાયના રસ્તે

ફરતી માલુમ પડતાં ડિટેઇન કરી
રૂા.૨૦૦૦/-દંડ વસુલ કરવામાં આવેલ છે.

----------

## તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

મકાન વિહોણા લોકોના મકાનોના ડ્રોમાં રૂબરૂ અરજી કરનારાઓનો સમાવેશ ન થવા અંગે

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા): માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)નું ધ્યાન દોરું છું અને તે સંબંધી નિવેદન કરવા વિનંતી કરું છું.

ગુજરાત સરકાર દ્વારા ઘરવિહોણા લોકોને ઘર આપવાની યોજના અન્વયે આવાસોની ફાળવણી માટે તાજેતરમાં કરવામાં આવેલા ડ્રોમાં સમાવેશ નહીં થયેલા રૂબરૂ અરજીઓ કરનારા અરજદારોમાં ફેલાયેલ રોષ અને અસંતોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ઘરવિહોણા લોકોને વાજબી કિંમતે આવાસ ઉપલબ્ધ કરાવવાની કામગીરી કરવામાં આવે છે. સમગ્ર રાજયમાં સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે, ઓછી આવક વર્ગના લોકો માટે, મધ્યમ આવક વર્ગના લોકો માટે અને ઊંચી આવક વર્ગના લોકો માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અગાઉ કુલ ૧,૭૬,૮૩૦ મકાનો બાંધવામાં આવેલ છે.

M/S Dev I.T.P.L. ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લિ. ને ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના તા. ૧૯–૯–૨૦૦૭ ના ઠરાવથી વેબસાઇટ ડેવલપમેન્ટ અને મેન્ટેનન્સ કરવા માટે એમપેનલ થયેલ. આ માટેની GIL દ્વારા કરવામાં આવેલ ગુ.હા.બોર્ડની વેબસાઇટની કામગીરી M/S DEv I.T.P.L.દ્વારા તે મુજબ કરવામાં આવતી હતી.

ગુ.હા.બોર્ડ દ્વારા રીવેમ્પડ વેબસાઇટ અને "વેબ બેઝડ" મોડયુલ્સની જરૂરિયાત જણાતાં નિયત પ્રક્રિયા કરાતાં M/S Dev I.T.P.L. નું પુનઃ ચયન થયેલ. આ સમગ્ર કામગીરી માટે GIL ને T.P.L/ટેકનીકલ એડવાઇઝર તરીકે નિયુકત કરવામાં આવેલ. M/S Dev I.T.P.L. દ્વારા ગુ.હા.બોર્ડની આવાસ યોજનાઓના લાભાર્થીઓના પ્રાયોરિટી ડ્રો (લાભાર્થીઓની પસંદગી) અને નંબરિંગ ડ્રો (એલોકેશન ઓફ હાઉસીસ) માટે વેબ બેઇઝડ મોડયુલ તૈયાર કરવાનું થતું હતું.

હાલમાં ગુજરાત રાજયના અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે જુદી જુદી કુલ ૨૧ યોજનાઓ માટે બોર્ડ દ્વારા ડિમાન્ડ સર્વે કરી અરજીઓ મંગાવવામાં આવેલ હતી. આ અરજીઓની બોર્ડના નિયમાનુસાર પ્રાથમિક ચકાસણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ તમામ અરજીઓનો કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરવા માટે કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરી તેના ડેટા બેઝ તૈયાર કરવામાં આવેલ હતો. આ ડેટા બેઝ આધારે કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરવા માટે વેબ બેઝડ સોફટવેર તૈયાર કરવા મે. દેવ ઇન્ફોર્મેશન પ્રા.લી., અમદાવાદને કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો.

બોર્ડની ઉપરોકત વિવિધ ૨૧ યોજનાઓ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તા. ૧૫–૬–૨૦૧૪ ના રોજ રાજકોટ ખાતે વેબ બેઝડ કોમ્પ્યુટરાઇઝડ ડ્રોનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું સીધું પ્રસારણ રાજકોટથી અમદાવાદ, વડોદરા અને સુરત કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં ઇન્ટરનેટની ૧૦ MBPS ની વ્યવસ્થા રાખવામાં આવેલ કાર્યક્રમ પહેલાં બે વખત વેબ બેઝડ સોફટવેર પર ડમી ડ્રો કરીને ચકાસણી પણ કરવામાં આવેલ, પરંતુ કાર્યક્રમમાં ડ્રો કરવાના થોડા સમય પહેલાં M/S Dev I.T.P.L. ના નિષ્ણાતો દ્વારા સર્વર ધીમું થતાં જણાતાં વેબબેઇઝ સોફટવેરના બદલે સ્ટેન્ડબાય માટે રાખવામાં આવેલ તેની પ્રતિકૃતિ, ઓફ લાઇન સોફટવેરથી ડ્રો કરવા સૂચન થયેલ. આથી માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ઓફ

લાઇન કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરવામાં આવેલ હતો તેમાં સફળ થયેલ લાભાર્થીઓનું લીસ્ટ રાજયના અમદાવાદ, વડોદરા,સુરત અને રાજકોટ શહેરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું.

અરજદારો દ્વારા યાદી ચકાસતાં તેઓના ધ્યાન ઉપર ઓનલાઇન અરજી કરનારાઓની અરજીઓ વધુ પસંદ થઇ હોવાનું આવેલ. બીજા દિવસે એટલે કે તા. ૧૬–૬–૨૦૧૪ ના રોજ અમુક અરજદારો દ્વારા ગુ.હા.બોર્ડની કચેરીએ આવેદનપત્ર આપવામાં આવેલ. તે રજૂઆત ધ્યાને લઇ હાઉસિંગ કમિશ્નરશ્રી દ્વારા તાત્કાલિક બોર્ડના અધિકારીઓની બેઠક બોલાવી એક આઇ.ટી. ટીમની રચના કરી આ અંગેની તપાસ કરવા તા. ૧૬–૬–૨૦૧૪ ના પત્ર નં. ૨૫૩૬/હાક.થી હુકમો કરવામાં આવેલ. આઇ.ટી. ટીમ દ્વારા ડ્રોના સોફ્ટવેરનું લોજીકની વિગતની ચકાસણી કરી Simulation કરતાં ડમી ડ્રોના પરિણામોમાં ફીઝીકલ એપ્લીકેશનની વધારે પસંદગી થયેલ. આથી ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા સોફ્ટવેર ડેવલપર મે. દેવ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રા.લી. ને પરિણામની આવી વિસંગતતા બાબતે જરૂરી સ્પષ્ટતાઓ કરવા તા. ૧૮–૬–૨૦૧૪ ના પત્ર નં. ૨૫૮૧ થી જણાવવવામાં આવેલ. જે અન્વયે સોફ્ટવેર એજન્સી દ્વારા નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવેલ.

૧. વેબ બેઝડ સોફ્ટવેરમાં ત્રણ તબકકાના Randomization ના કોડ છે જે પૈકી

(અ) પ્રથમ તબકકામાં ડેટા બેઇઝમાંથી પ્રોગ્રામ દ્વારા SQL સર્વરની પદ્ધતિ પ્રમાણે ડેટા લેવામાં આવેલ.

(બ) બીજા તબકકામાં એપલીકેશનને રેન્ડમ નંબર આપી જરૂરી સંખ્યામાં પસંદગી કરવામાં આવે છે જેને પ્રાયોરીટી ડ્રો કહેવામાં આવે છે.

(ક) ત્રીજા તબકકામાં આ રીતે પસંદ થયેલ અરજદારોને ઘર નંબર એલોટ કરવા રેન્ડમાઇઝેશન કરવામાં આવે છે.

ખરેખર ઓફ લાઇન મોડયુલ વેબ બેઝડ મોડયુલની પ્રતિકૃતિ જ હોવી જોઇએ અને તેમાં પણ ત્રણેય પ્રકારના રેન્ડમાઇઝેશન હોવા જોઇએ, પરંતુ એજન્સી દ્વારા વેબ બેઝડ મોડયુલની ફાઇલો ઓફ લાઇન મોડયુલ માટે કોપી કરતી વખતે બીજા તબકકાના રેન્ડમાઇઝેશન કોડની ફાઇલ કોપી થઇ શકેલ નહીં. તેથી પ્રથમ અને ત્રીજા તબકકાના રેન્ડમાઇઝેશન યોગ્ય રીતે ચાલ્યું, પરંતુ બીજા તબકકાનું રેન્ડમાઇઝેશન ફેઇલ થયું. તેઓની આ કબૂલાત અન્વયે ગુજરાત ઇનફોર્મેટિક લી. પાસેથી આ અંગેનો અહેવાલ બોર્ડ દ્વારા મંગાવવામાં આવેલ. ગુજરાત રાજયના ઇન્ફોર્મેટિક લી. ના પ્રાથમિક તપાસ અહેવાલમાં નીચે મુજબ તારણ આપવામાં આવેલ.

"Problems could be corruption of data leading to the misbehaviorin the result, because of missing one step in the whole technical process of shortlisting the records" તા. ૧૫–૬–૧૪ ના રોજ ગુ.હા.બોર્ડની ૨૧ યોજનાઓ માટે ધ્યાને લેવામાં આવેલ કુલ અરજીઓ પૈકી અંદાજીત ૧૦ ટકા ઓનલાઇન તેમજ ૯૦ ટકા ફીઝીકલ એપ્લીકેશન મળેલ હતી. જયારે પસંદ થયેલ કુલ અરજદારો પૈકી અંદાજીત ૨૭ ટકા ઓનલાઇન અને ૭૩ ટકા ફીઝીકલ અરજી કરનાર હતા. ધ્યાને લેવાયેલ કુલ ઓનલાઇન અરજીઓ પૈકી અંદાજીત ૪૨ ટકા પસંદ થયેલ જયારે ફીઝીકલ અરજીઓ પૈકી માત્ર ૧૩ ટકા જ પસંદ થયેલ. ટ્રાન્સપોર્ટ નોડ અને યુનિવર્સિટી રોડની લોકપ્રિય સ્કીમોમાં જનરલ કેટેગરીમાં ૧૦૦ ટકા ઓનલાઇન અરજીઓ કરનારની પસંદગી થયેલ. આમ સ્પષ્ટપણે ઓનલાઇન અરજીઓને પસંદ કરવાનો ટ્રેન્ડ છતો થયેલ. જે યોગ્ય રેન્ડેમાઇઝેશન કરવાથી બનવું જોઇએ નહીં. આથી પ્રાયોરિટી ડ્રોનું મુખ્ય લોજીક નહીં ચાલવાથી ચઢતા ક્રમમાં ગોઠવાયેલ ડેટા બેઝમાંથી O.A. કોડવાળી ઓન લાઇન એપલીકેશન P.A. કોડવાળી ફીઝીકલ એપલીકેશન કરતાં વધારે પસંદ થઇ હોવાની શકયતા રહેલ છે. આમ થવાથી ટ્રાન્સપોર્ટ નોડ અને યુનિવર્સિટી રોડની જે યોજનાઓમાં આવાસની સંખ્યા કરતાં ઓન લાઇન એપ્લીકેશનની સંખ્યા વધારે હતી ત્યાં ઓન લાઇન અરજીઓ મુખ્યત્વે પસંદ થયેલ. જે યોજનાઓમાં આવાસોની સંખયા ઓન લાઇન એપ્લીકેશનથી વધારે હતી તેમાં બન્ને પ્રકારની અરજીઓ પસંદ થયેલ. જે ધ્યાનમાં લઇ માનનીય

મુખ્યમંત્રી દ્વારા તા. ૧૯–૬–૨૦૧૪ ના રોજ આ ડ્રો તાત્કાલિક અસરથી રદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

આ ઉપરાંત સોફટ ડેવલપર મે. દેવ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રા.લી. દ્વારા કરવામાં આવેલ અન્ય ગંભીર પ્રકારની ક્ષતિ ધ્યાનમાં લેતાં બોર્ડ દ્વારા તા. ૨૧–૬–૨૦૧૪ ના રોજ મે. દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લી.ને પત્ર નં. ૨૬૪૦/હાક થી કારણદર્શક નોટિસ આપવમાં આવેલ. તા. ૨૫–૬–૨૦૧૪ ના રોજ તેઓને આપવામાં આવેલ વર્ક ઓર્ડર તાત્કાલિક અસરથી સ્થગિત (સસ્પેન્ડ) કરવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ સોફટવેર ડેવલપર મે. દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા કારણદર્શક નોટિસનો વિગતવાર જવાબ બોર્ડને મળેલ. મે. દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લી. દ્વારા કરવામાં આવેલ આ જવાબની વિગતવાર છણાવટ કરી તેની વાસ્તવિક પરિસ્થિતિ સાથે મૂલ્યાંકન કરી બોર્ડ દ્વારા તા. ૨૭–૬–૨૦૧૪ ના હુકમ નં. ૨૭૪૫/હાકઇ દ્વારા નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

(૧) ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા દેવ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રા.લી.ને ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરીના પત્ર નં. ૩૫૮૨–એચ.સી.–ઈડીપી–તા.૧૩–૧૧–૧૩થી આપવામાં આવેલ વર્કઓર્ડર રદ કરવામાં આવેલ છે.

(૨) દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લી.ને બોર્ડની કામગીરી માટે ત્રણ વર્ષ માટે ડીબાર્ડ (ગેરલાયક) કરવામાં આવેલ છે.

(૩) દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લી. દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડની તરફેણમાં રૂ.૭,૦૦,૭૫૦ (અંકે રૂપિયા સાત લાખ સાતસો પચાસ પૂરા) ની પરર્ફોમન્સ સિકયોરીટી અન્વયે વસૂલાત કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ગુજરાત હાઉસિંગ બોર્ડને થયેલ નુકસાનનો ખર્ચ વસૂલ કરવાનો અબાધિત અધિકાર અનામત રાખવામાં આવેલ છે.

આમ, ઉપર મુજબ સરકારશ્રી તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા પગલાં લેવામાં આવેલ છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) યોજનામાં અત્યાર સુધીમાં રાજયમાં કેટલાં મકાનો બન્યાં છે? અગાઉ કયારેય કોમ્પ્યુટર ડ્રો પદ્ધતિથી મકાનોની ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ? વધુમાં એ પણ જાણવું છે કે આ રદ કરેલ કોમ્પ્યુટર ડ્રો ફરીથી કયાં સુધીમાં કરવામાં આવશે અને કઇ પદ્ધતિથી કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાજયમાં શહેરી વિસ્તારોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ઘરો ઉપલબ્ધ થાય એ માટે રાજય સરકારની યોજનાનો અમલ કરવા માટે ગુજરાત હાઉસિંગ બોર્ડને અધિકૃત કરવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં અમે જયારે ગયા વરસે આ યોજના મંજૂર કરી એ પછી ૧,૦૮,૧૯૧ આવાસોનાં કામ અમે પૂર્ણ કરેલ છે. સ્વાભાવિક છે કે સસ્તા ઘર મળતાં હોય તો...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ જે વિગતો આપો છો એ બધું જ આ નિવેદનમાં છે. એમણે જે પૂછયું છે કે હવે પછી ડ્રો કયારે કરવામાં આવશે એનો જ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ જે પ્રશ્ન ઉભો થયો, એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતે તાત્કાલિક વ્યકિતગત રીતે એમાં તપાસ કરીને વ્યકિતગત માહિતી મેળવી અને તાત્કાલિક ન્યાયિક ધોરણે એમાં સાચી વાત સ્વીકારીને હુકમ કરેલ છે કે આ ડ્રો ભૂલભરેલો અને ક્ષતિવાળો હતો એને રાજય સરકાર રદ કરે છે. હવે પછીનો નવો ડ્રો એકાદ મહિનામાં કરવામાં આવશે. એમાં એક જ ફેરબદલ કરેલ છે કે આ આખો ડ્રો આખા રાજયમાં સંયુકત રીતે કરેલ હતો એના બદલે દરેક જગ્યાએ જયાં જયાં આ મકાનો બનેલ છે ત્યાં અલગ અલગ જગ્યાએ અલગ અલગ રીતે આ ડ્રો કરવામાં આવશે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : મારે જાણવું છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં કુલ કેટલા આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે અને તે પૈકી અત્યાર સુધીમાં ગુજરાત

હાઉસિંગ બોર્ડ દ્વારા કેટલા આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે અને આ આવાસોની ફાળવણીમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અત્યાર સુધીમાં ૧,૦૭,૨૧૮ આવાસોની ફાળવણી થઇ છે. એમાં દરેક જગ્યાએ ડ્રો કરીને આવાસો ફાળવ્યા છે. અત્યાર સુધીમાં જે ડ્રો કરવામાં આવ્યા છે એમાં કોઇ જ પ્રશ્ન ઉપસ્થિત થયો નહોતો. બધી જગ્યાએ લાભાર્થીઓને અને નાગરિકોને પારદર્શિકતાથી મકાનોની ફાળવણી કરવામાં આવેલ છે અને કુલ ૯૬૦૦ આવાસોની ફાળવણી ડ્રો દ્વારા અગાઉ કરેલ છે અને અગાઉ ડ્રો વખતે કોઇ પ્રશ્ન ઉભો થયો નહોતો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ ડ્રોમાં ભૂલ ભૂલામણી થઇ હતી, એવા કંઇક શબ્દો એમણે વાપર્યા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : વાંધો નહીં, એવા શબ્દો નહોતા કહ્યાં, તો કહ્યાં હતા એમ માની લઇને જવાબ આપજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પૂછવું છે કે આ ગરીબ ઘર વિહોણા લોકોની કેટલીક અપેક્ષાઓ હતી અને આ સરકારે મોટી મોટી જાહેરાતો કરી હતી.

અધ્યક્ષશ્રી : તમે આ ૧૧૬ની નોટીસ આપી છે, તેની જ વાત કરો, ગરીબો કેમ રહી ગયા તેના મૂળમાં તમે જ આવશો પાછા. તેના કરતા તમે સવાલ જ પૂછો. (અંતરાય) ભાઇ, કોઇને ગમે કે ન ગમે, સાંભળો પહેલા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જયારે આ મકાનો મેળવવા માટે પ્રજાએ ઓન લાઇન અને રૂબરૂમાં અરજીઓ આપી ત્યારે આ જવાબમાં સરકારે જ કહ્યું છે કે ૧૦ ટકા અરજીઓ ઓન લાઇનમાં મળી છે અને બાકીની ૯૦ ટકા અરજીઓ રૂબરૂમાં મળી છે. હવે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે જેના કારણે ગેરરીતિ થઇ છે તે કઇ ગેરરીતિ થઇ છે અને કોણે આ ગેરરીતિ કરી છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ વચ્ચે બોલો નહીં, જવાબ આપવા માટે મંત્રીશ્રી છે, તમને મંત્રીશ્રીમાં વિશ્વાસ છે ને? તો શાંતિ રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે કોણે કયા પ્રકારની ગેરરીતિ કરી છે? કારણ કે સરકારે આ ડ્રો રદ કરવો પડયો છે. જે એજન્સી હતી, જે કોન્ટ્રાકટ હતો તે રદ કર્યો છે, તો મારે સરકારશ્રીને કહેવું છે કે આ ગેરરીતિ થઇ અને આ ગરીબ માણસો સાથે જેમણે પણ આ પ્રકારની પ્રવૃત્તિ કરી છે તેની સામે તપાસ કરવા માટે સરકાર હાઇકોર્ટના જજ મારફત આની તપાસ કરાવવા માગે છે કે કેમ? અને આ ડ્રો હવે જલદી માં જલદી થાય અને લોકોને જલદી ઘર મળે તેના માટે ચોકકસ સમય મર્યાદામાં ડ્રો કરવામાં આવે અને કોઇ ગેરરીતિ ફેલાય નહીં તેવી પારદર્શક વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એક મહિનામાં ડ્રો કરવામાં આવશે અને દરેક સ્થળે કરવામાં આવશે તે જવાબ આપી દીધો છે. હાઇકોર્ટના જજ મારફત તપાસ કરાવવા માગો છો કે કેમ અને ગેરરીતિ થવાના કારણો શું છે તેનો ટૂંકમાં જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘરના ઘર વાળા આ ગુજરાતમાંથી ખોવાઇ ગયા હતા અને હવે દિલ્હીમાંથી પણ ખોવાઇ ગયા. માનનીય બલવંતસિંહભાઇએ કહ્યું કે કોઇ ગેરરીતિ થઇ છે કે કેમ તો સરકારની ત્વરીતતા જુઓ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લેવાની જે ત્વરીતતા બતાવી છે, ૧૫–૬–૨૦૧૪ના રોજ રાજકોટમાં ડ્રો કરવામાં આવ્યો, અને એમ લાગ્યું કે ઓનલાઇન અરજી કરનારા વધુ લોકો આવે છે અને રૂબરૂ અરજી કરનારા ઓછા આવે છે, માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ નાગરિકો દ્વારા અને ધારાસભ્યશ્રીઓ દ્વારા પણ ફરિયાદ અને રજૂઆતો આવી, તુરત જ ૨૪ કલાકમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૬મી તારીખે આદેશ કર્યો કે આ ભૂલભરેલી પદ્ધતિથી ડ્રો થયેલો છે. તેનાથી લાભાર્થીઓને નુકસાન થયું છે માટે આ ડ્રો રદ કરવામાં આવે છે અને આ ગેરરીતિ અંગે આઇ.ટી.ના તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવે છે અને જે કંપની આ કામ કરતી હતી તે કંપનીને બ્લેક લીસ્ટ કરવામાં આવી છે. હવે નવા ડ્રોની પદ્ધતિ માટેની કામગીરી ભારત સરકારની એન. આઇ. સી. નામની આઇ.ટી. કંપની છે, તેમને સોંપવામાં આવી છે. એક

મહિનામાં આ નવી એન. આઇ. સી. નામની ભારત સરકારની આઇ.ટી. કંપની છે તે જે પદ્ધતિ ગોઠવશે તે પ્રમાણે ચારેય શહેરોમાં અલગ અલગ ડ્રો કરવામાં આવશે. આ મકાનો બન્યા છે અને લાભાર્થીઓને તે અંગે કોઇ પ્રશ્ન નથી, સારામાં સારી ગુણવત્તા વાળા અને વાજબી કિંમતમાં આ ભાજપની આનંદીબહેનની સરકાર મકાનો ફાળવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબહેન પટેલે પ્રથમ વખત મકાન આપવાનો ડ્રો કર્યો અને બીજા દિવસે એમને નીચું જોવાનો વારો આવ્યો કારણ કે સરકારની ક્ષતિ બહાર આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, તમે પ્રશ્ન પૂછો, કોને નીચા જોવાનું થયું કે કોને છાતી કાઢીને હાલવાનું થયું એમાં પડવાને બદલે તમે ડ્રો વિશે પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : ૧૫ મી તારીખે જે લોકોને મકાનો મળ્યા, એને અચ્છે દિન આવ્યા અને ૧૬મી તારીખે એમના બૂરા દિવસો શરૂ થયા. માનનીય મંત્રીશ્રીના જવાબમાં જે કંપની હતી, એની સામે પગલાં લેવાની વાત કરી છે, પરંતુ કંપનીની સાથે સાથે ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ હતા કે જેની દેખરેખ નીચે કામગીરી થઇ હતી, એમની સામે કોઇ પગલાં લીધા નથી, તો સરકાર એ અધિકારીઓ સામે પગલાં લેવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે ચાર શહેરોમાં ડ્રો થયા, એમાં કુલ કેટલી અરજીઓ આવી હતી અને કેટલા મકાનો આપવાના હતા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચાર શહેરોમાં કુલ ૫૩૭૬૩ અરજીઓ આવી હતી, એમાંથી ૮૪૯૩ મકાનો આપવાના છે. બીજા પ્રશ્નના અનુસંધાને જણાવવાનું કે માનનીય આનંદીબહેને પહેલી વખત ડ્રો કર્યો નથી. અગાઉ પાંચ વર્ષ તેઓ શહેરી વિકાસ મંત્રી તરીકે હતા અને ગયા પાંચ વર્ષમાં ગુજરાતમાં જેટલા પણ આવાસો અર્પણ કરવામાં આવ્યા એ ઓડાના હોય કે સુડાના હોય કે કોરપોરેશનોના હોય એ બધા મકાનોના ડ્રો એમના હસ્તક કરવામાં આવ્યા છે, ત્યાં કોઇ પ્રશ્નો ઊભા થયા નહોતા. આ એક ટેકનિકલ બાબત છે અને ટેકનિકલ બાબતની તપાસ ચાલી રહી છે. આપણે થર્ડ પાર્ટીને ઓન લાઇન ડ્રોનું કામ સોંપ્યું હતું એટલે એ આખી પદ્ધતિની નિષ્ણાતો દ્વારા ચકાસણી થઇ રહી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો એક પ્રશ્ન રહી ગયો છે. મેં માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટ પૂછયું હતું કે જે કંપનીને કામ આપ્યું હતું એની સામે સરકારે પગલાં લીધા છે, પરંતુ હાઉસિંગ બોર્ડના અધિકારીઓ સામે કોઇ પગલાં લીધા નથી તો એની સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હાઉસિંગ બોર્ડે આ કંપનીને ડ્રો કરવાનું કામ સોંપ્યું હતું, એમાં એ કંપનીએ સોફટવેર ડેવલપ કરીને ડ્રો કરવાની કામગીરી કરવાની હતી, એટલે એમાં હાઉસિંગ બોર્ડના અધિકારીઓ કે કર્મચારીઓને સીધી રીતે કોઇ લેવાદેવા નથી આવતી. કંપનીને કામ સોંપેલ હતું, એણે ડ્રો કરેલ છે. તેમ છતાં એ અંગે તપાસ ચાલુ છે અને એમાં કોઇ બાબત નીકળશે તો ચોક્કસ કાર્યવાહી કરીશું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી): ગઇકાલે અમારા માનનીય ધારાસભ્યશ્રી બલવંતસિંહભાઇએ નિયમ ૧૧૬ નીચે નોટિસ આપી હતી. અપૂરતા વરસાદના કારણે રાજયમાં સર્જાયેલી પરિસ્થિતિ બાબતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માટેની હતી, જે આપશ્રી દ્વારા સૂચના નામંજૂર કરવામાં આવી, તે માટે થઇને આજે આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહભાઇ, એની ચર્ચા અહીંયા ન હોઇ શકે. ઇટ ઇઝ નોટ પાર્ટ ઓફ ધી હાઉસ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : નિયમ ૧૧૬ નીચે ના પાડી એટલે નિયમ ૧૦૮ નીચે વિનંતી કરી.

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહ, તમે જે વસ્તુ મને લેખિત મોકલી, એનો મેં લેખિત જવાબ આપી દીધો છે. એની ચર્ચા અહીં ન હોઇ શકે. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જવાબ જે છે તેના અનુસંધાનમાં હું આપનું ઘ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : અહીં નહીં, એ ચેમ્બરમાં ઘ્યાન દોરવાનું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ના સાહેબ, આ ગુજરાત સરકાર સંવેદનશીલ છે કે નહીં દુષ્કાળ માટે. બજેટમાં દુષ્કાળ શબ્દનો ઉલ્લેખ નથી.

અધ્યક્ષશ્રી : નહીં નહીં.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અસંવેદનશીલ સરકાર છે તેના સામે..

અધ્યક્ષશ્રી : હજી દુષ્કાળ નથી. દુષ્કાળ તો સરકાર ત્યારે જાહેર કરે છે, આટલા વર્ષો થયા, આનાવારી થાય, આનાવારી ચારઆનીથી ઓછી થાય, (અંતરાય) આ તમારા વખતના જ કહું, કયારે દુષ્કાળ જાહેર થયો એ. આ ચર્ચાને અહીં સ્થાન જ નથી. જે તમે મને લેખિત કાગળ મોકલ્યો તેનો મેં લેખિત જવાબ આપી દીધો છે. એ લેખિત જવાબની અહીં ચર્ચા જ ન થાય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપ એલાઉ કરી શકો છો.

અધ્યક્ષશ્રી : આપણે ચેમ્બરમાં ચર્ચા કરી શકીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ હાઉસને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : આ હાઉસને તમારી અરજી નામંજૂર કરી તેની ચર્ચા કરવાનો કોઇ અધિકાર નથી. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપને અધિકાર છે સાહેબ.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, એ મને બતાવજો, તો ભવિષ્યમાં હું ખ્યાલ રાખીશ.(અંતરાય) તમે બાકીના શાંત રહો. આ તમારા વિષે નથી. વિપક્ષના નેતાને બોલવા દો. બાકીના શાંત રહો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ચર્ચા એલાઉ કરવાનો આપને અધિકાર છે. આપણું જે સંસદીય પ્રણાલિઓ અને કાર્યરીતિ નંબર..

અધ્યક્ષશ્રી : મને મંજૂર કરવાનો અધિકાર છે તેમ નામંજૂર કરવાનો પણ અધિકાર છે. એ મેં મારા નામંજૂર કરવાના અધિકાર મુજબ નામંજૂર કરી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એ માન્ય છે.

અધ્યક્ષશ્રી : મેં અધ્યક્ષ તરીકે જે રૂલીંગ આપ્યું હોય તેની અહીં ચર્ચા હોઇ શકે જ નહીં.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગુજરાત સરકાર દુષ્કાળની બાબતમાં..

અધ્યક્ષશ્રી : નવી પ્રોસીજર હું પાડવા માગતો નથી. હાઉસમાં કોઇ દિવસ આવી ચર્ચા થઇ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આજે વરસાદનું કોઇ ભવિષ્ય દેખાતું નથી. એક મહિનો બજેટ પાસ થવા માટે છે, લોકોનું શું થશે? બજેટમાં એક અક્ષર નથી.

અધ્યક્ષશ્રી : તમે જે મૂકયું છે એ બજેટમાં જે બોલવું હોય તે બોલજો. તમને ચાર દિવસની પૂરેપૂરી ઓપોર્ચ્યુનિટી છે. (અંતરાય) પણ એની કોઇ ચર્ચા ન થઇ શકે. આપ શાંતિથી હવે બેસી જાવ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ચર્ચા માટે અમારો આગ્રહ છે સાહેબ, આપ એલાઉ કરો. જે વિધાનસભાનો મતલબ ન હોય, આટલા બધા લોકો દુષ્કાળમાં હેરાન થતા હોય, વરસાદ ન હોય એની ચર્ચા કરવામાં તકલીફ પડે છે? ચર્ચામાં તકલીફ શું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે આવજો, મારી પાસે આ બધી બૂકો છે. તમારી પાસે પણ છે. આપણે બન્ને ચેમ્બરમાં ચર્ચા કરી લઇશું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : વિધાનસભામાં ચર્ચા કરવી છે.

અધ્યક્ષશ્રી : તમને સચિવશ્રી પાસે અસંતોષ થાય તો મારી પાસે આવજો. આપણે એની ચર્ચા કરીશું. પણ આની હાઉસમાં ચર્ચા ન હોય, આ પ્રથા જ ખોટી છે. (અંતરાય) તો તો પછી દર વખતે થાય કે અધ્યક્ષે ચેમ્બરમાં આપેલા નિર્ણય છે એની ચર્ચા હાઉસમાં કરવાની હોય? થાય જ નહીં કોઇ દિવસ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : પણ અમે આપને વિનંતી..

અધ્યક્ષશ્રી : નહીં નહીં, શંકરસિંહ, પ્લીઝ, બેસી જાવ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સરકાર ગુજરાતમાં દુષ્કાળ છે એ માનવા તૈયાર છે કે નહીં..

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, એવું કંઇ છે જ નહીં. મેં આમાં બરાબર વાંચીને નિર્ણય આપ્યો છે. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ બજેટમાં ૭૯ નીચે પણ કંઇ નથી. (અંતરાય)

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)(સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને કહું છું કે તમે આ જે દેખાવ કરો છો એ અધ્યક્ષના વિરુદ્ધ કરો છો. સરકારની વિરુદ્ધ નથી. એટલે આની ગંભીરતા સમજીને જે કંઇ કરો તે કરજો. તમારે જે કંઇ કરવું હોય તે છૂટ છે, પણ આની ગંભીરતા સમજીને તમે કરજો. (અંતરાય) (સતત સૂત્રોચ્ચાર)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા તો કરવા દો.

અધ્યક્ષશ્રી : કંઇ સાંભળવાનું જ બંધ. એક વખત મેં નિર્ણય આપી દીધો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા તો આપવી જોઇએ ને તમારે?

અધ્યક્ષશ્રી : તમે જે લેખિત આપ્યું એનો મે લેખિત જવાબ આપ્યો છે, પછી એની ચર્ચા ના હોય. અવાજ કરો તમ તમારે. કોઇ સાંભળવાનું નથી શકિતસિંહ, મેં સ્પષ્ટ વાત કરી છે, તમે જે લેખિત આપ્યું છે એનો મેં લેખિત જવાબ આપી દીધો છે. એની આ હાઉસમાં ચર્ચા ના હોય. ચર્ચા કરવી હોય તો અધ્યક્ષની ચેમ્બરમાં આવજો. આ હાઉસનો વિષય જ નથી બનતો. જે વિષય હાઉસનો ના બનતો હોય એની ચર્ચા અહીં ના હોઇ શકે. (અંતરાય) દુષ્કાળ હજી ગુજરાતમાં છે નહીં, જાહેર કર્યો છે ગુજરાત સરકારે? દુષ્કાળ વસ્તુ જુદી છે, અછત વસ્તુ જુદી છે અને આવશ્યક વસ્તુ ઓછી મળે છે એ વસ્તુ જુદી છે. આને દુષ્કાળ ના કહેવાય. ૨૦મી જુને તો હજી ચોમાસુ બેસે, હજી બાર દિવસ મોડુ ચોમાસુ છે. આખા હિન્દુસ્તાનમાં મોડુ ચોમાસુ છે એટલે દુષ્કાળ ના થઇ જાય. એવી ગંભીર બાબત હોત તો હું સામેથી જ ચર્ચા દેત. અને છતાં તમારે જે બોલવું હોય એ તમારે બજેટ ઉપરની જે જનરલ ચર્ચા છે, એમાં બોલવાનો પૂરો મોકો છે. (અંતરાય) આ બાબતમાં નહીં, બીજી બાબતમાં હોય તો કહો શકિતસિંહ, આ બાબતમાં કોઇ ચર્ચા જ નહીં. આ હાઉસને કોઇ સત્તા જ નથી. કોઇ નહીં, શકિતસિંહ, આપ બેસી જાવ. મારે કંઇ નથી સાંભળવાનું. નેક્સ્ટ. ચાલુ કરો. (અંતરાય) કોઇ સંજોગોમાં આની ચર્ચા નહીં થાય. જે ચર્ચા કરવી હોય એ બધાને ચેમ્બરમાં ચર્ચા કરવા આવવાની છૂટ છે. એક વખત મારા આપેલા નિર્ણયમાં ફેરફાર કરવાની કોઇ ચર્ચા નહીં. પ્લીઝ, આ વિધાનસભાનું કામકાજ ચાલવા દો. તમે મને કાયદેસર આપ્યું હતું, એનો મેં કાયદેસર જવાબ આપ્યો છે, એની ચર્ચા હાઉસમાં ના હોય.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અહેવાલ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજો અહેવાલ રજૂ કરુ છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(સમિતિના પ્રમુખશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) બધા વિધાનસભાનું કામકાજ શાંતિથી ચાલવા દો. (અંતરાય) તમામ સભ્યોને છેલ્લીવાર વિનંતી કરુ છું કે આ સભાનું કામકાજ શાંતિથી ચાલવા દો. તમને નિયમ પ્રમાણે જે અધિકાર હતો એનો નિયમ પ્રમાણે મેં જવાબ આપ્યો છે. આની ચર્ચા અહીં હોય જ નહીં. તમે ધારો એ બધાય વિષયની અહીં ચર્ચા ના હોય. તમને એક કલાક પહેલા પ્રસ્તાવ આપવાની છૂટ હતી. એક કલાક પહેલા મેં એનો જવાબ આપી દીધો છે. એની ચર્ચા અહીં હોય જ નહીં. જે આ પ્રસ્તાવ છે એમાં હવે હું

પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે, જેમને ના સંભળાય એ કાને હેડફોન મૂકી દો એટલે હાઉસ ચાલુ રહે. (અંતરાય)

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

(અંતરાય) (સતત સૂત્રોચ્ચાર) (અંતરાય) (વિરોક્ષ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી :** આપ બધાને હું છેલ્લીવાર ચેતવણી આપું છું. આપ આપની જગ્યાએ બેસો અને વિધાનસભાનું કામ ચાલુ કરવા દો. (અંતરાય) સૂત્રોચ્ચાર બોલાવવાનું બંધ કરો. કોઇ સવાલ નથી (અંતરાય) શક્તિસિંહ, આ સૂત્રોચ્ચાર બોલાવે અને હું તમને મંજૂરી આપું? મારે બધાથી દબાઇને કામ કરવાનું? મહેરબાની કરીને સૂત્રો બોલાવવાનું બંધ કરો. (અંતરાય) વિનંતી હોય એ ચેમ્બરમાં કરવાની હોય. તમે બધા સભ્યો તમારી જગ્યા ઉપર બેસી જાઓ નહિતર મારે પગલાં લેવા કાંઇ કહેવું પડે એના બદલે શાંતિથી હાઉસ ચાલવા દો. (અંતરાય) ૧૦૮ વિશે વાત જ નહીં. તમે બજેટની ચર્ચામાં બોલજો જે કહેવું હોય એ. ( સતત સૂત્રોચ્ચાર) હું, અધ્યક્ષની રૂએ ઊભા થયેલા તમામ સભ્યોને આજના એક દિવસ માટે સસ્પેન્ડ કરું છું. તમામ સભ્યશ્રીઓ મહેરબાની કરીને બહાર નીકળી જાઓ. તમને કહેવા છતાં માન ન રાખતા હોય તો બીજો કોઇ વિકલ્પ નથી. એક દિવસ માટે બહાર જવા આદેશ કરું છું. બધાને બહાર લઇ જાઓ. (સતત સૂત્રોચ્ચાર) એકવાર કહ્યું કે તમને બધાને સસ્પેન્ડ કરવામાં આવે છે. તમારી મેળે બહાર નીકળી જાઓ. મારે સાર્જન્ટને કહેવું પડે, એના બદલે તમે બહાર નીકળી જાઓ. તમે કાયદેસર રીતે કાગળ આપો અને ગેરકાયદેસર રીતે વર્તન કરો એ બન્ને ન થાય. જેટલા ઊભા છે એ બધા લોકો બહાર નીકળી જાઓ. મહેરબાની કરીને બહાર નીકળી જાઓ. સાર્જન્ટ, બધાને બહાર લઇ જાઓ. (આ તબક્કે ઊભા થઇને સૂત્રોચ્ચાર કરનારા વિપક્ષના સભ્યશ્રીઓને એક પછી એક બહાર લઇ જવા સાર્જન્ટ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા.) કોઇને ઉપાડતા નહીં, કોઇની ટીંગાટોળી ન કરતાં, એક એકને લઇ જાઓ. પરેશભાઇ ધાનાણીને બહાર લઇ જાઓ. મહેરબાની કરીને સૂત્રો બોલાવો નહીં. તમને એક દિવસ માટે સસ્પેન્ડ કરું છું. મહેરબાની કરીને બધા બહાર નીકળી જાઓ. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર વચ્ચે) તમે તમારું પોતાનું સ્વમાન જાળવી અને બહાર તમે વિદાય થાઓ (આ તકે શ્રી શક્તિસિંહ બેઠાબેઠા કાંઇક બોલતાં) ના કોઇ નહીં શક્તિસિંહ, કોઇ નહીં, એકેય નહીં, કોઇ વાત જ નહીં (અંતરાય) મારે કાંઇ (સતત સૂત્રોચ્ચાર વચ્ચે સાર્જન્ટને ઉદ્દેશીને) ભાઇ, કોઇને ટિંગાટોળી ન કરતાં, એમને એમ હાથ ઝાલીને બહાર જવા દો, કોઇની ટિંગાટોળી નહીં (અંતરાય, આ તકે સાર્જન્ટ દ્વારા સભ્યશ્રી પરેશભાઇને ગૃહની બહાર લઇ જવામાં આવ્યા) (સભ્યશ્રી હીરાભાઇ પટેલ દ્વારા સતત સૂત્રોચ્ચાર વચ્ચે વિરોધપક્ષના નેતાશ્રી ઊભા થઇ બોલવા જતાં..) (અંતરાય) એક મિનિટ, સસ્પેન્ડ એમને નથી કર્યા, બાકીનાને કર્યા છે, બીજા કોઇને નહીં બોલવા દઇએ. તમે બેસો (અંતરાય) અરે ભાઇ શંકરસિંહ એમની જગ્યાએ બેઠા હતા, એમને સસ્પેન્ડ નથી કર્યા. તમે બાકીનાને, પહેલાં બહાર નીકળો, શું કહેવાનું છે ? એક મિનિટ, સાંભળો ભાઇ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણાં વખતથી જે પદ્ધતિ છે, આપને અધિકાર છે હાઉસમાં કોઇને એલાવ કરવા, ન કરવા, એ પણ પદ્ધતિ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ એક મિનિટ, મેં જેને મંજૂરી આપી છે, ભાઇ એક મિનિટ (અંતરાય) પહેલાં શું કરવું એ મને કરવા દો, બેસો તમે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતા) : એટલે આપને અધિકાર છે એક દિવસ માટે કાઢો, આખી ટર્મ માટે કાઢો, ભૂતકાળમાં આખી ટર્મ માટે ધારાસભ્યોને બહાર કાઢેલા છે (અંતરાય) આના સિવાય વચલો રસ્તો હોઇ શકે સાહેબ, પા કલાક, અડધો કલાક માટે હાઉસ મોકુફ રાખીને સત્તાધારી પક્ષ અને વિપક્ષના લોકોને બોલાવીને વચલા રસ્તા માટે આપની પાસે અપેક્ષા છે, પાઇપલાઇન તો હોઇ શકે અને આપને અધિકાર છે, આ કોઇ માર્શલની જરૂર નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હાઉસ છે એ નિયમો મુજબ ચાલવું જોઇએ. નિયમનો ભંગ કરનારે, નિયમમાં લખેલી જોગવાઇ મુજબ એનું અનુકરણ કરવું જોઇએ. નહીંતર દર વખતે એવું થાય કે, આપણે અવાજ કરીએ, આપણે સૂત્રો બોલાવી અને હાઉસને ચાર–ચાર વાર મુલતવી રાખીએ. આ હાઉસ કામ કરવા

માટે આવ્યું છે, મુલતવી રાખવા નથી આવ્યું અને તમામ સભ્યોને જેને કાંઇ હોય, એ આ ચેમ્બરનો સવાલ,( આ તકે વિરોધપક્ષના કોઇ સભ્ય હાથ ઉંચા કરી કાંઇક બોલતાં) હવે તમારા હાથની ખબર છે, મને મારા હાથની પણ ખબર છે, તમે બોલો નહીં, તમને કોઇ બોલવાનો અધિકાર નથી, તમને તો સસ્પેન્ડ કર્યા છે. શંકરસિંહભાઇને હું કહું છું. આ તમે ૧૦૮ની નોટિસ મને આપી. મને એ રીતે વાજબી ન લાગી એટલે તાકીદની બાબત ન લાગવાથી મેં એ નામંજૂર કરી છે. તમને તાકીદની બાબત લાગે છે મને નથી લાગતી છતાંય ચર્ચા કરવી હોય તો હું તો બેઠો જ છું. આ હાઉસમાં એની ચર્ચા ન થાય અને કોઇપણ માણસ સૂત્રો બોલાવે એટલે મારે હાઉસ મુલતવી રાખવું એવી નબળાઇ શું કરવા મારે ભોગવવી? કોઇ સવાલ જ નથી. કોઇ નહીં. શકિતસિંહ, આપ તો ઊભા થયા હતા એમાંના એક છો (અંતરાય) નહોતા થયા? બેઠા હતા તમે? તો ઊભા થયા હતા એટલાનું જ મેં કીધું છે. (અંતરાય) ભાઇ, તમે તો શાંત રહો, તમારે હાઉસ ચલાવવાનું છે? ઊભા થઇ જાવ છો વારંવાર. મારે તમારી મદદની જરૂર હોય કે તમારે કહેવાનો અધિકાર હોય તો ઠીક છે. (આ તબકકે વિરોધ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા) શકિતસિંહને અને શંકરસિંહને મેં સસ્પેન્ડ નથી કર્યા. જેટલા ઊભા હતા એટલાને મેં કીધું છે. શંકરસિંહ કયાં ઊભા થયા હતા? હવે, તમારે રોકાવું હોય તો બેસી શકો છો, નહીંતર જઇ શકો છો. (અંતરાય) નહીં, નહીં, કોઇ ચર્ચા નહીં. મારે કોઇ ચર્ચા નથી કરવી. એવું મારે પાંગળાપણું વાપરવું નથી. તમારા અધિકારનો હું રક્ષક છું પણ ભેગાભેગા મારો જે હુકમ છે એનું પાલન થવું જોઇએ.(અંતરાય) હવે કોઇ સવાલ નથી. તમે અને શંકરસિંહ બેસવું હોય તો બેસો. મને કયાં વાંધો છે? બાકીનાને સસ્પેન્ડ કર્યા છે એ જાય. (આ તબકકે વિરોધ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર) સૂત્રોચ્ચાર નહીં, એ પોતાની જગ્યાએ ઊભા થાય (અંતરાય) નહીં મારે કોઇ ચર્ચા નથી કરવી. ઊભા થયા હતા એ બધાને સસ્પેન્ડ કર્યા છે. હજી હું કહું છું શકિતસિંહ અને શંકરસિંહ બંને પોતાની જગ્યાએ બેઠા હતા એમને મેં સસ્પેન્ડ નથી કર્યા. ઊભા થયા એમને જ કર્યા છે. એ સૂત્રો બોલાવતા હોય કે મુંગા રહેતા હોય. હવે મારે કોઇ ચર્ચા નથી કરવી. (અંતરાય) એ ભાઇ, ઊભા થઇ જાવ હું બેસી જઉં. તમે શાંતિ રાખોને. તમે શું કામ કહો છો બેસો કે ઊભા રહો એમ. પ્લીઝ, શાંતિ રાખો. (આ તબકકે સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)(અંતરાય) એ ભાઇ, તમારે કોઇ સગાવહાલા થાય છે આવજો, આવજો કરો છો. શાંતિ રાખોને. નેકસ્ટ.

## સરકારી વિધેયકો

### સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક– ૯
### ગુજરાત કરવેરાને લગતા કાયદા(સુધારા) વિધેયક, ૨૦૧૪
### કરવેરાને લગતા અમુક કાયદા વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી **શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, [**]રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૯, સન ૨૦૧૪ના ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૯, સન ૨૦૧૪ના ગુજરાત કરવેરાને લગતા કાયદા સુધારા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ જે હું બિલ ગુજરાત વિધાનસભામાં લાવ્યો છું એનો મૂળ હેતુ એ છે કે રાજયના જે આઉટ સ્ટેન્ડીંગ ડેટસ હોય, સોવરીન ડેટસ હોય એ ડેટસને અને ડયુઝને પોટેન્શીયલ કરવા માટે આ બિલમાં કલમોમાં સુધારો લઇ અને હું બિલ રજૂ કરું છું. આજે કોઇ ડીફોલ્ટર થાય અને એને પૈસા ચૂકવવાના હોય તો બે ટાઇપના ક્રેડીટર્સ હોય છે. એક સીકયોર ક્રેડીટર્સ હોય છે અને એક

[**] વિધેયક તા. ૨૫ મી જુન, ૨૦૧૪ના રોજ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અનસીક્યોર ક્રેડીટર્સ હોય છે.હવે કોઇ જ્યારે રૂપિયા આપવના હોય તો પહેલો હક્ક, અધિકાર સિક્યોર્ડ ક્રેડિટર્સનો હોય છે અને સિક્યોર્ડ ક્રેડિટર્સને પૈસા ચૂકવાઇ જાય પછી જ અનસિક્યોર્ડ ક્રેડિટર્સને ચૂકવવામાં આવતા હોય છે. રાજ્ય સરકારના જે લેણા હોય, આઉટ સ્ટેન્ડિંગ ડ્યૂસ હોય તે કાયદામાં કોઇ જોગવાઇ ન હોવાના કારણે આ ડ્યૂસ આપણને મળતા નથી અને સિક્યોર્ડ ક્રેડિટર્સમાં એને ગણાવવામાં આવતું નથી અને અનસિક્યોર્ડ ક્રેડિટર્સમાં એને પૈસા ચૂકવવામાં આવે છે. એટલે આ રક્ષણ આપવા માટે આપણે પહેલા ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ૨૦૦૩ ની અંદર આપણે આ જોગવાઇ કરી હતી, એટલે એ જોગવાઇના કારણે આજની તારીખમાં વેટના ડ્યૂસની આપણે સંપૂર્ણપણે પહેલો ચાર્જ સાથે સંપૂર્ણપણે પ્રોટેકશન મળે છે, એટલે આજે કોઇ પેઢી હોય એ ડિફોલ્ટ થાય તો આપણા વેટના જે ડ્યૂસ હોય તે પહેલા મળે અને પછી બાકીના ક્રેડિટર્સને પૈસા મળતા હોય છે. પરંતુ આ પ્રમાણે એન્ટરટેઇનમેન્ટ ટેકસમાં અને અન્ય પ્રોફેશનલ ટેક્સ, એન્ટ્રી ટેકસ, લકઝરી ટેક્સ આની અંદર આ પ્રમાણેની જોગવાઇ કરવામાં આવી નથી, એટલે આ બિલ દ્વારા હું આ જોગવાઇ લાવી રહ્યો છું. જેની અંદર સેકશન ૧૬ એ એન્ટ્રી ટેકસ એકટ, સેકશન ૧૭ એ પ્રોફેશનલ ટેક્સ એકટ, સેકશન ૧૯એ એન્ટરટેઇનમેન્ટ ટેક્સ એકટ અને સેકશન ૮ એએ ઇન લકઝરી ટેક્સ આ ૪ સેક્શનમાં સુધારા થશે, જેના કારણે આપણને આ ડ્યૂસ પહેલા મળશે. હાલમાં જે અત્યારે ડ્યૂસ આવે છે, તે આપણને લેન્ડ રેવન્યુ કોડ દ્વારા અનપેઇડ એમાઉન્ટ મળતી હોય છે. પ્રોસિજર લેન્ઘી હોવાના કારણે અને બીજું કુલી સિક્યોર્ડમાં ન ગણવાના કારણે આપણને મળતા નથી. આ ૪ કાયદામાં સુધારા લાવવાથી રાજ્ય સરકારના જે આઉટ સ્ટેન્ડિંગ ડ્યૂસ હોય તેમાં પ્રાયોરિટી મળશે અને ફર્સ્ટ ચાર્જ તરીકે એ ગણવામાં આવશે. એટલે આપણા રૂપિયા પહેલા આપવા પડે, ડિફોલ્ટરે પહેલા આપવા પડે તે પ્રમાણે આ કાયદામાં સુધારો છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાત ટેક્સેસન લો બિલ ૨૦૧૪ ધી ગુજરાત ટેક્સીસ લો એન્ટ્રી ઓફ સ્પેસિફાઇડ ગુડસ ઇન ટુ લોકલ એરિયા એકટ ૨૦૦૧ માં જે સુધારો લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એન્ટ્રી ટેકસ કાયદા હેઠળ નવી કલમ ૧૬(એ) ઉમેરવા અંગે રાજ્ય સરકારનું જે પગલું છે તે ખરેખર આવકારદાયક છે. જેમાં આ કાયદા હેઠળ વેપારીઓ પાસે લેણા નીકળતા વેરા, વ્યાજ, દંડની રકમ માટે વેપારીઓની મિલકત ઉપર પ્રથમ ચાર્જ સરકારશ્રીનો રહે તેવી અગત્યની જોગવાઇ કરવામાં આવી છે. એન્ટ્રી ટેક્સ કાયદાનો ઉદ્ધેશ રાજ્યના વેપાર ધંધાને અન્ય રાજ્ય સાથેના વેપાર ધંધા સામે લેવલ પ્લેઇંગ ફીલ્ડ પૂરું પાડવાનો છે, જેથી અન્ય રાજ્યના વેપારીઓ પાસેથી વેરાના ઓછા દરે ખરીદી કરવાને બદલે રાજ્યના વેપારી રાજ્યના જ વેપારીઓ પાસેથી માલની ખરીદી કરે અને આ રીતે રાજ્યમાં જે વેપાર અને ઉદ્યોગોનો વિકાસ થાય. જો એન્ટ્રી ટેકસ કાયદા હેઠળ વેરાની રકમ વેપારીઓ દ્વારા ભરવામાં ન આવે તો રાજ્યના વેપારીઓને ધંધાનું લેવલ પ્લેઇંગ ફીલ્ડ પૂરું પાડવાનો રાજ્ય સરકારનો જે હેતુ છે, તે સિદ્ધ થતો નથી. આથી એન્ટ્રી ટેકસ કાયદા હેઠળ વેરા, વ્યાજ, દંડની રકમની વસૂલાત થાય તે માટે વેપારીઓની મિલકત ઉપર રાજ્ય સરકારનો પ્રથમ ચાર્જ રહે તેવી ખૂબ અગત્યની અને મહત્વની જોગવાઇ જે કરી છે જે ખરેખર આવશ્યક છે, આથી રાજ્ય સરકાર જે સુધારા લઇને આવી છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી અજયકુમાર જ. ચોકસી(સુરત (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, જે સુધારો માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ દ્વારા લાવવામાં આવ્યો છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યવસાય વેરા બાબતમાં આપણે જોઇએ તો સરકારે વ્યવસાય વેરો વસૂલ કરવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જે પાવર્સ આપેલા છે અને તે ઉઘરાવ્યા પછી તે નાણાં જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા ત્યાંના નાગરિકોના રસ્તા, પાણી, ગટર અને સ્વાસ્થ્ય સંબંધી સુવિધાઓ પૂરી પાડવા માટે આ નાણાંનો ઉપયોગ કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતની અંદર ગ્રામ પંચાયતો, નગરપાલિકા અને મહાનગરપાલિકા આવી કરોડો રૂપિયાની આવક વ્યવસાય વેરા દ્વારા મેળવે છે અને તેના દ્વારા લોકોની જનસુખાકારી માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. મંત્રીશ્રી જે સુધારો લઇ આવ્યા છે તે ખૂબ આવકારદાયક છે. આવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને પોતાના લ્હેણાં નીકળતા નાણાં ફકત કાયદાકીય

જોગવાઇઓના અભાવે વસૂલ કરી ન શકે અને સિક્યોર્ડ લ્હેણામાં જો તેની ગણતરી ન થાય તો ભવિષ્યમાં આવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આવકને અસર થઇ શકે અને તે દ્વારા જુદી જુદી સુવિધાઓ નાગરિકોને જે આપવામાં આવે છે તેના પર પણ અસર થઇ શકે. એટલે જે પ્રાયોરીટી એટલે કે સિકયોર્ડ લ્હેણાં તરીકે જે સુધારો ગુજરાત રાજય વ્યવસાય વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬માં કલમ.૧૭(ક) જે ઉમેરવામાં આવી છે તેને હું આવકારું છું.

તેવી જ રીતે મનોરંજન વેરાની અંદર જે સુધારો કરવાની દરખાસ્ત છે તેમાં પણ મનોરંજન કરના રાજય સરકારના જે લ્હેણાં છે તેને પણ સિકયોર બનાવવાનું પ્રોવિઝન અહીં કરવામાં આવેલ છે. કલમ.૧૯(ક)નો આમાં ઉમેરો કરવામાં આવ્યો છે. ગઇકાલે નાણામંત્રીશ્રીએ અહીં બજેટ રજૂ કર્યુ તેમાં પણ કેબલ ટી.વી.ની મનોરંજન કરવેરાની આવક છે તે સ્થાનિક સ્વરાજયની સંસ્થાને તેનો હકક આપવા માટેની દરખાસ્ત રજૂ કરી છે. મનોરંજન કરમાં આ સુવિધા એટલે કે એમેન્ડમેન્ટ લાવીને જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે તેને આ સત્તા આપવામાં આવનાર છે અને હવે પછી તે અંગેનું વિધેયક અહીં આવનાર છે, એટલે સ્થાનિક સ્વરાજયની સંસ્થાને આ આવક ૧૦૦ ટકા મળે તે માટેની સુવિધા મૂકવામાં આવી છે, તેના માટે ખરેખર ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મને લાગે છે કે રાજય સરકારના આ મનોરંજન કર, લકઝરી વેરા અને એન્ટ્રીટેકસ બાબતમાં રાજય સરકારના આવા કરોડો રૂપિયાના લ્હેણાં બાબતમાં કોર્ટની અંદર વિવાદો ચાલી રહ્યા છે અને તેના કારણે રાજય સરકારે ખૂબ ઉત્તમ સુધારો લાવી છે, માટે ખૂબ ખૂબ અભિનંદન માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને આપી વિરમુ છું.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત કરવેરાને લગતા કાયદા સુધારા વિધેયક ૨૦૧૪ લઇને આવ્યા છે તેને હું મારુ અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્યતઃ પ્રસ્થાપિત થયેલો કાયદો એવો છે કે રાજય સરકારને જયારે જયારે પણ તેના નાગરિકો પાસે પૈસા લેવાના હોય તો તે નાણાંની વસૂલાત કરવાનો પહેલો હકક રાજય સરકારને હોય છે અને ત્યાર પછી જ અન્ય લેણદારો નાણાં વસૂલ કરી શકે. આ પ્રસ્થાપિત થયેલો કાયદો છે. જે તે કાયદા હેઠળ આ રકમ જે લેવાની થાય છે તે કાયદાની અંદર સ્પેસિફિક પ્રોવિઝન હોવું ખૂબ જરૂરી છે અને તે સ્પેસિફિક પ્રોવિઝન કરવાના હેતુ માટે આ ચારેય કાયદાની અંદર માનનીય નાણામંત્રીશ્રી આ પ્રોવિઝન ઇન્સર્ટ કરી રહ્યા છે, આ ચાર પ્રોવિઝન ઇન્સર્ટ કરી રહ્યા છે તેમને હું અભિનંદન આપું છું. નાગરિકો તેમના લ્હેણાં ચુકવે તે પહેલાં કાનુની દેવાઓ એટલે કે રાજય સરકારના જે દેવાઓ છે તે નાગરિકોએ પહેલાં ચૂકવવા પડે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે અન્ય સિકયોર્ડ લેણદારો છે, રાજય સરકાર કરતા બીજા સિકયોર્ડ લેણદારો છે કે જેની મિલકતનું તારણ તે લોકો પાસે હોય છે, તેવા મિત્રો પહેલા હકકદાર બને છે. અનલેસ કે રાજય સરકારે જે તે કાયદાની અંદર આ પ્રમાણેનું પ્રોવિઝન કરેલ હોય તો જ તેમને પ્રથમ અધિકાર મળતો હોય છે. એટલે રાજય સરકારને ચૂકવવાના થતા નાણાંની વસૂલાત અન્ય કોઈપણ સુરક્ષિત લ્હેણાં કરતા અગ્રતા ક્રમે મળે એટલા માટે ગુજરાત ટેકસેસન લોઝ એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૪ લાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ સહકારી મંડળીઓ અને સહકારી બેન્કોને એક કાયદો ૨૦૦૨માં ઘડવામાં આવ્યો હતો અને એમાં બેન્ક અને સહકારી મંડળીઓને પોતાના લેણા માટે અન્ય બીજા કરતા અગ્રિમતા મળતી હતી અને આજે પણ મળે છે એવા સંજોગોમાં રાજય સરકારના લેણા બાકી ન રહી જાય એ માટે આ પ્રોવિઝન કરવાની ખૂબ આવશ્યકતા છે એવું મારું પોતાનું માનવું છે. કોઇ પણ વ્યક્તિ હોય, પ્રોપરાઇટર હોય કે અન્ય વ્યક્તિ, રાજય સરકારને ટેકસ, વ્યાજ કે દંડ ભરવાને જવાબદાર હોય તે વ્યક્તિ પ્રોપરાઇટર કે તે વ્યક્તિની મિલકત સામે તે રકમનો પ્રથમ બોજો રાજય સરકારનો રહેશે એવા આ પ્રોવિઝન આ ચારે ચાર કાયદામાં માનનીય નાણા મંત્રીશ્રી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપુ છું. બાકીના બે મિત્રોએ પણ અન્ય કાયદામાં વાત કરી છે તે પ્રમાણે ગુજરાત સ્ટેટ પ્રોફેશનલ ટેકસ જે છે એમાં સેકશન ૧૭–ક ઉમેરવામાં આવી છે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ સન ૧૯૭૭માં સેકશન ૧૯–ક ઉમેરવામાં આવી છે, ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખ સુવિધા, કર અધિનિયમ, ૧૯૭૭માં નવી કલમ ૮–કક ઉમેરવામાં આવી છે અને ગુજરાત સ્થાનિક વસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧માં કલમ

૧૬–ક નવી ઉમેરવામાં આવી છે. આ પ્રમાણે ગુજરાત ટેકસેસન લોઝ એમેન્ડમેન્ડ બિલ ૨૦૧૪ના કારણે સરકારને મનોરંજન કર, વ્યવસાય વેરા કર, હોટેલ લકઝરી કર અને એન્ટ્રી ટેકસની બાકી વસૂલાતમાં અન્ય બીજા લેણદારો કરતા અગ્રિમતા મળી રહેશે આ સુધારા બિલને હું અનુમોદન આપુ છું. ધન્યવાદ

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણે સભ્યશ્રીએ બિલને આવકાર્યું છે અને શરૂઆતમાં મેં મારા વક્તવ્યમાં જે વિષયની વાત કરી હતી એ જ વાત સભ્યશ્રીએ કરી છે એટલે મારે વધારે આગળ કંઇ કહેવાનું છે નહીં.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક – ૯–સન ૨૦૧૪નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા)વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**કલમ–૨ અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક – ૯–સન ૨૦૧૪નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા)વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

અધ્યક્ષશ્રી: સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૪નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૫

## ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયક

ગુજરાત કોર્ટ–ફી અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાયતંત્ર મંત્રીઃ) માનનીય અધ્યક્ષશ્રી,• રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૧૪ના ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રી: ) માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૧૪ના ગુજરાત કોર્ટ ફી સુધારા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કોર્ટ અધિનિયમ–૨૦૦૪ એ અન્વયે કોર્ટો અને પબ્લિક ઓફિસોમાં કેટલીક બાબતો માટે ભરવાપાત્ર થતી કોર્ટ ફી અંગે ૨૦૦૪ના આ કાયદામાં જોગવાઇ કરવામાં આવી છે, આ કાયદા હેઠળ તમામ કોર્ટ તથા પબ્લિક ઓથોરિટી સમક્ષ કરવાની થતી વિવિધ અરજીઓ ઉપર ભરવાની થતી કોર્ટના ફીના દરો અંગે નિયમન અંગેની જોગવાઇ કરવામાં આવી છે અને આ કોર્ટની ફીના વિવિધ દરોમાં સદરહુ કાયદાના શિડ્યુલ–૧માં સમાવિષ્ટ કરવામાં આવી છે, પરંતુ ૨૦૧૧માં ભારતની સર્વોચ્ચ અદાલતમાં અંબ્યા મહાત્રે વર્સીસ મહારાષ્ટ્ર ગવર્નમેન્ટનો એક ચુકાદો આવ્યો અને એ ચુકાદામાં જમીન સંપાદન અધિનિયમની કલમ–૧૮ હેઠળ વળતર વધારવા અંગે જમીન ધારક દ્વારા જ્યારે અરજીઓ કરવામાં આવે છે, ત્યારે આ અરજીઓમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભરવાની ફીનું પ્રમાણ

• વિધેયક તારીખ ૨૩મી જુન, ૨૦૧૪ના રોજ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

વધારે છે તેથી આ બન્ને રાજ્યોએ આ અંગેનો વિચાર કરવો જોઇએ એવું સુપ્રીમ કોર્ટ દ્વારા સૂચન કરવામાં આવેલ, એટલે ગુજરાત સરકારે કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ નો જે આ શિડ્યુલ છે એ શિડ્યુલ–૧માં નિયત કરેલા ૫૦ ટકા કિંમત પ્રમાણે થતી લેવાની ફી ઘટાડીને હાલના એક્ટમાં શિડ્યુલ–૧માં નિયત એડવેલોરમ ફી ૧૦ ટકા નક્કી કરવાનું ધાર્યું છે એટલે આ મુજબનો સુધારો લઇને હું સભાગૃહ સમક્ષ આવ્યો છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર તરફે મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૫ સન ૨૦૧૪નું ગુજરાત કોર્ટ ફીઝ સુધારા વિધેયક આ ગૃહમાં લાવ્યા છે, હું એનું અનુમોદન કરું છું, અનુમોદન કરવાના કારણો પણ ખૂબજ મહત્વના છે. જમીન સંપાદન જ્યારે પણ થાય છે તો તે વ્યક્તિ માટે મુશ્કેલભર્યું અથવા તો તકલીફભર્યું હોય છે, પરંતુ રાજ્યને પણ એક વિકાસ માટે આની જરૂરિયાત હોય છે અને જમીન સંપાદનની કાર્યવાહી આપણે સૌ જાણીએ છીએ કે એ કલેકટરશ્રી કરતા હોય છે, કલેકટરશ્રી મારફતે આ જમીન સંપાદનના વળતર બાબતે નિર્ણય આપવામાં આવતા હોય છે અને આ નિર્ણય પક્ષકારોને સામાન્ય રીતે કે જેમાં જમીનો જેમની જતી હોય છે એમાં મોટાભાગે ખેડૂતોની હોય છે, દેશના કે રાજ્યના વિકાસ માટે આ સંપાદન પણ એટલું બધું મહત્વનું હોય છે અને તેથી એના વળતરના પ્રશ્નો ઊભા થાય છે, જે જમીન ધારકો હોય છે એ જમીનધારકોને સંપૂર્ણ સંતોષ મળતો હોતો નથી અને તેને કારણે લિટિગેશનો ઊભા થાય છે, જેટલા વધારે લિટિગેશન ઊભા થયાં છે આ સંપાદનની બાબતમાં તેને કારણે આ પ્રશ્ન નામદાર સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. અને જેમ અગાઉ જણાવ્યું તેમ અમ્બ્યા મ્હાત્રે કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે આ બાબતમાં વિચારણા કરવાનું સૂચન મૂકયુ છે એવું હું માનું છું. રાજયને ગરીબો પ્રત્યેની, ખેડૂતો પ્રત્યેની સંવેદનાઓ એટલી જાગૃત હોય છે અને હોવી જોઇએ. અને તે મુજબ આ સરકારે આ અંગે સંવેદના વ્યકત કરીને એક બાજુ રાજયનો વિકાસ પણ કરવો છે. બીજી બાજુ રાજયના જે જમીન વિહોણા કે જેમની જમીન ગઇ છે એવા લોકોને પણ સધિયારો આપવો છે, ત્યારે જે લોકો રેફરન્સ કરે છે. જે વળતર કલેકટરે ઠરાવ્યું છે, તે ઓછું લાગે છે અને તે કારણસર તેઓ અપીલ કરતા હોય છે. લેન્ડ રેફરન્સ, દિવાની અદાલતોમાં કરતા હોય છે. લેન્ડ રેફરન્સ કરતી વખતે તેમની માગણી જે હોય છે. દસ લાખ તેમના વળતરના કલેકટરે ઠરાવ્યા હોય અને તેમને એમ લાગે કે મને ૨૦ લાખ મળવા જોઇતા હતા તો એ બે વચ્ચેનો જે તફાવત છે તે તફાવત ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ આપવો પડતો અને તે ૫૦ ટકા એડવેલોરમના આપવા પડતા. તેના બદલે આ સંવેદનશીલ સરકારે આ બાબતનું સૂચન થતાં મહેસૂલ વિભાગે, નાણા વિભાગે અને સરકારશ્રીએ તમામ કાર્યવાહી આટોપીને એ જે ખેડૂતો છે અગર તો જેમની જમીન સંપાદન થઇ છે, તેમને ઉમદા રીતે મદદ કરવાના પ્રયાસરૂપે અને હેતુરૂપે આ બિલ લાવવામાં આવ્યું છે. અને માત્ર ૧૦ ટકા એ એડવેલોરમના માત્ર દસ ટકાનું ધોરણ રાખવામાં આવ્યુ છે, જેથી એવુ પણ ના થાય કે દરેક જમીનના સંપાદનનું વળતર મળ્યા પછી સંતોષ હોય તેમ છતાં ખોટી રીતે કોઇ તેના કેસો દિવાની અદાલતમાં ના લઇ જાય એટલા માટે ખૂબ જૂજ પ્રમાણમાં આ કોર્ટ ફી સ્ટેમ્પ ફી રાખવામાં આવ્યા છે તે આ સરકારની સંવેદનાનું પ્રતિબિંબ છે અને માટે આ વિધેયક છે.

ગુજરાત હાઇકોર્ટમાં ૨૦૧૩માં ખાસ દિવાની એપ્લીકેશનમાં વચગાળાના સમય માટે એવો હુકમ કરવામાં આવેલો કે જેમની જમીન સંપાદન થઇ છે, વળતર મળ્યુ છે અને વળતર અંગે તેમને અસંતોષ છે તો તેઓ રેફરન્સમાં જાય છે ત્યારે તેમને કોર્ટ ફી સ્ટેમ્પ ભરવો પડે. એ બાબતમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે સ્ટે આપતાં એક એવુ સૂચન સ્વીકારવામાં આવ્યું કે કલેકટર પાસે તે જે તે જમીન ધારક હોય તે બાઇન્ડીંગ આપે કે આનો જે કંઇ નિકાલ આગળ ઉપર આવશે કોર્ટ ફી સ્ટેમ્પના સંદર્ભમાં તો તે માટે હું બંધાયેલો છું. આ જે અસ્પષ્ટતા અને એક કારણ વગરની મૂંઝવણને દૂર કરવા માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે એવુ હું માનું છું અને માટે આ વિધેયક આવકારને પાત્ર છે. એક બાજુ વિકાસ, એક બાજુ જરૂરિયાત અને બીજી બાજુ જે જમીન વિહોણા છે તેમને મદદરૂપ થવા માટે એમને કાયદાકીય રીતે ન્યાય મળે, તે અપીલ કરી શકે એટલે ઓછામાં ઓછો કોર્ટ ફી સ્ટેમ્પ રાખવો એ આધારે આ વિધેયક આવેલું છે એવું હું માનું છું અને આ વિધેયકને હું સંપૂર્ણપણે ટેકો કરું છું. ધન્યવાદ.

શ્રી શ્રી શકિતસિંહ હ. ગોહિલ (અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેમાં કેટલીક બાબતો ખેડૂતોના હિતમાં રેકર્ડ ઉપર જાય, કેટલીક બાબતોમાં સરકાર ગંભીરતાથી વિચારે. મારા પક્ષના નેતા અને મારા પક્ષના સભ્યશ્રીઓના આગ્રહના કારણે કેટલીક વાત આપના મારફતે આ સભાગૃહ સમક્ષ મૂકવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એઝ એ મુવર ઓફ ધ બિલ વાત કરી. કયા સંજોગોમાં આપણે આ બિલ લઇને આવ્યા છીએ ? એમણે અમ્બ્યા કાલ્યા મ્હાત્રેના કેસનો અહીં ઉલ્લેખ કર્યો. It is a reported judgment - 2011 (9) SCC page 325. મને આનંદ થયો હોત કે આપણે ઉદ્દેશ્ય અને કારણોમાં પણ તે વાતની સ્પષ્ટતા અને આ બિલના લાવવા પાછળનું કારણ જે આપણે કહીએ છીએ સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ. એ સુપ્રીમ કોર્ટના જજમેન્ટને અનુરૂપ આ બિલ લઇને આવ્યા છે. હું એ સુપ્રીમ કોર્ટ શું કહે છે અને આપણે બિલને અંદર શું લઇને આવ્યા છીએ, એના વચ્ચે કયાં તફાવત છે અને કઇ રીતે આપણા ખેડૂતોને આનાથી અન્યાય થશે એ મુદ્દા ઉપર આવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે જે જજમેન્ટ આપ્યું છે, there are many relevant paragraphs, but to save time of this Hon'ble House, only relevant paragraphs i.e. paragraph 36 એ માનનીય અધ્યક્ષશ્રી આપશ્રીની મારફતે આ ગૃહ સમક્ષ ધ્યાને આવે એટલા માટે વાંચવાનો પ્રયત્ન કરું છું. સુપ્રીમ કોર્ટે ખૂબ વિદ્વતાપૂર્ણ વિચારીને ઓપરેટીવ પાર્ટમાં પૅરેગ્રાફ ૩૬માં કહ્યું છે. "In all other States….", માનનીય અધ્યક્ષશ્રી, દેશના માત્ર બે જ રાજયો આ પ્રકારની ડ્યુટી લે છે. દેશનું અન્ય કોઇ રાજય, હું આ કહું છું એમ નહીં પણ સુપ્રીમ કોર્ટે પણ લખ્યું છે એટલું જ નહીં આપણા રાજયમાં પણ, હું ખેડૂત છું અને મારી જમીન રેલવે એકવાયર કરે, મારી જમીન નેશનલ હાઇવે ઓથોરિટી એકવાયર કરે અને લેન્ડ એકવીઝીશન ઓફિસર, કલેકટર એ પૈસા નકકી કરે અને મને એના સામે અસંતોષ હોય અને હું એના સામે જાઉં તો, રેલવેએ સંપાદન કરી છે કે નેશનલ હાઇવે ઓથોરિટીએ કરી છે કે અન્યએ કરી છે. મારે એક રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી નથી ભરવાની, અને હું એમના સામે જઇ શકું છું, પરંતુ જો ગુજરાત સરકારે એકવાયર કરી છે, હું ખેડૂત છું, મારે મારી જમીન વેચવી હોય તો મારો અધિકાર છે કે મારી જમીનનો ભાવ હું નકકી કરું. મારે જમીન વેચવી કે નહીં એ પણ નકકી કરવાનો મારો અધિકાર છે પણ પબ્લિક ઇન્ટરેસ્ટ છે. આપણે તો sovereign છીએ આપણે તો સ્ટેટ છીએ એટલે જયાં પબ્લિક ઇન્ટરેસ્ટ કે પ્રાઇવેટ ઇન્ટરેસ્ટ હોય ત્યાં પ્રાઇવેટ ઇન્ટરેસ્ટે રસ્તો આપી દેવો પડે પબ્લિક ઇન્ટરેસ્ટ માટે, અને આપણે એની જમીન એને નથી વેચવી છતાં ધરાર સંપાદન કરીએ છીએ અને સંપાદન કર્યા પછી પણ ભાવ એ નહીં અમારો માણસ નકકી કરશે અને એના સામે તમારે વાંધો હોય અને જવું હોય તો પહેલાં ૫૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી હતી અને હવે એ ઘટાડીને દશ ટકા કરીએ છીએ. શેની? Price which is decided by the Collector and the price which the affected person is demanding - એની વચ્ચેનો જે ગેપ છે ને, એ ગેપના દશ ટકા સ્ટેમ્પ ડ્યુટી ભરવાની. આ સ્ટેમ્પ ડ્યુટી દશ ટકા લેવાનું એ સુપ્રીમ કોર્ટે નથી કહ્યું. શું સુપ્રીમ કોર્ટે કહ્યું છે? "In all other States, ad valorem court fee is payable only when an appeal is filed against the award of the Reference Court,…" રેફરન્સ માટે જાઓ ત્યાં સુધી કંઇ નહીં, રેફરન્સ કોર્ટની સામે અપીલ કરો ત્યારે જ અન્ય રાજયોમાં છે. "…seeking higher compensation and not in regard to applications for reference under Section 18 of the Land Acquisition Act." કોઇ રાજયમાં રેફરન્સમાં નથી. Section 18 of the Land Acquisition Act નીચે જો રેફરન્સ કરો તો બીજા કોઇ રાજયોમાં તમારે સ્ટેમ્પ ડ્યુટી નહીં ભરવાની. "Only in 2 States - Gujarat and Maharashtra, the land losers are required to pay half of the ad valorem court-fee while seeking reference to the civil court." First stage, એમાં જયારે તમે જાઓ છો, એક તો મારી જમીન ગઇ, મારી જમીનની કિંમત હું ના નકકી કરું, સરકારનો અધિકારી કરે અને સરકારના અધિકારીના કરેલા નિર્ણય સામે અન્યાયનો અહેસાસ

થાય અને ખેડૂત રેફરન્સ કરે તો રેફરન્સ કરવા માટે પણ એને સ્ટેમ્પ ડ્યુટી ભરવાની. "Most of the land-lowers are agriculturists. For many of them, the only source of livelihood is taken away by acquisition of their lands. Though the Collector is expected to award compensation based on the market value,….. " આ અપેક્ષા છે. સુપ્રીમકોર્ટનું આ વર્ઝન છે કે કલેકટર નકકી કરે ત્યારે અર્ધ ન્યાયિક પ્રક્રિયાના ભાગરૂપે નકકી કરે છે. એની માર્કેટ વેલ્યુ તપાસીને યોગ્ય કિંમત આપવી જોઇએ એવી આશા હોય છે. "...... quite often, it is seen that in actual practice, the compensation offered by the Collector is far less than the actual market value,...." વારંવાર આ જોવામાં આવ્યું છે કે ખરેખર પ્રેકટીસ છે ને? કલેકટરો દ્વારા જે વળતરની રકમ નકકી થાય છે એ માર્કેટ વેલ્યુ કરતાં ઘણી ઓછી હોય છે આવું વારંવાર જોવામાં આવ્યું છે. That is the observation from the Supreme Court, "......thereby forcing the land-losers to seek references to civil court. In such cases, the amount awarded by the Collector being comparatively small, the requirement to pay ad-valorem court-fee on the application for reference causes irreparable hardship...." અને પછી લેન્ડલૂઝરને ન્યાય માટે કોઇ રસ્તો નથી, સિવાય કે એ સિવિલ કોર્ટમાં રેફરન્સ કરે. Looking at the words used by the Supreme Court. માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટ કહે છે કે આવી જો ડયુટી ભરવી પડે તો જેની જમીન ગઇ છે એના માટે હાર્ડશીપ છે. Are not we that much sensitive ? Are we not here to follow order given by the Supreme Court? સુપ્રીમ કોર્ટે શું કહ્યું છે કે, "The State Government may therefore consider giving appropriate relief to the land losers by providing for a nominal fixed court-fee, on the application for reference, instead of ad valorem court fee." કોર્ટે ના જ પડી છે. This is very important. કલેકટરે નકકી કરેલો ભાવ અને અરજદારની માગણી એના વચ્ચેની રકમ એના ઉપર કોર્ટ ફી એ તમે ના નકકી કરશો, એમ સુપ્રીમ કોર્ટ કહે છે. સુપ્રીમ કોર્ટ એમ કહે છે કે જે હમણાં જ માનનીય રાજેન્દ્રભાઇએ કહ્યું કે કોર્ટમાં જાય એની સામે તકેદારી. હવે તમે ૧૦૦ ટકા, ૧૫૦ ટકા કે ૫૦૦ ટકા રાખો. હદ થઇ ગઇ. Keep it nominal fee. આ વસ્તુ અનેક વખત કહેવાઇ ગઇ છે. આપના આ સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પછી આપણે બિલ ના લાવ્યા. ખરેખર અર્થમાં તો સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પછી આપણે તાત્કાલિક આ બિલ લાવવું જોઇતું હતું અને ટોકન જે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નોમિનલ સ્ટેમ્પ ડયુટી કરી દેવી જોઇએ અને એ પણ ના કર્યુ. અને આપણે એ ના કર્યુ એટલે ઘણા બધા લિટીગન્સને કોર્ટમાં જવું પડયું છે. આ લીસ્ટ મારી પાસે છે જે મેં ઇન્ટરનેટ ઉપરથી કોર્ટમાં આ પ્રકારના કેસો પેન્ડીંગ છે એનું કાઢયું છે તો એમાં સરકારને કોર્ટમાં લડવું તકલીફવાળું નથી. આ ગૃહમાં ઘણા માનનીય સભ્યશ્રીઓ અને માનનીય અધ્યક્ષશ્રી, આપ સહિત વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આપ જાણો છો કે એક સામાન્ય માણસને ન્યાય માટે હાઇકોર્ટમાં જવું પડે તો એની શું હાલત થાય? તો આ સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પછી એ કર્યુ હોત તો તેમને હાઇકોર્ટમાં ના જવું પડે. એ હાઇકોર્ટમાં ગયા અને હાઇકોર્ટે બીજી સકારાત્મક રીતે, by appreciating judgment of Hon'ble Supreme Court, સરકારને હું કહું છું કે બરાબર કલચમાં લીધી કે તમે શું કરવા માગો છો?માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આના માટે હાઇકોર્ટમાં જે પિટીશન થઇ એ પિટીશનમાં ઓનરેબલ ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને ઓનરેબલ જસ્ટીસ જે. બી. પારડીવાળાની ડીવીઝન બેન્ચની કોર્ટ પાસે સરકારના વકીલ સાહેબ શું સ્ટેટમેન્ટ કરે છે, કારણ કે જયારે કોર્ટ બહુ કડકાઇથી કહે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, in the order dated 15th March, 2013 it has been narrated that - "Learned Government Pleader appearing on behalf of the State submits that the State Government, by accepting request of Hon'ble Supreme Court made in case of Ambya Katya Mhatre Vs State of Maharashtra, as reported in (9) 2011 SCC page 325, has already prepared a Bill…" ત્યાં શું સ્ટેટમેન્ટ કરે છે કે અમે આ સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ છે એને અનુરૂપ, સાહેબ ઓલ રેડી બિલ પ્રીપેર કરી દીધું છે, સુપ્રીમ કોર્ટ તમને એડવરલેમ ડયુટી ન

લો એમ કહે છે, તમને કહે છે કે તમે ખાલી ટોકન લો, નોમીનલ ફીક્સ કોર્ટ ફી લો, ઇસ ધીસ એ નોમીનલ ફીક્સ કોર્ટ ફી? નો, આ બિલમાં ફીક્સ કોર્ટ ફી નથી, આનાથી તો, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહની સો એકર જમીન જતી હોય અને મારી પાંચ એકર જમીન જતી હોય, એમના સો એકરના એમની અપેક્ષા અને કલેકટરે નકકી કરેલો ભાવ, મારી પાંચ એકર જાય છે, મારી અપેક્ષા અને મારી જમીનનો કલેકટરે નકકી કરેલો ભાવ, એની વચ્ચેની જે કિંમત હશે તેના દસ ટકા ભરવાના, એમને મોટી રકમ ભરવાની, મારે નાની રકમ ભરવાની, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નો, નોમીનલ ફીક્સ ભરો, એમની સો એકર જાય તો એ સો એકરના સફરર છે, મારી પાંચ એકર જાય તો હું પાંચ એકરનો સફરર છું. પરંતુ ન્યાયના દરવાજે જવા માટે સ્ટેમ્પ ફી ન ભરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મરફતે હું આ ગૃહના સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું. કે we are legislators, આ પાર્ટી કે તે પાર્ટી માટે આ કાયદો નથી, આ કાયદો બનશે તે કોંગ્રેસના ખેડૂતને લાગે અને ભાજપના ખેડૂતને ન લાગે એવો કાયદો નથી, આ રાજયના તમામ ખેડૂતને લાગશે જે કાયદાને આપણે સ્વરૂપ આપવા જઇ રહ્યા છીએ. મેં આ હાઉસની ભૂતકાળની પરંપરા જોઇ છે, પાર્ટી લાઇનથી પર ઉઠીને પબ્લિક ઇન્ટરેસ્ટને આ વિધાનસભાગૃહે જોયો છે, અને પબ્લિક ઇન્ટરેસ્ટમાં આ સભાગૃહના કોઇ પણ સભ્ય એવા નહીં હોય કે જેમને ખેડૂતોની જમીનના સંપાદનમાં ખેડૂતોને થયેલા અન્યાય માટે આ સભાગૃહના ધારાસભ્યનો આત્મા ન કકળ્યો હોય તેવો ભાગ્યે જ કોઇ ધારાસભ્ય હશે. જો સુપ્રીમ કોર્ટ ના પાડે છે કે એડવલરેમ ન લો અને નોમીનલ લો, તો હું આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આપ, આપની બહુમતિ છે, આપ બિલ પાસ કરી દેશો, પરિણામ શું આવશે? Can we pass a law which is contrary to verdict of the Supreme Court? In my respectful submission - NO, આપણને અધિકાર નથી કે સુપ્રીમ કોર્ટે કહ્યાથી વિરૂદ્ધનો કાયદો આપણે લાવી શકીએ, જયારે સુપ્રીમ કોર્ટ કહે છે કે અડવલરેમ ન લો, તો આપે શું કામ લગાડવો? સવાલ સરકાર જયારે લડે છે, આના કારણે થશે શું? આપના બિલના કદાચ કાલે કોઇ વાયરસ ચેલેન્જ કરશે, કહેશે કે this is ultra vires, matter will go to the Court. એની તો વકીલની ફી જશે જ, at the same time, treasury of the Government is losing money. આપણે સરકારની તિજોરીમાંથી વકીલોને જે પૈસા આપીએ છીએ ને એ પૈસા રાજયની જનતાના છે. હું બહુ ડીપમાં નથી જવા માગતો, કરોડો રૂપિયા આપણે લોકાયુકત માટે ખર્ચી નાખ્યા, શેના માટે?માનનીય અધ્યક્ષશ્રી, આનાથી પરિસ્થિતિ એજ નિર્માણ થશે કારણ કે આપણે જે કાયદો બનાવવા જઇ રહ્યા છીએ that is contrary to order of Hon'ble Supreme Court. મેં આપને કહ્યું એમ Mr.P.K.Jani, who stated before the Court... કે અમે સુપ્રીમ કોર્ટના જજમેન્ટને અનુરૂપ બિલ બનાવી દીધું છે. I will read further - "Mr.Jani submit that his client propose to place this Bill in the current Budget Session." આ સાહેબ કયારે કહે છે ? ૧૫ માર્ચ, ૨૦૧૩ના રોજ. અમે ચાલુ વર્ષના બજેટ સત્રમાં લાવી દેવા માગતા હતા. "... but, in view of pressure of work in the Session, it may not be ultimately possible to present Bill in this Session and in that event, it will be planned in the next session." આવતા સત્રમાં આ બિલ પસાર કરાવીશું - આ મારી સરકાર કરશે એમ સરકારી વકીલ કહે છે. "Our attention has been drawn to the fact that for non-payment of *ad valoerm* court fee under provisions of the Act, several Reference applications are being dismissed. in such circumstances, we pass an interim order." I will pause here for a moment, સાહેબ આપે બિલ પાસ ન કર્યું, આપે *ad valorem* stamp ડયૂટીમાંથી બહાર ન નીકળ્યા, કેટલાય ખેડૂતોની મેટરો સ્ટેમ્પ ડયૂટી એડવેરલમ મુજબ નહિ ભરવાને કારણે કોર્ટના કહેવા મુજબ ડિસમીસ થઇ ગઇ એ ડિસમીસ થયેલ મેટર રીસ્ટોર કરતાં કેટલી તકલીફ પડે છે એ તો હાઇકોર્ટનો litigant પોતે જાણે છે. I appreciate stand of the Hon'ble High Court. હાઇકોર્ટે શું કહ્યું સાહેબ? "In such circumstances, we pass an interim order to the effect that applicants, for Reference, give as

undertaking before the Land Acquisition Officer and they would pay required court fees in the event writ application ultimately fails, the reference should be entitled and sub sued should be dismissed, it will be abide by ultimate decision of these writ applications. ઇન્ટ્રીમ ઓર્ડરથી હાઇકોર્ટે કહી દીધું કે તમારી ad valorem મુજબ સ્ટેમ્પ ડ્યૂટી ન ભરેલ હોય અને ડિસમીસ થઇ છે એ બધી જ રીસ્ટોર કરી દો. આપણે બહુ સભાનતાપૂર્વક કાયદાઓ બનાવીએ છીએ પરંતુ સાથે સાથે આપણું કોન્સ્ટિટ્યુશન આપણી પરંપરાઓ, એની ઉત્તમ બાબત એ રહી છે કે એમાં જયારે જયારે જરૂરિયાત લાગે, વધારે લોકપયોગી થઇ શકાય એના માટે કમિશનો બનાવીએ છીએ, એના રિપોર્ટસ મેળવીએ છીએ. મારી પાસે આ રીફોર્મ્સને લગતા Reforms of Judicial Administration - ૧૪મો રિપોર્ટ Reforms of Judicial Administration. એના કોર્ટ ફીને લગતા ઓબ્ઝર્વેશનની કોપી છે. ઇતિહાસ બહુ લાંબો છે. એ આખા ઇતિહાસમાં હું પડવા માગતો નથી, પરંતુ જે અનટેનેબલ ગ્રાઉન્ડ કહીને ૧૪મા જયુડિશિયલ કમિશને કેટલાક ઓબ્ઝર્વેશન કર્યા છે, બહુ મહત્વની વાત કરી છે. કોર્ટ ફી જે છે એ ટેક્સ નથી. તમે ટેક્સ તરીકે ન વસૂલ કરી શકો. સુપ્રીમ કોર્ટ તો હજુ ટોકન રાખવાનું કહે છે. જયુડિશિયલ કમિશન કહે છે નો. તમે આવા કિસ્સામાં સ્ટેમ્પ ડ્યૂટી રાખો જ નહીં, court fee stamp duty કાઢી નાખો અને હું જયુડિશિયલ કમિશનના એ વ્યૂને એટલા માટે એપ્રિસિએટ કરું, કેમ કે એ ફન્ડામેન્ટલ રાઇટ છે. બંધારણીય અધિકાર છે. સમાન ન્યાય, સસ્તો ન્યાય. ન્યાયના દરવાજે એની સમાનતા. એ કયારે થઇ શકશે? હું લેન્ડ લુઝર છું અને હું કોર્ટ પાસે એટલા માટે ન જઇ શકું કારણ કે મારે *ad valorem* duty પહેલાં ૫૦ ટકા હતી અને હવે ૧૦ ટકા ભરવાની છે. સાહેબ, આપે કલ્પના કરી છે. આ રકમો કેટલી થાય છે? એક આર.ટી.આઇ. એકટીવીસ્ટે જે આર.ટી.આઇ. કરી હતી તેના આંકડા મેં જોયા. આપણે કેટલી મોટી સ્ટેમ્પ ડ્યૂટી ઉઘરાવીએ છીએ? આપણે આંકડા જોઇએ. તા. ૨૮-૮-૨૦૧૨ના રોજ આર.ટી.આઇ.માં હિસાબી અધિકારી સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી-ગુજરાત રાજયએ જવાબ આપ્યો છે. ૨૦૧૧-૧૨માં ૮૫ કરોડ ૩૮ લાખ રૂપિયા આપણે સ્ટેમ્પ ડ્યૂટી ઉઘરાવી છે. આ પરિસ્થિતિ નહોતી. આપણે બને ત્યાં સુધી, કારણ કે આ કોઇ સર્વીસીસ નથી. કોન્સ્ટીટ્યૂશનમાં પણ કેટલીક બાબતોનો ઉલ્લેખ છે અને એ પ્રમાણે આપણે જરૂર લઇ શકીએ. એનાથી આગળ જવાનું આપણાં માટે પણ શકય નથી અને એટલા માટે હું માત્ર જયુડિશિયલ કમિશને જે કેટલાક present day objectives કહ્યા છે. પેરા-૬માં, page 14-425, "However, unfounded the view that fees would have tendency to put restraints and frivolous litigation that view that any rate and purpose which was believed to have some relevance to the administration of justice. At the present day, levy of this fees...." I will pause here again. જયુડિશિયલ કમિશને જે અહીં વ્યુ થયો એને પણ ઘ્યાને લીધો કે એની પાછળ આપણું લોજીક એ છે કે આવી કંઇ ફી ન રાખો તો બિનજરૂરી કોર્ટોમાં કેસ જે જાય, લોકો લીટીગેશન કર્યા કરે. આ જે આપણી દલીલ છે તેને ઘ્યાનમાં લઇને જયુડિશિયલ કમિશન કહે છે, "...levy of these fees on much heavier scale at which it finds justification, not any purpose related to sound administration of justice, but in the need of the State Governments for revenue." કહે છે કે રાજયો જે રીતે આપણે જે કરીએ છીએ તે પ્રમાણે આમની ઇચ્છા એ લોજીકલ ઇચ્છા નથી. આમને તો રેવન્યુ જનરેટ કરવી છે. રેવન્યુ જનરેટ કરવા માટે જયારે કોર્ટ ફીનો ઉપયોગ થાય ત્યારે એ બરાબર નથી. Court fee બહુ જ moderate હતી, જયારે કાયદો બન્યો ત્યારે. Court Fee Act, 1870 fixed what may be described in view of the later happening in moderate court fee. In 1870, since it is enactment of financial needs of the Government have grown enormous, in the anxiety to tap every possible source of revenue, State Governments have not hesitated to go on pulling and increasing heavy burden on litigants. Most of the States have amended original Act out of recognition and increased the scale of fees on oppressive level; the fee is no longer fee, it is a heavy tax. માનનીય અઘ્યક્ષશ્રી, કમિશન

further કહે છે કે તમે સાવ abolish કરો. Don't go for that, તમારો અધિકાર છે ટેક્સ લેવાનો. તમે ટેક્સ લઇ શકો છો પણ ન્યાય લેવા જનાર ઉપર ભારણ છે એ બરાબર નથી. આપણી હાઇકોર્ટની ફુલ બેન્ચનું એક જજમેન્ટ છે. આ જ આધાર ઉપર.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ–બપોરના ૨–૩૦થી ૩–૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, વિરામના સમય પહેલા હું આપણી હાઇકોર્ટની ફુલ બેન્ચના એક જજમેન્ટનો એક રેફરન્સ આ બિલના સંદર્ભમાં આપની સમક્ષ રજૂ કરતો હતો. તા. ૨૮–૧–૨૦૧૦ના રોજ લેડી તનુમતી ગીરીજાપ્રસાદના કેસમાં માત્ર રીલેવન્ટ જે લાઇન્સ છે એટલી જ વાંચુ તો પણ આપણે જે રીતે ૧૦ ટકા લેવા જઇ રહ્યા છીએ એ બંધારણીય રીતે પણ માન્યતા પ્રાપ્ત નથી એવું ફુલબેન્ચ ઓફ ધ હાઇકોર્ટનું ઓબ્ઝર્વેશન છે. કોન્સ્ટીટયુશન ઓફ ધ હાઇકોર્ટનું જે ઓબ્ઝર્વેશન છે એટલી રીલેવન્ટ લાઇન જ વાંચુ છું. Article 15 of Constitution of India 1950, Article 295, Schedule 7. The State cannot impose tax in the guise of fee. Imposing of fee must have co-relationship with service rendered by administration of civil justice. If the difference between the cost of administration and collection of fees is about 40 to 45 per cent such fee is taxation. Imposition of such fees not covered by taxation entry is violation of Schedule 7 of the Constitution, and therefore, it is violation of competence of State Legislatures.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ સંદર્ભમાં જોઇએ તો સુપ્રીમ કોર્ટે કાશીરામ ઝામરોના કેસમાં પણ ૧૯૯૬ SEC Page 289 માં પણ આ પ્રકારની કોર્ટ ફી લેવા સામેનું જે ઓબ્ઝર્વેશન આપ્યું છે The only question that arises for consideration is whether the claimant is required to pay court fee on application of seeking reference under Section 80… It is very relevant here also. We are doing the same thing કે રેફરન્સ કરવો હોય Section 18 નીચે તો એણે કઇ ફી ભરવાની છે? We are at a loss to understand that claimant is required to pay Ad valorem Court fee on an amount awarded by the Collector under section 11 or seeking reference under section 18. માનનીય અધ્યક્ષશ્રી, આટલું પણ જો આપણે વાંચીને સમજીએ તો આપણે આ એડવેલરમ, કોર્ટ ફી લેવાની વાત આપણે ના કરી શકીએ. What is required is to make a written application with particulars under section 18 Sub-section 2 of the Act to the collector requiring the matter to be referred to the Civil court to decide the objection regarding measurement of the land the amount of compensation or the person to whom it is payable or the appointment of the compensation awarded to the person interested. It does not speak of any court fee. માનનીય અધ્યક્ષશ્રી, ઓરીજનલ એકટ છે ને, સુપ્રીમ કોર્ટ કહે છે કે એમાં પણ આ પ્રોવિઝન નથી કે તમે આ પ્રકારની કોર્ટ ફી લઇ શકો. I will read further a couple of lines. It requires only that the application should be made within the limitation prescribed either in Clause A or Clause Bor Subsection 2 of the Act. It is therefore clear that non payment of deficit court fee though wrongly made by the applicant, it is not necessary. એક સ્ટેપ ફર્ધર કહે છે કે તમારો આ કાયદો હોય તો પણ એ કોર્ટ ફી નથી ભરી એ કારણે લીટીગનની એપ્લીકેશન રીજેકટ ના કરી શકાય. The owner or person interested is not enjoyed under law to pay court fee on the application made under section 18,

sub-section 1 seeking reference for determination of the compensation by the civil court. The Civil court and High Court, therefore haveecommitted a grave error of law in rejecting the claim of the applicant for determination of the compensation. The appeal is accordingly allowed. આના પરથી બહુ સ્પષ્ટ હકીકત એ થાય છે કે સુપ્રીમ કોર્ટે આપણને time an again કહ્યું કે તમે એડવેલોરમ ૫૦ ટકા લો છો, આખા દેશમાં કોઇ નથી લેતું અને માત્ર બે રાજ્યો લો છો. આ અન્યાયકર્તા છે. રેફરન્સ કરવામાં આ ન હોવું જોઇએ. નોમીનલ કોર્ટ ફીથી ન થવું જોઇએ. આપણે ન કર્યું. હાઇકોર્ટમાં મેટરો ગઇ, હાઇકોર્ટે જ્યારે આપણને પ્રેશર કર્યું ત્યારે આપણે કહીએ છીએ કે અમે કાયદો લાવીએ છીએ. સુપ્રીમ કોર્ટના ફલાણા જજમેન્ટના સંદર્ભમાં કાયદો લાવીએ છીએ. એ સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આપણને ના પાડે છે કે એડવેલોરમ ન લેવાય પણ ટોકન લેવાય. એને અનુરૂપ બિલ મુવર તરીકે માનનીય મંત્રીશ્રી એ જે જજમેન્ટને ટાંકે છે એ જજમેન્ટમાં કહ્યું છે કે એડવેલોરમ ના લેવાય. તેમ છતાં બિલમાં આપણે ૧૦ ટકા પ્રાઇસ ડિફરન્સ વચ્ચેનું લઇએ છીએ એ મારા મતે આ સુપ્રીમ કોર્ટના જજમેન્ટથી વિરુદ્ધ છે. કોઇ રાજ્ય નથી લેતું તો આપણે તો વેલ્ફેર રાજ્ય તરીકે ગણાઇએ છીએ, તો ખેડૂતોના હિત માટે એક ડગલું આગળ વધીને ટોકન કોર્ટ ફી લેવાની વાત તમામ રીતે અનુકૂળ હોય તો આપણે ૧૦ ટકામાંથી બહાર નીકળી જવું જોઇએ. જે નવો કાયદો હવે આવી ગયો છે, એ નવો કાયદો આવ્યા પછી એમાં પરિસ્થિતિ જુદી છે. એમાં તો આવવાનું જ નથી. આ માત્ર જૂનાને લાગુ પડે છે અને આ કેસોની મર્યાદામાં છે ત્યારે આટલા કેસો પૂરતું હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે કાયદા મંત્રીશ્રી આને ધ્યાનપૂર્વક જોઇ લે અને મેં કહ્યું એમ આમાં કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી. આ કાયદો બનશે એ સૌના માટે છે ત્યારે એ સંજોગોમાં સુપ્રીમ કોર્ટના આ જજમેન્ટો, હાઇકોર્ટમાં મેટરો પેન્ડીંગ છે ત્યારે એડવેલોરમ કોર્ટ ફી લેવાને બદલે ટોકન લેવાનું માનનીય મંત્રીશ્રી કોઇ સુધારાથી કે અન્ય રીતે વિચારશે તો રાજ્યના ખેડૂતો કે જે લેન્ડ લુઝર છે, જેની ખેતીની જમીન આપણે પબ્લિક ઇન્ટરેસ્ટમાં લઇ લીધી છે એને આપણે થોડી રાહત આપી શકીશું. આ દિશામાં માનનીય મંત્રીશ્રી સકારાત્મક રીતે વિચારે એવી વિનંતી કરું છું. મારા જે મંતવ્યો છે એ કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન વગર માત્ર એક કાયદામાં આ રાજ્યના ખેડૂતોના હિતમાં કાયદાકીય પરિસ્થિતિ છે એના સંદર્ભમાં આપ્યા છે.

અધ્યક્ષશ્રી : સવાલ એટલો છે કે સુપ્રીમ કોર્ટે જજમેન્ટ આપ્યું છે. ૫૦ ટકા ડિફરન્સના હતા એના બદલે ૧૦ ટકા કહો છો, એ ૧૦ ટકાના બદલે નોમીનલ લેવું જોઇએ. મોટી જમીન હોય તો ૧૦ ટકામાં મોટી રકમ આપવી જોઇએ. નાની જગ્યા હોય તો ૧૦ ટકામાં ઓછી આપવી જોઇએ એમ એમનું કહેવું છે. જે ડિફરન્સ રહે છે એટલે કોઇ લમસમ કરી દો. આ અત્યાર સુધીના ભૂતકાળના કેસો છે એને લાગુ પડે છે. નવામાં એવું છે કે જંત્રીના ચાર ગણા એને આપી દેવાના, એટલે એને લાગુ પડશે નહીં. જૂના કેસો છે, જે લોકોને આટલા બધા ન ભરવા પડે અને નોમીનલ ભરવું પડે. તમારું કહેવાનું એમ થશે કે ૧૦ ટકા છે. એને જ અમે નોમીનલ ગણીએ છીએ. એમ જ તમારું કહેવાનું છે ને?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રી) :** મારું કહેવાનું ઘણું છે. આ વિષય સંપૂર્ણ સમજ્યા પછી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું. આ વિધેયકના સંદર્ભમાં આ હાઉસના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇ અને માનનીય શકિતસિંહજીએ લંબાણપૂર્વક એમના પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. આ બિલને માનનીય રાજેન્દ્રભાઇ સંપૂર્ણ રીતે સમજી ચૂક્યા છે. જેના કારણે આ સમગ્ર બિલને સમર્થન આપ્યું છે. જે મૂળ વાત ઊભી થાય છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને આખી વાત કહેવામાં આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે સુપ્રીમ કોર્ટનો ચુકાદો છે અને એ ચુકાદાના જે શબ્દો છે એ શબ્દોનું જો અર્થઘટન કરીએ તો માનનીય અધ્યક્ષશ્રી, આ સુપ્રીમ કોર્ટ દ્વારા કરેલું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ ડાયરેકશન નથી, કોઇ આદેશાત્મક હુકમ નથી, કોઇ કોર્ટ ફી સંપૂર્ણ પણે કાઢી નાખવાની સુપ્રીમ કોર્ટના ચુકાદામાં કોઇ વાત કરવામાં આવી નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે ચુકાદામાં લખ્યું છે, એ પ્રમાણે The State Government may, therefore, consider giving appropriate relief to the land loser by providing for a nominal fix court fees on

the application.

અધ્યક્ષશ્રી : Shall નથી, Mayછે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : Mayછે. માનનીય અધ્યક્ષશ્રી. માનનીય શક્તિસિંહજીએ તો બહુ વર્ષો સુધી પ્રેકટિસ કરેલી છે.

અધ્યક્ષશ્રી : પણ શક્તિસિંહજી એમ જ કહે છે કે, લીગલ ભાષામાં Mayકહે છે એને Shall સમજીને ચાલવાનું હોય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો સુધી એમણે તો હાઇકોર્ટમાં પ્રેકટિસ કરી છે, વચ્ચેનો સમય ફરી પ્રેકટિસ શરૂ કરી.

અધ્યક્ષશ્રી : એ હાઇકોર્ટના આપણા જ વકીલે કબુલ કર્યું છે કે, સુપ્રીમ કોર્ટ પ્રમાણે અમે કરીશું, હવે એના ઉપર આવો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : બસ હું એજ કહું છું કે, અહીંયા એનું જે અર્થઘટન કરીને સન્માનનીય સભાગૃહમાં મૂકવામાં આવે છે એમાં May શબ્દ છે અને આ May શબ્દ પછી આ રાજ્ય સરકાર, સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે જે કુલ હતું એમાં નેવું ટકાનો ઘટાડો કરે છે અને નેવું ટકાનો ઘટાડો કરી અને માત્ર દસ ટકા જેટલી જ એડવેલોરમ ફી લેવામાં આવે છે અને એમણે જે આખી વાતનો મુદ્દો કહ્યો, એનું જો એક ઉદાહરણ..

અધ્યક્ષશ્રી : પચાસ ટકા માંથી દસ ટકા કરે છે ને, ડિફરન્સના પચાસ ટકા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શિડ્યુલ પ્રમાણે કોઇ એક પ્રોપર્ટી એવી છે. એ એક પ્રોપર્ટીના દસ લાખ રૂપિયા છે અને હવે એ દસ લાખ રૂપિયાની એડવેલોરમ ફી એટલે, એનો શિડ્યુલ આપ્યો છે, ૧૯૫૯નો જે શિડ્યુલ હતો એ ફી કોર્ટ પ્રમાણે ૨૦૦૪ની અંદર જે શિડ્યુલ મેઇન્ટેન કર્યો છે એ શિડ્યુલ પ્રમાણે દસ લાખ રૂપિયાના દાવાની એડવેલોરમ ફી એ ૨૩,૯૫૦/-રૂપિયા એના પચાસ ટકા એટલે ૧૧,૭૯૫/-રૂપિયા એણે ભરવાની પણ માનનીય અધ્યક્ષશ્રી, હવે આ સુધારો કરીશું એના આધાર ઉપર દસ લાખ રૂપિયાવાળી આ પ્રોપર્ટી એની ૨૩,૯૫૦/-ના બદલે દસ ટકા એટલે માત્ર ૨,૩૯૫/- રૂપિયા જ ભરવાની થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, નેવું ટકાનો ઘટાડો કરીને જે ભરવાપાત્ર ફી હતી એ ભરવા પાત્ર ફીમાં...

અધ્યક્ષશ્રી : પ્રદિપસિંહજી પહેલાં જે હતું ને, એ બે એમાઉન્ટ વચ્ચેનો ડિફરન્સ હતો એ ડિફરન્સના પચાસ ટકા થતા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના, માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : એ એડવેલોરમ ફી પચાસ ટકા હતી ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એનો શિડ્યુલ આપેલો છે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : ના, પહેલાં જે હતું જૂનું, એ ડિફરન્સના પચાસ ટકા તમે એમ કહો છો એટલે એમાઉન્ટના પચાસ ટકા કે ફીના પચાસ ટકા ?

શ્રીપ્રદિપસિંહ ભ. જાડેજા : ફીના પચાસ ટકા માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : પચાસમાંથી તમે દસ કરો છો એટલે તમે ચાળીસ ટકા ઓછું કરો છો. એ જ થાય ને?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અહીંયા જે વાત કરવામાં આવી એ દસ લાખના પચાસ ટકા, અને એનો ઘટાડો કરી, માનનીય અધ્યક્ષશ્રી, આનું શિડ્યુલ છે અને એ શિડ્યુલ પ્રમાણે જે કોર્ટ ફી નક્કી કરી છે એ કોર્ટ ફીના આધાર ઉપર સુપ્રીમ કોર્ટે Mayકહ્યું છે. સુપ્રીમ કોર્ટે કોઇ આદેશાત્મક વાત કરી નથી અને એના આધાર ઉપર રાજ્ય સરકારે અને માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર તો સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌને ન્યાય મળે એના આધાર ઉપર ચાલે છે. અને એના આધાર ઉપર ગુજરાતની પ્રજાએ પણ જોયું છે કે, જ્યાં જ્યાં જરૂરિયાત પડી ત્યાં લેન્ડ રિફોર્મસ્ લાવ્યા, જ્યાં જ્યાં જરૂરિયાત પડી ત્યાં કાયદામાં સુધારાઓ કર્યા અને એના કારણે આજે સસ્તો ન્યાય, ઝડપી ન્યાય અને ઘર આંગણે ન્યાય મળવાનો. જે બત્રીસ લાખ જેટલા પડતર કેસો હતા એ પડતર કેસો આ કાયદાઓમાં સુધારો કરવાના કારણે એમાં પણ ઘટાડો કરીને આપણે ત્રેવીસ લાખ સુધી પહોંચ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક બીજો વિષય કહ્યો અને બીજા વિષયમાં એમણે એવું કહ્યું કે, કોર્ટ ફી અને સ્ટેમ્પ ડયૂટી ફી એમણે બન્નેની વાત ભેગી કરીને પંચાસી કરોડની વાત કરી. એમણે પ્રેકટિસ કરી છે. કોર્ટ ફી માટે કોર્ટ ફી એક્ટ પ્રમાણે ફી લઇએ છીએ અને સ્ટેમ્પ ડયૂટી એ સ્ટેમ્પ ડયૂટી એક્ટ પ્રમાણે લઇએ છીએ. કોર્ટ ફીને જયુડીશીઅલ સ્ટેમ્પ કહેવાય અને જે આપણે સ્ટેમ્પ ડયૂટી લઇએ છીએ એ દસ્તાવેજની નોંધણી માટે કરીએ છીએ. બન્ને વસ્તુને ભેગી કરીને પંચાસી કરોડનો મોટો આંકડો આ સન્માનનીય સભાગૃહની અંદર લાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, પોતે એડવોકેટ છે, પોતે જાણે છે અને એના આધાર ઉપર આ ગુજરાત સરકાર જમીન સંપાદનમાં જેને અન્યાય થયો હોય એવું માનતા હોય એને ન્યાય આપવા માટે કટિબદ્ધ છે, પણ જો કોઇપણ પ્રકારની ફી નહીં લેવામાં આવે તો કોર્ટની અંદર કેસોનો ભરાવો થશે અને સુપ્રીમ કોર્ટે પણ કોર્ટ ફી નાબુદ કરવાની એવી કોઇ વાત કરી નથી.

અધ્યક્ષશ્રી : પ્રદિપસિંહ, વચ્ચે એક વાત પૂછું? નવો જે કાયદો આવ્યો છે, એમાં કેટલી કોર્ટ ફી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એની હું વાત કરું છું. ગુજરાત એ પ્રોગ્રેસીવ સ્ટેટ છે અને સુપ્રીમ કોર્ટની અંદર ગુજરાતની જમીન સંપાદનની નીતિ માટે દેવેન્દ્રસિંહ વર્સીસ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ રજીસ્ટર્ડ થયેલું જે જજમેન્ટ છે, એમાં ગુજરાત સરકારના ખેડૂતોની સતત ચિંતા કરી છે અને જમીન સંપાદનમાં ગુજરાતની પ્રક્રિયા ઉત્તમ છે એવું સુપ્રીમ કોર્ટની અંદર આ કેસની ચર્ચા દરમિયાન કહ્યું છે. ગુજરાત સરકારે જો સૌથી વધારે ચિંતા કરી હોય તો ગુજરાતના ખેડૂતોની ચિંતા કરી છે એથી આગળ વધીને એમની યુ.પી.એ.ની સરકાર હતી અને એમની યુ.પી.એ.ની સરકારની જે ..

અધ્યક્ષશ્રી : હવે, એ સરકારનું જવા દોને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના માનનીય અધ્યક્ષશ્રી, એમણે આ રાજય સરકારના જમીન સંપાદનના સંદર્ભમાં સંવેદનાવિહિન એમનું જે કહેવાનું તાત્પર્ય હતું, ખેડૂતો સાથે કરવામાં આવે છે, પણ એમની સરકાર વખતે The Department Industrial Policy and Promotion એણે એક એજન્સી એંગેજ કરી હતી અને એજન્સી એંગેજ કરી હતી, એની અંદર ગુજરાતને The land related intervention in Gujarat is one of the bestઆ પ્રમાણે ગુજરાત સરકારની જમીન સંપાદનની એમના વખતની સરકારે પ્રશંસા કરી છે. સુપ્રીમ કોર્ટે પ્રશંસા કરી છે અને ગુજરાત સરકાર એ ખેડૂતોના હિત માટે કામ કરવાવાળી સરકાર છે. મહારાષ્ટ્રમાં આ પ્રમાણે જ છે. એમણે જે ચિંતા વ્યકત કરી હતી મહારાષ્ટ્રમાં આ પ્રમાણે એનું અમલીકરણ નથી થયું. એમના પક્ષની સરકાર છે તો એમણે પણ ત્યાં વાત કરીને મહારાષ્ટ્રમાં પણ સુધારો કરવો જોઇએ. નહીંતર ગુજરાતમાં છવ્વીસે છવ્વીસ જતી રહી એમ મહારાષ્ટ્ર સરકાર આખેઆખી જતી રહેશે. આમ સંપૂર્ણતયા આ કેસની અંદર હું માનું છું કે સુપ્રીમ કોર્ટે જે સૂચન કર્યું છે અને ગુજરાતના જમીન સંપાદન કેસોની અંદર એ અરજદારોને ૧૦ ટકા જેટલી ફી રાખીને એડવેલરમ ફી રાખીને આ જે વિધેયક લાવવામાં આવ્યું છે એ સંપૂર્ણ રીતે યોગ્ય છે.

શ્રી શકિતસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે બહુ જ રાઇટલી પોઇન્ટ આઉટ કર્યું હતું, પણ માનનીય મંત્રીશ્રીએ રાજકીય રીતે, આમાં સવાલ એટલો જ છે કે સુપ્રીમ કોર્ટ હંમેશા બને ત્યાં સુધી સ્ટેટને મે જ કહેતી હોય છે. આપે કહ્યું એ વાત સાચી છે. આપણા એડવોકેટે હાઇકોર્ટ પાસે પણ એ કમિટ કર્યું છે કે અમે સુપ્રીમ કોર્ટના જજમેન્ટને ફોલો કરીશું. હવે આપણે આ બિલ લાવીએ છીએ, એમાં એને એડવેલેરમ નહીં. આપ ત્યાં અટકી ગયા. આખી લાઇન પૂરી ન કરી. મે પછી આપ આગળ વાંચો તો એમાં છે કે એડવેલેરમ ડયુટીની જગ્યાએ તમારે ટોકન ફી લેવાની. એ વાંચ્યુ નહીં એમણે. હું એટલું જ જાણવા માગું છું કે આપણે આ અંગે કોઇ ઇગો ઇશ્યુ વગર ખેડૂતોનું પણ હિત છે અને નવો કાયદો જે આપે કર્યો એમાં નવા કાયદામાં આ વસ્તુ છે જ નહીં. નવા કાયદામાં આ વસ્તુ જયારે રેફરન્સ થશે ત્યારે એને કોર્ટ ફી રેફરન્સમાં નથી ભરવાની. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પણ આ સવાલ કરાયો એનો જવાબ ન આવ્યો તો માત્ર લીમીટિડ જૂના કેસીસ છે તો આમાં કરવા માગીએ છીએ કે નહીં? અને જે આર.ટી.આઇ. મેં કરી હતી એમાં સંયુકત આર.ટી.આઇ. નો જવાબ હતો. એમના પાસે આ ૮૫ કરોડમાંથી કોર્ટ ફી સ્ટેમ્પ કેટલી અપાઇ હતી એની રકમ હોય અને એ પણ જાણ કરશે તો આનંદ થશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમણે જયારે ૮૫ કરોડનો ઉલ્લેખ કર્યો હતો ત્યારે એમણે અલગ ભેદ કરીને નહોતો કહ્યો. એમણે સંપૂર્ણ વાત કરી હતી તો એમણે એવું કહેવું જોઇતું હતું કે મારી પાસે આર.ટી.આઇ.ના પ્રમાણે આ સંયુકત છે એટલા માટે હું કહું છું. આ જે નવો જમીન સંપાદન ધારો છે એના સંદર્ભ અને જૂનાનો એનું આપ જો કહેતા હો તો એના સંદર્ભની મારી પાસે વિગતો છે. જૂના કાયદાની જે જોગવાઇ હતી કે જમીન સંપાદનના કેસોમાં કલેકટર કલમ–૧૧ હેઠળ એવોર્ડ જાહેર કરે છે અને વળતરની રકમ નિયત કરે છે. હવે નવા કાયદાની જોગવાઇમાં જમીન સંપાદનના કેસોમાં કલેકટર કલમ–૨૫ હેઠળ એવોર્ડ જાહેર કરે છે અને એની વળતરની રકમ નિયમિત કરે છે. જૂના કાયદા અને નવા કાયદા આ જે સંપાદનની પ્રક્રિયા છે એમાં માત્ર કલમ બદલાય છે. આ સંપાદનની પ્રક્રિયા છે. માત્ર કલમ બદલાય છે. બાકીની જોગવાઇ સરખી છે. જૂના કાયદા પ્રમાણે જો જમીન ધારકને વળતર અપૂરતુ જણાય તો આ કાયદાની કલમ–૧૮ હેઠળ જમીન ધારક કોર્ટમાં રેફરન્સ દાખલ કરવા કલેકટરને અરજી કરી શકે છે. નવા કાયદા પ્રમાણે જો જમીન ધારકને વળતર અપૂરતુ જણાય ત્યારે એની કલમ–૬૪ હેઠળ જમીન ધારક ઓથોરિટી સમક્ષ રેફરન્સ દાખલ કરવા કલેકટરને અરજી કરી શકે છે. બંને કાયદામાં વળતર અપૂરતુ જણાય ત્યારે જમીન ધારકનો રેફરન્સ કરવાનો અને વળતર મેળવવાનો હક્ક અબાધિત રહે છે. ફકત અગાઉ જે ફોરમ કોર્ટનું હતું, તેના સ્થાને હવે ઓથોરિટી નક્કી થશે. અને એ ઓથોરિટી આના સંદર્ભમાં નિર્ણય કરશે, જેથી નવો કાયદો આવવાથી જૂની પડતર વસ્તુઓ છે તેમાં કોઇ ફેર પડતો નથી. જૂનો કાયદો અત્યારે આવશ્યક છે. નવા કાયદાના અમલીકરણ અને એના કેસો બનશે ત્યાં સુધી આ જૂના કાયદામાં કેમ કરવું પડશે, તેના માટેની વાત કરી છે. જનરલ કલોઝીઝ એકટની કલમ–૮ માં જોગવાઇ છે કે જયારે કોઇ જૂના કાયદાની જમીન સંપાદન અધિનિયમની જોગવાઇનો રેફરન્સ અન્ય કાયદામાં કરવામાં આવેલ હોય અને આવા જૂનો કાયદો રદ કરતા નવો કાયદો અમલમાં આવે તો પણ જૂના કાયદાનો તેના અન્ય કાયદામાં ઉલ્લેખનો ભાગ રહેતો નથી, એટલે નવો કાયદો અમલમાં આવે ત્યારે પણ ગુજરાત કોર્ટ ફી એકટ–૨૦૦૪ ની જોગવાઇઓ જૂના જમીન સંપાદન ધારા હેઠળ ઊભા થયેલા હક્ક, દાવા જવાબદારીઓ પડતર કેસ સંદર્ભમાં ચાલુ રહેશે અને આ સંજોગોમાં નવો કાયદો અમલી હોય તો પણ ગુજરાત કોર્ટ ફી એકટ ૨૦૦૪ ના આર્ટીકલ પ્રમાણે આનું કરવું અત્યંત આવશ્યક છે.

અધ્યક્ષશ્રી : પ્રદીપસિંહ, થાય છે શું કે ખરેખર જૂના કાયદા પ્રમાણે એક્વિઝેશન કર્યુ હોય તે કોઇ માર્કેટ વેલ્યુ પ્રમાણે નથી કરતા. માર્કેટ વેલ્યુ ગણવાની પદ્ધતિ એવી છે કે છેલ્લા ૩ વર્ષના વેચાણ લે અને વેચાણની સરેરાશ કાઢે. તો કોઇ માણસ હજાર રૂપિયામાં જમીન વેચતો હોય તો રજિસ્ટ્રેશન તો ૨૦૦ રૂપિયામાં થાય અને ૮૦૦ ઓનમાં જાય. ૩ વર્ષના ૨૦૦ ની સરેરાશ કાઢે એ પ્રમાણે કલેકટર કહે. અત્યારે નવા કાયદા પ્રમાણે જંત્રી આવે. જંત્રી એટલે માર્કેટ વેલ્યુ. જંત્રીના ૪ ગણા પ્રમાણે વેલ્યુએશન કરી વળતર ચૂકવવાનું છે, એટલે નવામાં તો એવું ઇચ્છે કે અમારી જમીન તમે લઇ લો. જંત્રીના ૪ ગણામાં. જૂનામાં કોઇ જમીન દેવા નહોતા માગતા. કોન્સ્ટીટ્યૂશનલી ગણીએ તો આ જગ્યા સરકારને જરૂર છે. પેલા વેચવા નથી ઇચ્છતા. વેચવા ઇચ્છતા હોય તો પૂરેપૂરા પૈસા લો. આ તો મજબૂરીથી આપવી પડે છે, તો મજબૂરીથી આપવી પડે એમાં સરકાર નોમીનલ કરવા માગે છે. અંતે સવાલ ખેડૂતનો છે. વેપારીનો નથી. જે ખેડૂતને કોન્સ્ટીટ્યૂશનલી પોતાની જમીન સાચવવાનો અધિકાર છે. સરકારી કામ માટે એક્વિઝિશન થઇ શકે. મજબૂરીથી ખેડૂત જમીન આપતો હોય તો એમાં કોઇ વિચાર કરવા માગો છો કે કેમ? આજે નહિ તો ભવિષ્યમાં ઓછી ફી તો કરી શકો. વધારી ન શકો. વધારવા માટે કાયદામાં જોગવાઇ હોય. ઓછી કરવા માટે તો જી.આર. પણ કરી શકો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અત્યારે ૧૦ ટકા પ્રમાણે છે.

અધ્યક્ષશ્રી : બરાબર છે. ચાલો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૫ નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૫નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંકઃ ૫, સન ૨૦૧૪નું ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૬**

**ગુજરાત દિવાની કોર્ટ(સુધારા) વિધેયક ૨૦૧૪**

**ગુજરાત દિવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૬, સન ૨૦૧૪ના ગુજરાત દિવાની કોર્ટ (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ૬, સન ૨૦૧૪ના ગુજરાત દિવાની કોર્ટ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ગુજરાત રાજયમાં ધી બોમ્બે સિવિલ કોર્ટ એકટ ૧૮૬૯ અમલી હતો. આ કાયદો તેમજ હાલમાં અમલી ગુજરાત સિવિલ કોર્ટ એકટ ૨૦૦૫, તે તાબાની અદાલતોની સ્થાપના, તેના પ્રકાર, તેની હકુમત અને જેમાં નાણાંકીય અને સ્થાનિક હકુમતોનો સમાવેશ થતો તેનું નિયંત્રણ કરતો. ત્યારબાદ નેશનલ જયુડીશીયલ પે કમિશન(શેટ્ટી કમિશન) તેણે સમગ્ર દેશની અંદર, ન્યાયતંત્રની અંદર એકરૂપતા લાવવા માટે જુદી જુદી ભલામણો કરી અને તે ભલામણો સંબંધિત કાયદાઓમાં સુધારા કરવા માટે સૂચવેલ. તેને ધ્યાને લઈને ગુજરાત હાઈકોર્ટે જે તે વખતે ગુજરાત સિવિલ કોર્ટ બિલ ઘડવા સરકારને સૂચન કરવામાં આવ્યું અને તેના આધાર ઉપર ગુજરાત સિવિલ કોર્ટ વિધેયક ૨૦૦૫ તૈયાર કરવામાં આવ્યું. જેના કારણે બોમ્બે સિવિલ કોર્ટ એકટ ૧૮૬૯ને રદ કરીને ગુજરાત સિવિલ કોર્ટ એકટ ૨૦૦૫ને કાયદાનું સ્વરૂપ આપવામાં આવેલ. ૨૦૦૫નો હાલનો જે કાયદો છે તેમાં સિવિલ કોર્ટના દિવાની પ્રકારના તમામ દાવા અને કાર્યવાહી સંદર્ભે હાલની નાણાંકીય હકુમત અને તેને લગતી કલમ.૧૪ અને કલમ.૧૫માં જરૂરી સુધારા કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે રાજય સરકારને વિનંતી કરેલ છે અને સાથે સાથે આ અંગે જાહેરનામું બહાર પાડી આવી નાણાંકીય હકુમત નિર્દિષ્ટ કરવાની સત્તા નામદાર ગુજરાત હાઈકોર્ટને આપવા માટે તા.૧૩–૧–૨૦૧૪ના પત્રથી જણાવેલ છે. તેને આનુષંગિક નવી કલમ.૧૪(ક) દાખલ કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ બિલ લઈને હું આવ્યો છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સન ૨૦૧૪નું ગુજરાત દિવાની કોર્ટ સુધારા વિધેયક નં.૬ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને સુવિદિત છે કે ભારતના બંધારણના સાતમા પરિશિષ્ટમાં જે સ્ટેટ લીસ્ટ બનાવવામાં આવ્યું છે તેમાં એન્ટ્રી નં.૬૫માં તથા લિસ્ટ ૩ જે છે, એમાં એન્ટ્રી નંબર ૪૩માં આ વિધાનસભાને સુપ્રીમ કોર્ટ સિવાયની કોર્ટો માટે કાયદાઓ બનાવવા માટેની સત્તા આપવામાં આવેલી છે. આ બિલ દ્વારા ગુજરાત દિવાની કોર્ટ અધિનિયમ ૨૦૦૫માં સુધારો કરવા માટેની દરખાસ્ત છે. કલમ ૧૪ અને

---

* વિધેયક તા.૨૩ જુન ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૧૫(૨)અ માં હાલમાં હાઇકોર્ટને સિવિલ કોર્ટની નાણાકીય હકુમત વધારવા માટેની સત્તા આપેલી જ છે. પરંતુ ૨૦૦૫ પછી આ સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો નથી, હવે આ બિલ દ્વારા અધિસૂચના દ્વારા હાઇકોર્ટ પોતે કલમ ૧૪ તથા ૧૫(૨)અ માં નાણાકીય હકુમત વધારી શકે તે માટેની જોગવાઇ કરવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫ના કાયદામાં સિવિલ કોર્ટની મર્યાદા ૨ લાખની અને અપીલમાં ૫ લાખની મર્યાદા નિશ્ચિત કરવામાં આવી હતી. પરંતુ જે ઝડપથી ગુજરાતનો વિકાસ થયો છે, ખાસ કરીને છેલ્લા ૧૪ વર્ષમાં, એ ધ્યાનમાં લેતા આપણે જોઇ રહ્યા છીએ કે સ્થાવર મિલકતની વેલ્યુમાં ઘણો જ વધારો થયો છે. સાથે સાથે આપણે એ પણ જોઇ રહ્યા છીએ કે રૂપિયાનું જે મૂલ્ય છે એમાં ઘટાડો થઇ રહ્યો છે એ ધ્યાને લેતા આ સુધારો કરવો ખૂબ આવશ્યક છે. આજે ૧૪(ક) નો સુધારાની જે કલમ દાખલ કરવામાં આવી છે, એના પરિણામે જ્યારે જ્યારે સુધારો હાઇકોર્ટ કરશે ત્યારે નાણાકીય હકુમત ધ્યાને લઇને કોર્ટમાં પડતર કેસો એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં તબદીલ થઇ જશે અને આના કારણે જે લિટિગન્ટ છે, એને ખૂબ ઝડપથી ન્યાય મળશે અને ન્યાયની જે કામગીરી છે એમાં ખૂબ સરળતા આવશે એ આનો ઉદ્દેશ છે. આ બિલને હું સમર્થન કરું છું અને ગૃહને વિનંતી કરું છું કે એને પાસ કરવામાં આવે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આર.એમ.પટેલે આ બિલ અને એની આવશ્યકતાના સંદર્ભમાં ખૂબ વિસ્તૃત વાત કરી છે. આ સન્માનનીય સભાગૃહને મારે એટલું ધ્યાન દોરવું છે કે આ બિલની જે કલમ ૧૪ની હાલની જોગવાઇ છે, એમાં નવી સૂચિત જોગવાઇમાં હાઇકોર્ટ વખતો વખત નિર્દિષ્ટ કરે તેટલી બીજી રકમના એટલે હાઇકોર્ટ વખતો વખત જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી બીજી રકમના દિવાની પ્રકારના તમામ અસલ દાવાઓ અને કાર્યવાહીઓ એવો સુધારો છે. બીજો ૧૪(ક) જેમાંની વિષય વસ્તુનું મૂલ્ય અથવા જેમાંની રકમ ૨ લાખ રૂપિયા કરતા વધુ પણ કલમ ૧૪ હેઠળ હાઇકોર્ટ વખતો વખત જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી રકમ અથવા મૂલ્ય કરતા વધુ ન હોય તેવા સિનિયર સિવિલ જજની કોર્ટમાં પડતર દિવાની પ્રકારના તમામ દાવા અને કાર્યવાહીઓ જાહેરનામાથી એવી રીતે નિર્દિષ્ટ કરાયા પછી તેમની સામાન્ય હકુમતની સ્થાનિક હદોની અંદરના દિવાની જજને તબદીલ થશે અને તેઓ તેનો નિકાલ કરી શકશે. એ રીતે હાલની કલમ ૧૫(૨)ની ક એમાં અથવા હાઇકોર્ટ વખતો વખત જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી રકમ હોય આ પ્રમાણેનો સુધારો છે. જેના કારણે આ નોટિફિકેશન પ્રસિદ્ધ થયે સિવિલ જજની કોર્ટમાં રૂપિયા ૨ લાખથી ૫ લાખ સુધીના પડતર દાવાઓ હવે તાલુકા કક્ષાએ સિવિલ જજ કોર્ટને તબદીલ થશે, તેથી જે તાલુકાવાળાને જિલ્લા કક્ષાએ ન્યાય માટે જવું પડતું હતું એને પોતાનો ન્યાય પોતાના તાલુકામાં જ મળશે. એ પ્રમાણે ડિસ્ટ્રીક્ટ જજની અપીલની નાણાકીય હકુમત જે હાલ રૂપિયા ૫ લાખની છે એમાં નામદાર હાઇકોર્ટ જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવો સુધારો થવાથી પક્ષકારોને રૂપિયા ૧૦ લાખ સુધીની નાણાકીય હકુમત ધરાવતી વિવિધ પડતર અપીલોનો નિકાલ હવે જિલ્લા કક્ષાએ થઇ શકશે એટલે જિલ્લા કક્ષાએથી જેમને હાઇકોર્ટ કક્ષાએ જવું પડતું હતું, એને પોતાના જિલ્લાની અંદર જ આ ન્યાય મળી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની લિટિગેશન સ્ટ્રેટેજી અનુસાર આજે રાજ્યએ ગુજરાતની તમામ તાલુકાઓની અંદર તાલુકા કોર્ટો બનાવવાનો નિર્ધાર કર્યો છે, મોટાભાગના તમામ તાલુકાઓમાં આ કોર્ટો શરૂ થઇ જશે. તમામ જિલ્લાની ડિસ્ટ્રીક્ટ કોર્ટોમાં પૂરતી માનવ સંપદા છે અને આ અંગે સમયસર નિર્ણય ના લઇએ તો હાઇકોર્ટની અંદર કેસોનો ભરાવો થઇ જાય, એવા સંજોગોમાં આ પ્રમાણેના નિર્ણયથી તાલુકા, જિલ્લા અને હાઇકોર્ટની અંદર સપ્રમાણ કામની વહેંચણી થશે. ગુજરાત એ અતિ સમૃદ્ધ રાજ્ય છે અને ગુજરાતની અંદર લોકોની સંપત્તિમાં અનેકગણો વધારો થયો છે. એક નાનું મકાન હોય તો પણ એની કિંમત આજે ૫ લાખ, ૧૦ લાખ કરતાં પણ વધારે છે. એવા સંજોગોમાં પોતે ન્યાય લેવા માટે છેક હાઇકોર્ટના દરવાજા સુધી ન જઇને હાઇકોર્ટ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે પોતાને તાલુકા અને જિલ્લા પ્રમાણે એને ન્યાય મળે. આ ઉપરાંત ગુજરાત સરકારે તમામ તાલુકા સ્થાનો ઉપર ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડ્યું છે અને છેલ્લાં વરસોમાં આશરે ૪૦૦ જેટલા અધિકારીઓને સિવિલ જજ તરીકે નિમણૂંક આપવામાં આવી છે, દરેક તાલુકાની અંદર સિવિલ જજ આપણને ઉપલબ્ધ થશે. એના કારણે આ નિર્ણય લઇશું તો એમાં ન્યાય ઝડપથી મળશે, એટલે આ નિર્ણયને હાઇકોર્ટ દ્વારા અનુમતિ આપીને પ્રસિદ્ધિ કરાવીએ તો તાલુકા અને જિલ્લા અને રાજ્ય સરકારનો જે અભિગમ છે કે લોકોને સસ્તો ન્યાય

મળે, ઝડપથી ન્યાય મળે અને ઘરઆંગણે ન્યાય મળે તેવી કટિબદ્ધતા માટે આ સુધારો લઇને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

અધ્યક્ષશ્રી : એમાઉન્ટ નક્કી કરવાના પાવર્સ જે રાજ્ય સરકારના છે તે નામદાર હાઇકોર્ટને આપી દો છો એટલું જ ને?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હા.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૬ – સન ૨૦૧૪નું ગુજરાત દિવાની કોર્ટ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૪નું ગુજરાત દિવાની કોર્ટ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૪નું ગુજરાત દિવાની કોર્ટ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૮
## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૧૪

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી,* રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૪ના ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ૮, સન–૨૦૧૪ના ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીના અધિનિયમ–૨૦૦૪ હેઠળ રાજયમાં તારીખ ૧–૫–૨૦૦૪થી ચાર સ્વતંત્ર યુનિવર્સિટીઓ આણંદ, જૂનાગઢ, નવસારી અને દાંતીવાડા કાર્યરત છે. આ કાયદામાં યુનિવર્સિટીઓના વહીવટ સંબંધે ભારત સરકારના માનનીય મંત્રીશ્રી કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ ઇન્ડસ્ટ્રીઝ, નવી દિલ્હી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના મોડેલ એકટની જોગવાઇઓ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓમાં અધિનિયમ–૨૦૦૪માં સમાવેશ કરવા માટે તારીખઃ૬–૩–૨૦૧૪ના પત્રથી સૂચના આપવામાં આવેલ અને આની સાથે સાથે જણાવેલ કે વર્લ્ડ બેન્કના સહયોગથી નેશનલ એગ્રીકલ્ચર રીસર્ચ પ્રોજેકટ શરૂ કરવામાં આવનાર છે. જેમાં સહભાગી થનાર યુનિવર્સિટી માટેનો એક માપદંડ મોડેલ–એકટનો અમલ કરવા બાબતનો રહેશે. ઉપરાંત આર.સી.આઇ.ના ડાયરેકટર જનરલ, ન્યૂ દિલ્હીના તારીખઃ૭–૧૨–૨૦૧૦, ૨૪–૭–૨૦૧૨ અને ૧૬–૫–૨૦૧૩ના પત્રો દ્વારા પણ દેશની કૃષિ યુનિવર્સિટીઓ માટે ઘડાયેલ મોડેલ–૧ની જોગવાઇઓ મુજબ કેટલીક જોગવાઇઓ એવી છે જેવી કે, કુલપતિની નિમણૂક, કુલપતિની ગેરહાજરીમાં તેઓની ફરજ સોંપવા,

* વિધેયક તારીખ ૨૫મી જૂન, ૨૦૧૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

નિયામક મંડળના સભ્યોનો ઉમેરો કરવા, કૃષિ સંશોધન સંગઠન તથા કૃષિ વિસ્તરણ, શિક્ષણ સંગઠનને બદલે અનુક્રમે સંશોધન પરિષદ અને વિસ્તરણ પરિષદ રાખવા જેવી બાબતોનો મૉડેલ એકટ મુજબની જોગવાઈઓનો સમાવેશ કરી હાલના ગુજરાત કૃષિ યુનિવર્સિટીના અધિનિયમ-૨૦૦૪માં કરવા માટે સૂચવવામાં આવેલ છે. જેથી દેશની બધી જ કૃષિ યુનિવર્સિટીઓનો વહીવટ સમાનતા સાથે અસરકર્તા વધારી શકાશે.

વધુમાં ચારેય કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ દ્વારા પણ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૦૪માં સુધારા વધારા કરવા સમયાંતરે રજૂઆતો કરેલી અને તેના અનુસંધાને પણ સદર અધિનિયમમાં પણ જરૂરી સુધારા વધારા કરવા માટેની જરૂરિયાત જણાયેલી હતી. આ સંજોગોમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૦૪ની કેટલીક કલમો સંશોધન કરવા માટે રાજય સરકાર દ્વારા કેટલાક સુધારા ઉમેરા રદ કરવાનો નિર્ણય કરેલો છે. અને એટલા માટે થઇને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ આ સુધારા વિધેયક લઇને હું આવ્યો છું.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૪ના સુધારા અંગેનું બિલ નંબર-૮ માનનીય મંત્રીશ્રીએ રજૂ કર્યુ છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૧૦-૧૨ વર્ષથી કૃષિ યુનિવર્સિટી મારફત જે કૃષિનો ગ્રોથ એકદમ ઉંચો ગયો છે, તેમાં ગુજરાત રાજયની અંદર કૃષિ યુનિવર્સિટી દાંતીવાડામાં ૧૯૬૯માં સ્થાપના થયા પછી તેમાં ઘણા બધા સુધારા વધારા આ નવી સરકારે અને છેલ્લાં દસ વર્ષની અંદર કૃષિ યુનિવર્સિટી એકટ ૨૦૦૪,૧-૫-૨૦૦૪થી ચાર નવી કુષિ યુનિવર્સિટી બનાવવામાં આવી અને ગુજરાતના જે ૬૦ લાખ ખેડૂતો છે તેને ચાર ભાગમાં વહેંચી આણંદ, જૂનાગઢ, નવસારી અને દાંતીવાડા. આમ ચાર જગ્યાએ કૃષિ યુનિવર્સિટી દ્વારા જે ગુજરાતનું સૌથી આર્થિક પાસુ અને ૭૦ ટકા પ્રજા જયારે ખેતી ઉપર આધારિત છે, ત્યારે આ ચાર યુનિવર્સિટી દ્વારા નવી નવી શંકર જાતો વિકસાવવાનો અને સંશોધન દ્વારા માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ પાક એવા છે કે ગયા વખતે કપાસથી માંડી, મગફળીથી માંડી, શેરડીથી માંડી એવા ૧૪ પાકનું સંશોધન થયુ. અને ૨૨૯ જેટલી ખેડૂત ઉપયોગી જે એના વૈજ્ઞાનિકો છે, એમણે ટેકનોલોજીની સમજ આપી. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને આવ્યા છે, ત્યારે ગુજરાતમાં મેં કહ્યું એમ આજે જે કૃષિ ગ્રોથ અને કૃષિનો જે ભારતભરમાં બે થી અઢી ટકા વિકાસ વૃધ્ધિ દર છે, પરંતુ ૧૦.૬૦ ટકા કૃષિ વિકાસ દર જો કોઇ હોય તો આ યુનિવર્સિટીને આભારી છે. જે સુધારા- વધારા આ બિલમાં લઇને આવ્યા છે યુનિવર્સિટીમાં, એમાં નાયબ મંત્રી અને રાજય કક્ષાના મંત્રી, એ ૨૦૦૪ની કલમ ૨૫ પ્રમાણે જે કાઉન્સીલ છે, એ કાઉન્સીલના સભ્ય નથી થતા, પરંતુ સભ્ય ન હોવાના ખાતે જ્યારે કેબિનેટ મંત્રી હાજર ન હોય અને તેની ગેરહાજરીમાં રાજ્યકક્ષાના કે નાયબ કક્ષાના મંત્રી પોતે મિટીંગમાં હાજર ન રહી શકે. એનું નામ દાખલ કરવા માટે અને સભ્ય તરીકે દાખલ કરવા માટે અને જયારે કેબિનેટ મંત્રી હાજર ન હોય ત્યારે આખી જે કાઉન્સીલની મિટીંગમાં અધ્યક્ષસ્થાન સંભાળે એટલા માટે આ કલમની જોગવાઇ કરવાની આવી છે, એ એકદમ આવકાર્ય છે અને જે સંશોધન અને સંશોધનનું સંગઠનને બદલે સંશોધન કાઉન્સીલનું નામ આપ્યું છે, પણ જે કામગીરી છે એ કામગીરી આ યુનિવર્સિટીની જે ગુજરાતનો વિકાસનો ગ્રોથ અને આજે એક લાખ અગિયાર હજાર કરોડ રૂપિયાનો જે વિકાસની ગ્રોથ રેખા છે, એ અન્ય રાજયો કરતાં સો ટકા પ્રથમ ક્રમ છે. એ ખાતરી અને વિશ્વાસ સાથે બાબુભાઇ આ બિલ લઇને આવ્યા છે, એને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪માં સુધારા કરવા અંગેનું આ બિલ છે અને આ બિલ આ વિધાનસભામાં રજૂ થયું છે એને હું મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે અને આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષને કૃષિ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે અને છેલ્લા એક દાયકમાં આપણો કૃષિ વિકાસ દર દસ ટકાથી વધારે એ સતત મેઇન્ટેઇન રહ્યો છે. એનાથી વિશેષ કહું તો ફાસ્ટટ્રેક ગ્રોથ વર્લ્ડની અંદર કૃષિ વિભાગમાં ફાસ્ટટ્રેક ગ્રોથ આપણા ગુજરાત રાજયમાં થયો છે એ પણ આપણા માટે ગૌરવની વાત છે. આજે જ્યારે આ બિલ અહીં રજૂ

થયું છે, ત્યારે કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૯થી ગુજરાત કૃષિ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી. જેનું મુખ્ય મથક સરદાર કૃષિનગર ખાતે હતું. યુનિવર્સિટીને ચાર ઝોનમાં ડિવાઇડ કરવામાં આવી હતી. આણંદ, જૂનાગઢ, નવસારી અને દાંતીવાડા, પણ કાળક્રમે જે રીતે સુધારા–વધારા થયા, વધુ કૃષિ શિક્ષણની જરૂર પડી, સંશોધનો થયાં, વિસ્તરણ શિક્ષણ થયું આ બધાને લીધે જે વિકાસ થયો એને પરિણામે ચાર યુનિવર્સિટી કરવાનું નક્કી કર્યું અને એ ચાર યુનિવર્સિટીના મથક આણંદ, જૂનાગઢ, નવસારી અને દાંતીવાડામાં ચાર મથક કરવામાં આવ્યાં. ચાર યુનિવર્સિટી કરવામાં આવી. આ ચારેય યુનિવર્સિટી ૨૦૦૦ કૃષિ યુનિવર્સિટી એક્ટ – ૨૦૦૪ અંતર્ગત રાજ્યમાં તા. ૧–૫–૨૦૦૦થી આ ચાર કૃષિ યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી અને સરદાર કૃષિનગર યુનિવર્સિટી જે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની રચના થતાં હાલમાં આ ચારે ચાર યુનિવર્સિટી સ્વાયત્ત સંસ્થા તરીકે કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય કૃષિ સંશોધન પરિષદે ભારતમાં કૃષિ યુનિવર્સિટીઓ માટે નમૂનારૂપ અધિનિયમ તૈયાર કર્યો છે અને આ સંબંધમાં કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને કૃષિ યુનિવર્સિટીનો વહીવટ ચલાવવામાં એકરૂપતા લાવવાના હેતુથી તેમના વિદ્યમાન અધિનિયમોમાં નમૂનારૂપ અધિનિયમની જોગવાઇનો સમાવિષ્ટ કરવા માટે સૂચનો કરેલ છે. તેના અનુસંધાને આપણે આ સુધારો રજૂ કર્યો છે. એમાં જે કલમ સરદાર કૃષિનગરની જે કલમ ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૪ માં જે કલમ ૩ ની પેટા કલમ ૪ (ઘ) માં જે સુધારો સૂચવવામાં આવેલ છે એના વિષે કહું તો દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડાની સ્થાપના થઇ. હવે ૧૯૭૨ માં આ યુનિવર્સિટીનું નામ સરદાર પટેલના નામથી સરદાર કૃષિનગર કેમ્પસની સ્થાપના કરવામાં આવેલ હતી. એનું મુખ્ય મથક સરદાર કૃષિનગર કેમ્પસમાં હતું અને દાંતીવાડામાં બધો ટપાલ વ્યવહાર થતો હતો અને જેના પારિણામે આપણી જે ૨૦૦૪ માં ૪ યુનિવર્સિટીની સ્થાપના કરી તો એનો બધો પત્ર વ્યવહાર દાંતીવાડા યુનિવર્સિટીમાં આવે અને ત્યાંથી સરદાર કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં આવે. એના લીધે પત્ર વ્યવહારમાં પણ વિલંબ થતો હતો અને એટલા માટે આ સુધારો મૂક્યો છે કે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના વખતે હેડ કવાર્ટર સરદાર કૃષિનગર રાખવામાં આવેલ અને આ ચારેય યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતાં કલમ ૩ ની પેટા કલમ ૪ (ઘ) માં સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનું મુખ્ય મથક દાંતીવાડા હતું એના બદલે હવે સરદાર કૃષિનગર રાખવાનો સુધારો આ સુધારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો સુધારો કલમ ૮ માં મૂક્યો છે કે જેમાં કૃષિ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૪ ની કલમ ૮ થી યુનિવર્સિટીના અધિકારીઓ. નકકી કરવામાં આવ્યા હતા જેમાં યુનિવર્સિટીનું બજેટ, હિસાબો, ગ્રાન્ટ અને અન્વેષણની કામગીરી સંભાળતા અધિકારીઓનો હોદ્દો હિસાબી અધિકારી તરીકે રાખવામાં આવ્યો હતો. કૃષિ યુનિવર્સિટીના પ્રોવિડન્ટ ફંડ અને પેન્શનની કામગીરી, કુલપતિશ્રીની ઓફિસના હિસાબો અને અન્વેષણની કામગીરી સંભાળતા તમામ અધિકારીઆનો હોદ્દો હિસાબી અધિકારી તરીકે રાખવામાં આવેલ. જેથી યુનિવર્સિટીની સરકાર સાથેની બજેટ અને હિસાબોને લગતી કામગીરી સંભાળતા મુખ્ય અધિકારીઓનો હોદ્દો પણ હિસાબી અધિકારી તરીકે રાખવામાં આવેલ હતો. જેના લીધે મુશ્કેલીઓ થતી હતી અને એટલા માટે આઇ.સી.આર. મોડેલ એકટની કલમ ૨૭ અન્વયે બજેટ અને હિસાબો, ગ્રાન્ટ અને ખર્ચની સંબંધિત કામગીરી સંભાળતા યુનિવર્સિટીના અધિકારીઓનું નામાભિધાન કોમ્પ્ટ્રોલર તરીકે રાખવાની જોગવાઇ છે અને એ કલમના હિસાબે ઉકત હિસાબી અધિકારીના બદલે હવે કોમ્પ્ટ્રોલર રાખવાનો સુધારો આ કલમમાં સૂચવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત સંચાલક મંડળના વર્ગ–૨ ના સામાન્ય સભ્ય તરીકે બે સભ્યોની નિમણૂક બાબતનો પણ સુધારો મૂકવામાં આવેલ છે અને એ રીતે વર્ગ–૨ ના સામાન્ય સભ્યમાં ગુજરાત વિધાનસભાના એક સભ્ય, બે કૃષિ વૈજ્ઞાનિક અને એક ખેડૂતને રાજ્ય સરકારના નામે નિયુકત કરી શકે એવી જોગવાઇ થયેલ છે. જેમાં એક ગ્રામ્ય પ્રગતિમાં પૃષ્ટભૂમિકા ધરાવતા હોય તેવા એક અનુભવી મહિલા સામાજીક કાર્યકર અને એક નામાંકિત કૃષિ ઉદ્યોગપતિની નિમણૂક કરવાની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. તો આઇ.સી.આર. મોડેલ એકટમાં મહિલા સામાજીક કાર્યકરની નિમણૂકની જોગવાઇના સંદર્ભે મહિલા સામાજીક કાર્યકર તથા કૃષિ ઉદ્યોગપતિના સંબંધિત વિષયનો અનુભવનો લાભ સંચાલક મંડળને મળી રહે એ

હેતુસર ઉકત પ્રતિનિધિત્વ આપવા સંદર્ભે જોગવાઇ સૂચવવામાં આવેલ છે. તો આ જે ત્રણ સુધારા મૂકવામાં આવેલ છે એને હું મારું અનુમોદન આપું છુ; અને મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૪ માં સુધારો કરવા માટેનું બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૯માં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૪ અમલમાં આવ્યો અને ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના થઇ એ પછી ૩૫ વર્ષ સુધી એટલે કે ૨૦૦૪ સુધી કોઇ લાંબો ફેરફાર આ કૃષિ યુનિવર્સિટી માટે કોઇએ કર્યો ન હતો, પરંતુ આપણા ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે નક્કી કર્યું કે મારે ગુજરાતના ખેડૂતોને સુખી અને સમૃદ્ધ બનાવવા હશે તો વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કેવી રીતે થાય અને તેના માટે ખેડૂતો સુધી આ માહિતી પહોંચે તે જરૂરી છે, અને તેના માટે વર્ષ ૨૦૦૪માં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ અમલમાં આવ્યો, અને એક યુનિવર્સિટીના બદલે ૪ જેટલી યુનિવર્સિટીની સ્થાપના સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી. તેનાથી લાભ એ થયો કે કૃષિ યુનિવર્સિટીનું જે મુખ્ય કાર્ય છે તે શિક્ષણ, ત્યાર પછી વિવિધ યુનિવર્સિટીના વિષયો ઉપર સંશોધન અને સંશોધન થયા પછી જે માહિતી સંશોધન થયેલી હોય તે લોકો સુધી પહોંચાડવામાં આવે તો જ આ સમગ્ર ગુજરાતના ખેડૂતો વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતા થાય, એના કારણે જે પહેલા ૩૫ વર્ષમાં ફકત ૧૧ કોલેજોનું નિર્માણ થયેલું હતું. ૨૦૦૪ પછી ગુજરાતની લોકપ્રિય ભારતીય જનતા પાર્ટીની સરકારે બીજી ૨૨ જેટલી કોલેજોનું નિર્માણ કર્યું અને જે પહેલા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાનો અભ્યાસ કરતા હતા તેના બદલે ૧૯૫૧ જેટલા સ્નાતક વિદ્યાર્થીઓ અને ૮૭૫ જેટલા અનુસ્નાતક વિદ્યાર્થીઓ આ સમગ્ર કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા થયા છે. પહેલા યુનિવર્સિટીનો વિષય ફકત કૃષિ પૂરતો હતો. તેના બદલે કૃષિ, બાગાયત, વન્ય, પશુ ચિકીત્સા, પશુ પાલન, કૃષિ બાયો ટેકનોલોજી, કૃષિ ઇજનેરી, ડેરી વિજ્ઞાન, ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી, બાયો એનર્જી, ગૃહ વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાન. આમા એક વધારાનું પણ ખૂબ મોટું કામ આ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સમગ્ર ગુજરાતમાં થઇ રહ્યું છે ત્યારે એક ખૂબ ધ્યાન ખેંચવા જેવી બાબત, ઘણીવાર સામેના મિત્રો આપણને કાનમાં કહેતા હોય છે કે, આ સંવેદનશીલ સરકાર, તો માનનીય અધ્યક્ષશ્રી, એક પક્ષીઓ માટે સમગ્ર ભારતમાં આપણી આ આણંદની કૃષિ યુનિવર્સિટીએ પહેલો પ્રયોગ કર્યો છે કે પક્ષીઓના પાંખના હાડકાને જયારે નુકસાન થાય તો સમગ્ર ભારતમાં તેને કાપી નાખવામાં આવતા, એ પક્ષી કયારેય ઉડી શકતું નહોતું, પરંતુ આપણા કૃષિ તજજ્ઞોએ અને વેટરનરી કોલેજ છે, તેના વૈજ્ઞાનિકોએ એક એવા પ્રકારની શોધ કરી કે જેના લીધે ડાય બનાવી, ડીઝાઇન કરી અને લીકવીડ એક્રેલીકની મદદથી આજે એ પાંખનું હાડકું જોડવાનું કામ આપણી વેટરનરી કોલેજમાં થાય છે. આવું કામ આપણી ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે. એ સિવાય સોઇલ ટેસ્ટીંગ, આપણને બધાને ખબર છે કે કોઇને ડાયાબીટીસ હોય, અને કોઇ બહેનને એમ થાય કે હું મારા ઘરવાળાને વહેલો સાજો કરી દેવા માટે એમને ચોખ્ખા ઘી નો મગસ કે મોહનથાળ ખવડાવું. આજે એવા સંજગોમાં એક મહિના પછી એની શું દશા થાય? એવી જ પરિસ્થિતિ જમીનની અંદર હતી. કોઇ તત્વોની ઉણપ હોય અથવા કોઇ તત્વો વધારે હોય અને એને જો વધારે ઉમેરવામાં આવે તો સરવાળે ખેડૂતોને લાભ કરતા નુકસાન વધારે જતું હતું અને તેના લીધે આજે સોઇલ ટેસ્ટીંગ કરવાને કારણે ખૂબ મોટો લાભ સમગ્ર ગુજરાતના ખેડૂતોને થયો છે. એનો એક જ દાખલો હું મારા વિસ્તારનો આપું તો અમારે ત્યાં દરિયા કિનારાનો વિસ્તાર છે અને ત્યાં આગળ આજે ફકત કઠોળના પાકો પાકતા હતા, સોઇલ ટેસ્ટીંગને કારણે લોકોને ખબર પડી કે આ જમીનની અંદર જીરુ પાકે, જે લોકોને એના ગામથી ૧૫ કિલો મીટર દૂર ખંભાતના મારકેટમાં કોઇ દિવસે કઠોળ કે બાજરી વેચવા નહોતા આવ્યા એવા ખેડૂતોના પોતાના નંબર આજે ઉંઝાના વેપારીઓ પાસે હોય છે અને ઉંઝાના વેપારીઓ એ ગામોમાં જીરું લેવા માટે જાય છે. આવું મોટામાં મોટું કામ આ કૃષિ યુનિવર્સિટી દ્વારા જે સંશોધનો થયા તેના કારણે થયું છે. આજે માનનીય મંત્રીશ્રી આ અધિનિયમમાં ફેરફાર લઇને આવ્યા છે એમાં કુલપતિની જે ઉમર છે એ ૬૫ વર્ષે રીટાયર્ડ થાય એ પ્રકારની જોગવાઇ ૨૦૦૪ના અધિનિયમમાં કરવામાં

આવી હતી, પરંતુ ભારત સરકારની કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ ઇન્ડસ્ટ્રીઝ, નવી દિલ્હી દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, આઇ.સી. એ. દ્વારા દેશની કૃષિ યુનિવર્સિટીઓ માટે વર્ષ ૨૦૦૯માં સુધારેલ મોડેલ એકટ બહાર પાડવામાં આવેલ છે. જેનો મુખ્ય આશય કુલપતિઓ અને યુનિવર્સિટીના અધિકારીઓ છે એમની વય મર્યાદા નક્કી કરવાનો અભિગમ હતો, એમાં કલમ નંબર ૨૪(૪) માં કુલપતિની મુદત પાંચ વર્ષની અથવા તો ૭૦ વર્ષની ઉંમર થાય એ બંનેમાંથી જે પહેલું હોય એ કરવા માટેની જોગવાઇ કરી છે.

એવી જ રીતે ભારત સરકારના હાયર એજયુકેશન વિભાગ દ્વારા પત્ર નંબર એફ-૧, ૨૪/૨૦૦૬-યુ, ૨૦૦૭ થી કેન્દ્રિય કૃષિ યુનિવર્સિટીના કુલપતિઓની વય નિવૃત્તિની ઉંમર ૬૫ ના બદલે ૭૦ કરવાનો સુધારો કરવામાં આવ્યો છે.

એવી જ રીતે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નવી દિલ્હીના નોટિફિકેશન દ્વારા યુનિવર્સિટીના શિક્ષક, એકેડેમિક સ્ટાફની લઘુત્તમ લાયકાત નક્કી કરવામાં આવી છે. એમાં તેના મુદ્દા નંબર ૭ (૪) ઝીરોથી કુલપતિની નિમણૂક માટે જોગવાઇ કરવામાં આવી છે. એમાં મુદ્દા નંબર ૭ (૪) ૪ થી કુલપતિની નિવૃત્તિ વય મર્યાદા ૭૦ વર્ષ સુધીની કરવામાં આવે છે. એ પ્રમાણે આપણી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ટેકનોલોજીક યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ની કલમ નંબર ૧૧(૪)૩ માં પણ કુલપતિની નામ નિયુકિત ૭૦ વર્ષથી વધારે ન હોવી જોઇએ એવી જોગવાઇ કરવામાં આવી છે, ત્યારે જયારે પણ કુલપતિની નિમણૂક કરવામાં આવે છે, એ શિક્ષણ સંવર્ગમાંથી આવે ત્યારે એની ઉંમર ૬૨ વર્ષ થઇ ગયા હોય છે અને એની કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવે ત્યારે ૬૫ વર્ષ હોવાને કારણે વધારેમાં વધારે અઢી અથવા તો ૩ વર્ષનો લાભ મળતો હતો. એના બદલે જો ૭૦ વર્ષની વય મર્યાદા કરવામાં આવે તો એમના અનુભવનો પણ લાભ આ યુનિવર્સિટીને મળે. એ સંજોગોની અંદર આજે કૃષિ યુનિવર્સિટીના અધિનિયમ ૨૦૦૪ માં કલમ-૧૦ ની પેટા કલમ ૧૦(૪) થી આ કુલપતિની વય મર્યાદા ૭૦ કરવાનો સુધારો લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

એ સિવાય પણ કોલેજના સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા, પાયરી ઉતારવા તથા તેની નોકરી સમાપ્ત કરવા બાબતમાં કલમ નંબર ૫૦ ની પેટા કલમ નંબર ૧ માં જે જોગવાઇ કરવામાં આવી હતી, એમાં ફકત કોલેજના સ્ટાફ માટે આ જોગવાઇ હતી, પરંતુ એના લીધે યુનિવર્સિટીના જે બીજા વિભાગો છે. જેમાં અલગ અલગ વહીવટી કચેરીઓ, સંશોધન કેન્દ્રો, વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં ફરજ બજાવતા શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ આ કોલેજ લખેલું હોવાને કારણે આજે એને કોઇપણ પ્રકારનો લાભ મળતો નહોતો. એ સરકારમાં અપીલમાં પણ જઇ શકતા નહોતા, પરંતુ આ જે ફેરફાર લઇને આવ્યા છે, એના લીધે જે કર્મચારીઓની એક બીજા વિભાગમાં બદલી કરી શકાય એકબીજા વિભાગમાં, કોલેજના કોઇ સ્ટાફની બદલી સંશોધન કેન્દ્રમાં કે વિસ્તરણ કેન્દ્રમાં કરી શકાય પરંતુ એને કોલેજ લખેલું હોવાથી લાભ મળી શકતો નહોતો, પણ આજે એનો પણ સુધારો માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, ત્યારે કોલેજને બદલે યુનિવર્સિટી શબ્દ વાપરવાને લીધે કૃષિ યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આનો લાભ મળશે. આ વિસંગતતા દૂર કરવાનો પ્રયત્ન આપણી સરકાર દ્વારા થયો છે એને હું સમર્થન આપું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : આદરણીય અધ્યક્ષશ્રી, આજે માનનીય કૃષિ મંત્રીશ્રી ગુજરાત કૃષિ યુનિવર્સિટી સુધારા બિલ ૨૦૧૪ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન અને અનુમોદન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપનાની વાત કરીએ તો સરકારે પ્રથમ ૧૯૬૯માં ગુજરાતનો સરહદી જિલ્લો એવા મારા બનાસકાંઠામાં સરદાર કૃષિ નગર યુનિવર્સિટીની સ્થાપના દાંતીવાડા ખાતે કરવામાં આવી હતી. જયારે આ એક જ યુનિવર્સિટી સમગ્ર રાજયમાં હતી ત્યારે જુદા જુદા ચાર કેમ્પસ હતા. આણંદ, નવસારી, જૂનાગઢ અને દાંતીવાડા. એમાં માત્ર એક જ વાઇસ ચાન્સલેર દાંતીવાડા ખાતે હોય. બાકી જે ચાર કેમ્પસ છે, એમાં ડાયરેકટર એનું સંચાલન કરતા હતા. એના લીધે યુનિવર્સિટીએ જે કામગીરી કરી એના લીધે રાજયના ખેડૂતોની પ્રગતિ થઇ, નવા નવા હાઇબ્રીડ બિયારણો, પશુ પાલન

વગેરેમાં કઇ રીતે કામ કરવું અને જેના લીધે કૃષિનો વિકાસ જે રીતે વધતો ગયો અને જેના લીધે આજે જે બિલ લઇને આદરણીય કૃષિમંત્રીશ્રી આવ્યા છે, જેના ફેરફારથી સમગ્ર રાજયના ખેડૂતોમાં અને કૃષિમાં જે વધારો થશે તેના લીધે તે અભિનંદનના અધિકારી થશે. છેલ્લા એક દસકાથી સતત બે આંકડામાં જે આપણો વિકાસદર રહ્યો છે તેની સમગ્ર રાજયમાં પણ નોંધ લેવાઈ છે.

કૃષિ મહોત્સવના માધ્યમથી જે પ્રગતિ થઇ, જે ચાર કેમ્પસ ચાલતા હતા તેમાં આદરણીય સંજયભાઇએ જેમ વાત કરી તેમ કે આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના આપણાં વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘ દ્દષ્ટિથી તેમને એમ થયું કે મારે ગામડાંને મજબૂત કરવું છે, ખેડૂતને મજબૂત કરવો છે. આપણો દેશ ખેતી આધારિત દેશ છે અને ખેડૂતોનો અને ગામડાંનો બનેલો દેશ છે ત્યારે ખેતીની પ્રગતિ માટે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે જે તે વિસ્તારના જે પાકો થાય છે એ પાકોને અનુરૂપ ખેતીને ચાર ભાગમાં વહેંચીને જે એક યુનિવર્સિટી છે તેની ચાર યુનિવર્સિટીઓ કરવામાં આવી. જેમાં એક ઉત્તર ગુજરાત માટે સરદાર કૃષિનગર –દાંતીવાડા, મધ્ય ગુજરાત માટે આણંદ, સૌરાષ્ટ્ર માટે જૂનાગઢ અને દક્ષિણ ગુજરાત માટે નવસારી. આ ચાર યુનિવર્સિટીઓ જે નકકી કરી તે એક જ નિયમના તળે હોવા છતાં આજે જે બિલ આવ્યું છે તેમાં અધિનિયમ મુજબ જે યુનિવર્સિટીઓની સ્થાપના કરી તેમાં કયારેક કયાંક વિસંગતતા રહેવાના કારણે જે સુધારો લઇને આદરણીય શ્રી બાબુભાઇ આવ્યા છે કે જયારે કુલપતિની નિમણૂંક કરવાની હોય અથવા તો કુલપતિની રજા કે તેના ગેરહાજરીના સમયમાં જયારે કોઇ પણને એ જગ્યાએ બેસાડવાના હોય ત્યારે એક જ સમકક્ષ અધિકારીઓ હોવા છતાં જેમાં સંશોધન નિયામક અથવા તો કોઇ પણ ફેકલ્ટીના ડીન અથવા અનુસ્નાતક અભ્યાસક્રમના ડીન એ પૈકીમાંથી આપવાનો હતો પણ જયારે કોઇ સમયે ન મળે, મારે તાજેતરમાં જ બન્યું, દાંતીવાડા–સરદાર કૃષિનગર યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર નિવૃત્ત થતા હતા. તો ચાર્જ કોને સોંપવાનો? તો કયારેક અધિકારીઓની પરમેનન્ટ ભરતી ન થયેલી હોય અને જેના લીધે આ જગ્યા ચાર્જમાં ચાલતી હોય ત્યારે તેનો લાભ મળતો ન હતો. એક જ કાયદા નીચે બધું જ જયારે ચાલતું હોય, એક જ અધિનિયમ છતાં એક યુનિવર્સિટીનો વાઇસ ચાન્સેલર બીજી યુનિવર્સિટીમાં ચાર્જ ન સંભાળે. આવી જે જોગવાઇ હતી તેના લીધે કોઇ પણ યુનિવર્સિટીનો વાઇસ ચાન્સેલર આ જગ્યાનો ચાર્જ સંભાળી શકે એ માટેનો સુધારો કરવા માટે જે કલમ–૧૦ પેટા કલમ–૬માં 'સંશોધન નિયામક' એ શબ્દોથી શરૂ થતા અને 'કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવશે' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે નીચેનો મજકૂર મૂકવો. એટલે કે કોઇ પણ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ અથવા સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસક્રમના ડીન અથવા કોઇ પણ વિદ્યાશાખાના ડીન પૈકી કોઇ પણ ડીન આ હેતુ માટે, કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવશે. આ વાત જે કરી છે, જેના લીધે અત્યાર સુધીની જે અનિયમિતતા હતી અને જે કંઇ લાભ બધી જ યુનિવર્સિટીઓને મળી શકે અને એક જ કાયદા હેઠળ નિમાયેલા કૃષિ યુનિવર્સિટીની કામગીરીથી અવગત જે હોય તેનો લાભ અત્યારે બધી જ યુનિવર્સિટીઓને મળશે. જયારે નિમણૂંકમાં કે તેની રજા કે ગેરહાજરીના સમયમાં કોઇ પણ યુનિવર્સિટીનો વાઇસ ચાન્સેલર આ ચાર્જ સંભાળી શકશે. આ જયારે થયું છે ત્યારે જેમ કૃષિ મહોત્સવના માધ્યમથી સમગ્ર રાજયમાં અત્યાર સુધી જે એકસપર્ટ, કારણ કે કૃષિ યુનિવર્સિટીનું કામ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ. જે કંઇ સંશોધન થાય એ લોકો સુધી પહોંચાડવાની કામગીરી જે માધ્યમથી કરવામાં આવી છે અને આજના કૃષિ મહોત્સવમાં જે લોકોમાં જાગૃતિ આવી છે, જેના લીધે આપણો કૃષિ વિકાસનો દર વધ્યો છે તે માટે આપણાં અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૦ના પેટા કલમ–૬ (ખ)માં કૃષિ યુનિવર્સિટીના કુલપતિની નિમણૂંકની જોગવાઇ બાબતમાં ફેરફાર કરવાનું છે. તે જ રીતે જયારે આ ચાર યુનિવર્સિટીઓની સ્થાપના કરી. પહેલાં યુનિવર્સિટી કરી ત્યારે આપણાં ૧૯ જિલ્લા હતા. ચાર યુનિવર્સિટીઓ ૨૦૦૪માં કરી ત્યારે આપણાં ૨૫ જિલ્લા હતા. જેથી કરીને દરેક યુનિવર્સિટીની અંદર અલગ અલગ જિલ્લા મૂકીને ઝોનવાઇઝ આ કામગીરી આપવામાં આવી હતી. જેમ કે આણંદ યુનિવર્સિટી હતી તો આણંદ, અમદાવાદ, દાહોદ, વડોદરા, ખેડા, પંચમહાલ આ છ જિલ્લા હતા. જૂનાગઢમાં અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ

અને સુરેન્દ્રનગર સાત જિલ્લા હતા. નવસારીમાં ભરૂચ, ડાંગ, નર્મદા, નવસારી, સુરત, વલસાડ, છ જિલ્લા હતા અને સરદાર કૃષિ નગરમાં બનાસકાંઠા, ગાંધીનગર, કચ્છ, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા છ જિલ્લા હતા પણ ૨૦૦૭માં તાપી જિલ્લાની વધારાની રચના કરવામાં આવી. ૨૦૧૩માં આ રાજયની સરકારે સાત નવા જિલ્લા કર્યા એટલે આઠ નવા જિલ્લા થતા જે ૨૫ની જગ્યાએ ૩૩ જિલ્લા જયારે થયા ત્યારે એને અનુસૂચિ–૧માં કલમ–૨નો ખંડ ૨૦ જે છે એમાં જિલ્લાઓનો સમાવેશ કરવા બાબતની પણ જે એમાં વાત હતી તો એ મુજબ આણંદ યુનિવર્સિટીમાં મહિસાગર પહેલાના છ જિલ્લા હતા એમાં મહિસાગર, છોટાઉદેપુર અને બોટાદ જિલ્લાનો ઉમેરો કર્યો. જૂનાગઢમાં પહેલા જે સાત જિલ્લા હતા એમાં મોરબી, ગીર અને દેવભૂમી દ્વારકા ત્રણ જિલ્લાનો ઉમેરો કર્યો. નવસારી કૃષિ યુનિવર્સિટીમાં પહેલા જે છ જિલ્લા હતા એમાં તાપી જિલ્લાનો ઉમેરો કર્યો અને સરદાર કૃષિ નગર દાંતીવાડા ખાતે છ જિલ્લા હતા એમાં નવા અરવલ્લી જિલ્લાનો ઉમેરો કર્યો. જેથી અનુસૂચિ–૧માં પણ આ ફેરફાર કરવાની જરૂરિયાત હતી. એટલે આદરણીય કૃષિ મંત્રીશ્રી જે વિધેયક આ ફેરફાર માટે લઇને આવ્યા છે અને જેને લીધે રાજયના ખેડૂતોને ..

અધ્યક્ષશ્રી : પરબતભાઇ, આ ૬૫ના ૭૦ શું કરવા કરો છો નથી મળતા કોઇ નવા? તમે એની તરફદારી કરો છો ને?

શ્રી પરબતભાઇ સ. પટેલ : હું ૬૫ના ૭૦માં નથી.

અધ્યક્ષશ્રી :૬૫ના ૭૦ કરો છો એને સપોર્ટ નથી આપતા તમે એ સિવાયનાને સપોર્ટ આપો છો?

શ્રી પરબતભાઇ સ. પટેલ : ના સાહેબ, એકે એક જે આમાં પાંચના સાત સભ્યો કર્યા, ૬૫ના ૭૦ વર્ષ કર્યા, જે સુધારા આદરણીય બહેનશ્રી નીમાબેને કર્યા આદરણીય જશાભાઇએ જે વાત કરી અને આદરણીય સંજયભાઇ એ જે જે વાત કરી છે કલમોમાં, એકે એક કલમોમાં ટોટલ જે બિલ લઇને કૃષિ મંત્રીશ્રી લઇને આવ્યા છે એના બધા જ સુધારા સાથે આ બિલ આ ગૃહમાં પાસ થાય એને હું મારું સંપૂર્ણ અનુમોદન આપુ છું અને જે બિલને લીધે રાજયના સમગ્ર ખેડૂતોનો વિકાસદર છે એના કરતા પણ વધુ ઉત્તરોત્તર પ્રગતિ કરે એ જ અભિલાષા. આભાર.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રીએ અધિનિયમ ૨૦૦૪માં સુધારા કરવા અંગેનું બિલ વિધાનસભામાં રજૂ કરેલ છે તેને હું મારું સમર્થન આપુ છું. પહેલા જ આપે જે શરૂઆત કરી માનનીય અધ્યક્ષશ્રી કે ૬૫ વર્ષના ૭૦ કેમ કર્યા, આજે સૌથી અનુભવી અને ગુજરાતમાં સર્વશ્રેષ્ઠ સ્પીકર હોય તો તે આપ છો. અને આપની ઉંમર જોતા મને એમ લાગે કે જેમ અનુભવ થાય તેમ વધુમાં વધુ સારી રીતે કામગીરી કરી શકાય.

અધ્યક્ષશ્રી : થોડીક ઓછી હવા ભરો. બહુ હવા ભરીએ તો ફુગ્ગો ફૂટી જાય

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત નથી કરવી, પરંતુ બે જે ક્રાંતિકારી ફેરફારો જે છે, એમણે જે કૃષિ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૪માં આદરણીય કૃષિ મંત્રીશ્રીએ કર્યા છે એની અંદર છેલ્લા દસ વર્ષથી આપણે કૃષિ વિકાસ દર બધા જ મારા સભ્યોએ જેમ કહ્યું તેમ લગભગ ઇનકલુઝ ઇન ગ્રોથ કૃષિ વિકાસનો લગભગ એક દસકો એવો છે કે ૧૦.૬ સુધી સમગ્ર દેશની અંદર ગુજરાત એવું છે. જયારે દેશમાં ૩–૪ ટકાનો કૃષિ દર હોય છે ત્યારે દસ વર્ષથી આપણે કૃષિ દર જાળવી રાખ્યો છે. એથી વિશેષ વાત એટલા માટે કરવાનું મને મન થાય, કે કૃષિના નિષ્ણાતો ખાસ કરીને એના સ્પીકર અશોક ગુલાટી હોય, કે આઇ.આઇ.એમ. અમદાવાદના દત્તા હોય, ધોળકીયા હોય કે અગ્રગણ્ય વૈજ્ઞાનિક સ્વામિનાથન હોય. એમણે પણ ગુજરાતે દર્શાવેલો જે રાહ છે અને એના સભ્યોએ દર્શાવેલો જે રાહ છે એને અનુમોદન આપ્યું છે. ઘણા સભ્યોએ કહ્યું કે ગુજરાત કૃષિ યુનિવર્સિટી ૧૯૬૯ની અંદર જયારે અસ્તિત્વમાં આવી તે વખતે ચાર ઝોનમાં ફેલાયેલી હતી અને ૨૦૦૪માં કૃષિ યુનિવર્સિટીના સંશોધન પ્રમાણે આપણે ચાર યુનિવર્સિટી થઇ. મારે વિશેષ વાત એટલા માટે કરવી છે આ તે વખતે ૨૦૦૪માં ચારેચાર યુનિવર્સિટી જે હતી, એની કાર્ય પદ્ધતિ માટે સંચાલક મંડળની જે નિમણૂક કરવામાં આવે છે તો જે તે વખતે એ કૃષિ વિભાગમાંથી હોય, નાણા વિભાગમાંથી હોય, સચિવો હોય, એના નિયામકો હોય, ખેડૂતો હોય કે વૈજ્ઞાનિકો હોય. પરંતુ મને જણાવતા આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે કૃષિ અનુસંધાન પરિષદે એના મોડેલ એક્ટમાં સુધારા કર્યા અને એ

પ્રમાણે સમગ્ર દેશની યુનિવર્સિટીઓએ સુધારા કરવા એ વાત કરી એમ જે ઉલ્લેખ કર્યો છે. આજે જ્યારે આપણે કૃષિ વર્ષ ઉજવી રહ્યા છીએ અને ગુજરાતના મુખ્યમંત્રી પણ મહિલા છે. અહીંયા મારી માતૃશક્તિ બેઠી છે, માનનીય નીમાબેન આચાર્યએ જ્યારે આ વાત કરી ત્યારે અને આપણો કૃષિ મહોત્સવ થયો, ૪ મેગા ઇવેન્ટ થઇ અને મહાત્મા ગાંધી મંદિરમાં ફક્ત બહેનોની શિબિર થઇ ત્યારે એમાં આંગણવાડી બહેનોથી માંડીને દૂધ મંડળીની બહેનોથી માંડીને બધાના વકતવ્યો સાંભળ્યા. પશુપાલનમાં ખૂબ સારી રીતે મહેનત કરે છે એ બહેનોને સાંભળી ત્યારે લાગ્યું કે એમનો નિયામક મંડળમાં ઉલ્લેખ થયો છે એ યોગ્ય જ છે. એ માતૃશક્તિનો લાભ મળશે. લોકો માતૃશક્તિની વાતો કરે છે પણ એમનો ઉપયોગ કરતા નથી. જ્યારે આ સુધારા આવ્યા છે ત્યારે વિરોધ પક્ષના તેજશ્રીબેન પટેલ હોત તો ખૂબ ખુશ થાત એમ કહું તો ખોટું નથી.

એ જ રીતે બીજો ઉલ્લેખ છે કે એમણે એમ કહ્યું કે, નવસારીમાં કૃષિ યુનિવર્સિટી છે. નવસારીમાં નિયામક મંડળમાં જ્યારે એકે એક સભ્યની નિમણૂંક થઇ છે, ધારાસભ્ય તરીકે નિમણૂંક થઇ છે, બાકીના વૈજ્ઞાનિકોની નિમણૂંક થઇ છે. હું એ વિસ્તારમાંથી આવું છું. જ્યાં ચીકુનો પાવડર બને છે એની નાની ફેક્ટરી છે. કેરીનો પલ્પ બનાવવામાં આવે છે એની કેરીની ફેક્ટરી છે એના નિષ્ણાત છે. એમાંથી કૃષિ ઉદ્યોગકાર તરીકે આજે ગણદેવીના મારા અને આપણા માનનીય ઉપાધ્યક્ષશ્રી મંગુભાઇના વિસ્તારમાંથી સંજયભાઇ છે એ કૃષિ ઉદ્યોગકાર છે અને એમને રાષ્ટ્રપતિથી લઇને કેટલાય એવોર્ડો મળેલા છે. આ એક્ટથી કૃષિ ઉદ્યોગકારોનો એમાં સમાવેશ થાય છે ત્યારે ખૂબ જ આવકારપાત્ર છે. એ ઉપરાંત બીજી વાત કરું કે એક વખત એવો હતો કે કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ આ ત્રણની કામગીરી કરવામાં આવતી હતી. સૌથી પહેલાં ડીન તરીકે ફક્ત વિદ્યાશાખામાંથી નિમણૂંક કરવામાં આવતી હતી. હવે સંશોધન અને નિયામકમાંથી પણ નિમણૂંક કરવામાં આવશે એનો ઉલ્લેખ કર્યો છે ત્યારે એ આવકારદાયક છે. છેલ્લો સુધારો એવો છે એમણે મૂક્યો છે, વિરોધ પક્ષ એમ કહે છે કે કન્ઝર્વેટીવ સરકાર છે, રૂઢિચૂસ્ત સરકાર છે. પણ આની અંદર ઉલ્લેખ છે કે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં જ્યારે સમગ્ર દેશ અને દુનિયામાં આપણે તાલમેલ મેળવી રહ્યા છીએ ત્યારે અંગ્રેજીમાં પ્રશિક્ષણ આપવું એવો સુધારો કર્યો છે. પહેલા એવું હતું કે ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં ડિપ્લોમા કક્ષાએ, સ્નાતક, અનુસ્નાતક કે પી.એચ.ડી. માટે અંગ્રેજી માધ્યમ હતું પરંતુ ગુજરાત યુનિવર્સિટીમાં અધિનિયમ ૨૦૦૦ની કલમ ૨૦ અંતર્ગત પ્રશિક્ષણ અને પરીક્ષાનું માધ્યમ ગુજરાતીના ઉપયોગને લગતી જોગવાઇ છે. એના અંદર હવે ડિપ્લોમા પદવી અને અનુસ્નાતક ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમોમાં પ્રશિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજી રાખવા માટેનો સુધારો કર્યો છે. આ બન્ને સુધારાઓ અને મારા અગાઉના તમામ વક્તાઓ જસાભાઇ બારડ, નીમાબેન, સંજયભાઇ અને પરબતભાઇએ જે સુધારાઓ રજૂ કર્યા છે એને હું અનુમોદન આપું છું.

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક લઇને આવ્યો છું એમાં માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્ય, શ્રી સંજયભાઇ પટેલ, શ્રી પરબતભાઇ પટેલ, શ્રી પિયુષભાઇ દેસાઇ, શ્રી જસાભાઇ બારડ વગેરે સભ્યશ્રીઓએ આમાં ભાગ લઇને હું જે સુધારા લઇને આવ્યો છું એમાં એની વિસ્તૃત ચર્ચા કરી છે અને અનુમોદન આપ્યું છે તે સૌ સભ્યોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે આ સુધારા લઇ આવ્યા છીએ એની પાછળનું કારણ એ છે કે, કેન્દ્ર સરકારે જે મોડેલ એક્ટ બનાવેલો છે એના મુજબ આખા દેશના બધા રાજ્યોની કૃષિ યુનિવર્સિટીઓ એક જ કાયદા નીચે આવી જાય, એટલે સુધારા કરવા માટે જે આપણે સૂચન કરેલું એને અનુસરીને આપણે આ સુધારા લઇ આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણે સરદાર કૃષિ જે કલમ–૩, પેટા કલમ –૪ ની (ડી)માં જે સરદાર કૃષિ નગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી દાંતિવાડા જે એડ્રેસ હતું એને લીધે એક એનુ જે સરનામું છે એ અલગ હતું અને એનું મથક છે એ બીજી જગ્યાએ હતું, સરદાર કૃષિ નગરમાં હતું એટલે એને લીધે જે મુશ્કેલી પડતી હતી એ મુશ્કેલી ન પડે એટલા માટે આપણે જે દાંતિવાડા છે એની જગ્યાએ સરદાર કૃષિ નગર, એ એના સરનામામાં આપણે એટલો ફેરફાર કરીએ છીએ જેથી જે વહીવટી તકલીફ પડતી હતી એ દૂર થશે.

કલમ–૮,ની પેટા કલમ–૭માં જે હિસાબી અધિકારી એની જગ્યાએ આપણે કંટ્રોલર ઉમેરીએ છીએ. આ એટલા માટે આપણે ફેરફાર કરીએ છીએ કે, ત્યાં યુનિવર્સિટીમાં અનેક પ્રકારના હિસાબો હોય છે અને એની અંદર જે આપણે અહીંથી ગ્રાન્ટ આપીએ એના હિસાબો, પછી અન્વેષણની કામગીરી, પછી એના સિવાયના જે બધા, ઘણા બધા હિસાબોમાં તકલીફ પડતી હતી અને એકસૂત્રતા જળવાતી ન હતી, એટલા માટે આ જે બધા હિસાબો રાખતા હતા એ હિસાબી અધિકારીના બદલે આપણે હિસાબી નિયામક તરીકેનો એટલો ફેરફાર કરીએ છીએ.

કલમ–૧૦, પેટા કલમ–૪ ની (ક) ની અંદર જે કૃષિ યુનિવર્સિટીના કુલપતિની નિમણૂકની જે વાત હતી, હમણાં માનનીય અધ્યક્ષશ્રી આપ જે કહેતા હતા કે, ૬૫ વર્ષ શા માટે ? કારણ કે, આ જે કુલપતિ હોય છે એ કલાસ–વન અધિકારી હોય છે અને ૬૨ વર્ષ સુધી એ પોતે ત્યાં સરકારી નોકરીની અંદર ચાલુ સર્વિસમાં હોય અને અહીંયા કુલપતિઓ હોય છે એ મોટાભાગે એ નિવૃત્તિ પછી આપણે એની નિમણૂંક આપતા હોઇએ છીએ. એટલે જો ૬૫ વર્ષની ઉંમર હોય, એટલે એની જે સેવાનો લાભ છે એ આપણને માત્ર ત્રણ વર્ષ મળતો હોય છે અને આવા અનુભવી માણસોની તંગી પડતી હતી. એના લીધે આપણે આજે આ ફેરફાર કરીને ૬૫ ના બદલે ૭૦ કરીએ છીએ અને સાથે સાથે જે મોડેલ એકટ છે એની કલમ –૨૪ની પેટા કલમ–૪માં પણ કુલપતિમાં પણ કુલપતિ પાંચ વર્ષની ટર્મ સુધી અથવા તેઓ ૭૦ વર્ષની ઉંમરે પહોંચે બે માંથી જે વહેલો હોય ત્યાં સુધી મોડેલ એકટમાં પણ એવી જોગવાઇ હતી એટલે આપણે એમાં ફેરફાર કરેલો છે.

કલમ–૧૦ ની પેટા કલમ –૬ (ખ) માં કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમિયાન કોને ચાર્જ સોંપવો? એમાં જે આપણો જૂનો ૨૦૦૪નો જે કાયદો છે, એમાં જે જોગવાઇ હતી કે, એમાં એની ગેરહાજરીમાં તમારે વિદ્યા શાખાના ડિન ત્યાં એનો ચાર્જ આપણે કુલપતિ તરીકેનો સોંપવો. ઘણી વખત એવી હાલત હોય છે કે, ડિનની પોસ્ટ રેગ્યુલર નથી હોતી અને ડિનના બદલે બીજા કોઇ એ જે પોસ્ટ ઉપર હોય એના એ જે વિદ્યાશાખાના ડિન હોય છે, એ ત્યાં ચાર્જમાં હોય છે, એટલે આ જે થોડા બિન અનુભવી જે હોય એ તકલીફ પડતી. એ તકલીફ નિવારવા માટે થઇને હવે જયારે આ ગેરહાજરી હોય અથવા એ જગ્યા ખાલી પડે તો વચ્ચેના ગાળા માટે આપણે બીજા બાકીની જે યુનિવર્સિટી છે એના કુલપતિને ચાર્જ આપીને વહીવટી સગવડતા વધશે.

કલમ–૧૮ની અંદર સચાલક મંડળમાં થોડા નવા સભ્યોનો પણ ઉમેરો કરેલો છે. આ સચાલક મંડળના જે કુલપતિ છે એના વડા હોય છે અને બીજી એક જે એમાં જોગવાઇ હતી કે, કલમ–૧૮, પેટા કલમ–૧(૪)માં કે ગુજરાત સરકારના સચિવ નાણા વિભાગ, એવી જે જોગવાઇ હતી એના લીધે નાણા સચિવ એક જ હોય એટલે એ સભ્ય તરીકે આની જયારે મિટિંગ હોય એમાં હાજરી ન આપી શકે સંચાલક મંડળમાં એટલે હવે જે ફેરફાર કરેલો છે એ ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ અથવા સચિવ મુકરર કરે તેવા તે વિભાગના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ના હોય તેવા અધિકારી એટલે જેથી કરીને આ સંચાલક મંડળની જયારે મિટિંગ મળે એમાં નાણા વિભાગના પણ અધિકારી હાજર રહી શકે એટલા માટે આપણે આ એટલો ફેરફાર કરેલો છે.

કલમ –૧૮, પેટા કલમ–૧, આ નવી જોગવાઇ છે એની અંદર સૂચિત જે આ મંડળ હતું એની અંદર આપણે સંશોધન નિયામક અથવા વિસ્તરણ શિક્ષણ નિયામક એ બેમાંથી એકની આમાં આપણે ગમે તે એકની એની અંદર કુલપતિ જે નિમણૂંક કરે એને એક સભ્ય તરીકે આપણે ઉમેરીએ છીએ. એજ રીતે કલમ–૧૮–૧(ક) એમાં પણ એ નવી જોગવાઇ છે અને એમાં આપણે બે નવા સભ્યો ઉમેરીએ છીએ. એક ગ્રામિણ વિકાસનો અનુભવ ધરાવતી એક મહિલા સામાજીક કાર્યકર્તા અને બીજા એક પ્રતિષ્ઠિત કૃષિ ઉદ્યોગપતિ જે કૃષિને લગતા ઉત્પાદનો હોય એના જે ઉદ્યોગપતિ હોય એને અને એક મહિલાને ત્યાં એમાં મૂકીશું. કારણ કે, આજે આપણે સૌ જોઇએ છીએ. હમણાં સભ્યશ્રીએ પણ ચર્ચામાં કહેલું કે, આપણે હમણાં મહિલા સંમેલન કૃષિનું જે મળેલું. એમાં પાંચ હજારથી પણ વધારે મહિલાઓ જે કૃષિ અને પશુપાલન સાથે જોડાયેલા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણા એક નવી શરૂઆત કરેલી છે કે દરેક ગામની અંદર જે દૂધ મંડળી છે એ મહિલાઓની દૂધ મંડળી થાય અને પશુપાલનમાં એ ભાગ લે. મહિલા પ્રતિનિધિ પણ આ સંચાલક મંડળની

અંદર રહી શકશે. પછી વર્ગ–૧ હોદ્દાની રૂએ સભ્યોમાં સંશોધન નિયામક અથવા વિસ્તરણ અધિકારી કોઇપણ એક નિયામકના નામ નિયુકત કરવાની જોગવાઇ કરેલી છે. આ જે છે એ આઇ.સી.આર. મૉડેલ એકટની અંદર આની જે જોગવાઇ છે એ અનુરૂપ આપણે કરેલી છે. પછી વર્ગ–ર સામાન્ય સભ્યો અને વધુ બે સભ્યોની નિમણૂક બાબત એમાં વર્ગ–રના સામાન્ય સભ્યોમાં ગુજરાત વિધાનસભાના એક સભ્ય, બે કૃષિ વૈજ્ઞાનિકો અને એક ખેડૂતનું રાજય સરકાર નામ નિયુકત કરી શકશે એવી જોગવાઇ થયેલી છે. તેમાં એક ગ્રામ્ય પૃષ્ઠભૂમિ ધરાવતા હોય તેવા એક અનુભવી મહિલા સામાજિક કાર્યકર અને એક નામાંકિત કૃષિ ઉદ્યોગકારની નિમણૂક કરવામાં આવશે. કલમ–૨૦(૧)માં કૃષિ યુનિવર્સિટીમાં આવેલા અભ્યાસક્રમોમાં અંગ્રેજી પ્રશિક્ષણ આપવા બાબત. આપણો ગુજરાતનો ૨૦૦૪નો જે કૃષિ કાયદો છે, એની અંદર ગુજરાતીમાં પણ તમે પ્રશિક્ષણ અને પરીક્ષા લઇ શકો એવી જોગવાઇ હતી. જયારે આપણે જે મોડલ એકટ છે, એની અંદર ડિપ્લોમા, પદવી અને અનુસ્નાતક આ જે કક્ષાના અભ્યાસક્રમો છે એનું પ્રશિક્ષણ અને પરીક્ષા છે એ ઇંગ્લીશમાં લેવી એવી જોગવાઇ છે, એટલે આપણે એમાં એટલો ફેરફાર કરીએ છીએ. આ સિવાયના જે પ્રમાણપત્ર આપતા જે કોર્સો છે, જેવા કે મરઘા ઉછેર કેન્દ્ર, પોલ્ટ્રી, માળી અને બેકરીની તાલીમ આપતા જે કોર્સો છે, એની અંદર વિદ્યાર્થી ગુજરાતીની અંદર પ્રશિક્ષણ પણ લઇ શકશે અને ગુજરાતીની અંદર પરીક્ષા પણ આપી શકશે.

કલમ–૨૫(૧) માં જે સુધારો છે એની અંદર અત્યારે કૃષિ મંત્રી છે એ કાઉન્સીલના અધ્યક્ષ તરીકે રહેતા અને જે નાયબ મંત્રી છે એમાં એ સભ્ય તરીકે પણ નહોતા આપણે જે નવો સુધારો કરીએ છીએ એની અંદર કૃષિ મંત્રીશ્રી છે એ એની અંદર કાઉન્સિલના અધ્યક્ષ તરીકે રહેશે અને સભ્ય તરીકે રાજય કક્ષાના કૃષિ મંત્રી અથવા નાયબ કૃષિમંત્રી એમાં સભ્ય તરીકે પણ રહી શકશે અને કૃષિમંત્રી જો ગેરહાજર હોય અને કાઉન્સિલની મિટિંગ મળે ત્યારે રાજય કક્ષાના કૃષિ મંત્રીશ્રી અથવા નાયબ કૃષિ મંત્રીશ્રી પોતે પણ અધ્યક્ષ રહી શકે એટલો આપણે ફેરફાર કરીએ છીએ. કલમ–૨૬માં કૃષિ સંશોધન સંગઠનના બદલે સંશોધન કાઉન્સિલ નામ રાખવા તથા તેના વડા તરીકે કુલપતિની નિમણૂક આપવા બાબત. અત્યારે જે આપણે કૃષિ સંશોધન સંગઠન હતુ, એની અંદર જેના વડા હતા એ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાના ડીન જે સંગઠનના વડા તરીકે હતા. હવે જે આપણે ફેરફાર કરીએ છીએ એમાં આની જે સંશોધન કાઉન્સિલ બનશે એના વડા તરીકે કુલપતિ રહેશે અને એના સભ્યસચિવ તરીકે સંશોધન નિયામક અથવા તો અનુસ્નાતક વિદ્યાશાખાના ડીન રહેશે.

કલમ–૨૭માં કૃષિ વિસ્તરણ શિક્ષણ સંગઠનને બદલે વિસ્તરણ શિક્ષણ કાઉન્સિલ નામ રાખવાની જે આની અંદર જોગવાઇ કરી છે, એમાં આપણે અગાઉ પણ જે રીતે મેં કીધું હતું તે રીતે કે કૃષિ વિસ્તરણ શિક્ષણ સંગઠન હતું એના વડા તરીકે વિસ્તરણ શિક્ષણ નિયામક જે સંગઠનના વડા હતા, એને બદલે આની અંદર કુલપતિ છે એ સંગઠનના વડા રહેશે અને વિસ્તરણ શિક્ષણ નિયામક જે પરીષદના સચિવ તરીકે રહેશે એટલા આપણે આની અંદર ફેરફાર કરીએ છીએ.

કલમ–૪૦, પેટા કલમ–ર એની અંદર જે જોગવાઇઓ હતી એ રદ કરેલી છે કારણકે કલમ–૪ની પેટા કલમ–૪માં એમાં બંને સમાન જોગવાઇઓ છે એટલે. કલમ–૪૧ની પેટા કલમ–૧ ની અંદર મુખ્ય અધિનિયમમાં કલમ–૪૧માં પેટા કલમ (૧)માં ટયુટરો અને ડેમોન્સ્ટ્રેટરો જે સહિત એટલા જે શબ્દો છે એ એમાંથી રદ કરીએ છીએ. કોલેજના સ્ટાફને બરતરફ કરવા તથા દૂર કરવા તથા નીચલી પાયરીએ ઉતારવા તથા તેની નોકરી સમાપ્ત કરવા બાબત કલમ–૫૦ ની પેટા કલમ–૧ અત્યાર સુધી આપણી જે જોગવાઇ હતી. કોલેજના સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા અથવા પાયરી ઉપર ઉતારવા એવો જે શબ્દ હતો એ કોલેજની જગ્યાએ હવે આપણે યુનિવર્સિટી શબ્દ વાપરીએ છીએ કારણકે આ એક આખી કૃષિ યુનિવર્સિટી છે એની અંદર પોતાનો જે કેમ્પસ છે એના સિવાય પણ અનેક જગ્યાએ કોલેજો હોય છે. આ જે તકલીફ પડતી હતી એને લીધે આટલો ફેરફાર કરીએ છીએ અને એમાં જે પેલાને સજા મંજૂર કરવાની સત્તા છે એ કુલપતિ પાસે હતી એને બદલે હવે આ જે સત્તા છે એ સંચાલક મંડળને આપવામાં આવે છે.

કલમ–૫૦માં અત્યારે જે સાત નવા જિલ્લાઓ થયા. એનો સમાવેશ આપણા જે અલગ ઝોનની જે યુનિવર્સિટીઓ છે એમા કરવામાં આવે છે. આપણી આણંદ કૃષિ યુનિવર્સિટી છે એમાં અત્યાર સુધી છ જિલ્લા હતા. આણંદ જિલ્લો, અમદાવાદ જિલ્લો, વડોદરા જિલ્લો, દાહોદ જિલ્લો, પંચમહાલ જિલ્લો અને ખેડા જિલ્લો એની અંદર આપણે મહીસાગર જિલ્લો, છોટા ઉદેપુર અને બોટાદ જિલ્લો આણંદની અંદર આપણે ભેળવીએ છીએ. જૂનાગઢની અંદર અમરેલી જિલ્લો, ભાવનગર જિલ્લો, જામનગર જિલ્લો, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લો હતો, એમાં મોરબી, ગીર સોમનાથ, દ્વારકા એમ ૩ જિલ્લા ભેળવીએ છીએ. નવસારીની અંદર ભરૂચ, ડાંગ, નર્મદા, નવસારી, સુરત, વલસાડ જિલ્લો હતો. એમાં તાપી જિલ્લાને ભેળવીએ છીએ. ૭ કુલ જિલ્લા નવા બન્યા છે. અલગ અલગ યુનિવર્સિટીમાં ભેળવીએ છીએ. સરદાર કૃષિ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની અંદર બનાસકાંઠા જિલ્લો, ગાંધીનગર જિલ્લો, કચ્છ,જિલ્લો, મહેસાણા જિલ્લો, પાટણ, સાબરકાંઠા જિલ્લો હતો. એમાં ૭ માં જિલ્લા તરીકે અરવલ્લીને ઉમેરીએ છીએ. આ રીતે સુધારો કરીશું. એના લીધે ચારેય યુનિવર્સિટીની અંદર એના વહીવટમાં તકલીફ પડતી હતી તે દૂર થશે. કેન્દ્ર સરકારની આઇ.સી.આર. ની ડેવલપમેન્ટની ગ્રાન્ટ મળવાની શક્યતા વધશે. એના લીધે લાંબે ગાળે રાજયના કૃષિકારો, પશુપાલકોને ફાયદો થશે, એટલા માટે હું આ બિલ વિના વિરોધે પસાર કરે તેવી સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૧૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી: સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : કામકાજ સલાહકાર સમિતિમાં આપણે નક્કી કરેલ હતું કે બુધવાર અને ગુરુવારે આ ૫ બિલો લેવા. આજે એટલે કે બુધવારે ૪ બિલો પસાર થઇ ગયા છે. એક બિલ જે બાકી છે તે આવતીકાલે ગુરુવારે લઇશું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૪૯ કલાકે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર તા. ૩જી જુલાઇ, ૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૩જી જુલાઈ, ૨૦૧૪**
**આષાઢ ૧૨, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ભાવનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય

* ૮૩૮૦ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪માં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪માં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૦૪ |
| ૨ | તળાજા | ૧૬ |
| ૩ | મહુવા | ૧૧ |
| ૪ | ઘોઘા | ૧ |
| ૫ | શીહોર | ૩૧ |
| ૬ | પાલીતાણા | ૨૦ |
| ૭ | ગારીયાધાર | ૨૧ |
| ૮ | વલ્લભીપુર | ૬ |
| ૯ | ઉમરાળા | ૯ |
| ૧૦ | બોટાદ | ૨૬ |
| ૧૧ | ગઢડા | ૨૧ |
| | **કુલ** | **૨૬૬** |

(૨) ૨૪૪.

(૩) રૂા. ૬,૧૦,૦૦૦/-

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના કયારથી અમલમાં આવી છે અને તા. ૩૧–૩–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહુવા અને તળાજા તાલુકામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી અરજીઓ મળી? કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧૦ નવેમ્બર–૨૦૦૦થી આ યોજના અમલમાં આવી. અનુસૂચિત જાતિના લોકોને મરણોત્તર સહાય પેટે ૧૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. મહુવા તાલુકામાં કુલ ૧૧ અરજીઓ મળી. જેમાંથી ૮ અરજીઓ મંજૂર કરી, ૩ અરજીઓ નામંજૂર થઇ. તળાજા તાલુકામાં ૧૬ અરજીઓ પૈકી ૧૪ અરજીઓ મંજૂર કરી. ૨ અરજીઓ નામંજૂર કરી અને કોઇ પણ અરજી પડતર નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : હું એ જાણવા માગું છું કે આ જે યોજના છે તેમાં ૩૧-૩-૧૪ની સ્થિતિએ ભાવનગર તાલુકામાં કેટલી અરજીઓ મળી? કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : ભાવનગર તાલુકામાં કુલ સંખ્યા જવાબમાં લખીને આપેલ છે તે પ્રમાણે ૨૬૬ અરજીઓ મળી હતી. તે પૈકી ૨૪૪ અરજીઓ મંજૂર થઇ અને ૨૨ અરજીઓ નામંજૂર થઇ છે. એકલા ભાવનગરમાં ૧૦૪ અરજીઓ મળેલ છે. તળાજા અને મહુવાની મેં વિગત આપી છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ અરજી કરવાની સમયમર્યાદા કેટલી છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : જે તે અરજદારનું મૃત્યુ થયાના છ માસમાં આ અંગેની અરજી કરવાની મુદત છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં સહાયના દરમાં કયારથી વધારો કરવામાં આવ્યો અને કેટલો વધારો કરવામાં આવ્યો?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ સહાય યોજના પહેલાં શરૂ કરવામાં આવી હતી ત્યારે ૧૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી. તા. ૨૩-૩-૨૦૦૭થી રૂપિયા ૧૫૦૦નો વધારો કરીને અત્યારે ૨૫૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : આ ૨૨ અરજીઓ નામંજૂર થવા પાછળના કયા કારણો છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : જે અરજીઓ નામાંજૂર કરવામાં આવી છે તેમાં ઘણી બધી અરજીઓ છે. ચાર અરજીઓ સમયમર્યાદાની બહાર મળેલ છે. ચાર અરજીઓમાં આવક વધુ હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે. ઘણાંને પોતાના પૂરતા પુરાવાઓ રજૂ નહીં કરવાને કારણે ૧૨ અરજીઓ નામંજૂર થઇ છે. એક અરજી સીધી લીટીના વારસદાર નહીં હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે.

અશોકકુમાર ર. પટેલ : હું જાણવા માગું છું કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજનાનો હેતુ શો છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : અનુસૂચિત જાતિના બી.પી.એલ.ના લાભાર્થી કે જેની પાસે પૂરતી સહાય પણ નથી અને એ મરણોત્તર ક્રિયા પણ પોતે સારી રીતે કરી શકે એવી સ્થિતિમાં નથી. તેવા લાભાર્થીઓ માટે ૨૦૦૦ની સાલથી આ યોજના શરૂ કરવામાં આવી હતી. મેં કહ્યું તે પ્રમાણે તે વખતે ૧૦૦૦ રૂપિયા સહાય પેટે આપવામાં આવતા હતા. અત્યારે ૨૫૦૦ રૂપિયા આ મરણોત્તર સહાય પેટે રાજય સરકાર ચૂકવે છે.

**ભરૂચ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

* ૮૩૮૬ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪માં ભરૂચ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ આવી, | (૧) ૧૭૦૩. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, **એચબી-૧૮૫-૧** ાં આવી, અને | (૨) ૧૫૨૧ અરજીઓ મંજૂર કરીને ૧૫૨૧ સાયકલો આપવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૧૮૨ |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩, વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલી સાયકલો આપવામાં આવી અને તેમાં સાયકલોની સંખ્યામાં વધારો થયો છે કે કેમ? પ્રશ્ન-૨, ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓ માટે મંજૂર કરેલ કુલ સહાય કેટલી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ૩૧-૩-

૨૦૧૪ની સ્થિતિએ વિકસતિ જાતિની ૧૯૭ કન્યાઓને સાયકલ આપવામાં આવી. તેની પાછળ ૪,૮૬,૮૮૬ રૂપિયા સાયકલનો ખર્ચ કરવામાં આવ્યો અને ભરૂચ જિલ્લામાં ૨૦૧૨–૧૩માં ૧૬૬ અને વર્ષ ૨૦૧૪માં ૧૫૫૧ સાયકલો આપવામાં આવી. પહેલા સાયકલોની અરજીઓ આવતી હતી, પરંતુ કિલોમિટરની મર્યાદાના કારણે આપણે બધી જ કન્યાઓને સાયકલ આપી શકતા નહોતા, પરંતુ આ રાજય સરકારે એ વખતના મુખ્યમંત્રી અને હાલના માનનીય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિને કારણે અને એ લોકોએ જે દીકરીઓને ભણાવવા માટે અભિયાન ગુજરાતમાં ઉપાડ્યું એના કારણે સાયકલ આપવા માટે જે કિલોમિટરની મર્યાદા હતી એ મર્યાદા દૂર કરી, એટલા માટે સાયકલો વધુ આપવામાં આવે છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે એ સોશિયલ વેલફેર પ્રકારની આ યોજના છે એમાં ૧૮૨ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે. આ જે સરકારે નોર્મસ નકકી કર્યા છે એ નોર્મસ ઓવરરુલ કરીને લાભાર્થીના વિરુદ્ધમાં જતુ હોય તો પણ લાભ આપવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે નોર્મસ નકકી કર્યા છે એ નોર્મસમાં જે ૧૮૨ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. આ ૧૮૨ જે નામંજૂર કરવામાં આવી જે આપણી આવક મર્યાદા નિશ્ચિત કરી છે, એના કરતા વધુ આવક હોવાના કારણે નામંજૂર કરવામાં આવી. કેટલીક અરજીઓની અંદર જે આ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને જ આનો લાભ મળતો હોય છે. એના કરતા પણ બીજી જ્ઞાતિની અરજીઓ આવવાને કારણે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવા માગુ છું કે ભરૂચ તાલુકામાં તાઃ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી સાયકલો મંજૂર કરવામાં આવી અને તે પૈકી કેટલી વિતરણ કરવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ તાલુકામાં ૫૮૭ સાયકલો મંજૂર કરવામાં આવી અને ૫૮૭ સાયકલોનું વિતરણ પણ કરવામાં આવ્યું છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું, આ જે સાયકલો આપવામાં આવી છે એ કઇ કંપનીની સાયકલો આપવામાં આવી છે અને કયા કલરની સાયકલો આપવામાં આવી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની ગ્રીમકો સંસ્થા દ્વારા આ સાયકલો આપવામાં આવે છે. આ સાયકલનો કલર કેસરી, નારંગી કલરનો આપવામાં આવ્યો છે અને આ નારંગી કલર એટલા માટે આપવામાં આવ્યો છે કે શાળામાં ભણતા વિદ્યાર્થીઓ શાળા પસાર કર્યા પછી પણ રાત્રે સાયકલ લઇને કયાંક જતા આવતા હોય અને એ વખતે કાળા કલરની જૂની જે સાયકલ આપવામાં આવતી હતી તો એનાથી અકસ્માત થવાનો સંભવ રહેતો હતો. આ સાયકલનો કલર દેખાવાના કારણે અકસ્માતની સંખ્યામાં ઘટાડો થાય અને સાવચેતી રહે એના માટે કેસરી કલર પસંદ કરવામાં આવ્યો છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે જે અરજદાર કન્યા દ્વારા જે અરજી કરવામાં આવે એમાં ગ્રામ્ય વિસ્તાર માટે આવકનો દાખલો કયા સક્ષમ અધિકારીનો માન્ય રાખવામાં આવે છે અને શહેરી વિસ્તારની જે વિદ્યાર્થીનીઓ હોય એના માટે આવકનો દાખલો કયા સક્ષમ અધિકારીનો માન્ય રાખવામાં આવે છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આવકનો દાખલો ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર કચેરીમાંથી મેળવેલ હોય તેને માન્ય રાખવામાં આવે છે. એવી જ રીતે શહેરી વિસ્તારમાં પણ માન્ય કરેલ અધિકારીઓએ આપેલ દાખલો માન્ય રાખવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : શહેરી વિસ્તારમાં જે ચીફ ઓફિસર દાખલો આપે છે એ માન્ય ગણાય છે? ઘણીવાર આ અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શહેરી વિસ્તાર માટે કયા કયા સક્ષમ અધિકારીનો દાખલો માન્ય ગણવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર **:** શહેરી વિસ્તારમાં ચીફ ઓફિસરનો દાખલો પણ માન્ય ગણવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર **:** માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું કે સાયકલનો કલર કેસરી, નારંગી રાખવાનું મુખ્ય કારણ એ કે રાત્રે જતા-આવતા અકસ્માત ન થાય એ કારણ આપ્યું છે. આ રાજ્યમાં ઘણી બધી સાઇકલ કંપનીઓ છે કે જેનો કલર બ્લેક છે. ગુજરાતની ૬ કરોડની જનતામાં ગામડામાં આજની તારીખમાં કાળા કલરની સાઇકલ લોકો વાપરે છે અને અકસ્માતનો ભોગ બને છે, તો એ બધી સાઇકલોનો કલર ભગવો કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા **:** આ સભાગૃહના જેટલા પણ માનનીય સભ્યશ્રીઓ છે અથવા ગુજરાતના નાગરિકો છે એમાં મને નથી લાગતું કે કોઇની કારનો કલર કાળો હોઇ શકે. એ કાળો કલર ન રાખવા પાછળનું કારણ પણ સલામતિનું કારણ છે. જે કંપની જે કલર પસંદ કરે છે એમાં ખરીદનારને એ ઠીક લાગે તો એ કલર પસંદ કરે અને ન પસંદ હોય તો મારા કેસરી કલરની છૂટ તો છે જ. એટલા માટે કયા કલરની સાઇકલ પસંદ કરવી એ વ્યક્તિના પોતાના પર આધારિત છે.

**જામનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવવામાં આવેલ રકમ**

* ૮૩૭૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ-૨૦૧૩-૨૦૧૪માં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૧૧૦૭૧ |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂા. ૩૩,૨૧,૩૦૦/- |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કાલાવાડ તાલુકામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ગણવેશ માટેની કેટલી અરજીઓ મળી, તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને તેમાં સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા **:** કાલાવડ તાલુકામાં કુલ ૧૭૮૫ અરજીઓ મળી એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને આ પાછળ ૫,૩૫,૫૦૦/- રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ **:** માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે આ ગણવેશ સહાય આપવામાં આવે છે એ ધોરણ-૧ ના વિદ્યાર્થીઓ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ બન્ને વચ્ચે કોઇ તફાવત હોય છે કે બન્નેને સરખી જ આપવામાં આવે છે? બીજું કે જામનગર તાલુકામાં, જોડિયા તાલુકામાં અને ધ્રોળ તાલુકામાં ૨૦૧૩-૧૪ના વર્ષ દરમિયાન કેટલા વિદ્યાર્થીઓને આ ગણવેશ સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા **:** ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવે છે એ બધાને એકસરખી રકમ ચૂકવવામાં આવે છે. એના ધોરણ પ્રમાણે કોઇ રકમ ચૂકવવામાં આવતી નથી. જામનગરમાં ૪૭૫૩, જોડિયામાં ૧૭૯ અને ધ્રોળ તાલુકામાં ૪૯૩ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા **:** હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામજોધપુર તાલુકામાં વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ સહાય યોજનાની અંદર જામજોધપુરમાં ૩૫૩ અરજીઓ મળી, બધી જ અરજીઓ મંજૂર કરવામાં આવી અને એની પાછળ એક લાખ, પાંચ હજાર, નવ સો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : એણે સાયકલનું પૂછ્યું અને તમે જવાબ ગણવેશનો આપ્યો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, ગણવેશનો પ્રશ્ન છે, એટલે સાયકલ ઉપરથી નીચે ઉતરી ગણવેશમાં આવો. માનનીય અધ્યક્ષશ્રી, મારે

આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, અનુસૂચિત જાતિ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મારફતે જે યોજનાઓ ચલાવવામાં આવે છે, આ દરેક યોજનામાં આવકનો દાખલો ફોર્મની અંદર ધારાસભ્યો અથવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ એ આવકનો દાખલો આપે અને આના માટે વિદ્યાર્થીઓને બિનજરૂરી બહુ હેરાન થવું પડે છે અને આવકનો સ્ત્રોત જાણવાનો અમારી પાસે કોઇ અધિકાર નથી કે એના કુટુંબની આવક કેટલી, એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવું છે કે, આ આવકનો દાખલો જે માંગવામાં આવે છે એ આવકનો દાખલો સરકારી સહાયની જે યોજનાઓ છે એમાંથી દૂર કરવા માગીએ છીએ કે કેમ?

બીજું, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર અથવા મામલતદાર પાસે આવકનો દાખલો લેવા કોઇ પણ વિદ્યાર્થી જાય તો એની પાસે એફિડેવિટ અને એની જે વિધિ કરે તો દોઢસો, બસ્સો રૂપિયાનો ખર્ચ થાય એટલે આ આવકનો દાખલો સરકારી સહાયની જે યોજનાઓ છે એમાંથી દૂર કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ ધારા સભ્યશ્રી અને સંસદ સભ્યશ્રીના દાખલા માન્ય ગણવામાં આવતા હતા, પરંતુ આ જ વિધાનસભા ગૃહની અંદર ઘણી બધી ચર્ચાઓના અંતે ધારાસભ્ય અને સંસદ સભ્યનો આવકનો દાખલો અત્યારે માન્ય ગણવામાં આવતો નથી. બીજી બાબત, તાલુકા વિકાસ અધિકારી કે મામલતદારે જયારે આવકનો દાખલો આપવાનો હોય ત્યારે માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે એને અનુકૂળતા રહે, એનો ખર્ચ ઘટે અને સરળીકરણ થાય એના માટે તલાટી–કમ–મંત્રી અથવા ગામના સરપંચશ્રી જે દાખલો આપે છે, એ દાખલો પણ તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારશ્રીએ સ્વીકારવાનો જેથી બીજી એફિડેવિટ કરીને એને વધારે નહીં કરવું પડે એના માટેનું સરળીકરણ કરવા રાજ્ય સરકાર કરી રહી છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ પ્રકારની સરકારી સહાય મેળવવા માટે આવકના દાખલા જે આપવામાં આવે છે એ મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને નગરપાલિકા વિસ્તારના ચીફ ઓફિસરશ્રી, આના પરિણામે તાલુકામાં અને મામલતદાર કચેરીઓમાં ઘણી વખત જે મહત્વના બીજા કામો છે એ કામોમાં ઘણી વિટંબણાઓ થતી હોય છે અને લાઇનોની લાઇનો થતી હોય છે ત્યારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આના માટે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા, એક નવી પોસ્ટ ઊભી કરીને સરળીકરણ થાય એ માટે સરકાર વિચારે છે કે કેમ ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે કે, આ સમયગાળા દરમિયાન જ બધા લોકો પ્રમાણપત્રો લેવા આવતા હોય છે અને એના કારણે લાઇનો થતી હોય છે અને વિદ્યાર્થીઓને અગવડતા પણ પડતી હોય છે, પરંતુ રેવન્યુ વિભાગ અને પંચાયત વિભાગ સાથે સંકલન કરીને જે તે સમય દરમિયાન આ અંગેના વધારે કાઉન્ટરો શરૂ કરીને એ વિદ્યાર્થીઓને વધારે ઝડપથી દાખલા મળે એની વૈકલ્પિક વ્યવસ્થા દર વર્ષે કરવામાં આવે છે, કયાંક તકલીફ હશે તો વધારાની વ્યવસ્થા કરવાની પણ રાજ્ય સરકારની તૈયારી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઠાસરા જે છૂટો પડ્યો, સેવાલીયાની અંદર જે એની બેઠક છે ત્યાં મામલતદારનો દાખલો ચલાવતા નથી અને ટી.ડી.ઓ.નો દાખલો લેવા માટે ઠાસરા આવવું પડે છે તો તાકીદે સેવાલીયા મામલતદારને સૂચના આપીને આવકના દાખલા માન્ય કરવા માગો છો કે કેમ ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે એમના એક તાલુકાની વાત નહીં, હું રાજ્ય સરકારની એઝ એ હોલ, કોઇપણને આ તકલીફ ન પડે અને એનું સરળીકરણ થાય એ માટેની સૂચના આપવામાં આવી છે અને જરૂર લાગશે તો પુન: એ સૂચના આપીને સરળીકરણ કરવાનો રાજ્ય સરકારનો પ્રયાસ છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીને પૂછવા માગું છું કે, જામનગર શહેરમાં ગણવેશ સહાય યોજનામાં કેટલા વિદ્યાર્થીઓને જામનગર શહેરમાં લાભ આપવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર શહેરની અંદર ૪,૭૫૩/- વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો છે.

**અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવવામાં આવેલ સહાય**

* ૮૩૭૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ–૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ–૨૦૧૨–૧૩માં ૧૬ અરજીઓ<br>વર્ષ–૨૦૧૩–૧૪માં ૧૧૪૫ અરજીઓ<br>------<br>કુલ ૧૧૬૧ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી છે, અને | (૨) ૧૧૫૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૨૮,૫૬,૮૬૦/-ની કિંમતની સાયકલો સહાય રૂપે આપવામાં આવી. |

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં ૧૬ અને ૧૧૪૫ અરજી થઇ. એમાંથી પાંચ અરજી નામંજૂર કરી એનું કારણ શું? રાજુલા અને જાફરાબાદની કેટલી અરજીઓ થઇ અને કેટલી મંજૂર કરી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એની પાછળ આવક વધુ હોવાને કારણે, આવકની મર્યાદા છે. ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭૦૦૦ રૂપિયા અને શહેરી વિસ્તાર માટે ૩૬૦૦૦ રૂપિયાની આવક મર્યાદા છે. આવક મર્યાદા વધારે હોવાને કારણે પાંચ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજના ધોરણ–૮ની બહેનોને શાળામાં જવા માટે તકલીફ ન પડે એટલા માટે અમલ કરવામાં આવે છે. ધોરણ–૮નો પ્રાથમિક શાળામાં સમાવેશ કરવામાં આવ્યો છે, તો હવે ધોરણ–૯ની બહેનોને શાળાએ જવા માટે તકલીફ પડે છે, તો ધોરણ–૯ની બહેનોને સાઇકલ આપવા માટે આ યોજનામાં સમાવેશ કરવામાં માગો છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : જી. સાહેબ. હવે કોઇપણ વિદ્યાર્થીનીઓ ધોરણ–૯માં અભ્યાસ કરશે, પહેલા આઠમા ધોરણમાં આપતા હતા હવે નવમા ધોરણની બહેનોને પણ આ સાઇકલ આપવામાં આવશે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી અરજી મંજૂર કરવામાં આવી અને તેમાં કેટલો ખર્ચ થયો અને કેટલી અરજી નામંજૂર કરવામાં આવી? કયા કારણોસર?

શ્રી રમણલાલ ઇ. વોરા : સાવરકુંડલા તાલુકામાં કુલ ૧૪૭ અરજી કરવામાં આવી. એ પૈકી ૧૪૫ અરજી મંજૂર કરવામાં આવી. બે અરજી નામંજૂર કરવામાં આવી. બે અરજીઓમાં આવક વધારે હોવાને કારણે બે અરજી નામંજૂર કરવામાં આવી.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ અને સરકારી છાત્રાલયોના માન્ય છાત્રાલયની સંખ્યા કેટલી છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે એમણે અમદાવાદની વાત કરી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લાની અંદર સરસ્વતી સાધના યોજના અંતર્ગત લાભ મેળવવા પાત્ર કુલ કેટલા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ હતા? એ પૈકી કેટલી અરજીઓ આવી અને એ પૈકી કેટલા લોકોને લાભ મળ્યો? મારો પ્રશ્ન

પૂછવાનો હેતુ એ છે કે લોકોને યોજનાની જાણકારી હોતી નથી એટલે શિક્ષણ સાથે વિદ્યાર્થીનીઓને જે સહાય આપવાની યોજના છે એને શાળા સાથે જોડી દેવામાં આવે. શાળાના મેનેજમેન્ટ સાથે જોડવામાં આવે તો મને લાગે છે કે સરકારની યોજનાઓનો વ્યાપ વધે અને વાસ્તવિક લાભાર્થીઓને યોજનાની જાણકારી પણ થાય અને એને વધુ ફાયદો પણ થાય. કુલ કેટલા લાભાર્થીઓ લાભ મેળવવા પાત્ર થતા હતા? એ પૈકી કેટલા લાભાર્થીઓએ અરજી કરી અને કેટલાને લાભ આપવામાં આવ્યો?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધયક્ષશ્રી, કુલ મેં અગાઉ કહ્યું, એ પ્રમાણે ૧૧૪૫ લાભાર્થીઓએ અરજી કરી, ૨૦૧૩ અને ૧૪ના વર્ષમાં . એમાંથી ૧૧૫૬ લોકોને આ યોજનાનો લાભ મળ્યો. માનનીય સદસ્યશ્રીને એટલું જ કહેવાનું કે ૨૦૧૨-૧૩માં અમરેલી જિલ્લામાં માત્ર ૧૬ અરજીઓ હતી. ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ૧૧૪૫ અરજીઓ મળી. માનનીય મંત્રીશ્રી દિલીપભાઇએ હમણા વાત કરી એ પ્રમાણે ૨૦૧૨ અને ૧૩માં ગ્રામ્ય વિસ્તાર માટે અઢી કિલોમીટરની મર્યાદા હતી, શહેરી વિસ્તારમાં ત્રણ કિલોમીટરની મર્યાદા હતી. તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે સરકારમાં હતા ત્યારે એમણે આ કિલોમીટરની મર્યાદા રદ કરવાને કારણે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચની એક લાખ કરતા વધારે વિદ્યાર્થીનીઓને આનો લાભ મળ્યો છે, એટલે ૧૬ માંથી સીધી ૧૧૪૫ બહેનોને આ લાભ વધારે મળ્યો છે. મતલબ એનો પ્રચાર, પ્રસાર અને શાળા સુધી આ યોજના જવાને કારણે આ યોજનામાં વધારે લાભાર્થીઓનો લાભ આપણને મળ્યો છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા પ્રશ્નનો જવાબ મળ્યો નથી. રાજુલા અને જાફરાબાદના ગામડાઓમાંથી કોઇ અરજી થઇ હતી? અને જો નામંજૂર થઇ હોય તો એનાં કારણો શાં છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : રાજુલા તાલુકામાં ૮૭ દરખાસ્ત મળી હતી અને આ બધી ૮૭ દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. જાફરાબાદમાંથી ૪૪ દરખાસ્ત મળી હતી અને બધી ૪૪ મંજૂર કરવામાં આવી છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની બાળાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાઇકલો આપીએ છીએ. એ સાઇકલો સત્ર ચાલુ થયા પછી કેટલા સમયની અંદર આ બાળાઓને આપીએ છીએ?

શ્રી રમણલાલ ઇ. વોરા : સામાન્ય રીતે આ ત્રણેક મહિનાની અંદર સાઇકલો આપવાનો પ્રયાસ કરતા હોઇએ છીએ. આની સાથે વિષય નથી, પણ મારે સાંકળવો છે. શિષ્યવૃત્તિ પણ આપણે પહેલા એક વર્ષ થઇ જાય કે પછી પણ આપતા હતા. હવે રાજય સરકારે નિર્ણય કર્યો છે કે કન્યા કેળવણી રથયાત્રા શાળા પ્રવેશોત્સવ થાય એટલે શાળા ખુલ્યાના ચોથા દિવસથી તે વર્ષની શિષ્યવૃત્તિ એક વર્ષ પહેલા આપી દઇએ છીએ. એમ જે તે વિદ્યાર્થીઓને એ જ વર્ષે થાય તો ૩ મહિનાના ગાળા દરમ્યાન રાજય સરકાર આપવાનો પૂરતો પ્રયાસ કરે છે.

**પાટણ ખાતે ન્યાયિક અધિકારીઓના મકાનના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૩૪૨ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ ખાતે ન્યાયિક અધિકારીઓના મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ, તે હકીકત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૭,૦૫,૭૯,૩૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડરની કામગીરી પૂર્ણ થયેથી તુર્તજ કામ શરૂ કરવાનું આયોજન છે. |

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ ખાતે ન્યાયિક અધિકારીઓના કુલ કેટલા મકાનો છે. કઇ કઇ કેટેગરીમાં બનાવવામાં આવ્યા છે અને આ મકાનોમાં શુ શું સુવિધા આપવામાં આવે

છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો તે પ્રમાણે ૭ કરોડ ૫ લાખના ખર્ચે પાટણમાં ન્યાયિક અધિકારીઓ માટેના રહેવાની સુવિધા માટેના ક્વાર્ટર્સ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. આ ક્વાર્ટસમાં પાટણ ખાતે ઇ–વન કેટેગરીના કુલ ૧૦૦ રહેણાંકના મકાનો બનાવવામાં આવ્યા છે. આ મકાનોમાં મકાન દીઠ ૨ બેડરૂમ, ૧ ડ્રોઇંગ રૂમ, ૧ કિચન, ૧ ઓફિસ રૂમ, ૧ ડાઇનિંગ રૂમ, ૧ સ્ટોર રૂમ, ૧ સર્વન્ટ રૂમ એમ કરીને જે ન્યાયિક ઓફસરો હોય, તેમને પોતાને ત્યાં સંપૂર્ણ સુવિધા મળી રહે એ પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં એવું થતું હતું કે ન્યાયિક અધિકારીઓને જ્યારે કોઇ ભાડાના મકાનમાં રહેવા જવાનું થાય તો ચેક કરવું પડતું કે ભાડાના મકાનમાં રહેવા જાય છે તે લીટીગેશન વાળું નથી ને. ત્યાં અવાર–નવાર ગુનેગારોને રજૂ કરવાના હોય તો આજુબાજૂના લોકોને સમસ્યા થતી હતી. એવા સંજોગોમાં ન્યાયિક અધિકારીઓની પ્રાઇવસી, અલગતા રીતે જળવાઇ રહે તે માટે રાજય સરકારે ૭ કરોડ ૫ લાખના ખર્ચે સુવિધા સંપૂર્ણ કરાવી છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ ખાતેના જ્યુડીશિયલ ઓફિસરોના નિવાસના બાંધકામની કામગીરી કયારે શરૂ કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે પૂછ્યું તે પ્રમાણે પાટણ ખાતેના જ્યુડીશિયલ ઓફિસરોના નિવાસ મકાનના બાંધકામની કામગીરી ટેન્ડર હાલ મંજૂરી અર્થે વિચારણા હેઠળ છે અને જે આખરી થયેથી પ્રવર્તમાન નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પાટણ ખાતે ન્યાયિક અધિકારીઓના મકાન બાંધવા માટેની કોની કોની કેટલી અરજીઓ આવી હતી. એમાંથી કેટલી મંજૂર કરી અને ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે તે ચોક્કસ કેટલા સમયમાં પૂર્ણ થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો તે પ્રમાણે આમાં કોઇની અરજી નથી આવતી, પરંતુ હાઇકોર્ટ દ્વારા રાજયની અંદર જુદા જુદા જિલ્લાઓના તાલુકા મથકે ન્યાયિક અધિકારીઓ માટે રહેણાંકની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારને જણાવવામાં આવે છે. રાજય સરકારને જણાવ્યા પછી રાજય સરકાર જે તે કલેકટરોને સૂચના આપીને એની આનુષંગિક જગ્યા માટેની કલેકટર પાસેથી જગ્યાની માગણી કરે છે. તે પ્રમાણે પાટણની અંદર ૨૫ જેટલા લોકોને રહેવા માટેની જગ્યાની માગણી કરવામાં આવી હતી. તે જમીન ત્યાંના ડીસ્ટ્રીકટ જજને બતાવવામાં આવી હતી. ડીસ્ટ્રીક જજને જગ્યા જે બતાવવામાં આવી હતી તેમાંથી તેમણે જે પસંદ કરી હતી તે જગ્યાની અંદર ૧૬ લોકોના કવાર્ટર્સ પસંદ થઇ શકે તેવી જગ્યા પસંદ કરવામાં આવી હતી. એટલા માટે આપણે ૧૬ જગ્યાઓ પસંદ કરી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જયુડીશીયલ કવાર્ટર્સ બનાવવામાં આવ્યા છે તે ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટથી કેટલા અંતરે દૂર આવેલા છે અને રહેણાંકવાળા વિસ્તારમાં છે કે કેમ? બીજું મારા હિંમતનગરમાં ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટનું મકાન બનાવવાનું છે તો તે મકાનની જગ્યા ફેરફાર થવાની જે વાત છે તેમાં કોઇ લીટીગેશન થયેલ છે કે કેમ તે હું જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો પ્રશ્ન ન્યાયિક અધિકારીઓને અને તે પણ જવાબ હું આપી શકું છું. ન્યાયિક અધિકારીઓની જગ્યા ત્યાંના જજ જે જગ્યા પસંદ કરે તે કરવામાં આવે છે. તેનું એકઝેટ લોકેશન મારી પાસે નથી. બીજો પ્રશ્ન કર્યો હિંમતનગરના સંદર્ભમાં તો ત્યાં આગળ રાજય સરકારે જરૂરી મંજૂરી આપી દીધા પછી, અગાઉના ડીસ્ટ્રીકટ જજ હતા તેમણે અત્યારની કોર્ટની જગ્યા હતી તે કોર્ટની જગ્યાએ જ નવી કોર્ટ બનાવવા માટેનું સૂચન કરેલ હતું. તે દિશામાં પ્રક્રિયા આગળ શરૂ કરવામાં આવી. ત્યારબાદ નવા ડીસ્ટ્રીકટ જજ આવ્યા તો તેમણે કાંકરોલ મુકામે નવી જગ્યાની માગણી કરી અને તેની અંદર જિલ્લા કોર્ટ બનાવવા માટેની માગણી કરી. તેના સંદર્ભમાં સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠીઓ દ્વારા રજૂઆત થઇ છે, બાર એસોસિએશન દ્વારા પણ રજૂઆત થઇ છે અને આ બંને રજૂઆતો આપણે હાઇકોર્ટ સાથે પરામર્શ કરીને લોકોને ઉપયોગી થઇ શકે અને અનુકૂળ જગ્યા હોય તેવી જગ્યાએ અમે કોર્ટનું કામ શરૂ કરીશું.

**મહુવા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૩૪૬ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના મહુવા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) અગાઉ રૂ।. ૬,૦૫,૭૦,૯૦૦/- ની મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ રૂ।. ૬,૪૪,૯૮,૦૬૪/-ની સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) કામ તા. ૧-૭-૧૨ શરૂ કરેલ અને તા. ૩૦-૫-૧૩ ના રોજ પુર્ણ કરેલ છે. |

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે, સુરત જિલ્લાના મહુવા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ થયેલ છે પરંતુ કોર્ટ બિલ્ડીંગમાં શું શું સુવિધાઓ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ મહુવા જેવા એક તાલુકા કક્ષામાં પણ રાજ્ય સરકાર દ્વારા નવી કોર્ટ બિલ્ડીંગમાં ચાર કોર્ટો શરૂ કરવાનું નકકી કર્યુ છે. આ ચાર કોર્ટોની અંદર ૬ કરોડ ૪૪ લાખ જેટલો માતબર ખર્ચ ન્યાયિક સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ જે ચાર કોર્ટ બનવાની છે તે કોર્ટની અંદર જજ ચેમ્બર, કોર્ટ રૂમ, સ્ટેમ્પ વેન્ડર રૂમ, રેકર્ડ રૂમ, લોકઅપ રૂમ, સ્ટ્રોંગ રૂમ, રજીસ્ટ્રાર રૂમ, સાઇબર રૂમ, લાઇબ્રેરી રૂમ, ઝેરોક્ષ રૂમ તેમજ જે લીટીગન્ટસ આવતા હોય, વકીલો આવતા હોય, ન્યાયાધીશો આવતા હોય તે બધાના માટે ત્યાં પાર્કીંગની સુવિધા સાથેની આ કોર્ટ બનવાની છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહુવામાં જે જયુડીશીયલ મેજીસ્ટ્રેટો છે તેમના આવાસો માટેની કોઇ યોજના કરી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે હાઇકોર્ટ દ્વારા તેના અંગેની માગણી કરવામાં આવશે ત્યારે આ રાજય સરકાર રાજયની ન્યાયિક અધિકારીઓના રહેણાંકની સુવિદ્યા કરે છે, તેમ હાઇકોર્ટ દ્વારા મળ્યેથી તે દિશામાં હકારાત્મક રીતે આગળ વધીશું.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લાના મહુવા ખાતે જે કોર્ટ બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે, તેના ટેન્ડરીંગની પ્રોસેસની અંદર કેટલી એજન્સીઓએ ભાગ લીધો હતો? તે પૈકી કઇ એજન્સીને આ કામ સોંપવામાં આવેલ છે. જે એજન્સીએ હાઇએસ્ટ કોટ કરેલ અને જે એજન્સીએ લોએસ્ટ કોટ કરેલ તે વચ્ચેની કિંમતમાં કેટલો તફાવત હતો તે મારે જાણવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તેમ સુરત જિલ્લાના મહુવા ખાતેની આ નવી કોર્ટ બિલ્ડીંગના કામે ટેન્ડર પ્રક્રિયાની અંદર કુલ આઠ જેટલા બીડર્સ દ્વારા ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવામાં આવેલ હતો. તેની અપસેટ પ્રાઇઝ ૬ કરોડ ૪૪ લાખ રૂપિયા નકકી કરવામાં આવી હતી. પરંતુ લોએસ્ટ યોગેશ કન્સ્ટ્રકશન કંપની સુરતએ લોએસ્ટ ભરેલ હતું એટલે તેમને પસંદ કરવામાં આવ્યા છે. એનું લોએસ્ટ એમણે ભર્યું હતું, એટલે એમને પસંદ કરવામાં આવ્યા છે અને એમણે રૂપિયા ૪,૯૮,૨૯૦૦૦ સૌથી નીચા ભાવ વાળા બિડરની આપણે પસંદગી કરેલ છે.

**રાજ્યમાં મિડીએશન સેન્ટર દ્વારા કેસોનું સમાધાન**

* ૮૩૨૭ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જુદા જુદા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા મિડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે, | (૧) રાજ્યમાં કુલ–૩ જિલ્લાઓ ખાતે તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મિડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં કેવા પ્રકારના કેસો મૂકવામાં આવે છે, અને | (૨) મીડીએશનમાં નીચેના પ્રકારના કેસો મુકવામાં આવે છે. (૧) કૌંટુંબિક વિવાદના કેસો (૨) મજૂરોને લગતા કેસો (૩) મોટર એક્સિડેન્ટ કલેઇમને લગતા કેસો (૪) મકાન માલિક ભાડુઆત વચ્ચેના વિવાદોના કેસો (૫) નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ નીચે નોંધાયેલ ફરિયાદો (૬) ભરણ પોષણ ને લગતા કેસો (૭) સમાધાન લાયક ફોજદારી કેસો (૮) મનાઈ હુકમના કેસો (૯) વિશિષ્ટ દાદ માંગતા કેસો (૧૦) રકમની વસુલાત અંગેના કેસો (૧૧) કોર્ટમાં દાખલ ન થયા હોય તેવા કેસો |
| (૩) તે પૈકી કેટલા કેસોનું સમાધાન કરવામાં આવ્યું? | (૩) તે પૈકી ૩૮૬ કેસોમાં સમાધાન થયેલ છે. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મિડીએશન એટલે શું, મિડીએશન સેન્ટરની કામગીરી કેવી હોય છે અને મિડીએશનની કાર્યવાહી કોણ કરી શકે, અને તેમાં કેવા પ્રકારના કેસ મૂકી શકાય છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા કાયદા વિભાગને અને રાજયની જનતાને ઉપયોગી થઇ શકે એવો બહુ જ અગત્યનો પ્રશ્ન પૂછ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નની અગત્યતા એટલા માટે છે કે, આપણી ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક સમયથી સૌ પ્રથમ મિડીએશન તકરાર નિવારણ કરવાનું કામ કરીને શ્રીકૃષ્ણએ મહાભારતનું યુદ્ધ ન થાય તેના માટે એમણે પ્રયાસ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં કહેવત છે કે, પંચ ત્યાં પરમેશ્વર અને એ ભારતીય સંસ્કૃતિએ પરંપરા જાળવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ પ્રોસિઝર કોડમાં કલમ ૮૯નો ઉમેરો અને ૧૯૯૯માં સુધારો કર્યો જેનો અમલ ૨૦૦૨થી થયો અને સિવિલ પ્રોસિઝર કોડની કલમ ૮૯માં કોર્ટ બહાર પક્ષકારો વચ્ચે તકરારના સમાધાન માટે વૈકલ્પિક તકરાર નિવારણ માટેના જુદા જુદા ચાર એમણે સૂચન કર્યા, એમાં એક આર્બિટ્રેશન, કન્કયુલેશન, જ્યુડિશિયલ સેટલમેન્ટ અને મિડીએશન અને આ મિડીએશન એ વિવાદોનું નિરાકરણ લાવવા માટેની એક સરળ, નિષ્પક્ષ, બિનખર્ચાળ અને આધુનિક પદ્ધતિ છે. આમાં જેણે મિડીએશન માટેની ટ્રેનિંગ લીધી છે, એવા લોકો બંને પક્ષોને વારાફરતી પ્રોફેશનલ રીતે બોલાવી એની સાથે વાત કરે છે અને વાત કર્યા પછી એ બધાનો દષ્ટીકોણ સમજે છે અને દષ્ટીકોણ સમજયા પછી કોર્ટ સમક્ષ રજૂ કરે છે અને એમાં કોર્ટમાં આનું સમાધાન થઇ જાય તો પછી એને આગળ અપીલ કરવા માટેનો કોઇ અવકાશ રહેતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર. કોર્ટની અંદર દાવો થાય, એની પહેલા જો કોર્ટની બહાર આનું સમાધાન થઇ જાય તો કોર્ટોની અંદર જે કેસોના ભરવાની સંખ્યા છે, એમાં ઘટાડો થાય અને ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે જે સમાધાનના આધાર ઉપર એનું નિરાકરણ આવે એટલા માટે આ મિડીએશન સેન્ટર એ અત્યંત અગત્યનું છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ કોર્ટમાં કેટલા કેસો પડતર હતા, અને એમાંથી એની અંદર કેટલા કેસોનું મિડીએશનથી સમાધાન કરવામાં આવ્યું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮થી જે શરૂ થયેલી આખી પ્રક્રિયામાં ૨૦૧૪ સુધીમાં કુલ ૨૩ જેટલા મિડીએશન સેન્ટરો આપણે ઊભા કર્યા છે. એ મિડીએશન સેન્ટરોની અંદર જુદા જુદા જે કેસીસ છે એ કેસીસ પ્રમાણે એના સમાધાનમાં પણ આપણને સફળતા મળી છે. છેલ્લા ત્રણ વર્ષના મારી પાસે આંકડા છે, એમાં છેલ્લા ત્રણ વર્ષની અંદર ૧૦૩૦ જેટલા કેસોના સમાધાન થયેલા છે અને છેલ્લા એક વર્ષમાં ૩૮૬ જેટલા કેસોનું આની અંદર સમાધાન થયેલ છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અગાઉ કેટલા મિડીએશન સેન્ટર હતા, અને એમાં કયા કયા પ્રકારના જજ હોય છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮થી આપણે આની પ્રક્રિયા શરૂ કરી છે અને ૨૦૦૮માં શરૂઆતમાં પહેલા વર્ષે માત્ર બે જ મિડીએશન સેન્ટર હતા અને ક્રમશઃ મિડીએશન સેન્ટરમાં કેસોના અસરકારક નિકાલ આવવાના કારણે એમાં ક્રમશઃ વધારો થઇને આજે સમગ્ર રાજયની અંદર ૨૩ જેટલા મિડીએશન સેન્ટરો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મિડીએશન સેન્ટરોમાં માનનીય પ્રફુલભાઇએ પૂછ્યું એ પ્રમાણે એ મિડીએશન સેન્ટરની અંદર કોઇ જજ નથી હોતા પરંતુ નિવૃત્ત ન્યાયાધીશો હોય, વકીલો હોય, સામાજીક કાર્યકરો હોય અને જુદા જુદા ક્ષેત્રની અંદર જેની પોતાની સ્કિલ છે આવા લોકો હોય, આવા લોકોને પ્રશિક્ષિત કરવામાં આવે છે અને પ્રશિક્ષિત કર્યા પછી આ લોકો પોતે એની અંદર મિડીએશન સેન્ટરની પ્રમુખ ભુમિકા ભજવીને એ કેસોના નિરાકરણ માટે પોતાની અસરકારકતા સ્થાપિત કરતા હોય છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જે આ મિડિયેશન સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે, ડિસ્ટ્રિકટ અને સેશન્સ કોર્ટોમાં, એમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે એમાં મિડિયેટર તરીકે જજીસ હોય, વકીલ હોય એ તમામને જે વેતન આપવામાં આવે છે તે વેતનના દર કેટલા છે અને એમને કઇ રીતે વેતન આપવામાં આવે છે? નિકાલ કરેલા કેસો પ્રમાણે વેતન આપવામાં આવે છે કે ઉચ્ચક વેતન આપવામાં આવે છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચક વેતન આપવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : મિડિયેટર તરીકે સામાજિક સંસ્થા હોય કે વકીલ હોય કે જજ હોય એમને કેટલું કેટલું વેતન આપવામાં આવે છે એ હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચક વેતન આપવામાં આવે છે, બીજા આંકડા નથી મારી પાસે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષીશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં ત્રણ જિલ્લાની અંદર મિડિયેશન સેન્ટર ચાલુ છે, તો એ કયા કયા જિલ્લામાં છે?, એમાં અમરેલી જિલ્લામાં હોય તો સારું અને ન હોય તો ચાલુ કરવા માગે છે કે કેમ? કુલ ૧૧ પ્રકારના કેસોને આ મિડિયેશન સેન્ટરની અંદર લાવવામાં આવે છે. એમાં કૌટુંબિક વિવાદના કેસો છે, ભરણ પોષણના કેસો છે, ભાડૂઆત–મકાન માલિક વચ્ચેના કેસો છે, મારે એ જાણવું છે કે ગામમાં શેઢાના પ્રશ્ન હોય, એકબીજાના ખેતરમાંથી પાણીના નિકાલના મુદ્દા હોય, આ પ્રશ્નો ક્યારેક મોટું સ્વરૂપ લેતા હોય છે, તો આ મિડિયેશન સેન્ટરમાં. જે પંચની પ્રથા હતી તે પ્રમાણે દરેક ગામની અંદર આ મિડિયેશન સેન્ટર મારફતે પંચોની નિમણૂક કરવામાં આવે, ગામના પ્રતિષ્ઠિત લોકો એમાં સામેલ થાય અને એક ફોરમ બનાવવામાં આવે તો ઘણા મુદ્દાઓ છે, રેવન્યુની કોર્ટોના પ્રશ્નો પણ ઓછાં થાય એટલે આનો વ્યાપ વધારવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી **:** ટૂંકમાં શેઢાના અને ધોરિયાના જે ગામમાં ઝઘડાં થતાં હોય છે એ ઉમેરવા માગો છો કે કેમ?

શ્રી પરેશ ધાનાણી : આ મિડિયેશન સેન્ટર તાલુકા અને ગ્રામ્ય કક્ષા સુધી લઇ જવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જાણવા માંગ્યુ તેમાં સમગ્ર ગુજરાતમાં જુદા જુદા અમદાવાદ, બનાસકાંઠા, ભરૂચ, દાહોદ, ડાંગ, જામનગર, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ, મેટ્રો

અમદાવાદ, હાઇકોર્ટ મિડિયેશન સેન્ટર આ પ્રમાણે જુદા જુદા ૨૩ સ્થાનો ઉપર હાલમાં મિડિયેશન સેન્ટરો ચાલે છે. સન્માનનીય સભાગૃહને મારે એ જણાવવું છે કે, આમાં કયા પ્રકારના કેસો આવે છે, તો કૌટુંબિક વિવાદના કેસો, મજૂરોને લગતા કેસો, મોટર એકસીડન્ટના કેસો વિગેરે આવે છે.

અધ્યક્ષશ્રી **:** એ તો આવી ગયું પરંતુ એ એમ કહે છે કે, શેઢાને લગતા કેસો હોય, પાણીને લગતા કેસો હોય જે ગ્રામ્ય વિસ્તારમાં વારંવાર ઝઘડાં થાય છે એ આમાં ઉમેરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અત્યારે તો આપણને જે ગાઇડલાઇન છે એ પ્રમાણે આ અગિયાર જે એરિયા નક્કી કર્યા છે એ પ્રમાણે જ આપણે કામગીરી કરી છીએ.

અધ્યક્ષશ્રી **:** ટૂંકમાં આ નક્કી કરવાની સત્તા ગુજરાત સરકારની કે નામદાર હાઇકોર્ટની ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આમાં આપણને નાલ્સા દ્વારા હાઇકોર્ટને ગાઇડન્સ આપવામાં આવ્યું છે અને હાઇકોર્ટે રાજ્ય સરકારને આટલા કેસો માટે મિડિયેશન સેન્ટર ઉભાં કરવાનું જણાવેલ છે.

શ્રી પરેશ ધાનાણી : મારો મુદ્દો માત્ર એટલો જ છે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ સમાધાન પંચ જેવી ફોર્મ્યુલા છે, તો એ બહાર સમાધાન કરાવી કોર્ટમાં કેસોનો નિકાલ કરે છે. કેસો ઉત્પન્ન થાય એ પહેલાં સમાધાન માટેના રસ્તાઓ ખોલવા, એટલે આપણા આ મિડિયેશન સેન્ટર છે એને તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ લઇ જવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આની સત્તા રાજ્ય સરકારને નથી. હાઇકોર્ટને છે. હાઇકોર્ટ જેટલું કહેને એટલું કરવાનું છે.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ સમાધાન પંચ નિયુક્ત કરવાની સત્તા રાજ્ય સરકારને છે, એટલે ગ્રામ્ય કક્ષાએ પંચની રચના કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ અગિયાર સિવાય કોઇપણ પ્રકારના જે પેન્ડિંગ લિટિગેશન હોય અથવા પ્રિ–લિટિગેશન હોય એવા પણ મિડિયેશન સેન્ટરમાં કન્સીલીએશન માટે આપણે મૂકી શકીએ છીએ.

**કચ્છ જિલ્લામાં ગણવેશ સહાય મેળવવા મળેલ વિદ્યાર્થીઓની અરજીઓ**

* ૮૩૯૩ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૧,૮૪,૨૮૫. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૧,૮૪,૨૮૫ વિદ્યાર્થીઓને કુલ રૂા.૫,૫૨,૮૫,૫૦૦/–ની સહાય ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજૂર કરવામાં આવી ? | (૩) એક પણ નહીં. |

શ્રી પંકજભાઇ મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, અમારા કચ્છ જિલ્લાની અંદર લગભગ ૪૦ ટકા જેટલા વિકસતી જાતિની વસતિ ધરાવતા વિસ્તારની અંદર જે ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે તે પૈકી રાપર તાલુકાની અંદરથી કેટલી અરજીઓ મળી છે અને એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી છે અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે. બીજું, ગણવેશ સહાય હાલમાં વિદ્યાર્થી દીઠ કેટલી ચૂકવવામાં આવે છે અને છેલ્લે એમાં કયારે વધારો કરવામાં આવ્યો છે અને કેટલો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાપર તાલુકામાં ગણવેશ સહાય માટે કુલ ૨૪,૩૬૮ અરજીઓ આવેલી હતી. આ પૈકી તમામ ૨૪,૩૬૮ અરજીઓ નિયમ પ્રમાણે માન્ય અરજીઓ હતી એટલે એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને આ તમામ વિદ્યાર્થીઓને ૭૩,૧૦,૪૦૦ રૂપિયાની ચૂકવણી પણ કરી દેવામાં આવી છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો. એમાં કહું તો અત્યારે હાલ

આપણે ૩૦૦ રૂપિયા પ્રમાણે ગણવેશ સહાય ચૂકવીએ છીએ. અગાઉ ૨૦૧૨-૧૩માં ૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવતા હતા. એમાં સો રૂપિયા વધારો કરીને તા. ૧૦-૪-૨૦૧૨થી નવા ઠરાવ મૂજબ આજે આપણે ૩૦૦ રૂપિયા ચૂકવીએ છીએ.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ગણવેશ માટેનો પ્રશ્ન છે. એમાં એક પ્રશ્ન એ છે કે, ભૂજ તાલુકામાંથી કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી? બીજું, મારે એ જાણવું છે કે, આ જે અરજીઓ કરવામાં આવે છે એ અરજીઓ વિદ્યાર્થી પોતે કરે છે કે શાળામાંથી શિક્ષકો કરે છે? આ એટલા માટે પૂછું છું કે, આ વિકસતી જાતિના જે લોકો છે, એ લોકો જેટલા એન્ટાઇટલ છે, એ બધાને આનો લાભ મળે છે કે અમુક લોકો અરજી કરવામાં રહી જતા હોય છે? એટલા માટે મેં પૂછ્યું છે કે આ અરજી શાળામાંથી જ કરવામાં આવે છે કે વિદ્યાર્થી પોતે કરતા હોય છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ભૂજ તાલુકાની અંદર ૩૬,૧૯૨ અરજીઓ આવેલી હતી, અને એ તમામે તમામ અરજીઓને મંજૂર કરવામાં આવી છે અને આ જે અરજીઓ આવી હતી એમાં ૧,૦૮,૫૭,૬૦૦/-ની સહાય એ બધાને ચૂકવી દેવામાં આવી છે. જયારે વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થાય તે વખતે કઇ કેટેગરીના વિદ્યાર્થીઓ હોય અને એ અરજીના આધારે શાળામાંથી અરજી થાય, શાળામાંથી પણ એનું કેલ્ક્યુલેશન થઇને અરજી કરવામાં આવે અને એના આધારે જે અરજીઓ થાય, એટલે લગભગ કોઇ બાળક ન રહી જાય એવા પ્રયાસો કરીને આ અરજીઓને ચૂકવણું કરવામાં આવે છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, આ જે આપણે ગણવેશ સહાય મંજૂર કરીએ છીએ એ ગણવેશ સહાયની ચૂકવણીની જે પદ્ધતિ છે એ પદ્ધતિ શું છે? અગાઉ આપણે રોકડેથી ચૂકવતા હતા એમાં હવે પછી કોઇ સુધારા કરવામાં આવ્યા છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણે રોકડમાં ચૂકવતા હતા પણ આમાં કેટલીક ફરિયાદો મળતી હતી, કયાંક પૈસા ગેરવલ્લે જતા હતા એટલે આ બાળકોને અને એના વાલીઓને આ પૈસા મળે એટલા માટે હવેથી રાજય સરકારે એના સીધા બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની પદ્ધતિ દાખલ કરી છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ૧,૮૪,૨૮૫ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫,૫૨,૮૫,૫૦૦/-ની ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, મારા મત વિસ્તાર ગાંધીધામમાં ૨૦૧૩-૧૪ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી, એ પૈકી કેટલી મંજૂર થઇ અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીધામ તાલુકામાં ૨૦૧૩-૧૪માં ગણવેશ સહાય માટે કુલ ૧૦,૧૯૨ અરજીઓ આવી હતી અને આ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એને ૩૦,૫૭,૬૦૦/- રૂપિયાનું ચૂકવણું પણ કરી દેવામાં આવ્યું છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, કેટલીક અરજીઓ ગેરવલ્લે જાય, એમાં મોટી લેવડદેવડ થાય, પૈસાની ગોલમાલ થાય (અંતરાય) અને એટલા માટે ચેક મારફતે પેમેન્ટ થાય છે. મારે જાણવું છે કે સરકારશ્રી પાસે આવી કોઇ માહિતી છે કે કેટલા પૈસાની આમાં ગેરરીતિ થઇ એટલે કે નાણાં ગેરવલ્લે ગયાં?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારે એક એ વાત કરવાની છે કે મેં એવું કહ્યું જ નથી કે અરજીઓ ગેરવલ્લે જાય છે. એવા કોઇ શબ્દો મેં કહ્યા જ નથી. પહેલાં રોકડ સહાય ચૂકવવામાં આવતી હતી અને તે વખતે ગેરરીતિઓની ફરિયાદ મળતી હતી. એમના પરિવારોને ગણવેશના પૈસા કે શિષ્યવૃત્તિના પૈસા ચૂકવાતા નહોતા. એટલા માટે રાજય સરકારે પારદર્શક વહીવટ થાય અને તેમના તમામ પરિવારોને આ સહાય મળે એટલા માટે આ રકમ એમના બેંક એકાઉન્ટમાં જમા કરાવેલ છે.

તા. ૩જી જુલાઇ, ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા મેળલ અરજીઓ**

* ૮૩૮૪ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં કચ્છ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ. મેટ્રીક શિષ્યવૃતિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૧,૬૭,૨૪૩. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૧,૬૭,૧૬૫ બાળકોને રૂા. ૪,૫૯,૯૬,૦૦૦/- ની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા બાળકોની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) ૭૮. |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, પિ-મેટ્રિક શિષ્યવૃત્તિ ૨૦૧૩-૧૪ ની સ્થિતિએ ૧,૬૭,૨૪૩ અરજીઓ આવેલ અને એમને રૂ.૪,૫૯,૯૬,૦૦૦ ની ચૂકવણી થયેલ છે. તો મારા મત વિસ્તાર ગાંધીધામમાં તા. ૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ આ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી રકમનું તેમને ચૂકવણું કરવામાં આવેલ છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીધામમાં આ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવા માટે કુલ ૭૯૬૫ અરજીઓ મળી અને એમાંથી ૭૯૬૦ અરજીઓ મંજૂર કરી છે અને એમાંથી ફકત ૫ જ અરજીઓ નામંજૂર થઇ છે અને આ મંજૂર કરેલ અરજીઓ પૈકી રૂ. ૨૨,૦૪,૦૦૦ ની શિષ્યવૃત્તિનું ચૂકવણું કરવામાં આવેલ છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિની અરજીઓ બાબતમાં મારા અંજાર તાલુકાના ૬૫ ગામોમાંથી કુલ કેટલી અરજીઓ આવી અને એમને કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૧,૧૭૨ અરજીઓ મળી હતી, એ પૈકી ૨૧,૧૭૦ અરજીઓ મંજૂર કરી છે અને ૨ અરજી નામંજૂર થઇ છે અને કુલ રૂ.૨૭.૮૫ લાખની ચૂકવણી થયેલ છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી,આ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિનો પ્રશ્ન છે એમાં આ જે ૧,૬૭,૧૬૫ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને આખા જિલ્લામાં આ સહાય ચૂકવવામાં આવી છે. ખરેખર કહું તો આ જોઇને અમને ખૂબ જ આનંદ એટલા માટે થાય છે કે શાળા પ્રવેશોત્સવનો છેલ્લા ૧૦ વર્ષથી કાર્યક્રમ શરૂ થયો એના પરિણામે આ વિકસતી જાતિના બાળકોમાં જાગૃત્તિ આવી છે. આ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિમાં આખા જિલ્લામાં રૂ. ૪,૫૦,૯૬,૦૦૦ જેવી માતબર રકમ ચૂકવવામાં આવી છે, એના માટે હું સરકારને અભિનંદન આપું છું. હવે મારો પ્રશ્ન એ છે કે ભૂજ તાલુકામાં કેટલી આના માટેની અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ભૂજ તાલુકામાં ૩૦,૬૪૮ અરજીઓ મળી હતી તે પૈકી ૬૧ અરજીઓ નામંજૂર થઇ છે અને મંજૂર થયેલ અરજીઓમાં કુલ ચૂકવણી રૂ.૮૫.૮૧ લાખની થઇ છે.

શ્રી પંકજકુમાર મહેતા: માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચૂકવવાનો વિષય છે તેમાં હું જાણવા માગું છું કે અતિ પછાત એવા રાપર તાલુકામાં આવા વિદ્યાર્થીઓની સન ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર થઇ અને એમને કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાપર તાલુકામાં આવી કુલ ૨૩૫૯૭ અરજીઓ આવી હતી. એ પૈકી સોએ સો ટકા એટલે કે ૨૩૫૯૭ કુલ અરજીઓ મળી હતી એ બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને કુલ રૂ.૬૩.૪૮ લાખની ચૂકવણી કરેલ છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, આ પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ કેટલી આપવામાં આવે છે અને આજે પાઠ્ય પુસ્તકો અને નોટબૂક તેમજ બીજો સંલગ્ન ખર્ચ ખૂબ વધારે આવે છે તેથી આ પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિમાં કોઇ વધારો કરવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ ધોરણ ૭ અને ૮ માં રૂપિયા ૨૫૦ અને ધોરણ ૯ માં રૂપિયા ૪૦૦ લેખે ચૂકવવામાં આવે છે. અને વધારો કરવા માટેનું માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**પલસાણા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનાં બાંધકામ માટે મંજુર કરેલ રકમ**

* ૮૩૪૧ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં પલસાણા ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૭,૪૩,૮૪,૪૫૦/– |
| (૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૦૧–૦૧–૨૦૧૪ થી બાંધકામ શરૂ કરેલ છે. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં બે નવા કોર્ટ બિલ્ડીંગ બનાવવાની મંજૂરી મળી છે તે બદલ અમે આનંદ વ્યકત કરીએ છીએ. હવે આ પલસાણા અને મહુવા છે, એમાંથી આ પલસાણાના બિલ્ડીંગનું કામ કયારે પૂરું થવાનું છે અને અત્યારે તેનું સ્ટેટસ શું છે? અને આ આધુનિક સુવિધાયુકત બિલ્ડીંગ બની રહ્યું છે, તો એમાં લોકોને શું શું ખાસ પ્રકારના લાભો મળવાના છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોર્ટ બિલ્ડીંગ માટે ૭ કરોડ ૪૬ લાખ રૂપિયાના ખર્ચની વહીવટી મંજૂરી આપી છે. રાજ્ય સરકારે લોકોને ઝડપથી ન્યાય મળે અને ન્યાયની પ્રક્રિયામાં ઝડપ લાવવા માટે અત્યંત આધુનિક સુવિધા પૂર્વકનું મકાન બનાવવાનું નક્કી કર્યું છે. હાલમાં પલસાણામાં બ્લોક રીસર્ચ સેન્ટરમાં કોર્ટ બેસે છે અને તેના કારણે બારના વકીલો, લોકો અને ન્યાયધિશોને પણ સમસ્યા થાય છે. આ બિલ્ડીંગનું બાંધકામ ૩૦મી નવેમ્બર ૨૦૧૪ના રોજ પૂરું થવાનું છે. આમાં ૪ કોર્ટ હશે, બધી જ એક જગ્યાએ થવાને કારણે સાનુકૂળતા રહેશે અને નવા બિલ્ડીંગ હોવાથી જયુડિશીયરીની કાર્યક્ષમતામાં વધારો થવાનો છે. સ્વચ્છતા જળવાશે અને ન્યાયની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે.

**પંચમહાલ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ ગણવેશ સહાય**

* ૮૩૯૬ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૨,૧૨,૫૩૨/ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૨,૧૨,૫૩૨ વિદ્યાર્થીઓને કુલ રૂ ૬,૩૭,૫૯,૬૦૦/ ની સહાય ચૂકવવામાં આવી |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજૂર કરવામાં આવી ? | (૩) એક પણ નહીં. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં ૨,૧૨,૫૩૨ વિકસતી જાતિઓના વિદ્યાર્થીઓને કુલ ૬,૩૭,૫૯,૬૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે તે બદલ સરકારશ્રીને અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : કોઇને અભિનંદન આપવાની જરૂર નથી, લખેલું તમે વાંચો છો તેના બદલે તમારો સવાલ પૂછો તો બધા વતી તમને અભિનંદન આપી દઉં.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આ કાલોલ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ આવેલી છે, તેમાંથી કેટલી મંજૂર કરવામાં આવી છે અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : કુલ ૨૧૨૯૦ વિદ્યાર્થીઓની અરજીઓ મળી હતી. તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. ૬૩,૮૭,૦૦૦ રૂપિયાની કુલ સહાય ચૂકવવામાં આવેલી છે.

શ્રીમતી મનિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, મોરવા હડફમાં ગણવેશ સહાય માટે કેટલી અરજીઓ મળેલી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવેલી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : મોરવા હડફ તાલુકામાં ગણવેશ સહાય માટે ૧૭૯૩૪ અરજીઓ આવેલી હતી અને તે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને ૫૩,૮૦,૨૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરા તાલુકામાં ૨૦૧૩-૧૪માં ગણવેશ સહાય માટેની કેટલી અરજીઓ મળી હતી ? તેમાંથી કેટલી મંજૂર કરેલી છે અને કેટલી નામંજૂર કરવામાં આવેલી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : શહેરા તાલુકામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ૩૮૫૫૮ અરજીઓ મળી હતી.

**અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### જૂનાગઢ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૮૩૮૧ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં જૂનાગઢ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ. મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૨,૬૦,૨૦૮ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૨,૬૦,૧૨૫ બાળકોને કુલ રૂ।. ૭૭૮.૨૯ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા બાળકોની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) ૮૩ |

---------

### ગુજરાત હાઈકોર્ટના મહેકમ ઉપર મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ

* ૮૮૬૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટના મહેકમ ઉપર કયા કયા સંવર્ગની વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં કુલ કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે ? | રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટના મહેકમ ઉપર વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં નીચે મુજબની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. |

| સંવર્ગ | સને ૨૦૧૧–૧૨ | સને ૨૦૧૨–૧૩ | સને ૨૦૧૩–૧૪ |
| --- | --- | --- | --- |
| વર્ગ–૧ | ૦૫ | ૫૬ | ૦૧ |
| વર્ગ–૨ | ૨૧ | ૧૪ | – |
| વર્ગ–૩ | ૬૭ | ૬૬ | ૫૧ |
| વર્ગ–૪ | – | – | ૨૯ |
| કુલ | ૯૩ | ૧૩૬ | ૮૧ |

---------

**ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં આવાસોની ફાળવણી**

* ૯૭૨૬ **શ્રી પરબતભાઈ સ. પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિ◌ેએ ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસોની ફાળવણી કરવામાં આવી, | (૧) ૨૪૯૮ |
| (૨) ફાળવેલ આવાસો પૈકી થરાદ તાલુકામાં ખોટી રીતે આવાસો ફાળવણી કર્યાની કોઈ ફરિયાદ મળેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) તપાસ ચાલી રહી છે. |

---------

**ઘોઘંબા તાલુકામાં ન્યાયિક અધિકારીના મકાનના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૩૬૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં ન્યાયિક અધિકારીના મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી, અને | (૨) રૂ◌ા. ૩૨,૧૧,૬૦૦/– |
| (૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે ? | (૩) આ કામનાં ટેન્ડર માંગેલ છે, પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયા બાદ તુરત શરૂ કરવામાં આવશે. |

---------

**જ્યુડીશીયલ કોમ્પલેક્ષ, મીરઝાપુર ખાતે લીફટ બદલવા માટે મંજૂર કરેલ રકમ**

એચબી–૧૮૫–૨

[illegible] **ણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જ્યુડીશિયલ કોમ્પલેક્ષ, મીરઝાપુર, અમદાવાદ | (૧) હા, જી. |

ખાતે લીફ્ટ બદલવાના કામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે? — (૨) રૂ।. ૧,૦૭,૯૪,૩૨૦/–

---------

**અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વિદ્યાર્થીઓની અરજીઓ**

* ૮૩૩૮ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષિણક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી છે, | (૧) ૧૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી તથા કેટલી ના મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨ મંજુર<br>૦૧ નામંજુર. |
| (૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે? | (૩) અભ્યાસક્રમ પોસ્ટગ્રેજ્યુએટ કક્ષાનો ન હોવાથી. |

---------

**ગુજરાત હાઈકોર્ટ ખાતે ''ફેસીલીટી બિલ્ડીંગ ફોર સીકયુરીટી એન્ડ સેફટી ઓફ વિઝીટર'' ના બાંધકામ બાબત**

* ૮૩૫૩ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે ફેસીલીટી બિલ્ડીંગ ફોર સીકયુરીટી એન્ડ સેફટી ઓફ વિઝીટર ના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે ? | (૨) રૂ।. ૩,૨૪,૬૦,૦૦૦/– |

---------

**હિંમતનગર ખાતે ડિસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટના નવા મકાનના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૭૮૯ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૧૪ની સ્થિતિએ હિંમતનગર ખાતે ડિસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટના નવા મકાનના બાંધકામને ક્યારે કેટલી રકમની મંજૂરી આપવામાં આવી, અને | (૧) રૂ।. ૪૦,૨૧,૧૭,૨૦૦/– |
| (૨) ઉક્ત સ્થિતિએ આ બાંધકામ કયા તબક્કે છે, તથા કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) જમીન તાજેતરમાં ઉપલબ્ધ થયેલ છે. બાંધકામ સત્વરે હાથ ધરવામાં આવશે. |

---------

**ભાવનગર જિલ્લામાં ન્યાયિક અધિકારીના નિવાસના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૩૨૧ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ન્યાયિક અધિકારીના | (૧) હા, જી |

નિવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) ભાવનગરમાં રૂ. ૧,૫૩,૫૯,૦૦૦/-ની તથા ઉમરાળા માં રૂ. ૪૬,૬૨,૩૦૦/-ની મંજૂરી આપવામાં આવી છે.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) ભાવનગરમાં પુરતી જમીન મળ્યા બાદ અને ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ તથા ઉમરાળા ખાતે જજના જુના મકાનને તોડી ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરી એજન્સી નક્કી કરી કામ હાથ ધરવાનું આયોજન છે.

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા છાત્રાલયો**

* ૮૮૦૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો છે, ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૧) ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના નીચે મુજબના છાત્રાલયો આવેલા છે. જેમાં તે સામે દર્શાવેલ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

| **જિલ્લો** | **છાત્રાલયની વિગત** | **છાત્રાલયની સંખ્યા** | | | **વિદ્યાર્થીઓની સંખ્યા** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ગીર સોમનાથ | સરકારી છાત્રાલય | ૨ | ૨ | ૪ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ |
| | ગ્રા.ઈ.એ. છાત્રાલય | ૧૪ | ૪ | ૧૮ | ૧૦૮૧ | ૧૭૦ | ૧૨૫૧ |
| | **કુલ** | **૧૬** | **૬** | **૨૨** | **૧૧૮૧** | **૨૭૦** | **૧૪૫૧** |
| જુનાગઢ | સરકારી છાત્રાલય | ૧ | ૧ | ૨ | ૧૦૦ | ૮૦ | ૧૮૦ |
| | ગ્રા.ઈ.એ. છાત્રાલય | ૩૬ | ૧૬ | ૫૨ | ૧૯૪૪ | ૧૧૩૨ | ૩૦૭૬ |

(૨) નવા કુમાર અને કન્યા છાત્રાલયો ખોલવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) હાલમાં કોઈ આયોજન નથી.

---------

**લેબર કોર્ટ, નવસારીના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૮૭૮ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) લેબર કોર્ટ, નવસારીના બાંધકામ માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમ માટે મંજૂરી આપેલ છે ?

(૨) રૂ. ૨,૯૭,૬૭,૩૦૦/-
તા. ૨૮-૧૨-૨૦૧૧

---------

**ડાકોરના વિકાસ માટે ફાળવવામાં આવેલ રકમ**

* ૮૫૨૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ ડાકોર પવિત્ર યાત્રાધામના વિકાસના ક્યા ક્યા કામો માટે કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવી, અને

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ડાકોર પવિત્ર યાત્રાધામના વિકાસના કામો માટે છેલ્લા બે વર્ષમાં કોઈ રકમ ફાળવેલ નથી.

| | |
|---|---|
| (૨) ફાળવેલ રકમ અન્વયે ક્યા કામો પૂર્ણ થયા, તથા કેટલા કામો પ્રગતિમાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જેતપુર–પાવી ખાતે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

* ૮૩૪૯ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના જેતપુર–પાવી ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૪,૫૦,૮૩,૫૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૭–૧–૨૦૧૪ થી શરૂ થયેલ છે. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલો બાબત**

૮૫૨૫ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી હોસ્ટેલો છે, | (૧) અમદાવાદ શહેર – ૩૮<br>અમદાવાદ ગ્રામ્ય – ૨૧<br>કુલ – ૫૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તેમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને | (૨) વર્ષ વિદ્યાર્થી<br>૨૦૧૨–૧૩ – ૨૩૧૯<br>૨૦૧૩–૧૪ – ૨૩૫૩<br>કુલ – ૪૬૭૨ |
| (૩) ઉક્ત હોસ્ટેલો પૈકી કેટલી હોસ્ટેલો ભાડાના મકાનમાં ચાલે છે ? | (૩) અમદાવાદ શહેર – ૨૨<br>અમદાવાદ ગ્રામ્ય – ૧૪<br>કુલ – ૩૬ |

---------

**સામાન્ય પ્રવાહમાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય**

૮૩૬૮ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહમાં ભણતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ સહાય માટેની યોજનાની વિગતો શી છે ? | (૨) – ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાતી ધોરણ–૧૦ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૫ ટકા કે તેથી વધુ ટકાવારી મેળવનાર વિદ્યાર્થીઓ આ યોજનામાં અરજી કરવાપાત્ર છે.<br>– ૭૫ ટકા કે તેથી વધુ ટકાવારી વાળી અરજીઓનું મેરીટ લીસ્ટ બનાવીને મેરીટમાં સમાવેશ પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવામાં આવે છે.<br>–સામાન્ય પ્રવાહમાં મેરીટમાં પસંદ થયેલ વિદ્યાર્થીને ધોરણ–૧૧માં ખાનગી ટ્યુશન ક્લાસની પાવતીની રકમ અથવા રૂ. ૮૦૦૦/–આ બે પૈકી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર છે. ધોરણ–૧૨ માં વધુમાં વધુ રૂા. |

૪૦૦૦/-મળવાપાત્ર છે.
- આ યોજનામાં કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬૦,૦૦૦/- છે.

---------

**અમદાવાદ ખાતે જ્યુડિશીયલ એકેડેમીના બિલ્ડીંગના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

૮૩૪૦ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે જ્યુડીશીયલ એકેડેમીના બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૬૩,૯૪,૦૦,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૪-૧-૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. |

---------

**લીંબડી તાલુકામાં કોર્ટના વધારાના બે રૂમના બાંધકામ માટે મંજુર કરેલ રકમ**

૮૩૬૫ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં કોર્ટના વધારાના બે રૂમના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? | (૨) રૂ. ૧,૨૮,૪૫,૮૫૦/- |

---------

**મહેસાણા જિલ્લામાં ન્યાયિક અધિકારીઓના મકાન બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

૮૩૧૮ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના ન્યાયિક અધિકારીના નિવાસના મકાન બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) મહેસાણા જિલ્લામાં અલગ જગ્યાએ ન્યાયિક અધિકારીના નિવાસના બાંધકામ માટેના કુલ પાંચ કામોને રૂ. ૧૪૩૫.૮૪ લાખની મંજૂરી આપવામાં આવી છે. |
| **એચબી-૧૮૫-૩** ામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) કુલ પાંચ કામ પૈકી ત્રણ કામ પ્રગતિમાં છે. અને બે કામની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ બનતી ત્વરાએ શરૂ કરવામાં આવશે. |

---------

**ગણવેશ સહાય યોજના હેઠળ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચુકવેલ સહાય**

૯૧૬૩ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના હેઠળ ગણવેશ સહાય આપવામાં આવી, અને | (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના હેઠળ ગણવેશ સહાય આપવામાં આવી |

| અનુ. | તાલુકાનું | વિદ્યાર્થીઓની | ચુકવેલ સહાય |
|---|---|---|---|

| | નામ | સંખ્યા | રૂ઼ા. |
|---|---|---|---|
| **ગીર સોમનાથ જિલ્લો** | | | |
| ૧ | સુત્રાપાડા | ૩૨,૪૦૨ | ૯૭,૨૦,૬૦૦ |
| ૨ | કોડીનાર | ૪૩,૨૨૯ | ૧,૨૯,૬૮,૭૦૦ |
| ૩ | વેરાવળ | ૩૭,૯૦૦ | ૧,૧૩,૭૦,૦૦૦ |
| ૪ | તાલાળા | ૧૯,૫૩૫ | ૫૮,૬૦,૫૦૦ |
| ૫ | ઉના | ૯૬,૯૬૫ | ૨,૯૦,૮૯,૫૦૦ |
| | **કુલ** | ૨,૩૦,૦૩૧ | ૬,૯૦,૦૯,૩૦૦ |
| **જુનાગઢ જિલ્લો** | | | |
| ૧ | જુનાગઢ | ૨૫,૯૭૪ | ૭૭,૯૨,૨૦૦ |
| ૨ | વંથલી | ૧૦,૫૭૮ | ૩૧,૭૩,૪૦૦ |
| ૩ | કેશોદ | ૧૯,૬૫૪ | ૫૮,૯૬,૨૦૦ |
| ૪ | ભેંસાણ | ૬,૪૮૧ | ૧૯,૪૪,૩૦૦ |
| ૫ | માંગરોળ | ૨૬,૭૨૯ | ૮૦,૧૮,૭૦૦ |
| ૬ | માળીયા હા. | ૨૯,૫૧૨ | ૮૮,૫૩,૬૦૦ |
| ૭ | માણાવદર | ૧૩,૪૦૭ | ૪૦,૨૨,૧૦૦ |
| ૮ | મેંદરડા | ૭,૫૦૬ | ૨૨,૫૧,૮૦૦ |
| ૯ | વિસાવદર | ૧૪,૧૧૯ | ૪૨,૩૫,૭૦૦ |
| | **કુલ** | ૧,૫૩,૯૬૦ | ૪,૬૧,૮૮,૦૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ યોજના હેઠળ એક વિદ્યાર્થી દીઠ ગણવેશ સહાયની કેટલી રકમ ચુકવવામાં આવે છે ?

(૨) રૂ. ૩૦૦/-

---------

**રાજ્યના મોટા શહેરોમાં છાત્રાલયો બનાવવાનું આયોજન**

૯૪૪૨ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગના અને બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ શહેરોમાં કુલ કેટલા છાત્રાલયો બનાવવાનું આયોજન છે, અને તે કામગીરી કયા તબક્કે છે,

**જવાબ**

(૧) ઉક્ત પાંચ શહેરોમાં દરેકમાં ૧૦૦૦ કુમાર તથા ૧૦૦૦ કન્યાની સંખ્યા ધરાવતા ૧ કુમાર અને ૧ કન્યા મળી કુલ-૧૦ છાત્રાલયો બનાવવાનું આયોજન છે.

| | |
|---|---|
| અમદાવાદ | ૮ બ્લોકોનું ૪ માળનું આર.સી.સી. કામ થયેલ છે હાલમાં બાંધકામ ચાલુ છે. |
| વડોદરા | ૮ બ્લોક પૈકી આર.સી.સી. ૨ બ્લોકનું ૮ માળ સુધીનું ૧ બ્લોકનું ૬ માળ સુધીનું બાંધકામ થયેલ છે. હાલમાં બાંધકામ ચાલુ છે. |
| સુરત | ૧૦ બ્લોકનું આર.સી.સી. કામ પૂર્ણ થયેલ છે. હાલમાં પ્લાસ્ટર કામ ચાલુ છે. |
| ભાવનગર | ૧૦ બ્લોકનું આર.સી.સી. કામ પૂર્ણ થયેલ છે. હાલમાં પ્લાસ્ટર કામ ચાલુ છે. |
| રાજકોટ | ૮ બ્લોક પૈકી આર.સી.સી. કામમાં ૪ બ્લોક ૧૦ માળ અને ૩ બ્લોક ૯ માળ અને ૧ બ્લોક ૮ માળ અને ડાઈનીંગ હોલ ૨ માળનું કામ પૂર્ણ થયેલ છે. હાલમાં કામગીરી ચાલુ છે. |

(૨) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થશે, અને

(૨)

| સ્થળ | પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|
| અમદાવાદ | તા. ૧૫/૫/૧૫ |
| વડોદરા | તા. ૩૧/૩/૧૫ |
| સુરત | તા. ૧૦/૯/૧૪ |
| ભાવનગર | તા. ૭/૯/૧૪ |
| રાજકોટ | તા. ૬/૧૧/૧૪ |

(૩) આ બાંધકામ પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ?

(૩) રૂ. ૫૮૭૭૬.૦૭ લાખ

---------

**ખેડા જિલ્લામાં યાત્રાધામના સ્થળોનો વિકાસ**

૯૬૯૪ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કયા યાત્રાધામ સ્થળોનો સરકારે વિકાસ કરવાનું નક્કી કરેલ છે,

(૨) આ માટે કેટલી રકમની ફાળવણી કરેલ છે, તે માટે કયા કયા કામો કરવાનું આયોજન કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના રોજારોજી સ્થળને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ડાકોર, ગલતેશ્વર અને ઉત્કંઠેશ્વર યાત્રાધામ સ્થળોનો સરકારે વિકાસ કરવાનું નક્કી કરેલ છે.

(૨) આ માટે નીચે મુજબ રકમની ફાળવણી કરી તે માટે કામોનું આયોજન કરેલ છે.

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ડાકોર ખાતે રૂ.૧૫ કરોડનું અનુદાન વર્ષ–૨૦૧૧ માં ફાળવવામાં આવેલ છે. જે અન્વયે ગોમતી ઘાટ વિકાસ, મંદિર સંકુલ વિસ્તૃતિકરણ, પાર્કીંગ નોડ ડેવલપમેન્ટ, ગાર્ડન લેન્ડ સ્કેપીંગ, ચિલ્ડ્રન પ્લે એરીયા, સ્ટોન શોપ, ટોઈલેટ, લોકર, વોટરહટસ, જીએલ રેલીંગ, લાઈટીંગ, સિક્યુરીટી, પ્લમ્બીંગ અને ડ્રેનેજ વ્યવસ્થા, સસ્પેન્શન બ્રીજ, અપગ્રેડેશન અને રીનોવેશન,જેટી, બ્રીજ વાઈડનીંગ જેવા કામો હાથ ધરેલ છે.

(૩) ગલતેશ્વર માટે રૂ.૬,૧૯,૭૮,૩૪૦/- જે અન્વયે ૩૦ દુકાનો પાર્કીંગ તથા ટોયલેટ બ્લોકના કામ હાથ ધરેલ છે.

(૪) ઉત્કંઠેશ્વર માટે રૂ.૬,૧૯,૭૮,૩૪૦/- જે અન્વયે પાથ વે, પાર્કીંગ તથા ટોયલેટ બ્લોકના કામ હાથ ધરેલ છે.

(૩) ના, જી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે ચૂકવેલ સહાય**

૯૭૩૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય

**જવાબ**

(૧) અને (૨) પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી તથા કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | પડતર અરજીઓ | ચૂકવેલ સહાય રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૦૭ | ૬૦ | ૭ | ૯૬૦૦૦ |
| ૨ | ઈડર | ૯૯ | ૮૪ | ૨ | ૧૪૫૨૦૦ |
| ૩ | વડાલી | ૨૯ | ૨૧ | ૫ | ૩૬૨૦૦ |
| ૪ | પ્રાંતિજ | ૫૦ | ૩૫ | ૦ | ૭૪૪૦૦ |
| ૫ | તલોદ | ૭૨ | ૫૦ | ૧૨ | ૧૧૦૮૦૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૬ | ૧૨ | ૦ | ૨૮૮૦૦ |
| ૭ | વિજયનગર | ૧૦ | ૭ | ૦ | ૧૬૮૦૦ |
| | **કુલ** | **૩૮૩** | **૨૬૯** | **૨૬** | **૫૦૮૨૦૦** |

(૩) ઉક્ત પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને તેનો ક્યારે નિકાલ કરવામાં આવશે તેમજ પડતર રહેવાના કારણો શા છે ?

(૩) વહીવટી કારણોસર ૨૬ અરજીઓ પડતર છે જેનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં દેવસ્થાનોમાં થયેલ આવક**

૯૮૩૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના કયા કયા દેવસ્થાનો તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સરકાર હસ્તક છે, અને

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીનું વહીવટી નિયંત્રણ હાલ જિલ્લા કલેકટરશ્રી, બનાસકાંઠાના અધ્યક્ષપણા હેઠળ છે.

(૨) આ દેવસ્થાનોમાં સન ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વર્ષમાં કેટલી આવક થઇ છે ?

(૨) શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીની વર્ષવાર આવક નીચે મુજબ છે.

સન ૨૦૧૧–૧૨ રૂા.૪૦,૩૮,૩૯,૬૮૦.૯૦

સન ૨૦૧૨–૧૩ રૂા.૪૮,૮૪,૭૯,૬૮૨.૩૮

---------

**ગુજરાત હાઇકોર્ટ ખાતે બૅરેક બનાવવા મંજૂર કરેલ રકમ**

૮૩૪૭ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ ખાતે બૅરેક બનાવવા માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂ. ૫,૨૯,૦૭,૦૦૦/-

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) તા. ૨૪–૦૧–૨૦૧૪થી શરૂ કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં ચૂકવવામાં આવેલ પ્રિ–મેટ્રિક શિષ્યવૃતિ**

૮૫૭૫ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તાલુકાવાર વિકસતી જાતિના કેટલા

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|

વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રિક શિષ્યવૃતિ મેળવવા છેલ્લા બે વર્ષમાં અરજીઓ મળી, અને

| | | |
|---|---|---|
| ૧ | સતલાસણા | ૨૭૭૮૮ |
| ૨ | ખેરાલુ | ૪૧૭૭૭ |
| ૩ | વડનગર | ૪૬૩૭૦ |
| ૪ | બેચરાજી | ૨૭૧૯૫ |
| ૫ | ઉંઝા | ૩૪૩૬૬ |
| ૬ | વિસનગર | ૫૬૩૦૮ |
| ૭ | કડી | ૭૬૨૮૭ |
| ૮ | વિજાપુર | ૫૦૪૪૫ |
| ૯ | મહેસાણા | ૯૬૮૩૪ |
| | **કુલ** | **૪૫૭૩૭૦** |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા વિદ્યાર્થીઓને આ શિષ્યવૃતિ ચૂકવી અને કેટલાને બાકી છે ?

(૨)

| વર્ષ | કુલ વિદ્યાર્થીઓ | ચુકવેલ શિષ્યવૃત્તિ (રૂ. લાખમાં) | બાકી વિદ્યાર્થીઓ |
|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૨૪૯૬૮ | ૬૮૪.૪૫ | -- |
| ૨૦૧૩–૧૪ | ૨૩૨૪૦૨ | ૬૮૫.૭૨ | -- |
| **કુલ** | **૪૫૭૩૭૦** | **૧૩૭૦.૧૭** | **--** |

---------

## આંકલાવ તાલુકામાં ન્યાયાલયનું નવું સંકુલ બનાવવા બાબત

૯૫૦૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં ન્યાયાલયની શરૂઆત ક્યારથી કરવામા આવી,

(૨) ન્યાયાલયનું સંપૂર્ણ સુવિધા સભર મકાન/સંકુલ બનાવવા કોઇ આયોજન છે કે કેમ, જો હા, તો શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં ન્યાયાલય માટે સંકુલ બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૦૪–૦૨–૨૦૧૩ થી શરૂઆત કરવામાં આવી.

(૨) નામદાર હાઈકોર્ટ તરફથી અત્રે આવી કોઈ દરખાસ્ત મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં આવેલા યાત્રાધામ

૯૧૨૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કયા સ્થાને યાત્રાધામ આવેલા છે,

**એચબી–૧૮૫–૪**

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકાર હસ્તકના નીચે મુજબ યાત્રાધામ આવેલા છે.

| તાલુકાનું નામ | ગામ/શહેર/નગર | દેવસ્થાનનું નામ | |
|---|---|---|---|
| જેતપુર પાવી | વાઘવા | ૧ | શ્રી વાઘેશ્વરી માતા મંદિર |
| | જંબુ | ૨ | શ્રી હનુમાન મંદિર |
| | વડધરી | ૩ | શ્રી રામજી મંદિર |

| | | | |
|---|---|---|---|
| કવાંટ | હાફેશ્વર | ૪ | શ્રી હાફેશ્વર મહાદેવ મંદિર |
| | પાનવડ | ૫ | શ્રી પંચેશ્વર (પાંડેશ્વર) મહાદેવ મંદિર |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૬ | શ્રી રણછોડજી મંદિર |
| | છોટાઉદેપુર | ૭ | શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર |
| | છોટાઉદેપુર | ૮ | શ્રી જબરેશ્વર મહાદેવ મંદિર |
| | છોટાઉદેપુર | ૯ | શ્રી જાગનાથ મહાદેવ મંદિર |
| | છોટાઉદેપુર | ૧૦ | શ્રી લક્ષ્મીનારાયણ મંદિર |
| | છોટાઉદેપુર | ૧૧ | શ્રી રણછોડજી મંદિર |
| | છોટાઉદેપુર | ૧૨ | શ્રી નવા રામજી મંદિર |
| | છોટાઉદેપુર | ૧૩ | શ્રી હનુમાનજી મંદિર |
| | છોટાઉદેપુર | ૧૪ | શ્રી હનુમાનજી મંદિર |
| | છોટાઉદેપુર | ૧૫ | શ્રી શાંતેશ્વર મહાદેવ મંદિર |
| | છોટાઉદેપુર | ૧૬ | શ્રી નરસિંહજી મંદિર |
| | છોટાઉદેપુર | ૧૭ | શ્રી રામજી મંદિર |

(૨) તેના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ નવા યાત્રાધામ માટે કોઇ દરખાસ્ત સરકારને મળી છે, કે કેમ ?

(૨) અને (૩) : સોનગીર– ઈન્દ્રાલ (તા.સંખેડા જી.છોટા ઉદેપુર) ખાતે આવેલ શ્રી રણછોડજી મંદિર માટે દરખાસ્ત મળેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. જે અંગે આખરી નિર્ણય થયેથી આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

## લેબર અને ઔધોગિક કોર્ટ, ભાવનગરના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ

૮૮૭૭ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લેબર અને ઔધોગિક કોર્ટ, ભાવનગરના બાંધકામ માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે ? | (૨) રૂ. ૫,૩૩,૬૧,૦૦૦/- તા. ૨૮–૧૨–૨૦૧૧ |

---------

## જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં ભિક્ષુક ગૃહો

૯૨૦૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકરીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ભિક્ષુક ગૃહો ચાલુ છે,તેમાં કેટલા ભિક્ષુકોને આશરો આપવામાં આવેલ છે,અને | (૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ભિક્ષુક ગૃહો નથી. |
| (૨) જે તાલુકામાં ભિક્ષુક ગૃહો નથી ત્યાં ભિક્ષુકો માટે ભિક્ષુક ગૃહ બનાવવાનું સરકારનું કોઇ આયોજન છે? | (૨) તાલુકાવાર ભિક્ષુક ગૃહો બનાવવા અંગે સરકારશ્રીનું હાલ કોઈ આયોજન નથી. |

---

**વલસાડ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ**

૮૩૯૦**શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં વલસાડ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની કેટલી અરજીઓ આવી, | (૧) ૩૫,૮૭૯ |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૩૫,૮૭૯ બાળકોને રૂા. ૧૧૬.૧૬ લાખ શિષ્યવૃત્તિ ચુકવી. |
| (૩) કેટલા બાળકોની શિષ્યવૃત્તિ નામંજૂર કરી ? | (૩) કોઈપણ નહીં. |

---

**અમરેલી જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો**

૯૭૬૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર આવેલ જિલ્લા કોર્ટ તથા તાલુકા કોર્ટોમાં અકસ્માત ક્લેઇમ, રેગ્યુલર સિવિલ દાવાઓ, ફોજદારી કેસો સહિત કુલ કેટલા કોર્ટ કેસો આખરી નિકાલ વગર બાકી છે, | (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર આવેલ જિલ્લા કોર્ટ તથા તાલુકા કોર્ટોમાં નીચે પ્રમાણેના કેસો આખરી નિકાલ વગર બાકી છે.<br>(૧) અકસ્માત ક્લેઇમ - ૧૯૫૫<br>(૨) રેગ્યુલર સિવિલ દાવાઓ - ૨૦૮૬<br>(૩) ફોજદારી કેસો ૧૩૭૨૬ |
| (૨) તે પૈકી આખરી નિકાલ વગરના કેટલા કેસો ત્રણ કે વધુ વર્ષોથી પડતર છે, અને | (૨) તે પૈકી આખરી નિકાલ વગરના નીચે મુજબના કેસો ત્રણ કે વધુ વર્ષોથી પડતર છે.<br>(૧) મોટર ક્લેઇમ કેસો - ૮૫૮<br>(૨) રેગ્યુલર સિવિલ દાવાઓ - ૧૨૫૬<br>(૩) ફોજદારી કેસો - ૮૭૫૬ |
| (૩) ઉક્ત કેસો નો ઝડપથી નિકાલ લાવવા માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) (૧) ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫માં દર્શાવેલ જોગવાઈઓ અન્વયે વડી અદાલત તાબાની જ્યુડીશીયરી પર વહીવટી અંકુશ ધરાવે છે જેથી જ્યાં જરૂર જણાય ત્યાં સલાહ અને સુચન પણ આપે છે.<br>(૨) પડતર કેસોના ઝડપી નિકાલ કરવા માટે જુના કેસો ચલાવવા અગ્રતા આપવામાં આવે છે.<br>(૩) વહીવટી અને ન્યાયિક બાજુએ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમજ કોમ્પ્યુટરાઈઝેશનની સુવિધા પુરી પાડીને કેસોનો નિકાલ કરવા માટે ઘણો ઉપયોગી નિવડેલ છે.<br>(૪) લોક અદાલતનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. અને તેમાં સમાધાનલાયક કેસો મુકવામાં આવે છે. આમ રાજ્ય સરકાર પડતર કેસોના ઝડપી કરવા માટે પ્રયત્નશીલ છે અને રહેશે. |

---

**પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો**

૯૯૧૬ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે,

(૨) આ છાત્રાલયોમાં કેટલા વિધાર્થીઓ/કન્યાઓનો સમાવેશ થયેલ છે, અને

(૩) વધારાના ઓરડાઓ બનાવવા સરકારે કોઇ કાર્યવાહી કરી છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨) : પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો નીચે મુજબ કાર્યરત છે તથા કન્યા અને કુમારનો સમાવેશ કરવામાં આવેલ છે.

| **તાલુકો** | **છાત્રાલયની સંખ્યા** | | | **વિદ્યાર્થીની સંખ્યા** | | |
|---|---|---|---|---|---|---|
| | **કુમાર** | **કન્યા** | **કુલ** | **કુમાર** | **કન્યા** | **કુલ** |
| ગોધરા | ૭ | ૧ | ૮ | ૨૧૦ | ૨૨ | ૨૩૨ |
| શહેરા | ૧૦ | ૦ | ૧૦ | ૩૪૭ | ૦ | ૩૪૭ |
| મોરવા(હ) | ૫ | ૩ | ૮ | ૧૮૬ | ૧૩૮ | ૩૨૪ |
| હાલોલ | ૩ | ૧ | ૪ | ૯૦ | ૨૦ | ૨૧૦ |
| કાલોલ | ૧ | ૦ | ૧ | ૪૦ | ૦ | ૪૦ |
| જાંબુઘોડા | ૧ | ૦ | ૧ | ૭૦ | ૦ | ૭૦ |
| ઘોઘંબા | ૬ | ૨ | ૮ | ૨૬૬ | ૯૩ | ૩૫૯ |
| **કુલ** | **૩૩** | **૭** | **૪૦** | **૧૨૦૯** | **૨૭૩** | **૧૪૮૨** |

(૩) મકાન અંગેની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાની હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાલિતાણા શહેરમાં યાત્રાધામ વિકાસ માટે કરેલ ખર્ચ**

૯૯૩૪ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાલિતાણા શહેરના યાત્રાધામ વિકાસ માટે ક્યા કામો કરવામાં આવ્યાં,

(૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકી રહેલ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) પાલિતાણા શહેરના જૈન સમાજના પવિત્ર યાત્રાધામોનો સંપૂર્ણ વહીવટ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા કરવામાં આવે છે. આ પેઢીના પરામર્શમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા લોક ભાગીદારીથી વિકાસના કામો કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં પાલિતાણા શહેરના યાત્રાધામ વિકાસ માટે કોઈ અનુદાન આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ચોટીલા ખાતે કોર્ટ બિલ્ડીંગમાં નવિનીકરણના કાર્ય માટે મંજૂર કરેલ રકમ**

૮૩૬૧**શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે કોર્ટ બિલ્ડીંગમાં નવિનીકરણના કાર્ય માટે મંજૂર કરેલ રકમ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૨૬,૨૪,૨૫૦/–

(૩) નવીનીકરણનું કામ તા. ૦૮/૦૧/૨૦૧૪થી શરૂ કરેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવવામાં આવેલ સહાય

૮૩૭૯ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, અને | (૧) વર્ષ ૨૦૧૨-૧૩માં ૮૦૯ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૧૧૧૭ મળીને કુલ ૧૯૨૬ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી છે, અને | (૨) તે પૈકી તમામ એટલે કે ૧૯૨૬ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૪૭,૫૨,૫૮૧/- |

---------

## ભરૂચ ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે મંજૂર કરવામાં આવેલ રકમ

૮૩૫૪ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ ખાતે નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૧૦,૦૪,૦૦,૬૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૧૬/૫/૧૪ થી શરૂ કરેલ છે. |

---------

## સીટી સિવિલ એન્ડ સેસન્સ કોર્ટ, ભદ્રના સ્થળાંતરણની કામગીરી માટે મંજૂર કરેલ રકમ

૮૩૫૦ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સીટી સિવિલ એન્ડ સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદને જુની હાઇકોર્ટ, અમદાવાદ ખાતે શીફ્ટીંગના સિવિલ વર્ક અને ઇલેક્ટ્રીક વર્ક માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત | (૧) હા, જી. |

**એચબી-૧૮૫-૫**

| | |
|---|---|
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે? | (૨) રૂા. ૩,૦૦,૦૦,૦૦૦/- |

---------

## અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં ખાલી જગ્યાઓ

૮૫૭૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકની કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબ સંવર્ગવાર જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|
| (૧) નિયામક | ૦૧ | ૦૧ | ૮ માસથી |
| (૨) સંયુક્ત નિયામક | ૦૧ | ૦૧ | ૭ માસથી |
| (૩) નાયબ નિયામક | ૦૩ | ૦૦ | -- |
| (૪) હિસાબી અધિકારી | ૦૧ | ૦૦ | -- |
| (૫) ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૦૧ | ૦૦ | -- |
| (૬) સમાજ કલ્યાણ | ૦૨ | ૦૦ | -- |

| | | | |
|---|---|---|---|
| અધિકારી | | | |
| (૭) આંકડા અધિકારી/ સંશોધન અધિકારી | ૦૨ | ૦૦ | -- |
| (૮) કચેરી અધિક્ષક | ૧૧ | ૦૦ | -- |
| (૯) ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૨ | ૦૧ | ૧ વર્ષ ૩ માસથી |
| (૧૦) સંશોધન મદદનીશ | ૦૪ | ૦૦ | |
| (૧૧) હેડ ક્લાર્ક | ૧૬ | ૦૩ | ૩ માસથી |
| (૧૨) આંકડા મદદનીશ | ૦૯ | ૦૪ | ૧ જગ્યા ૬ વર્ષ ૪ માસ ૨ જગ્યા ૫ વર્ષ ૮ માસ ૧ જગ્યા ૧ વર્ષ ૬ માસ |
| (૧૩) સીનીયર ક્લાર્ક | ૧૭ | ૦૭ | ૩ વર્ષ ૮ માસથી ૧૩ વર્ષ ૧૧ માસ સુધીની |
| (૧૪) જુનીયર ક્લાર્ક | ૩૬ | ૨૨ | ૭ માસથી ૧૧ વર્ષ ૧ માસ સુધીની |
| (૧૫) ડ્રાઇવર | ૪ | ૦૦ | -- |
| (૧૬) વર્ગ ૪ | ૧૨ | ૦૦ | -- |
| **કુલ :-** | **૧૨૨** | **૩૯** | |

(૨) આવી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે તથા કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવાનું આયોજન છે?

(૨) વહીવટી કારણોસર ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

---------

**આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ ચૂકવવામાં આવેલ સહાય**

૮૩૮૭ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા એક નાણાકીય વર્ષમાં આણંદ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી. | (૧) ૩૯૫ |
| (૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૨) મંજૂર અરજીઓ ૩૭૬<br>ચૂકવેલ સહાય રૂ.૩૭.૫૫ લાખ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૩) ૧૯ |
| (૪) આ અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી? | (૪) ૧૪ અરજી વધુ આવક હોવાથી<br>૧ અરજી નિયત સમય મર્યાદા બહાર મળેલ હોવાથી<br>૪ અરજી અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી. |

---------

**રાજ્યમાં નોટરીની ખાલી જગ્યાઓ**

૮૩૨૩ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ નોટરીની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) રાજ્યમાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ નોટરીની કુલ ૫૬ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) ૫૬ પૈકીની ૩૯ જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવેલ હતી. તેમજ નોટરીના ઈન્ટરવ્યુ પૂર્ણ થઈ ગયેલ છે. |

---------

## ગુજરાત હાઈકોર્ટ ખાતે ફાયર સેફટી કંટ્રોલ બિલ્ડીંગની કામગીરી માટે મંજૂર કરેલ રકમ

૮૩૫૨**શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે ફાયર સેફટી કંટ્રોલ બિલ્ડીંગ બનાવવાના કામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે? | (૨) રૂ.૧,૦૪,૧૯,૦૦૦/- |

---------

## સાવલી ખાતે કોર્ટના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ

૮૮૭૪ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી ખાતે કોર્ટનાં બાંધકામ માટે સરકાર ધ્વારા મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે? | (૨) રૂ.૪,૦૦,૦૦,૦૦૦/- તા.૧૯–૧૧–૨૦૧૧ |

---------

## લઘુમતીના વિદ્યાર્થીઓને મેટ્રીક અને પ્રિ. મેટ્રીક અભ્યાસ માટે શિષ્યવૃત્તિ

૯૧૩૮ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી લઘુમતીના વિદ્યાર્થીઓ માટે મેટ્રીક અને પ્રિ–મેટ્રિક અભ્યાસ માટે શિષ્યવૃત્તિની કેટલી રકમ રાજ્ય સરકારને આપવામાં આવી છે, અને

(૨) આ રકમમાં રાજ્ય સરકાર તરફથી કેટલી રકમનો ઉમેરો કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧)

| વર્ષ | પોસ્ટ મેટ્રીક રૂ.લાખમાં | પ્રિ.મેટ્રીક રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૧૨૪.૨૯ | –– |
| ૨૦૧૩–૧૪ | ૧૭૭૯.૩૭ | ૩૭૮૬.૯૭ |

(૨) ૧. પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના સો ટકા કેન્દ્ર સરકારની યોજના હોવાથી રાજ્ય સરકારે કોઈ ઉમેરો કરવાનો હોતો નથી.

૨. પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને ૨૫ ટકા રાજ્ય સરકારની યોજના હોવાથી વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૧૨૬૧.૯૬ લાખનો રાજ્ય સરકારનો હિસ્સાનો ઉમેરો કરેલ છે.

---------

## એટ્રોસીટી એકટ હેઠળ ફરિયાદીને ચૂકવવામાં આવેલ વળતર

૮૮૩૫ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એટ્રોસીટી એકટ હેઠળ તા.૦૧–૦૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ગુન્હો કરનાર સામે ફરિયાદ આપનાર ફરિયાદીને વળતર ન મળ્યું હોય તેવા | (૧) ૨ કિસ્સા. |

કેટલા કિસ્સા નોંધાયેલા છે, અને

| | |
|---|---|
| (૨) આ વળતર સમયસર મળે તે માટે શા પગલાં લેવામાં આવેલ છે? | (૨) અમલીકરણ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. |

---------

**ધાંગધ્રા ખાતે નવી કોર્ટના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

૮૮૭૫ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા ખાતે નવી કોર્ટનાં બાંધકામ માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે? | (૨) રૂ.૧૪,૫૪,૩૮,૮૦૦/- તા.૧૮-૧૧-૨૦૧૧ |

---------

**રાજકોટ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવવામાં આવેલ રકમ**

૮૩૭૧ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ-૨૦૧૩-૧૪માં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૨૭૪૦૩. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૮૨,૨૦,૯૦૦/-. |

---------

**ગાંધીધામ ખાતે ન્યાયિક અધિકારીઓના માટેના આવાસોના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

૮૩૪૪ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ગાંધીધામ ખાતે ન્યાયિક અધિકારીઓના માટેના આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૪,૬૨,૦૦,૦૦૦/- |
| (૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે? | (૩) તા.૨૪-૨-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**મફત તબીબી સહાય યોજના હેઠળ ચુકવવામાં આવેલ સહાય**

૮૩૯૪ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મફત તબીબી સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૮૩૭ |
| (૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી, કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) મંજૂર અરજીઓ ૮૩૭<br>ચૂકવેલ સહાય રૂ.૪૬.૩૬ લાખ. |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? (૩) શૂન્ય.

---------

**પાટણ જિલ્લામાં પ્રિ-એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી. યોજના હેઠળ મળેલ અરજીઓ**

૮૭૭૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) લઘુમતિઓને મળતી પ્રી-એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના અન્વયે પાટણ જિલ્લામાં તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| પાટણ | ૧૧૫૦૦ |
| સિધ્ધપુર | ૮૫૧૦ |
| ચાણસ્મા | ૧૫૮૧ |
| હારીજ | ૪૭૨ |
| સમી | ૩૨૩૫ |
| રાધનપુર | ૩૨૭૨ |
| સાંતલપુર | ૧૬૬૦ |
| **કુલ** | **૩૦૨૩૦** |

(૨) કેટલી અરજીઓ મંજુર કરી અને અરજીઓ પડતર કેટલી છે?

(૨)

| તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ | ના મંજૂર કરેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| પાટણ | ૧૧૩૨૬ | ૧૭૪ | ૦ |
| સિધ્ધપુર | ૮૧૮૭ | ૩૨૩ | ૦ |
| **તાલુકાનું નામ** | **મંજૂર કરેલ અરજીઓ** | **ના મંજૂર કરેલ અરજીઓ** | **પડતર અરજીઓ** |
| ચાણસ્મા | ૧૫૧૮ | ૬૩ | ૦ |
| હારીજ | ૪૭૨ | ૦ | ૦ |
| સમી | ૩૨૦૫ | ૩૦ | ૦ |
| રાધનપુર | ૩૨૬૩ | ૯ | ૦ |
| સાંતલપુર | ૧૬૬૦ | ૦ | ૦ |
| **કુલ** | **૨૯૬૩૧** | **૫૯૯** | **૦** |

**એચબી-૧૮૫-૬**

---------

**તળાજા ખાતે નવા કોર્ટના બિલ્ડીંગના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ**

૮૩૫૫ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના તળાજા ખાતે નવા કોર્ટના બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, (૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને (૨) રૂ.૪,૩૬,૫૩,૪૦૦/-

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? (૩) તા.૨૬-૨-૨૦૧૪ થી શરૂ કરેલ છે.

---------

**મુખ્ય સરકારી વકીલની કચેરીના આધુનિકરણ માટે કરવામાં આવેલ કાર્યવાહી**

૮૮૬૮ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગુજરાત હાઈકોર્ટ ખાતે આવેલી મુખ્ય સરકારી વકીલની કચેરીના આધુનિકરણ માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી કામગીરી કરવામાં આવેલ છે, અને | (૨) આ હેતુસર કોર્ટ કેસ મોનીટરીંગ સીસ્ટમ અમલમાં મૂકીને કેસોના મેપીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. અને તેની કામગીરી માટે ૨૫ કોમ્પ્યુટર અને ૨૫ પ્રિન્ટરની ફાળવણી કરવામાં આવેલ છે. તેમજ એક પ્રોગ્રામર અને એક આસીસ્ટન્ટ પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ કેટલું ખર્ચ થયેલ છે? | (૩) રૂ.૧૨,૨૨,૨૪૨/- નો ખર્ચ થયેલ છે. |

---------

**બનાસકાંઠા દેવસ્થાનોમાં નવીન સુવિધાઓ માટે મળેલી દરખાસ્તો**

૯૬૧૨ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા દેવસ્થાનોએ કઈજ જાતની નવીન સુવિધાઓ ઉભી કરવાની દરખાસ્તો મળેલ છે, અને

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાંથી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી દ્વાર ગબ્બરટોચ વિસ્તૃતિકરણ, ચોકની નીચે ૨૫ દુકાનો, આરસીસી સીડી, ડેકોરેટીવ પેરાપેટ, આરસ ફલોરીંગ, લાઈન વ્યવસ્થા માટે પિત્તળની રેલીંગ, ભેટ પ્રસાદ કેન્દ્ર, પાણીની સુવિધાનું સંકુલ, ગબ્બર પહાડ ચઢવા માટે બે પત્થરો વચ્ચે લોખંડની સીડી તથા રીટેઈનીંગ વોલ, એકાવન શકિતપીઠ પરિક્રમા પથ વિકાસ, એકાવન શકિતપીઠ પ્રાણ પ્રતિષ્ઠા અને લોકાપર્ણ, પ્રદર્શન ગેલેરી ૩ ડી મૂવી શો પીપીપી મોડેલ, હિલીયમ બલુન સ્પોર્ટસ એકટીવીટી પીપીપી મોડેલ, નવીન પ્રસાદ ગૃહબાંધકામ, મંદિર સંકુલમાં નવીન માર્બલ ફલોરીંગ જેવી નવીન સુવિધાઓ ઉભી કરવાની દરખાસ્તો મળેલ છે.

આ સીવાય ૧. કલેકટરશ્રી બનાસકાંઠા તરફથી તા.૨૭-૪-૨૦૧૨ના રોજ મોજે સુઇગામ, તા.વાવ જિલ્લો બનાસકાંઠા ખાતે આવેલ નડેશ્વરી માતા મંદિર ખાતે યાત્રી સુવિધા સારુ મંદિર ખાતે કોમ્યુનીટી હોલ તથા અદ્યતન ફર્નિશ ભોજનશાળા બનાવવા માટે ૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા વિનંતી કરતી દરખાસ્ત ઉપલબ્ધ થયેલ છે.

૨. શ્રી ચામુંડા ચેરીટેબલ સેવા ટ્રસ્ટ, મોજે પીલુચા, તા.વડગામ, જિલ્લો બનાસકાંઠા ખાતે આવેલ શ્રી ચાંમુડા માતા મંદિર ખાતે રીટેનીંગ વોલ, રબ્બર પીચીંગ વર્ક, સીમેન્ટ કોક્રીટ રોડ,યાત્રીક શેડ, પુરાણ અને તળીયું વગેરે બનાવવા અંગે ૩૮,૨૭,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવા બાબતે કલેકટરશ્રી બનાસકાંઠાની તા.૨૧-૫-૨૦૧૨ ના રોજ દરખાસ્ત મળેલ છે.

૩. મોજે ગામ વડાવળ, તા.ડીસા, જિ.બનાસકાંઠા ખાતે આવેલ સિધ્ધાંબિકા માતા મંદિરને પ્રવાસન વિભાગના વિકાસ અર્થે દેવસ્થાન વિભાગની ગ્રાન્ટ

| | |
|---|---|
| | ફાળવવા વિનંતી કરતી તા.૨૧-૧-૨૦૧૪ થી મેરાજ એલ દેસાઈ, એડવોકેટની દરખાસ્ત ઉપલબ્ધ થયેલ છે.<br>૪. મગરવાડા ગ્રામ પંચાયતના સરપંચની તા.૭-૯-૨૦૧૩ની બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મગરવાડા ગામે આવેલ મણીભદ્રવીર મહારાજ મંદિર ખાતે ગટર વ્યવસ્થા, જાહેર શૌચાલયો, યાત્રિક શેડ, સોલાર લાઈટ, પાણી શુધ્ધીકરણ પ્લાન્ટ વગેરે બાબતોની સુવિધા ઉપલબ્ધ કરવા અંગેની દરખાસ્ત ઉપલબ્ધ થયેલ છે. શ્રી માણેકનાથ ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.પો.લોટોલ, તા.દાંતા, શ્રી સિદ્રામ્બિકા મંદિર, વદાવલ તેમજ શ્રી મણીભદ્રવીર મહારાજ મંદિર, મગરવાડા તા.વડગામની વિકાસ માટે રજૂઆતો મળી છે. |
| (૨) પ્રત્યેક દરખાસ્તો મંજૂરી માટે ક્યા તબક્કે પડતર છે? | (૨) અંબાજી મંદિરની કુલ રૂ.૭૮,૭૦,૭૬,૦૦૦/- ની દરખાસ્તો મળેલ જે પૈકી રૂ.૭૨,૨૧,૨૭,૦૦૦/- ની દરખાસ્તો મંજૂર કરેલ છે. જ્યારે રૂ.૬,૫૭,૪૯,૦૦૦/- ની દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. અન્ય દરખાસ્ત બાબતે<br>૧. તા.૨૮-૧૦-૨૦૧૦ના ઠરાવ મુજબ જમા કરાવવાની થતી ૩૦% રકમ છે. શ્રી નડેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટે તા.૨૦-૪-૨૦૧૨ ના પત્રથી સરકારશ્રીમાં ભરપાઈ કરી શકે તેમ નથી તેમ જણાવેલ છે.<br>૨. શ્રી ચામુડા ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.પીલુચા, તા.વડગામ,જિ.બનાસકાંઠાને તા.૨૮-૧૦-૨૦૧૦ ના ઠરાવ મુજબ દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે.<br>૩. મોજે ગામ વડાવળ, તા.ડીસા,જિ.બનાસકાંઠા ખાતે આવેલ સિધ્ધાંબિકા માતા મંદિરના વિકાસ અર્થે વિગતવાર દરખાસ્ત રજૂ કરવા કલેકટરશ્રી બનાસકાંઠાને જણાવેલ છે.<br>૪. બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મગરવાડા ગામે આવેલ મણીભદ્રવીર મહારાજ મંદિરના વિકાસ અર્થે વિગતવાર દરખાસ્ત રજૂ કરવા કલેકટરશ્રી બનાસકાંઠાને જણાવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને સાયકલ સહાય**

૮૩૮૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪ માં અમરેલી જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા અરજીઓ આવી, | (૧) ૪૯૦૧ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૯૦૧ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩) એકપણ નહીં. |

---------

**બગસરા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગ બાંધવા માટે મંજૂર કરેલ રકમ**

૮૮૭૬ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| મોરબી | ૧ | ૦.૨૧ | ૦ | ૦ |

---------

**અનુસુચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચુકવવાની બાકી સહાય**

૯૮૨૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં અનુસુચિત જાતિના લોકો પર છેલ્લાં બે વર્ષમાં નોંધાયેલ વિવિધ અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય તા. ૩૧-૦૫ ૨૦૧૪ની સ્થિતિએ ચુકવવાની બાકી છે,

(૧) કોઈ સહાય ચુકવવાની બાકી નથી.

(૨) આ સહાય ચુકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તેને માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, તથા બાકી રહેલી સહાય ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા બાબત**

૯૫૩૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) તાપી જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો નીચે મુજબ કાર્યરત છે.

| તાલુકાનું નામ | કુમાર | કન્યા |
|---|---|---|
| વ્યારા | ૦ | ૦ |
| વાલોડ | ૦ | ૦ |
| સોનગઢ | ૦ | ૦ |
| ઉચ્છલ | ૦ | ૦ |
| નિઝર | ૧ | ૦ |
| કુલ | ૧ | ૦ |

(૨) વસ્તીની સંખ્યાને ધ્યાને લઈ સરકારે નવા છાત્રાલયો શરૂ કરવા શું આયોજન કરેલ છે?

(૨) હાલમાં કોઈ આયોજન નથી.

---------

**ઘેલા સોમનાથના વિકાસ માટેનું આયોજન**

૯૫૮૮ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ જસદણ પાસે ઘેલા સોમનાથનો યાત્રાધામમાં ક્યારે સમાવેશ કરવામાં આવ્યો, અને

(૧) જસદણ પાસે આવેલ ઘેલા સોમનાથ મંદિર સરકાર હસ્તકનું દેવસ્થાન છે.

(૨) સરકાર દ્વારા ઉક્ત યાત્રાધામના વિકાસ માટે કઈ કઈ નવી સુવિધાઓ કેટલા ખર્ચે પૂરી પાડવાનું

(૨) સરકાર દ્વારા અંદાજિત રૂપિયા પાંચ કરોડના ખર્ચે વિવિધલક્ષી ખંડ, ડાયનિંગ હોલ કમ કિચન બ્લોક,

આયોજન છે?

મિનળદેવી ટેકરી વિકાસ, અદ્યતન સુવિધા યુક્ત લાઈટ એન્ડ સાઉન્ડ શો, શોપીંગ સેન્ટર, બુટઘર, સ્પોર્ટસ સંકુલ, સ્નાનઘાટ, રિટેઈનીંગ વોલ, પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ, વિવિધ સુવિધા યુક્ત બગીચો વગેરે સુવિધાઓ પૂરી પાડવાનું આયોજન છે. જે માટે કલેક્ટરશ્રી રાજકોટને તા. ૧૯/૩/૨૦૧૪ના રોજ રૂપિયા પાંચ કરોડનું અનુદાન આપવામાં આવેલ છે.

---------

**બક્ષીપંચના છાત્રાલયોમાં બેઠકોની સંખ્યામાં વધારો કરવા બાબત**

૯૫૬૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના કેટલા છાત્રાલયો કઈ કઈ જગ્યાએ કાર્યરત છે,

(૧) ગાંધીનગર જિલ્લામાં ૪ સરકારી અને ૩૫ ગ્રાન્ટ ઈન એઈડ અને મહેસાણા જિલ્લામાં ૩ સરકારી અને ૧૯ ગ્રાન્ટ ઈન એઈડ બક્ષીપંચના છાત્રાલયો ચાલે છે. આ છાત્રાલયના સ્થળની વિગતોનું પત્રક સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા છાત્રાલયો શરૂ કરવા તથા હયાત છાત્રાલયોમાં સંખ્યા વધારવા સરકારને કેટલી અરજીઓ મળી, અને

(૨) (૧) છેલ્લા બે વર્ષમાં નવા છાત્રાલય શરૂ કરવા આ બંને જિલ્લામાંથી કોઈ અરજીઓ મળેલ નથી.
(૨) છેલ્લા બે વર્ષમાં છાત્રાલયોમાં સંખ્યા વધારવા માટે નીચે મુજબની અરજીઓ મળેલ હતી.

| **જિલ્લો** | **સંખ્યા વધારો** | |
|---|---|---|
| | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** |
| ગાંધીનગર | ૧૩ | ૨ |
| મહેસાણા | ૩ | ૧ |

(૩) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓમાં મંજૂરી આપવામાં આવી તથા નામંજૂર કરવાના કારણો શાં છે?

(૩) (૧) નવા છાત્રાલય માટે અરજીઓ મળેલ ન હોઈ પ્રશ્ન રહેતો નથી.
(૨) છાત્રાલયમાં સંખ્યા વધારવાની નીચે મુજબની અરજીઓ મંજુર કરેલ.

| **જિલ્લો** | **મંજુર કરેલ અરજીઓ** | | **નામંજૂર કરેલ અરજીઓ** | |
|---|---|---|---|---|
| | ૧૨-૧૩ | ૧૩-૧૪ | ૧૨-૧૩ | ૧૩-૧૪ |
| ગાંધીનગર | ૧૩ | ૦ | ૦ | ૨ |
| મહેસાણા | ૩ | ૦ | ૦ | ૧ |

વર્ષ ૨૦૧૩-૧૪ના બજેટમાં સંખ્યા વધારો મંજુર કરવામાં આવેલ ન હોવાથી અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

**પત્રક**

| **અ.નં.** | **છાત્રાલયનું નામ** | **છાત્રાલયનું સ્થળ** | **તાલુકો** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| સરકારી છાત્રાલય, ગાંધીનગર | | | |
| ૧ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), કોલેજ કક્ષા | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), ધો. ૧૧-૧૨ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩ | સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) | ગાંધીનગર | ગાંધીનગર |

| | | | |
|---|---|---|---|
| ૪ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા) | કલોલ | કલોલ |
| ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, ગાંધીનગર | | | |
| ૧ | એચ. કે. દેસાઈ ગોપાલક કન્યા છાત્રાલય | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨ | શ્રેયસ કુમાર છાત્રાલય | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩ | જ્ઞાનજ્યોત બક્ષીપંચ કુમાર છાત્રાલય | ગાંધીનગર | ગાંધીનગર |
| ૪ | તક્ષશિલા કુમાર છાત્રાલય | ગાંધીનગર | ગાંધીનગર |
| ૫ | બક્ષીપંચ કુમાર છાત્રાલય (કોલેજ કક્ષા) | ગાંધીનગર | ગાંધીનગર |
| ૬ | સિધ્ધેશ્વરી કુમાર છાત્રાલય | ભાટ | ગાંધીનગર |
| ૭ | સર્વોદય કુમાર છાત્રાલય | મુ. આમલપુર | ગાંધીનગર |
| ૮ | ભારતીય જનકલ્યાણ છાત્રાલય | ટીંટોડા | ગાંધીનગર |
| ૯ | ડી.એમ.કુમાર છાત્રાલય, દંતાલી | દંતાલી | ગાંધીનગર |
| ૧૦ | સર્વોદય ઉન્નતી બક્ષીપંચ કુમાર છાત્રાલય | મગોડી | ગાંધીનગર |
| ૧૧ | બાબા રામદેવ કુમાર છાત્રાલય | બોરીજ | ગાંધીનગર |
| ૧૨ | સહિયર કન્યા છાત્રાલય | વાવોલ | ગાંધીનગર |
| ૧૩ | રઘુવીર કુમાર છાત્રાલય | લવારપુર | ગાંધીનગર |
| ૧૪ | રામરંગ કુમાર છાત્રાલય | કુવાદરા | માણસા |
| ૧૫ | સરદાર કુમાર વિદ્યાર્થી આશ્રમ | અમરાપુર | માણસા |
| ૧૬ | બક્ષીપંચ કન્યા છાત્રાલય | આજોલ | માણસા |
| ૧૭ | નવજીવન કુમાર છાત્રાલય | લાકરોડા | માણસા |
| ૧૮ | લીંબચ બક્ષીપંચ કુમાર છાત્રાલય | કલોલ | કલોલ |
| ૧૯ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | પલસાણા | કલોલ |
| ૨૦ | ગોપાલબા ગંભીરસિંહ રાઠોડ કુમાર છાત્રાલય | દહેગામ | દહેગામ |
| ૨૧ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | દહેગામ | દહેગામ |
| ૨૨ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | દહેગામ | દહેગામ |
| ૨૩ | વિવેક કુમાર છાત્રાલય | રખિયાલ | દહેગામ |
| ૨૪ | દેવબાઈ કન્યા છાત્રાલય | રખિયાલ | દહેગામ |
| ૨૫ | વિકસતી જાતિ કુમાર છાત્રાલય | મોટીપાવઠી | દહેગામ |
| ૨૬ | વિકસતી જાતિ કન્યા છાત્રાલય | મોટીપાવઠી | દહેગામ |
| ૨૭ | સ્નેહલ કુમાર છાત્રાલય | વેલપુરા | દહેગામ |
| ૨૮ | શ્રીમતી આઈ.એચ.પંડ્યા કન્યા છાત્રાલય | વેલપુરા | દહેગામ |
| ૨૯ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | શિયાવાડા | દહેગામ |
| ૩૦ | ગીતા કુમાર છાત્રાલય | મોટાના મુવાડા | દહેગામ |
| ૩૧ | સાર્વજનીક કુમાર છાત્રાલય | કમાલબંધ વાસણા | દહેગામ |
| ૩૨ | પૂ.ગુરૂશ્રી લક્ષ્મી સ્વામી કુમાર છાત્રાલય | ઝાક | દહેગામ |
| ૩૩ | વિચરતી જાતિ કન્યા છાત્રાલય | આજોલ | માણસા |
| ૩૪ | વિચરતી જાતિ કન્યા છાત્રાલય | નારદીપુર | કલોલ |
| ૩૫ | પટણી કુમાર છાત્રાલય | કલોલ | કલોલ |
| સરકારી છાત્રાલય, મહેસાણા | | | |
| ૧ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા) | મહેસાણા | મહેસાણા |
| ૨ | સરકારી કન્યા છાત્રાલય (વિ.જા) | મહેસાણા | મહેસાણા |
| ૩ | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા) | વિસનગર | વિસનગર |
| ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય, મહેસાણા | | | |
| ૧ | નચિકેતા વિદ્યાવિહાર બક્ષીપંચ કુમાર છાત્રાલય | મહેસાણા | મહેસાણા |
| ૨ | નાની છાસઠ બક્ષીપંચ નાચી કુમાર છાત્રાલય | આંબલીયાસણ | મહેસાણા |
| ૩ | દિપ જયોતિ હોસ્ટેલ | નાગલપુર-૨ | મહેસાણા |
| ૪ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | જોટાણા | મહેસાણા |

| | | | |
|---|---|---|---|
| ૫ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | ગોઝારીયા | ગોઝારીયા |
| ૬ | વિકસતી જાતિ કુમાર છાત્રાલય | પુદગામ | વિસનગર |
| ૭ | જયશ્રી ચામુંડા કુમાર છાત્રાલય | તરભ | વિસનગર |
| ૮ | શેઠશ્રી મણીભાઈ વિરસંગભાઈ ચૌધરી આદર્શ કુમાર છાત્રાલય | રંગાકુઈ | વિસનગર |
| ૯ | સાર્વજનિક કુમાર છાત્રાલય | મોરવાડ | વિજાપુર |
| ૧૦ | સાબર બક્ષી કન્યા છાત્રાલય | આગલોડ | વિજાપુર |
| ૧૧ | પંડિત દીનદયાળ ઉપાધ્યાય બક્ષી કુમાર છાત્રાલય | કડી | કડી |
| ૧૨ | જીવનદષ્ટી બક્ષીપંચ કુમાર છાત્રાલય | જાદવપુરા | કડી |
| ૧૩ | જીવનદર્શન બક્ષીપંચ કન્યા છાત્રાલય | જાદવપુરા | કડી |
| ૧૪ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | નદાણ | કડી |
| ૧૫ | નવચેતન બક્ષી કુમાર છાત્રાલય | ઈન્દ્રાડ | કડી |
| ૧૬ | ગાંધીબાપુ બક્ષી કુમાર છાત્રાલય | રાંતેજ | બેચરાજી |
| ૧૭ | કુ. સોનાલી ગાર્ડી બક્ષી કુમાર છાત્રાલય | આદિવાડા | બેચરાજી |
| ૧૮ | બક્ષીપંચ કુમાર છાત્રાલય | વડનગર | વડનગર |
| ૧૯ | સાબરમતી કુમાર છાત્રાલય | વલાસણા | વડનગર |

---------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાની અદાલતોમાં પડતર કેસો**

૯૯૭૭ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા સ્તરની અદાલતોમાં કેટલા કેસો પડતર છે, અને

(૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા સ્તરની અદાલતોમાં અનુક્રમે કુલ ૧૨૯૪૦ અને ૧૩૦૮૪ કેસો પડતર છે.

(૨) (અ) ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫માં દર્શાવેલ જોગવાઈઓ અન્વયે વડી અદાલત તાબાની જ્યુડીશીયરી પર વહીવટી અંકુશ ધરાવે છે જેથી જયાં જરૂર જણાય ત્યાં સલાહસુચનો પણ આપે છે.

(બ) પડતર કેસોના ઝડપી નિકાલ કરવા માટે જુના કેસો ચલાવવા અગ્રતા આપવામાં આવે છે.

(ક) વહીવટી અને ન્યાયિક બાજુએ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમજ કોમ્પ્યુટરાઈઝેશનની સુવિધા પુરી પાડીને કેસોનો નિકાલ કરવા માટે ઘણો ઉપયોગી નિવડેલ છે.

(ડ) લોક અદાલતનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. અને તેમાં સમાધાનલાયક કેસો મુકવામાં આવે છે. આમ રાજય સરકાર પડતર કેસોના ઝડપી કરવા માટે પ્રયત્નશીલ છે અને રહેશે.

---------

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને મકાન સહાય**

૯૬૪૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૧૪ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને કેટલી રકમ રાજ્ય સરકાર દ્વારા મકાન સહાય પેટે આપવામાં આવે છે, અને

(૧) રૂ. ૪૫,૦૦૦/-

(૨) ઉક્ત આપવામાં આવતી સહાયમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો હતો?

(૨) તા. ૧-૪-૨૦૧૦ થી રૂ. ૧૫૦૦

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના યાત્રાધામ વિકાસ માટે કરેલ ખર્ચ**

૯૧૬૪ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કયા કયા યાત્રાધામોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) અન્વયે આ યાત્રાધામોના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા વિકાસના કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ અને ગીરનારનો પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ થયેલ છે.

(૨) સોમનાથ પ્રભાસ પાટણ ખાતે આવેલ સોમનાથ મંદિર માટે રોડ બ્યુટીફિકેશન, મુખ્ય પ્રવેશદાર, સોલર બેઈઝડ એલ.ઈ.ડી. લાઇટની કામગીરી માટે રૂપિયા અંદાજે ૫.૫૯ કરોડનો ખર્ચ થયેલ છે. આ ઉપરાંત ભવનાથ વિકાસ માટે રૂપિયા ૧.૪૧ કરોડ, સોમનાથ ગુફા વિકાસ માટે રૂપિયા ૧.૨૩ કરોડ અને ભાલકા તિર્થના વિકાસ માટે રૂપિયા ૦.૩૦ કરોડની કામગીરી કરવામાં આવેલ છે. તે રીતે અંદાજિત કુલ રૂપિયા ૮.૫૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ સહાય**

૯૭૩૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી તથા કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૨ |
| ૨ | વિજયનગર | ૦ |
| ૩ | વડાલી | ૦ |
| ૪ | ઈડર | ૮ |
| ૫ | ભિલોડા | ૪ |
| ૬ | મેઘરજ | ૦ |
| ૭ | હિંમતનગર | ૧૮ |
| ૮ | પ્રાંતિજ | ૪ |
| ૯ | તલોદ | ૦ |
| ૧૦ | મોડાસા | ૭ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
| ૧૧ | ધનસુરા | ૨ |
| ૧૨ | માલપુર | ૧ |
| ૧૩ | બાયડ | ૯ |
| | કુલ | ૫૫ |

(૨) મેરીટમાં આવતી ૨૬ અરજીઓ પૈકી ૨૪ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. ૩૧ અરજીઓ નામંજૂર કરી. એક પણ અરજી પડતર નથી.

(૩) ઉક્ત બાબતે કેટલી સહાય ચૂકવવામાં આવી ? (૩) રૂ. ૨,૮૪,૫૦૦/-

----------

**નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે મળેલ અરજીઓ**

૯૮૩૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ યોજના અન્વયે સને ૨૦૧૨ અને ૨૦૧૩ના વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) | વર્ષ ૨૦૧૨માં | ૧૬૧ |
| | | વર્ષ ૨૦૧૩માં | ૩૮૬ |
| | | **કુલ** | **૫૪૭** |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) | વર્ષ ૨૦૧૨માં | ૧૧૨ |
| | | વર્ષ ૨૦૧૩માં | ૨૫૦ |
| | | **કુલ** | **૩૬૨** |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) | વર્ષ ૨૦૧૨માં | ૧૬ |
| | | વર્ષ ૨૦૧૩માં | ૪૩ |
| | | **કુલ** | **૫૯** |
| (૪) ઉક્ત અરજીઓનો નિકાલ કરી ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે ? | (૪) | બનતી ત્વરાએ. | |

---------

**વૃધ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થીઓ**

૯૧૧૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લા અને તાલુકાવાર વૃધ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ કેટલા લાભાર્થીઓ નોંધાયેલ છે, અને | (૧) **પત્રક-૧** મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેઓને વર્ષવાર કેટલી સહાય ક્યા ધોરણે ચુકવેલ છે, અને | (૨) **પત્રક-૨** મુજબ |
| (૩) માસીક મળતી સહાયમાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ ? | (૩) હાલમાં કોઈ આયોજન નથી. |

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ | | | નિરાધાર વૃધ્ધ સહાય યોજનાના લાભાર્થીઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા. ૧.૬.૧૨ થી તા. ૩૧.૫.૧૩ | તા. ૧.૬.૧૩ થી તા. ૩૧.૫.૧૪ | કુલ | તા. ૧.૬.૧૨ થી તા. ૩૧.૫.૧૩ | તા. ૧.૬.૧૩ થી તા. ૩૧.૫.૧૪ | કુલ |
| ૧ | છોટા ઉદેપુર | ૨૬૭ | ૩૬૯ | ૬૩૬ | ૬ | ૩ | ૯ |
| ૨ | ક્વાંટ | ૮૭ | ૩૮૯ | ૪૭૬ | ૦ | ૦ | ૦ |
| ૩ | જેતપુર પાવી | ૪૨૨ | ૧૮૭ | ૬૦૯ | ૨ | ૫ | ૭ |
| ૪ | સંખેડા | ૬૦ | ૧૫ | ૭૫ | ૨૦ | ૧૯ | ૩૯ |
| ૫ | નસવાડી | ૨૮૫ | ૧૪૦ | ૪૨૫ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૧૧૨૧** | **૧૧૦૦** | **૨૨૨૧** | **૨૮** | **૨૭** | **૫૫** |

**પત્રક-૨**

| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓ (માસિક રૂ. ૪૦૦ લેખે) | | | નિરાધાર વૃધ્ધ સહાય યોજનાના લાભાર્થીઓ (માસિક રૂ. ૨૦૦ લેખે) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા. ૧.૬.૧૨ થી તા. ૩૧.૫.૧૩ | તા. ૧.૬.૧૩ થી તા. ૩૧.૫.૧૪ | કુલ | તા. ૧.૬.૧૨ થી તા. ૩૧.૫.૧૩ | તા. ૧.૬.૧૩ થી તા. ૩૧.૫.૧૪ | કુલ |
| ૧ | છોટા ઉદેપુર | ૨૧૩૬૦૦ | ૧૪૭૬૦૦ | ૩૬૧૨૦૦ | ૬૨૦૦ | ૧૪૦૦ | ૭૬૦૦ |
| ૨ | ક્વાંટ | ૩૮૨૮૦૦ | ૬૬૦૦૦૦ | ૧૦૪૨૮૦૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | જેતપુર પાવી | ૩૭૭૩૦૦૦ | ૧૯૦૯૮૦૦ | ૫૬૮૨૮૦૦ | ૩૬૦૦ | ૧૫૦૦ | ૫૧૦૦ |
| ૪ | સંખેડા | ૨૮૮૦૦૦ | ૬૦૦૦૦ | ૩૪૮૦૦૦ | ૪૮૦૦૦ | ૩૮૦૦૦ | ૮૬૦૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | નસવાડી | ૫૨૨૦૦૦ | ૨૬૪૦૦૦ | ૭૮૬૦૦૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૫૧૭૯૪૦૦** | **૩૦૪૧૪૦૦** | **૮૨૨૦૮૦૦** | **૫૭૮૦૦** | **૪૦૯૦૦** | **૯૮૭૦૦** |

---------

**સરકાર દ્વારા રાજ્યની અદાલતોમાં પડતર કેસો અંગેની કાર્યવાહી**

૯૭૬૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની જુદી-જુદી અદાલતોમાં કેસો પડતર રહેવાના કારણો દૂર કરવા રાજ્ય સરકાર તરફથી શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

**એચબી-૧૮૫-૧૪**

**જવાબ**

તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની જુદી-જુદી અદાલતોમાં કેસો પડતર રહેવાના કારણો દૂર કરવા રાજ્ય સરકાર તરફથી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) મહેસુલી ડાંગ જિલ્લામાં જિલ્લા કોર્ટ તથા સંલગ્ન કોર્ટોની સ્થાપના કરેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લામાં વધારાના જિલ્લા ન્યાયાધીશોની ૪ કોર્ટો અને સીનીયર સિવિલ જજની કુલ ૪ કોર્ટોની સ્થાપના કરેલ છે.

(૩) રાજ્યમાં આવેલ ગુજરાત હાઈકોર્ટ અને તાબાની કોર્ટો માટે માળખાગત સુવિધાઓમાં ફરનીચર, ઝેરોક્ષ મશીન, ફેક્ષ મશીન, આર.ઓ. પ્લાન્ટ વગેરે સુવિધાઓ પુરી પાડેલ છે.

(૪) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સિવિલ જજની કોર્ટ અને ૪૩ સિવિલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૫) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપનાની નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરેલ છે. તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ નવી જગ્યાઓ મંજૂર કરેલ છે.

(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં આવેલ કોર્ટોમાં માળખાગત સુવિધાઓ જેવી કે ઝેરોક્ષ મશીન, ફેક્ષ મશીન, ફરનીચર, ઈન્ટરકોમ ફેસીલીટી, મોબાઈલ સ્ટોરેજ સિસ્ટમ, લેન પ્રિન્ટર, કોમ્પ્યુટર પુરી પાડવામાં આવેલ છે. આ માટે રૂા. ૨૧,૪૨,૧૫,૦૦૦/-નો ખર્ચ થયેલ છે. સને ૨૧૦૩-૧૪ના વર્ષમાં કોર્ટ બિલ્ડીંગ, ન્યાયધિશો અને સ્ટાફના રહેણાંકના મકાનો વગેરે માટે રૂા. ૬૯૦ કરોડની વહીવટી મંજુરી આપેલ છે. રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેડેમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવેલ છે. તથા સને ૨૦૧૩-૧૪ વર્ષ દરમ્યાન ન્યાયાધીશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત

ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહિતના તમામ ન્યાયાલયો માટે રૂા. ૪૫૦– કરોડના ખર્ચે લેપટોપની સુવિધા પુરી પાડેલ છે. તે જ રીતે એ.પી.પી. ઓ. માટે રૂા. ૨/– કરોડના ખર્ચે લેપટોપ ઈ–લાયબ્રેરીની સુવિધા પુરી પાડેલ છે. તેમજ એ.પી.પી. ઓને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં ૪ દિવસની સઘન તાલીમ પુરી પાડેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૭) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સને ૨૦૧૨ અને ૨૦૧૩ માં અનુક્રમે કુલ ૧૦૪૧૧ અને ૧૦૯૮૯ લોક અદાલતો યોજવામાં આવેલ. તેમાં ૩,૦૦,૮૨૪ કેસો પૈકી ૧૭૪૧૯૭ કેસોનો નિકાલ થયેલ છે અને ૬૭.૧૯ કરોડનો એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે. સને ૨૦૧૩માં ૪૧૬૭૦૭ કેસો પૈકી ૨૨૩૩૬૧ કેસોનો નિકાલ થયેલ છે અને ૧૩૯.૯૪ કરોડનો એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે.

(૮) રાજ્યમાં આવેલ ૨૨ જિલ્લાઓમાં મીડીયેશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે જેમાં સમાધાનલાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

---------

**પાટણ જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો**

૮૭૭૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લાની જુદી જુદી કોર્ટોમાં કેટલાં કેસો પડતર છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લાની જુદી જુદી કોર્ટોમાં નીચે મુજબના કેસો પડતર છે.

એપલેટ કોર્ટો

| **ક્રમ** | **કોર્ટનું નામ** | **સિવિલ કેસોની સંખ્યા** | **ફોજદારી કેસોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ, પાટણ | ૧૫૯૬ | ૨૧૯ |
| ૨ | એડી. ડિસ્ટ્રીક્ટ એન્ડ એડી. સેસન્સ જજ, પાટણ | ૧૭૬૮ | ૧૭૮ |
| ૩ | બીજા (એડહોક) એડી. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ, પાટણ | ૨૨૬૧ | ૩૨૦ |
| | **કુલ** | **૫૬૨૫** | **૭૧૭** |

**તાબાની કોર્ટો**

| **ક્રમ** | **કોર્ટનું નામ** | **સિવિલ કેસોની સંખ્યા** | **ફોજદારી કેસોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, પાટણ | ૨૦૫૧ | – |
| ૨ | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાટણ | – | ૧૩૩૮ |
| ૩ | બીજા એડી. સિનિયર સિવિલ જજ એન્ડ એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાટણ | ૧૨૬૪ | ૧૦૩૫ |
| ૪ | એડી. સિવિલ જજ એન્ડ જે.એમ.એફ.સી. પાટણ | ૬૧ | ૧૧૨૦ |
| ૫ | બીજી એડી. સિવિલ જજ એન્ડ જે.એમ.એફ.સી. પાટણ | ૪૭ | ૫૬૫ |
| ૬ | ત્રીજા એડી. સિવિલ જજ એન્ડ જે.એમ.એફ.સી. પાટણ | ૫૮ | ૫૭૧ |
| ૭ | ચોથા એડી. સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. પાટણ | ૫૪ | ૧૦૨૫ |
| ૮ | પાંચમા એડી. સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. પાટણ | ૮૭ | ૫૦૯ |
| ૯ | છઠ્ઠા એડી. સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. પાટણ | ૭૩ | ૮૧૪ |
| ૧૦ | પ્રિન્સીપાલ સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. સિધ્ધપુર | ૨૧૭ | ૨૭૬૯ |
| ૧૧ | એડી. સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. સિધ્ધપુર | ૫૮ | ૪૭૯ |
| ૧૨ | પ્રિન્સીપાલ સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. ચાણસ્મા | ૧૭૫ | ૧૪૪૨ |
| ૧૩ | પ્રિન્સીપાલ સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. હારીજ | ૬૬ | ૫૦૪ |
| ૧૪ | પ્રિન્સીપાલ સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. સમી | ૧૧૬ | ૧૮૬૪ |
| ૧૫ | એડી. સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. સમી | ૪૭ | ૨૪૫ |
| ૧૬ | પ્રિન્સીપાલ સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. | ૪૧૯ | ૧૪૨૮ |

| | | | |
|---|---|---|---|
| | રાધનપુર | | |
| ૧૭ | એડી. સિવિલ જજ એન્ડ જે.એમ.એફ.સી. સિધ્ધપુર | ૨૪ | ૪૭૧ |
| ૧૮ | પ્રિન્સીપાલ સિવિલ જજ એન્ડ જે.એમ.એફ.સી. સાંતલપુર, મુ. વારાહી | ૧૭૪ | ૯૯૬ |
| ૧૯ | એડી. સિવિલ જજ એન્ડ જે. એમ.એફ.સી. સાંતલપુર, મુ. વારાહી | ૧૨૬ | ૬૩૯ |
| | કુલ | ૫૧૧૭ | ૧૭૮૧૪ |

(૨) રાજ્ય સરકારે આ કેસોમાં થતો ભરાવો અટકાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધેલ છે?

(૨) પાટણ જિલ્લાના સાંતલપુર વારાહી ખાતે પૂર્ણ સમયની સિવિલ જજની કોર્ટની રચના કરેલ છે અને હાલમાં આ કોર્ટ કાર્યરત છે. દર વર્ષે અંદાજપત્રમાં જુદા જુદા સંવર્ગની નવી નવી કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે. અને આ કોર્ટો માટે જરૂરી માળખાગત સુવિધાઓ પણ પુરી પાડવામાં આવેલ છે. તદઉપરાંત વડી અદાલતે કેસોનો ભરાવો દુર કરવા માટે જુના કેસો ઉપર દેખરેખ રાખવામાં આવે છે અને જુના કેસોનો નિકાલ કરવા માટે વડી અદાલત શક્ય તેટલા તમામ પગલાં લઈ રહી છે. વહીવટી અને ન્યાયિક બાજુએ અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેમજ કોમ્પ્યુટરાઈઝેશનની સુવિધા પુરી પાડીને કેસોનો નિકાલ કરવા માટે ઘણી ઉપયોગી થયેલ છે. લોક અદાલતનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે અને તેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આમ, રાજ્ય સરકાર પડતર કેસોના ઝડપી નિકાલ માટે પ્રયત્નશીલ છે અને રહેશે.

---------

**યાત્રાધામ વિકાસ માટે સરકારે અંદાજપત્રમાં ફાળવેલ રકમ**

૮૮૩૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં યાત્રાધામ વિકાસ માટે અંદાજપત્રકમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) ફાળવેલ રકમમાંથી વહીવટી ખર્ચ અને યાત્રાધામ વિકાસ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારે યાત્રાધામના વિકાસ માટે સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે રૂપિયા ૩૯૦૯/- લાખ અને સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે રૂપિયા ૧૦૦૦૦/-લાખની રકમની ફાળવણી કરવામાં આવી છે.

(૨) ફાળવેલ રકમમાંથી વહીવટી કામગીરી અને યાત્રાધામના વિકાસની કામગીરી માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

વહીવટી કામગીરી માટે સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે રૂપિયા ૪૦૩/- લાખ અને સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે રૂપિયા ૪૭-૫૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

યાત્રાધામના વિકાસની કામગીરી માટે સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે રૂપિયા ૩૫૦૬/-લાખ અને સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે રૂપિયા ૯૬૨૪-૦૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

---------

**આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ મંજૂર કરેલ અરજીઓ**

૯૪૧૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ તાલુકાવાર લાભ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) મહેસાણા જીલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૬-૧૨ થી તા. ૩૧-૫-૧૩ | તા. ૧-૬-૧૩ થી તા. ૩૧-૫-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૦૩ | ૦૫ | ૦૮ |
| ૨ | કડી | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૩ | વિસનગર | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | ઉંઝા | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૫ | ખેરાલુ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | બેચરાજી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૭ | વિજાપુર | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૮ | સતલાસણ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | વડનગર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | **કુલ** | **૧૧** | **૧૨** | **૨૩** |

અમદાવાદ જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૬-૧૨ થી તા. ૩૧-૫-૧૩ | તા. ૧-૬-૧૩ થી તા. ૩૧-૫-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સીટી | ૧૫૦ | ૧૯૧ | ૩૪૧ |
| ૨ | દશક્રોઈ | ૦૨ | ૦૨ | ૦૪ |
| ૩ | ધોળકા | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | બાવળા | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૫ | ધંધુકા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | બરવાળા | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૭ | રાણપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | વિરમગામ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૯ | માંડલ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૦ | દેત્રોજ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | સાણંદ | ૦૧ | ૦૧ | ૦૨ |
| | **કુલ** | **૧૫૭** | **૧૯૮** | **૩૫૫** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી તથા કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) મહેસાણા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૬-૧૨ થી તા. ૩૧-૫-૧૩ | તા. ૧-૬-૧૩ થી તા. ૩૧-૫-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૦૧ | ૦૪ | ૦૫ |
| ૨ | કડી | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૩ | વિસનગર | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | ઉંઝા | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૫ | ખેરાલુ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | બેચરાજી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૭ | વિજાપુર | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૮ | સતલાસણ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | વડનગર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | **કુલ** | **૦૯** | **૧૧** | **૨૦** |

અમદાવાદ જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૬-૧૨ થી તા. ૩૧-૫-૧૩ | તા. ૧-૬-૧૩ થી તા. ૩૧-૫-૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સીટી | ૧૩૯ | ૧૬૭ | ૩૦૬ |
| ૨ | દશક્રોઈ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૩ | ધોળકા | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | બાવળા | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૫ | ધંધુકા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | બરવાળા | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૭ | રાણપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | વિરમગામ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૯ | માંડલ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૦ | દેત્રોજ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | સાણંદ | ૦૧ | ૦૧ | ૦૨ |
| | **કુલ** | **૧૪૫** | **૧૭૩** | **૩૧૮** |

મહેસાણા જીલ્લામાં એક પણ અરજી પડતર નથી. અમદાવાદ જીલ્લાના સીટી તાલુકામાં ૯ અરજી પડતર રહેલ છે.

(૩) પડતર અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ

---------

**સમરસ છાત્રાલયના બાંધકામ બાબત**

૯૪૬૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે રાજકોટ, વડોદરા, સુરત અને ભાવનગર ખાતે મંજૂર થયેલ સમરસ છાત્રાલયનું બાંધકામ તા. ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે,

**જવાબ**

(૧)

રાજકોટ ૮ બ્લોક પૈકી આર.સી.સી. કામમાં ૪ બ્લોક ૧૦ માળ અને ૩ બ્લોક ૯ માળ અને ૧ બ્લોક ૮ માળ અને ડાઈનીંગ હોલ ૨ માળનું કામ પૂર્ણ થયેલ છે. કામગીરી ચાલુ છે.

વડોદરા ૮ બ્લોક પૈકી આર.સી.સી. ૨ બ્લોકનું ૮ માળ સુધીનું ૧ બ્લોકનું ૬ માળ સુધીનું બાંધકામ ચાલુ છે.

સુરત ૧૦ બ્લોકનું આર.સી.સી. કામપૂર્ણ થયેલ છે. પ્લાસ્ટર કામ ચાલુ છે.

ભાવનગર ૧૦ બ્લોકનું આર.સી.સી. કામપૂર્ણ થયેલ છે. પ્લાસ્ટર કામ ચાલુ છે.

(૨) આ છાત્રાલયોનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવ્યું તથા ક્યારે પુરૂં કરવાનું આયોજન છે, અને

(૨)

| છાત્રાલયનું સ્થળ | શરૂ કર્યા તારીખ | પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|
| રાજકોટ | તા. ૭/૩/૧૩ | તા. ૬/૧૧/૧૪ |

| | | |
|---|---|---|
| વડોદરા | તા. ૩/૧/૧૩ | તા. ૩૧/૩/૧૫ |
| સુરત | તા. ૧૧/૧/૧૩ | ૧૦/૯/૧૪ |
| ભાવનગર | તા. ૮/૧/૧૩ | તા. ૭/૯/૧૪ |

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ છાત્રાલયવાર થનાર છે?

(૩)

| છાત્રાલયનું સ્થળ | હવે પછી થનાર ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| રાજકોટ | ૪૬૮૩.૨૧ |
| વડોદરા | ૮૦૮૦.૧૮ |
| સુરત | ૫૮૪૬.૧૦ |
| ભાવનગર | ૫૫૭૨.૪૧ |
| **કુલ** | **૨૪૧૮૧.૯૦** |

---------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે કુમાર અને કન્યા છાત્રાલયો બનાવવા બાબત**

૯૫૮૬ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ ખાતે બક્ષીપંચના વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓ ને સરકારી છાત્રાલયોમાં પુરતા પ્રમાણમાં પ્રવેશ આપવામાં આવતો નથી, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. પરંતુ, સરકારી છાત્રાલયોમાં માન્ય સંખ્યા અને મકાનની ક્ષમતા મુજબ બક્ષીપંચના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો બક્ષીપંચના વિદ્યાર્થીઓને વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર નવા કુમાર-કન્યા છાત્રાલયો બનાવવા માંગે છે કે કેમ? | (૨) રાજકોટ ખાતે સમરસ છાત્રાલયના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

**ગાંધીનગર જિલ્લાના યાત્રાધામોમાં યાત્રિનિવાસ બનાવવા બાબત**

૯૫૬૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કયા યાત્રાધામોના વિકાસ પાછળ કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો, અને | (૧) શ્રી વરદાયિની માતા મંદિર, રૂપાલ, જિ. ગાંધીનગરના વિકાસકામો કરવા તા. ૧-૧૦-૨૦૧૨ના રોજ કલેકટરશ્રી, ગાંધીનગરને રૂા. ૫૦/- લાખ અને શ્રી પંચદેવ મંદિર, ગાંધીનગરને એલ.ઈ.ડી. લાઈટથી કાયમી રોશની માટે તા. ૨૧-૨-૨૦૧૩ના રોજ રૂા. ૪,૮૦,૨૯૫/-નું અનુદાન આપેલ છે. |
| (૨) કયા કયા યાત્રાધામો ખાતે ''યાત્રિનિવાસ'' ઉપલબ્ધ છે તથા નવા યાત્રિનિવાસ બનાવવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) સરકારશ્રી હસ્તકના શ્રી વરદાયિની માતા મંદિર, રૂપાલમાં યાત્રિ નિવાસની સુવિધા ઉપલબ્ધ છે. નવા યાત્રિ નિવાસ માટે કોઈ આયોજન કરેલ નથી. |

---------

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો શૂન્ય કાળનો મુદ્દો છે. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અતિ મહત્વનો મુદ્દો છે. આપે દુષ્કાળનો મુદ્દો એલાઉ ન કર્યો, એટલે શૂન્ય કાળમાં મુદ્દો ઉપસ્થિત કરવા માટેની બહેનશ્રીની વાત છે. અત્યારે કાયદો અને વ્યવસ્થા તથા બહેનો ઉપર બળાત્કાર થાય એના માટે બહેનશ્રી અને ધારાસભ્યશ્રીએ આપનું ધ્યાન દોરવા નોટિસ આપી છે એટલે એલાઉ કરો તો વધારે સારું.

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહભાઇએ વાત કરી એ જ વાત છે. શૂન્યકાળની નોટિસ આપી છે એનો જ જવાબ આપું છું. આપણા હાઉસની અંદર કાયદામાં કયાંય શૂન્યકાળનું લખેલ નથી. વિધાનસભાના નિયમોની અંદર પણ નથી. ભૂતકાળમાં પદ્ધતિ એવી હતી કે મંત્રીશ્રીની પરવાનગી લેવામાં આવે. એ હા પાડે, ત્યારપછી અધ્યક્ષ મંજૂરી આપે. વર્ષો પહેલા શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરતાં હતાં, પરંતુ ઘણા વર્ષોથી આ પદ્ધતિ બંધ છે. ભૂતકાળમાં અધ્યક્ષોએ આ નિગ્લેટ કર્યું છે અને નામંજૂર કર્યું હોય, હાઉસમાં શૂન્યકાળના મુદ્દાની કોઇ જોગવાઇ જ નથી. (અંતરાય) માનનીય શંકરસિંહભાઇ, પ્રણાલિકા હતી ત્યારે પણ પદ્ધતિ એ હતી કે પહેલા જે તે ખાતાના મંત્રીશ્રીની પરવાનગી લેવામાં આવે ત્યારબાદ અધ્યક્ષશ્રીની પરવાનગી લેવામાં આવે. આ બંને પરવાનગી આપે ત્યાર પછી શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત થતો હતો. આની અંદર ન તો મંત્રીશ્રીની પરવાનગી છે અને ન અધ્યક્ષશ્રીની, મંત્રીશ્રી પહેલા પરવાનગી આપે પછી અધ્યક્ષે વિચારવાનું હોય, સીધે સીધુ હું ન વિચારી શકું, એટલા માટે આ પદ્ધતિ પણ નથી થઇ અને કોઇ નિયમોમાં પણ જોગવાઇ નથી. એટલે શૂન્યકાળનો મુદ્દો કોઇ રીતે ઉપસ્થિત થતો નથી. જે વસ્તુ હાઉસની નથી, એની ચર્ચા ન હોય. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું માન રાખીને સ્પષ્ટતા કરું છું. નિયમની અંદર કોઇ જોગવાઇ નથી, એવી કોઇ નવી વસ્તુ હું ચાલુ કરવા માગતો પણ નથી અને આપણે વાત પણ ન કરવી જોઇએ. વિધાનસભાનું કામ કેવું કરવું, કઇ રીતે કરવું એના નિયમોની બૂક છે, એમાં સ્પષ્ટ છે. હું નિયમોને વળગીને કામ કરીશ. નિયમમાં નથી એવી વસ્તુને એલાઉ નહિ કરું. (અંતરાય) પાછળથી બહેનો બેસી જાવ. માનનીય શકિતસિંહભાઇ આપ પણ બેસી જાવ. હું કલીયારિટીની વાત કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ કલીયર જ છું. આપ મારો મુદ્દો સાંભળ્યા પછી વાત કરજો.

અધ્યક્ષશ્રી : હાઉસના નિયમો પ્રમાણેનો મુદ્દો હોય તો તમને તક આપીશ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સાહેબ પહેલા મારો મુદ્દો તો સાંભળો?

અધ્યક્ષશ્રી : કાર્યવાહીનો ભાગ નથી તેમ છતાં મારે સાંભળવાનું? (અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : હું કોઇ ચર્ચા કરવા માગતો નથી.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ટુ કીપ ધ રેકર્ડ સ્ટ્રેઇટ, મારો માત્ર એટલો જ મુદ્દો છે. બહુ જ મર્યાદિત મુદ્દો છે. આપણી પરંપરાઓને તોડીને આપણે બીજું કરીએ, ત્યારે સ્પીકર્સ ડાયરેકશન્સ જરૂરી છે. હું જોઇ ગયો છું. કોઇ માનનીય અધ્યક્ષશ્રીઓએ, આપનો prerogative છે. આજે મુદ્દો દાખલ કરવો નહીં કરવો, આપનો prerogative છે. મંત્રીએ મંજૂરી આપી, નથી આપી. આપનો prerogative છે. હું માત્ર એટલો જ મુદ્દો ઉપસ્થિત કરું છું કે ઝીરો અવર્સની પરંપરા આપણી સંસદીય પ્રણાલિકાઓમાં લખાયેલી છે. કોઇ સ્પીકરે સ્પીકીંગ ઓર્ડર્સથી એ બંધ નથી કરી. માટે એને આજના મુદ્દા પૂરતો આપે જે નિર્ણય કરવો હોય તે. You cannot say without definite direction from the Speaker; no Speaker has right to go beyond tradition. (અંતરાય) You cannot go beyond practice. સ્પીકીંગ ઓર્ડર્સ આપના અધિકાર છે. આજની તારીખે ભૂતકાળના કોઇ અધ્યક્ષના, હું સાહેબ, હમણાં જ જઇને બૂક લઇને આવ્યો. સ્પીકર્સ ડાયરેકટીવ્સમાં કયાંય કોઇ.. માનનીય અધ્યક્ષશ્રી, આપે આજે દાખલ કરવો, ન કરવો આપનો અધિકાર છે. વર્ષોથી ચાલતી પરંપરા, હમણાં નથી દાખલ કરતા, મને વાંધો નથી. કાયમી આ પ્રથા બંધ કરવી હોય તો સ્પીકર્સ ડાયરેકશન્સ હોવા જોઇએ. એ સ્પીકર્સ ડાયરેકશન્સ આજની તારીખે નથી માટે આપ આજનો મુદ્દો નહીં, પણ રેકર્ડ ઉપર એવું જાય કે આ પરંપરા બંધ થઇ ગઇ છે. આ અમને કાયમી અન્યાય થાય. એટલા માટે ટુ કીપ ધ રેકર્ડ સ્ટ્રેઇટ. હું આટલું જ કલેરીફીકેશન કરું છું.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં આજે આ મુદ્દો લઇ શકાય તેમ નથી. નેકસ્ટ. આગળ ચાલો. (અંતરાય) વાત થઇ ગઇ. બલવંતસિંહ, એમણે કહ્યું, મંજૂરી મળી હોય તો આગળ ચાલીએ. તમે તમારી જગ્યાએ બેસો. તમારે કાયદેસર પૂછવું હોય તો શક્તિસિંહને પૂછી જૂઓ. (અંતરાય) તમે બેસી જાવ. કેમ, તમારે બહાર જવાનું મન થયું છે? (સતત અંતરાય)

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ શ્રીમતી ચંદ્રિકાબેન બારૈયા, શ્રીમતી કામિનીબા રાઠોડ, ડો. તેજશ્રીબેન પટેલ અને શ્રી મહેન્દ્રસિંહ બારૈયા વેલમાં આવી જતાં)

અધ્યક્ષશ્રી : તમે ચારેચાર સભ્યશ્રીઓ આપના સ્થાન ઉપર જાવ. લોકશાહી પદ્ધતિ મુજબ આ યોગ્ય નથી. તમે નિયમની બુકમાં મને બતાવજો. (અંતરાય) તમે બેસો. તેમને પહેલાં તેમની જગ્યાએ બેસાડો. (અંતરાય) આ ચારે ચાર સભ્યશ્રીઓને આજના દિવસ માટે થઇને સસ્પેન્ડ કરવામાં આવે છે. ચારેય સભ્યશ્રીઓને બહાર લઇ લો. (સતત અંતરાય)

(આ તબક્કે વેલમાં આવેલા ચારેય સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા.) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, આપના નેતાને તો સાંભળો, હું સાંભળું છું અને તમારી તેમને સાંભળવાની ધીરજ નથી?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : રોજ બળાત્કાર, નાની અઢી વર્ષની દીકરીને મારી નાખવામાં આવે, પાંચ વર્ષની દીકરીને બળાત્કાર કરીને મારી નાખવામાં આવે, વેપારીઓને ખુલ્લેઆમ ફાયરીંગ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે શાંત રહો, ઇટ ઇઝ નોટ યોર બિઝનેસ. તમારે જે વાંધો હોય તે ઊભા થઇને પછી કહેજો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા ખાડે ગઇ છે તેની ચર્ચા માટે આપને વિનંતી કરીએ છીએ અને વિધાનસભા ગૃહમાં પણ આપની પાસેથી ચર્ચાની અપેક્ષા ન હોય તો અમે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી, સ્પષ્ટતા થઇ ગઇ, કે ભૂતકાળમાં જે તેમણે કહ્યું કલેરીફીકેશન માટે થઇને, કાયમ માટે બંધ ન કરવું જોઇએ. આ નથી, ભૂતકાળમાં બન્યું છે. મેં કહ્યું કે અધ્યક્ષે કોઇને એલાઉ નથી કર્યા. ભૂતકાળમાં બન્યું ત્યારે એ જ સ્થિતિ હતી, કે મંત્રી પહેલાં પરવાનગી આપે, અધ્યક્ષની પરવાનગી લે પછી પ્રશ્નોત્તરી થાય. મંત્રી પરવાનગી ન આપે તો આ મુદ્દો ત્યાં જ પૂરો થઇ જાય. જે પ્રણાલિકા તમે કહો છો તેમાં હું કહું છું કે પ્રણાલિકા પણ પૂરી થઇ નથી, એટલા માટે મુદ્દો રહેતો નથી.(અંતરાય) શંકરસિંહને કહેવા દો. આની પાછળ મારે કોઇ ચર્ચા નથી કરવી. એકવાર શક્તિસિંહે કલેરીફીકેશન કર્યા પછી કોઇ ચર્ચાને અવકાશ નથી. (અંતરાય) માનનીય શંકરસિંહજી આપને આમાં કંઇ કહેવાનું છે?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની આ માનસિકતાના વિરોધમાં અમે આ ચર્ચામાં ભાગ લઇ શકતા નથી માટે અમે વોકઆઉટ કરીએ છીએ.

(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતાં કરતાં વોકઆઉટ કરી ગયા.) (અંતરાય)

## સરકારી વિધેયક

સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૭

### ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયક, ૨૦૧૪

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ૭, સન ૨૦૧૪ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ૭ સન ૨૦૧૪ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

* વિધેયક તાઃ૨૪મી જુન ૨૦૧૪ના ગુજરાત ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર અત્યારે મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો ૧૯૪૮થી અમલમાં છે. ત્યારબાદ એમાં વર્ષ ૧૯૫૫માં કેટલાક મહત્વના સુધારાઓ કરવામાં આવ્યા હતા અને મોટે ભાગે ગણોતિયાને મળેલી જમીનો કલમ–૪૩ હેઠળ નિયંત્રણવાળી જમીનો એ કાયદા મુજબ ઠરાવેલ છે. આવી જમીનો જો ગ્રામ્ય વિસ્તારમાં હોય તો ૧૫ વર્ષના કબજા બાદ કોઇપણ જાતનું પ્રિમિયમ લીધા વિના ખેડૂતની નવી શરતની જમીન ખેતી, ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવા રાજય સરકારે, અમારી સરકારે ૪–૭–૨૦૦૮માં ઠરાવ કરેલો છે. જમીનોમાં બે પ્રકારના ગણોત દાખલ થઇ શકે છે એમાં એક ગણોતિયા તરીકે અને એક કાયમી ગણોતિયા તરીકે. આજે અમે જે સુધારો લાવ્યા છીએ એ કાયમી ગણોતિયાઓને જે પ્રશ્નો છે કે કાયમી ગણોતનો તો આઝાદી પહેલા જયારે ૧૯૩૯માં આ અધિનિયમ અમલમાં આવ્યો તેના પહેલા એટલે કે ૧–૧–૧૯૩૬ના રોજ જે વ્યકિત ગણોતિયા હોવા જોઇએ અથવા ૧–૧–૧૯૩૬ થી ૧–૮–૧૯૫૬ના સમય પહેલા ઓછામાં ઓછા દસ વર્ષ માટે જે દાવેદાર અત્યારે હકક કરતા હોય એમને ગણોતિયા તરીકે અથવા એમના પૂર્વજોએ જે તે જમીન ખેડતા હોવાનો માલૂમ પડે અને એને ૭–૧૨માં પ્રસ્થાપિત થયેલું જણાય તો એ લોકો કાયમી ગણોતિયા એમને રાજય સરકારે નિયમાનુસાર ઠેરવ્યા છે. આ સિવાયના જે ગણોતિયા છે એ ગણોતિયાની વ્યાખ્યા અલગ પ્રકારની છે. કાયમી ગણોતિયા સિવાયના જે ખેડૂતો ખેતી કરી, ભાગવી ખેતી કરતા હોય એ પ્રસ્થાપિત થાય અને એને કૃષિ મામલતદાર દ્વારા પ્રક્રિયા કરીને ગણોતિયા ઠરાવવામાં આવે તો એ ગણોતિયા અલગ પ્રકારના થાય છે.

આજનો અમારો જે કાયદામાં સુધારો છે એ કાયમી ગણોતિયા માટે અમે આ સુધારો લાવ્યા છીએ. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ખૂબ જ દાયકાઓ જૂના જે કાયમી ગણોતિયાઓ નોંધાયેલ છે, સમય અને સંજોગ પ્રમાણે એમની જમીનો એમણે અથવા એમના વારસદારોએ કોઇ વ્યક્તિને વેચી હોય, એ વ્યક્તિએ પછી કોઇ અન્ય વ્યક્તિને વેચી હોય, આવા ટ્રાન્ઝેક્શન અવાર નવાર થયા હોય છે ત્યારે સ્વાભાવિક છે કે રાજય સરકાર અને કલેકટરને જે અધિકારો છે એ પ્રમાણે કાયમી ગણોતમાં પણ જો કાયદેસર રીતે કદાચ કોઇ નોંધાયા ન હોય અને કલેકટરના કે રાજય સરકારના ધ્યાન ઉપર આવે અથવા કોઇ વિવાદથી કોઇ પ્રશ્ન ઉભો થાય અને એની ચકાસણી કરતાં એમ માલૂમ પડે કે ભૂતકાળમાં મામલતદારે એમને કાયમી ગણોતિયા તરીકે નોંધ્યા હતા પણ એ કાયદેસર ન હતું અને કેટલીક ખોટી રીતોએ એમને કાયમી ગણોતિયા તરીકેના અધિકારો આપવામાં આવ્યા હતા. હવે જેમને કાયમી ગણોતિયા તરીકે વારસદારોએ બીજાને આપી હોય, બીજાએ ત્રીજાને આપી હોય અને વર્ષો પછી જ્યારે આવા પ્રશ્નો ઊભા થાય કે આ કાયમી ગણોતિયાનો હક્ક ખોટો છે અને હવે આ જમીન સરકાર હસ્તક લેવી પડે અથવા તો એ જમીન એ મૂળ કાયમી ગણોતિયો જે જમીનનો માલિક બન્યો હોય એને પાછી આપવી પડે એ પ્રકારની કાયદાની જોગવાઇઓ છે. હવે દાયકાઓ પહેલા આ બધા ટ્રાન્ઝેક્શનો થયા હોય, મૂળ જમીન માલિકના અસ્તિત્વને શોધવાનું થતું હોય અને મૂળ જમીન માલિકને જમીન પાછી આપવાની અને એ ન મળે તો સરકાર હસ્તક જમીન પરત લેવાની અને પરત લીધા પછી પણ કાયદાની પ્રક્રિયા પ્રમાણે મૂળ વારસદારને સોંપવાની જે જોગવાઇઓ છે. આવા બધાને કારણે ઘણા લિટિગેશનો કોર્ટોમાં અને સક્ષમ અધિકારીની ઓથોરિટી સમક્ષ, ટ્રિબ્યુનલ સમક્ષ ઊભા થતા હતા. પાછળથી પ્રશ્નો થાય એટલે જે નિર્દોષ લોકો હોય, જે લોકોએ ટાઇટલ કલીયર જોઇને જમીન ખરીદી હોય અને પાછળથી પ્રશ્નો ઊભા થાય તો એક નવી શુદ્ધ–બુદ્ધિથી જેણે જમીન ખરીદેલ એમને કે એમના વારસદારોના પ્રશ્નો ઊભા થતા હતા અને જમીન સરકાર હસ્તક ખાલસા થાય, લાંબા લાંબા વિવાદો થાય અને છેવટે સમય, શક્તિ અને કાયદાઓનું ધ્યાન વધારે આપવું પડતું હતું.

અમારી સરકારે, આ વખતે મહેસૂલ વિભાગે નક્કી કર્યું છે કે આ પ્રકારના કાયમી ગણોતિયાઓ, જે હું બિલ લાવ્યો છું એ બિલ પ્રમાણે ૭૦(ક)ની કલમ છે એમાં વધારો કરી અને કાયમી ગણોતિયા માટે વધારાની ૭૦(એ)ની કલમ આપણે નવી ઉમેરવા માટેની જોગવાઇ કરીએ છીએ. આ કાયદો પસાર થયા પછી આ

કાયદામાં જે આપણે જોગવાઇ કરીએ છીએ એ પ્રમાણે જે કાયમી ગણોતિયો હશે એમને અત્યારે જ્યારે હવે એમને આ વિવાદમાંથી બહાર આવવું હોય, એમની જમીન જૂની શરતમાં ફેરવવી હોય તો પ્રવર્તમાન ધોરણો અનુસાર સરકાર નક્કી કરે એ પદ્ધતિથી પ્રિમિયમ ભરીને એક રૂપિયો ટોકન દંડ લઇ, એક રૂપિયો ટોકન દંડ એટલા માટે રાખ્યો છે કે દંડ કરવાથી કાયદાની પ્રક્રિયા પૂર્ણ થાય છે. અત્યારે આપણે ત્યાં પરિસ્થિતિ એવી છે કે જે કાયમી ગણોતિયા સિવાયના જે ગણોતિયા છે એ પોતે ૧૫ વર્ષ પછી ખેત ખેતીમાં જમીન ટ્રાન્સફર પણ કરી શકે અને એ ગણોતિયાને પોતાની નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવી હોય તો આજે પણ સરકારે નક્કી કરેલ પ્રિમિયમ ભરે તો એ નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવાય છે. એ પછી એના માલિકો એને યોગ્ય રીતે ઉપયોગ કરી શકે છે. એ એન.એ. કરાવી શકે, ખેતી કરી શકે અને અન્ય પ્રકારના કાયદાથી મળતા અધિકારો પ્રમાણે એનો ઉપયોગ પણ કરી શકે, પણ કાયમી ગણોતિયા માટેની જે કાયદામાં જોગવાઇઓ હતી કે એણે પ્રિમિયમ ભરવાની કોઇ જોગવાઇ ન હતી. ગણોતિયા જૂની શરતમાં આવી શકે પણ કાયમી ગણોતિયા જૂની શરતમાં પ્રિમિયમ ભરવાની કોઇ જોગવાઇ નહીં હોવાના કારણે એ આવી શકતા નહતા, એટલે નામદાર હાઇકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટ સુધી વિવાદો વર્ષો સુધી ચાલતા હતા એટલે મહેસૂલ મંત્રીશ્રી અને રાજ્યના આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નિર્ણય કર્યો અને અમારી સરકારે પણ નિર્ણય કર્યો કે, આવા વિવાદોને ટાળવા માટે અને જે રીતે ગણોતિયા પ્રિમિયમ ભરીને નવી શરતને જૂની શરતમાં ફેરવાવી શકે એ રીતે કાયમી ગણોતિયા પણ પ્રિમિયમ ભરી, એક રૂપિયો ટોકન દંડ ભરી અને એમની જમીનને પણ જૂની શરતમાં પ્રસ્થાપિત કરી શકે. આનાથી બે ફાયદાઓ થશે, એક તો કોર્ટોમાં જે લિટિગેશનો અત્યારે ચાલે છે, માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસેની માહિતી પ્રમાણે અત્યારે પ્રાંત અધિકારી અને નાયબ કલેકટર કક્ષાએ –૯૨ કેસો ચાલે છે, મહેસૂલ પંચ ગુજરાત સમક્ષ –૩૨ કેસો ચાલે છે, હાઇ કોર્ટ કક્ષાએ – ૩૧ કેસો ચાલે છે. આમ ૧૫૫ જેટલા તો અત્યારે કેસો આ ૭૦ – ૮૦ વર્ષો જૂની જમીનના વિવાદો પેઢી, દર પેઢી ચાલતા આવે એ યોગ્ય નહીં હોવાથી, રાજ્ય સરકારે નિર્ણય કર્યો કે, એને જૂની શરતમાં ફેરવવાની કાયદાકીય જોગવાઇ કરવી અને એના માટે કલમ–૭૦(ક) આ અધિનિયમમાં અમે દાખલ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી બે ફાયદા થશે. એક તો સરકારને પ્રિમિયમ પણ મળશે અને આવા જે કેસો છે એ કેસોમાંથી જમીન માલિકોને અને વારસદારોને અને એના અધિકારપાત્ર લોકોને આ કાયદાકીય કામગીરીમાંથી છૂટકારો થશે, એટલા માટે અમે આ સુધારો લાવ્યા છીએ.

શ્રી શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નીતિનભાઇ, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા અને ૭૦(ક)ની નવી કલમ દાખલ કરવા માટેનો જે સુધારો લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગણોત કાયદાનો અમલ મૂળ તો, મૂળ મુંબઇ રાજ્યના અમુક વિસ્તારોને અલગ અલગ તારીખોએ લાગુ પડેલ હતો. જૂના દેશી રાજ્યના કેટલાક વિસ્તારોમાં સને ૧૯૩૯નો કાયદો હતો ત્યાર પછી અમુક સુધારા સાથે આ કાયદો તા. ૨૮–૧૨–૧૯૪૮થી અમલમાં આવેલ છે. અને કાયદાનો મૂળ ઉદેશ્ય ખેડે તેની જમીન તેમ થાય છે. ખેડનાર વ્યકિતને આ કાયદાથી તા.૧૫–૬–૧૯૫૫, કલમ–૩૨(૧)બી હેઠળ, તા.૧–૪–૧૯૫૭, કલમ–૩૨(જી) હેઠળ, તા.૧–૪–૧૯૬૨, કલમ – ૩૨(૫) ૫ હેઠળ, અને તા. ૧૫–૧૧–૧૯૬૯, કલમ–૮૮(ઇ) હેઠળ ખેડનાર ગણોતિયા જમીનના ખરીદદાર બને છે.

ગણોતિયાઓના પ્રકારોમાં સામાન્ય ગણોતિયાઓ, સંરક્ષિત ગણોતિયાઓ અને કાયમી ગણોતિયાઓ. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય ગણોતિયાઓ અને સંરક્ષિત ગણોતિયાઓ, આ બે ગણોતિયાઓ ગણોત ધારા નીચે જમીન વેચાણ મેળવવા જમીનની આકારના ૨૦ થી ૨૦૦ પટની મર્યાદામાં એ રકમ ભરવાથી એ ખેડૂત બની શકે છે અને જમીનના કાયમી વેચાણ એ લઇ શકે છે અને કાયમી ગણોતિયા હોય એમને ૬ પટ અગર ૨૦ પટની મર્યાદામાં કિંમત ભરવાની થાય છે. આવી કિંમત ભરાયેથી ગણોતિયાને ખરીદી નંબર–૯નું પ્રમાણપત્ર મળે છે અને એ ખરીદદાર બને છે અને એ જમીન માલીક બને છે. પરંતુ ચાર હેકટરથી ઓછી જમીન ધારણ કરનાર ગણોતિયા જે અગાઉ આવી ખરીદ કિંમત ભરપાઇ કરવાનું

ચૂક્યા હતા તેઓને આવી રકમ ભરપાઇ કરાવવા સરકારશ્રીએ, આ સરકારે તા. ૩૧-૮-૨૦૧૪ સુધીની મુદતમાં વધારો કરેલ છે. પરિણામે પચાસ હજાર જેટલા ખેડૂતોને જમીન ખરીદીના સીધા લાભ મળ્યા છે અને એમાં જમીન જે સરકારશ્રીમાં થતી હતી અને નવા લિટિગેશનો ઊભા થતા હતા તે અટક્યા છે.

ગણોત ધારાની ૭૦ની જોગવાઇમાં કાનુની અર્થઘટન જોતાં ગણોત કાયદા અગર રાજ્ય સરકારશ્રી દ્વારા મામલતદારશ્રીને જે મેટર નિર્ણય માટે રિફર કરવામાં આવે તેનો નિર્ણય મામલતદારશ્રી કરી શકે છે. આ જોગવાઇ નીચે ગણોત કાયદા અંતર્ગત કોઇ આનુષાંગિક તપાસ કરવાની હોય તો કરી શકાય, તેમાં કોઇ પણ પ્રકારના ગણોતિયાનો દરજ્જો એટલે એનું સ્ટેટસનો નિર્ણય કરી શકાય નહીં પરંતુ કાયમી ગણોતિયા અગાઉ ગણોત ધારાની કલમ-૩૨( જી ) નીચે ઠરેલા હોય અને તેવા કાયમી ગણોતિયાના તબદીલીના રીવાજ રૂઢી મુજબના હકકો સાબિત કરેલા ન હોય તેવા કિસ્સામાં કલમ-૭૦(ઓ) હેઠળ આવા દાવા અરજી રજૂ થયેથી પુરાવાઓ મેળવી મામલતદારશ્રી કલમ-૪૩(૧)બીનો જૂની શરતનો લાભ ગણોતિયા મેળવવા હકકદાર છે કે કેમ? તે એણે નકકી કરવાનું રહે છે. કલમ-૭૦નો લાભ મેળવતા ગણોતિયાઓ એમાં રેવન્યુ રેકર્ડ કાયમી ગણોતિયાઓની નોંધ કરાયેલી હોય છે અને તેવા ગણોતિયાઓનું ઉદભવસ્થાન નકકી ન થતું હોય તેવા ઘણા લાંબા સમયથી ખેડાણ કરતા ગણોતિયા કાયમી ગણોતિયા ગણવાના રહે છે. આવા ગણોતિયા કલમ-૩૨(જી)ની તપાસમાં સાબિત થઇ કાયમી ગણોતિયાઓ ઠરેલા હોય અને માત્ર તેના તબદીલીના હકક અને અધિકાર સાબિત ન થયા હોય તેવા ઠરેલા કાયમી ગણોતિયાને જ કલમ-૭૦(ઓ) નીચે જૂની શરતનો લાભ પુરાવા આધારે મળી શકે.

સરકારશ્રીએ તા. ૭-૧૦-૨૦૦૫થી આ અંગે કાયદાના પરામર્શમાં કાનુની પોલીસી નિયત કરેલ છે તે મુજબ તા. ૧-૪-૫૭ થી અને તા. ૧૩-૧૨-૬૦ સુધી જો આ કલમ-૩૨(જી) નીચે કેસ ચાલી કાયમી ગણોતિયા ઠરેલ હોય તો જ કલમ-૭૦(ઓ) નીચે દાવાઓ અરજીઓ ચાલી શકે. કારણકે કાયમી ગણોતિયા ઠરેલા હોય અને રીવાજ કે રૂઢી મુજબ તેમના તબદીલીના હકકો હતા તેવું સાબિત કરવા માટે કલમ-૭૦(ઓ) નીચે કેસ ચલાવી નિર્ણય કરવા ગણોત સુધારા કાયદા નં. ૧૬/૬૦, તા. ૧૩-૧૨-૬૦ થી આ સુધારા કાયદો અમલી બનેલ છે. પરંતુ સને ૧૯૯૬-૯૭માં કાયમી ગણોતિયાનો થયેલ સુધારો તા. ૭-૧૦-૨૦૦૫થી રદ કરેલ છે. જેમાં કાયદા વિભાગે કાનુની અભિપ્રાય આપ્યા મુજબ જો મૂળ કેસની કલમ-૩૨(જી)ની કાર્યવાહીમાં કાયમી ગણોતીયો તપાસ કરીને ઠરાવ્યો હોય અને માત્ર તેના તબદીલીના અધિકારો નકકી કર્યા ન હોય તો જ કલમ-૭૦નો લાભ તેવા ગણોતિયાઓને આપવાનો રહે છે. આ કલમ નીચે કોઇ ગણોતીયો ઠરાવવાનો થતો નથી માત્ર તેના તબદીલીના અધિકારો અને હકક હોવાનું તપાસીને સાબિત કરી લેવાનું રહે છે.

બંને તબકકામાં પ્રથમ ૧૯૯૬-૯૭ના સુધારાથી કલમ-૭૦(ઓ) નીચે દાવા અરજીઓ મંજૂર કરાઇ કાયમી ગણોતિયા ઠરાવી જમીન જૂની શરતની ગણવા હુકમો કરાયેલા, પરંતુ ત્યારપછી કાયદા વિભાગે ઉપર મુજબની સ્પષ્ટતા કરતા એવા હુકમો ગેરકાયદેસર હોવાનું સુનિશ્ચિત થયેલ અને કેટલીક જમીન ખેડૂતોને જૂની શરતની હોવાને લીધે રેકર્ડ મુજબ ખરીદે અને સામાન્ય રીતે ૭/૧૨ કે જે રેવન્યુના રેકર્ડ હોય એના આધારે જૂની શરતની જમીન હોય એ ખરીદી શકે અને ખરીદતા હોય આવી તબદીલીઓ અવારનવાર થઇ એક ખેડૂત પાસેથી બીજા ખેડૂતે લીધું, ત્રીજા ખેડૂતે લીધું અને પછી પ્રશ્ન ઉભો થાય કે આ એને સત્તા નહોતી આ લઇ શકે નહીં. આ નવી શરતની જમીન થાય અને શરતભંગના કેસો ઊભા થાય હવે ગેરકાયદેસર જયારે થવાનું નકકી થઇ ગયું હોય ત્યારે આ બધી ખેડૂતોને હાડમારીઓ ન પડે તેના માટે આ જે ૭૦(ક) ૭૦(એ) ની જે કલમ ઉમેરવામાં આવી છે એનાથી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની અંદર આવા નિયમિત ન થયા હોય તેવા ખેડૂતોને મોટાભાગનો પ્રશ્ન એ પ્રશ્ન પતે એમ છે અને જરીપુરાણા કાયદામાં જયારે સમય સંજોગો અનુસાર ગણોત વહીવટ હોય કે લેન્ડ રેવન્યુ કોડ હોય આ સરકારે એમાં પહેલ કરી છે. જયારે જયારે સુધારાની જરૂર પડે, સમય અને સંજોગો અનુસાર ત્યારે કાયદામાં સુધારો કરી અને સામાન્ય વર્ગને, સામાન્ય ખેડૂતને અને સામાન્ય જનને એમાં લાભ આપવાનો પ્રયત્ન સરકાર તરફથી થયેલો છે. માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને આ બાબતે હું ખૂબ ખૂબ ગુજરાતના ગણોતિયા ખેડૂતોને જે હાડમારી પડી છે

અને પડતી રહી છે એનો નિકાલ કરવા માટે અભિનંદન આપું છું.

શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતી જમીન સુધારાનું વિધેયક–૨૦૧૪ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચાર રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

૧૯૩૯ની અંદર ગણોત ધારો જે તે સરકારમાં તે વખતે બન્યો હતો પરંતુ ૧૯૪૮ની અંદર બોમ્બેમાં આપણા જ ગુજરાતના વતની અમારા વલસાડના સ્વર્ગસ્થ ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇની કુનેહ શકિત અને એમણે ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મારા દક્ષિણ ગુજરાતની અંદર ખૂબ જ નાના, સિમાન્ત ખેડૂતો જે શાહુકારને ત્યાં ખેતી કરતા હતા ત્યારે એમના મનમાં આ મુદ્દો આવ્યો કે આ મજૂરોને મજૂર ન રાખવા. પરંતુ ખેડૂત બનાવવો જોઇએ. આ રીતે ઝૂંબેશ ચલાવીને ૧૯૪૮ નો ગણોતિયા શોધી કાઢ્યા. ત્યારપછી ૧૯૫૬ માં છૂટા ગણોતિયા માટે ડેપ્યુટી કલેકટર ગુજરાત સરકાર એટલે તે વખતે ગુજરાત મહારાષ્ટ્ર સાથે હતું, તે વખતે જવાબદારી ડેપ્યુટી કલેકટરને સોંપીને આખા સેલની રચના કરીને ૧૯૫૬ માં ખેડતા હતા, તેમને ખેડૂત બનાવવા માટેની ઝૂંબેશ ચાલુ કરી. અમારા દક્ષિણ ગુજરાતમાં બીજા ઈતિહાસ છે કે ખેડે તેની જમીન. આ રીતે ભૂમિદાનની અંદર મેળવીને ખૂબ લોકોને નવી શરતની જમીન આપવામાં આવેલી છે અને ખેતી કરે છે અને ખેડૂત તરીકે ગણના થાય છે. કાયદાની અંદર સુધારો લાવ્યા છીએ. ટેનન્સી ૩૨ ક પ્રમાણે જૂના ગણોતિયા તરીકે આપેલ છે. પરંતુ ૧૫ વર્ષનો વપરાશ થઇ ગયો હોય તે જમીન જૂની શરતમાં ટાઇટલ હોવાના કારણે એ વેચાણ તરીકે કરવા માગતો હોય તો સ્પષ્ટ થઇ જાય છે કે સરકારે દાવો ચલાવવાનો. દાવાની અંદર ૩૨૦૦૧ જેટલી અરજીઓ હતી, એ પૈકી પટના પૈસા ૨૪૨૩૨ ભર્યા છે છે. ૬૭૬૭ ખેડૂતોએ ગણોતધારાના સરકારના પૈસા ભરવા પડે તે ભરેલ નથી, એટલે ખેડૂત તરીકે જાહેર થયા નથી, પરંતુ વખતો વખત ૧૯૮૬ માં મુદત હતી. આજના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને કાયદામાં સુધારો કરી મુદત ૨૦૧૩ સુધી લંબાવી, તેમ છતા હજુ મુદતમાં ખેડૂતોએ પૈસા ભર્યા નથી, એટલે નવા નિયમ પ્રમાણે જાહેરનામા પ્રમાણે ઓગસ્ટ ૩૧, ૨૦૧૪ સુધી પૈસા ભરવાની મુદત ઠરાવી છે. એટલે ૬૭૩૯ ખેડૂતો ગણોતિયા તરીકે જાહેર થયેલા નથી. આ એક આપણે જોઇએ તો ખેડૂતોએ પોતાની જમીન વપરાશ કરવા માટે ભૌતિક સુવિધા મેળવવા માટે ખેતી કરવા માટેનો ઉપયોગ કરી શકે છે.

મારે કેટલીક બાબતો ધ્યાને મૂકવાની છે. આદિવાસી જો લે તો નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. ૭૩ એએ અને કલમ ૪૩ હેઠળ. અનુસૂચિત જાતિ હોય તો કલમ–૪૩ હેઠળ વેચી શકે નહિ. કલેકટશ્રીની પરમીશન લેવી પડે છે. તે રીતે ૭૩ એએ હોય આદિવાસી હોય તો તેને પણ એ રીતે બંધનકર્તા રહે છે. કાયદાનો દુરુપયોગ કરીને વેચતા નથી, પરંતુ માલિક પોતે જૂની શરતની કરીને સરકારે જાહેર કર્યુ છે તે રીતે ૧૫ વર્ષનો અવકાશ થઇ ગયેલ હોય તો પોતે જૂની શરત કરીને ઉપયોગ કરવા માગતો હોય તો તે વેચી શકે છે. ભૂતકાળમાં ઘણા બધા કેસો વન મંત્રીશ્રીએ ધ્યાન દોર્યુ તે પ્રમાણે કોર્ટમાં ચાલે છે. તે રીતે બબ્બે વાર, ત્રણ વાર એન્ટ્રીઓ પડી ગઇ હોય, એન્ટ્રી પ્રમાણિત થઇ ગઇ હોય પરંતુ જ્યારે તેને સર્ટીફાઇડ કરવા માટે ડેપ્યુટી કલેકટર ઓબ્ઝર્વ કરતા હોય છે, ત્યારે ધ્યાનમાં આવ્યું કે આ એન્ટ્રીઓ જૂની શરતની નથી. આના કારણે કાયદામાં ગૂંચ રહી જાય છે. લેનાર પાર્ટી અને કાયદા વચ્ચે લડાઇ ચાલે છે. વિવાદાસ્પદ મુદો બને છે. એમાંથી મુકિત મેળવવા માટે લીધેલ માલિક પોતે ખેડૂત બનવા માટે ૭૦ ક ની કલમની અનુકૂળતા પડવાની છે અને તે રીતે ખેડૂતોને ફાયદો રહેશે અને સરકારને કરના રૂપમાં પૈસા આવશે અને ટાઇટલ કિલયર થશે, એટલે આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી શ્રી રજનીકાન્ત મો. પટેલ (અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૪ નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ–૪૮ માં સુધારા બાબતનું વિધેયક લાવ્યા છે, તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણના પરિશિષ્ટ–૭ ના લિસ્ટ–૨ માં સ્ટેટ લિસ્ટમાં એન્ટ્રી ૧૮ માં જમીન અંગેના કાયદા કરવાની સત્તા આ વિધાનસભાને પ્રાપ્ત થઇ છે. ગણોત ધારો, લેન્ડ સીલિંગ એકટ, જમીનદારી નાબૂદી આ ૩ પાસાઓ જમીન સુધારણા માટેના મહત્વના કાર્યક્રમ હતા. સમગ્ર દેશની અંદર

જમીનદારી નાબૂદીના કાયદાનો અમલ કરવામાં આવ્યો. લેન્ડ સીલીંગ એકટનો અમલ કરવામાં આવ્યો. ગુજરાતની અંદર ખાસ કરીને ૧૯૪૮ના ગણોત ધારાનો અમલ થયો છે તેની નોંધ આખા દેશે લીધી છે. અન્ય રાજયો હજુ આ અંગે પ્રયત્ન કરી રહ્યા છે. ખૂબ આનંદની વાત છે કે કલમ.૭૦ જેમાં મામલતદારશ્રી અને કૃષિ પંચની ફરજો અને કામો નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે અને તેમાં કલમ.૭૦(૧) આ બિલથી ઉમેરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. કલમ.૭૦(૧)નો ઉમેરો થતાં મામલતદારશ્રીએ જેને કાયમી ગણોતીયો જાહેર કર્યો હોય અને પાછળથી સક્ષમ અધિકારી દ્વારા મામલતદારશ્રીનો હુકમ રદ કરવામાં આવે તેવા સંજોગોમાં આ સમય દરમ્યાન જે વેચાણો થયા હોય તેને નિયમિત કરવાની જોગવાઇ ફકતને ફકત એક રૂપિયો દંડ તથા પ્રિમીયમની રકમ લઇને નિયમિત કરવાની જોગવાઇ આ બિલમાં કરવામાં આવી છે તે માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું. આમાં આ જોગવાઇથી કલમ.૭૦(ક) જે ઉમેરવામાં આવી છે તેના કારણે જે કાયમી ગણોતિયા છે તેને ચોખ્ખું ટાઇટલ ઉપલબ્ધ થશે અને જે ખરીદનાર છે તેને પણ ચોખ્ખું ટાઇટલ ઉપલબ્ધ થશે. સાથે સાથે રાજય સરકારને પ્રિમીયમની આવક પણ મળવાની છે. જે બોનાફાઇડ પરચેઝર કે જેનો કોઇ વાંક નથી અને શુદ્ધ બુદ્ધિથી જમીન ખરીદી છે તેની હાડમારી અને મુશ્કેલીઓનું નિરાકરણ આ બિલના કારણે આવવાનું છે. તેમાં રાજય સરકારને અને ખાસ કરીને પ્રથમ મહિલા મુખ્યમંત્રીને આ નિર્ણય કરવા માટે હું અભિનંદન આપું છું અને બિલને સમર્થન પણ આપું છું.

શ્રી શ્રી જસાભાઇ ભા. બારડ **(**સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ૭ ગુજરાત ગણોત વહીવટ અને ખેતી જમીન સુધારા વિધેયક ૧૯૪૮ના ગણોત કાયદાનું જે બિલ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની જમીન અને ગણોતિયા સિવાય આ ગુજરાતની અંદર જે ખેડૂતોને જે ૧૦૦ વર્ષ પહેલાંની જમીનની પૂરી માપણીથી માંડી અને જે ગણોત કાયદાથી માંડી દરેક કાયદામાં ૭–૧૨, ૮–અ, ૬ નંબર પાણી પત્રકથી માંડી તમામ બાબતમાં મહેસૂલ વિભાગે જે ઐતિહાસિક અને તેમાંય મહેસૂલ વિભાગમાં આજના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જે સુધારા વધારા કર્યા છે તે ઐતિહાસિક છે. અમે તેના સાક્ષી છીએ અને આખા ગુજરાતના ખેડૂતો આજે આનંદવિભોર છે. આ ગણોત કાયદો ૧૯૩૯માં આવ્યો પણ ૧૯૪૮માં આ કાયદાની અમલવારી થઇ અને તેના પછી, અને આમાં ગણોતિયા બે પ્રકારના હોય છે. કાયમી ગણોતિયા અને ખાલી ગણોતિયા. આમાં મારે વાત એટલી કરવી છે કે કાયમી ગણોતિયા ૧૯૩૬ થી ૧૯૫૬ સુધીમાં જે ૭–૧૨, ૮–અ અને પાણી પત્રકમાં અને રેવન્યુ રેકર્ડમાં જે ગણોત તરીકે કામ કરતા તેને કાયમી ગણોતિયા તરીકે પ્રસ્થાપિત કર્યા છે. તેમાં પછી ઘણી વિસંગતતા અને મુશ્કેલીઓ ઉભી થઇ અને તેના કારણે આ કલમ.૭૦ની જોગવાઇ જે દાખલ કરી છે તેમાં કાયમી ગણોતિયામાં હું જાણું છું કે કોઇ ખેડૂત પોતે ૧૦૦ વિઘા જમીન હોય અને બીજા કોઇ ગણોતિયાને વાવવા આપે અને તે વાવણી કર્યા પછી અને દસ વર્ષ સતત કામ કર્યા પછી તે કાયમી માલિક બની જાય છે તેવું કાયદાનું અર્થઘટન હું જાણું છું અને રોકડેથી મજુર રાખી ખેતીકામ કરાવે છે તેને ગણોતિયા તરીકે સ્વીકારવમાં આવતા નથી. આ કાયદાથી જે વર્ષોથી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ જે વાત કરી કે, ૧૫૫ જેટલા કેસો તો રેકર્ડ ઉપર છે એના સિવાયના કેટલાય કેસો પણ હશે એ આ કાયદાથી આ કાયદાના રક્ષણને હિસાબે એને જબરજસ્ત ખેડૂતોને એનો ફાયદો થવાનો છે. આ જે વિઘોટીનો દર આકારણની એટલે આમાં કોઇ પટની વાત નથી, વિઘોટી એટલે આકાર, સૌરાષ્ટ્રમાં અમે વિઘોટી કહીએ છીએ, આકાર એટલે વિઘોટીનો દોઢ રૂપિયો કે બે રૂપિયા આકાર હોય એના ૬ પટ આપીને કાયમી ગણોતિયો જે છે એ એમાંથી મુક્તિ મેળવી શકે છે. પણ કાયદામાં જ એવી જોગવાઇ છે, આ કલમ ૪૩માં એવી જોગવાઇ છે કે, પ્રિમિયમને પાત્ર હોય એમાં પ્રિમિયમ જે આજના રેકર્ડ પ્રમાણે, આજના બજારભાવ પ્રમાણે ભરવું પડે એ પ્રિમિયમ લઇ ન શકાય એના માટે ૭૦અ કલમ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એ અદભૂત કાર્ય છે અને ગુજરાતના ખેડૂતોને માટે સોનેરી અક્ષરે લખાશે એવો આ કાયદામાં સુધારાથી ઘણો મોટો ફાયદો થશે આ વાતને કારણે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

શ્રી શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વિધેયક ક્રમાંક–૭–સન–૨૦૧૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયક લઇને આપણા આદરણીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગૃહ સમક્ષ આવ્યા છે અને જે વાત મૂકી છે ત્યારે મને લાગે છે કે આ સુધારો ઘણા વર્ષોથી પડતર હતો અને આજે આ જે નિર્ણય થયો છે એ ઐતિહાસિક છે. એક કારણ એ છે કે, જ્યારે સો વર્ષે ટાઇટલનો પ્રશ્ન આવે ત્યારે સ્વભાવિક રીતે એમાં અનેક ગુંચવાડાઓ હોય પરંતુ ૧૯૩૬ થી ૧૯૫૬ની વચ્ચે જે ૭/૧૨ની હમણા ઘણા સભ્યશ્રીઓએ વાત કરી છે એટલે હું એ વાત લંબાવવા માગતો નથી. પરંતુ જે ટૂકડે ટૂકડે અથવા ૧૯૩૬ થી લઇ ૧૯૫૬ સુધીના ૨૦ વર્ષ સુધીમાં જેણે ગણોતિયા તરીકે કામ કર્યું હોય અને ત્યાર પછી ઘણાં બધા વર્ષો વીતી ગયા પણ અહીં જે વાત થઇ છે એ માત્ર ખેડૂતોની, મારે સાહેબ એ વાત કરવી છે કે, આ ૧૯૫૬ થી અત્યાર સુધીના ૬૦–૭૦ વર્ષ વહી ગયા જ્યારે જે ગામડા હતા તે આજે આધુનિક શહેરો થયા છે અને આજે શહેરના કારણે આ માત્ર ગામડાઓ કે ખેડૂતનો પ્રશ્ન નથી, ટાઇટલની દૃષ્ટિએ આ પ્રશ્ન શહેરમાં પણ ખૂબ વિકટ છે અને આના કારણે ઘણાં કેસો કોર્ટમાં પડતર છે અને ઘણાં એનાથી વધારે સંખ્યામાં હજુ ઘણાં લોકો આમાં આવ્યા નથી અને આને કારણે જ્યારે કાયદો ૭૦નો સ્પષ્ટ હતો કે આમાંથી પ્રિમિયમ ભરવાથી કાયમી ગણોતિયાને મુક્તિ મળે છે. તેમ છતાં પણ આ પ્રશ્ન ગુંચવાયો હતો અને આના કારણે આજે શહેરની અંદર જે પ્રકારનું ડેવલપમેન્ટ છે, શહેરની અંદર જે પ્રકારના સાધનો–સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેને ધ્યાનમાં રાખીને પણ જ્યારે આ ગણોતિયાનું ટાઇટલ ક્લીયર થાય છે અને રૂપિયો દંડ અથવા તો નજીવું પ્રિમિયમ લઇને એને હવે આ જે શરતફેર થવાની છે એ નવી શરત ફેરમાંથી જૂની શરતમાં આ જમીન થશે ત્યારે આ ઐતિહાસિક ચુકાદો જેમ ૪–૭–૨૦૦૮નો જેમ સામૂહિક ચુકાદો કર્યો હતો એ જ પ્રમાણે આખા ગુજરાતમાં આ પ્રકારના ચુકાદાના કારણે આજની આ તારીખ ઐતિહાસિક ગણાશે. આપણા આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનને પણ આ બાબતે હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર માનનીય શ્રી ઋષિભાઇ, માનનીય શ્રી રમણભાઇ પાટકર, માનનીય શ્રી આર.એમ. પટેલ, માનનીય શ્રી જશાભાઇ બારડ અને માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇએ તેમના વિચારો વ્યક્ત કરી બિલને સમર્થન પણ આપ્યું છે અને કેટલાક સૂચનો પણ કર્યા છે એ બદલ હું સૌનો આભાર માનું છું.

આ તબક્કે એક સ્પષ્ટતા કરવી જરૂરી છે કે, ભૂતકાળમાં જ્યારે આ પ્રકારે કૃષિ મામલતદાર દ્વારા કોઇ ભુલભરેલો હુકમ થઇ ગયો હોય તે પછીની આ પરિસ્થિતિ નિવારવા માટે આ બિલ આપણે લાવ્યા છીએ, પણ તાજેતરમાં રાજ્ય સરકારે સન ૨૦૧૧માં એવો સુધારો આપણે કરી દીધો છે કે જેથી નવા પ્રશ્નો ફરીથી ઉભાં ન થાય. ઘણી વખત એવું થાય કે જૂના પ્રશ્નોનું નિરાકરણ થાય અને નવા પ્રશ્નો ઉભાં થાય. તો આ અંગેના નવા ગણોતિયાના પ્રશ્નો ઉભાં ન થાય એ માટે તારીખ ૨૮–૪–૧૧એ સરકારે ઓર્ડર કરી અને હવે જો કોઇ કૃષિ મામલતદાર સમક્ષ ગણોતિયો નોંધાવવા માટે અરજી આવે તો એની સીધી અમલવારી કરવાના બદલે એનું હિયરીંગ કરવાના બદલે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગની કૃષિ મામલતદારે પરવાનગી મેળવવી પડે કે આ બાબતની રજૂઆત આવી છે તો હું આગળ વધારું કે કેમ? રાજ્ય સરકારને પૂરતી ચકાસણી કર્યા પછી વાજબી જણાય તો જ કૃષિ મામલતદારને એ કેસ ચલાવવા માટેની મંજૂરી આપે, અન્યથા નહિ. એટલે જે લિટિગેશન થતાં હતાં, કદાચ ક્યાંક ખોટા ખોટા દાવેદારો ઉભાં થઇ જતા હતા અને જે પ્રશ્નો સતત મહેસૂલી રાહે ચાલતા હતા, દિવાની કેસો બનતા હતા, એનું નિરાકરણ થાય એટલા માટે આપણે ૨૦૧૧માં સરકાર હસ્તક આ મંજૂરી આપવાની સત્તા આપણે રાખી છે.

બીજું અત્યારે જે પ્રિમિયમ ભરાશે એના દર પણ હવે આપણે અલગથી નક્કી કરવાના છીએ. માનનીય પૂર્ણેશભાઇએ કહ્યું એ પ્રમાણે આમાં શહેરી વિસ્તારની પણ ઘણી જમીનનું ટાઇટલ ક્લીયર થતાં પ્રિમિયમ ભરાતાં વિવાદ મુક્ત થશે એટલે પબ્લિક યુટીલાઇઝેશન માટે, રેસીડેન્સ માટે કે અન્ય ઉપયોગ માટે

પણ નવી જમીનો એ વિસ્તારમાં પ્રાપ્ત થશે. માનનીય રમણભાઇ પાટકરે જે ચિંતા વ્યક્ત કરી છે કે આદિવાસી ભાઇઓને પણ આવા પ્રશ્નો ઉભાં થતાં હોય છે, એમને મંજૂરી લેવી પડે છે. સીધેસીધી એમને આ જોગવાઇ લાગુ પડતી નથી, પણ એમના સૂચનો મહેસૂલ વિભાગના ધ્યાન ઉપર મૂકી એમાં જે વાજબી હશે એ નિરાકરણ કરવાનો સરકાર પ્રયત્ન કરશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિનાવિરોધે વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સભાગૃહમાં રિસેસ પહેલાંની કામગીરી પૂર્ણ થાય છે. હવે સભાગૃહના બપોરના ૩–૧૫ કલાકે ફરી મળશે.

**(વિરામ બપોરના ૧–૫૦ થી ૩–૧૫ )**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## બિન સરકારી વિધેયકો

### પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો
### સન ૨૦૧૩ નું ગુજરાત વિધેયક ક્રમાંક.૫
### ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક,૨૦૧૩

**પાણી પુરવઠા યોજના હેઠળ પાણી વિતરણની વ્યવસ્થા માટે સમગ્ર રાજયમાં રાજય સરકારે ઊભા કરેલા પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા અને આવા લોકોની સામે અસરકારક કાયદો અધિનિયમિત કરવા બાબત વિધેયક**

શ્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજુ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર બિલની વાત નથી, પરંતુ આ મારા દિલની પણ વાત છે (અંતરાય) એમાં વાહ વાહ કરવા જેવી પણ વાત નથી. આ એક અત્યંત ગંભીર ઇસ્યુ આમાંથી ઉભો થાય છે. આ જળ વિવાદ અને જળ જીવનની વાત છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણા શરીરમાં ત્રણ ચતુર્થાંશ પાણી છે અને પૃથ્વીનું બંધારણ પણ આવું જ છે અને દુનિયાનું બંધારણ પણ આવું જ છે. એક

તૃતિયાંશ પૃથ્વી અને ત્રણ ચર્તુર્થાંશ પાણીનો ભાગ છે. આ પાણીની અગત્યતા એટલા માટે છે કે વૈજ્ઞાનિકો પણ ચંદ્ર અને મંગળ ઉપર જઇને કરોડો ડોલરનું પાણી કરીને પાણીની શોધ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી આશ્રમ પાસે આઝાદી પહેલાં જયારે ગાંધીજી સાબરમતી આશ્રમમાં રહેતા હતા ત્યારે એક તાંબાની નાની લોટીમાં જળ લઇને એ સવારની દૈનિક ક્રિયા કરતા હતા ત્યારે તેમના અનુયાયીઓએ તેમને પૂછયું કે ગાંધી બાપુ, આમાં સાબરમતી નદીમાં જળ આટલું બધું જાય છે અને આ એક લોટી પાણી વાપરીને શું કામ કંજુસાઇ કરો છો? ત્યારે તેમણે કહ્યું હતું એ વાત લઇને હું આજે અહીં આ સભાગૃહમાં આવ્યો છું. તેમણે એમ કહ્યું હતું કે આ પાણી આગળ જાય છે ત્યારે જો હું આ પાણી અહીં વધારે વાપરીશ તો આગળ આ પાણી જાય છે એ ઓછું થવાને લીધે મારા કેટલાય બાંધવો તરસ્યા રહેશે. આ પાણી મારા એકલાને માટે ઇશ્વરે આપ્યું નથી. ભગવાન મહાવીર સ્વામીની વાત કરું તો ભગવાને કહ્યું છે કે પાણીને ઘીની જેમ વાપરો અને મને બરાબર યાદ છે કે કર્ણાવતીમાં ઘણી જગ્યાએ જૈન ભાઇઓએ પોસ્ટરો અને હોલ્ડિંગ બનાવીને મૂકેલાં છે. તો ધન્ય છે એ વાતને કે હજારો વર્ષથી આ જળ વ્યવસ્થાપન માટે વિશેષ આયોજન થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે જગતમાં ત્રણ વસ્તુ એ જીવ માટે મહત્વની છે. એમાં એક તો હવા, બીજું પાણી અને ખોરાક અને એ સંદર્ભમાં જોઇએ તો એક હજાર વર્ષ પહેલાં જયારે ગુજરાતમાં સુવર્ણકાળ સોલંકી યુગ ચાલતો હતો ત્યારે રાજમાતાએ એમના અવસાન પછી રાણકી વાવ બનાવી હતી અને આજે પણ એ પ્રાચીન કલા કારીગરી અને જળ વ્યવસ્થાપન માટેની વ્યવસ્થારૂપ એ રાણકીવાવને આજે વિશ્વની દ્રષ્ટિએ જોઇએ તો એમ કહેવાય કે આખા ગુજરાતમાં અને આખા જગતમાં એવી આ અનોખી વાવને યુનેસ્કોએ હેરીટેઝ તરીકે વિશ્વમાં જાહેર કરીને આ રાણકીવાવનું ગૌરવ આખી દુનિયામાં વધાર્યુ છે અને એ રાણકીવાવની જળ વ્યવસ્થાપન વ્યવસ્થા આપણે જોતા આવ્યા છીએ. આવી મોટી વાવો તો ખૂબ છે અને એમાંથી કુલ ૧૭ જેટલી બહુ મોટી તો ગુજરાતમાં આવેલી છે જે જોવા લોકો જાય છે. આવી તો હજારો વાવો કરેલ છે. ખંભાતમાં પણ આપણે જોઇએ તો એની ચારે બાજુ દરિયાનું ખારું પાણી હોય અને જયારે વરસાદ આવે ત્યારે અગાસીમાંથી વરસતું પાણી પોતાના ઘરની નીચે ભોંયમાં બનાવેલ મોટા મોટા ટાંકાંમાં જયારે વરસાદ આવે ત્યારે એ પાણી સંઘરવાનું અને પછી ઉનાળાના સમયમાં એ પાણી આજે પણ વપરાય છે. લોટી નાંખીને એ ઉંડા ટાંકામાંથી પાણી કાઢવાનું અને એ પાણી એટલું જ ચોખ્ખું અને ઠંડું હોય છે. તો આ જે મેં વાત કરી એના ઉપરથી આપણે પાણીની અગત્યતા સમજી શકીએ છીએ અને આખા જગતને પોતાના તરફ જોવા માટે મજબૂર કરનાર એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભઇ મોદીના શબ્દોમાં કહું તો તેમણે જયારે આહ્વાન જળશકિતને આપીને ૨૦૧૧ માં આ પ્રિન્ટ થયું ત્યારે વડાપ્રધાનશ્રીએ લખ્યું હતું કે ગુજરાતનાં અનેક ગામોમાં જળ મંદિરો બન્યાં છે. ગુજરાતના અનેક ગામોમાં જળ મંદિરો બન્યા છે, અને દરેક વ્યકિત જળ યાત્રાનો હિસ્સો બની છે, જળ યાત્રામાં આપ યથા યોગ્ય યોગદાન આપી જળ વંદના કરી શકો છો. આ જળ વંદના અને જળ મંદિર, આ જળ મંદિરનો કન્સેપ્ટ આપ્યો માનનીય વડાપ્રધાનશ્રીએ, અને માટે હું આ માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને કહીશ કે આ વિધેયક જે હું લઇને આવ્યો છું તે મંજૂર કરવાને પાત્ર છે. તેને મંજૂર એટલા માટે કરવું જોઇએ કે જેથી આપણે આપણી ભાવનાઓને લોકો સમક્ષ પ્રગટ કરી શકીએ કે આ પાણીની ગંભીરતા કેટલી છે.

હું આ સભાગૃહને કહેવા માગું છું કે ગુજરાતની જે જળ સંપત્તિ છે એમાં કચ્છમાં આપણે જોઇએ તો, અહીં ઘણાં મિત્રો કચ્છના છે, કચ્છમાં માત્ર બે ટકા જળ સંપત્તિ છે, ઉત્તર ગુજરાતની ૧૧ ટકા અને સૌરાષ્ટ્રની ૧૬ ટકા જળસંપત્તિ છે. આ રીતે જોઇએ તો જળની જે અગત્યતા છે તે ગુજરાત સમજી શકે એમ છે. મને કહેવા દો કે આપણે ખૂબ નસીબદાર છીએ કે આપણને નર્મદા અને નમો બેઉ મળ્યાં, અને માટે પાણીનો બગાડ આપણાથી સહન થઇ શકે નહી, પાણીની ચોરી કોઇ કાળે સહન થઇ શકે નહીં, વેદમાં મનુ ભગવાનથી માંડીને ઘણાએ કહ્યું છે કે ચોરી સ્વયં શિક્ષાને પાત્ર છે. એમાં પણ જળની ચોરી એ તો જીવનની ચોરી બરાબર છે અને એવા સંજોગોમાં મને કહેવા દો કે ઘણાં કહેતા આવ્યા છે કે ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો એ પાણીના લીધે થશે, જળના લીધે થશે, હું એનાથી વિરૂદ્ધમાં એમ કહેવા માગું છું કે કોઇ પણ દેશની

સમૃદ્ધિનો માપદંડ એ ડોલર નહીં હોય, એ સોનાના બિસ્કીટ કે સોનું નહીં હોય, એ પેટ્રોલ નહીં હોય, એ ડીઝલ નહીં હોય પણ જે દેશની અંદર સૌથી વધારે જળ રાશી હશે એ દેશ ભવિષ્યમાં સમૃદ્ધ થશે. અને માત્ર એ કારણોસર મને કહેવા દો કે જયારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ મંત્રી હતા અને એમણે જે બૂક પ્રસિદ્ધ કરાવી તેનો આ ડેટા છે, ખૂબ સાયન્ટીફીક અને જાણવા જેવો ડેટા છે, ગુજરાતની ઇ.સ. ૧૯૬૧ની સાલની વાત છે. એમાં વ્યકિતદીઠ વાર્ષિક ઉપલબ્ધી ૨૪૬૮ કયુબીક મીટર વાર્ષિક ઉપલબ્ધી વ્યકિતદીઠ હતી. આજે શું પરિસ્થિતિ છે ? આજે ૨૦૧૫ ગણીએ તો આજે ૬૭.૮૩ મિલિયન વસતિએ ગણીએ તો ૭૩૮ કયુબીક મીટર પાણી વાર્ષિક એક વ્યકિતદીઠ જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : ફકત બે મિનિટ છે તમારી પાસે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મિનિટ કરતા જળ કિમતી છે, એ સંજોગોની અંદર આમાં સમય કરતા પણ વધારે જળની કિમત છે માટે કહું છું કે જે રીતે જળનો ઘટાડો થઇ રહ્યો છે તે સંજોગોમાં જળની થતી ચોરી અટકાવવા માટે કોઇ અસરકારક વ્યવસ્થા સરકાર પાસે નથી. તંત્ર પાસે નથી, ભૂતકાળમાં એવા પ્રશ્નો ઉપસ્થિત થયા છે, માનનીય અધ્યક્ષશ્રી એવા પ્રશ્નો આપણી સમક્ષ તારાંકિત અને બિન તારાંકિતમાં આવેલા છે, એમાં આપણે જવાબો જોયા છે કે પાણીની આવી આવી ચોરીઓ આ રીતે થઇ રહી છે, એ સંજોગોમાં હું આ બિલ લઇને આવ્યો છું. આ બિલમાં જે તંત્ર રોજે રોજ સ્થળ ઉપર કામ કરે છે, નહેરો ઉપર જાય છે, માઇનોર હોય કે મેજર હોય તેના ઉપર ફરે છે, તો એ અધિકારીઓ સીધો એમાં હસ્તક્ષેપ કરી પાણી ચોરીને અટકાવી શકે તો આપણે ખરેખર ગુજરાતનું નહીં પણ સમગ્ર દેશનું હિત કરેલું ગણાશે. હું આ બિલને રજૂ કરીને આપ સૌ માનનીય સભાસદોને હ્યદય ઉપર હાથ મૂકીને આ પ્રશ્નના જવાબ ઉપર વિચારવા માટે વિનંતી કરું છું. આજે આપણા માટે નહીં પણ આપણા ભવિષ્યના સંતાનો માટે આપણે આ ઐતિહાસિક નિર્ણય લઇ શકીએ એમ છીએ, તો ગુજરાત આમાં પહેલ કરે, તમામ માનનીય સભ્યશ્રીઓ આ મારી પહેલમાં સહકાર આપે, મને સમર્થન આપે, હું આપ સૌનો આભાર માનું છું. મેં આ બિલ નહીં પણ દિલની વાત કરી છે.

શ્રી શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી (ભાવનગર (પશ્ચિમ)) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા અંગે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આદરણીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી જે બિન સરકારી બિલ લઇને આવ્યા છે એમાં મારા મંતવ્યો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય સભ્યશ્રીએ વાત કરી એ ખૂબ સાચી છે. આ વિષય ખૂબ જ ગંભીર છે. સમગ્ર ગ્લોબલ પર માત્ર ૩ ટકા જ મીઠું પાણી છે. આ પાણીને વધારે ખારુ કરવામાં પણ મનુષ્યનો ખૂબ મોટો સિંહફાળો છે. એમાં પણ બે ટકા મીઠા પાણીમાં બરફ છવાયેલો પડ્યો છે એટલે આપણે સમજી શકીએ કે એક ટકામાં આ ગ્લોબલે પાણીનો ઉપયોગ કરવાનો છે. એમણે યુદ્ધની પણ વાત કરી છે. આપણા પૂર્વજોએ પણ કહ્યું છે કે આગામી દિવસોમાં યુદ્ધ પીવાના પાણી માટે થવાનું છે. પાણી પાવલે પાવલે વેચાવાનું છે અને આજે વેચાય છે. આવા સમયે પણ ઇઝરાયલ જેવા નાના દેશે પાંચ ઇંચ વરસાદમાં દુનિયાને કૃષિ અને વોટર મેનેજમેન્ટ માટે કેવી રીતે એનો ઉપયોગ થાય એના માટે શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે, ત્યારે મને કહેતા ખૂબ જ આનંદ થાય છે કે સમગ્ર દેશમાં ગુજરાતે પણ એ સિંચાઇ માટે હોય કે પીવાનું પાણી હોય એના મેનેજમેન્ટ બાબતે ભારત સરકારના અનેક એવોર્ડો મેળવ્યા છે. એના માટે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તથા પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

આ વિધેયકમાં જે પ્રબંધો રજૂ કરવામાં આવ્યા છે, મારે સભાગૃહનું ધ્યાન દોરવું છે કે આ સમગ્ર જોગવાઇઓ વ્યાપક સ્વરૂપમાં ધ ગુજરાત ઇરિગેશન અને ડ્રેનેજ એકટ ૨૦૧૩માં ગત સત્રમાં આ કાયદામાં સમાવિષ્ટ કરેલ છે. આ કાયદાની અંદર કેનાલ શબ્દનો વિસ્તૃત અર્થ કેનેલ ઓફિસરની પણ નિમણૂક કરવામાં આવી છે. એટલું જ નહિ આ કાયદાની હેઠળ જે કોઇ ગુનો કરે અથવા તો ગુનો કરનાર હોય એને મદદગારી કરે, એને કડક સજાની જોગવાઇઓનો પણ આમાં સમાવેશ કરવામાં આવેલો છે.

બીજા પણ અન્ય કાયદાઓ આ કામ કરતી સરકારે ઘડયા છે. એમાં ભારતીય દંડ સંહિતા ૧૮૬૦, વિવિધ જોગવાઇઓમાં કેદ, દંડ અને બંનેની જોગવાઇ રહેલી છે. બીજી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૯૩ના પ્રબંધોમાં કલમ ૧૪૪માં શિક્ષા થાય છે. જાહેર મિલ્કતને થતું નુકસાન અટકાવવાના કાયદામાં પણ ગુનો સાબિત થયેથી પાંચ વર્ષ સુધીની સજા દંડ અને બંનેની જોગવાઇઓ આ કાયદામાં કરવામાં આવેલી છે. મને કહેતા દુઃખ અને આનંદ બંને થાય છે. દુઃખ એટલા માટે થાય છે કે ૩૫-૪૦ કે ૪૫ વર્ષ સુધી જેમણે પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધી શાસન કર્યું છે એમણે કયારેય આ પાણી અંગે સર્વગ્રાહી યોજના ન બનાવી, લોકોની પાણીની જરૂરિયાતની કોઇ ચિંતા ન કરી, લોકોને રઝળતા મૂકયા, ડંકીઓ, હેન્ડપંપો ટેન્કરો, ટ્રેન દ્વારા પાણી પહોંચાડવાનો ઇતિહાસ જાણે છે, એનું મને દુઃખ છે. સાથે સાથે આનંદ મને એ વાતનો છે કે ગુજરાતમાં ભાજપની સરકાર આવી. એમાં પણ માનનીય નરેન્દ્રભાઇનું નેતૃત્વ આવ્યું એ પછી આજે પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં આ સમગ્ર ગતિ આગળ વધી, એટલું જ નહિ, પાણી પુરવઠા મંત્રી શ્રી બાબુભાઇ બોખીરીયાએ એક સર્વગ્રાહી નીતિ બનાવી પીવાનું પાણી ગામડે ગામડે અને શહેરે શહેરે મળે એના માટે અનેક યોજનાઓ બનાવી. મહી પરીએજ યોજનાનું અપગ્રેડેશન કર્યું. નવી મહી પરીએજ યોજના પણ એમણે બનાવી, સૌની યોજના, સ્વજલ ધારા, જૂથ પાણી પુરવઠા યોજના આ બધાનું અમલીકરણ પણ વાસ્મો દ્વારા ગામડે ગામડે થઇ રહ્યું છે. આના કારણે આજે ગુજરાતની જનતાને શુદ્ધ પીવાનું પાણી મળે છે એ માટે ત્યારના મુખ્યમંત્રીશ્રી અને અત્યારના વડાપ્રધાનશ્રી હાલના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન તથા પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

મારે ઉલ્લેખ એ વાતનો પણ કરવો છે કે ગત વર્ષે વરસાદ ઓછો હતો એના આગલા વર્ષે સૌરાષ્ટ્રમાં ખૂબ મોટી પાણીની સમસ્યા ઉભી થઇ હતી. હું સૌરાષ્ટ્રમાંથી આવું છું ખૂબ મોટી સમસ્યાનું નિર્માણ થાય તેવી પરિસ્થિત ઉભી થઇ હતી. કામ કરતી ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ ઝડપથી પ્લાનીંગ કરીને સમગ્ર સૌરાષ્ટ્રમાં અને ઉત્તર ગુજરાતમાં જયાં જરૂર હોય ત્યાં આખું નેટવર્ક નવું નાખ્યું. મારા ભાવનગર જિલ્લાની વાત કરું તો નાવડાથી બુધેલ સુધી ૪૦૦ એમ.એલ.ડી. નવી પાણીની પાઇપલાઇન લોકોને પીવાનું પાણી રાજુલાના ગામડાં સુધી મળી રહે તેના માટે તેમણે વ્યવસ્થા કરી એટલા માટે પાણી પુરવઠા મંત્રીને અને સરકારને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભાગૃહનું એ પણ ધ્યાન દોરવું છે કે કેવા પ્રશ્નો એ વખતે આવેલા તેનો હું સાક્ષી છું. નાવડાથી બુધેલ જતી એ પાઇપલાઇન છે તેમાં વરતેજ વચ્ચે આવે છે. ઘણા બધા લોકોએ જોયું છે. તેમાં રેલવેની લાઇન આવતી હતી. આપણે જાણીએ છીએ કે યુ.પી.એ.ની સરકાર વખતે તેમણે મંજૂરીઓ નહીં આપી, આ કામ ટલ્લે ચડાવ્યું. આ તો સરકારની સક્રિયતાના કારણે, હવે તો મંજૂરી મળી ગઇ છે, પણ જે તે વખતે પ્રજાને પીવાનું પાણી પહોંચાડવાની જરૂર હતી તેવા વખતે એ લાઇન નદીની અંદર પસાર કરી તેના માટે બાબુભાઇ બોખીરીયાને અને સમગ્ર અધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તેના લીધે સમસ્યાઓ હળવી થઇ. પાણી મળતું થયું. મારે એ પણ ધ્યાન દોરવું છે. મારા સાથી રાજેન્દ્રભાઇએ વાત કરી છે કે દેશમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું, આપણાં સૌના પ્રજાવત્સલ એવા દેશના લોકલાડીલા નેતા નરેન્દ્રભાઇએ જયારે પદ સંભાળ્યું ત્યારથી હું આ સમસ્યાની વાત કરું છું. અમારી અંદાજ સમિતિના અધ્યક્ષ અહીં હાજર છે. અધિકારીઓએ એમને વાત કરી કે આવી ઘણી બધી સમસ્યાઓ રેલવે લાઇનની હતી. અમે માત્ર એક કાગળ લખ્યો, સામેથી ડી.આર.એમ.નો ફોન આવ્યો અને ગુજરાતમાં આ બધી જ સમસ્યાઓ પૂરી થઇ અને રેલવેએ મંજૂરી આપી. આવી સમસ્યાઓમાં પણ યુ.પી.એ અને કોંગ્રેસના લોકોએ પ્રજાને હેરાન કરવાનું બાકી રાખ્યું નથી. તેનો જવાબ પ્રજાએ તેમને આપી દીધો છે. આવતા દિવસોમાં પણ જરૂર જણાયે સમગ્ર ગુજરાત અને દેશની જનતાએ ઘણા બધા જવાબો તેમની પાસેથી માગવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ ઉલ્લેખ કરવો છે. કેન્દ્રમાં ભાજપાની સરકાર આવે, અહીં પ્રથમવાર મહિલા મુખ્યમંત્રીનું નેતૃત્વ આવે તેમાં ખૂબ મહત્વની ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધના બારણા નાખવા માટે ત્યાં રજૂઆત થાય અને ૧૬ દિવસમાં તેને મંજૂરી મળે અને ૧૩૮.૬૮ મીટરની ઉંચાઇ ઉપર.. આ ગુજરાતના વિકાસમાં રોડા નાખનારાઓને સૌથી મોટો જવાબ છે. ગુજરાત હરિયાળું બને અને પીવાનું

શુદ્ધ પાણી મળી રહે તે પ્રકારનું ગુજરાત આગામી દિવસોમાં બની રહ્યું છે ત્યારે તેના માટે અનેક જોગવાઇઓ કરેલી છે ત્યારે મારે કહેવું છે કે રાજયમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ અટકાવવા માટે વિશિષ્ટ રીતે પીવાના પાણીની ભૌતિક સુવિધાઓ, માળખાને સુરક્ષિત રાખવા રક્ષકદળ, પ્રૉટેકશન ફોર્સની જોગવાઇ માર્ચ–૨૦૧૩માં આ સરકાર દ્વારા કરવામાં આવી છે. જેની અમલવારી થઇ શકે તે માટે અહીં ગૃહ મંત્રી બેઠાં છે. મારે એમને પણ અભિનંદન આપીને ગુજરાતની જનતા વતી આભાર માનવો છે. તેમણે એસ.આર.પી. કક્ષાના ૬૪ અને અન્ય ૬ કર્મચારીની જગ્યાઓ મંજૂર કરી આ રક્ષકદળની રચના થવાના કારણે સમગ્ર રાજયના પાણી પુરવઠા નેટવર્કને પૂરતું રક્ષણ પ્રાપ્ત થઇ શકશે. સ્થાનિક પોલીસ, સ્થાનિક પ્રજાજનોનો સહયોગ મેળવીને આ પ્રવૃત્તિઓ પર અસરકારક અંકુશ મેળવી શકાશે. ગેરકાયદેસર પાણીના ઉપાડ પર આ વ્યવસ્થાથી અસરકારક રીતે નિયંત્રણ લાવી શકાશે.

આ યોજનાઓના કારણે આ જે બિલ રાજેન્દ્રભાઇ લાવ્યા છે, મારે એમને વિનંતી કરવી છે કે રાજય સરકારે ખૂબ પહેલાંથી આ ચિંતા કરીને જે સરકારની નેમ છે કે સમાન ન્યાય મળે, સમાન અધિકાર મળે એ હેતુથી આ બધા જ કાયદાઓનો કડક અમલ થાય. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ખબર જ નહોતી કે આ કાયદાઓ છે. કારણ કે આવી કોઇ યોજનાઓ કોંગ્રેસે બનાવી નહીં. આ તો ભાજપાની સરકારે આ યોજનાઓ બનાવી. તેમાં જાગૃતિ માટે આ કાયદાઓમાં સુધારા પણ કર્યા છે, ત્યારે મારા સાથી રાજેન્દ્રભાઇને હું વિનંતી કરું છું કે આ બિલ એ પાછું ખેંચે. રાજય સરકાર એ કામ કરતી સરકાર છે અને અનેક કાયદાઓ લાવ્યા છે ત્યારે તેનો કડક અમલ પણ કરશે તેનો મને વિશ્વાસ છે ત્યારે હું આપના વતી સમગ્ર ગુજરાતની જનતાને પણ કહેવા માગું છું. આનંદીબહેનના નેતૃત્વવાળી સરકાર બધાને સમાન હક્ક અને ન્યાય આપવા કટિબદ્ધ છે ત્યારે આવો, આપણે સૌ પીવાના પાણીની ચોરી, બગાડ, તોડફોડ નહીં કરી આવા કાયદાના અમલની જ જરૂર ન પડે એવું વાતાવરણ બનાવીએ અને માનનીય રાજેન્દ્રભાઇને હું વિનંતી કરું છું કે તેમનું આ બિલ છે એ પાછું ખેંચે અને સરકાર જે પ્રકારે કામ કરે છે તેમને સપોર્ટ કરે.

શ્રી શ્રી બાબુભાઇ બોખીરીયા (પાણી પુરવઠા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઇ ગેરકાયદેસર પાણી ખેંચવાના પરિણામે સરકારી તંત્રને થતા નુકસાન તેમજ લોકોને પડતી મુશ્કેલીઓના મુદ્દે જે ચિંતા વ્યકત કરેલી છે તે યોગ્ય છે. અગાઉના વર્ષોમાં પીવાનું પાણી પહોંચાડવાની જે વ્યવસ્થા હતી તેમાં નાની યોજનાઓ અમલમાં હતી. પરંતુ આજના આપણા વડાપ્રધાન અને ૨૦૦૧માં જયારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ધૂરા સંભાળી અને એના પછી નર્મદા અને મહી આધારિત જે પાણી પુરવઠાની યોજનાઓ થઇ એ આજે આખા વિશ્વમાં મોટામાં મોટી પીવાના પાણીની આપણી પાસે સગવડતા છે. ૨૫હજાર કિલોમિટર કરતા પણ વધારે બલ્ક પાઇપલાઇન અને ૧ લાખ અને ૨૦ હજાર કિલોમિટર કરતા પણ ડીસ્ટ્રીબ્યુટીવ લાઇનો ગોઠવીને આજે વિશ્વમાં મોટામાં મોટી આપણી પાસે પાણી માટેની વ્યવસ્થા છે. સરકારશ્રી દ્વારા જે આ વ્યવસ્થા કરેલી છે અને સમગ્ર રાજયમાં પાણીની તંગી ન રહે તે માટે ખૂબ જ મોટા પ્રમાણમાં નેટવર્ક ગોઠવવામાં આવેલ છે. આ બાબતે રાજય સરકારે યોગ્ય વિચારણા કરેલ છે અને પીવાના પાણીના નેટવર્કમાંથી થતી ચોરી અટકાવવા માટે યોગ્ય તંત્ર પણ ગોઠવવામાં આવેલ છે.

માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઇ દ્વારા રજૂ કરવામાં આવેલ બિન સરકારી વિધેયકની જોગવાઇઓની સામે હાલના વિવિધ કાયદાઓમાં પીવાના પાણીની ચોરી અસરકારક રીતે અટકાવી શકાય તે માટેના પ્રબંધો છે જેમ કે, ધ ગુજરાત ઈરીગેશન એન્ડ ડ્રેનેજ એકટ–૨૦૧૩, તા. ૨૨મી માર્ચ ૨૦૧૩ના રોજ માનનીય રાજયપાલશ્રીની સંમતિ મેળવીને અમલમાં છે. તેની જોગવાઇઓ અનુસાર સરકારી પાણી પુવરઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા માટેના અસરકારક પ્રબંધોનો સમાવેશ થાય છે. માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ સૂચવેલ જોગવાઇઓ કરતાં વધુ સારા સ્વરૂપમાં ઉકત કાયદાની કલમ–(૨)(એ, બી, સી, ડી, ઇ, જી) તેમજ પેટા કલમ–(૩)માં સમાવેશ થયેલ છે. તે મજુબ ‘કેનાલ’ શબ્દની સંપૂર્ણ વ્યાખ્યા સવિસ્તૃતપણે આપવામાં આવી છે. તેમજ ‘કેનાલ ઓફિસર’ એટલે કે એવી વ્યકિત જેની નિમણૂક કાયદાના હેતુ માટે કલમ–૩ નીચે કરવામાં આવે છે તે અધિકારી થાય છે. જેથી

'કેનાલ' અને 'કેનાલ અધિકારી'ની નિમણૂક હાલમાં આ કાયદામાં અસ્તિત્વમાં છે. તેમજ ઉકત કાયદાના પ્રકરણ–૪માં પાણી પુરવઠા વિશેની બાબતોમાં કલમ–૧૭ હેઠળ પાણી પુરવઠો અટકાવવાની સત્તા માટેના પ્રબંધ છે.

સવિશેષ, આ કાયદાની કલમ–૩૦(ખ) અને ૩૧(ખ)ના પ્રબંધો અનુસાર પાણીનો અનધિકૃત ઉપયોગ અને પાણીનો બગાડ કરવા બદલ પણ શિક્ષાની જોગવાઇ છે. જો કેનાલ મારફત પાણીનો અનધિકૃત ઉપયોગ કરવામાં આવતો હોય તે વ્યકિતની કૃપાથી અથવા મદદગારી કરવાથી આવો ઉપયોગ થયો હોય અને તે વ્યકિતની ભાળ મળી શકે તેમ ન હોય તો તે સંજોગોમાં આ રીતે બગાડ કરનાર વ્યકિત સામે ગુનો દાખલ થઇ શકે છે. ઉપરાંત ઉપયોગ કરનાર અને તેને મદદ કરનાર વ્યકિતની વેરો ચૂકવવાની જવાબદારી વ્યકિતગત અને સંયુકત રીતે ઉભી થાય છે. ઇન્ડીયન પીનલ કોડ–૧૯૬૦ના વિવિધ પ્રબંધો અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ–આઇ.પી.સી. ૩૭૯, પાણીની ચોરીની ફરીયાદ થઇ શકે છે, તે માટે ૩ વર્ષની કેદની સજા અને દંડની જોગવાઇ છે. ભારતીય દંડ સંહિતાની આઇ.પી.સી. ૪૨૫ ધ પ્રીવેન્શન ઓફ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ–૨(અ) મુજબ પાઇપલાઇન, તેના વાલ્વ અને અન્ય સાધનોને નુકસાનકારક ચેડા કરવા અને પાણીનો બગાડ કરવા માટે આ કલમ હેઠળ ફરિયાદ થઇ શકે છે. જેમાં પણ ૩ માસની કેદની સજા અને દંડ બંને થઇ શકે છે. ભારતીય દંડ સંહિતાની કલમ–આઇ.પી.સી. ૪૨૭ પાણીનો બગાડ કરી નુકસાનના રુ. ૫૦થી વધુ થાય ત્યારે આ કલમ હેઠળ ફરિયાદ થઇ શકે છે. જેમાં ૨ વર્ષની કેદની સજા અને દંડ બંન્ને થઇ શકે છે. નોન કોગ્નીઝેબલ હોવાથી કોર્ટમાં પણ ફરિયાદ થઇ શકે છે. ભારતીય દંડ સંહિતાની આઇ.પીસી. ૪૩૦ સિંચાઇના કામોને નુકસાન પહોંચાડી ગેરકાયદેસર પાણી વાળી લઇ બગાડ કરવા બાબત આ કલમ હેઠળ ફરિયાદ થઇ શકે છે અને ૫ વર્ષની કેદ અને સજા બંને થઇ શકે છે. આના સિવાય પણ પોલીસ કમિશ્નરશ્રી, જીલ્લા કલેકટરો દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે જાહેરનામુ બહાર પાડીને પાઇપ લાઇનમાં ગેરકાયદેસર ભાંગફોડ કે પાણીની ચોરી/ બગાડને અટકાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

ગુજરાત વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ એક્ટ ૧૯૭૮ના વિવિધ પ્રબંધો અનુસાર બોર્ડ એકટની કલમ –૫૩ હેઠળ સંબંધિત અધિકારીને પોલીસ ફરિયાદ કરવાની સત્તા મળે છે. તેમજ કલમ–૬૩ અને ૬૭ સુધીમાં પેનલ્ટીની પણ જોગવાઇ રહેલ છે. ધ પ્રિવેન્શન ઓફ ડેમેજ ઓફ પબ્લિક પ્રોપર્ટી એક્ટની જોગવાઇ અનુસાર ગુનો સાબિત થયે ગુનેગારને પાંચ વર્ષની સજા તથા દંડ તેમજ બન્નેની શિક્ષા થઇ શકે છે. વધુમાં પાણી પુરવઠા પ્રભાગના વર્ષ ૨૦૧૩–૧૪ના અંદાજપત્રમાં ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા માટે ડ્રીંકીંગ વોટર પ્રોટેક્શન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. જે અન્વયે ગૃહ વિભાગના ૨૩–૫–૨૦૧૪ ના હુકમ દ્વારા એસ.આર.પી. કેડરની ૬૪ જગ્યાઓ તથા અન્ય સ્ટાફ માટે ૬ જગ્યાઓની મંજૂરી મળેલ છે. આ પ્રકારની વિશિષ્ટ ટાસ્ક ફોર્સની કામગીરી થવાથી ગેરકાયદેસર પાણીના ઉપાડ ઉપર નિયંત્રણ મૂકી શકાશે.

ઉપર મુજબના વિવિધ કાયદાઓના પ્રબંધો તેમજ તાજેતરના ટાસ્ક ફોર્સના અમલીકરણની અસરકારક જોગવાઇ થવાથી પીવાના પાણીની પાઇપલાઇનમાંથી ગેરકાયદેસર નુકસાન પહોંચાડીને પાણી ખેંચવાની કે ચોરી કરવાની બાબતને પૂરતું રક્ષણ મળી રહે છે. આના ફળ સ્વરૂપે આ બધા પ્રબંધોનો કડક અમલ થતાં આ નવા વિધેયકની જરૂર જણાતી નથી. આ તમામ કાયદાઓની જોગવાઇ ઉપરાંત પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફરિયાદો દાખલ કરવામાં આવે છે અને ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. આ પ્રકારની કામગીરીમાં કસૂરવાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં પણ ભરવામાં આવે છે. ઉક્ત કાયદાઓની જોગવાઇઓ આ પ્રકારના ગુનાઓને અટકાવવા માટે પર્યાપ્ત હોવાથી આ નવા કાયદાની હાલમાં જરૂરિયાત જણાતી નથી. આથી માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઇ દ્વારા રજૂ કરવામાં આવેલ આ બિન સરકારી વિધેયકની કોઇ જરૂરિયાત જણાતી નથી. આથી માનનીય સભ્યશ્રીને તેમણે રજૂ કરેલા બિન સરકારી વિધેયકને પરત ખેંચી લેવા માટે હું એમને વિનંતી કરું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર માનનીય ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી સાહેબે મારી વાત શરૂઆતમાં સ્વીકારી, પરંતુ એમણે કેટલાક જે મુદ્દા રજૂ કર્યા અને માનનીય મંત્રીશ્રી

બાબુભાઇ સાહેબે પણ યોગ્ય વિચારણા, યોગ્ય તંત્ર વ્યવસ્થા અને કાયદાઓની વિવિધ જોગવાઇઓ તરફ જે ધ્યાન દોર્યું છે એમાં માત્ર એક શબ્દચિત્ર રજૂ કરીને મારો નિર્ધાર રજૂ કરવા માગું છું. એક સૂકીભઠ્ઠ જમીનમાં એક આદિવાસી હેન્ડપંપ હલાવતો હલાવતો પોતાના નાના દીકરાને પાણી પીવડાવવા માટે એટલો બધો હેન્ડપંપ હલાવે છે પણ પાણી આવતું નથી અને ત્યાર પછી એ વોટ્સએપની ફોટો ઇમેજ નીચે જાય છે. આદિવાસીના પગમાં બતાવે છે ત્યારે એના પગની નીચે એક થાળી છે અને એ થાળીમાં એનો નીકળેલો પરસેવો છે, એ પરસેવારૂપી જળને પોતાના બાળકને પાવા પ્રયત્ન કરે છે. આ પરિસ્થિતિ ભવિષ્યમાં ન થાય એ ચિંતા ઉજાગર કરવા માટે મને આ બિલ લાવવાનું યોગ્ય લાગેલું. માનનીય મંત્રીશ્રીની વિનંતીને હું સ્વીકારું છું. કારણ કે એમણે જે વિવિધ જોગવાઇઓની વાત કરી એના તરફ મારું ધ્યાન ગયું છે. આથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૩ના ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકને પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૩ના ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકને પાછું ખેંચુ છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સચિવશ્રી : સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક. – માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા ગેરહાજર.

**સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંક–૭.**

**ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક, ૨૦૧૩**

**સમગ્ર ગુજરાત રાજયની સુંદરતાને જાળવી રાખવા માટે, અમુક ચોક્કસ તત્વો દ્વારા જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબરો ઉપરના પ્રતિબંધ માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી શ્રી પુનમભાઇ કા. મકવાણા (દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંક–૭ – સન ૨૦૧૩ના ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જાહેર દિવાલો ઉપર દોરીને બતાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી અશ્લીલ જાહેરખબરો ઉપર પ્રતિબંધ વિધેયક લઇને આ સભાગૃહમાં આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દ્વારા રજૂ કરેલ બિન–સરકારી વિધેયકનો મુખ્ય આશય જાહેર જનતાને દેખાય તેવા ગામ, નગર કે શહેરની જાહેર દિવાલો ઉપર દોરીને બતાવવામાં આવતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબરોનું પ્રકાશન વગેરેની આ અનૈતિક પ્રથા કાયદા દ્વારા અટકાવવા પગલાં લેવા જોગવાઇ રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જાહેરખબરોમાં જે કાંઇ પ્રદર્શન થાય છે તે મુખ્યત્વે સ્ત્રીઓ વિશે વધારે હોય છે. સ્ત્રીને સન્નમાનની દૃષ્ટિથી જોવામાં આવે છે. અર્ધ–નારેશ્વરનું સ્વરૂપ ભગવાન શંકરનું હતું. કોઇ પણ કાર્ય સ્ત્રી સિવાય અધુરું હોય છે, તેવું આપણી સંસ્કૃતિનું કહેવું છે. મોટાભાગની કંપનીઓ પોતાની પ્રોડક્ટના વેચાણ માટે સ્ત્રીઓના અશ્લીલ ફોટાઓ દર્શાવે છે, પોતાની ઉત્પાદિત વસ્તુઓના વધારેમાં વધારે વેચાણ માટે સ્ત્રીના દેહનું પ્રદર્શન કરવામાં આવે છે, આ એક ચિંતાજનક બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક કવિએ લખ્યું છે કે,

**"યત્ર નાર્યસ્તુ પૂજયંતે, રમન્તે તત્ર દેવતા:"**.

જયાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાનો પણ વાસ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય છે આવી જાહેરખબરો, અશ્લીલ ફોટાઓ ઉપર પ્રતિબંધ મૂકાવવો જોઇએ. ગુજરાતના તત્કાલિન પ્રજા વત્સલ મુખ્યમંત્રી, આપણા હ્દય સમ્રાટ અને હાલના દેશના વડાપ્રધાન એવા લાડિલા મુખ્યમંત્રી એ સમયના માનનીય નરેન્દ્રભાઇ કહેતા હતા કે, ભારત દુનિયાનો સૌથી યુવાન દેશ છે અને આવી બિભત્સ જાહેરખબરોથી યુવાધન ગેરમાર્ગે દોરાય છે, એના માનસમાં વિકૃતિઓ આવે છે. યુવાધન એ ભવિષ્યની દેશની ધરોહર છે. સમગ્ર ભારતમાં ગુજરાત એની સંસ્કૃતિ, સંસ્કાર, વાણી અને વર્તન માટે ગૌરવ અનુભવે છે. દિવાલો ઉપર ધાર્મિકતાના વિષયને લઇને સારા સંસ્કારો મળે તેવા સુવાક્યો સહિતના ફોટોગ્રાફસ્ આવકાર્ય છે, પરંતુ યુવાધનમાં વિકૃતિઓ ઘૂસે તે ચલાવી લેવાય નહીં. ઘણા લોકો દિવાલો ઉપર પાન–ગુટકાની પિચકારી મારીને દિવાલો બગાડવાનું દુષ્કૃત્ય કરતા હોય છે. ઘણી જગ્યાએ આતંકવાદને ઉત્તેજન મળે તેવા દિવાલો ઉપર ભડકાઉ લખાણો થાય છે. પરિણામે સમાજ જીવનમાં તનાવ ઉભો થાય છે અને ઘણીવાર ગંભીર સ્વરૂપમાં ફેરવાય છે. મારું માનવું છે કે, આવા અશ્લીલ ફોટોગ્રાફ તથા ખરાબ લખાણો ચલાવી લેવાય નહીં. પરિણામે આવા દીવલો ઉપર દોરીને બતાવવામાં આવતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર, અભદ્ર લખાણો ઉપર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવે અને તેનું ઉલ્લંઘન કરનારને સખત સજા કરવાની જોગવાઇ થાય તે માટે ગૃહમાં આ બિન–સરકારી વિધેયક લઇને આવ્યો છું અને ગૃહના સભ્યોને મારી વિનંતી છે કે, આ વિષયમાં મને સમર્થન કરે, ધન્યવાદ.

શ્રી શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ (વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી પુનમભાઇ મકવાણા દ્વારા બિન સરકારી વિધેયક ૨૦૧૩ ગુજરાત જાહેર દિવાલ ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક બાબતે બોલવા ઉભો થયો છું.

સન્માનનીય પૂનમભાઇ દ્વારા જે આ પ્રતિબંધ માટે જોગવાઇને સમર્થન આપવા માટે એમનું વિધેયક દાખલ કર્યું છે. માનનીય ધારાસભ્યશ્રીનું સૂચન ખરેખર આવકાર્ય છે, પણ સાથેસાથે સરકારશ્રી દ્વારા પણ આ બાબતે ખૂબ પ્રયત્ન થયેલા છે અને જુદી જુદી જોગવાઇઓ દ્વારા એને અંકુશમાં લાવવા માટેના પણ પ્રયત્ન થયેલા છે અને માનનીય પૂનમભાઇનું જે સૂચન છે એ ખરેખર યોગ્ય છે કે યુવાધન રોજબરોજ જે વસ્તુ જોતુ હોય એની એના માનસપટલ ઉપર અસર થતી હોય છે. અશ્લિલ જાહેરાતો, અશ્લિલ પ્રદર્શન એ ભારતીય સંસ્કૃતિ માટે કયારેય યોગ્ય બાબત નથી. જયારે આપણું યુવા ધન વિશ્વ વિજેતા બનવા જઇ રહ્યું હોય, ભારત રાષ્ટ્ર સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વની અંદર વિશ્વ વિજેતા બનવા જઇ રહ્યું હોય એ પ્રસંગે આપણા દેશની યુવા સંસ્કૃતિને અસર થાય એ ખરેખર યોગ્ય બાબત નથી. યુવા શકિતને સારા માર્ગે દોરવાની ખૂબ જરૂરિયાત છે અને આ જ યુવા શકિતના ઉપયોગ દ્વારા આપણે દેશને વિશ્વ વિજેતા બનાવી શકીએ.

માનનીય ધારાસભ્યશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એની અંદર જોવા જઇએ તો આ જોગવાઇની અંદર સજાપાત્ર કુલ છ કલમો દ્વારા ભીંત ચિત્ર, અશ્લિલ ચિત્ર આ બધી બાબતોને અંકુશમાં લાવવા માટે છ કલમો દ્વારા આઇ.પી.સી.ની અંદર જોગવાઇ કરવામાં આવેલી છે. આઇ.પી.સી.ની કલમ–૨૯૨ હેઠળ બે વર્ષની સજા તથા ૨૦૦૦ રૂપિયાનો દંડ, આઇ.પી.સી. કલમ–૨૯૨ હેઠળ ત્રણ વર્ષની સજા અને ૨૦૦૦ સુધીનો દંડ જે વ્યકિત આ ગુના હેઠળ દોષિત જણાય તેને છ માસની કેદ, એક હજાર રૂપિયા સુધીના દંડની બંને શિક્ષા થઇ શકે છે. રાજય સરકાર રાજયપત્રિત જાહેરનામાથી અધિનિયમ હેતુ પૂરા પાડવા માટે નિયમો કરી શકે છે. પ્રસ્તુત બાબતે હાલના કાયદામાં ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવવામાં આવતા ફોટોગ્રાફ અને પોસ્ટરવાળી જાહેરાત ઉપર પ્રતિબંધ માટે અને Indecent Representation of Women(Prohibition) Act 1986. હેઠળ જે પુનમભાઇએ વાત કરી કે મહિલાઓનું અશ્લિલ ચિત્રોનું પ્રદર્શન એ ખરેખર દુર્ભાગ્યપૂર્ણ બાબત છે અને આ વસ્તુને કયારેય યોગ્ય ઠેરવી ન શકાય અને એના માટે જ આ કલમો લોકશાહીને નુકસાન કરે એના માટે આ થવું ન જોઇએ અને સરકાર દ્વારા જુદી જુદી કલમો દ્વારા

આના માટે પ્રતિબંધ થાય એવા પ્રયાસો થઇ રહ્યા છે અને કલમો દ્વારા સજા પણ થઇ રહી છે પણ એક અવલોકન મુજબ જોવામાં આવ્યું છે કે બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતની સંસ્કૃતિ ખરેખર ખૂબ સારી છે. ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની સરકાર કાયદો અને વ્યવસ્થા માટે પૂરેપૂરી કટિબદ્ધ છે અને બીજા રાજયોની સરખામણીએ ગુજરાત રાજયની અંદર આ બાબતે જે ગુનાઓ નોંધવામાં આવી રહ્યા છે તે ખરેખર ખૂબ ઓછા અને નિમ્ન કક્ષાના ગુજરાતના નોંધવામાં આવેલ છે અને સજાને પાત્ર ઘણા ઓછા થયેલ છે. માટે હું પૂનમભાઇ મકવાણાને વિનંતી કરું છું કે સરકારની યોગ્ય કટિબદ્ધતા અને કાર્યપદ્ધતિને ધ્યાનમાં રાખીને એમનું આ વિધેયક પાછું ખેંચે તેવી મારી ભલામણ છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રી): માનનીય ધારાસભ્યશ્રી પૂનમભાઇ મકવાણા બિન સરકારી વિધેયક જે લઇને આવ્યા છે. એમનો મુખ્ય આશય રાજયમાં જાહેર જનતાને દેખાય તે રીતે ગામ હોય, નગર હોય અથવા શહેરની દિવાલો હોય એના ઉપર કોઇપણ પ્રકારના ફોટોગ્રાફ્સ, પોસ્ટર, બીભત્સ લખાણ, અશ્લિલ જાહેર ખબરો આ બધાને જે રીતે પ્રકાશિત કરવામાં આવે છે. આ અનૈતિક પ્રથા કાયદા દ્વારા અટકાવવા માટે તેના માટે કાયદાકીય પગલાં લેવાં માટેની જોગવાઇ કરવા માટેની એમણે આ બિલ દ્વારા સૂચવી છે.

ચર્ચામાં આપણા ધારાસભ્યશ્રી કિશોરસિંહજીએ પણ ભાગ લીધો. એમણે કાયદામાં પ્રવર્તમાન જોગવાઇઓ પ્રત્યે ધ્યાન દોર્યું એ પ્રમાણે ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૯૨ હેઠળ કોઇપણ પ્રકારના અશ્લિલ પુસ્તકો, પત્રિકાઓ, લખાણ, ચિત્રો, આકૃતિઓ વેચે ભાડે રાખે અથવા જાહેર રીતે પ્રદર્શિત કરે તો ૨ વર્ષ અથવા ૨,૦૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૯૩ નીચે કોઇપણ વ્યક્તિ ૨૦ વર્ષથી ઓછી વયની વ્યક્તિને કોઇપણ અશ્લિલ સાહિત્ય, વસ્તુ વેચે તો એને પણ એ ગુના નીચે ૨ વર્ષની સજા અથવા ૨૦૦૦ રૂપિયા સુધીના દંડની તેમજ બીજા અને તે પછીના ગુના માટે ૭ વર્ષની સજા અને ૫,૦૦૦ રૂપિયા દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૯૪ નીચે કોઇપણ વ્યક્તિ અશ્લિલ કૃત્ય, ગીતો અન્યને ત્રાસ થાય તે રીતે જાહેર સ્થળે કે આજુબાજુમાં ગાય, ઉચ્ચારે તો એમાં પણ સજાની જોગવાઇ છે. મુંબઇ પોલીસ અધિનિયમ-૧૧૦ નીચે પણ સાર્વજનિક જગ્યાની પાસે અથવા ત્યાંથી જોઇ શકાય તે રીતે પોતાની જાતને જાણીબુઝીને નિર્લજ્જપણે ખુલ્લી મુકવા માટે દંડની જોગવાઇ છે. આ ઉપરાંત ધી ઈનડિસન્ટરી પ્રેઝન્ટેશન ઓફ વુમન એકટ ૧૯૮૬ ની કલમ-૩ અન્વયે સ્ત્રીને નિર્લજ્જપણે નિરૂપણ કરતી જાહેર ખબર ઉપર પણ પ્રતિબંધ મૂકાયેલ છે. એના ઉપરાંત આ જ એકટની કલમ-૪ અન્વયે સ્ત્રીને નિર્લજ્જપણે પ્રકાશનો ઉપર તથા ટપાલ દ્વારા મોકલવામાં આવતા પુસ્તકો, ચોપાનીયા આ બધા ઉપર પ્રતિબંધ મૂકાયેલ છે. છેલ્લા ૫ વર્ષમાં આ બધી જે કલમો છે. એની જોગવાઇનો ભંગ બદલ રાજયમાં કેસોની નોંધણી પણ થયેલ છે અને એને સંબંધિતો સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૯ માં આઇ.પી.સી. ની કલમ-૨૯૨ નીચે ૧૫૪, આઇ.પી.સી.ની કલમ-૨૯૩ નીચે ૨, આઇ.પી.સી.ની કલમ-૨૯૪ નીચે ૨૧ લોકોને એના સંબંધિતો સામે કાયદાકીય વ્યવસ્થા થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩ અને હમણાં માર્ચ ૨૦૧૪ સુધીમાં આઇ.પી.સી.ની કલમ.૨૯૨ નીચે ૬૩૯ જેટલા કેસો નોંધાયા છે. આઇ.પી.સી.ની કલમ.૨૯૩ નીચે ૧૨ જેટલા કેસો નોંધાયા છે. આઇ.પી.સી.ની કલમ.૨૯૪ નીચે ૧૧૦ જેટલા કેસો નોંધાયા છે. મુંબઇ પોલીસ અધિનયમ-૧૧૦ નીચે ૩૪૧૭ જેટલા અને અશ્લિલ સીડી સાહિત્યના વેચાણ માટે ૨૦૮ જેટલા ગુનાઓની નોંધણી થઇ છે. છેલ્લા પાંચ વર્ષમાં ઉપરોકત કલમોની જોગવાઇઓના ભંગ બદલ રાજયમાં નોંધાયેલ કેસ અને તેનો નિકાલ અને કેટલાક કેસોમાં સજા પણ થઇ છે, ત્યારે માનનીય ધારાસભ્યશ્રી પુનમભાઇ મકવાણાએ રજૂ કરેલ બિનસરકારી વિધેયકની મોટા ભાગની જોગવાઇઓ અંગે પ્રવર્તમાન કાયદામાં પૂરતી શિક્ષાત્મક જોગવાઇઓ કરવામાં આવેલી છે. જયારે સરકારશ્રી દ્વારા ઘટતા પગલાં લેવામાં આવતા હોય અને ગુજરાત રાજયમાં બીજા રાજયની સરખામણીમાં જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફસ અને પોસ્ટરોવાળી જાહેર ખબરો

નહીંવત હોઇ પ્રસ્તુત વિધેયક મુજબ કાયદો લાવવાની જરૂર જણાતી નથી, એટલા માટે આ સંજોગોમાં પ્રસ્તુત વિધેયક પરત ખેંચવા માટે હું માનનીય ધારાસભ્યશ્રી પુનમભાઇ મકવાણાને વિનંતી કરું છું.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે બિનસરકારી વિધેયક ગૃહ સમક્ષ મૂક્યું તેના સમર્થનમાં મારા સાથી ધારાસભ્યશ્રી કિશોરસિંહભાઇએ પોતાના વિચારો વ્યકત કર્યા અને માનનીય મંત્રીશ્રી રજનીભાઇ તરફથી ખૂબ વિસ્તૃત રાજય સરકાર આ વિષયમાં કેટલી ગંભીર છે તે બાબતે કલમો સહિત વાત કરી છે. આપણા તે સમયના મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ પણ આ વિષયમાં ખૂબ ચિંતિત હતા અને બધાને ખબર છે કે તે સમયે ત્રણ વર્ષ અગાઉ ગુટખા ઉપર પ્રતિબંધ મૂકીને સમગ્ર ગુજરાતની નારી જગતની લાગણી તે સમયે જીતવાનો પ્રયત્ન કરેલો. તેમનું આ પગલું ખૂબ સ્તુત્ય પગલું સમગ્ર ગુજરાતે એકી અવાજે વખાણેલ હતું. આજે રાજય સરકાર જયારે આ વિષયોને લઇને ખૂબ ગંભીર હોય ને આવા બનાવો બિલકુલ ન બને તે માટે ચિંતિત હોય ત્યારે આ વિષયમાં મારે વિશેષ કાંઇ કહેવાનું નથી. એટલે જ મારું આ બિન સરકારી વિધેયક છે તે બાબતમાં હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ ૭ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૭ સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બતાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક પાછું ખેચું છું.

ઉપાધ્યક્ષશ્રીઃ વિધેયક પાછું ખેંચવામાં આવે છે. નેકસ્ટ.

સચિવશ્રીઃ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૧૩ સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો(રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક – **માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૦૪ વાગ્યે પૂરું થતાં ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ શુક્રવાર તા.૪–૭–૨૦૧૪ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા,**
**શુક્રવાર, તા. ૪થી જુલાઇ, ૨૦૧૪**
**આષાઢ ૧૩, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઆઓમાં શિક્ષકોની ભરતી અંગે એન.ઓ.સી.

* ૯૯૭૨ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગેની એન.ઓ.સી. માટે કેટલી અરજીઓ આવેલ છે, અને

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે અને કેટલી પડતર છે?

**જવાબ**

(૧) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગેની એન.ઓ.સી. માટે આવેલ અરજીની સંખ્યા.

| ક્રમ | જિલ્લો | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦૯ | ૨૯ | ૩૮ |
| ૨ | સાબરકાંઠા | ૦૫ | ૧૨ | ૧૭ |
| | **કુલ–** | **૧૪** | **૪૧** | **૫૫** |

(૨) તમામ અરજીઓનો નિકાલ કરેલ છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં શિક્ષકોની ભરતી અંગેની એન.ઓ.સી.ની રજૂઆત કઇ કઇ તારીખે તારીખે મળી હતી? શિક્ષકોની જગ્યાઓ કઇ તારીખથી ખાલી હતી અને મળેલ તમામ અરજીઓની એન.ઓ.સી. કઇ તારીખે આપવામાં આવી અને કઇ તારીખે ભરતી કરવામાં આવી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, લિસ્ટ ખૂબ મોટું છે. જો આપની સહમતિ હોય તો હું વાંચી જાવ.

અધ્યક્ષશ્રી : લાંબુ નહીં, અડધી મિનિટમાં જવાબ અપાય તો આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તો આખું લિસ્ટ નહીં વંચાય જનરલ કહી દઉ.

અધ્યક્ષશ્રી : તો પછી ટેબલ ઉપર મૂકી દેજો લિસ્ટ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ ઉપર મૂકીશ.

અધ્યક્ષશ્રી : સારૂં ટેબલ ઉપર મૂકી દેજો પણ ટૂંકમાં તમે જવાબ તો આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જે ભાષાકીય અને ધાર્મિક લઘુમતિ શાળાઓ છે, એમાં ભરતી જે થતી હોય એ ભરતી સેન્ટ્રલી નહીં થતી હોવાથી એમાં શિક્ષણ વિભાગના ડી.ઇ.ઓ.ની એન.ઓ.સી. લેવામાં આવતી હોય છે અને એન.ઓ.સી. બનાસકાંઠા જિલ્લામાં જે દસ દિવસથી એક વર્ષ સુધીનો સમય લાગ્યો છે અને સાબરકાંઠા જિલ્લામાં છ દિવસથી બાર દિવસના સમયમાં એન.ઓ.સી. આપવામાં આવી છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં લાસ્ટ ઇયર ભરતી બોર્ડ બનાવવામાં આવ્યું તે પહેલા છેલ્લા કેટલા સમયથી ભરતી ન કરવાના કારણે,

એન.ઓ.સી. ન આપવાને કારણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છોકરાઓનું શિક્ષણ બગડયું છે એવી કેટલી સ્કૂલો સાબરકાંઠામાં અને બનાસકાંઠામાં છે?

અધ્યક્ષશ્રી : ભાઇશ્રી જોષીયારા, પેલાને વાત ના કરો, આને લગતું કંઇ હોય તો કહો.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સમયથી શિક્ષકોની ભરતી કરવા માટે એન.ઓ.સી. ન આપવામાં આવ્યું, એન.ઓ.સી. ના લીધે છોકરાઓને શિક્ષકો ના મળી શકયા.

અધ્યક્ષશ્રી : એનું કારણ શું હતું? પહેલા ભરતી માટે પરવાનગી નહોતી આપી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે એન.ઓ.સી.નો પ્રશ્ન છે એ માત્ર ધાર્મિક અને ભાષાકીય લઘુમતિવાળી શાળાઓ માટેનો જ છે. આ જનરલ પ્રશ્ન નથી. એટલે એન.ઓ.સી.નો જેને પ્રશ્ન આવતો હોય એનો જ આ પ્રશ્ન છે. એટલે જેમ જેટલું મહેકમ મંજૂર થયેલું હોય અને એ શાળાઓએ જે શિક્ષકોની ભરતી કરી હોય એની એન.ઓ.સી. માટે જ અહીં આવે છે એટલે અહીં મારી પાસે જે જવાબ છે એ એ એન.ઓ.સી.નો છે. જો જનરલ માહિતીની જરૂર હોય તો સભ્યશ્રી બીજો પ્રશ્ન પૂછી શકે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રશ્નમાં જે ધાર્મિક કે એવું કંઇ લખ્યું નથી.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એન.ઓ.સી.નો છે. સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં સવાલ એન.ઓ.સી.નો છે અને એન.ઓ.સી. લેવાનું માત્ર ભાષાકીય અને ધાર્મિક લઘુમતિઓમાં જ આવે છે. સામાન્ય શાળાઓમાં એન.ઓ.સી. લેવામાં આવતી નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે હમણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહેલું કે ગુજરાતને કેરાલા સાથે શિક્ષણના પ્રશ્ને સરખાવવું છે તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં જે ભરતી થતી નથી એના કારણે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં કેટલી જગ્યાઓ ખાલી છે. કારણ કે હાલ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજીમાં ધો.૧ થી ૭માં પણ શિક્ષકોની જગ્યા ત્યાં આગળ ખાલી છે અને માધ્યમિક વિભાગમાં કેટલી જગ્યાઓ ખાલી છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી **:** આમાં એન.ઓ.સી.ની જરૂર છે એટલા પૂરતો મર્યાદિત છે. તમે તમામ માટે પૂછો છો. આ સવાલ ધાર્મિક શાળાઓ જેને એન.ઓ.સી. લેવી પડે એના પૂરતો મર્યાદિત છે અને એન.ઓ.સી. ધાર્મિક શાળાઓમાં લેવી પડે. બીજામાં સરકારના નિયમો પ્રમાણે ભરતી કરવાની થાય છે. આના પૂરતું કેટલા વિજ્ઞાનના અને બીજા શિક્ષકો ભરવાના બાકી છે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** મેં મારા પહેલા પ્રશ્નના જવાબમાં જ જણાવ્યું છે. એ જ જવાબ આમાં પણ હોઇ શકે. કારણ કે આ જનરલ પ્રશ્ન નથી અને ભરતીનો પણ પ્રશ્ન નથી. પ્રશ્ન માત્ર એન.ઓ.સી. પૂરતો મર્યાદિત છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ **:** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ એન.ઓ.સી.ની લઘુમતિ અને મિશનરી સંસ્થાઓમાં શિક્ષકોની ભરતી કરવા માટે શું પદ્ધતિ છે અને આ ભરતી બોર્ડ ક્યારે અસ્તિત્વમાં આવ્યું? અગાઉના સમયથી ઘણા વિષયના શિક્ષકોની એન.ઓ.સી. મળી નથી. આવી સંસ્થાઓમાં શિક્ષણમાં ઘણી મુશ્કેલી પડે છે તો આ મિશનરી અને લઘુમતિ સંસ્થાની ભરતી પ્રક્રિયા શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** એન.ઓ.સી. ન અપાઇ હોય એવો એક પણ કિસ્સો અમારી પાસે બાકી નથી.

શ્રી અમિત અ. ચાવડા **:** બધા સભ્યોની લાગણી એક જ છે કે અનેક જગ્યાઓ ખાલી છે. આમાં ધાર્મિક લઘુમતિની વાત છે એટલા પૂરતી એન.ઓ.સી.ની વાત છે. બધાની લાગણી છે કે રાજ્ય સરકારે ભરતી બોર્ડ દ્વારા ભરતી કરવાની છે. છેલ્લા પાંચ વર્ષમાં ભરતી ન થવાના કારણે આખા ગુજરાતમાં શિક્ષણ ખૂબ કથળી ગયું છે. આ ભરતી બોર્ડ દ્વારા ખાલી જગ્યા ભરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** આ પ્રશ્ન સાથે સુસંગત નથી.

અધ્યક્ષશ્રી **:** જનરલ જે જગ્યાઓ ખાલી છે એ તમે ભરવા માગો છો કે કેમ? ખાલી રાખવાની છે કે ભરવાની છે એટલો જ પ્રશ્ન છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** ભરવાની પ્રક્રિયા ચાલુ છે અને સમયાંતરે આ બધી જગ્યાઓ ભરાશે.

શ્રી અશ્વિન કોટવાલ **:** આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ટ્રાયબલ વિસ્તારની હાઇસ્કૂલો ચાલે છે, સરકાર દ્વારા જે હાઇસ્કૂલો ચલાવવામાં આવે છે તેમાં શિક્ષકોની ભરતી કરતા નથી અને ભરતી કરે છે તે કેવા શિક્ષકોની એ વિષય કહેવા માગું છું. ભરતી કરવા માટેનો પ્રશ્ન છે. ટ્રાયબલ વિસ્તારમાં હાઇસ્કૂલોના મકાનો નથી. બાળકો ઝાડ નીચે બેસે છે અને પૂરતા શિક્ષકો નથી. હું પૂછવા માગું છું કે આદિવાસી વિસ્તારમાં બાળકોને શિક્ષણ આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી **:** નહીં, એન.ઓ.સી.ને લગતો પ્રશ્ન હોય તો આપ પૂછો.

શ્રી અશ્વિન કોટવાલ **:** જે શિક્ષકોની જગ્યા ખાલી છે ત્યાં એન.ઓ.સી. આપીને શિક્ષકો ભરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી **:** આદિવાસી વિસ્તાર છે એમાં એન.ઓ.સી. આપવાની કોઇ બાકી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી **:** મેં બહુ સ્વયંસ્પષ્ટ વાત કરી છે કે સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જેટલી એન.ઓ.સી.ની અરજીઓ આવી છે એ ટ્રાયબલ હોય કે નોન ટ્રાયબલ એરિયા હોય એ તમામ આવેલ અરજીઓની એન.ઓ.સી. આપી દેવામાં આવેલ છે.

શ્રી અશ્વિન કોટવાલ **:** આમાં એન.ઓ.સી. આપવાની નથી.

અધ્યક્ષશ્રી **:** મેં ત્રણ વાર કહ્યું કે જ્યાં એન.ઓ.સી. આપવાનો સવાલ છે એ જ પ્રશ્ન પૂછો. એન.ઓ.સી. વગરની શાળામાં પણ આ પ્રશ્ન પૂછી ગયા કે જનરલ શાળામાં પણ તમે કરવા માગો છો કે કેમ એનો જવાબ અપાઇ ગયો. મેં આપને કહ્યું કે, એન.ઓ.સી.નું હોય તો પૂછો, છતાંય તમે જનરલ પૂછો છો. એ જનરલનો જવાબ આપ્યો, અમે બનતી ત્વરાએ એમાં ભરતી કરીશું, એણે આપી દીધો જવાબ, આપને ખ્યાલ નહીં હોય.

**નર્મદા જિલ્લામાં ઇકોટુરીઝમના વિકાસ માટેની યોજના**

* ૮૪૫૧ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ઇકોટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લામાં ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) નર્મદા વન વિભાગ હેઠળ સગાઈ–સામોટ, ઝરવાણી, વિસલખાડી, દેવમોગરા તથા જૂનારાજ સ્થળો પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) સને ૨૦૧૨–૧૩ માં રૂા.૧૩.૬૮ લાખ તથા ૨૦૧૩–૧૪ માં રૂા.૪૬.૮૫ લાખ. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં સરદાર સરોવર અને કરજણ ડેમ, એમ બે મોટા ડેમ છે અને કુદરતી સૌંદર્યથી ભરપૂર ડુંગરાળ પ્રદેશ છે. એમાં લાખોની સંખ્યામાં પ્રવાસીઓ આ ઇકો–ટુરિઝમ જે સરકારે બનાવ્યો છે તે જોવા માટે આવે છે, ત્યારે મારો પ્રશ્ન એ છે કે, ઇકો–ટુરિઝમ એટલે શું અને નર્મદા જિલ્લામાં ઇકો–ટુરિઝમના સ્થળોની વિશેષતા શું છે?

અધ્યક્ષશ્રી : આ તમે ઇકો–ટુરિઝમનો પ્રશ્ન પૂછો છો અને હવે તમે જ પાછા પૂછો છો કે આ શું છે ? ડિટેઇલમાં નહીં, ટૂંકમાં જવાબ આપો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા: માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં ઇકો–ટુરિઝમનો જે સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, ઇકો–ટુરિઝમ એટલે શું? ઇકો–ટુરિઝમ એટલે જવાબદારી પૂર્વક પ્રવાસન કે જેના દ્વારા પ્રવાસીઓની કુદરત પ્રત્યે જરૂરી સમજ અને સંવેદનશીલતા વધે અને લાંબાગાળે પર્યાવરણનું રક્ષણ થાય અને સાથે સાથે સ્થાનિક લોકોની પણ આર્થિક પરિસ્થિતિ સુધરે અને એના માટે રાજ્ય સરકારે નર્મદા

જિલ્લામાં પાંચ સ્થળોએ ઇકોટુરિઝમ તરીકે જાહેર કરેલા છે.

અધ્યક્ષશ્રી : બસ, બસ એ આવી ગયું આમાં.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, નર્મદા જિલ્લામાં જે ઇકો–ટુરિઝમ સ્થળ આવેલ છે, તો આ સ્થળોની છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી અને એનું સંચાલન જે ઇકો–ટુરિઝમની જે કમિટી છે, ઇકો–ડેવલપમેન્ટની તો એ કમિટીઓને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઇ ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં પાંચ ઇકો–ટુરિઝમના જે સ્થળો છે એમાં સગાઇ–માલસામોટમાં છેલ્લા બે વર્ષમાં પ્રવાસીઓની સંખ્યા ૨૪,૪૪૦ અને ત્યાં આવક થઇ ૧૫,૨૪,૦૦૦/-. વિસાલખાડીમાં ૨૯,૯૧૯ પ્રવાસીઓ આવ્યા અને ત્યાં આવક થઇ ૧૨,૧૬,૦૦૦/-. ઝરવાણીમાં ૨૯,૪૦૦ લોકો આવ્યા અને ૬,૭૭,૦૦૦/-ની આવક થઇ, જૂનારાજમાં ૮૭૩ લોકો આવ્યા અને ત્યાં ૩૮,૦૦૦/-ની આવક થઇ. આમ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૪,૬૩૨ પ્રવાસીઓ આવ્યા અને ૩૪,૫૫,૦૦૦/-ની આવક થઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઇકો–ટુરિઝમ એટલે પર્યાવરણને નુકસાન ન થાય એ રીતે આપણી કુદરતી સંપત્તિને લોકો સમક્ષ લઇ જવી ત્યારે મારો સવાલ એ છે કે, જે આરક્ષિત જંગલો છે, જે સેન્ચ્યુરી છે એ વિસ્તારથી પાંચ કિલોમિટર સુધી અન્ય કોઇ પરમિશનો આપી શકાતી નથી, બાંધકામની, હોટલની કે બીજી એટલે માનનીય અધ્યક્ષશ્રી, આનાથી આપણો વિકાસ રૂંધાયા છે.

અધ્યક્ષશ્રી : જનરલ નહીં, નર્મદા માટેનું પૂછો, જનરલ સવાલ નથી, એ વિસ્તારનું પૂછો.

શ્રી પરેશ ધાનાણી : આ ઇકો–ટુરિઝમ પોલિસીથી રાજ્યને પણ મોટો ફાયદો થાય એવો છે એટલે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણી પાસે જે કુદરતી સૌંદર્ય ધરાવતા સ્થળો છે ત્યાં આ વન ખાતાના જે નિયંત્રણો છે એ નિયંત્રણોમાંથી મુક્તિ આપવા માગો છો કે કેમ ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે, અભ્યારણ વિસ્તારમાં..

અધ્યક્ષશ્રી : તમે ફટાફટ જવાબ આપો, આમાં શું છે કે, ધીમી ગતિના સમાચાર જેવું થઇ જાય છે તમારી પાસે. તમે કહી દો કે, દેવા માગો છે કે નહીં ? હા કે ના.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રશ્ન પૂછે તેનો જવાબ આપવાનો મંત્રીશ્રીને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : પણ એ પ્રશ્નનું રીપીટિશન નહીં કરવાનું, સીધો જવાબ આપો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : અભ્યારણ્યમાં આપણે કોઇ રહેવાની વ્યવસ્થા કરતા નથી. ત્યાં માત્ર પરમિશન લઇને અંદર ટૂંકા સમય માટે ફરવાની પરમિશન આપવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪નો જે ખર્ચ બતાવ્યો છે તો એનું બજેટ કેટલું હતું અને કેટલા ટકા વપરાયા?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરીઝમમાં કોઇ ચોકકસ બજેટ હોતું નથી પણ એમાં જયાં જયાં રકમ આપી છે ત્યાં ત્યાં કઇ બાબતમાં ખર્ચ કરવામાં આવ્યો એની માહિતી આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : કયા હેડમાંથી ફાળવવામાં આવે છે. હોય તો ભલે ન હોય તો કાંઇ નહીં.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : જેટલા પૈસા ફાળવાયા હતા એ તમામનો ખર્ચ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ ૪......

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : * (xxxxxx) હું આપના અધિકારનું રક્ષણ કરું છું. પ્રશ્નોત્તરી પૂરી થાય પછી આપ ચોકકસ કહેજો આપણે એના માટે આપને સાંભળશું. (અંતરાય) જે કાંઇ ચર્ચા કરવી હોય એ આ પ્રશ્નોત્તરી સમય પતી જાય પછી મને કહેજો હું આપને સાંભળીશ. પ્રશ્નોત્તરી દરમિયાન તો નહીં જ. કોઇને નહીં. આ પક્ષ હોય કે આ પક્ષ હોય. નહીં, પ્રશ્નોત્તરી દરમિયાન કાંઇ નહીં અને આ જે કાંઇ કાર્યવાહી હોય એ બધી રેકર્ડ ઉપરથી રદ કરવામાં આવે. કોઇ સવાલ જ નથી શંકરસિંહભાઇ. હું આપને કહું છું. પ્રશ્નોત્તરી દરમ્યાન આટલા વર્ષોથી, પ્રશ્નોત્તરી દરમ્યાન કોઇ સવાલ ઊભો થાય જ નહિ. પ્રશ્નોત્તરી પતી જાય પછી જ કરવો જોઇએ.(અંતરાય)

( આ તબક્કે સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા તેમજ સભ્યશ્રી ડો. તેજશ્રીબેન પટેલ વેલમાં બેસી જતા અને સૂત્રોચ્ચાર કરતા )

અધ્યક્ષશ્રી : બહેનશ્રી, આપની જગ્યાએ બેસી જાઓ. આપની જગ્યાએ બેસી જાઓ. રોજેરોજ આ કરવું છે તમારે? તમે અહીં બેસો નહિ. તમે તમારી જગ્યાએ બેસી જાઓ. અને તમામ સભ્યશ્રીઓ બેસી જાઓ. કોઇ સવાલ જ નથી. આ વિધાનસભા નિયમો પ્રમાણે ચાલે. તમે કહો તે પ્રમાણે ન ચાલે. આ ચર્ચા કરવી હોય તો મોકો આપીશ. બેસવું હોય તો બેસો.

( આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા )

( વિરોધ પક્ષના સભ્યશ્રીઓ પોતાની જગ્યાએ ઊભા થઇ જતા )

અધ્યક્ષશ્રી : માનનીય ઊભા રહેલા તમામ સભ્યોને વિનંતી કે આપ વિધાનસભાનું કામ ચલાવવા દો. આપ આપની જગ્યાએ બેસી જાઓ. (અંતરાય) કોઇ સવાલ નથી. આપ આપની જગ્યાએ બેસો. લેડીસ કોન્સ્ટેબલ લો અને આ બંને બહેનોને આજે એક દિવસ માટે થઇને સસ્પેન્ડ કરવામાં આવે છે. રોજની આદત પડી ગઇ છે. ગઇ કાલે બેઠા હતા. આજે બેઠા. તેમને બહાર લઇ લો.

( આ તબક્કે વેલની અંદર વિરોધ પક્ષના અમુક સભ્યશ્રીઓ આવતા) (સભ્યશ્રી ધીરૂભાઇ ભીલ, શ્રી અશ્વિનભાઇ કોટવાલ, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી છનાભાઇ ચૌધરી, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી વજેસિંહ પણદા, શ્રી ગેંદાલભાઇ ડામોર, શ્રી પુનાભાઇ ગામીત, ડો. અનિલ જોષીયારા, શ્રી આનંદ ચૌધરી, શ્રી મોહનસિંહ રાઠવા વેલમાં ધસી આવતા )

અધ્યક્ષશ્રી : વેલની અંદર જેટલા સભ્યશ્રીઓ આવ્યા છે તે તમામને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. એમને બહાર કાઢો.

( આ તબક્કે વેલની અંદર આવેલા સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા ટીંગાટોળી કરી બહાર લઇ જવામાં આવતા )

અધ્યક્ષશ્રી : ટીંગાટોળી કરો નહિ. સીધા ઉપાડો. હાથ પકડીને ઊંચા કરો. તેમને તેડી લો. બાકીના તમામ સભ્યોને વિનંતી કે આપની જગ્યાએ બેસી જાઓ.(અંતરાય) આ તમામ જેટલા પોતાના સ્થાને ઊભા છે, વેલમાં છે, એમને એક દિવસ માટે સસ્પેન્ડ. આપના સ્થાન ઉપર બેસી જાઓ. આ રોજનું થયું છે. આ કૃત્ય યોગ્ય નથી. વિધાનસભાના નિયમ પ્રમાણે કાર્યવાહી તમે થવા દો. કોઇ સવાલ નથી. હું છેલ્લી વાર વોર્નિંગ આપું છું કે આપ આપની જગ્યાએ બેસી જાઓ. જો વોર્નિંગ છતા ન બેસવું હોય તો સભ્યશ્રી શક્તિસિંહ અને વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સિવાય બાકીના તમામ સભ્યોને એક દિવસ માટે થઇને સસ્પેન્ડ કરવામાં આવે છે. કંઇ નથી. બહાર કાઢો. કોઇ સવાલ નથી. આપણે એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે. શક્તિસિંહ અને શંકરસિંહ બેઠા છે, તે સિવાય બાકીના બધા લોકો બહાર નીકળે. એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. નહીં કોઇ સવાલ જ નથી. આ કોઇ પદ્ધતિ જ યોગ્ય નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આમ આમ કરો નહીં. નહીંતર પછી આખા..(અંતરાય) આના માટે તમારે કહેવું જોઇએ. મેં તો એક દિવસ કહ્યું,તમે કાયમ માટે કહી શકો ને? એક મિનિટ. બેસો હવે. ભવિષ્યમાં ધ્યાન રાખજો. એક મિનિટ.

**(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહની બહાર નીકળી ગયા.)**

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇએ આપની સામે..

અધ્યક્ષશ્રી : હવે નહીં. અત્યારે જવા દો. ભવિષ્યમાં ખ્યાલ રાખજો.

**ગીર–જૂનાગઢ જિલ્લામાં ઇકોટુરીઝમના વિકાસ માટેની યોજના**

* ૮૪૪૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ગીર–જૂનાગઢ જિલ્લામાં ઇકોટુરિઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) વન્યપ્રાણી વિભાગ, સાસણ–ગીર હેઠળ ગીર અભયારણ્ય તથા ગીર પરિચય ખંડ, દેવળીયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન તરફથી ફાળવેલ ગ્રાન્ટમાંથી રૂા.૬,૫૧,૧૨,૬૩૯/- રાષ્ટ્રિય ઉદ્યાનો અને અભયારણ્યોની વ્યવસ્થા અને વિકાસ યોજના હેઠળ રૂા.૪૫,૦૨,૭૪૮/- નો ખર્ચ થયેલ છે. |

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગીર–જૂનાગઢ જિલ્લામાં ઇકોટુરીઝનમના વિકાસ માટે મારે સ્પષ્ટતા એ કરવી છે કે આ ઇકો ટુરિઝમ સામાન્ય પ્રવાસથી કંઇ રીતે જુદો પડે છે? તેમાં રહેઠાણ બનાવવાની કઇ જોગવાઇ છે અને ઇકો ટુરિઝમ સ્થળના વિકાસમાં મુખ્યત્વે કઇ કઇ સુવિધાને વિકાસ કરવાની બાબતમાં ધ્યાનમાં લેવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરિઝમ એ કુદરતે આપેલી જે સંપત્તિ છે તે પ્રત્યે અવેરનેસ કેળવાય, તે સંપત્તિની જાળવણી થાય..

અધ્યક્ષશ્રી : માનનીય ગોવિંદભાઇ, ઇકો ટુરિઝમ શું છે, તેની વ્યાખ્યા માનનીય ગણપતભાઇએ આપી દીધી છે. તમે બાકીના સવાલનો જવાબ આપો.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરિઝમ એટલા માટે જુદું પડે છે કે એમાં અવેરનેસ કેળવાય, તેની જાળવણી થાય અને ત્યાં રહેઠાણની વ્યવસ્થા માટે જે જંગલ વિસ્તારની બહારનો વિસ્તાર કે જે આરક્ષિત વિસ્તાર ન હોય ત્યાં તંબૂ નાંખીને રહેવા માટેની સગવડતાઓ આપવામાં આવે છે. તેના અંગેનું તેમને માર્ગદર્શન આપવામાં આવે છે. રહેઠાણની વ્યવસ્થા માટે જંગલ વિસ્તારના જે કોટેજ છે તે કોટેજ અધિકારીઓ વાપરતા ન હોય તો તેમાં પ્રવાસીઓને રહેવા માટેની સુવિધા આપવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે, ગીર પ્રવાસીઓની સુવિધા માટે અને પર્યાવરણ પ્રવાસની જાગૃતિ કેળવવા માટે રાજય સરકાર શું આયોજન કરે છે? સાસણ ગીરમાં દેવળીયા પાર્ક અને અભ્યારણ્ય વિસ્તારમાં આવતા પ્રવાસીઓના ઘસારાને પહોંચી વળવા સરકારનું શું આયોજન છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીરના પ્રવાસીઓની સુવિધા માટે દેવળીયા પાર્કમાં કે જયાં પ્રવાસીઓના ઘસારો છેલ્લા બે વર્ષથી વધી ગયો છે અને ત્યાં વધારાનું ભારણ ન થાય તેટલા માટે જુદી રીતે ટ્રીટ કરવામાં આવે છે. તેમાં તુલશીશ્યામ જસાધાર પ્રવાસન સંકુલનો વિકાસ, તુલશીશ્યામ ઇન્ટરપ્રિટેશન સેન્ટરનો વિકાસ, ગીરમાં આવતા પ્રવાસીઓના ઘસારાને પહોંચી વળવા વિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં અમરેલી મુકામે એક અભયારણ્યનો વિકાસ કરવામાં આવ્યો છે કે જેથી ત્યાં પ્રવાસીઓ જઇ શકે. ચિંતલકુવા ખાતે ઇન્ટરપ્રિટેશન સેન્ટરનો વિકાસ અને તુલશીશ્યામ જસાધાર ઉપરાંત ધાર્મિક પ્રવાસન સ્થળો જેવા કે દિવ, ઉના, દેલવાડામાં પણ પ્રવાસીઓ જઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઇકો ટુરિઝમમાં સ્થાનિક ગામના લોકોને કેવી રીતે ફાયદો થાય છે અને ઇકો ટુરિઝમ દ્વારા સ્થાનિક લોકો કેવી રીતે જોડાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરિઝમની એક સોસાયટી બનાવવામાં આવે છે અને જયાં ગીર

અભ્યારણ અને આરક્ષિત ન હોય એવા વિસ્તારમાં ગામડાની એક સમિતિ બનાવવામાં આવે છે અને સમિતિની અંદર જે તે વિસ્તારના ફોરેસ્ટર એના સભ્ય સચિવ તરીકે કામગીરી કરતા હોય છે અને જે તે વિસ્તારની સંસ્કૃતિના દર્શન થાય, આવનારા પ્રવાસીઓ એનો લાભ લે એના માટેની વ્યવસ્થા કરે છે, જેમ કે ગીરમાં ધમાલ નૃત્ય સીદીભાઇઓનું છે એ નૃત્ય બતાવીને એના દ્વારા એની આવક થાય છે અને બાકીના લોકો જે પ્રવાસીઓ આવે છે એ ગીરમાં જ્યા એને કોઇ બીજી વ્યવસ્થા ન હોય ત્યારે એને ઉતારાની વ્યવસ્થા, ખાવાની વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા કરી એની પૂરક આવક અને રોજીમાં પણ વધારો થાય છે.

**રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં આપવામાં આવેલ ચુકાદા**

* ૮૪૨૩ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧-૧૨-૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા ચૂકાદા આપવામાં આવેલ છે? | મુખ્ય ફોરમ | એડીશનલ ફોરમ | કુલ |
| | ૩૫૦ | ૧૯૦ | ૫૪૦ |

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ગ્રાહક નિવારણ ફોરમમાં રાજકોટ જિલ્લામાં બે વર્ષમાં મુખ્ય ફોરમમાં કેટલા કેસો આવ્યા તેમજ કેટલા કેસોનો નિકાલ થયો? તે ઉપરાંત એડિશનલ ફોરમ અને રાજય કક્ષાએ કમિશનમાં કેટલા કેસો દાખલ થયા, કેટલા કેસોનો નિકાલ થયો, અને કેટલા કેસો પડતર છે? તેમજ જે પડતર કેસો છે એનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રીઃ માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે, એમાં રાજકોટ જિલ્લાના મુખ્ય ફોરમમાં વર્ષ ૨૦૧૨માં જે શરૂઆતના કેસો છે એમાં પેન્ડીંગ કેસો છે એ ૧૦૬ છે, દાખલ થયેલા કેસો ૨૪૧ છે, ૨૮૪ કેસો નિકાલ થયેલા છે અને વર્ષને અંતે ૪૮ પેન્ડીંગ રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં ૪૮ શરૂઆતના પેન્ડીંગ છે, દાખલ થયેલા ૩૯૮ છે અને ૩૫૦ કેસોનો નિકાલ થયો છે અને ૯૬ કેસો પેન્ડીંગ છે. રાજકોટના એડિશનલ ફોરમની અંદર વર્ષ ૨૦૧૨ના ૪૭ કેસો શરૂઆતના પેન્ડીંગ છે, દાખલ થયેલા ૧૩૮ છે નિકાલ થયેલા ૧૩૩ છે અને વર્ષના અંતે ૬૫ પેન્ડીંગ છે. ૨૦૧૩માં ૬૫ કેસો પેન્ડીંગ છે શરૂઆતના અને દાખલ થયેલા ૨૨૮ છે જ્યારે નિકાલ થયેલા ૧૯૦ અને ૧૦૩ કેસો વર્ષના અંતે પેન્ડીંગ છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આમાં કેસો કઇ રીતે દાખલ કરવામાં આવે છે, અને જે કેસો બાકી છે એ ક્યા હેતુથી બાકી છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રીઃ આ કેસો દાખલ કરવા માટે કોઇ મેડિકલ ઇન્સ્યોરન્સ કંપની હોય, કોઇ ફાયનાન્સ કંપની હોય, કોઇ બેન્કીંગ કંપની હોય, ગુજરાત વિદ્યુત બોર્ડની સેવાઓમાં કોઇ ખામી હોય અથવા ગ્રાહકને કોઇપણ નાણાકીય નુકસાન થતું હોય એવા કોઇપણ કેસો આ ફોરમ અને કમિશનમાં દાખલ કરવામાં આવે છે અને આ પડતર કેસોને જેમ કોર્ટમાં તબક્કાવાર આપણે સાંભળીએ છીએ એ પ્રમાણે આ કેસોનો નિકાલ થાય છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જિલ્લા ફોરમના પ્રમુખની તથા સભ્યની નિમણૂકની પદ્ધતિ શું છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરમની અંદર ત્રણ સભ્યોની નિમણૂક થાય છે એમાં ફોરમના પ્રમુખ મુખ્ય હોય છે અને બે સભ્યો હોય છે. પ્રમુખ હોય છે એ જિલ્લા ન્યાયધીશ અથવા રહી ચૂકેલા હોય એવા નિવૃત્ત જજ પણ રહી શકે છે અથવા તો એને લાયક કોઇ ન્યાયધીશ હોય તો એની પણ એમાં નિમણૂક થાય છે. બે સભ્યો છે એમાં એક સભ્ય મહિલા ફરજિયાત છે અને એક પુરુષની નિમણૂક થાય છે. તેઓની ૩૫ વર્ષથી ઉંમર ઓછી હોવી જોઇએ, તેઓ સ્નાતક હોવા જોઇએ અને વાણિજ્ય અર્થશાસ્ત્ર કાયદાનો દસ વર્ષનો અનુભવ હોય તેવા લોકોની નિમણૂક થાય છે અને આ રાજયના પ્રમુખ માટેની ત્રણ

સભ્યોની સમિતિ બની છે એમાં કમિશનના પ્રમુખશ્રી એના અધ્યક્ષ હોય છે, કાયદા વિભાગના સચિવ અને નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ આમ ત્રણ મળીને આની પસંદગી કરતા હોય છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાઓમાં કેટલી જગ્યા ભરાયેલી છે અને કેટલી ખાલી છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર દસ સભ્યોની જગ્યા ખાલી છે અને પાંચ પ્રમુખોની જગ્યા ખાલી છે. અને આ કમિશન જે આ જગ્યાઓ ખાલી છે તે પૈકી મે ૨૦૧૪ની અંદર અરજીઓ મંગાવીને એ ઉમેદવારના ઇન્ટર્વ્યું પણ થઇ ગયા છે અને સરકારશ્રીમાં એની નિમણકની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

**કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

* ૮૪૫૪ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં લખપત અને રાપર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના લખપત અને રાપર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કુલ–૦.૮૩ લાખ રોપાનું વાવેતર નીચેની વિગતે કરેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | લખપત | ૦.૩૯ |
| ૨ | ૨૦૧૩–૧૪ | રાપર | ૦.૪૪ |
| | | **કુલઃ** | **૦.૮૩** |

(૨) તેની પાછળ કુલ રૂ.૩૨.૭૮ લાખનો ખર્ચ નીચેની વિગતે કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | વાવેતર પાછળ થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | લખપત | ૧૨.૮૮ |
| ૨ | ૨૦૧૩–૧૪ | રાપર | ૧૯.૯૦ |
| | | **કુલઃ** | **૩૨.૭૮** |

શ્રી પંકજભાઇ મહેતાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા જંગલની બહાર જંગલોની વૃક્ષની ગણતરી કરવાનો કાર્યક્રમ ક્યારથી શરૂ કરવામાં આવ્યો અને વૃક્ષના વાવેતર દ્વારા વૃક્ષોની સંખ્યામાં કોઇ વધારો થયો છે કે નહિ?

શ્રી ગોવિંદભાઇ પટેલ **:** જંગલની બહારના વિસ્તારમાં વૃક્ષોની ગણતરીની શરૂઆત સને ૨૦૦૩થી કરવામાં આવી, દર પાંચ વરસે ગણતરી કરવામાં આવે છે, ૨૦૦૩ની સાલમાં જ્યારે ગણતરી કરી ત્યારે ૨૫ કરોડ અને ૧૦ લાખ વૃક્ષો હતા, ૨૦૦૮ની સાલમાં ૨૬ કરોડ ૯૦ વૃક્ષો હતા અને ૨૦૧૩ની સાલમાં ૩૦ કરોડ ૧૪ લાખ વૃક્ષો હતા, આમ જે ઢોર ચરી જાય, સૂકાઇ જાય, પાણીના અભાવે સૂકાઇ જાય તો પણ એવરેજ ૧૯.૨૦ ટકા જેટલો વૃક્ષોમાં વૃદ્ધિનો દર થયો છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર **:** કચ્છ જિલ્લામાં ૨૦૧૪–૧૫ના ૬૫માં વન મહોત્સવ અંતર્ગત રોપા ઉછેરવામાં આવ્યા એમાં વન મહોત્સવ અંતર્ગત વૃક્ષો ઉછેરવામાં કેટલો ખર્ચો કરવામાં આવ્યો અને આમાં ચેરના રોપાઓનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ **:** કચ્છ જિલ્લામાં વરસ ૨૦૧૪–૧૫માં ૬૫માં વન મહોત્સવ અંતર્ગત ખાતાકીય એટલે કે વન ખાતા દ્વારા ઉછેરેલા રોપા ૨૧.૩૦ લાખ અને થયેલ ખર્ચ ૭૯.૬૦ લાખ, વિકેન્દ્રીત

આયોજન દ્વારા ૨.૫૦ લાખ અને થયેલ ખર્ચ ૩.૫૩ લાખ, મનરેગા યોજના નીચે ૧.૫૦ લાખ અને એનો ખર્ચ ૩.૪૧ લાખ આમ કુલ ૨૫.૩૦ લાખ રોપાઓ અને થયેલ ખર્ચ ૮૬.૫૪ લાખ છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી **:** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણની કામગીરીમાં ૮૩ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સામાજિક વનીકરણ, વૃક્ષ ઉછેરની માવજત અને પર્યાવરણની જાગૃતિ અને જાળવણી માટે જે લોકો સારી કામગીરી કરે છે એના માટે કોઇ પુરસ્કારની યોજના છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, બે પ્રકારના એવોર્ડની વ્યવસ્થા છે, એક કેન્દ્રીય પુરસ્કૃત છે, "ઇન્દિરા પ્રિયદર્શિની વૃક્ષમિત્ર એવોર્ડ" જેમાં ચાર કક્ષામાં આપવામાં આવે છે. એક વ્યક્તિગત ૨૫ લાખ રૂપિયા અને ચંદ્રક અને સરકારી સંસ્થાઓ અને સહભાગી વન વ્યવસ્થા કમિટી અને બિન સરકારી સંસ્થાઓ, અત્યાર સુધીમાં કુલ ૨૦ એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત થયા છે. પછી મહાવૃક્ષ જે વૃક્ષના થડની જાડાઇ વધુ હોય એમાં વધુમાં વધુ ૨૫૦૦૦ રૂપિયા પુરસ્કૃત કરવામાં આવે છે, પછી "જિલ્લે કી સબ સે હરી પંચાયત" એના માટે એક લાખ રૂપિયાના એવોર્ડની જોગવાઇ છે, ઇન્દિરા ગાંધી પર્યાવરણ પુરસ્કાર, પર્યાવરણ રક્ષણ તેમજ જાગૃતિ લાવવામાં સારી કામગીરી કોઇ સંસ્થાએ કરી હોય તો એને એક લાખ રૂપિયા, ગુજરાત સરકાર દ્વારા વન પંડિત પુરસ્કાર, વૃક્ષ ઉછેર દ્વારા પર્યાવરણની જાળવણીમાં ઉલ્લેખનીય કામગીરી કરનાર વ્યક્તિને ૫૦૦૦૦ રૂપિયા પહેલું ઇનામ, બીજું ઇનામ ૨૫,૦૦૦ અને ત્રીજું ઇનામ ૧૦૦૦૦, વૃક્ષ ઉછેર માટે લોક જાગૃતિ યોજના જે કરતાં હોય અને એનો પ્રચાર, પ્રસાર કરતા હોય એવા લોકોને પહેલું ઇનામ ૫૦૦ રૂપિયા બીજું ૨૫૦ અને ત્રીજું ૧૦૦ રૂપિયા, વૃક્ષ ઉછેર માટે લોક જાગૃતિ યોજના એ જિલ્લા કક્ષાની હોય છે એમાં પહેલું ઇનામ ૧૦૦૦ રૂપિયા, બીજું ૭૫૦ અને ત્રીજું ૫૦૦ રૂપિયા. આ રીતે ઇનામની જોગવાઇ કરવામાં આવેલ છે.

ડો. નીમાબેન બી. આચાર્ય **:** માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં જે રીતે આપણા પૂર્વ મુખ્યમંત્રી કે જેઓ આજે દેશના વડાપ્રધાન બની ગયા છે, એમણે કચ્છને જે રીતે વહાલું કર્યું, છેલ્લાં દસ વરસમાં એમણે ૮૭ વાર કચ્છની મુલાકાત લીધી. છેલ્લા દસ વર્ષમાં, હું મારો અવાજ કહું છું કે કચ્છમાં જે રીતે આપણાં પૂર્વ મુખ્યમંત્રી અને જેઓ આજે દેશના વડાપ્રધાન બની ગયા છે તેમણે કચ્છને જે રીતે વ્હાલુ કર્યુ કે દસ વર્ષમાં ૮૭ વખત તેમણે મુલાકાત લીધેલી. અને એટલે કચ્છમાં અત્યારે તમામ રીતે સુવિધાઓ છે.

અધ્યક્ષશ્રી : તમે જૂઓ, આ મુખ્યમંત્રી તેનાથી સવાયુ કરશે.

ડો. નીમાબેન બી. આચાર્ય : અત્યારે જે મુખ્યમંત્રી આવ્યા છે તે મહિલા મુખ્યમંત્રી છે અને અમે જ છીએ એવુ અમને લાગી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષારોપણનો આમાં સવાલ છે ત્યારે આ વાવેતર માટેના રોપાઓનું ધોરણ શું છે ? વૃક્ષની પરિભાષા શું છે ? અને મારે એ જાણવું છે કે, જે રીતે વૃક્ષારોપણ કચ્છમાં થયુ છે, ઉજ્જડ રણ જેવુ પહેલાં કચ્છ હતું તે આજે સમગ્ર જગ્યાએ હરિયાળુ બન્યું છે અને ચોમાસમાં તો અમે કચ્છને કાશ્મીર કહેતાં હોઇએ છીએ ત્યારે આ વૃક્ષારોપણના જે રોપાઓ છે તેના માટેનું ધોરણ શું છે ? અને વૃક્ષની પરિભાષા શું છે ? અને લખપત, રાપર અને બન્ની આ ત્રણેય રણ વિસ્તાર છે તો તેમાં વધારે કોઇ વૃક્ષારોપણની નવી યોજનાઓ મૂકવા માગો છો કે કેમ ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ પુરુષમાં બાળક, કિશોર અવસ્થા અને વૃધ્ધાવસ્થા હોય એમ રોપાની અંદર ૪૫ સે.મી.નો હોય તેને રોપો કહેવામાં આવે છે અને છાતી સમાનુ જે ઝાડ આવે તેને ઝાડની પરિભાષામાં ગણવામાં આવે છે. જે પ્રકારે બન્ની વિસ્તાર અને તેની વાત કરી તો બન્ની વિસ્તારની અંદર આજે મોટાભાગે ગાંડાબાવળથી એ છવાઇ ગયેલું છે અને આ વિસ્તારમાં પણ વધુમાં વધુ વૃક્ષો હોય તેના માટેની સરકાર કોશિશ કરશે.

**સુરત જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે પ્રોજેક્ટ**

* ૮૪૩૯ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

| | |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઇ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૧૯૦ |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ।.૩૧૭.૯૮ લાખ. |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આદિમ જૂથના ઉત્કર્ષ માટે કઇ કઇ છ પાયાની સુવિધા રાજય સરકાર દ્વારા કયારથી અમલમાં મૂકવામાં આવી ?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, દેશના લોકલાડીલા માનનીય વડાપ્રધાન અને ગુજરાતના સર્વશ્રેષ્ઠ પૂર્વ મુખ્યમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વન બંધુ કલ્યાણ યોજનાના અમલ થકી આદિવાસી બાંધવોનો ખૂબજ વિકાસ કર્યો છે. સાથોસાથ માનનીય મુખ્યમંત્રી આનંદીબહેને પણ આદિવાસી સમાજના વિકાસની દિશામાં અને આદિવાસી સમાજની અતિ પછાત જાતિઓ આદિમજૂથના વિકાસ માટે છ પાયાની સુવિધાઓ સ્વર્ણિમ વર્ષમાં જાહેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૧૯૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે અને તેની પાછળ કુલ રૂપિયા ૩૧૭.૯૮ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ દરમિયાન આદિમ જૂથની છ પાયાની સુવિધાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, છ પાયાની સુવિધાઓમાં આવાસમાં ૬ લાખ ૪૦ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. પીવાના પાણીની સુવિધા સો ટકા પૂરી કરવામાં આવી છે. વીજળીની સુવિધા સો ટકા પૂર્ણ કરવામાં આવેલ છે. રસ્તાઓ પાછળ ૪૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. અને શિક્ષણમાં આંગણવાડીથી લઇને પ્રાથમિક શાળા સુધીમાં સો એ સો ટકા બાળકોનું નામાંકન કરવામાં આવેલ છે તેમજ આજીવિકા પાછળ ૪ કરોડ ૮૧ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, છેલ્લાં બે–ત્રણ વર્ષમાં આદિમ જૂથની જે આવાસની સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરવામાં અવ્યો છે કે કેમ? અને જો વધારો કરવામાં આવ્યો હોય તો અગાઉ આ સહાયનું ધોરણ કેટલું હતુ અને હાલમાં આ સહાયનું ધોરણ શું છે ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે આદિમ જૂથના ગરીબ લોકોની ચિંતા કરીને અગાઉ જે આવાસમાં ૪૫ હજાર રૂપિયાની સહાય મળતી હતી તેમાં સુધારો કરીને ૭૦ હજાર રૂપિયા કરવામાં આવેલ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં આદિમજૂથની જાતિવાર અને તાલુકાવાર વસતી કેટલી છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં આદિમજૂથની વસતિ બારડોલી તાલુકામાં ૩૧૦, મહુવા તાલુકામાં ૪૦૮૪, માંડવી તાલુકામાં ૨૬૦૮, માંગરોળ તાલુકામાં ૧૨૬, ઉંમરપાડા તાલુકામાં ૨૩૧૩ આમ કુલ સુરત જિલ્લામાં ૯૪૪૧ આદિમજૂથની વસતિ છે અને કુટુંબોની સંખ્યા ૨૪૦૩ છે.

**વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ**

* ૮૪૩૭ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૨૨૨ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂા.૬૧૫.૦૦ લાખ. |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી યોજના ખૂબ જ આવકારદાયક છે. જવાબમાં જણાવ્યું છે કે, ૪૨૨૨ લાભાર્થીઓને બે વર્ષમાં એનો લાભ આપવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી યોજના નીચે તા. ૩૧-૩-૨૦૧૪ સ્થિતિએ તાલુકાની અંદર કેટલા કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને એની પાછળ કેટલો ખર્ચ થયો છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લા માટેની આ યોજના છે અને એમાં તાલુકાવાર જોઇએ તો છેલ્લા બે વર્ષમાં ધરમપુર તાલુકામાં ૨૦૧૧ લાભાર્થીઓ પાછળ ૩૧૦.૫૪ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. કપરાડા તાલુકામાં ૫૯૪ લાભાર્થીઓ પાછળ ૭૯ લાખ ૩૩ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વલસાડ તાલુકામાં ૭૦૭ લાભાર્થીઓ પાછળ ૧૧૧.૩૯ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પારડી તાલુકામાં ૭૮૪ લાભાર્થીઓ પાછળ ૯૮.૬૪ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઉંમરગામમમાં ૧૨૬ લાભાર્થીઓ પાછળ ૧૫.૨૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, કુલ લાભાર્થીઓ ૪૨૨૨ અને એમની પાછળ ૬૧૫.૧૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના દ્વારા જાણવા માગું છું કે, આદિજાતિ વિકાસ વિભાગની સંકલિત ડેરી વિકાસ યોજનાથી વલસાડ જિલ્લામાં દૂધ ઉત્પાદનમાં કેટલો વધારો જોવા મળેલ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પશુઓ આપ્યા બાદ વલસાડ જિલ્લામાં ૨૦૧૨-૧૩માં ૬૪.૬૮ લાખ લીટર દૂધનો વધારો જોવા મળેલ છે અને ૨૦૧૩-૧૪માં ૧૧૦.૯૧ લાખ લીટરનો વધારો જોવા મળેલ છે.

**વલસાડ જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૮૪૧૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૨ કોલેજો. |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૯૬૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૯૩૯<br>ખાલી બેઠકો ૨૧ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં જનરલ કેટેગરી માટે ફીના ધોરણો શું છે અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને ફીમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ડીગ્રી, ઇજનેરી સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે વાર્ષિક રૂપિયા ૧૫૦૦/– નકકી કરવામાં આવ્યા છે, જયારે વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ ફી માફી હોય છે. સ્વનિર્ભર સંસ્થાઓનું ફીનું માળખુ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ફી નિયમન સમિતિની રચના થઇ છે અને એના દ્વારા સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ, એની લેબોરેટરી, એની લાયબ્રેરી અને સાધનસામગ્રીની ઉપલબ્ધિ અને ઓડિટર એકાઉન્ટને ધ્યાનમાં રાખીને ત્રણ ત્રણ વર્ષની મુદત માટે નકકી કરવામાં આવી હોય છે. દરેક સ્વનિર્ભર સંસ્થાઓની ફીની વિગતો ફી નિયમન સમિતિની અધિકૃત વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવી હોય છે. આ જિલ્લામાં સ્વનિર્ભર સંસ્થાઓમાં રાજયની ફી નિયમન સમિતિ દ્વારા પ્રત્યેક સંસ્થા માટે ફીનું ધોરણ નકકી કરવામાં આવ્યું છે અને તે મુજબ વર્ષ ૨૦૧૩ અને ૧૪નું ફીનું ધોરણ ડીગ્રી સ્વનિર્ભર સંસ્થા ત્યાં એક જ છે. લક્ષ્મી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, વલસાડ ત્યાં ૫૧૦૦૦/– રૂ. ફી છે. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે ફીનું કોઇ અલગ ધોરણ રાખવામાં આવ્યું નથી, પરંતુ એઆઇસીટી, નવી દિલ્હીની યોજના અનુસાર એઆઇસીટી માન્ય સંસ્થાઓમાં પાંચ ટકા સંખ્યા દીઠ બેઠકો સરકારી હોય, અનુદાનિત હોય કે સ્વનિર્ભર હોય એમાં આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે અને તેમાં કોઇ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં સરકારી અનુદાનિત કે સ્વનિર્ભર કોલેજો સ્થાપવા માટે સરકારશ્રીનું શું આયોજન છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી અને અનુદાનિત ડીગ્રી એન્જિનિયરિંગ કોલેજો સ્થાપવા માટે ની બાબત નીતિ વિષયક છે, પરંતુ જયારે આવી સ્વનિર્ભર કોલેજો સ્થાપવા માટેની વાત આવે ત્યારે એનું આયોજન સરકારી સ્તરેથી નકકી કરવાનું હોતું નથી, પરંતુ કોઇપણ શૈક્ષણિક ટ્રસ્ટ કે સોસાયટી હોય એ જો આવી કોલેજ ચાલુ કરવા માગતા હોય તો બારોબાર એ.આઇ.સી.ટી., નવી દિલ્હીને અરજી કરીને મંજૂરી મેળવવાની હોય છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં બેઠકો ખાલી રહે છે એનું શું કારણ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયની ઇજનેરી અભ્યાસક્રમની કુલ બેઠકોની સંખ્યા ૬૨,૯૬૧ છે અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટે પ્રવેશ સમિતિ ખાતે કુલ ૭૧૦૮૯ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હતું. રાજયના વિદ્યાર્થીઓ ટેકનોગ્રેડ બને એના માટેની સંપૂર્ણ સુવિધાઓ અને વ્યવસ્થા રાજય સરકારે કરી છે, પરંતુ સ્થળ, વિદ્યાશાખા અને એની ફીનું ધોરણ એ બધું ધ્યાને લઇને વિદ્યાશાખાની પસંદગી કરે છે અને સામાન્ય રીતે ઇજનેરી અભ્યાસક્રમમાં અમુક જ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય છે, એટલા માટે આ જગ્યાઓ ખાલી રહે છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સ્વનિર્ભર ઇજનેરી કોલેજો છે તેમાં પ્રવેશ માટેનાં ધોરણો શું છે? એટલે કે પ્રવેશ સમિતિ દ્વારા જે પ્રવેશ આપવામાં આવે છે, ત્યારબાદ એમાં કોઇ મેનેજમેન્ટ ક્વોટાની કે એન.આર.આઇ. ક્વોટાની વ્યવસ્થા રાખવામાં આવે છે કે કેમ? અને હોય તો કેટકેટલી છે અને એનાં ધોરણો શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર સંસ્થાઓની માન્ય થયેલ બેઠકો હોય, એના ૭૫ ટકા બેઠકો પ્રવેશ સમિતિ મારફતે ભરવામાં આવે છે, બાકીની ૨૫ ટકા બેઠકો એ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો તરીકે સંસ્થા ભરે છે અને એમાં ૧૫ ટકા એન.આર.આઇ. ક્વોટાની બેઠકોની જોગવાઇ કરેલ છે. ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અને ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટમાં ૫૦ ટકા બેઠકો પ્રવેશ સમિતિ મારફત જ ભરવામાં આવે છે અને ૫૦ ટકા બેઠકો એ.આઇ.ઇ.ઇ.ઇ. થી ભરવામાં આવે છે. નિરમા યુનિવર્સિટીમાં ૫૦ ટકા બેઠકો પ્રવેશ સમિતિ મારફતે ભરવામાં આવે છે, ૩૫ ટકા બેઠકો એ.આઇ.ઇ.ઇ.ઇ. થી ભરવામાં આવે છે અને ૧૫ ટકા બેઠકો એન.આર.આઇ. ક્વોટાથી ભરવામાં આવે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે ડીગ્રી ઇજનેરી કોલેજોમાં પ્રવેશ માટે અનામતની શું જોગવાઇ છે અને એના માટે અનામત કક્ષાના વિદ્યાર્થીઓની ફીના ધોરણમાં કોઇ ફી માફીનું આયોજન હોય છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : અનામત કક્ષાના ઉમેદવારો માટે શિક્ષણ વિભાગે એના માટેનું જાહેરનામું બહાર પડેલ છે અને એમાં ડીગ્રી ઇજનેરી કોલેજોમાં અનુસૂચિત જાતિમાં ૭ ટકા, અનુસૂચિત જનજાતિમાં ૧૫ ટકા અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે ૨૭ ટકા, શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે ૩ ટકા અને સેના કાર્યરત અને કાર્યનિવૃત્ત વ્યકતિઓનાં સંતાનો માટે ૧ ટકા અનામતનું ધોરણ રાખવામાં આવેલ છે. એમાં અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે ફીનું કોઇ અલગ ધોરણ નથી, પરંતુ સરકારશ્રીના જ ઠરાવ પ્રમાણે તે વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલશરીપનું કાર્ડ આપ્યું છે અને તેથી આવા ઉમેદવારોને કોઇપણ પ્રકારની ફી ભરવાની રહેતી નથી. સકોલરશીપ તરીકે એ ફી આપવામાં આવે છે જે એમને પરત મળે છે.

**પંચમહાલ જિલ્લામાં ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૮૪૧૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૩ કોલેજો. | |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) કુલ મંજૂર થયેલ બેઠકો | ૯૬૦ |
| (૩) તે પૈકી ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમા ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) ભરાયેલ બેઠકો<br>ખાલી બેઠકો | ૭૨૬<br>૨૩૪ |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં ડિપ્લોમા એન્જિનીયરિંગ કોલેજોમાં અભ્યાસક્રમ બ્રાન્ચ વાઇઝ કેટલી બેઠકોને માન્ય કરવામાં આવી છે.

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ડિપ્લોમા સરકારી એન્જિનિયરીંગ કોલેજોમાં અભ્યાસક્રમ બ્રાન્ચવાઇઝ ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગમાં સવારની પાળી અને બીજી પાળી મળીને કુલ ૧૨૦ સીટો એ.આઇ.સી.ટી. દ્વારા મંજૂર કરેલ છે. સવારની પાળીમાં ૬૦ સીટો ભરાયેલી છે જયારે બપોરની પાળીમાં ૫૯ સીટો ભરાયેલી છે અને એક ખાલી છે. એ જ રીતે મિકેનીકલ એન્જિનિયરીંગમાં પણ પહેલી પાળીમાં ૬૦ સીટોની સામે ૬૦ સીટો ભરાયેલી છે જયારે બપોરની પાળીમાં ૬૦ સીટોની સામે ૫૯ સીટો ભરાયેલી છે. એ જ રીતે સિવિલ એન્જિનિયરીંગમાં પણ પ્રથમ પાળીમાં ૬૦ સીટોની સામે ૬૦ સીટો ભરાયેલી છે. જયારે બપોરની પાળીમાં ૬૦ ની સામે ૫૯ ભરાયેલી છે. આમ કુલ ૩૬૦ સીટો મંજૂર થયેલી છે અને ૩૫૭ સીટો ભરાયેલી છે અને ૩ સીટો ખાલી છે.

**નવસારી જિલ્લામાં નવસારી અને ચીખલી તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ હેઠળ વૃક્ષોનું વાવેતર**

* ૮૪૭૨ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નવસારી અને ચીખલી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) | |
| | **તાલુકાનું નામ** | **વૃક્ષોનું વાવેતર (હેકટરમાં)** |
| | નવસારી | ૦૦ |
| | ચીખલી | ૭૦ |
| | **કુલ** | **૭૦** |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) | |
| | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
| | નવસારી | ૦૦ |

| | |
|---|---|
| ચીખલી | ૨૭.૪૭ |
| **કુલ** | **૨૭.૪૭** |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૪ નંબર સુધીનો પ્રશ્ન ચર્ચામાં આવ્યો છે એટલા માટે આપનો આભાર માની લઉં. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ યોજના હેઠળ ચીખલી તાલુકામાં કેટલા હેકટરના વાવેતર સામે કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને તે પૈકી જીવીત રોપાઓની સંખ્યા કેટલી છે અને તેની ટકાવારી કેટલી છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : નવસારી જિલ્લામાં ચીખલી તાલુકામાં ૨૦૧૩–૧૪માં ક્ષેત્રિય વનીકરણ યોજના હેઠળ વન વિભાગ દ્વારા ૭૦ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ હતું અને ૭૧ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું, તે પૈકી ૬૭ હજાર રોપાઓ હાલમાં જીવંત છે અને તેની ટકાવારી ૯૪ ટકા જેટલી થાય છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ હેઠળ કામ કરતી સહભાગી વન વ્યવસ્થા કમિટીઓની સંખ્યા કેટલી છે તેઓ કેટલું જંગલ સાચવે છે અને તેમને કયા કયા લાભો મળે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : નવસારી જિલ્લામાં કુલ ૨૫૦૭૦ હેકટર વન વિસ્તાર છે તે પૈકી ૩૮૧૫ હેકટર વન વિસ્તાર ૮૫ જેટલી સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ દ્વારા કુલ ૬૨૭૧ કુટુંબો અને ૧૨૪૭૫ સભાસદો મારફતે આ જંગલ સાચવવામાં આવે છે. અને આ સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ છે તેને વન વિસ્તારમાંથી નીકળતા ઘાસ, ગૌણ વન પેદાશો, સૂકા પડી ગયેલા ડાળાઓ વગેરે સો ટકા એમને આપવામાં આવે છે અને એ સિવાય પણ જયારે આ વનો કાપવામાં આવે છે ત્યારે એમાંથી ૫૦ ટકા હિસ્સો આ સહભાગી વન વ્યવસ્થાને આપવામાં આવે છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં ક્ષેત્રીય વન યોજનામાં ૨૦૧૩–૧૪માં કેટલા હેકટરનું વાવેતર થયું અને એમની સંખ્યા કેટલી છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષેત્રીય વન વિભાગ દ્વારા નવસારી જિલ્લામાં ભૂમિ અને ભેજ સંરક્ષણ હેઠળ ૧૦ હેકટરમાં ૮૦૦૦ રોપાઓ વાવ્યા, ભૂમિ અને ભેજ સંરક્ષણ બિન આદિવાસી વિસ્તારમાં ૫૦ હેકટરમાં ૫૨૦૦૦ રોપાઓ વાવવામાં આવ્યા, અશોકા વનમાં ૧૦ હેકટરમાં ૧૧૦૦૦ રોપાઓ વાવવામાં આવ્યા. આમ કુલ ૭૦ હેકટરમાં ૭૧૦૦૦ રોપાઓ વાવવામાં આવ્યા છે.

**વડોદરા જિલ્લામાં વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ**

* ૮૪૩૫ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૪૯૫ |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા.૧૧૦.૬૮ લાખ. |

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વનબંધુ કલ્યાણ યોજનામાં વિદ્યા સાધના યોજનાથી જે વિદ્યાર્થીનીઓને સાયકલો આપવામાં આવે છે તે કઇ કંપનીની સાયકલો હોય છે અને સાયકલો આપવાના ધોરણો શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે કઇ કંપનીની સાયકલો આપવામાં આવે છે.....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### પાટણ જિલ્લામાં તાલુકાવાર એક, બે અને ત્રણ ઓરડાની પ્રાથમિક શાળાઓ

* ૮૭૭૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં એક ઓરડા, બે ઓરડા અને ત્રણ ઓરડાની કેટલી શાળાઓ ચાલે છે?

**જવાબ**

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં એક ઓરડા, બે ઓરડા અને ત્રણ ઓરડાની શાળાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | એક ઓરડા વાળી શાળાની સંખ્યા | બે ઓરડા વાળી શાળાની સંખ્યા | ત્રણ ઓરડા વાળી શાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચાણસ્મા | ૦ | ૪ | ૫ |
| ૨ | હારીજ | ૦ | ૮ | ૧૧ |
| ૩ | પાટણ | ૨ | ૪૦ | ૩૩ |
| ૪ | રાધનપુર | ૩ | ૧૨ | ૮ |
| ૫ | સમી | ૦ | ૬ | ૮ |
| ૬ | સાંતલપુર | ૦ | ૬ | ૬ |
| ૭ | સિધ્ધપુર | ૦ | ૨ | ૫ |
| | **કુલ** | **૫** | **૭૮** | **૭૬** |

---------

### રાજ્યમાં પ્રવર્તમાન ધોરણે ગ્રાહકોને રાશન આપવા બાબત

* ૮૩૦૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ રાજ્યમાં પ્રવર્તમાન ધોરણો પ્રમાણે રાશન મેળવવા ગ્રાહકોએ ખરાઇ માટે પંચાયત ઘરે જવું પડે છે અને પછીજ અનાજ મળે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ધારાધોરણોમાં સરકારે ફેરફાર કરી ગ્રાહકોને સરળતાથી રેશનીંગ દુકાન ઉપરથી અનાજ મળે તે માટે સરકાર ફેરફાર કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) રેશનકાર્ડ ધારકને રાશન મેળવવા માટે ગ્રામ પંચાયતે ખરાઈ કરવા માટે જવું પડતું નથી. પરંતુ બારકોડેડ રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર આવશ્યક ચીજ–વસ્તુઓનો જથ્થો મેળવવા માટે પોતાના (બાયોમેટ્રીક) ફીંગરપ્રીન્ટ આપી બારકોડેડ કુપન મેળવવા ગ્રામ્યકક્ષાએ ઈ–ગ્રામ ખાતે પંચાયત કચેરીએ જવાનું રહે છે.

(૨) રેશનકાર્ડ ધારકોને ઈ–કુપન મેળવવામાં સરળતા રહે તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરેલ છે.

૧. ગામમાંથી/તેમના વિસ્તારમાંથી બારકોડેડ કુપન મળે તે માટે કોઈપણ વ્યકિત રજીસ્ટ્રેશન કરાવે તો તેમને બારકોડેડ કુપન ઈસ્યુ કરવા અધિકૃત કરવામાં આવે છે.

૨. વ્યાજબી ભાવની દુકાનના સંચાલક યાંત્રિક ઉપકરણ (હેન્ડ–હેલ્ડ ટર્મિનલ) વસાવે તે બાબત વિચારણા હેઠળ છે.

---------

## પ્રાંતિજ-તલોદ તાલુકામાં ધો.૯ થી ૧૨ના સળંગ એકમોને મંજૂરી

* ૮૩૧૩ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાંતિજ-તલોદ તાલુકામાં કેટલી માધ્યમિક શાળાઓના ધો. ૯ થી ૧૨ના સળંગ એકમો વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) કેટલી દરખાસ્તો પેન્ડીંગમાં છે, અને તેને કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ધોરણ-૯ થી ૧૨ સળંગ એકમો છેલ્લા બે વર્ષમાં પ્રાંતિજ અને તલોદ તાલુકામાં નીચે મુજબ મંજૂર કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકો | વર્ષવાર મંજૂર કરેલ શાળાઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | વર્ષ-૨૦૧૨ | વર્ષ-૨૦૧૩ | |
| ૧ | પ્રાંતિજ | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૨ | તલોદ | ૦૩ | ૦૪ | ૦૭ |
| | | | કુલ - | ૧૧ |

(૨) કોઈ દરખાસ્ત પેન્ડીંગ નથી જેથી મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં સિંહોના અપમૃત્યુ

* ૮૧૦૯ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં અને અમરેલી જિલ્લામાં કેટલા સિંહોના અપમૃત્યુ થયા,

(૨) કેટલા સિંહો ટ્રેન નીચે કપાઇને મૃત્યુ પામ્યા, અને

(૩) સિંહોના અપમૃત્યુના બનાવો અટકાવવા સરકારે કયા પ્રકારના અસરકારક પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | અપમૃત્યુ પામેલ સિંહોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૩ |
| ૨ | અમરેલી | ૦૯ |
| **કુલ** | | **૧૨** |

(૨) નીચે પ્રમાણેના સિંહો ટ્રેન નીચે કપાઈને મૃત્યુ પામેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલ સિંહોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૦ |
| ૨ | અમરેલી | ૦૪ |
| **કુલ** | | **૦૪** |

(૩) સિંહોના અપમૃત્યુના બનાવો અટકાવવા તકેદારી રુપે રેસ્કયુ અને સારવારની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે, અને સંરક્ષણ માટે જરૂરી મહેકમ, વાહનો, વાયરલેસ, હથિયારો આપવામાં આવેલ છે. રેલ્વે અકસ્માતથી મૃત્યુના બનાવો અટકાવવા માટે રેલ્વે સત્તાવાળાઓ સાથે ચર્ચા કરી, સાવચેતીના જરૂરી પગલાં ભરવા તેમજ લાંબાગાળે અકસ્માત સંભવિત વિસ્તારમાં રેલ્વે લાઈનના બંને બાજુ ફેન્સીંગ કરવું. સિંહના અવરજવરના સ્થળોએ રેલ્વે લાઈનના નીચેથી અંડરપાસ તૈયાર કરવા જેવી કામગીરી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ટૂંકાગાળાની કામગીરી સ્વરૂપે રેલ્વે લાઈન પર સિંહો માટે સંવેદનશીલ સ્થળો પર ચાલકો માટે સાઈન બોર્ડ મૂકવામાં આવેલ છે. ઉપરાંત ૮૨ રેલ્વે ચાલકો અને ગાર્ડને સિંહ બાબતે તાલીમ આપવામાં આવે છે. એ જ પ્રમાણે સંવેદનશીલ વિસ્તારમાં પસાર થતાં જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકર મૂકવા જેવી

કામગીરી કરવામાં આવેલ છે. સ્થાનિક લોકોનો સંરક્ષણમાં સહકાર મેળવવા માટે પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.

---------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની, લાઇટ અને શૌચાલયની અસુવિધાઓ**

* ૯૬૬૬ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની, વીજળી અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ નથી, અને

(૨) આ સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સુવિધા ન ધરાવતી શાળાઓની સંખ્યા** | | |
|---|---|---|---|---|
| | | **પાણી** | **વીજળી** | **શૌચાલય** |
| ૧ | દાહોદ | ૦ | ૦ | ૮ |
| ૨ | દેવગઢ બારીયા | ૦ | ૦ | ૦ |
| ૩ | ધાનપુર | ૦ | ૨ | ૨ |
| ૪ | ફતેપુરા | ૦ | ૦ | ૦ |
| ૫ | ગરબડા | ૦ | ૧ | ૧ |
| ૬ | લીમખેડા | ૦ | ૮ | ૩ |
| ૭ | ઝાલોદ | ૦ | ૦ | ૦ |

(૨) તબક્કાવાર જેમ બને તેમ જલ્દીથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૫ થી ૮માં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ઘટ**

* ૯૭૩૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ધોરણ ૫ થી ૮ માં કેટલા ગણિત વિજ્ઞાનના શિક્ષકોની ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા શિક્ષકો ભરવામાં આવ્યા, અને

(૩) બાકી ઘટ પૂરી કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ધોરણ ૫ થી ૮ માં ગણિત વિજ્ઞાન શિક્ષકોની ઘટ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષકોની ઘટ** |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૦૨ |
| ૨ | પ્રાંતિજ | ૦૨ |
| ૩ | તલોદ | ૦૪ |
| ૪ | ધનસુરા | ૦૬ |
| ૫ | બાયડ | ૧૧ |
| ૬ | માલપુર | ૦૭ |
| ૭ | મોડાસા | ૦૧ |
| ૮ | મેઘરજ | ૧૧ |
| ૯ | ભિલોડા | ૧૨ |
| ૧૦ | વિજયનગર | ૦૯ |
| ૧૧ | ઈડર | ૦૮ |
| ૧૨ | વડાલી | ૦૬ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૨૪ |
| | **કુલ** | **૧૦૩** |

(૨) ૫૧૫

(૩) જેમ બને તેમ જલ્દી.

તા. ૪થી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

---------

**સાબરકાંઠા જિલ્લામાં સાંસ્કૃતિક વન**

* ૮૪૫૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સરકાર દ્વારા તા.૩૧–૦૩–૧૪ ની સ્થિતિએ કોઇ સાંસ્કૃતિક વન બનાવવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) અગાઉ બૃહદ સાબરકાંઠા જિલ્લામાં અને હાલમાં અરવલ્લી જિલ્લામાં સરકાર દ્વારા તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ એક સાંસ્કૃતિક વન બનાવવામાં આવેલ છે. તે હકીકત સાચી છે. |
| (૨) જો હા, તો તે ક્યાં બનાવવામાં આવેલ છે ? | (૨) અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં શામળાજી ખાતે ‘‘શ્યામલ વન’’ નામે સાંસ્કૃતિક વન બનાવવામાં આવેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૮૪૧૧ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૦ કોલેજો. |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૬૪૫૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) ભરાયેલ બેઠકો ૫૮૫૨<br>ખાલી બેઠકો ૫૯૮ |

---------

**ભાવનગર જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર**

* ૮૪૭૬ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૧)

| **વર્ષ** | **ચેરનું વાવેતર (હેકટરમાં)** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૪૧ |
| ૨૦૧૩–૧૪ | ૧૯૭૭ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩૮.૨૦ |
| ૨૦૧૩–૧૪ | ૨૭૫.૨૯ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક**

* ૯૦૪૮ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૩૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને | (૨) ૭૨૭. |
| (૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકો છે ? | (૩) |

| વર્ષ | ઉચ્ચ પ્રાથમિક વિભાગ | | | |
|---|---|---|---|---|
| | ભાષા | ગણિત–વિજ્ઞાન | સામાજીક વિજ્ઞાન | કુલ |
| ૨૦૧૨–૧૩ | ૧૦૨ | ૯૯ | ૧૧૦ | ૩૧૧ |
| ૨૦૧૩–૧૪ | ૦ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| **કુલ** | **૧૦૨** | **૫૧૫** | **૧૧૦** | **૭૨૭** |

---------

## પંચમહાલ જિલ્લામાં જંગલની જમીનના લાભાર્થીઓ

* ૯૯૧૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૧૪ ની સ્થિતિએ જંગલની જમીન કાયદા–૨૦૦૬ અન્વયે પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને જંગલની જમીન ફાળવવામાં આવી, અને

(૨) કેટલા લાભાર્થીઓને આ જમીન ફાળવવાની બાકી છે અને તે કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અન્વયે નીચે મુજબ લાભાર્થીઓને વન જમીનના આદેશ પત્ર આપવામાં આવ્યા છે.

| | |
|---|---|
| ગોધરા | ૨૪૪ |
| કાલોલ | ૩૬૩ |
| મોરવા (હ) | ૩૯૩ |
| હાલોલ | ૧૭૯ |
| ઘોઘંબા | ૮૫૧ |
| જાંબુઘોડા | ૦ |
| લુણાવાડા | ૮૨ |
| શહેરા | ૨૫૪ |
| સંતરામપુર | ૫૬૮ |
| કડાણા | ૩૪૫ |
| ખાનપુર | ૧૬ |

(૨) ૪૧૧ માન્ય લાભાર્થીઓને જમીનના આદેશપત્રો આપવાના બાકી છે. જે નિયમ મુજબ બને તેમ વહેલી તકે આપવામાં આવશે.

---------

## આણંદ જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો

* ૮૪૧૩ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,અને

(૩) તે પૈકી ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે?

**જવાબ**

(૧) ૯ કોલેજો.

(૨) ૪૨૭૪ બેઠકો.

(૩) કુલ ભરાયેલ બેઠકો ૩૮૧૨
ખાલી બેઠકો ૪૬૨.

---------

**અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

* ૮૪૫૫ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના અમરેલી અને લાઠી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં અમરેલી તાલુકામાં ૦.૪૮ લાખ અને લાઠી તાલુકામાં ૦.૭૩ લાખ મળી કુલ ૧.૨૧ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તેની પાછળ કુલ રૂ. ૫૬.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધનની સગવડો**

૮૪૩૩ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઇ.એસ.આર.) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે ક્યા ક્યા પ્રકારની સગવડો ઉપલબ્ધ છે ? | તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ આઇએસઆર કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે વિવિધ પ્રકારની ૧૦ લેબોરેટરીઓ અને સિસ્મીક ડેટાસેન્ટર ની સગવડ ઉપલબ્ધ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૮૪૦૯ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૦ કોલેજો. |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૫૦૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમાં ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) ભરાયેલ બેઠકો ૪૦૨૫.<br>ખાલી બેઠકો ૧૦૧૫. |

---------

**નવસારી જિલ્લામાં સામુહિક અને વ્યકિતગત દાવા પેટે જમીન ફાળવણી**

૮૫૯૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સને ૨૦૦૬ ના કેન્દ્ર વન અધિકાર ધારા અમલમાં આવ્યા બાદ નવસારી જિલ્લામાં કેટલા સામુહિક દાવા અને વ્યકિતગત દાવા પેટે કેટલાને જમીન આપવાની બાકી છે, અને | (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ વન જમીનના સામુહિક ઉપયોગ અંગેના માન્ય થયેલ તમામ ૧૧૭ સામુદાયિક દાવાઓના આદેશ કરવામાં આવ્યા છે. તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ માન્ય થયેલ ૨૪૬૮ વ્યક્તિગત દાવાઓ પૈકી ૨૪૩૩ને જમીન હકના આદેશ–પત્રો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ૫૮૩ સામુહિક દાવા અને ૬૮૫૪ વ્યકિતગત દાવાઓ પુનઃસમીક્ષા હેઠળ છે. |
| (૨) આવી જમીનો કેટલા સમયમાં આપવાનું આયોજન છે ? | (૨) નિયમ મુજબ બને તેમ જલદી |

---------

**ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક**

૯૦૪૨ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકની નિમણૂક કરવામાં આવી, અને | (૧) ૨૧૯. |
| (૨) તેમાં વિષયવાર કેટલાની નિમણૂક કરવામાં આવી છે ? | (૨) ગણિત વિજ્ઞાન વિષયના ૨૧૯. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૮૪૬૯ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૭૦ હેકટર અને ૨૦૧૩-૧૪ માં ૩૪૧ હેકટર મળી કુલ-૪૧૧ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તેની પાછળ કુલ રૂા. ૧૧૧.૫૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદન**

૯૯૩૭ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેટલા ગુનાઓ બન્યા,

(૨) આ ગુનાઓના આરોપીઓ ઉપર શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આ ગુનાઓમાં કુલ કેટલી કિંમતના લાકડાં

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગેરકાયદેસર વૃક્ષ છેદનના નીચેની વિગતે ૬૭ ગુનાઓ બનેલ છે.

| અ.નં. | તાલુકો | ગુનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૨ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૬ |
| ૩ | વલ્લભીપુર | ૫ |
| ૪ | શિહોર | ૭ |
| ૫ | તળાજા | ૧૧ |
| ૬ | મહુવા | ૨૧ |
| ૭ | પાલીતાણા | ૧ |
| ૮ | ગારીયાધાર | ૦ |
| ૯ | ઉમરાળા | ૩ |
| ૧૦ | ઘોઘા | ૧ |
| ૧૧ | જેસર | ૦ |
| | **કુલ** | **૬૭** |

(૨) વન વિસ્તારમાંથી ગેરકાયદેસર વૃક્ષ કાપતા આરોપીઓ સામે ભારતીય વન અધિનિયમની જોગવાઇઓ અને વન વિસ્તાર સિવાય સરકારી અને માલિકી જમીનમાંથી ગેરકાયદેસર વૃક્ષ છેદન કરતા આરોપીઓ સામે સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારાની જોગવાઈ અનુસાર પગલાં લેવામાં આવ્યા.

(૩) આ ગુનાઓમાં કુલ રૂા. ૮૫,૨૪૫/-કિંમતના

પકડવામાં આવ્યા ? લાકડા પકડવામાં આવ્યા.

---------

## સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

૮૪૬૭ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૨૦ હેકટર અને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨૬ હેકટર મળી કુલ-૪૬ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેનીપાછળ કુલરૂ઼ા. ૩૫.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## અમદાવાદ જિલ્લા/શહેર અને ગાંધીનગર જિલ્લામાં ઓરડાની ઘટ

૮૫૨૬ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા, શહેર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર વર્ગખંડોના અભાવને કારણે એક કરતા વધારે વર્ગના વિદ્યાર્થીઓને એક જ ઓરડામાં સાથે બેસાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવા કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) વિદ્યાર્થીના ભણતરને અસર ન પહોંચે તે રીતે બધા વર્ગના વિદ્યાર્થીઓ અલગ-અલગ ઓરડાઓમાં બેસી શકે તે માટે પૂરતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) હા

(૨)

| **અમદાવાદ** | | **ગાંધીનગર** | |
|---|---|---|---|
| બરવાળા | ૩૧ | દહેગામ | ૬૮ |
| બાવળા | ૨૪ | ગાંધીનગર | ૬૪ |
| સીટી | ૭૨ | કલોલ | ૩૬ |
| દસ્ક્રોઈ | ૧૭૦ | માણસા | ૨૭ |
| દેત્રોજ | ૩૨ | કુલ | ૧૯૫ |
| ધંધુકા | ૨૦ | | |
| ધોળકા | ૪૩ | અમદાવાદ શહેર | ૩૬૮ |
| માંડલ | ૧૩ | | |
| રાણપુર | ૨૦ | | |
| સાણંદ | ૫૨ | | |
| વિરમગામ | ૫૧ | | |

(૩) આર.ટી.ઈ. એકટ મુજબ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલ્દી બનાવવામાં આવશે.

---------

## ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા નિરીક્ષણ અને મોનીટરીંગની કાર્યવાહી

૮૪૩૪ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ અને મોનીટરીંગની કામગીરી માટે ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઇ.એસ.આર.) દ્વારા શું

**જવાબ**

(૧) ઓફ લાઇન ભૂકંપ માપ કેન્દ્રોને ઓનલાઇન કરીને ૩૦ સિસ્મીક સ્ટેશનો ઓનલાઇનથી જોડવામાં આવેલ છે. તેમજ ૮ જી.પી.એસ. સ્ટેશનો સ્થાપવામાં આવેલ છે.

આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) આ ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાંથી મળેલ માહિતી અન્વયે શી કાર્યવાહી કરવામાં આવે છે ?

(૨) (૧) ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એન્જીનીયરીંગ ગૃપ્સ માટે અર્થકવેક રેસીસ્ટન્ટ બિલ્ડીંગ ગાઇડ લાઇન્સ તૈયાર કરવામાં આવે છે.

(૨) ભૂકંપ માહિતી સરકારને અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીને મોકલી આપવામાં આવે છે.

---------

## અમરેલીમાં ડીગ્રી ઇજનેરી કોલેજ ચાલુ કરવા બાબત

૯૭૬૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ અમરેલીમાં આવેલ ડૉ. જીવરાજ મહેતા સરકારી પોલીટિકનીકને અપગ્રેડ કરી ‘‘ડીગ્રી એન્જિનીયરીંગ કોલેજ’’ કાર્યરત માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, તથા શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

હાલના તબક્કે અમરેલી ખાતેની ડૉ. જીવરાજ મહેતા સરકારી પોલીટિકનીકને અપગ્રેડ કરી ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજમાં રૂપાંતરિત કરવાની કોઈ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ નથી.

---------

## રાજ્ય સરકાર દ્વારા ઘુડખરની વસ્તી ગણતરી

૮૪૫૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ઘુડખરની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવી,

(૨) તે વસ્તી ગણતરી દરમ્યાન ઘુડખરની વસ્તી કેટલી થઇ, અને

(૩) અગાઉની ગણતરી કરતાં તેમાં કેટલી સંખ્યામાં વધારો થયેલ છે ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા ઘુડખરની વસ્તી ગણતરી સને ૨૦૦૯ માં કરવામાં આવેલ.

(૨) આ વસ્તી ગણતરી દરમ્યાન ઘુડખરની વસ્તી ૪૦૩૮ અંદાજવામાં આવેલ હતી.

(૩) અગાઉની ગણતરી કરતાં તેમાં ૧૮૮ ઘુડખરનો વધારો થયેલ હતો.

---------

## ભરૂચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ

૮૪૪૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ માટે કેટલી સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવી,

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) ૧૦૯૪.

(૩) રૂ. ૭૯.૨૨ લાખ

---------

## વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

૮૪૭૯ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં વડોદરા જિલ્લામાં બળતણના બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ માં ૪ અને ૨૦૧૩–૧૪ માં ૨૦ અરજીઓ મળી કુલ–૨૪ અરજીઓ મંજુર કરી.

તા.૩૧-૩-૨૦૧૪ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ઼ા. ૬.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

૮૮૪૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ કેટલી છે, અને

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રાથમિક શાળાઓનાં ઓરડાઓની ઘટ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૮૯ |
| ૨ | આંકલાવ | ૨૧ |
| ૩ | બોરસદ | ૪૪ |
| ૪ | ખંભાત | ૭૦ |
| ૫ | પેટલાદ | ૬ |
| ૬ | સોજીત્રા | ૧૩ |
| ૭ | તારાપુર | ૨ |
| ૮ | ઉમરેઠ | ૨૩ |
| | **કુલ** | **૨૬૮** |

(૨) આ ઘટ સત્વરે પૂરી કરવા માટે સરકારે શાં પગલાં લીધા અને કેટલા સમયમાં ઘટ પૂરી કરવામાં આવશે ?

(૨) આ ઘટ પુરી કરવા આણંદ જિલ્લા માટે ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫ ના સર્વ શિક્ષા અભિયાનના બજેટમાં મંજૂર થયેલ ૧૫૬ ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે. બાકી રહેતા ઓરડાની ઘટ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલદી પૂરી કરવામાં આવશે.

--------

**સાયન્સ સીટી ખાતે વિજ્ઞાનને લગતા પ્રદર્શનો**

૮૪૩૨ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સાયન્સ સીટી ખાતે સરકારના અન્ય વિભાગો/ સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનને લગતા પ્રદર્શનો યોજવામાં આવે છે કે કેમ, | (૧) હા.

(૨) જો હા, તો તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ છે, અને | (૨) ૪ (ચાર)

(૩) કેટલા વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે ? | (૩) ૩૬૬૩૪

---------

**જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૮૪૪૯ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) કુલ ૫૨૦ હેક્ટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી જૂનાગઢ શહેરમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી જુનાગઢ શહેરમાં ૧.૦૦ હેક્ટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) તેની પાછળ કુલ રૂ. ૨૩૬.૫૩ લાખનો ખર્ચ

કરવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

૮૪૧૭ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમાં, ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧ કોલેજ. |
| (૨) આ બધી જ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,અને | (૨) કુલ મંજૂર થયેલ બેઠકો ૬૬૦ |
| (૩) તે પૈકી ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીપ્લોમાં ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) ભરાયેલ બેઠકો ૬૫૦<br>ખાલી બેઠકો ૧૦ |

---------

**પાટણ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ આપવા બાબત**

૮૪૨૯ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૩ અંતિત છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ કાઢી આપવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૧૩ અંતિત છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં રેશનકાર્ડ માટે કુલ ૧૭૬૬૪ અરજીઓ મળી. તે પૈકી બી.પી.એલ. રેશનકાર્ડ માટે ૧૬૪૨ અને એ.પી.એલ. રેશનકાર્ડ માટે ૧૬૦૨૨ અરજદારોની માંગણી હતી. |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) બી.પી.એલ. રેશનકાર્ડ માટેની ૧૬૪૨ અરજીઓ તથા એ.પી.એલ. રેશનકાર્ડ માટેની ૧૪,૪૭૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ? | (૩) બી.પી.એલ. રેશનકાર્ડ માટે કોઈ અરજી નામંજૂર કરવામાં આવેલ નથી. તથા એ.પી.એલ. રેશનકાર્ડ માટેની ૧૭૦૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |

---------

**સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકોને પી.એચ.ડી.ના ઉચ્ચ અભ્યાસ પાછળ ખર્ચ**

૮૪૦૩ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી ઈજનેરી કોલેજોમાં કાર્યરત અધ્યાપકોને પી.એચ.ડી.ના ઉચ્ચ અભ્યાસ કરવા સરકારી ખર્ચે મોકલવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ માટે મોકલવામાં આવ્યા? | (૨) ૦૪ (ચાર) |

---------

**સુરત જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત સ્વનિર્ભર કોલેજો**

૮૪૦૭ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૧ કોલેજો |
| (૨) આ બધી જ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૫૦૦૦ બેઠકો |

(૩) તે પૈકી ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીગ્રી ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે?

(૩) ભરાયેલ બેઠકો ૪૭૬૮
ખાલી બેઠકો ૨૩૨

---------

## મહેસાણા જિલ્લામાં રોપાનું વાવેતર

૯૪૦૮ **શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા રોપા રોપવામાં આવ્યા, | (૧) મહેસાણા જિલ્લામાં તમામ તાલુકાઓમાં તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૧૪.૧૩ લાખ અને ૧૩.૮૭ લાખ મળી કુલ–૨૮ લાખ રોપા રોપવામાં આવ્યા. તાલુકાવાર, વર્ષવાર ***પત્રક–૧** અને **૨** સામેલ છે. |
| (૨) રોપેલા રોપાઓમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા રોપા તાલુકાવાર જીવિત છે, | (૨) રોપેલા રોપાઓમાંથી ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં મહેસાણા જીલ્લાના તમામ તાલુકાઓમાં અનુક્રમે ૧૦.૪૨ લાખ અને ૧૨.૧૦ લાખ મળી કુલ–૨૨.૫૨ લાખ રોપા જીવિત છે. તાલુકાવાર, વર્ષવાર ***પત્રક–૧** અને **૨** સામેલ છે. |
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડ કઢાવવા અને સુધારા વધારા કરવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડ કઢાવવા માટે ૧૫૩૯૪ અરજીઓ અને સુધારા–વધારા માટે ૫૦૫૯૬ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર થઇ, અને | (૨) ઉકત નવા રેશનકાર્ડ માટેની કુલ અરજીઓ પૈકી ૧૧૫૩૦ અરજીઓ તથા સુધારા–વધારા માટેની કુલ અરજીઓ પૈકી ૪૯૮૩૭ અરજીઓ મંજૂર થઈ છે. |
| (૩) કેટલી અરજી નામંજુર થઇ ? | (૩) નવા રેશનકાર્ડ માટેની કુલ અરજીઓ પૈકી ૩૮૪૬ અરજીઓ તથા સુધારા–વધારા માટેની કુલ અરજીઓ પૈકી ૪૯૭ અરજીઓ નામંજૂર થઈ છે. |

---------

**વ્યારા તાલુકામાં જંગલની જમીનોની સનદો આપવા બાબત**

૯૫૪૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ વન અધિકાર કાયદા ૨૦૦૬ અન્વયે વ્યારા તાલુકામાં કેટલા ઇસમોને જંગલની જમીનો સનદો સાથે આપવામાં આવી, | (૧) વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ જમીનની સનદો નહીં પરંતુ આદેશપત્ર આપવાની જોગવાઇ છે. વ્યારા તાલુકામાં તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ ૬૬૯ વ્યકિતઓને આદેશપત્ર આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ઇસમોને જંગલની જમીન આપવાની બાકી છે, અને | (૨) ૧૭૦૫ દાવાઓ પુનઃ સમીક્ષા હેઠળ છે. |
| (૩) કેટલા સમયમાં આ જમીન આપવામાં આવશે ? | (૩) નિયમાનુસાર બને તેમ જલ્દી. |

---------

**અમદાવાદ જિલ્લામાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૮૪૭૭ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અમદાવાદ જિલ્લામાં બળતણ બચાવ સારૂં કેટલી ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની તા.૩૧–૦૩–૧૪ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ માં ૬ અને ૨૦૧૩–૧૪ માં ૧૩ અરજીઓ મળી કુલ–૧૯ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ. ૫.૪૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૮૮૪૩ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ટેકનિકલ શિક્ષણમાં કેટલા આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને | (૧) ૧૬૨૨. |
| (૨) તે અન્વયે કેટલા બાળકોને શિષ્યવૃત્તિ આપી અને કેટલાને શિષ્યવૃત્તિ આપવાની બાકી છે ? | (૨) ૮૫૮ બાળકોને શિષ્યવૃત્તિ આપી<br>૧૬૫ બાળકોને શિષ્યવૃત્તિ આપવાની બાકી |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહના ગ્રાન્ટેડ વર્ગોની મંજૂરી**

૯૯૭૩ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહના કેટલા ગ્રાન્ટેડ વર્ગો મંજૂર કરવા માટે દરખાસ્ત આવેલ હતી,

(૧)

| ક્રમ | જીલ્લો | વર્ષ | મળેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૨૦૧૨ | ૦૭ |
| | | ૨૦૧૩ | ૦૫ |
| ૨ | બનાસકાંઠા | ૨૦૧૨ | ૦૩ |
| | | ૨૦૧૩ | ૦૩ |
| | | **કુલ** | **૧૮** |

(૨) તે પૈકી કુલ કેટલા વર્ગોને મંજૂરી આપવામાં આવી અને કેટલી દરખાસ્તો નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | જીલ્લો | વર્ષ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૨૦૧૨ | ૦૭ | ૦૦ |
| | | ૨૦૧૩ | ૦૩ | ૦૨ |
| ૨ | બનાસકાંઠા | ૨૦૧૨ | ૦૩ | ૦૦ |
| | | ૨૦૧૩ | ૦૩ | ૦૦ |
| | | **કુલ** | **૧૬** | **૦૨** |

(૩) નામંજૂર કરવાના મુખ્યત્વે શાં કારણો છે ?

(૩)

- ધોરણ–૧૦ની વિદ્યાર્થી સંખ્યા ૫૦ કરતા ઓછી હોવાના કારણે
- નજીકની શાળામાં શિક્ષક ફાજલ થાય તેમ હોવાથી
- ધોરણ–૧૦ નું છેલ્લા ત્રણ વર્ષનું સરાસરી પરિણામ ૫૦ ટકા કરતાં ઓછું આવેલ હોઈ,

---------

## રાજ્યમાં જંગલ વિસ્તારની જમીનમાં રસ્તાઓની સુવિધા

૮૫૩૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ રાજ્યમાં જંગલની આજુબાજુમાં આવેલ ગામડાઓમાં જંગલ વિસ્તારની જમીનમાં થઇને જવા આવવા માટે સુવિધા યુક્ત રસ્તાઓ બનાવવા માટેની પરવાનગી વિલંબથી અપાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવી સુવિધાઓ માટે સત્વરે મંજૂરી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

યુઝર એજન્સી આવા રસ્તાઓ બનાવવા માટેની સંપૂર્ણ દરખાસ્ત રજૂ કરે કે તુરત વન વિભાગ દ્વારા પરવાનગી માટેની જરૂરી કાર્યવાહી વિના વિલંબે હાથ ધરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

---------

## પાટણ, બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

૮૭૭૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ, બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે ?

**જવાબ**

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષકોની ઘટ |
|---|---|---|
| ૧ | પાટણ | ૫૪૪ |
| ૨ | બનાસકાંઠા | ૩૮૦ |
| ૩ | મહેસાણા | ૧૪૦ |
| ૪ | સાબરકાંઠા | ૬૦૪ |

---------

## મહીસાગર જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની ઘટ

૮૩૦૪ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક-ઉચ્ચતર કેટલી માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

**જવાબ**

(૧) બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

| તાલુકો | શાળાની સંખ્યા | માધ્યમિક શિક્ષક ઘટ | | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ઘટ | |
|---|---|---|---|---|---|
| | | ઘટની શાળાઓની સંખ્યા | ઘટતા શિક્ષકની સંખ્યા | ઘટની શાળાઓની સંખ્યા | ઘટતા શિક્ષકની સંખ્યા |
| લુણાવાડા | ૫૨ | ૧૧ | ૧૫ | ૨૪ | ૭૦ |
| ખાનપુર | ૧૬ | ૦૩ | ૦૫ | ૦૯ | ૨૦ |
| સંતરામપુર | ૪૦ | ૦૯ | ૧૪ | ૨૩ | ૭૯ |
| કડાણા | ૧૬ | ૦૨ | ૦૨ | ૦૬ | ૨૨ |
| બાલાસિનોર | ૩૦ | ૦૮ | ૧૦ | ૧૩ | ૩૯ |
| વિરપુર | ૨૩ | ૦૩ | ૦૬ | ૦૯ | ૩૨ |
| **કુલ** | **૧૭૭** | **૩૬** | **૫૨** | **૮૪** | **૨૬૨** |

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

| તાલુકો | શાળાની સંખ્યા | માધ્યમિક શિક્ષક ઘટ | | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ઘટ | |
|---|---|---|---|---|---|
| | | ઘટની શાળાઓની સંખ્યા | ઘટતા શિક્ષકની સંખ્યા | ઘટની શાળાઓની સંખ્યા | ઘટતા શિક્ષકની સંખ્યા |
| લુણાવાડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખાનપુર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સંતરામપુર | ૦૩ | ૦૩ | ૦૯ | ૦૦ | ૦૦ |
| કડાણા | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૮ |
| બાલાસિનોર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વિરપુર | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **કુલ** | **૦૭** | **૦૪** | **૧૨** | **૦૨** | **૦૮** |

(૨) આ ઘટ પૂરવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૨) હાલમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની ભરતી પ્રક્રિયા ચાલુ છે.
બાલાસિનોર, સંતરામપુર, અને લુણાવાડા તાલુકાની લઘુમતીની ૦૪ (ચાર) શાળાઓ પૈકી માધ્યમિક વિભાગમાં ૦૩ (ત્રણ) અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૦૭ (સાત) જગ્યાઓ ભરવા માટેની એન.ઓ.સી. આપવામાં આવેલ છે.

---------

### ડાંગ જિલ્લામાં વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૯૦૪૬ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૧) ૧૬૦૭.

(૨) તે કુલ કેટલી રકમના આપેલ છે ?

(૨) કુલ રૂ. ૩૨,૧૪,૦૦૦/-

---------

### તલોદ તાલુકાની સલાટપુર ગામની માધ્યમિક શાળા દ્વારા ધો.૧૧ અને ૧૨ના વર્ગને મંજૂરી માટેની દરખાસ્ત

૮૭૮૫ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ તલોદ તાલુકાની સલાટપુર ગામની માધ્યમિક શાળા દ્વારા ધો.૧૧ અને ૧૨ના વર્ગની મંજૂરીની દરખાસ્ત ક્યારે કરવામાં આવી, અને

(૧) ધોરણ–૧૧ માટે જુન–૨૦૧૧, જુન–૨૦૧૨ અને જુન–૨૦૧૩માં દરખાસ્ત મળેલ હતી. ધો.–૧૨ની દરખાસ્ત મળેલ નથી.

(૨) આ દરખાસ્તને મંજૂરી ક્યારે આપવામાં આવશે ?

(૨) જુન–૨૦૧૩થી ધો. ૧૧ના વર્ગને મંજૂરી આપવામાં આવી.

---------

### દાહોદ તાલુકા મથક સરકારી આર્ટસ કોમર્સ કે સાયન્સ કોલેજ

૯૬૬૭ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૧૪ની સ્થિતિએ દાહોદ તાલુકા જિલ્લાનું વડુ મથક અને આદિવાસી તાલુકો હોવા છતાં એક પણ સરકારી આર્ટસ, કોમર્સ કે સાયન્સ કોલેજ નથી, તે હકીકત સરકાર જાણે છે,

(૧) હા, જી.

(૨) જો હા તો, રાજ્ય સરકારે આદિવાસી અને અન્ય વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી આ અંગે કોઇ સર્વે કરાવેલ છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો ના, તો તેના કારણો કયા છે ?

(૩) જરૂરીયાત અને રજુઆત/માંગણી અનુસાર વિચારણા કરવામાં આવે છે.

---------

### ખેડબ્રહ્મા પ્રાયોજના વહીવટદાર ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કચેરીને ફાળવેલ રકમ

૯૭૩૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડબ્રહ્મા યોજના વહીવટદાર કચેરીને ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કેટલી રકમ વર્ષવાર ફાળવવામાં આવી,

(૧)

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨,૨૬૫.૪૬ |
| ૨૦૧૩–૧૪ | ૨,૧૬૭.૬૭ |

| કુલ રૂ. | ૪,૪૩૩.૧૩ |
|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તેમાંથી કેટલી રકમનો વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલી બચત તરીકે પડી છે, અને

(૨)

| વર્ષ | ખર્ચ રકમ (રૂ. લાખમાં) | વણવપરાયેલ બચત રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| **૨૦૧૨-૧૩** | ૨,૨૦૨.૦૯ | ૬૩.૩૭ |
| **૨૦૧૩-૧૪** | ૫૭.૫૭ | ૨,૧૧૦.૧૦ |
| **કુલ રૂ.** | **૨,૨૫૯.૬૬** | **૨,૧૭૩.૪૭** |

(૩) વણવપરાયેલી રકમ કોના ખાતામાં જમા પડી છે ?

(૩) વણવપરાયેલી રકમ અમલીકરણ અધિકારશ્રીઓના ખાતામાં જમા પડી છે.

---------

## પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક

૯૦૪૭ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે,

(૧) ૮૩

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને

(૨) ૧૫૫

(૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકો છે?

(૩)

| ભાષા | ગણિત વિજ્ઞાન | સા.વિજ્ઞાન |
|---|---|---|
| ૩૫ | ૩૨ | ૮૮ |

---------

## પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

૯૯૧૮ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની કેટલી ઘટ છે, અને

(૧)

| ક્રમ | તાલુકો | ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઘોઘંબા | ૧૦૧ |
| ૨ | ગોધરા | ૨૦૪ |
| ૩ | હાલોલ | ૧૬૯ |
| ૪ | જાંબુઘોડા | ૧૬ |
| ૫ | કડાણા | ૫૫ |
| ૬ | કાલોલ | ૬૯ |
| ૭ | ખાનપુર | ૫૭ |
| ૮ | લુણાવાડા | ૭૯ |
| ૯ | મોરવા(હ) | ૧૩૨ |
| ૧૦ | સંતરામપુર | ૮૪ |
| ૧૧ | શહેરા | ૧૯૭ |
| | **કુલ** | **૧૧૬૩** |

(૨) ઉક્ત સ્થિતિએ આ ઘટ સત્વરે ભરવા કાયમી ઉકેલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી, અને કેટલા સમયમાં ઘટતા ઓરડાઓ પૂર્ણ થશે?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે.

---------

## ખેડા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૯૦૪૩ **ડૉ. નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે. અને

(૨) તે કુલ કેટલી રકમના આપેલ છે?

**જવાબ**

(૧) ૯૯૪ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે.

(૨) કુલ રૂા. ૧૯,૮૮,૦૦૦/–ના બોન્ડ આપેલ છે.

---------

## નવસારી જિલ્લામાં તાલુકાવાર બારકોડ રેશનકાર્ડ

૮૫૯૩ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈસમોને બારકોડેડ રેશન કાર્ડ આપવાના બાકી છે, અને

(૨) આવા બારકોડેડ રેશન કાર્ડ સમયસર નહીં આપવાના કારણો શાં છે, અને કેટલા સમયમાં આવા કાર્ડ આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી છે.

| તાલુકાનું નામ | આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|
| ખેરગામ | ૦ |
| ગણદેવી | ૪૦૩૮ |
| ચીખલી | ૧૦૯૬૦ |
| જલાલપોર | ૫૯૬૨ |
| નવસારી ગ્રામ્ય | ૩૩૪૦ |
| નવસારી ગ્રામ્ય | ૧૧૮૪૬ |
| વાંસદા | ૩૧૪૫ |
| **કુલ** | **૩૯૨૯૧** |

(૨) અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

૧. અરજીમાં અપૂરતી વિગતો હોય.

૨. જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં આવ્યા ન હોય.

૩. અરજદાર દ્વારા બાયોમેટ્રીક્સ અને ફોટા આપવામાં આવ્યા ન હોય.

વિતરણ પ્રક્રિયા સતત ચાલુ છે. ઉપર મુજબ પૂર્તતા થયેથી બનતી ત્વરાએ.

---------

## ભાવનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ

૯૯૩૬ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની જરૂરીયાત છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વર્ગખંડ છે, અને

(૩) ઘટતા વર્ગખંડ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૨૫૯૧

(૨) ૧૧૨૬૭

(૩) ઘટતા વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવામાં આવશે.

---------

**પંચમહાલ, દાહોદ અને સાબરકાંઠા જિલ્લામાં રાઈટ ટુ ફૉરેસ્ટ એકટ હેઠળ જમીનની સનદો**

૮૫૨૭ **ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ, દાહોદ અને સાબરકાંઠા જિલ્લામાં રાઈટ ટુ ફૉરેસ્ટ એકટ હેઠળ જમીનની સનદો મેળવવા માટે જિલ્લાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ સનદ નહી પરંતુ અધિકાર પત્ર આપવાની જોગવાઈ છે. મળેલ અરજીઓ આ મુજબ છે :<br>પંચમહાલ ૨૩૬૬૬<br>દાહોદ ૨૦૧૫૦<br>સાબરકાંઠા ૧૯૬૨૫ |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલા અરજદારોને જમીનની સનદો આપવામાં આવી, અને | (૨) તે પૈકી માન્ય થયેલ દાવાઓ આ મુજબ છે.<br>પંચમહાલ ૩૨૯૫<br>દાહોદ ૩૨૫૨<br>સાબરકાંઠા ૫૯૦૪ |
| (૩) જિલ્લાવાર કેટલી સનદો આપવાની બાકી છે અને બાકી રહેલ સનદો કયાં સુધીમાં આપવામાં આવશે? | (૩) બાકીના દાવાઓ પુન:સમીક્ષા હેઠળ છે. જે પૈકી જે દાવાઓ માન્ય થશે તે અંગેના આદેશો બને તેમ જલ્દી કરવામાં આવશે. |

---------

**ખેડા જિલ્લામાં પ્રાથમિક વિભાગમાં વિદ્યાસહાયકોની નિમણૂંક**

૯૦૪૧ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૩૬૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે ? | (૨) ૩૩૭. |

---------

**અમરેલી જિલ્લામાં બારકોડેડ રેશન કાર્ડમાં તાંત્રિકક્ષતિ**

૯૭૬૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૧–૦૧–૧૩ થી તા.૩૧–૦૫–૨૦૧૪ સુધીમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કુટુંબોને બારકોડેડ રાશનકાર્ડ ફાળવવામાં આવ્યા અને કેટલા બાકી છે તથા બાકી રહેવાના કારણો શા છે. | (૧) તા. ૧–૧–૧૩ થી તા. ૩૧–૫–૨૦૧૪ સુધીમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુટુંબોને ફાળવવામાં આવેલ બારકોડેડ રાશનકાર્ડની વિગતો દર્શાવતું **પત્રક–૧** આ સાથે સામેલ છે. બારકોડેડ રેશનકાર્ડ ફાળવવાના બાકી છે. કારણ કે, કાર્ડધારકોના બાયોમેટ્રીક અને ફોટા લેવાની કામગીરી બાકી છે. |
| (૨) ઉપરોક્ત સમયગાળામાં ફાળવાયેલા બારકોડેડ રાશન કાર્ડમાં તાંત્રિકક્ષતિના કારણે થયેલ ભૂલોને સુધારવા માટે તાલુકાવાર કુલ કેટલી અરજીઓ મળેલ છે, તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થઈ, અને બાકીની પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને | (૨) ઉપરોક્ત સમયગાળામાં ફાળવાયેલા બારકોડેડ રાશન કાર્ડમાં તાંત્રિક ક્ષતિના કારણે થયેલ ભુલોને સુધારવા માટે તાલુકાવાર મળેલ અરજીઓ તથા નિકાલ કરેલ અરજીઓની વિગત દર્શાવતું **પત્રક–૨** આ સાથે સામેલ છે. આ સમયગાળામાં કોઈ અરજી પડતર નથી. |
| (૩) ઉપરોક્ત યોજનામાં તાંત્રિક કારણોથી થતી ભૂલોના કાયમી નિવારણ અને લોકોની હાલાકી દૂર કરવા માટે સરકારનું શું આયોજન છે? | (૩) રેશનકાર્ડમાં થયેલ ભુલો વિના મૂલ્યે સુધારી આપવામાં આવે છે અને રાજ્યકક્ષાએથી સમીક્ષા કરવામાં આવે છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## આણંદ જિલ્લામાં ગ્રાહકોને બારકોડેડ રેશનકાર્ડ

૮૮૪૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ કેટલા આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે બારકોડ રેશનકાર્ડ આપવામાં આવ્યા.

| અ. નં. | તાલુકાનું નામ | બારકોડ રેશનકાર્ડ પૂરાં પાડવામાં આવ્યા |
|---|---|---|
| ૧ | આંકલાવ | ૨૪૮૯૮ |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૭૫૨૦૨ |
| ૩ | આણંદ શહેર | ૩૦૧૨૯ |
| ૪ | ઉમરેઠ | ૩૫૫૦૫ |
| ૫ | ખંભાત | ૫૧૯૬૫ |
| ૬ | તારાપુર | ૧૭૦૯૯ |
| ૭ | પેટલાદ | ૪૯૩૮૫ |
| ૮ | બોરસદ | ૭૬૩૧૮ |
| ૯ | સોજીત્રા | ૧૮૮૨૬ |
| | **કુલ** | **૩૭૯૩૨૭** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગ્રાહકોને આવા કાર્ડ આપવાના બાકી છે, અને

(૨) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી છે.

| અ. નં. | તાલુકાનું નામ | આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | આંકલાવ | ૪૬૯ |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૩૪૯૨ |
| ૩ | આણંદ શહેર | ૪૦૨ |
| ૪ | ઉમરેઠ | ૩૧૨ |
| ૫ | ખંભાત | ૧૩૬૮ |
| ૬ | તારાપુર | ૨૪૩ |
| ૭ | પેટલાદ | ૧૩૯૪ |
| ૮ | બોરસદ | ૩૨૨ |
| ૯ | સોજીત્રા | ૨૧૯ |
| | **કુલ** | **૮૨૨૧** |

(૩) બાકી રહેતા કાર્ડો સત્વરે મળે તે માટે સરકારે શાં પગલાં લીધા, અને આ કામગીરી કરતી એજન્સી કઈ છે?

(૩) બાકી રહેતા કાર્ડો સત્વરે મળે તે માટે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા છે :–

૧. એજન્સી અને જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે દર માસે સમીક્ષા બેઠક કરવામાં આવે છે.

૨. જિલ્લા કક્ષાએ મુલાકાત લઈ માર્ગદર્શન આપવામાં આવે છે.

૩. લોકપ્રતિનિધિશ્રીઓની જાણ હેઠળ પ્રચાર–પ્રસાર કરી બારકોડેડ રેશનકાર્ડ મેળવી લેવા આયોજન કરેલ છે.

આ કામગીરી કરતી એજન્સી મે. ગુજરાત ઈન્ફોટેક લી. અમદાવાદ છે.

---------

**મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૯૪૦૯ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | મહેસાણા | ૩ |
| ૨ | વિસનગર | ૧૮ |
| ૩ | વિજાપુર | ૦ |
| ૪ | ઉંઝા | ૦ |
| ૫ | ખેરાલુ | ૧૮ |
| ૬ | વડનગર | ૦ |
| ૭ | સતલાસણા | ૫૯ |
| ૮ | કડી | ૬૪ |
| ૯ | બેચરાજી | ૩૪ |
| | **કુલ** | **૧૯૩** |

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

(૨) જેમ બને તેમ જલ્દી

---------

**વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં રોપાનું વાવેતર**

૯૧૮૦ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ક્ષેત્રિય વનીકરણ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૧)

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૨૫૭૦.૭૨ |
| ૨૦૧૩–૧૪ | ૧૬૧૫.૮૬ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૫–૨૦૧૪ અંતિત | ૦.૦ |
| **કૂલઃ** | **૪૧૮૬.૫૮** |

જેમાં સાગ, ખેર, સાદડ, બીયો, કડાયો, હરડે, બેહેડા, મહુડા, કલમ, બીલી, કાજુ, કરમદા, સીરસ, સીતાફળ, સીસમ, આંબો, કરંજ, જાંબુ વિગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) આ વાવેતર પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૪૦.૪૪ |
| ૨૦૧૩–૧૪ | ૭૦૮.૨૭ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૫–૨૦૧૪ અંતિત | ૦.૦ |
| **કૂલઃ** | **૧૧૪૮.૭૧** |

---------

**શિક્ષણનો અધિકાર આપતા કાયદા અન્વયે કાર્યવાહી**

૯૮૩૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિક્ષણનો અધિકાર આપતા કાયદા અન્વયે સરકારે સને ૨૦૧૩ના વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરી છે, | (૧) કાયદાનો અમલ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે. |
| (૨) આ કાયદા હેઠળ કઇ કાર્યવાહી હાથ ધરવાની મે–૨૦૧૪ની સ્થિતિએ બાકી છે, અને | (૨) કાર્યવાહી બાકી નથી. |
| (૩) બાકી રહેલી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લાના ખેડૂતોના પાકને ભૂંડ, નીલ ગાય દ્વારા નુકશાન**

૯૭૧૫ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ખેડૂતોના ઉભા પાકને જંગલી ભૂંડો, નીલ ગાય નુકશાન કરે છે, તે સરકાર જાણે છે, | (૧) હા, |
| (૨) જો હા, તો શાં પગલાં લેવા માગે છે, | (૨)<br>(૧) ખેડૂતોના પાકને રક્ષણ માટે સરકારશ્રી દ્વારા ખેડૂતોના ખેતર ફરતે કાંટાળા તાર ની વાડ માટે થનાર ખર્ચના ૫૦ ટકા સહાય આપવાની યોજના અમલમાં છે.<br>(૨) જે વિસ્તારમાં રોઝનો ત્રાસ વધુ હોય તેવા વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂંક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે. |
| (૩) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાકને નુકશાન કરતા અટકાવવા માટે કેટલા ખેડૂતોને તારની વાડ માટે સહાય આપી, અને | (૩) પંચમહાલ જિલ્લામાં નીચે મુજબ સહાય આપી<br>વર્ષ — લાભાર્થીની સંખ્યા<br>૨૦૧૨–૧૩ — ૨૭<br>૨૦૧૩–૧૪ — ૭૧<br>**કુલ — ૯૮** |
| (૪) તે પૈકી શહેરા તાલુકામાં કુલ કેટલા ખેડૂતો છે ? | (૪) શહેરા તાલુકાના ખેડૂતની વિગત નીચે મુજબ છે.<br>વર્ષ — લાભાર્થીની સંખ્યા<br>૨૦૧૨–૧૩ — ૯<br>૨૦૧૩–૧૪ — ૨૧<br>**કુલ — ૩૦** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ**

૮૪૪૧ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા.૩૧–૩–૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૧૦૬ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૧૦.૬૦ લાખ. |

---------

## આણંદ જિલ્લામાં રેશનકાર્ડની પડતર અરજીઓ

૯૫૦૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ બે વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજનની કેટલી અરજીઓ મળી, | (૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની તાલુકાવાર અરજીઓ મળેલ છે. |

| તાલુકાનું નામ | નવા રેશન કાર્ડ | રેશન કાર્ડ વિભાજન |
|---|---|---|
| આણંદ (શ) | ૩૮૫૬ | ૧૯૧ |
| આણંદ (ગ્રા) | ૫૦૪૧ | ૫૬૧ |
| ઉમરેઠ | ૪૧૪૨ | ૨૭૬ |
| આંકલાવ | ૮૦૮ | ૫૬૯ |
| બોરસદ | ૩૨૭૯ | ૧૧૯૦ |
| પેટલાદ | ૨૫૧૩ | ૫૩૧ |
| સોજીત્રા | ૭૦૫ | ૮૨૭ |
| ખંભાત | ૬૩૬૨ | ૧૧૦૭ |
| તારાપુર | ૮૧૪ | ૧૨૮૬ |
| **કુલ** | **૨૭,૫૨૦** | **૬,૫૩૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) તે પૈકી મંજૂર કરેલ અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | નવા રેશન કાર્ડ | રેશન કાર્ડ વિભાજન |
|---|---|---|
| આણંદ (શ) | ૪૨૭૭ | ૧૭૪ |
| આણંદ (ગ્રા) | ૩૩૬૪ | ૩૦૧ |
| ઉમરેઠ | ૩૮૮૦ | ૨૫૩ |
| આંકલાવ | ૭૩૫ | ૫૬૨ |
| બોરસદ | ૩૦૧૨ | ૧૧૨૫ |
| પેટલાદ | ૨૧૦૭ | ૫૦૧ |
| સોજીત્રા | ૬૪૦ | ૮૧૨ |
| ખંભાત | ૫૦૬૭ | ૯૪૭ |
| તારાપુર | ૭૩૩ | ૧૨૩૬ |
| **કુલ** | **૨૩૮૧૫** | **૫,૯૧૧** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલી અરજીઓ પડતર છે, | (૩) પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | નવા રેશન કાર્ડ | રેશન કાર્ડ વિભાજન |
|---|---|---|
| આણંદ (શ) | ૧૪ | ૬ |
| આણંદ (ગ્રા) | ૧૩૭ | ૨૩૫ |
| ઉમરેઠ | ૨૪૨ | ૧૨ |
| આંકલાવ | ૫૧ | ૭ |
| બોરસદ | ૪૮ | ૬૧ |
| પેટલાદ | ૧૦૫ | ૭ |
| સોજીત્રા | ૧૦ | ૧૩ |
| ખંભાત | ૧૩૦ | ૧ |
| તારાપુર | ૦ | ૦ |
| **કુલ** | **૭૩૭** | **૩૪૨** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ | (૪) પડતર અરજીઓ બાબતે સંબંધિત અરજદારો દ્વારા |

કરવામાં આવશે, અને

ખૂટતી વિગતો આધાર પુરાવા તેમજ બાયોમેટ્રીક્સ અને ફોટા આપ્યેથી બનતી ત્વરાએ.

(૫) અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે શાં કારણો છે ?

(૫) અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

(૧) અરજીમાં અપૂરતી વિગતો હોય
(૨) જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં આવ્યા ન હોય
(૩) અરજદાર દ્વારા બાયોમેટ્રીક્સ અને ફોટા આપવામાં આવ્યા ન હોય.

---------

**રાજ્યમાં અન્ન સુરક્ષા અધિકારનો અમલ**

૮૫૩૦ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર, રાજ્યમાં અન્ન સુરક્ષા અધિકારનો અમલ ક્યારથી શરૂ કરવા માગે છે ?

**જવાબ**

સંસદે પસાર કરેલ કાયદાના અમલ માટે કોઈ ઔપચારિક નિર્ણય લેવાનો હોતો નથી. કાયદાની જુદી-જુદી જોગવાઈઓના અમલ માટે જુદી-જુદી સમયમર્યાદા છે. અમુક જોગવાઈનો અમલ એક વર્ષમાં કરવાનો છે. અને અમુક જોગવાઈમાં કોઈ સમયમર્યાદા જણાવી નથી. જોગવાઈની સમયમર્યાદા પ્રમાણે અમલની કાર્યવાહી ચાલુ છે.

---------

**જામનગર અને દેવ-ભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓ**

૯૨૧૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવ-ભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી પ્રાથમિક શિક્ષણ આપતી સંસ્થાઓ આવેલ છે, અને

(૨) આવી સંસ્થાઓ સરકારના નિયમ મુજબ ચાલે છે કે કેમ અને તેમાં શિક્ષકો ફરજ બજાવે છે યોગ્ય લાયકાતવાળા છે કે નહીં ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| જામનગર | - | ૧૬૪ |
| દેવભૂમિદ્વારકા | - | ૧૫૦ |
| કુલ | - | ૩૧૪ |

(૨) હા

જે શિક્ષકો શૈક્ષણિક લાયકાત પૂર્ણ કરતા નથી તેવા શિક્ષકોએ આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ મુજબ પાંચ વર્ષમાં શૈક્ષણિક લાયકાત મેળવવાની જોગવાઈ છે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૯૮૫૩ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં એક કરતા વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે,

**જવાબ**

(૧)

| **અમદાવાદ** | | **ગાંધીનગર** | |
|---|---|---|---|
| બરવાળા | ૧૦ | દહેગામ | ૧૧૭ |
| બાવળા | ૧૭ | ગાંધીનગર | ૪૮ |
| સીટી | ૧૬ | કલોલ | ૨૪ |
| દસ્ક્રોઈ | ૨૦ | માણસા | ૩૪ |
| દેત્રોજ | ૩૬ | **કુલ** | **૨૨૩** |
| ધંધુકા | ૧૧ | | |

| | |
|---|---|
| ધોળકા | ૧૧ |
| માંડલ | ૩ |
| રાણપુર | ૧૦ |
| સાણંદ | ૧૧ |
| વિરમગામ | ૨૦ |
| **કુલ** | **૧૬૫** |

(૨) વિદ્યાર્થીઓના ભણતરમાં અવળી અસર ન થાય તે માટે તમામ ધોરણના વિદ્યાર્થીઓ અલગ-અલગ ઓરડામાં બેસી શકે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ, અને

(૨) હા.

(૩) જો હા, તો ક્યાં સુધીમાં નવા ઓરડાઓ બનાવવામાં આવશે ?

(૩) આર.ટી.ઈ. એક્ટ મુજબ નવા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલ્દી બનાવવામાં આવશે.

---------

**જૂનાગઢ જિલ્લાની જમીન પ્રૉટેક્ટેડ ફૉરેસ્ટ એરિયા તરીકે તબદીલ કરવા અંગે**

૯૧૬૭ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા જાહેરનામાઓ દ્વારા નિયુક્ત કરેલ ફૉરેસ્ટ સેટલમેન્ટ કમિશ્નરશ્રીઓ દ્વારા બહાર પાડેલ એવોર્ડ મુજબ કેટલી જમીનો જૂનાગઢ જિલ્લાની નવરચીત ગીર સોમનાથ જિલ્લાની અન્ય હેડમાંથી કમી કરી પ્રૉટેક્ટેડ ફૉરેસ્ટ એરિયા તરીકે તબદીલ કરી, અને

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર ના ખેતી, વન અને સહકાર વિભાગ ના સને ૧૯૭૫ ના જાહેરનામા ઓથી જાહેર થયેલ પ્રૉટેક્ટેડ ફૉરેસ્ટ વિસ્તાર પૈકી ૬૧૨૯.૯૯ હેક. પ્રૉટેક્ટેડ ફૉરેસ્ટ નવરચિત ગીર સોમનાથ જીલ્લામાં આવેલ છે.

(૨) ગીર પશ્ચિમ વિભાગને ક્યારે સોંપવામાં આવી ?

(૨) સદરહુ વિસ્તાર જાહેરનામાંની તારીખ એટલે કે, તા. ૮-૧-૧૯૭૫ થી ગીર પશ્ચિમ વિભાગ હસ્તક છે.

---------

**કેરોસીનના ટેન્કરોમાં ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ મૂકવાનો નિર્ણય**

૯૪૨૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા.૧૨-૩-૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૩૫૬ (અગ્રતા-૧૮૬) અન્વયે **માનનીય નાગરિક પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વ્યાજબી ભાવની દુકાનો મારફતે વિતરણ થતા કેરોસીનના ટેન્કરોમાં ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ મૂકવા માટે સર્વીસ પ્રોવાઇડરની પસંદગી અને નિમણુંક થયેથી કેરોસીન ટેન્કરોમાં જી.પી.એસ. મૂકવામાં આવનાર છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી તા.૩૧ મે, ૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સાથે આ બાબતની કામગીરી હાલ ચાલુમાં છે.

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરી તમામ ટેન્કરોમાં જી.પી.એસ. સીસ્ટમ મૂકવામાં આવનાર છે ?

(૩) કેરોસીનના ટેન્કરોમાં ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ મુકવા માટે સર્વીસ પ્રોવાઈડરની પસંદગી પુર્ણ થયે તમામ ટેન્કરોમાં જી. પી. એસ. સીસ્ટમ મુકવામાં આવશે.

---------

**રાજકોટ શહેર અને જિલ્લામાં નવી બારકોડેડ રેશનકાર્ડમાં ક્ષતિઓ**

૯૫૯૧ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ

(૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ

દરમ્યાન રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશનકાર્ડ કેટલા ઇસમોને આપવામાં આવ્યા, અને

દરમ્યાન રાજકોટ શહેર અને જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવેલ છે.

| નં. | તાલુકાનું નામ | બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઝોનલ–૧ | ૧૪૮૩૦૬ |
| ૨ | ઝોનલ–૧ | ૧૩૬૫૩૨ |
| ૩ | રાજકોટ તાલુકા | ૪૧૬૨૦ |
| ૪ | લોધીકા | ૧૨૮૦૮ |
| ૫ | ગોંડલ | ૭૩૦૫૧ |
| ૬ | કોટડા–સાંગાણી | ૨૫૧૮૯ |
| ૭ | જેતપુર | ૬૪૫૧૩ |
| ૮ | ધોરાજી | ૪૨૬૮૬ |
| ૯ | ઉપલેટા | ૪૩૦૬૩ |
| ૧૦ | જામ કંડોરણા | ૨૧૧૯૬ |
| ૧૧ | પડધરી | ૧૬૯૨૪ |
| ૧૨ | જસદણ | ૪૬૧૯૨ |
| ૧૩ | વિછીંયા | ૨૬૮૫૦ |
| | **કુલઃ** | **૬૯૮૯૩૦** |

(૨) આ બારકોડેડ રેશનકાર્ડમાં વ્યાપક ક્ષતિઓ રહેવા પાછળના કારણો શાં હતા અને તે સુધારવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) રેશનકાર્ડ માટે ભરાયેલ ફોર્મ નં.૧–માં અધુરી વિગતો, ડેટાએન્ટ્રીમાં તથા પ્રિન્ટમાં થયેલ ભુલોનાં કારણે ક્ષતિઓ રહેવા પામેલ ક્ષતિવાળા રેશનકાર્ડમાં જરૂરી ભુલો વિનામૂલ્યે સુધારી આપવામાં આવે છે.

---------

**કચ્છ જિલ્લાના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોનું મંજૂર મહેકમ**

૮૮૪૨ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોનું મંજૂર મહેકમ કેટલું,

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ક્યારે ભરાશે ?

**જવાબ**

(૧)

| તાલુકો | મંજુર મહેકમ |
|---|---|
| અબડાસા | ૯૬૫ |
| લખપત | ૫૬૫ |
| નખત્રાણા | ૧૦૫૨ |
| **કુલઃ** | **૨૫૮૨** |

(૨) ૧૦૯૦.

(૩) જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**શૈક્ષણિક ટ્રીબ્યુનલમાં કેસોનો ભરાવો**

૮૮૦૩ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યની પાંચ જુદી–જુદી શૈક્ષણિક ટ્રીબ્યુનલમાં કેટલા કેસોનો

**જવાબ**

(૧) કુલઃ પડતર કેસોઃ ૨૩૯૧

ભરાવો થયેલ છે,

| | |
|---|---|
| (૨) તે અન્વયે આ ટ્રીબ્યુનલમાં કેટલા જજોની નિમણૂંક કરવાની બાકી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે, અને કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં નવી સરકારી માધ્યમિક શાળાઓ**

૯૬૯૭ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલી છે, | (૧) ૧૭ (સત્તર) |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી, અને | (૨) એક પણ નહીં. |
| (૩) તે ક્યા સ્થળે શરૂ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નર્સરી/રોપઉછેર કેન્દ્રો**

૯૪૪૭ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓમાં તાલુકાવાર કુલ કેટલી નર્સરી/રોપઉછેર કેન્દ્રો આવેલ છે, | (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓના તમામ તાલુકામાં અનુક્રમે ૨૧ અને ૧૭ નર્સરી/રોપ ઉછેર કેન્દ્રો આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્સરીમાં તેમજ વૃક્ષોના જતન પાછળ નર્સરી વાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ઉકત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં રૂા.૨૪૭.૪૮ લાખ અને મહેસાણા જિલ્લામાં રૂ.૨૫૭.૯૦ લાખ મળી કુલ રૂપિયા ૫૦૫.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. નર્સરીવાર ખર્ચ *પત્રક–૧ માં સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાઓમાં તાલુકાવાર નર્સરીમાં ક્યા જાતના કેટલા રોપાઓ હયાત છે ? | (૩) ઉકત સ્થિતિએ જિલ્લાઓમાં તાલુકાવાર નર્સરીમાં વિવિધ જાતના હયાત રોપાઓની વિગત પત્રક–૨ માં સામેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં ખેડૂતોને જંગલની જમીન હક્ક પેટે આપવા બાબત**

૯૮૮૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાંથી કુલ કેટલી જંગલની જમીનો ખેડૂતોને હક્કપેટે આપવામાં આવી, અને | (૧) સાબરકાંઠા ૧૦૭૯ હેકટર<br>અરવલ્લી ૨૩૮૯ હેકટર |
| (૨) બાકી રહેલ જંગલની જમીનના હક્કો કેટલા સમયમાં સરકાર ખેડૂતોને આપવા માંગે છે ? | (૨) નિયમ મુજબ બને તેમ જલ્દી. |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની શાળાઓમાં આદિવાસી બાળકોનું શિક્ષણ

૯૮૧૨ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ શિક્ષકોનું મહેકમ મુકવામાં આવતું હોઇ બધા ધોરણમાં વર્ગ પ્રમાણે શિક્ષકો મળતા નથી અને ધોરણ પ્રમાણે ઓરડા પણ હોતા નથી, જે બાબત સરકાર જાણે છે, અને | (૧) રાઇટ ટુ એજ્યુકેશન એકટની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો આના લીધે બાળકોના શિક્ષણ પર અવળી અસર પડવા માંડી છે જેથી સરકાર ધોરણ પ્રમાણે એક શિક્ષક અને એક ઓરડાની વ્યવસ્થા કરવા માંગે છે કે કેમ ? | (૨) રાજ્ય સરકારશ્રીની હાલની નિતી અનુસાર શિક્ષક દીઠ એક ઓરડાની વ્યવસ્થા કરવામાં આવે છે. |

---------

## વ્યારા તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ

૯૫૪૧ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ વ્યારા તાલુકામાં પ્રાથમિક શિક્ષણના ઓરડાની કેટલી ઘટ છે, | (૧) ૭૬ |
| (૨) તે અન્વયે એક ઓરડાવાળી સ્કુલોની કેટલી સંખ્યા છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) વધુ ઓરડાઓ બનાવી વિદ્યાર્થીઓને અભ્યાસમાં અનુકુળતા રહે તે માટે વધારાના વર્ગખંડ સરકાર બનાવવા માંગે છે કે કેમ ? | (૩) હા |

---------

## વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ ધો.૧૧ અને ૧૨ ના સાયન્સના વર્ગો

૮૮૪૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે વનબંધુ યોજના અન્વયે વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ધો.૧૧ અને ૧૨ ના સાયન્સના વર્ગો મંજૂર કર્યા છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં ટ્રાયબલ વિસ્તાર ન હોવાથી વનબંધુ યોજના હેઠળ વર્ગો મંજુર કરવાનો પ્રશ્ન નથી.

- છોટા ઉદેપુર જિલ્લામાં સાયન્સ પ્રવાહ મંજુર કરેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ધો.૧૧ નો વર્ગ | ધો.૧૨ નો વર્ગ |
|---|---|---|---|
| ૧ | નસવાડી | ૦૧ | ૦૧ |
| ૨ | કવાંટ | ૦૧ | ૦૧ |
| | **કુલઃ** | **૦૨** | **૦૨** |

**પ્રશ્ન**

(૨) જો હા, તો સાયન્સના વિદ્યાર્થીઓને કોલેજ અભ્યાસ માટે નસવાડી તાલુકામાં કોલેજ ખોલવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૨) ના, જી.

---------

## દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રતનમહાલ રીંછ અભ્યારણ્યમાં રીંછો-વાઘ અને દીપડા

૮૫૩૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ | (૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના |

જિલ્લાના ધાનપુર તાલુકાના રતનમહાલ રીંછ અભયારણ્યમાં કેટલા રીંછો–વાઘ અને દીપડા છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

રતનમહાલ રીંછ અભયારણ્યમાં રીંછ–૨૬ અને દિપડા–૩૮ ની સંખ્યા નોંધાયેલ છે. વાઘની વસ્તી નથી.

(૨) તા. ૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રતનમહાલ રીંછ અભયારણ્યમાં નીચે મુજબ વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ છે.

| | વર્ષ | ખર્ચની રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૮૫.૧૪ લાખ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૯૧.૬૬ લાખ |

---------

## સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ

૮૭૮૬ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓની ઘટ છે, અને આ ઘટ પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ છે.

| ક્રમ | તાલુકો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાયડ | ૧૪૨ |
| ૨ | ભિલોડા | ૮૧ |
| ૩ | ધનસુરા | ૯૩ |
| ૪ | હિંમતનગર | ૧૫૮ |
| ૫ | ઈડર | ૯૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૨૮૩ |
| ૭ | માલપુર | ૨૫ |
| ૮ | મેઘરજ | ૪૩ |
| ૯ | મોડાસા | ૧૪૪ |
| ૧૦ | પ્રાંતિજ | ૫૬ |
| ૧૧ | તલોદ | ૮૦ |
| ૧૨ | વડાલી | ૪૦ |
| ૧૩ | વિજયનગર | ૫૪ |
| | કુલ | ૧૨૮૯ |

આ ઘટ પુરી કરવા સાબરકાંઠા જિલ્લા માટે ચાલુ વર્ષ ૨૦૧૪–૧૫ના સર્વ શિક્ષા અભિયાનના બજેટમાં મંજૂર થયેલ ૧૩૬ ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે. બાકી રહેતા ઓરડાની ઘટ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ જલ્દી પૂરી કરવામાં આવશે.

---------

## દાહોદ જિલ્લામાં સરકારી શાળાઓ માટે મધ્યાહન ભોજન યોજનાની સામગ્રીની ખરીદી

૯૬૬૮ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા દાહોદ જિલ્લામાં સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને જમવામાં શું આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં સરકારી શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનામાં બાળકોને નીચે મુજબના અઠવાડિક મેનુ પ્રમાણે જમવાનું આપવામાં આવે છે અને દર ગુરુવારે બપોરના ૨.૦૦ કલાક બાદ સુખડી આપવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ખીચડી–શાક | થુલી–શાક | દાળ–ભાત | થુલી–શાક | ખીચડી–શાક | કંસાર–શાક |
| ૨ | ગરબાડા | | | | | પુલાવ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ધાનપુર | | | | લાપસી–શાક | | |
| ૪ | દેવગઢ બારીયા | લાપસી–શાક | ખીચડી–શાક | દાળ–ઢોકળી | દાળ–ભાત | થુલી–શાક | પુલાવ |
| ૫ | લીમખેડા | ખીચડી–શાક | થુલી–શાક | દાળ–ભાત | લાપસી–શાક | પુલાવ | કંસાર–શાક |
| ૬ | ઝાલોદ | | | | થુલી–શાક | | |
| ૭ | ફતેપુરા | | | | | ખીચડી–શાક | |

(૨) જમવા માટેની સામગ્રી કોના દ્વારા ખરીદ થાય છે , અને

(૨) ૧. ઘઉં અને ચોખા ભારત સરકારશ્રી દ્વારા ભારતીય ખાદ્ય નિગમ મારફતે તથા

૨. દાળ અને કપાસીયા તેલ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ મારફતે પુરા પાડવામાં આવે છે.

૩. શાકભાજી, મસાલા, ગોળ વિગેરે ખરીદી મ. ભો. યો. કેન્દ્ર સંચાલક દ્વારા ખરીદવામાં આવે છે.

(૩) ખરીદેલ સામગ્રી સંચાલકને ત્યાં રાખવામાં આવે છે કે શાળાના આચાર્યશ્રી પાસે ?

(૩) બંન્ને પૈકી કોઈની પાસે નહિ પરંતુ ખાદ્ય સામગ્રીનો તમામ જથ્થો આચાર્યશ્રીની દેખરેખ હેઠળ શાળા ખાતે રાખવામાં આવે છે.

---------

**પંચમહાલ જિલ્લામાં આદિવાસી વિદ્યાર્થી/કન્યાઓ માટે છાત્રાલયો**

૯૯૧૯ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિવાસી કુમાર તથા કન્યાઓ માટે કેટલા છાત્રાલયો તાલુકાવાર કાર્યરત છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ છાત્રાલયો | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | હાલોલ | ૨ | ૧ |
| ૨ | મોરવા (હ) | ૭ | ૩ |
| ૩ | જાંબુઘોડા | ૨ | – |
| ૪ | કાલોલ | ૪ | ૧ |
| ૫ | ગોધરા | ૬ | ૧ |
| ૬ | ઘોઘંબા | ૧૧ | ૬ |
| ૭ | શહેરા | ૧ | – |
| | કુલઃ | ૩૩ | ૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ/કન્યાઓની કેટલી સંખ્યા છે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ વિદ્યાર્થીઓ | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | હાલોલ | ૭૮ | ૫૦ |
| ૨ | મારવા (હ) | ૩૪૭ | ૧૧૦ |
| ૩ | જાંબુઘોડા | ૯૬ | – |
| ૪ | કાલોલ | ૧૨૪ | ૧૧૨ |
| ૫ | ગોધરા | ૨૩૯ | ૪૬ |
| ૬ | ઘોઘંબા | ૭૭૨ | ૩૨૦ |
| ૭ | શહેરા | ૭૬ | – |
| | કુલઃ | ૧૭૩૨ | ૬૩૮ |

---------

**રાજ્યમાં ટ્યુશન પ્રથામાં પકડાયેલા ઈસમો સામે પગલાં**

૮૫૯૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરાકારે રાજ્યમાં ટ્યુશન પ્રથા પર રોક લગાવવા જિલ્લાવાર સ્કવોર્ડ બનાવી હતી તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાંથી કેટલા કેસો આ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવ્યા, અને પકડાયેલા ઈસમો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) ૦૨ (બે) ફરિયાદ અરજીઓ મળેલ આકસ્મિક તપાસ કરતાં ટ્યુશન કરતા કોઈ પકડાયેલ નથી.

---------

**વલસાડ જિલ્લામાં આદિજાતિ આશ્રમશાળાઓમાં શિક્ષકોની ઘટ**

૯૧૮૧ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર આદિજાતિ આશ્રમશાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨) આ ઘટ પૂરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર આદિજાતિ આશ્રમશાળાઓમાં નીચે મુજબ ૪૧ શિક્ષકોની ઘટ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકોની ઘટની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૦૧ |
| ૨ | પારડી | ૦૪ |
| ૩ | ઉમરગામ | ૦૫ |
| ૪ | કપરાડા | ૦૮ |
| ૫ | ધરમપુર | ૨૩ |
| | કુલ | ૪૧ |

(૨) જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર**

૯૭૧૭ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રાહક ભંડારો પર કરવામાં આવેલ તપાસમાં તાલુકાવાર કેટલી ગેરરીતીઓ મળેલ,

(૩) તે પૈકી શહેરા તાલુકામાં કેટલી, અને

(૪) તેના પર શાં પગલા લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ ૪૮૭ પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર આવેલ છે (તાલુકાવાર પત્રક-૧ સામેલ છે.)

(૨) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૨૩૫ તપાસોમાં ગેરરીતીઓ મળેલ છે. (તાલુકાવાર પત્રક-૨ સામેલ છે.)

(૩) શહેરા તાલુકામાં ૧૫ તપાસોમાં ગેરરીતીઓ જણાયેલ છે.

(૪) ૧૧ તપાસોમાં રૂ. ૩,૬૨૫/-ની પરવાના અનામત રાજ્યસત કરવામાં આવી અને રૂ. ૧,૩૬૨/- દંડ કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં રોપાનું વાવેતર**

૯૫૦૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા રોપાનું વાવેતર કરવામાં આવ્યુ,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પત્રકમાં દર્શાવ્યા મુજબ કુલ-૬૮.૪૫ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું. (*પત્રક આ

(૨) આ વાવેતર કરેલ રોપા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરેલ રોપા પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વૃક્ષો જીવીત છે ?

*(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સાથે સામેલ છે)

(૨) કુલ રૂ. ૧૦૮૭.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) કુલ ૫૫.૩૬ લાખ રોપા જીવીત છે.

---------

**રાશન મેળવવા ગ્રાહકોને પડતી મુશ્કેલી**

૮૫૩૧ **પ્રો. શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૪ની સ્થિતિએ રાજ્યમાં પ્રવર્તમાન ધારા–ધોરણો પ્રમાણે રાશન મેળવવા માટે ગ્રાહકો ખરાઈ માટે ગ્રામપંચાયત કચેરીએ જવું પડે છે અને ત્યારબાદ રાશનની દુકાને જવાથી રાશન પ્રાપ્ત થાય છે આ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર ગ્રાહકને અનુકુળતા કરી આપવા માટે નવો સરળ ઉપાય વિચારે છે, કે કેમ ?

**જવાબ**

(૧) રેશનકાર્ડ ધારકને રાશન મેળવવા માટે ગ્રામ પંચાયતે ખરાઈ કરવા માટે જવું પડતુ નથી. પરંતુ બારકોડેડ રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર આવશ્યક ચીજ–વસ્તુઓનો જથ્થો મેળવવા માટે પોતાના (બાયોમેટ્રીક) ફીંગર પ્રીન્ટ આપી બારકોડેડ કુપન મેળવવા ગ્રામ્યકક્ષાએ ઈ–ગ્રામ ખાતે પંચાયત કચેરીએ જવાનું રહે છે.

(૨) રેશનકાર્ડ ધારકોને ઈ–કુપન મેળવવામાં સરળતા રહે તે માટે નીચે મુજબની વ્યવસ્થા કરેલ છે.

૧. ગામમાંથી/તેમના વિસ્તારમાંથી બારકોડેડ કુપન મળે તે માટે કોઈપણ વ્યક્તિ રજીસ્ટ્રેશન કરાવે તો તેમને બારકોડેડ કુપન ઈસ્યુ કરવા અધિકૃત કરવામાં આવે છે.

૨. વ્યાજબી ભાવની દુકાનના સંચાલક યાંત્રીક ઉપકરણ (હેન્ડ–હેલ્ડ ટર્મિનલ) વસાવે તે બાબત વિચારણા હેઠળ છે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા**

૯૮૫૪ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા નથી અને કેટલી શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા નથી, અને

(૨) આવી તમામ શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા અને અલગ અલગ શૌચાલયની વ્યવસ્થા કયાં સુધીમાં કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં બારકોડેડ રેશન કાર્ડ**

૯૧૬૮ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા બારકોડ રેશનકાર્ડ પૂરા પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતેના બારકોડેડ રેશનકાર્ડ પૂરા પાડવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | પૂરા પાડવામાં આવેલ બારકોડ રેશનકાર્ડ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ઉના | ૫૪૮૨૩ |
| ૨ | કોડીનાર | ૪૦૧૬૭ |
| ૩ | ગીરગઢડા | ૧૪૭૫૯ |
| ૪ | તાલાલા | ૨૭૨૪૫ |
| ૫ | વેરાવળ | ૫૭૪૫૭ |
| ૬ | સુત્રાપાડા | ૨૪૪૫૭ |
| | કુલ | ૨૧૮૯૦૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ઇસમોને બારકોડ રેશન કાર્ડ આપવાના બાકી છે, અને

(૨) ઉકત સ્થિતિએ નીચે મુજબના ઇસમોને બારકોડેડ રેશન કાર્ડ આપવાના બાકી છે.

| અ.નં. | તાલુકાનું નામ | આપવાના બાકી બારકોડ રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | ઉના | ૨૪૧૮ |
| ૨ | કોડીનાર | ૧૧૬૩ |
| ૩ | તાલાલા | ૬૯૧ |
| ૪ | વેરાવળ | ૧૩૦૬ |
| ૫ | સુત્રાપાડા | ૬૩૩ |
| | કુલ | ૬૨૧૧ |

(૩) આવા બારકોડ રેશન કાર્ડમાં વ્યાપક ક્ષતિઓ અન્વયે જવાબદાર કોન્ટ્રાકટર સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ ?

(૩) બારકોડેડ રેશન કાર્ડમાં ક્ષતિઓ વિના મૂલ્યે સુધારી આપવામાં આવે છે તથા એજન્સીને નોટીસ આપવામાં આવે છે.

---------

**જામનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડમાંથી છૂટા પડેલાને એ.પી.એલ. કાર્ડ આપવા બાબત**

૯૪૨૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૨ અને ૨૦૧૩ના વર્ષમાં બી.પી.એલ. કુટુંબમાંથી છૂટા પડેલા કેટલા વ્યક્તિ/ કુટુંબને બી.પી.એલ.ને બદલે એ.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા,

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૨ અને ૨૦૧૩ના વર્ષમાં બી.પી.એલ. કુટુંબમાંથી છૂટા પડેલા અનુક્રમે ૨ અને ૨૦ વ્યકિત/કુટુંબને બી.પી.એલ. ને બદલે એ.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા.

(૨) બી.પી.એલ. કુટુંબમાંથી છૂટા પડેલા સભ્યને એ.પી.એલ. કાર્ડ આપવાથી તેમને રાહત દરનું અનાજ મળી શકતું નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) બી.પી.એલ. કુટુંબમાંથી છૂટા પડેલા સભ્યને એ.પી. એલ. રેશનકાર્ડ આપવામાં આવે, ત્યારે સરકારશ્રીના એ.પી. એલ. યોજના મુજબ મળવાપાત્ર અનાજનો જથ્થો લાભાર્થીને આપવામાં આવે છે.

(૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે તથા બી.પી.એલ. પરિવારના વ્યકિતનો હક્ક છિનવાઇ ન જાય તે માટે સરકારે તા. ૩૧ મે-૨૦૧૪ની સ્થિતિએ શી વ્યવસ્થા કરી છે ?

(૩) બી.પી.એલ. કુટુંબમાંથી છૂટા પડેલા વ્યકિત જો બી.પી.એલ. રેશનકાર્ડ માટેના નક્કી કરેલ ધોરણો સંતોષતો હોય તો તેને બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવે છે. અન્યથા એ.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવે છે. આમ, મળવાપાત્ર કેટેગરીનું રેશનકાર્ડ આપવાથી બી.પી.એલ. પરિવારના વ્યકિતના હક્ક છીનવાઈ જતાં નથી.

---------

**મહેમદાવાદ અને ખેડા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની, શૌચાલયની તેમજ કંપાઉન્ડ વોલની સગવડ**

૯૬૯૮ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તેમજ ખેડા તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની, શૌચાલયની તેમજ કંપાઉન્ડ વોલની સગવડ નથી, અને

(૧) ખેડા જિલ્લાના મહેમદાવાદ તેમજ ખેડા તાલુકાની તમામ શાળાઓમાં પીવાના પાણીની તેમજ શૌચાલયની સગવડ છે. અને ખેડા તાલુકામાં ૧૩ તથા મહેમદાવાદ તાલુકામાં ૫૪ પ્રાથમિક શાળાઓમાં કંપાઉન્ડ વોલની

સગવડ નથી.

(૨) આ શાળાઓમાં ક્યાં સુધી આ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે ?

(૨) આ સુવિધા આગામી વર્ષોમાં તબક્કાવાર આયોજન કરી પૂરી પાડવામાં આવશે.

---------

**વ્યારા તાલુકામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત છાત્રાલયો**

૯૫૪૨ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી કન્યા/કુમાર છાત્રાલયો કાર્યરત છે,

(૧) ૨૦ કન્યા છાત્રાલયો અને ૧૬ કુમાર છાત્રાલયો.

(૨) એક છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓની ભણવા માટેની ક્ષમતા છે, અને

(૨) માન્ય સંખ્યા મુજબ.

(૩) આ છાત્રાલયો પાછળ વાર્ષિક ખર્ચ કેટલો થાય છે?

(૩) રૂ઼ા. ૨૮૮.૭૬ લાખ

---------

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ**

૮૮૪૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ચાલતી માધ્યમિક શાળાઓ કેટલી ગ્રાન્ટેડ છે અને કેટલી નોન-ગ્રાન્ટેડ છે, અને

(૧)

| ક્રમ | જિલ્લો | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૪૨ | ૧૯૪ | ૪૩૬ |
| ૨ | છોટા ઉદેપુર | ૬૩ | ૧૪ | ૭૭ |
| | કુલ | **૩૦૫** | **૨૦૮** | **૫૧૩** |

(૨) આ ટ્રાયબલ વિસ્તારમાં ચાલતી શાળાઓ ગ્રાન્ટેડ કરવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

(૨) નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

---------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## મેટ્રો-લિન્ક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મેટ્રો-લિન્ક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડના સન ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો,હિસાબો, ઓડિટ અહેવાલો, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત રાજય પ્રેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો અહેવાલ

**શ્રી શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨-૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો અહેવાલ

**શ્રી ગણપતભાઇ વે. વસાવા (આદિજાતિ વિકાસ મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો અહેવાલ**

**શ્રી** શ્રી બાબુભાઇ બોખીરીયા (પાણી પુરવઠા મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૨-૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી** શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગના સન ૨૦૧૩ના ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેના

(૧) તા. ૨૬-૨-૨૦૧૪ના જાહેરનામાં ક્રમાંક-જીએસ(૭)/૨૦૧૪/એનએપી-૧૦૨૦૧૩/૮૧૭/એઆરટીડી-૧

(૨) તા. ૨૬-૨-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએસ/૮/૨૦૧૪/એનએપી-૧૦૨૦૧૩/૮૧૭/એઆરટીડી-૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૫૨૬ (અગ્રતાક્રમ-૬)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી** શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રાજય કક્ષાના શિક્ષણમંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૪-૨-૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી જવાહરભાઇ ચાવડાના 'જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓનો અભાવ' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૫૨૬ (અગ્રતાક્રમ-૬) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સરકારી વિધેયક**

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૦**

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક, ૨૦૧૪

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, [1]રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૧૪નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

* વિધેયક તા. ૨૭મી જૂન, ૨૦૧૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૪નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી રાજય સરકાર માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ નીચે પ્રજાલક્ષી, નાગરિકલક્ષી અને લાભાર્થીલક્ષી આયોજનો સતત કરવા માટે કટિબદ્ધ છે. અમે ગઇકાલે જ મહેસૂલ વિભાગમાં જૂના વિટંબણા ભરેલા કાયદામાં સુધારો કરીને ખેડૂતોને હળવાશ થાય, લાભ થાય અને વિવાદો ઓછા થાય તેવો કાયદો આપણી વિધાનસભા ગૃહે મંજૂર કર્યો. એ જ રીતે આજે અમે નવો કાયદો શહેરી વિકાસ વિભાગ તરફથી આ સન્માનનીય ગૃહમાં રજૂ કરીએ છીએ, તેનો પણ શુભ આશય એ ગુજરાતનો વિકાસ વધતો જાય છે, ગુજરાતમાં શહેરીકરણ વધતું જાય છે. ગુજરાતમાં ૪૫ ટકા જેટલી પ્રજા, નાગરિકો, આઠ મહાનગર અને ૧૫૯ નગરપાલિકાઓમાં વસવાટ કરતા હોય અને તેમાં પણ દિનપ્રતિદિન ઉદ્યોગો, વાણિજ્ય સેવાઓ, શિક્ષણ, આરોગ્ય બધી રીતે શહેરોની સેવાઓ સુદ્રઢ થતી જતી હોય, ધંધા, વ્યવસાય, રોજગાર માટે વધુને વધુ ગુજરાતના નાગરિકો પણ ગુજરાતના શહેરો તરફ આગળ વધતા હોય અને અન્ય રાજયોના નાગરિકો પણ જયારે ગુજરાતના શહેરી વિસ્તારોમાં વસવાટ કરવા આવતા હોય ત્યારે સ્વાભાવિક છે કે જે તે શહેર અથવા નગરપાલિકા, મહાનગરપાલિકા એ આવનારા નાગરિકો સારી રીતે વસવાટ કરી શકે, તેમના માટે સારી સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાય, તેમના માટે રોડ, રસ્તા, વીજળી, પાણી, ભૂગર્ભ ગટર, ચોમાસુ પાણી માટેની સ્ટોર્મ વોટર યોજનાઓ આ બધું જ સારી રીતે કરી શકાય. બાળકોને, નાગરિકોને, વડીલોને બેસવા માટે બગીચા બને, હરવાફરવા માટેની સુવિધા ઉપલબ્ધ થાય, આંગણવાડીઓ બને, દવાખાના બને. આમ બધી રીતે લોક સુખાકારી સગવડમાં વધારો કરવા માટે સ્વાભાવિક છે કે શહેરનો વિકાસ સુઆયોજીત રીતે અને ખૂબ સારી રીતે કરવો જોઇએ. આપણે અત્યારે કેટલાક શહેરોમાં કેટલાક જૂના વિસ્તારોમાં જોઇએ છીએ કે ભૂતકાળમાં પૂરતી કાળજી ન રાખવાને કારણે, ભૂતકાળમાં પૂરતું આયોજન ન થવાને કારણે કયાંક મોટા પ્રમાણમાં ગીચતા વધી ગઇ છે. કયાંક મોટા પ્રમાણમાં સોસાયટીઓ બની ગઇ. હજારો લોકો રહેતા હોય એવા ફ્લેટ વગેરે બની ગયા, પણ નાગરિકોને આવવા જવા માટે પૂરતા રસ્તા ન હોય. ગુજરાતનો જે રીતે વિકાસ થઇ રહ્યો છે, પ્રગતિ થઇ રહી છે. સમૃદ્ધિ વધી રહી છે તેના કારણે વાહનોની સંખ્યા વધી રહી છે. બધી જ રીતે શહેરી જમીનો ઉપર માનવીની જરૂરિયાત સંતોષવી હોય તો તેનો સુઆયોજીત વિકાસ કરવો જોઇએ. ભલે ભૂતકાળમાં અગાઉ અન્ય પક્ષોની સરકારોએ કાળજી રાખી કે ન રાખી પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકાર તરફથી, માનનીય આનંદીબેનની સરકાર તરફથી આ કાળજી રાખવા માટે અમે જયારે વિચારણા કરી ત્યારે સરકાર તરફથી શહેરી વિકાસ વિભાગમાં અધિકારીઓ સાથે, નાગરિકો સાથે, સંબંધિત એસોસિએશનો સાથે ચર્ચા–વિચારણા કરીને આપણો જે મૂળ કાયદો ગુજરાતમાં ટી.પી. એકટ છે તેમાં સુધારા માટે અમે અહીં આવ્યા છીએ. આપણો મૂળ કાયદો છે તે ૧૯૭૬માં અમલી બનેલો. એટલે ઘણા વર્ષોથી આ કાયદો અમલમાં છે. તેની બધી જોગવાઇઓ પણ અમલમાં છે. ૧૯૭૬ના કાયદામાં અગાઉ સરકારે ૧૯૭૮માં કેટલીક બાબતોના સુધારા કરેલા તે વખતે કાયદો સુધારવામાં આવેલો. ૧૯૮૬માં સરકારે સુધારો કર્યો કે જે ટી.પી. બને તેમાં ૧૦ ટકા જમીન એ આર્થિક અને સામાજીક રીતે ગરીબ અને નબળા વર્ગના લોકો માટેની હાઉસીંગ કોલોની બનાવવા એ જમીનો રીઝર્વ રાખી. એ સિવાય ૧૯૯૫માં એક સુધારો કર્યો તેમાં સ્ક્રુટિની ફી અને એમ્યુનિટી ચાર્જ લેવા એવી જોગવાઇ ઉમેરી. ૧૯૯૯માં આપણે સરકારી કંપની જી.યુ.ડી.સી.ને સત્તા મંડળ તરીકે કામ કરવાની જવાબદારી સોંપવી એવો ઠરાવ થયો. ત્યાર બાદ તેમાં પૂર્ણ સફળતા ન મળતા આપણે એ જોગવાઇ ૨૦૦૪માં રદ કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ તે પ્રમાણે ૨૦૦૧માં ગુજરાતમાં અને ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં અને અમદાવાદમાં જે મહા વિનાશક ભૂકંપ આવ્યો. એ વખતે તાત્કાલિક નવા

મકાનો બનાવવા પડે, જૂના મકાનો ખસેડવા પડે, બધા જ મકાનો પડી ગયેલા, કોઇ હદ રેખા નિશ્ચિત થતી નહોતી. એવા વખતે અસલ માલિકને અસલ જગ્યા ઉપર સરકારની સહાયથી મકાન બને આ બધું કરવા માટે કાયદામાં સુધારો કરી અને ૨૦૦૧માં ૬–બીની કલમ ઉમેરેલી અને ૨૦૦૨ના એ ભૂકંપ પછી વિકાસ યોજનાઓને જે લાગુ કરીએ એ તારીખથી જ બીજી બધી પ્રક્રિયાઓ મુલતવી રાખી અને વિકાસ યોજના મંજૂર થઇ જાય એ પ્રમાણે સમય બચાવવા માટે આપણે જોગવાઇ કરેલી. એવી રીતે હવે જેમ મેં અગાઉ કહ્યું એમ અત્યારે ગુજરાતમાં શહેરીકરણ વધી રહ્યું છે. દરેક નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓમાં સુઆયોજિત વિકાસ થાય, આવનારા ભવિષ્યનું દીર્ઘદ્રષ્ટિભર્યું આયોજન કરીને વિકાસ થાય અને આવનારા દાયકાઓમાં એનો લાભ મળતો રહે અને લોકોને ખૂબ સારી રીતે રહેવા માટેની સુવિધાઓ પ્રાપ્ત થાય. પબ્લિક એમીનીટી, નગરપાલિકાને પાણીની લાઇન નાખવી હોય, ભૂગર્ભ ગટર કરવી હોય, બગીચા બનાવવા હોય, આંગણવાડી બનાવવી હોય, દવાખાના બનાવવા હોય તો એના માટેની લોક જરૂરિયાતની કામગીરી કરવા જમીનો પ્રાપ્ત થાય. આવા બધા શુભ આશય સાથે આજે આ જે બિલ લાવ્યો છું એમાં નવી કલમો જે આપણે ઉમેરી છે એની રૂપરેખા હું માનનીય સદસ્યશ્રીઓને આપુ છું.

અત્યાર સુધી આપણે પ્રવર્તમાન જે કાયદો છે એ કાયદા પ્રમાણે નગરપાલિકાઓમાં ટી.પી. કમિટી બનાવવી દરેક નગરપાલિકા માટે ફરજિયાત છે, પણ અનુભવે એવું જણાયું છે કે કેટલીક નગરપાલિકા વિસ્તારોની અંદર વિકાસ યોજના બનાવવા માટે ટી.પી. કમિટીની રચના જ કેટલાક ચૂંટાયેલા લોકો કરતા નહોતા અને ટી.પી. કમિટી ના બને, એટલે પ્લાન મંજૂર ન થાય, આયોજન ન થાય અને છેવટે પછી નાગરિકો સમયના વિલંબના કારણે પોતાની જરૂરિયાત સંતોષવા માટે બિન આયોજિત પ્લાનિંગ કરી અને પોતાના મકાનો કે રેસીડેન્સ કે કોમર્શીયલ કોમ્પલેકસ એ મોટા પ્રમાણમાં કેટલાક શહેરોમાં બનાવી દીધેલ એ રાજય સરકારના ધ્યાન પર આવ્યું છે. સરકારે અવાર નવાર જે તે ચૂંટાયેલી પાંખને સૂચનાઓ આપી કે તમારે ટી.પી. કમિટી બનાવવી છે? પણ જુદા જુદા કારણસર એ ચૂંટાયેલી પાંખના હોદ્દેદારો મર્યાદિત હાથમાં સત્તા રાખવા માટે ટી.પી. કમિટી બનાવતા નહોતા અને કોઇ ચર્ચા વિચારણા થયા વગર કે પ્રાંત અધિકારી, નગર નિયોજક સાથે ચર્ચા થયા વિના સિકકા મારીને પોતે પ્લાન મંજૂર કરી દે અને આડેધડ વિકાસ થાય એવું ઘણી નગરપાલિકાઓમાં સરકારના ધ્યાન ઉપર આવ્યું, એટલે હવે આજે જે આપણે નવો સુધારો કરીએ છીએ, એમાં અગાઉની જોગવાઇ યથાવત રાખીએ છીએ કે નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોમાંથી જ ટી.પી. કમિટી બનાવવાની રહેશે અને નગર નિયોજક વગેરે જે અધિકારીઓ એમાં હોદ્દાની રૂએ સભ્ય હોય એ તો રહેશે, પણ અગાઉ જે નગરપાલિકાઓ કમિટી નહોતા બનાવતા, એમના ઉપર આપણે હવે કાયદાકીય એક એવી કડક જોગવાઇ દાખલ કરી છે કે ત્રણ મહિનાની અંદર ચૂંટાયેલી પાંખ જો એની મર્યાદામાં કમિટી નહીં બનાવે તો રાજય સરકાર આ નકકી કરેલા ધોરણોની મર્યાદામાં રહી અને જેમને સભ્યની કમિટીમાં મૂકવાપાત્ર છે, એવા લોકોની રાજય સરકાર પોતે હુકમ કરી અને જે તે નગરપાલિકામાં ટી.પી. કમિટી બનાવશે, એટલે જે લોકો ખોટા ઇરાદાથી જે વિસ્તારમાં અત્યાર સુધી ટી.પી. કમિટી બનાવતા નહોતા, એવા લોકો ઉપર આ નિયંત્રણ આવશે અને દરેક શહેરમાં ટી.પી. કમિટી ફરજીયાત બને એ માટે સરકારે આ જોગવાઇ કરી છે.

બીજી એક જોગવાઇ આપણે જે ઉમેરી છે એ કોઇપણ બાંધકામ કરવા માટે કલમ–૨૯ હેઠળ પરવાનગી લેવાની રહે છે અને વિકાસ નિયંત્રણ વિનિમય મુજબ એની પરવાનગી સત્તા મંડળ આપે છે. આ નિયમો સ્પષ્ટ છે. એમાં જે સુધારા કરવાની સત્તા રાજય સરકારની છે અને આવા નિયમો મુજબ મહાનગરપાલિકાઓ અને જે આપણી ઓથોરીટી, ઔડા હોય, રૂડા હોય, ગુડા હોય, સુડા હોય આવી ઓથોરીટી ગુડા હોય એ પણ એની જોગવાઇ કરે છે, પરંતુ અત્યાર સુધી નગરપાલિકામાં બાંધકામ સમિતિ અથવા ચીફ ઓફીસર કોઇ નકશો મંજૂર કરે એની સામે કોઇ બાજુના પડોશીનું કે કોઇનું હિત દબાતુ હોય, કોઇની જમીન ઉપર અડચણ આવતી હોય, કોઇ જાહેર રસ્તો રોકાતો હોય અને કોઇ પાણીનો નિકાલ રોકાતો હોય તો કલેકટરને નગરપાલિકાએ આપેલી પરવાનગી સામે અપીલ કરવાની કલેકટરમાં સત્તા હતી અને કલેકટર એ સુનાવણી કરી અને એને સાંભળી અને યોગ્ય નિર્ણય આપે એ જાહેર હિત અથવા ખાનગી વ્યકિતનું કાયદેસરનું હિત જોખમાય નહીં તો જ એ મકાનની બાંધકામની પરવાનગી અગાઉ કલેકટરો ચાલુ

રાખતા હતા.એ જોગવાઇઓમાં આપણે એક હવે ઉમેરો કરીએ છીએ કે મહાનગરપાલિકા અને ઓથોરિટી એટલે કે રૂડા, ગુડા કે સુડા વગેરે એણે કોઇ પરવાનગી આપી હોય તો એની સામે અપીલ કરવાની બહુ જોગવાઇ ન હતી. એ જોગવાઇ પણ હવે આપણે કાયદા મુજબ સ્પષ્ટ કરી છે કે એમાં પણ કોઇ નાગરિકને કે કોઇ જાહેર હિતને નુકસાન થતું હોય તો એ બાંધકામની પરવાનગી સામે પણ અપીલ દાખલ કરીને નાગરિક અને જાહેર પ્રજા પોતાનો બચાવ કરીને પોતાનો જે અધિકાર છે એ સુરક્ષિત કરી શકશે.

બીજું, આપણે એક નવો સુધારો આ બિલમાં લાવ્યા છીએ કે ગુજરાત રાજ્યમાં જે કલમ ૨૦ હેઠળ જમીન સંપાદન કરવાની થાય એમાં બે-ત્રણ પ્રકારે જમીન સંપાદન કરીએ છીએ. એક તો ટી.પી. બને ત્યારે ટી.પી.માં જે સાદી ભાષામાં આપણે કપાત કહીએ છીએ એ કપાતના પ્લોટ છે ત્યાં ૪૦ ટકા સુધીની કપાત કરવાની ટી.પી. અધિકારીને આ કાયદા અન્વયે સત્તા છે. બીજું જે અન્ય વિસ્તારમાં ૧૮૯૪ હેઠળ જે જમીન સંપાદન કરવાનો કાયદો છે એમાં આપણે જાણીએ છીએ કે અનેક વિસ્તારમાં હવે ગીચતા વધી ગઇ છે. દા.ત. અમદાવાદનો પૂર્વ વિસ્તાર હોય કે સુરત, વડોદરા કે રાજકોટના જૂના વિસ્તારો હોય, જ્યાં દાયકાઓથી શહેર વસી ગયું છે ત્યાં કોઇ રસ્તા પહોળા કરવા હોય, એમાં કોઇ એમિનિટીસ ઉભી કરવી હોય અને ભૂતકાળમાં જમીન કપાત ન થઇ હોય એટલે જમીન ઉપલબ્ધ થતી ન હતી. આવી જ રીતે બી.આર.ટી.એસ.ના રુટ બનાવવા હોય, મેટ્રો સેવાની સવલતો ઉભી કરવી હોય અને જમીન જોઇતી હોય અને જમીન મેળવવી હોય તો જમીન મેળવવાના વિકલ્પ સ્વરૂપે ડેવલપમેન્ટના રાઇટસ નક્કી કરી જેની જમીન જતી હોય, જમીન માલિક બિલ્ડર અથવા વ્યક્તિ હોય એને આપણે ટ્રેડેબલ ડેવલપમેન્ટ રાઇટ આપવાની જોગવાઇ કરીએ છીએ. આ જોગવાઇ અન્ય રાજ્યોમાં સારી રીતે ચાલે છે. આમાં જેની જમીન જાય એને આપણે સર્ટિફિકેટ આપીએ અને એ સર્ટિફિકેટના આધારે એ લોકો અન્ય જગ્યાએ વિકાસ કરી શકે અથવા તો પોતાને વિકાસ ન કરવો હોય તો બીજી કોઇ વ્યક્તિને ડેવલપરને આ ટી.ડી.આર. વેચી શકે અને લેનાર વ્યક્તિ ટી.ડી.આર. પ્રમાણે લાભો મેળવી શકે એનો આપણે આ કાયદામાં નવો ઉમેરો કરીએ છીએ. અત્યાર સુધી આપણે જે ટી.પી.માં ઝોન કરતા હતા એ મોટાભાગે રેસિડન્સ ઝોન, ઔદ્યોગિક ઝોન, કોમર્શિયલ ઝોન કે એજ્યુકેશનલ ઝોન એવા ૪-૫ મર્યાદિત ઝોન કરતા હતા. હવે જે સમય આવ્યો છે એ પ્રમાણે આઇ.ટી. ઝોન, ટ્રાન્સપોર્ટેશન માટે શહેરોમાં દરરોજ શાકભાજી માટે, અનાજ માટે અને બીજી ચીજવસ્તુઓના સપ્લાય માટે હજારો ટ્રકોની રોજ અવર જવર જતી હોય છે. આ બધાની વ્યવસ્થા કરવી હોય તો લોજિસ્ટીક પાર્ક પણ આપણે વિકસાવવો પડે. લોજિસ્ટીક ઝોન જેવા બીજા ઝોન આપણે બનાવી શકીએ. એવી જ રીતે એજ્યુકેશનલ વિસ્તાર હોય અને જ્યાં ફક્ત શૈક્ષણિક સંકૂલો કે યુનિવર્સિટી કેમ્પસ કે મોટા કોઇ શૈક્ષણિક સંકુલો બનતા હોય અને કોલેજો બનતી હોય અને એની આજુબાજુમાં અન્ય પ્રકારનું ડેવલપમેન્ટ થાય તો વિદ્યાર્થીઓને ભણવામાં સુગમતા ન આવે, અવાજ આવે અને બીજી અગવડો પડે. આવું ન થાય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે. એમની હોસ્ટેલ અને રમત-ગમતના મેદાનો, લાયબ્રેરીની વ્યવસ્થા થઇ શકે અને આ બધું આયોજિત રીતે થાય એ માટે આપણે એજ્યુકેશનલ ઝોન, આવા અન્ય ઝોન પણ જેમ જેમ સમય આવશે અને રાજ્ય સરકારને જરૂર જણાશે કે આ પ્રકારના ઝોન બનાવવા હવે જરૂરી છે તો એવા નવા ઝોન પણ ટી.પી.ની અંદર મૂકવાની આપણે જોગવાઇ કરીએ છીએ. વિકાસ યોજનામાં હેરિટેજ બિલ્ડીંગ, પાણીના વહેણ, નદી-નાળા-તળાવો વગેરે પણ નકશામાં બતાવી અને તે જળવાઇ રહે તે હેતુ પણ સ્પષ્ટ કર્યો છે અને તેની કાયદામાં જોગવાઇ કરી છે.

આપણને બધાને ખબર છે કે ઘણી વખત ચોમાસામાં ભારે વરસાદ થાય, બીજી કોઇ જરૂરિયાત ઉભી થાય ત્યારે પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થઇ શકે. કારણ કે અગાઉ જે કુદરતી રીતે પાણી જવાના રસ્તા હોય એમાં ખાનગી માલિકીની જમીન આવેલી હોય એના ઉપર સોસાયટી, મકાનો કે કોમ્પ્લેક્ષ બની ચૂકયા હોય. કમ્પાઉન્ડ વોલ બની હોય, ફેકટરીઓ બની હોય અને પછી પાણી ભરાઇ રહે તો પાણી ભરાવવાના પ્રશ્નો ઊભા થતા હતા. આપણે ત્યાં કેટલીય ઐતિહાસિક ઇમારતો છે એ ઔતિહાસિક ઇમારતો પુરાતત્વ ખાતાના નિયમો પ્રમાણે તો જળવાય છે પણ એ સિવાયની જે આપણી રક્ષિત ઇમારતો આપણે ઇચ્છીએ એ પ્રમાણે એની આજુબાજુ પણ ડેવલપમેન્ટ થાય. દા.ત. પાટણમાં રાણકીવાવને હમણાં જ વર્લ્ડ

હેરિટેજમાં યુનોએ દાખલ કરી, તો રાણકીવાવની આજુબાજુનો વિસ્તાર વ્યવસ્થિત રહે, બાગ–બગીચા થાય, હજારો પ્રવાસીઓ દર વર્ષે એની મુલાકાત લે, તો એની સગવડ સચવાય. આવું બધું આયોજન અગાઉથી જો આપણે ના કરીએ અને આજુબાજુ પછી ગીચતા થઇ જાય, પ્રશ્નો ઊભા થાય અને આપણું ઐતિહાસિક સ્મારક, હરવા–ફરવા લાયક, જોવા લાયક સ્થળ, કોઇ મંદિર હોય, કોઇ સારી ઇમારત હોય તો આપણે એને ખુલ્લી ના રાખી શકીએ, તો એનો પ્રવાસનનો હેતુ વગેરે જળવાતો નથી, તો એ પણ જાળવવા માટેની આમાં જોગવાઇ કરી છે.

એવી જ રીતે નદીઓને પણ, ઘણી વખત પૂર આવે તો વહેણ બદલાય છે. તો એના સરવે કરી અને વહેણ બદલતાતું હોય, દા.ત. સુરતમાં જયારે તાપી નદીમાં વારંવાર ભારે પૂર આવે, પાંચ લાખ ક્યુસેક પાણી ઉકાઇમાંથી છોડવું પડે તો વહેણ બદલાઇ પણ શકે છે. તો એને પણ સુધારો કરી અને એવા વિસ્તારોની પણ સુરક્ષા કરવી પડે. પૂર આવે ત્યારે નાગરિકોની મિલકતો, નાગરિકોની સુરક્ષાને પણ અસલામતી ના થાય એનું પણ ધ્યાન રાખવાની સરકારની ફરજ છે. એની પણ આમાં આપણે જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા વર્ષોમાં જયારે વિકાસ થયો ત્યારે રાજ્ય સરકારે અને જે તે કોરપોરેશન, મહાનગરપાલિકા અને ખાસ કરીને ઓથોરિટીઓએ એક સુધારો પોતાની રીતે દાખલ કરેલો કે, કોઇ જગ્યાએ ચાર્જેબલ એફ.એસ.આઇ. આપણી અને એ રકમ વધારાની વસૂલ કરી, મળવાપાત્ર બાંધકામ કરતાં, મળવાપાત્ર ઊંચાઇ કરતાં વધારાની રકમ વસૂલ કરી અને મર્યાદિત ધોરણે, કોઇ સ્કૂલ બનતી હોય અને એક માળ બનાવવો જરૂરી હોય, કોઇ હોસ્ટેલ બનતી હોય અને એક માળ બનાવવો જરૂરી હોય, કોઇ હોસ્પિટલ બનતી હોય અને એક માળ વધારે બનાવવો જરૂરી હોય તો લોક ઉપયોગી અથવા તો જે વ્યક્તિ, ખાનગી વ્યક્તિ પણ નિયમ પ્રમાણે એફ.આઇ.આઇ. વધારે માગે અને નિયમ પ્રમાણે આપવા પાત્ર હોય તો ખાસ છૂટછાટ આપી, એ છૂટછાટ એ કોઇ ઠરાવથી નહીં પણ વધારાનું પ્રિમિયમ ભર્યા પછી, ઔડામાં કે સુડામાં કે રૂડામાં એ રકમ જમા થયા પછી એની બાંધકામની પરવાનગી આપવાની આપણે હવે કાયદામાં જોગવાઇ કરીએ છીએ અને એના આગળના વર્ષોથી કારણ કે, પ્રથા આપણી મહાનગરપાલિકાઓ અને આપણી ઓથોરિટીઓએ ચાલુ કરી છે, એટલે એના અગાઉના સમય, વર્ષથી આવરી લેવાનું આ કાયદામાં આપણે જોગવાઇ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બધાના ધ્યાનમાં છે કે, ટી.પી. બનતાં ઘણાં વર્ષોનો સમય જતો રહે છે. એટલે મૂળભૂત હેતુ કે, સમયસર લોકોને વ્યવસ્થા મળે, પ્લાનીંગ મળે, આયોજનબદ્ધ રીતે વિકાસ થાય, એ સમય ખૂબ લાંબો થઇ જવાના કારણે, પછી લોકો ધીરજ રાખી શકતા નથી. જમીન માલિકો અને બિન કાયદેસર રીતે એના ઉપર બાંધકામો વગેરે થઇ જાય અને પાછળથી પ્રશ્નો ઊભા થાય છે. તો એવું ના થાય એ માટે હવે માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે સુધારા કર્યા છે, એમાં અત્યાર સુધી એવું હતું કે, કોઇ ઓથોરિટી પ્રથમ વખત જયારે યોજના બનાવે, એ યોજના બનાવી પછી એને વાંધા સૂચન માટે બહાર પાડે, વાંધા સૂચન સમયમર્યાદા પતી જાય, વાંધા સૂચન રજૂ થાય, એ વાંધા સૂચન ઉપર બોડી, ઓથોરિટી શું નિર્ણય કરે છે, એનો પછી ફરી પાછો આપણે જાહેર વાંધા માગતા હતા એનો સમય આપતા હતા ફરી પાછી એની એ પ્રક્રિયા થતી હતી. એ પ્રક્રિયા થયા પછી રાજ્ય સરકારમાં એ ઓથોરિટી એ યોજના મોકલી આપતી હતી, ફરી રાજ્ય સરકાર એને તપાસે અને પછી ફરી રાજ્ય સરકાર પોતે પણ એની એ જ યોજનાઓ ઉપર ત્રીજી વખત વાંધા માગતી હતી અને નાગરિકો વાંધા રજૂ કરે કે ના કરે પણ સમય મર્યાદા એમાં ખૂબ જતી હતી એટલે એક સ્ટેજ વાંધા મર્યાદાનું માંગવાનું આપણે આમાં રદ કર્યું છે. ઓથોરિટી એક વખત વાંધા સૂચન માગે એ આવી જાય પછી એને જરૂરી યોગ્ય સુધારા વધારા કરી અને સીધી સરકારમાં મોકલી આપે, એટલે નીચેનું એક સ્ટેજ ઓછું થયું. સરકાર એક જ વખત વાંધા સૂચન માગે અને સરકાર યોગ્ય લાગે તે સુધારા કરે, એ આપણે જોગવાઇ કરી છે. એટલે લગભગ છ મહિના જેટલો સમય વાંધા સૂચન માગવાનો આપણે આમાં બચાવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અધિનિયમની – ૩૫ મી કલમ, જુદી જુદી કલમો માટે જે ફી લેવાના ધોરણો હતા, એ ૩૦ વર્ષ પહેલાં સો રૂપિયા અને પાંચ હજાર રૂપિયા એવા નક્કી કરેલા છે. ૩૫ વર્ષ પહેલા, એમાં આપણે હવે સુધારો કરી અને જયાં સો રૂપિયા હતા અને પાંચ હજાર હતા એમાં આપણે રકમો વધારીએ

છીએ. એવી રીતે અત્યાર સુધી રાજય સરકાર નગરપાલિકાનું ટી.પી. બનાવવા મોકલી આપે. ટી.પી. નગરપાલિકા પોતે બનાવે પણ આખા રાજયનો સુઆયોજિત વિકાસ થાય, મુખ્ય મુખ્ય જરૂરિયાતો ટી.પી.માં આવરી લેવાય એવી સૂચના આપવાની સરકારને કોઇ સત્તા નહોતી. દરેક નગરપાલિકા, મહાનગરપાલિકા પોતાની રીતે ટી.પી. બનાવતી હતી. હવે આ કાયદામાં આપણે જોગવાઇ કરી છે કે માર્ગદર્શક સિદ્ધાંતો કોઇ સ્પેશ્યલ ઓર્ડર નહીં પણ જનરલ ગાઇડલાઇન જે રાજય સરકાર તરફથી નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને ઓથોરીટીને આપવામાં આવશે કે તમે ટી.પી. બનાવો તો એમાં આટલી આટલી કાળજી તમારે રાખવાની, આટલી આટલી જોગવાઇ તમારે રાખવાની એ પ્રમાણેનો સુધારો આપણે આમાં કર્યો છે. એવી રીતે સરકાર પોતે પણ કોઇ સંજોગોમાં ટી.પી. બનાવવા માટે હુકમ કરવો હોય, જરૂર પડે અને મ્યુનિસિપાલીટી ન બનાવતી હોય આજે પણ રાજયમાં મોટી વસ્તી ધરાવતી ઘણી નગરપાલિકાઓ એવી છે જેણે ટી.પી. કમિટી પણ નથી બનાવી કે શહેરની અંદર આટલા વર્ષો જતા રહ્યા. એક પણ ટી.પી. બની નથી એટલે એ શહેરોમાં આડેધડ વિકાસ થાય, રસ્તાઓ પણ ન મૂકાય, પહોળાઇવાળા રસ્તા ન મૂકાય, અન્ય આયોજન ન થાય એટલે ત્યાંની પ્રજાને ખૂબ તકલીફ પડે છે તો જે નગરપાલિકા કે ઓથોરીટી કે મહાનગરપાલિકા ટી.પી. નહીં બનાવતી હોય તો રાજય સરકાર એમને ટી.પી. બનાવવા માટે હુકમ કરી અને સૂચના આપી શકશે અને નિશ્ચિત સમયમર્યાદામાં જો એ નહીં બનાવે તો નગરપાલિકા વતી રાજય સરકાર પણ એવી ટી.પી. બનાવી શકશે એવું આપણે સુચિત કર્યું છે.

કોઇ વિસ્તારના લોકો નગરરચના યોજના ઇચ્છતા હોય, સમજી લો કે કોઇ શહેર છે અને બાજુનો વિસ્તાર છે. એડજોઇનીંગ થઇ ગયું છે. શહેરની અડોઅડ થઇ ગયું છે પણ ઓથોરીટી પોતાનો વિસ્તાર નથી, નગરપાલિકા પોતાનો વિસ્તાર નથી એમ કહીને ટી.પી. ન બનાવે અને બાજુમાં ગામ આવ્યું હોય એ ગામનો વિકાસ આડેધડ થાય તો જમીનના માલિકો સામેથી આવીને એમ કહે કે અમારે સુઆયોજિત વેલ ડેવલપમેન્ટ વ્યવસ્થા કરવી છે તો અમારી જમીનમાં તમે ટી.પી. બનાવો તો એમને ટી.પી. બનાવી આપવાની પણ જોગવાઇ આપણે આ કાયદામાં કરીએ છીએ. એટલે શહેરોનો તો વિકાસ થશે જ પણ શહેરોની બાજુમાં જે ગામો આવી ગયા છે અને ગામો પણ શહેરની અંદર લગભગ ભળી ગયા જેવા થઇ ગયા છે પણ રેવન્યુની રીતે નગરપાલિકા, મહાનગરપાલિકા અથવા પંચાયત એવી હદ જુદી છે ત્યાં આગળ આપણે કરી શકીશું એટલે શહેરોની આજુબાજુનો વિકાસ પણ આપણે સારો કરી શકીશું. નગરરચના યોજનામાં સામાજિક તથા પછાત વર્ગના લોકો માટે મકાનો બનાવવા માટે મેં અગાઉ કહ્યું તેમ દસ ટકા રકમની જમીન કપાતની જોગવાઇ છે. હવે આમાં આપણે ઉમેરો કરી એફોર્ડેબલ હાઉસીંગ અને કોઇ પ્રોજેકટ ઈફેકટેડ પર્સન હોય એવા લોકો માટે પણ આ જમીનમાં મકાન બનાવી શકાય કારણકે ભારત સરકાર અને રાજય સરકાર ઇચ્છે છે કે ગરીબોના ઘર બને, વધુમાં વધુ મધ્યમ વર્ગના લોકોને ઘર મળે અને બધાને વ્યાજબી ભાવે ઘર મળે અને એ માટેની વધુ જમીન ઉપલબ્ધ કરાવવા માટે આપણે સુધારો કર્યો છે અને સામાજિક વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, મધ્યમ વર્ગ અને કોઇ જગ્યાએ જે પ્રોજેકટ ઇફેકટેડ પર્સન હોય. દા.ત. અમદાવાદમાં રીવર ફ્રન્ટની સ્કિમ આપણે કરી તો રીવર ફ્રન્ટ કરતી વખતે હજારો લોકોને આપણે ત્યાંથી ખસેડવા પડયા. એ અમદાવાદ મહાનગરપાલિકાએ પોતે પોતાની જેએનયુઆરએમ.ની યોજના જે હતી એ મકાનોમાં એમણે લોકોને વસાવ્યા, પણ બધી જગ્યાએ આવી જમીનો કદાચ ન પણ મળે. તો એવા લોકોને વસાવવા હોય, શહેરમાં રસ્તો પહોળો કરવો હોય, પાંચ ઘર માલિકીના આવતા હોય એ માલિકીના ઘરવાળાને કયાંક ઘર આપવું પડતું હોય તો આવી જમીનમાં આપણે એમને વસાવી શકીશું એવી પણ આ કાયદામાં આપણે જોગવાઇ કરી છે.

અત્યાર સુધી કાયદામાં એવી જોગવાઇ હતી કે જે મુસદ્દારૂપ નગર રચના યોજના સરકારમાં મૂકાય એમાં બે જ વિકલ્પ હતા. કાં તો ઓથોરીટીઓએ અધિકૃત રીતે મોકલેલી યોજનાઓને મંજૂર કરવી અથવા નામંજૂર કરવી. મંજૂર કરીએ તો કામ આગળ ચાલે પણ નામંજૂર કરીએ તો નીચે પછી ખૂબ લાંબો સમય માગી લેતી, વિલંબ કરતી પ્રક્રિયા ચલાવવી પડતી હતી. એમાં મેં અગાઉ કહ્યું તેમ ખૂબ સમય વિલંબ થાય અને જમીન માલિકો જરૂરિયાતવાળાને તકલીફ પડતી હતી, એટલે આ વખતે આ કાયદામાં એવી જોગવાઇ કરીએ છીએ કે ઓથોરિટીએ મોકલેલ યોજના સરકારને એમ લાગે કે સરકાર એટલે નગર નિયોજક ડિપાર્ટમેન્ટ

આખું. એમને એમ લાગે કે આ યોજના આવી છે એ લગભગ ૯૫ ટકા સ્વીકારવા પાત્ર છે. પણ આ ૫ મુદ્દા ઉપર સુધારો કરવો જરૂરી છે. પહેલા આખે આખી યોજના રિજેક્ટ કરવી પડતી હતી, પણ હવે સરકાર એવું નહિ કરે. સરકાર ૫ સુધારા કરવા હોય તો સુધારા સૂચિત કરી અને ઓથોરિટીને પાછું મોકલશે. ઓથોરિટી સુધારી એને પાછું મોકલે, એટલે તરત જ મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરીશું. આખી યોજના પાછી મોકલવી, ફરી બનાવવી, ફરી પાછી મોકલવી. એમાં જે મહિનાઓનો અને વર્ષોનો સમયગાળો જતો હતો, એમાંથી સમય બચાવી શકાશે અને આયોજનબદ્ધ વિકાસને ઝડપી બનાવી શકીશું. અગાઉ ઘણી વખત હાઉસમાં માનનીય સભ્યશ્રીઓએ વિભાગની ચર્ચા દરમ્યાન વિગતો રજૂ કરી છે કે સમય મર્યાદા આમાં નિશ્ચિત કરવી જોઇએ, એટલે પહેલા એવું હતું કે ઇરાદો જાહેર થાય પછી નગર રચના અધિકારીની નિમણૂક આપણે કરતા હતા, પણ ટી.પી. પૂરી કરવાનો સમયગાળો નિશ્ચિત નહોતો કર્યો. આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી જે પોતે શહેરી વિકાસ વિભાગ જૂએ છે. એમણે આખી બાબત અભ્યાસ કર્યા પછી આ બિલમાં ખાસ સૂચિત કર્યું. નાગરિકોને અધિકારો ઝડપથી મળી જાય, ડેવલપમન્ટ સમયસર થવું જોઇએ અને અધિકારીઓએ સમય મર્યાદામાં નિશ્ચિતપણે કામ કરવું જોઇએ, એટલે આપણે હવે સુધારો કરીએ છીએ કે નગર રચના અધિકારીની નિમણૂકની તારીખથી ૧૮ માસમાં એટલે કે દોઢ વર્ષમાં યોજના પૂર્ણ થાય એ માટે અધિકારીઓએ કામ કરવું પડશે. જુદાં જુદાં કારણોસર સમય લંબાવતા હતા અને ટી.પી. નું વર્ષોના વર્ષ સુધી કામ નહોતું પૂરું કરતા એના ઉપર..

અધ્યક્ષશ્રી : અત્યારની ચાલુ ટી.પી. હવે પછી ૧૮ માસમાં પૂરી થાય ને? હું ૨૨ વર્ષથી નથી થઇ તેનો દાખલો બતાવું. હવે કરી દેશો ને? ચાલુ ટી.પી. છે તે. કદાચ પ્રિલિમીનરી સ્કિમ ઉપર હોય, ગમે તે સ્કિમ ઉપર હોય હવે થઇ જશે ને ૧૮ મહિનામાં? તમને કબુલ છે ને? એના મનની જ વાત કરું છું. સુધારા કર્યા બદલ અભિનંદન. બોલ્યુ પાળજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપણે નિયંત્રણ અધિકારીઓ ઉપર ફોલોઅપ રાખીશું. બીજો સુધારો કર્યો છે કે સત્તા મંડળો નગર યોજનાનું સમયસર અમલીકરણ કરતા નથી. એ પણ આપને અનુભવ છે. સ્કિમ જાહેર થઇ ગઇ પછી કોઇ રસ્તો ખોલી આપતા ન હોય. કોઇ સામ સામે જમીનના કબજા આપવાના હોય, એ કબજા ન મળે, એટલે જાહેર થઇ ગયેલી, મંજૂર થઇ ગયેલી ટી.પી. ને આપણે એકચ્યુઅલ સાચી રીતે, પ્રેક્ટિકલી અમલમાં લાવી શકતા નથી. એ માટે હવે સુધારો કરીએ છીએ કે આ મુજબ સત્તા મંડળ યોજના મંજૂર થયાના ૨ વર્ષની અંદર અમલ ફરજિયાત રીતે કરવો પડશે અને આવું જો નહિ થાય તો સરકાર એ સત્તા મંડળ ઉપર પગલાં લઇ શકશે. કોઇ અસામાન્ય કારણ હોય અને વિલંબ થાય, કોઇ હાઇકોર્ટનો સ્ટે કે સુપ્રીમ કોર્ટનો સ્ટે હોય અને આપણે ના કરી શકીએ તો અલગ વિષય છે. કોઇ બાધ ન હોય તો એમને એમ સમય વ્યતિત થતો હોય તો એ ન થાય એટલા માટે આ જોગવાઇ કરી છે.

બીજું, અત્યાર સુધી ટી.પી. ફાઇનલ થઇ જાય પછી જમીન માલિકોને, પ્લોટ માલિકને ફાઇનલ પ્લોટ કપાત કર્યા પછી જે ૩૦-૪૦ ટકા કપાત સરકાર, કોર્પોરેશન, નગરપાલિકા લઇ લે તે પછી ફાઇનલ પ્લોટ એમને ફાળવતા હતા. એમાં એક હજાર વારનો પ્લોટ ફાળવ્યો. આ હજાર વારમાં ૨, ૩ ભાગીદાર હોય, પારિવારિક ભાગીદાર હોય, ભાઇઓ ભાગીદાર હોય માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યક્તિના નામે આપણે પ્લોટ ફાળવ્યો તો અનુભવ સરકાર પાસે એવો આવ્યો, શહેરી વિકાસ વિભાગને એવો આવ્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ પણ એસોસિએશને રજૂઆત કરી કે આમાં અમારે ઘણો વિલંબ થાય છે, એટલે મુખ્યમંત્રીશ્રીએ એ નિર્ણય કર્યો કે હવે આપણે એક કમિટી બનાવીએ. ત્રણ અધિકારીઓની એક કમિટી બનાવીએ. આ કમિટી સમક્ષ જેમણે જેમણે ફાઇનલ પ્લોટમાં વિભાજીતકરણ કરવું હોય અને તેમાં પછી તે ભાગીદારો પણ કરી શકે અને ભાઇઓ પણ કરી શકે. એ આવી એમ કહે કે અમારા એક હજાર વારના પ્લોટમાં અમારા ત્રણ ભાઇઓનો ભાગ છે તો અમને અલગ અલગ નામે ત્રણ પ્લોટ અત્યારથી ટી.પી.માં અંતિમ ખંડમાં ફાળવી દો. આ ત્રણ અધિકારીઓની જે કમિટી નીમી છે તે ત્રણેયનો અધિકાર પહોંચતો હશે તો આ ત્રણેય જે ભાગીદાર હોય કે વારસદાર હોય કે જે હોય તે તેમની આ કમિટી સુનાવણી કરી તેમને ફાઇનલ પ્લોટ આપશે. અત્યાર સુધી તેમાં ખૂબ લાંબી કલમ.૭૧ હેઠળ આખી નગર રચના યોજના સુધારવી પડતી હતી.

એક માણસનો ફાઇનલ પ્લોટ સુધારવો હોય, તેમાં ભાગ આપવો હોય તો ખૂબ લાંબી પ્રક્રિયા કરવી પડતી હતી. તેના કરતાં આ ત્રણ અધિકારીઓ સાંભળી યોગ્ય આદેશ કરશે અને આ આદેશ સીધો જે તે ટી.પી.ને લાગુ પડશે. એટલે અંતિમ ખંડમાં ત્રણ ભાઇ હોય, ત્રણ ભાગીદાર હોય, બહેનો હોય તેમના પ્રમાણે પહેલેથી જ પ્લોટ ફાળવાઇ જશે. એટલે નાગરિકોને જે હાડમારી થતી હતી તે હાડમારી ઓછી થશે અને તેનું નિરાકરણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આપણે આમાં એક નવો સુધારો લાવ્યા છીએ કે લોકલ એરીયા પ્લાન બનાવવા. દા.ત. અમદાવાદમાં આશ્રમ રોડ છે, સી.જી. રોડ છે. રાજકોટમાં તેવા રોડ હોય, સુરતમાં વરાછા વિસ્તાર કે શહેરના જૂના વિસ્તારો હોય કે જયાં ૨૫–૩૦, ૪૦–૫૦ વર્ષ પહેલાં રસ્તા બની ગયા હોય અને વિકાસ થઇ ગયો હોય. હવે તે રોડ ઉપર ટ્રાફીકનું ભારણ વધે, માલિકીના મકાનો હોય તો કંપાઉન્ડ વોલ બનાવી હોય એટલે હવે આ લોકલ વિસ્તારમાં એરીયા પ્લાન બનાવવાની યોજના લાવ્યા છીએ તેમાં એવી જોગવાઇ કરી છે કે કોઇપણ બિલ્ડીંગ જયારે બન્યું હોય ત્યારે તેનું રોડ માર્જીન છોડવામાં આવ્યું હોય. નિયમ પ્રમાણે જે લાગુ પડે તે. ૧૦ ફૂટ, ૨૦ ફૂટ, ૨૫ ફૂટ જે હોય તે. તેમાં પછી કંપાઉન્ડ વોલ માલિકોએ બનાવી દીધી હોય અને અંદર તેમની માર્જીનની જગ્યા ખાલી પડી હોય. બાજુમાં રોડ હોય અને તેના ઉપર ટ્રાફીકનું ભારણ વધ્યું હોય અને પ્રશ્નો ઊભા થતા હોય તો હવે આ લોકલ પ્લાન બનાવવાની સત્તા ઓથોરીટીઓ અને નગરપાલિકા, મહાનગરપાલિકાને આપીએ છીએ. તે યોગ્ય રીતે વિચારી જરૂરિયાત છે ત્યાં લોકલ પ્લાન બનાવે. દા.ત. ફરી આશ્રમ રોડ કહું. કારણકે તે રોડ આપણે બધાએ જોયો છે એટલા માટે. આશ્રમ રોડનો લોકલ એરીયા પ્લાન ઔડાએ બનાવવો હોય તો તે બનાવે. આશ્રમરોડની જે મિલકતો છે તેની કંપાઉન્ડ વોલ સહિતની જમીન આપણે રોડ માટે, પબ્લીક ઉપયોગ માટે ખુલ્લી કરી દઇએ. જે મકાન માલિકની, ઓનર્સ એસોસિએશનની જેટલી જમીન સરકાર રોડ પૈકી લઇ લે તે જમીનની સામે સરકાર તેમને વધારાની એફ.એસ.આઇ. આપશે. પછી તેમાં તે એસોસિએશન હોય, વ્યક્તિ હોય કે મંડળ હોય. જે હોય તેમને યોગ્ય લાગે તે રીતે એફ.એસ.આઇ.નો તે વખતે અથવા ભવિષ્યમાં સમજી લો કે ૪૦–૫૦ વર્ષ જૂનું શોપીંગ સેન્ટર છે અને તે તોડીને નવું બનાવવું છે અને નવું બનાવે તો નવા માર્જીન પ્રમાણે પાછળ જાય. આગળની જમીન સરકારે રોડ માટે લઇ લીધી હોય, જેની જમીન આપણે કપાત લીધી હોય તે જ જમીન સામે આપણે વધારાનો..

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પૈસા આપવાને બદલે એફ.એસ.આઇ. આપવાની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એફ.એસ.આઇ. આપીએ. તે સાહેબ એન્જોય કરે..

અધ્યક્ષશ્રી : આશીર્વાદ દેવાના, રૂપિયા નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : લેવાદેવા કશું નહીં અને રસ્તા પહોળા થઇ જાય. આપણો હિસાબ બરાબર છે.

અધ્યક્ષશ્રી : આ તો તમે લખ્યું છે તે કહું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે સાહેબ પાસે ઘણું શીખવાનું છે. બહુ શીખવાનું છે. બીજું મેટ્રો, બી.આર.ટી.એસ., એમ્યુઝમેન્ટ પાર્ક, સ્ટેચ્યુ ઓફ યુનિટી. આવા રાજયના મોટા મોટા પ્રોજેકટો છે. જે કોઇ શહેર માટે ન હોય. અમદાવાદમાં મેટ્રો થાય તો એકલા અમદાવાદવાળા જ તેમાં બેસે તેવું નહીં. આપણે મુંબઇ, દિલ્હી જઇએ છીએ તો આપણે ત્યાંની પબ્લીક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમનો ઉપયોગ કરીએ છીએ. તે રીતે અમદાવાદમાં મેટ્રો બને કે બી.આર.ટી.એસ. બની હોય અથવા ભવિષ્યમાં કંઇક બને. હરવા ફરવાના મોટા પાર્ક બને. કાંકરિયા છે તો એકલા અમદાવાદીઓનું નહીં. આખા ગુજરાતના લોકો ત્યાં ફરવા આવે. સાબરમતી રીવર ફ્રન્ટ કોર્પોરેશન અને સરકારે બનાવી આપ્યો. તેને પણ આખો દેશ અને દુનિયા જોવા આવે છે. આવા જે સ્થળો છે તેને વિકસાવવા માટે, તેને મેન્ટેન કરવા માટે નાણાંકીય રીતે જરૂરિયાત ઉભી કરવી પડે અને એટલા માટે આના કારણે સરકાર કોઇ વિશિષ્ટ કાયદો કરી અને કોઇ એફ.એસ.આઇ.માં વધારો આપવાની–લેવાની છૂટ આપે તો, દાખલા તરીકે રાજકોટમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે કર્યું જ છે કે બી.આર.ટી.એસ.રૂટ બન્યો તો એની બાજુમાં જે મિલકતો આવતી હોય એને ચાર્જેબલ એફ.એસ.આઇ.

આપણે નક્કી કરી અને એ એફ.એસ.આઇ. જે ભરે એની આવક કોરપોરેશનને મળે અને એની અલગ રીતે નાણાકીય જોગવાઇ કરવાની અને રાજયના ઉપયોગી, શહેરના મોટા પ્રમાણમાં વધુ જનતા ઉપયોગ કરી શકે એવા મોટા પ્રોજેકટોમાં એ રકમ આપવાની પણ એમને સત્તા મળે એ આપણે આ કાયદામાં સુધારો કર્યો છે.

અત્યાર સુધી જી.ડી.સી.આર.માં સુધારો કરવાનો થાય તો કલમ ૧૨૨ મુજબ સત્તા મંડળોને અમે સુધારો કરવા સૂચના આપતા હતા અને ૧૯ હેઠળ સુધારો કરવાની સૂચના આપવાની થતી હતી. હવે એના બદલે રાજય સરકાર કોઇ એક વિસ્તાર માટે અથવા બધી નગરપાલિકાઓ માટે પોતે જાહેરનામુ બહાર પાડી એક જ જાહેરનામાથી બધી જ જગ્યાએ આ નવા જી.ડી.સી.આર.ની જોગવાઇ લાગુ કરી શકે એ પ્રમાણેની પણ સત્તા સરકારને મળે છે એ પ્રમાણેની જોગવાઇ આમાં કરવામાં આવી છે. બીજું વારંવારં રજૂઆતો એસોસિએશન તરફથી, જાહેર કાર્યકરો તરફથી થઇ છે કે જે કોઇ ટી.પી. બની ગઇ અને એમાં આપણે રેસિડેન્ટ ઝોન આપી દીધો તો અત્યાર સુધી એવું છે કે રેસિડેન્ટ ઝોન હોય, કોમર્શીયલ હોય કે ઇન્ડસ્ટ્રીયલ હોય એને એન.એ. કરાવવાની પ્રક્રિયા તો કરવી પડે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચર્ચા વિચારણા કરી છે અને જયાં ટી.પી. બની ગઇ હોય, રેસિડેન્ટ ઝોન નક્કી થઇ ગયો હોય રહેવાના મકાનો બનવાના છે એ નક્કી જ હોય તો શા માટે એનું એન.એ. કરવું, એન.એ. ના કરીએ તો શું થાય? એનો અભ્યાસ કરવા માટે એક કમિટી આપણે બનાવી જ છે અને ટૂંક સમયમાં કમિટી નિર્ણય આપે એ પ્રમાણે આપણે એનો અમલ કરવાના છીએ. પણ સરકાર ઇચ્છે છે કે જયાં ટી.પી.બનીને જે ફાઇનલ થાય અને ઝોનીંગ નિશ્ચિત થઇ જાય એ ઝોનીંગ પ્રમાણેના મકાનો બનાવવા હોય તો એન.એ.ની પ્રક્રિયામાંથી શક્ય એટલા એન.ઓ.સી. મેળવવા કે વિલંબ ટાળવો એ સરકારની એક કટિબદ્ધતા છે અને એ પ્રમાણેની જોગવાઇ પણ આ કાયદામાં આપણે કરીએ છીએ. આમ તો વિચાર એવો છે કે બીજા કોઇ પ્રશ્નો ન આવે તો કે જયાં રેસિડેન્ટ ઝોન થઇ ગયો હોય એ જમીનને એન.એ. કરાવવા માટેની જરૂરિયાત રહેશે નહીં. એવો છેવટ ઉલ્લેખ છે પણ હજુ નકકી કરવાનું બાકી છે ફાઇનલ આપણે આના રૂલ્સ બનાવીશું એ વખતે નિર્ણય કરીશું.

અધ્યક્ષશ્રી : આ બેય કોન્ટ્રાડીક્ટરી વસ્તુ થઇ. તમે આ કાયદો બનાવો પછી એન.એ.કરાવવાની ક્યાં જરૂર છે? તમે પોતે જ નક્કી કરો આ રેસિડેન્શીયલ ઝોન છે, આ કોમર્શીયલ ઝોન છે એમાં એન.એ. કરાવવું જ ન પડે, ૪૦ ટકા તમે કાપી લ્યો છો, હશે હવે આપે કમિટી બનાવી છે. બને તો એને કાયદાનું સ્વરૂપ આપજો એટલા માટે થઇને કે એ પરમેનન્ટ રહે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એની જોગવાઇઓ આપણે કરીએ જ છીએ. દાખલા તરીકે એ ઝોનમાંથી રેલવે નીકળતી હોય, નર્મદાની કેનાલ નીકળતી હોય, જી.ઇ.બી.ની મોટી ઇલેવન કે.વી.ની લાઇન નીકળતી હોય તો એ નિયમો પાળવા પડે એટલે એ બધી ઓથોરિટીઓ સાથે ચર્ચા કરી નાગરિકોને શક્ય એટલી રાહત થાય એ પ્રમાણેની આપણે આમાં જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : આપણે એટલા માટે કહીએ છીએ કે, એન.એ. કરવું એ જનરલ એકટમાં આવે છે આ સ્પેશિયલ એકટ છે, સ્પેશિયલ એક્ટમાં તમે એકમાં જોગવાઇ કરો ને, તો પછી બાકીનું જનરલ એકટનું નલ એન્ડ વાઇડ થઇ જાય અને આ માન્ય રહે. આ જે નિયમ છે એ ભલેને ઓર્ડિનન્સથી પાછળથી જાહેર કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ અંગેની સત્તા આ એકટમાં આપણે લઇ રાખીએ છીએ પણ ફાઇનલ કરવાનું હજુ મહેસુલ વિભાગ અને અન્ય વિભાગોના પરામર્શમાં ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં સરકાર એનો નિર્ણય કરવાની છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને મુખ્યમંત્રી તરીકે અને શહેરી વિકાસ વિભાગના ગયા પાંચ વર્ષનાં એમના અનુભવથી, લોકો સાથે સંપર્કથી, ધારાસભ્યો તરફથી રજૂઆતો આવી, એસોસિએશન તરફથી જે રજૂઆતો આવી, પછી હાઇકોર્ટેએ કેટલાક માર્ગદર્શન આપ્યા છે, સુપ્રિમ કોર્ટે પણ કેટલુંક માર્ગદર્શન આપ્યું છે. એ બધું આમેજ કરી અને આ નવો સુધારો, બિલ મેં રજૂ કર્યું છે એને આ સભાગૃહની ચર્ચા માટે હું મૂકું છું.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ટી.પી.ઓ. ની નિમણૂંક થયા પછી દોઢ વરસમાં એ પૂર્ણ કરવાની એમણે જે વાત કરી છે. મારે એ બાબતમાં જાણવું છે કે અત્યારે આખા ગુજરાતમાં જેટલી ટી.પી. સ્કીમો બની

રહી છે અને જ્યાં જ્યાં ટી.પી.ઓ.ની નિમણૂંક થઇ ગઇ છે એને પણ આ નિયમ લાગુ પડશે કે કેમ તે મારે જાણવું છે.

અધ્યક્ષશ્રી : આ લાગુ પડે. આપનું ધ્યાન નહોતું અજયભાઇ મેં એ કન્ફર્મ કરાવી લીધું છે. માનનીય દુષ્યંતભાઇ, ફટાફટ હોં તમારા સજેશન હોય એ જ કહેજો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, જે ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

આમ જોવા જઇએ તો શહેરીકરણની પ્રક્રિયામાં સમગ્ર દેશમાં આજે ગુજરાત અગ્રેસર છે. એ માટે આવા નિર્ણયો પ્રજાલક્ષી સુધારાલક્ષી લેવાની ફરજ પડી છે. આ વિધેયકની અંદર કલમ નંબર–૩ થી જે સુધારો રજૂ કરવામાં આવ્યો છે એ સુધારાથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ અને નગરપાલિકા અધિનિયમ મૂળભૂત હાર્દ મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના સભ્યો ટી.પી. સમિતિના સભ્ય બને તે જળવાઇ રહે છે, પરંતુ આ સમિતિ સમયસર બને અને લોકોના પ્રશ્નો સમયસર ઉકેલાય તે માટે આ સુધારો અનિવાર્ય છે, આ સુધારાનો મૂળ હાર્દ જાળવી રાખતા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યની વહીવટી બાબતોમાં વધુ અસરકારક ભૂમિકા થાય તે માટે અધિનિયમના મૂળભૂત માળખામાં જેમાં પ્લાનિંગ કમિટીમાં નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો પૈકીના ૬ સભ્યો હોય તે જાળવી રાખવા, માત્ર સમયસર પ્લાનિંગ કમિટીની રચના થાય તે અનિવાર્ય બનતા રજૂ કરેલા સુધારા યોગ્ય જણાય છે. વધુમાં આ સુધારાથી હવે જે નગરપાલિકાઓ પ્લાનિંગ કમિટીની રચના સમયસર કરવામાં નિષ્ક્રિય બને તે બાબત દૂર થશે અને રજૂ કરેલા સુધારા મુજબ ૩ માસમાં આ કમિટીની રચના કરવાની રહેશે અને જો આવી રચના સમયસર નહિ કરે તો રાજ્ય સરકાર..

અધ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ આ બધું નીતિનભાઇએ કહી દીધું છે રિપિટેશન વગર તમારે કંઇ નવું ધ્યાન દોરવાનું હોય તો તમે કહો. એમણે એક એક કલમની વિગતવાર વાત કરી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મને લાગ્યું, જે મંત્રીશ્રીએ નથી લીધું એના માટેની વાત કરવા માગું છું,

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને કહો કે આમાં વધારો કે સુધારો કરવાની જરૂર છે અથવા તો તમારું પોતાનું એડિશન કરીને કહો. બાકી તો આ બધું રિપિટેશન થશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : નહિ સર. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં સ્થાનિક વિસ્તાર યોજના માટે ખાસ જોગવાઇ પ્રકરણ–૫(૧) થી જે ઉમેરવામાં આવેલ છે તેમાં મુખ્ય જોગવાઇ વર્તમાન અને ભવિષ્ય માટે નવા રસ્તાઓની જોગવાઇ છે, વાહન વ્યવહાર રસ્તા પરના વૃક્ષારોપણ જેવી જાહેર સુખાકારી સગવડો જાહેર જનતાને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવાની અને આ સુધારા વિધેયકની જોગવાઇથી જરૂરી પ્રોજેકટ પણ ઘડી શકાશે. આમ શહેરની સુવિધા સાથે સાથે સુંદરતા વધારવાનું આ સુધારા વિધેયકની જોગવાઇથી શક્ય બનશે એવું મારું સ્પષ્ટપણે માનવું છે. સ્થાનિક વિસ્તારની યોજનાની જોગવાઇ વિસ્તારમાં સુઆયોજિત અને આકર્ષક વિકાસમાં લોકો સહભાગી બને તે માટે લોકોના સૂચનો આવકાર્ય કરવાની જોગવાઇ પણ આ બિલમાં કરવામાં આવેલી છે. સાથે સાથે આ યોજનાના સુધારાની દરખાસ્ત બાબતે કોઇપણ વ્યક્તિ વાંધો પણ લઇ શકે છે તેવી લોકશાહી પ્રણાલીને સુસંગત કરવાની જોગવાઇ કરવામાં આવેલી છે. આવી તમામ પ્રક્રિયા બાદ રાજ્ય સરકાર આવા લોકલ એરિયા પ્લાનને મંજૂરી આપી શકશે. આ તમામ પ્રક્રિયામાં લોકહિતમાં પારદર્શક રીતે આ પ્રજાલક્ષી, સુધારાલક્ષી બધી છણાવટ કરતું બિલ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને આ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી જે લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને અભિનંદન આપું છું.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ ( દંડકશ્રી) : માનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય કેન્સલ કરી વિધેયક પૂરું થાય ત્યાં સુધી હું સભાગૃહનો સમય લંબાવવા અંગે દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : સમય લંબાવવામાં આવે છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ)) : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી એક જ સજેશન કરવાનું છે કે, જે ટીપી સ્કિમમાં ખાસ કરીને નદી કિનારા ઉપર રિક્રીએશન ઝોન જે આખો દાખલ કર્યો છે તેમાં જયારે કબજો લેવાની વાત આવે તો મૂળ રીકવીસન ઝોનમાં જો આપણે તેને બાંધકામ કરી નથી શકતાં, તો એને આપણે કયા આધારે બીજી જગ્યા રિક્રીએશન ઝોનમાં આપી શકીશું ? આ પ્રશ્ન એક જટિલ પ્રશ્ન છે, તો આનું પણ આમાં નિરાકરણ થઇ જાય તે હિતાવહ છે.

ડો.નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આ બિલ ખૂબ અગત્યનું છે અને એટલા માટે મારે થોડીક વાત કરવી છે. આ જે બિલ અહીંયા આવ્યુ છે સુધારા નગર રચના અને શહેરી વિકાસ સુધારા વિધેયક–૨૦૧૪, સને ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૦ના પક્ષમાં હું મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થઇ છું. અને વિશેષ આ જે બિલ છે તેની અંદર જે સુધારા હોય છે તે એટલા બધા અગત્યના છે, એટલે હું વિભાગને, શહેરી વિકાસ મંત્રીશ્રી અને આખી તેમની ટીમને..

અધ્યક્ષશ્રી: અભિનંદન બંધ કરો હવે, તમે કોઇ સજેશન હોય તો એ કહો. બહુ જ ડિટેઇલથી નીતિનભાઇએ એક એક સેકસનની વાત કરી છે તેમાં તમારે કંઇ સુધારો મૂકવો હોય કે આપનું પોતાનું નવુ કોઇ આગવું સૂચન હોય તો એની તમે રજૂઆત કરો.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં જે સુધારા છે એ એટલા બધા સરસ રીતે કરવામાં આવ્યા છે એટલા માટે હું આખી ટીમને અભિનંદન તો આપું છું, સાહેબ, કારણ કે આ જે ચાર સત્તા મંડળો કચ્છમાં ભૂકંપ પછી બનાવવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : એ તો બધાય બિલ મૂકે છે તે તો બધુંય સારું જ મૂકે છે. પ્રશ્નોત્તરી સારી મૂકે છે, બિલ સારું મૂકે છે, ટેબલ ઉપર મૂકવાના કાગળો પણ સારા મૂકે છે એટલે કયું નબળું મૂકે છે ? અભિનંદન બંધ કરો બાકીની વાત કરો. આ હું બધા સભ્યોને કહું છું આપને નહીં.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલના સુધારા છે એ ખૂબ અગત્યના છે અને એમા પણ ખાસ કરીને સાહેબ, હું એ કહીશ કે કચ્છની અંદર ભૂકંપ પછી અને ભૂકંપ વખતે જે કચ્છના લોકોએ અનુભવ્યુ સાહેબ અને જે હાડમારીઓ અને તકલીફો સાંકડા રસ્તા અને અવ્યવસ્થિત પ્લાનિંગને લીધે અમને નડયા અને •( xxxxxx) અને ત્યાર પછી જે ચાર શહેરોના સત્તા મંડળ બનાવવામાં આવ્યા અને એ સત્તામંડળો દ્વારા જે અમારું ટાઉન પ્લાનિંગ થયુ અને આજે અંજાર, ભૂજ, રાપર અને ભચાઉ જે રીતે વ્યવસ્થિત ટીપી અને ડીપી બનાવી અને ખૂબ સુંદર બનાવવામાં આવ્યા છે. આની વિશ્વ કક્ષાએ નોંધ લેવાયેલી છે અને વર્લ્ડ બેન્કે પણ તેને વખાણ્યું છે. એટલા માટે આ જે સુધારાઓ આ બિલની અંદર આવ્યા છે, તે સંપૂર્ણ ડેડીકેશન હોય ડીટર્મીનેશન હોય અને પ્રજાની નાનામાં નાની તકલીફોની ચિંતા હોય ત્યારે જ આવા સરસ સુધારા આવી શકે. મારે માત્ર જે વાત કરી..

અધ્યક્ષશ્રી : આપ જે અહીંયા બોલ્યા કે, ( xxxxxx) તે શબ્દો આપણે કાઢી નાખીએ છીએ.

ડો. નીમાબેન બી. આચાર્ય : ના, લાખો લોકો હું બોલી નથી.

અધ્યક્ષશ્રી : જે હશે તે. તમે કહો, પણ ટૂંકમા કહો. બધાને બોલવું જ જોઇએ એવુ કંઇ નથી હોતું પણ હું ફરીથી કહું કે આની અંદર જે કર્યુ છે તે સારું કર્યુ છે એમ કરીને વાત નહીં. આમાં હજુ વધુ સુધારો કરવાની જરૂર છે અથવા નવીન વસ્તુ આટલી ઉમેરવાની જરૂર છે. આવું કંઇ હોય તો કહો. બાકી નીતિનભાઇએ બહુ સ્પષ્ટતાથી લંબાણપૂર્વક વાત કરી છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે સુધારો લઇ આવ્યા છે અને જે અઢાર મહિનાની અંદર પ્રક્રિયા પૂરી કરવાની કહી છે, તે ખરખેર ખૂબ જરૂરી છે અને હું મારું સમર્થન આપું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે કે ટીપી કમિટીની રચના નગરપાલિકા પોતે કરે અને ત્રણ મહિના સુધી એ ના કરે તો આપો આપ કાયદાની જોગવાઇ મુજબ કમિટીની રચના થઇ જાય. મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, ધારો કે નગરપાલિકા પોતાની રીતે કરે તો એના માટે કયા કયા નોર્મ્સ છે કે પછી જે પ્રકારે કાયદાની જોગવાઇ મુજબ જે રચના કરવાની છે તે જ પ્રકારે નગરપાલિકાએ પોતે રચના કરવાની છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ જે સુંદર બિલ લઇને આવ્યા છે અને એ બિલમાં પ્રજાના અને નગર નિયોજનના બધા જ પ્રશ્નોને એડ્રેસ કરવામાં આવ્યા છે, તો આ બિલનો સારી રીતે અમલ થાય એટલું જ મારું સજેશન છે અને એને સમર્થન આપું છું. શ્રી નારાયણભાઇ  લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા નગરમાં ૧૯૬૮થી ટાઉન પ્લાનિંગ સ્કિમની શરૂઆત થઇ, ખાટા–મોળા બધા અનુભવો અધિકારીઓ તરફથી થયા છે, પણ આપણા ભૂતપૂર્વ શહેરી વિકાસ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ વખતે ત્રણ વર્ષનો કાયદો, ટી.પી. સ્કિમ પૂર્ણ કરવાનો  થયો હતો, પણ એની અમલવારી થઇ નથી અને સાત સાત વર્ષથી ટાઉન પ્લાનિંગ સ્કીમો હજુ ચાલુ છે. મારા ઉંઝામાં સાત નંબરની ટી.પી. સ્કિમ સાત વર્ષથી પૂર્ણ થઇ નથી.(અંતરાય) પહેલાં પણ ખાતરી ત્રણ વર્ષની આપી હતી. આજે એમાં પણ જે અધિકારીએ સુપ્રીમ કોર્ટના નિર્દેશથી અમલવારી ના કરી હોય અને એનો કાયદાનો ભંગ કર્યો હોય તો એવા અધિકારી પ્રત્યે સરકાર શું કરવા માગે છે? મારે એ જ કહેવું છે.  મારી ટી. પી. સ્કિમમાં  કુદરતી વહેળા જે તે ૨૫ ગામનું પાણી આવતું હોય અને વીસ વીસ ફૂટના પહોળા વહેળામાં પ્લોટો ફાળવવામાં આવ્યા છે. (અંતરાય) લખ્યા છતાં પણ કંઇ થતું નથી તો આ ગૃહમાં મારી લાગણી રજૂ કરવાનો મારો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : અધિકાર છે પણ તમારો અધિકાર મર્યાદિત છે. આ બિલ ઉપર બોલવાનું હોય, બિલ ઉપર બોલો. આપના વિસ્તાર ઉપર ન બોલવાનું હોય.

શ્રી નારાયણભાઇ  લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર બોલું છું, આ ટી.પી. સ્કિમથી તો ઘણા ફાયદા છે. અમારા ઉંઝામાં સંપૂર્ણ ટી.પી. સ્કિમ થઇ, એડીશનલ ટી.પી. સ્કિમની પણ આઠ અને નવની શરૂઆત થઇ છે પણ જયારે એક રોડ થતો હોય અને સીધો રોડ હોય એને  યુ ટર્ન કરવામાં આવે અને નગરપાલિકા સાત વખત લખીને આપે તેમ છતાં અમલવારી ના થાય તો વેદના રજૂ કરવાનું આ સ્થળ છે અને એટલા માટે હું આ વેદના રજૂ કરું છું. ટાઉન પ્લાનિંગ સ્કિમની શરૂઆત કરીએ ત્યારે દુઃખ થાય પણ પછી પ્રજા આપોઆપ એ ટાઉન પ્લાનિંગ સ્કિમના લાભોથી રાજી થતી હોય છે. એમ અમારી નગરપાલિકામાં એટલા બધા પ્લોટો કે જે આર્થિક રીતે પછાત લોકો માટે પણ જગ્યાઓ હોય, રમતગમનના મેદાનો હોય અને આ રીતે હોવાના કારણે લોકો સામેથી ટી.પી. સ્કિમ માગતા થયા છે અને આમાં એક જોગવાઇ કરી છે કે નગરપાલિકા ટી.પી.સ્કિમ  ના આપવા માગતી હોય અને લોકો જો સરકારમાં રજૂઆત કરે તો એ ટી.પી. સ્કિમ આપે એ જે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ કહ્યું એમાં હું મારી સહમતિ આપું છું અને આ બિલને સમર્થન આપું છું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી  ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એને હું આવકારું છું. હું આપનું ધ્યાન દોરું છું કે આ આખું આયોજન કર્યુ છે તેમાં બે વસ્તુનું ધ્યાન રાખવામાં નહીં આવે તો આ આખી યોજના અધૂરી રહેશે. ડેવલપ્મેન્ટ પ્લાન સમયસર પૂરો કરવાની જે વ્યવસ્થા હોવી જોઇએ એ નહીં હોવાને કારણે ટી.પી. સ્કિમોમાં ઘણી મુશ્કેલી પડે છે.એના પછી બીજું સ્ટેજ એ ઝોનીંગ છે એ આખા વિભાગનું ઝોનિંગ સમયસર ના થવાને કારણે અનડયુ ડેવલપમેન્ટ થાય છે. આ ટી.પી. સ્કિમ એ ત્રીજું સ્ટેજ છે, એટલે ડેવલપમેન્ટ પ્લાન થતો નથી એના માટે સમયસર આ યોજનામાં આમેજ કરવું જોઇએ કે આટલા સમયમાં સરકારનો ઈરાદો છે કે આ ડેવલપમેન્ટ પ્લાન પૂરો થઇ જશે.

અધ્યક્ષશ્રી : ટી.પી.નો પણ, આ ડેવલપમેન્ટ પ્લાન એનો ભાગ હોય છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : એની સમયમર્યાદા નકકી કરવી જોઇએ કારણકે ૧૦–૧૦ વર્ષ સુધી ડેવલપમેન્ટ પ્લાન ના થાય અને ઝોનિંગ પણ એડવાન્સમાં થવું જોઇએ એવું મારું સૂચન છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે જે આ બિલ ઉપર બોલ્યા છે એની કોપી તમામ સભ્યશ્રીઓને મળે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : બધાને છાપેલી કોપી મળે છે અને માનનીય મંત્રીશ્રીને પણ આપેલી જ છે. તમે શું બોલ્યા એ એમની પાસેથી લઇ લેજો. એ મારું કામ નથી, નહીંતર તમે કાલે કહેશો કે હું બોલ્યો એની બધી કોપી બધાને આપો.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે કે એકવાર ઝોનીંગ બદલાય અને એગ્રીકલ્ચરમાંથી રેસીડન્સ ઝોન થાય અને એ રેસીડન્સ ઝોન થયા પછી ટી.પી.પડે અને એ ટી.પી. થયા પછી એન.એ. કરવાની જરૂરિયાત રહેતી નથી એવું મારું માનવું છે.

અધ્યક્ષશ્રી : એમણે એ જ કહ્યું ને કે અમે એ કરીશું.

શ્રી બાબુભાઇ જ. પટેલઃ કારણ કે એ પછી એન.એ.ની જરૂરિયાત રહેતી નથી, એટલે એવું નકકી કરવું જોઇએ . કારણ કે આના લીધે પછી લોકો ખોટા ભરાઇ જાય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છે. ખૂબ જ સરસ બિલ છે, પરંતુ સાથે સાથે એક સૂચન પણ છે કે આ ટી.પી. સ્કિમ જાહેર કરતાં પહેલાં જે તે વિસ્તારનો ભૌગોલિક અભ્યાસ પણ કરીને એ પછી જ આ ટી.પી. સ્કિમ જાહેર કરવી જોઇએ જેથી કરીને જયાં ગામડાંમાં જૂનાં મકાનો ૨૫-૨૫ વર્ષ જૂનાં હોય એ તોડવાનો વારો ના આવે અને પ્લોટીંગમાં પણ જયાં કાંસની કે નદીની જમીન હોય ત્યાં ફાઇનલ પ્લોટ બતાવવામાં આવે છે, તો એ કરતાં પહેલાં એની પણ તકેદારી રાખવી જોઇએ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે જે ટી.પી. સ્કીમો ભૂતકાળમાં મંજૂર થઇ છે અને એ પછી લોકલ ઓથોરીટીને એવું લાગતું હોય કે વ્યવહારિક રીતે આ કરવાનું શકય નથી અને એ પછી એ લોકલ ઓથોરીટી એના માટેની યોગ્ય પ્રક્રિયા કરીને એના માટેનો ઠરાવ કરીને રાજય સરકારમાં એને વેરીડ કરવા માટે માગણી કરતી હોય તો એ માટેની કોઇ યોજના સરકાર મૂકવા માગે છે કે કેમ?

શ્રી દિનેશભાઇ બી. પટેલ(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી છે કે વડોદરા શહેરમાં એક બ્લોકમાં બે બે હાઇ ટેન્શન લાઇન જાય છે. એમાં ૪૦ ટકા જમીન કપાત થયા બાદ ૬૦ ટકા જમીનમાં હાઇ ટેન્શન બે લાઇન જતી હોય તો એ હાઇ ટેન્શન લાઇનની બન્ને બાજુમાં ૯-૯ મિટર જગ્યા છોડવાની થાય તો ઘણી મુશ્કેલી થાય છે. તો આના માટે પણ વિચારે એવી મારી લાગણી છે.

નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર આપે ખૂબ મદદરૂપ થઇને અને બીજા માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યકત કર્યા છે અને સૂચનો કરીને શહેરી વિકાસ વિભાગનું ધ્યાન દોર્યુ છે અને પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા છે એ બધા પ્રશ્નો અને સૂચનોની મેં નોંધ લીધી છે અને વિભાગ સાથે એના અંગે પણ ચર્ચા કરીશું. જયાં આગળ મુખ્ય મુખ્ય બાબતો છે કે જે ખરેખર તકલીફવાળી હોય જેવી કે કાંસમાં કે નદીમાં કોઇને પ્લોટ ફાળવાયો હોય અને ફાઇનલ પ્લોટ તરીકે વાપરી ના શકે તો જમીન માલિકને અન્યાય થાય એ રીતે માનનીય નરોત્તમભાઇનું સૂચન આવ્યું કે ડેવલપમેન્ટ પ્લાન પણ સમયસર થઇ જવો જોઇએ. બધા સભ્યશ્રીઓએ સૂચન કર્યુ છે કે ટી.પી. ઝડપથી બને અને ડેવલપમેન્ટ પ્લાન પણ ઝડપથી સમયમર્યાદામાં બને એ માટે આપણે પ્રયત્ન કરીશું.

માનનીય નારાયણ કાકાએ જે વાત કરી છે એમાં મારી જાણકારી પ્રમાણે એમને ટી. પી.માં જે પ્રશ્ન હતો તેમાં નગરપાલિકા સામે સ્થાનિક નાગરિક હાઇકોર્ટમાં ગયેલા અને વર્ષો સુધી એ વિવાદ ચાલ્યો હતો એટલા માટે એમાં મોડું થયું છે. ભવિષ્યમાં બધી ટી. પી. સમયસર બને તેના માટે નક્કી કરેલી સમય મર્યાદામાં પૂરેપૂરું ધ્યાન રાખીશું. મારી બધા જ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે તમારા જે જે સૂચનો છે તે તમે વ્યવસ્થિત રીતે માનનીય આનંદી બહેનને આપજો તો વિભાગ દ્વારા યોગ્ય તે અંગે કાર્યવાહી કરવામાં આવશે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૪નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ મત પર મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**કલમ–૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૩ ઉપરનો સુધારો**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૩ ઉપરનો મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૧ રજૂ કરું છું.

For clause 3, substitute the following:-

"3. In the Principal Act, in section 6, to subsection (2), insert the following proviso:-

"Provided that in case the local authority does not set up the Planning Committee within a period of three months from the date on which it is required to set up such Committee, then, the State Government shall appoint such Committee."

**કલમ–૩ ઉપરનો સુધારા ક્રમાંક–૧ રજૂ કરવામાં આવ્યો.**

**કલમ ૩ ઉપરનો સુધારા ક્રમાંક–૧ મત પર મૂકવામાં આવ્યો અને વિના વિરોધે તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૩ મત પર મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૪ ઉપરનો સુધારો**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૪ ઉપરનો મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક–૨ રજૂ કરું છું.

For clause 4, substitute the following:-

"4. In the principal Act, in section 6B, in subsection (1), after the words " appropriate authority", the words other than the Urban Development Authority" shall be inserted."

**કલમ–૪ ઉપરનો સુધારા ક્રમાક–૨ રજૂ કરવામાં આવ્યો.**

**કલમ ૪ ઉપરનો સુધારા ક્રમાંક–૨ મત પર મૂકવામાં આવ્યો અને વિના વિરોધે તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૪ મત પર મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૫ થી ૧૨ મત પર મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**કલમ ૫ થી ૧૨ વિધેયકનો ભાગ બની**

**કલમ–૧૩ ઉપરનો સુધારો**

**શ્રી પંકજકુમાર વિ. દેસાઇ :** માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૧૩ ઉપર હું નીચે પ્રમાણેનો મારો સુધારો ક્રમાંક –૩ રજૂ કરું છું.

In clause 13, in sub-clause (1), for the second proviso, substitute the following:-

" Provided further that where any town planning scheme is not made for any specific area adjacent to any town planning scheme, the owners of the lands of

such area, may make a request to the concerned authority to make a town planning scheme."

**સુધારો ક્રમાંક-૩ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો ક્રમાંક ૩ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧૩ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ ૧૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૪ થી ૨૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકર્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના સુધારેલા વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૧૪નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સુધારેલા વિધેયક ક્રમાંક-૧૦નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સવારના ૧૦-૪૪ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ સોમવાર, તા. ૭મી જુલાઇ, ૨૦૧૪ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક.૧૩ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | ગુજરાત કરવેરાને લગતા કાયદા(સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૨૫૭ |
| | તાપી જિલ્લામાં વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ | ૪૧૫ |
| | રાજ્ય સરકારનાં પોલીસ દળ માટે તાલીમ સંસ્થાઓ | ૫૧ |
| | રાજ્યમાં ઈ-સ્ટેમ્પીંગ દ્વારા સ્ટેમ્પ ડયુટીનું ભરણું | ૮૬ |
| | રાજ્યમાં નોટરીની ખાલી જગ્યાઓ | ૩૧૨ |
| અનિલ જોષિયારા | અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના રસ્તાના પેવરકામ | ૨૦૫ |
| | અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં રસ્તાના ડામર કામ | ૨૩૩ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં દેશી/વિદેશી દારૂની હેરાફેરી | ૭૫ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં વૃઘ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૨૧ |
| | ભિલોડા ખાતેની કોટેજ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ | ૨૪૬ |
| | ભિલોડા તાલુકામાં ખૂનનાં કેસો | ૩૯ |
| | શામળાજી મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે કરેલ આયોજન | ૩૩૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની શાળાઓમાં આદિવાસી બાળકોનું શિક્ષણ | ૪૩૫ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જંગલની જમીન આપવા બાબત | ૪૧૮ |
| અમિતભાઇ હ. ચૌધરી | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃઘ્ધ પેન્શન યોજના હેઠળ બી.પી.એલ. લાભાર્થીઓને સહાય | ૩૩૨ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ૭/૧૨ની નકલમાં પાકની નોંધ | ૯૨ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નર્સરી/રોપઉછેર કેન્દ્રો | ૪૩૪ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ | ૨૩૪ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રસ્તાના સુધારણા પાછળ ખર્ચ | ૨૦૭ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરીવિકાસ યોજના | ૬૯ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટેની અરજીઓ | ૪૧૬ |
| | ગાંધીનગર અને મહેસાણા શહેર અને જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૩૨ |
| | રાજ્યના મોટા શહેરોમાં છાત્રાલયો બનાવવાનું આયોજન | ૩૦૪ |
| | રાજ્યમાં લીવર પ્રત્યારોપણની મંજૂરી | ૨૪૭ |
| અમીત ચાવડા | આંકલાવ તાલુકામાં ન્યાયાલયનું નવું સંકુલ બનાવવા બાબત | ૩૦૭ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ગણોતધારા તથા નવી શરતની જૂની શરતમાં ફેરવવાની | ૧૦૦ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૫૨ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૮૬ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં રોપાનું વાવેતર | ૪૩૮ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ખાનગી બસ સર્વિસની મંજૂરી | ૨૪૭ |
| | આણંદ જિલ્લામાં પ્લાન /નોન પ્લાન રસ્તાઓ | ૨૧૧ |
| | આણંદ જિલ્લામાં પોતાના મકાનમાં ચાલતી સરકારી માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક | ૪૦૦ |
| | આણંદ જિલ્લામાં રેશનકાર્ડની પડતર અરજીઓ | ૪૩૦ |
| | વાસદ-બગોદરા ૬ માર્ગીય બનાવવાનો ખર્ચ | ૨૩૫ |
| અરૂણસિંહ અ. રણા | ભરૂચ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૫૪ |
| | ભરૂચ જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર | ૪૦૮ |
| | ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો | ૭ |
| | ભરૂચ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ | ૨૮૪ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ કેન્સર હોસ્પિટલને ફાળવેલ ગ્રાન્ટ | ૧૭૧ |
| | ગુજરાત હાઈકોર્ટ ખાતે બૅરેક બનાવવા મંજૂર કરેલ રકમ | ૩૦૬ |
| | રાજ્યમાં ક્રુડ ઓઈલનાં કાર્ગોનાં હેન્ડલીંગ એસબીએમ/એસપીએમની ઉપલબ્ધી બાબત | ૧૯ |
| અરવિંદભાઇ કે. લાડાણી | ગુજરાત હાઈકોર્ટના મહેકમ ઉપર મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ | ૨૯૮ |

| **પુસ્તક.૧૩ )** | **વિષય** | **પાના નંબર** |
|---|---|---|
| | જુનાગઢ જિલ્લામાં જમીન મહેસૂલના નિયમોના નિયમ ૧૦૮(૬) હેઠળના બાકી કેસો | ૨૮ |
| | જુનાગઢ જિલ્લામાં પેટા–આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવાનું આયોજન | ૧૮૭ |
| | પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક | ૪૨૪ |
| | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ જૂનાગઢ જિલ્લાનાં માંગરોળ તાલુકામાં મંજૂર | ૬૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં સાંસ્કૃતિક વન | ૩૮૮ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | ખાનપુર તાલુકાના સાપડીયા કારંટા રોડ પર મંજૂર કરેલ પુલની રકમ | ૨૨૮ |
| | ગોધરા આર.ટી.ઓ. માં આવકમાં વધારો/ઘટાડો | ૧૯૯ |
| | પંચમહાલ જિલ્લાનાં લુણાવાડા તાલુકામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩માં પશુ આરોગ્ય મેળા | ૨૬ |
| | પંચમહાલ જિલ્લામાં ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને | ૩૮૩ |
| | પંચમહાલ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ ગણવેશ સહાય | ૨૯૭ |
| | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની | ૬૪ |
| અશ્વિન કોટવાલ | અમદાવાદ ખાતે મેટ્રોરેલ પ્રોજેક્ટ પાછળ ખર્ચ | ૮૮ |
| | ખેડબ્રહ્મા પ્રાયોજના વહીવટદાર ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કચેરીને ફાળવેલ રકમ | ૪૨૩ |
| | સાબરકાંઠા જિલ્લાના નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૨૪૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં આરામગૃહો બનાવવા અંગે | ૧૯૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજના અન્વયે સહાય | ૩૩૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૫૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ સહાય | ૩૪૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૫ થી ૮માં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ઘટ | ૩૮૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં નવા બોર | ૨૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે ચૂકવેલ સહાય | ૩૦૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં રસ્તા રીકાર્પેટ કરવા અંગે | ૨૨૬ |
| અશોકકુમાર ર. પટેલ | ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૪૫૪ |
| | ગાંધીનગર જિલ્લામાં ઇન્ટીગ્રેટેડ ઈ–ગવર્નન્સ (e-jamin) પ્રોજેકટ હેઠળ દસ્તાવેજોની | ૪૫ |
| | ગાંધીનગર જિલ્લામાં ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને | ૩૯૦ |
| | ગાંધીનગરમાં આંતરિક ગામના રસ્તાઓ બનાવવા બાબત | ૧૫૩ |
| | પિયજ ધરોઈ પાઈપલાઈન સાથે ગાંધીનગર જિલ્લાનાં તાલુકાનાં ગામ તળાવો જોડવા | ૮૦ |
| આંનદભાઇ ચૌધરી | સુરત જિલ્લામાં જંગલ જમીન ફાળવવા બાબત | ૪૦૨ |
| | માંડવી ખાતે સરકારી હોસ્પીટલમાં વધારાનું મહેકમ ફાળવવા બાબત | ૧૮૧ |
| | સુરત જિલ્લામાં આદિવાસીઓની ૭૩–એ.એ. હેઠળની જમીનોનું હસ્તાંતરણ | ૨૧ |
| ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ | રાજકોટ જનરલ હોસ્પિટલમાં મફત દવાઓની ફાળવણી | ૧૬૬ |
| | રાજકોટ શહેરને નિયમિત નર્મદાનું પાણી | ૨૦ |
| | રાજ્ય સરકાર દ્વારા નવી કોલેજોને મંજૂરી આપવા બાબતે ધારા ધોરણોનું પાલન ન થવા | ૪૧૯ |
| | સૌરાષ્ટ્ર અને કચ્છના ડેમો નર્મદાના પાણીથી ભરવા બાબત | ૫૮ |
| ઇશ્વરભાઇ ઢે. પટેલ | વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ રૂમ | ૨૦૬ |
| | વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં રોપાનું વાવેતર | ૪૨૮ |
| | વલસાડ જિલ્લામાં ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામના રસ્તાના બાકી કામ | ૨૩૩ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ આશ્રમશાળાઓમાં શિક્ષકોની ઘટ | ૪૩૮ |
| | વલસાડ જિલ્લામાં ગુનાહિત પ્રવૃતિ | ૫૬ |
| | વલસાડ જિલ્લામાં ડાંગર કિટ્સનાં વિતરણની કામગીરી સ્થાનિક સહકારી મંડળીઓને | ૧૬ |
| | વલસાડ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત તાજું ભોજન બનાવવા અંગે | ૩૯૭ |
| | વલસાડ તાલુકાની સિંચાઈ ઉદવહન પરિયોજના દ્વારા પાણી | ૮૭ |

| પુસ્તક.૧૩ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| ઈશ્વરભાઈ ર. પરમાર | તાપી જિલ્લામાં નવી શરત/ગણોતધારા હેઠળની જમીન જૂની શરતમાં ફેરવવાની | ૨૬ |
| | બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ | ૧૫૫ |
| | સુરત જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે પ્રોજેક્ટ | ૩૭૯ |
| | સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ ચૂકવવામાં આવેલ સહાય | ૩૨૪ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | અંકલેશ્વર તાલુકામાં ન્યાયિક અધિકારી નિવાસના બાંધકામ માટે મંજૂર કરેલ રકમ | ૩૨૫ |
| | ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં પશુપાલન કીટ્સનું વિતરણ | ૩૭ |
| | ભરૂચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ | ૩૯૩ |
| | સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાની | ૭૪ |
| ઋષિકેશ ગ. પટેલ | ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૩૫૬ |
| | મહેસાણા આર.ટી.ઓ. કચેરીમાં આવકનો વધારો/ઘટાડો | ૨૦૪ |
| | મહેસાણા જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર | ૪૧૩ |
| | મહેસાણા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય યોજના | ૩૨ |
| | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની | ૬૯ |
| કેતનભાઈ મ. ઈનામદાર | વડોદરા આર.ટી.ઓમાં આવકમાં વધારો–ઘટાડો | ૧૯૦ |
| | વડોદરા ગ્રામ્યમાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો | ૩૯ |
| | વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ | ૩૯૭ |
| | વડોદરા જિલ્લામાં મંજૂર કરેલ હેન્ડ પંપો | ૭૫ |
